# કર્મકાંડ ભાસ્કર

લેખક
પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક
યુગ નિર્માણ યોજના
ગાયત્રી તપોભૂમિ, મથુરા

સંશોધિત આવૃત્તિ ૨૦૦૫ મૂલ્ય : રૂ. ૪૦-૦૦

ॐ

**ભૂર્ભુવઃ સ્વઃ**
**તત્સવિતુર્વરેણ્યં**
**ભર્ગોદેવસ્ય ધીમહિ**
**ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

તે પ્રાણસ્વરૂપ
દુઃખનાશક, સુખસ્વરૂપ, શ્રેષ્ઠ, તેજસ્વી
પાપનાશક, દેવસ્વરૂપ પરમાત્માને
અમે અમારા અંતરાત્મામાં ધારણ
કરીએ છીએ. તે પરમાત્મા
અમારી બુદ્ધિને સન્માર્ગે
પ્રેરિત કરે.
(યજુ. ૩૬.૩)

# અનુક્રમણિકા


| ક્રમ | | વિષય | પેજ |
|---|---|---|---|
| ૧ | | ભૂમિકા | ૯ |
| ૨ | | પ્રારંભિક કર્મકાંડ | ૩૫ |
| ૩ | | સામાન્ય પ્રકરણ (યજ્ઞસંચાલન) | ૩૯ |
| ૪ | | વિશિષ્ટ પ્રકરણ | ૮૩ |
| | ક | દૈનિકપૂજન (શક્તિપીઠ) | ૮૩ |
| | ખ | કળશસ્થાપન-ગૌરીગણેશપૂજન | ૮૮ |
| | ગ | સર્વતોભદ્રવેદિકા પૂજન | ૯૧ |
| | ઘ | ષોડશોપચાર પૂજન (પુરુષ સૂક્ત) | ૯૭ |
| | ઙ | ત્રિદેવ પૂજન | ૧૦૧ |
| | ચ | પંચવેદી પૂજન | ૧૦૩ |
| | છ | પંચભૂ સંસ્કાર | ૧૦૬ |
| | જ | કુશકંડિકા | ૧૦૮ |
| | ઝ | મેખલા પૂજન | ૧૧૦ |
| | ઞ | પંચામૃતકરણ | ૧૧૧ |
| | ટ | દસસ્નાન | ૧૧૫ |
| | ઠ | જલયાત્રા વિધાન | ૧૧૯ |
| ૫ | | સ્ફુટ પ્રકરણ | ૧૨૧ |
| | ક | રક્ષાસૂત્ર | ૧૨૧ |
| | ખ | તિલક | ૧૨૧ |
| | ગ | કુશપવિત્રી ધારણ | ૧૨૨ |
| | ઘ | આશીર્વચન | ૧૨૩ |
| ૬ | | ભૂમિપૂજન પ્રકરણ | ૧૨૩ |
| ૭ | | ગૃહપ્રવેશ - વાસ્તુશાંતિ પ્રકરણ | ૧૨૮ |
| ૮ | | પ્રાણપ્રતિષ્ઠા પ્રકરણ | ૧૩૦ |
| ૯ | | સંસ્કાર પ્રકરણ | ૧૩૬ |
| | ક | પુંસવન સંસ્કાર | ૧૪૯ |
| | ખ | નામકરણ સંસ્કાર | ૧૫૭ |
| | ગ | અન્નપ્રાશન સંસ્કાર | ૧૬૯ |

| | | |
|---|---|---|
| ઘ | મુંડન (ચૂડાકર્મ) સંસ્કાર | ૧૭૫ |
| ઙ | વિદ્યારંભ સંસ્કાર | ૧૮૬ |
| ચ | યજ્ઞોપવીત-દીક્ષા સંસ્કાર | ૧૯૫ |
| છ | લગ્ન સંસ્કાર | ૨૧૮ |
| જ | વાનપ્રસ્થ " | ૨૫૨ |
| ઝ | અંત્યેષ્ટિ-અસ્થિવિસર્જન સંસ્કાર | ૨૬૭ |
| ઞ | મરણોત્તર સંસ્કાર (શ્રાદ્ધતર્પણ) | ૨૯૦ |
| ટ | જન્મદિવસ સંસ્કાર | ૩૧૮ |
| ઠ | લગ્નદિવસ સંસ્કાર | ૩૨૬ |
| **પર્વપ્રકરણ** | | ૩૩૨ |
| ક | નવરાત્રી | ૩૪૦ |
| ખ | રામનવમી | ૩૪૪ |
| ગ | ગાયત્રી જયંતી (ગંગાદશેરા) | ૩૫૧ |
| ઘ | ગુરુપૂર્ણિમા | ૩૬૨ |
| ઙ | શ્રાવણી (રક્ષાબંધન) | ૩૬૭ |
| ચ | જન્માષ્ટમી (ગીતા જયંતી) | ૩૭૭ |
| છ | પિતૃ અમાવસ્યા | ૩૮૬ |
| જ | વિજયાદશમી | ૩૮૭ |
| ઝ | દીપાવલી | ૩૯૧ |
| ઞ | વસંતપંચમી | ૩૯૪ |
| ટ | મહાશિવરાત્રી | ૪૦૩ |
| ઠ | હોળી | ૪૦૮ |
| ડ | અન્ય પર્વોનું પરિરૂપ | ૪૧૫ |

# સંકેત વિવરણ

૧. અથર્વ. - અથર્વવેદ
૨. આ.ગૃ.સુ. - આશ્વલાયન ગૃહ્ય સૂત્ર
૩. આ.હૃ.સ્તો. - આદિત્ય હ્રદય સ્તોત્ર
૪. ઈશ. - ઈશોપનિષદ્
૫. ઋ. - ઋગ્વેદ
૬. ઐત. બ્રા. - ઐતરેય બ્રાહ્મણ
૭. કા.શ્રૌ.સૂ. - કાત્યાયન શ્રૌત સૂત્ર
૮. કૃ.ગા. - કૃષ્ણ ગાયત્રી
૯. ગા.ગી. - ગાયત્રી ગીતા
૧૦. ગા.પુ.પ. - ગાયત્રી પુરશ્ચરણ પદ્ધતિ
૧૧. ગુ.ગી. - ગુરુ ગીતા
૧૨. ગો. ગૃ. સૂ. - ગોભિલ ગૃહ્ય સૂત્ર
૧૩. જૈ.સૂ. - જૈમિનીય સૂત્ર
૧૪. તૈ.આ. - તૈત્તિરીય આરણ્યક
૧૫. તૈત્તિ. સં. - તૈત્તિરીય સંહિતા
૧૬. દુ. ગા. - દુર્ગા ગાયત્રી
૧૭. દે.ભા. - દેવી ભાગવત
૧૮. નૃ. ગા. - નૃસિંહ ગાયત્રી
૧૯. પા.ગૃ.સૂ. - પારસ્કર ગૃહ્ય સૂત્ર
૨૦. પ્ર.મ. - પ્રતિષ્ઠા મહોદધિ
૨૧. બૃ. ઉ. - બૃહદારણ્યક ઉપનિષદ
૨૨. બ્ર. ગા. - બ્રહ્મા ગાયત્રી
૨૩. બ્ર. પુ. - બ્રહ્મ પુરાણ
૨૪. મં. બ્રા. - મંત્ર બ્રાહ્મણ
૨૫. મા.ગૃ.સૂ. - માનવ ગૃહ્ય સૂત્ર
૨૬. મા.પુ. - માર્કંડેય પુરાણ
૨૭. ય. ગા. - યમ ગાયત્રી
૨૮. રા. ગા. - રામ ગાયત્રી

૨૯. રા.ચ.મા. - રામચરિત માનસ
૩૦. રા. રહ. - રામરહસ્યોપનિષદ્
૩૧. રુ. ગા. - રુદ્ર ગાયત્રી
૩૨. લ. ગા. - લક્ષ્મી ગાયત્રી
૩૩. વિ. ગા. - વિષ્ણુ ગાયત્રી
૩૪. શ્રી.- શ્રી સૂક્ત
૩૫. સં. પ્ર. - સંધ્યા પ્રયોગ
૩૬. સી. ગા. - સીતા ગાયત્રી
૩૭. હં. ગા. - હંસ ગાયત્રી
૩૮. હ. ગા. - હનુમાન ગાયત્રી
નોંધ : જે મંત્રોની નીચે ફક્ત આંકડા લખ્યા છે તે યર્જુવેદના છે.

# આ આવૃત્તિના સંદર્ભમાં

ધર્મતંત્ર દ્વારા લોકશિક્ષણના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને પરમ પૂજ્ય ગુરુદેવે આ જ નામથી સૌ પ્રથમ કર્મકાંડનું પુસ્તક લખ્યું હતું. ઈ.સ. ૧૯૮૨માં એ પુસ્તકની સુધારેલી આવૃત્તિ 'ગાયત્રી યજ્ઞ અને ષોડશ સંસ્કાર' નામથી બહાર પાડવામાં આવી હતી. એમાં સરળતા અને સુગમતાને ખાસ ધ્યાનમાં રાખવામાં આવ્યાં હતાં. છેલ્લાં ૧૩ વર્ષોમાં યજ્ઞ સંસ્કાર કરાવનારા આપણા પરિજનોની મુશ્કેલીઓ તથા એમનાં સૂચનોને ધ્યાનમાં રાખીને ફરીથી આ સુધારેલી આવૃત્તિ 'કર્મકાંડ ભાસ્કર'ના નામથી બહાર પાડવામાં આવી છે. પરિજનોને ઘણીવાર જે કર્મકાંડોની જરૂર પડે છે, જેવા કે ગૃહપ્રવેશ, લગ્ન પહેલાં તિલક, હરિદ્રાલેપન (પીઠી ચોળવી), દ્વારપૂજા વગેરેનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આની સૌથી મોટી વિશેષતા એ છે કે મંત્રોચ્ચાર કરવામાં સરળતા રહે તે માટે 'યતિ' (વિરામ)ના સ્થાને મંત્રની સંધિ છૂટી પાડીને ત્યાં અલ્પવિરામનું ચિહ્ન મૂકવામાં આવ્યું છે. એનાથી મંત્રોના ઉચ્ચાર કરવામાં ખૂબ સરળતા રહેશે. આમ કરવાથી મંત્રના સ્વરૂપમાં જે ફેરફાર થયો છે, એના કારણે તે અશુદ્ધ હોવાનો ભ્રમ ઊભો થઈ શકે, પરંતુ ખરેખર તે અશુદ્ધ નથી. ઉચ્ચારણની શુદ્ધતા તથા સુગમતા માટે એમ કરવું યોગ્ય છે.

**સંહિતૈકપદે નિત્યા, નિત્યા ધાતૂપસર્ગયોઃ ।**
**નિત્યા સમાસે વાક્યે તુ, સા વિવક્ષામપેક્ષ્યતે ॥**

અર્થાત્ સંધિનો નિયમ એક પદમાં, ધાતુ અને ઉપસર્ગમાં તથા સમાસમાં હંમેશાં લાગુ પડે છે, પરંતુ વાક્ય (બોલવા)માં સંધિના નિયમનું પાલન કરવાનો આધાર વિવક્ષા (બોલનારની ઈચ્છા) પર રહેલો છે. આને ધ્યાનમાં રાખીને સુજ્ઞજનો ઉપરના ફેરફારને યોગ્ય માને.

દરેક કર્મકાંડ સંબંધી મંત્રોની પહેલાં ક્રમશઃ એમના સંબંધી શિક્ષણપ્રેરણા, ક્રિયા-નિર્દેશ તથા એ કરતી વખતે ભાવસંયોગના સંકેત

આપવામાં આવ્યા છે. એ સમજીને પોતપોતાની રીતે સમય અને વાતાવરણને અનુરૂપ સમતોલન સાધી લેવું જોઈએ.

કર્મકાંડ શું છે ? એને કઈ રીતે પ્રભાવશાળી બનાવવું ? સંચાલકે કઈ બાબતોનું ધ્યાન રાખવું વગેરે મહત્ત્વપૂર્ણ વાતો શરૂઆતમાં જ આપી દેવામાં આવી છે. એમને ફક્ત વાંચી લઈએ તે પૂરતું નથી. જેટલી હૃદયંગમ કરી શકાય, અનુભૂતિગમ્ય બનાવી શકાય એટલું જ પ્રભાવશાળી અને પ્રાણવાન વાતાવરણ બનાવી શકાશે.

આ આવૃત્તિમાં મંત્રોની પ્રામાણિકતા તથા શુદ્ધતા તરફ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. પ્રૂફની ભૂલો પણ રહેવા દેવામાં આવી નથી. જો કોઈને ક્યાંક ખામી જણાય તો 'વેદ વિભાગ, શાંતિકુંજ, હરિદ્વાર સાથે પરામર્શ કરે. પુસ્તકની ગુણવત્તા વધારવાની દૃષ્ટિએ કરવામાં આવતાં સૂચનોનું હંમેશાં સ્વાગત થશે.

– પ્રકાશક

# ભૂમિકા

## પ્રભાવી કર્મકાંડનાં સૂત્રો

યજ્ઞ, સંસ્કાર વગેરે કર્મકાંડ ભારતીય ઋષિમુનિઓ દ્વારા લાંબી શોધખોળ અને પ્રયોગ-પરીક્ષણ દ્વારા વિકસાવેલી અસામાન્ય પ્રક્રિયા છે. એમના માધ્યમથી મહત્ ચેતના તથા માનવીય પુરુષાર્થની સૂક્ષ્મ યોગસાધનાને દૃશ્યશ્રાવ્ય સ્વરૂપ આપવામાં આવ્યુ છે. એમાં અનુશાસનબદ્ધ સ્થૂળ ક્રિયાકલાપો દ્વારા અંતરની સૂક્ષ્મ શકિતઓને જાગૃત તથા વ્યવસ્થિત કરવામાં આવે છે. ઔષધિ નિર્માણના ક્રમમાં અનેક પ્રકારના ઉપચાર કરીને સામાન્ય વસ્તુઓમાં ઔષધિના ગુણ પેદા કરી દેવામાં આવે છે. માનવીય અંતઃકરણમાં સત્પ્રવૃત્તિઓ, સદ્ભાવનાઓ, સુસંસ્કારોનું જાગરણ, આરોપણ, વિકાસની વ્યવસ્થા વગેરેથી માંડીને મહત્ ચેતનાના વર્ચસ્વનો બોધ કરાવવાના, એમની સાથે જોડાવાના, એમનું અનુદાન ગ્રહણ કરવા સુધીના મહત્ત્વપૂર્ણ ક્રમમાં કર્મકાંડો ખરેખર ઉપયોગી છે. તેથી તેમની ઉપેક્ષા ન કરવી જોઈએ કે માત્ર ચિહ્નપૂજાના રૂપમાં એ પૂરાં કરીને પુણ્ય મેળવવાની વાત ના વિચારવી જોઈએ. કર્મકાંડની ક્રિયાને જ સર્વસ્વ માની બેસવું અથવા એમને સાવ નિરર્થક માનવાં એ બંને હાનિકારક છે. એમની મર્યાદા પણ સમજીએ, પરંતુ મહત્ત્વને પણ ન ભૂલીએ, કર્મકાંડ ટૂંકમાં કરો, પણ સાચી શ્રદ્ધા અને ખરા ભાવથી કરો. તો જ તે પ્રભાવશાળી બનશે અને એનો ઉદ્દેશ પૂરો થશે.

યજ્ઞાદિ કર્મકાંડ દ્વારા દેવ આવાહન, મંત્રપ્રયોગ, સંકલ્પ તથા સદ્ભાવનાઓની સામૂહિક શકિતથી ભઠ્ઠી જેવી એક એવી સામૂહિક ઊર્જા પેદા કરી શકાય છે કે જેમાં મનુષ્યની આંતરિક પ્રવૃત્તિઓને પણ પિગાળીને ઈચ્છિત બીબામાં ઢાળવાની સ્થિતિમાં લાવી શકાય છે. ગાળવા અને ઢાળવા સાથે યોગ્ય પ્રેરણાઓનો સંચાર પણ કરવામાં આવે તો ભાગ લેનારાઓમાં ઈચ્છિત હિતકર પરિવર્તન

મોટા પ્રમાણમાં લાવી શકાય છે. આ વિદ્યાનો ભલે થોડો, પણ સાચી દિશામાં પ્રયોગ કરવાના કારણે જ યુગનિર્માણ અભિયાન દ્વારા થતા યજ્ઞોમાં ગુણ, કર્મ તથા સ્વભાવમાં પરિવર્તન કરવાના સંકલ્પોના રૂપમાં મોટી સંખ્યામાં લોકો દેવદક્ષિણા આપે છે.

ઈન્દ્રિયો પોતપોતાના વિષય તરફ આકર્ષાય છે. મન સુખની કલ્પનામાં ડૂબવાનું ઈચ્છે છે, બુદ્ધિ વિચારોથી પ્રભાવિત થાય છે. પરંતુ ચિત્ત અને અંતઃકરણમાં જ્યાં સ્વભાવ અને આકાંક્ષાઓ જાગતી રહે છે એને પ્રભાવિત કરવામાં ઉપરના બધા જ ઉપચાર અપૂરતા સાબિત થાય છે. યજ્ઞ, સંસ્કાર વગેરે એવા સૂક્ષ્મ વિજ્ઞાનના પ્રયોગ છે, જેમના દ્વારા મનુષ્યના વ્યકિતત્વનો કાયાકલ્પ કરી શકાય છે. જે લોકો યુગનિર્માણ અભિયાન તથા એના સૂત્રસંચાલકોના વ્યાપક પ્રયોગ-પરીક્ષણથી પરિચિત છે એમણે લાખો લોકોના જીવનમાં આ વિદ્યાને ફલિત થતી જોઈ છે.

આવા અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્યને પૂરી નિષ્ઠા તથા જાગરૂકતાથી કરવું જોઈએ. દરેક કર્મકાંડનો મર્મ સારી રીતે સમજીને તે કરાવવાની કુશળતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન ખરા મનથી કરતા રહેવું જોઈએ.

## કર્મકાંડ સંચાલકોની ભૂમિકા

કર્મકાંડના પ્રભાવનો આધાર એના વિસ્તાર પર નથી, પરંતુ એ પ્રાણવાન બનવા પર રહેલો છે. એને પ્રાણવાન બનાવવાની જવાબદારી કર્મકાંડ કરાવનાર તથા આયોજકો પર રહેલી છે. જો તેઓ શરૂઆતથી જ પોતાના લક્ષ્ય તથા જવાબદારી પ્રત્યે સભાન રહે તો કર્મકાંડનો ઈચ્છિત લાભ અવશ્ય મળે છે. આ સંદર્ભમાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

કર્મકાંડને ત્રણ ભાગમાં વહેંચી નાખવું જોઈએ.

(૧) પૂર્વ વાતાવરણ તથા વ્યવસ્થા (૨) કર્મકાંડ પ્રવાહ (૩) પેદાયેલી ઊર્જા તથા ઉમંગને યોગ્ય દિશામાં વાળવો તથા ટકાવી રાખવો. આ ત્રણ ચરણોને શાસ્ત્રીય ભાષામાં પ્રયાજ, યાજ અને

અનુયાજ કહેવામાં આવે છે. એમનું સ્વરૂપ આ પ્રમાણે છે :

## પૂર્વ વાતાવરણ તથા વ્યવસ્થા (પ્રયાજ)

જે કર્મ કરવાનું હોય એના માટે સંબંધિત વ્યક્તિઓના મનમાં ઉત્સાહ તથા ઉમંગ પેદા કરવો જોઈએ. આ માટે એનાથી થનારા લાભ અને પરિણામની ચર્ચા કરવી જોઈએ. બુદ્ધિજીવીઓની સાથે બૌદ્ધિક કક્ષાની તથા ભાવુક લોકો સાથે શ્રદ્ધા અને ભાવનાપ્રધાન વાતો રજૂ કરવાથી વધારે પ્રભાવ પેદા થાય છે.

કર્મકાંડના લાભની સાથે સાથે તે સુગમતાથી કરી શકાય છે એ વાત પણ કરવી જોઈએ, કારણકે મોટા ભાગના લોકોની સ્થિતિ વધારે સમય, શ્રમ અને ધન ખર્ચી શકે એવી હોતી નથી.

કર્મકાંડના સ્થળને સુંદર અને સુરુચિપૂર્ણ બનાવવું પણ જરૂરી છે.

કર્મકાંડ સંબંધી સાધનસામગ્રી પૂરતી માત્રામાં પહેલેથી જ તૈયાર રાખવી જરૂરી છે. આમ ન કરવાથી કર્મકાંડનો પ્રવાહ તૂટે છે અને પ્રભાવ ઘટે છે.

વસ્તુઓ તથા સાધનસામગ્રી ભેગાં કરવાના પ્રયત્નમાં ઉત્તેજના, ક્રોધ, અસંતોષ કે અભાવનું વાતાવરણ ઊભું ન થવા દેવું જોઈએ. પહેલેથી જ જવાબદાર વ્યક્તિઓ દ્વારા પૂરતી તૈયારી કરાવી દેવી જોઈએ, જેથી 'ખિજાવાનો' કે 'ગુસ્સે થવાનો' પ્રસંગ ઊભો ન થાય. જો ક્યાંક કોઈ વસ્તુની ઊણપ જણાય તો તરત એનો વિકલ્પ શોધી કાઢવો જોઈએ અથવા ધીરજપૂર્વક એને સહન કરવાની ટેવ પાડવી જોઈએ. વાતાવરણના તણાવથી જેટલી વિપરીત અસર થાય છે, એટલી કોઈ વસ્તુ કે વ્યક્તિના અભાવથી થતી નથી. આથી વાતાવરણમાં સૌમ્યતા, સ્નેહ તથા શ્રદ્ધાનો સમાવેશ સતત ટકાવી રાખવો જોઈએ.

કર્મકાંડ શરૂ થતા પહેલાં એવાં બધાં કામ પૂરાં કરી લેવાં જોઈએ કે જેમના કારણે વચ્ચે વચ્ચે ખલેલ પહોંચે. જો કદાચ એવું થવાની શક્યતા લાગતી હોય તો શરૂઆતથી જ પરિસ્થિતિને કાબૂમાં

રાખવા માટે એક માણસને નિયુકત કરી દેવો જોઈએ.

## કર્મકાંડ પ્રવાહ (યાજ)

કર્મકાંડમાં ઋષિઓની યોજનાને અનુરૂપ પ્રભાવ ત્યારે જ પેદા કરી શકાય કે જ્યારે એને માત્ર કૌશલ્ય માનવાના બદલે સાધના માનવામાં આવે. બંને જરૂરી છે. રોચક સ્વરમાં મંત્રો બોલવા, સરળ વ્યાખ્યાઓ કરવી તથા વાતાવરણને સુરમ્ય બનાવવાનું કૌશલ્ય પણ વિકસિત કરવું જોઈએ, પરંતુ એ બધામાં પ્રાણ ભરવા માટે આપણી પોતાની અંદર એને અનુરૂપ ભાવસંચાર, આસ્થાનો વિકાસ તથા નિષ્ઠાના નિર્વાહની ક્ષમતાનો વિકાસ કરવાની સાધના પણ ચાલુ રાખવી જોઈએ.

કર્મકાંડ શરૂ કરતા પહેલાં વાતાવરણ શાંત કરીને બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચવું જોઈએ. કર્મકાંડ ભલે ગણ્યાગાંઠયા માણસો કરતા હોય, પરંતુ હાજર રહેલા બધા લોકોના વિચારો અને સદ્ભાવનાઓના એકીકરણથી જ એમાં શકિત આવે છે. આ મર્મ ટૂંકમાં, છતાં સારગર્ભિત રીતે સમજાવીને કાર્ય શરૂ કરવું જોઈએ.

મંત્રપ્રયોગની સજીવતા, વિચારોની દિશા, શ્રદ્ધા તથા ભાવનાઓમાં વૃદ્ધિ તથા ક્રિયાઓના સુંદર સમન્વયથી જ કર્મકાંડ શકિતશાળી બને છે. તેથી માત્ર મંત્રોચ્ચાર કરતા રહીએ એને જ પૂરતું ન માનવું જોઈએ. કાર્ય યોગ્ય રીતે કરવાનો નિર્દેશ, સંકેત, વિચારપરક વ્યાખ્યા અને ભાવનાપ્રધાન ટિપ્પણીઓનો યોગ્ય સમન્વય સાધવાની ક્ષમતાનો વિકાસ કરવો જોઈએ.

મંત્રોચ્ચાર ત્યારે જ પ્રાણવાન બને છે કે જ્યારે ઉચ્ચારણની સાથે મનોયોગ પણ એની સાથે જોડાય. આ માટે ભલે કદાચ મંત્ર મોંઢે ન આવડતા હોય, પરંતુ કમસે કમ એટલા તો આવડવા જ જોઈએ કે એમનો સાચો ઉચ્ચાર કરવામાં જ બધું ધ્યાન જતું ન રહે. જો આટલું થઈ શકે તો જ એમને ભાવનાઓનો પુટ આપી શકાય.

વિચારપ્રધાન વ્યાખ્યાઓ તથા ભાવનાપ્રધાન ટિપ્પણીઓનો યોગ્ય રીતે સમન્વય સાધવો જોઈએ. વિચારપ્રધાન વ્યાખ્યા એટલી બધી લાંબી ન હોવી જોઈએ કે કર્મકાંડ નૈતિક શિક્ષણનો વર્ગખંડ લાગવા માંડે અથવા તો એટલી બધી ટૂંકી પણ ન હોવી જોઈએ કે પ્રેરણાઓનો પ્રવાહ જ પેદા ન થાય.

કર્મકાંડ કરનાર લોકોના જ્ઞાન અને અભ્યાસનું ધ્યાન રાખીને ક્રિયા કરવાનો નિર્દેશ આપવો જોઈએ. એ નિર્દેશ એટલો બધો ટૂંકો ન હોવો જોઈએ કે એ ન સમજી શકવાના કારણે લોકો ઊંઘું કરે અથવા તે એટલો બધો લાંબો ન હોવો જોઈએ કે લોકો કંટાળી જાય. જો એકાદ બે જણ ના સમજી શકે તો એમની પાસે સમજદાર સ્વયંસેવક ગોઠવી દેવો જોઈએ. આમ કરવાથી પ્રવાહ તૂટે નહિ કે ભૂલો પણ થાય નહિ.

જે વ્યક્તિઓ કર્મકાંડ કરી રહી હોય એમની બૌદ્ધિક તથા ભાવનાત્મક કક્ષાને અનુરૂપ વ્યાખ્યા તથા ટિપ્પણીઓ કરવાની કુશળતા કેળવવી જોઈએ.

સમયનું સંતુલન ખૂબ જરૂરી છે. કેટલા સમય સુધી કર્મકાંડ ચલાવવાનું છે તે સ્થાનિક વ્યક્તિઓ તથા પરિસ્થિતિઓ પ્રમાણે પહેલેથી જ નક્કી કરી લેવું જોઈએ. એ જાહેર પણ કરી દેવું જોઈએ તથા એટલા સમયમાં જ કાર્યક્રમ પૂરો કરી દેવો જોઈએ. કર્મકાંડનો વિસ્તાર, ટિપ્પણીઓનો સમાવેશ વગેરે સમયને ધ્યાનમાં રાખીને કરવાં જોઈએ. આમ કરવાથી હાજર રહેલા લોકોને માનસિક રીતે તૈયાર કરી શકાશે તથા એમનો વિશ્વાસ પણ જીતી શકાશે. આ બંને ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે ખૂબ મહત્ત્વની બાબતો છે.

કર્મકાંડમાં ક્યાંય હીનતા અથવા અભાવનો ભાવ પેદા ન થવા દેવો જોઈએ. કર્મકાંડનો જે અંશ ઘટાડી દેવાનો હોય તેને એવી કુશળતાથી હટાવવો જોઈએ કે ન તો પ્રવાહ તૂટે અને અમુક વસ્તુનો અભાવ રહી ગયો એવું પણ ના લાગે. કોઈ સાધન યા પૂજનસામગ્રી ન હોય તો તેને પહેલેથી જ ધ્યાનમાં રાખવાં જોઈએ.

એનો વિકલ્પ એટલી સહજતાથી શોધી રાખવો જોઈએ કે લોકોને ખ્યાલ પણ ના આવે કે અમુક વસ્તુ નથી. કર્મકાંડના પ્રભાવને ટકાવી રાખવા આ કુશળતા ખૂબ ઉપયોગી નીવડે છે.

મંત્રોચ્ચાર તથા વ્યાખ્યાઓની સાથે પૂજન વગેરે ક્રિયાઓનો મેળ બેસાડવો જોઈએ. મંત્રોમાં એટલી ઝડપ ન કરવી જોઈએ કે લોકોને એ ક્રિયા કરવામાં મુશ્કેલી પડે. સ્વયંસેવકો દ્વારા પુષ્પ, ભસ્મ વગેરે આપવા જેવાં કાર્યો વખતે એવી સરસ વ્યાખ્યાઓ કરવી જોઈએ કે એ કાર્ય પૂરું થતા સુધીમાં વ્યાખ્યા પણ પૂરી થઈ જાય. આમ કરવાથી લોકોનો ખોટો સમય નહિ બગડે તથા એ ખાલી સમયે નવરા બેસી રહેવાના કારણે વાતો કરવાનો અવસર પણ નહિ મળે.

## ઊર્જા-ઉમંગનું સુનિયોજન (અનુયાજ)

કર્મકાંડના પ્રભાવથી શ્રેષ્ઠ ભાવનાઓ તથા શ્રેષ્ઠ વિચારો પેદા થાય છે. એ વખતે એમને યોગ્ય દિશામાં વાળવાની પ્રેરણા આપવાથી કર્મકાંડ કરનારા બધા લોકોને લાભ મળે છે. જ્યારે સમુદ્રમાં ભરતી આવે છે ત્યારે વહાણો છીછરા કિનારા સુધી આવી જાય છે અને રત્નો ઊંડા દરિયામાંથી છીછરા વિસ્તારમાં આવી જાય છે. મનુષ્યના અંતઃકરણમાં પણ આવી ભરતી આવતાં શ્રેષ્ઠ સંકલ્પોમાં બાધક બનતી પ્રવૃત્તિઓ દૂર થઈ જાય છે તથા અંદર રહેલા સુસંસ્કારો બહાર આવવાની શકયતા વધી જાય છે. એ માટે પ્રયાસ કરવાથી જ કર્મકાંડથી પેદા થયેલી ઊર્જાનો લાભ લોકોને મળે છે. આ ઉદ્દેશ્યને પૂરો કરવા માટે નીચેની બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

યજ્ઞ, સંસ્કાર વગેરે કર્મકાંડ પૂરાં થતાં પોતાની જવાબદારી પૂરી થઈ ગઈ છે એમ ના માનવું જોઈએ. એ કર્મકાંડ નહિ, માત્ર પ્રેરણાકાંડ પૂરું થયું. હવે એને અનુરૂપ કર્મ કરવાની વ્યવસ્થા કરવાથી જ કર્મકાંડ અર્થાત્ કર્મનો અધ્યાય શરૂ કરી શકાશે.

ઉમંગ તથા સામર્થ્યને અનુરૂપ સુગમ, પરંતુ સુનિશ્ચિત કાર્યક્રમો

સાથે દરેક વ્યકિતને જોડવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ જ દેવદક્ષિણાનું સાચું સ્વરૂપ છે. એને કુશળતાપૂર્વક પૂરું કરવામાં જ કર્મકાંડ કરાવનાર સંચાલકની કસોટી છે.

આ ઉદ્દેશ્યને પૂરો કરવા માટે એક ટીમ બનાવીને એ કામ હાથમાં લઈ શકાય. એ લોકોને કોઈ સુગમ કાર્યક્રમની સાથે જોડી દેવા એટલું જ પૂરતું નથી. એ કાર્યક્રમ એમના દ્વારા ચાલુ રખાવવો પણ જરૂરી છે. અમુક સમય પછી લોકોનો સંકલ્પ ઢીલો પડી જાય છે. પરિસ્થિતિઓના દબાણના કારણે પણ વ્યકિત લથડી જાય છે. આથી જ્યાં સુધી તેઓ પોતાના પગ પર ઊભા થઈને ચાલવાની શકિત પ્રાપ્ત ન કરી લે ત્યાં સુધી એમને સહારો આપવો જોઈએ.

આ કાર્ય ગાઢ આત્મીયતા તથા પ્રખર કર્તવ્યબુદ્ધિના સંયોગથી જ કરી શકાય છે. આ બંનેનો યોગ્ય વિકાસ કરતા રહેવું જોઈએ.

## વ્યવસ્થા પ્રકરણ

યુગનિર્માણ યોજનાના સૂત્રસંચાલકોએ યજ્ઞને પ્રાથમિક મહત્ત્વ આપ્યું છે, પરંતુ અગ્નિમાં હવનસામગ્રી નાખીને પુણ્ય પ્રાપ્ત કરવાની બાળકબુદ્ધિથી આપણા પરિજનોને દૂર રાખ્યા છે. તેથી યજ્ઞનું સ્વરૂપ મોટું કરવાના બદલે એને પ્રાણવાન બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. માત્ર પ્રચારની દૃષ્ટિએ કરવામાં આવતા વધારે કુંડોવાળા યજ્ઞોની જૂની પરિપાટીને હવે સુધારવામાં આવી છે. હવે યજ્ઞોને પ્રજ્ઞાપુરાણ આયોજનો, વાર્ષિકોત્સવો, યુગનિર્માણ સંમેલનો, નવરાત્રી સાધના, સંસ્કારો, પર્વો, જન્મદિવસ, લગ્નદિવસ વગેરેના મહત્ત્વના અંગ તરીકે જ કરવામાં આવે છે. આથી એમાં કુંડોની સંખ્યા પણ વધારેમાં વધારે ૯ રાખવાની છે. યજ્ઞોનું સ્વરૂપ નાનું રાખવાથી એમને પ્રાણવાન તથા પ્રભાવશાળી બનાવવામાં સરળતા રહે છે. યજ્ઞોનો લાભ દરેક માણસને મળી શકે તે માટે તેમને પ્રાણવાન તથા પ્રભાવશાળી બનાવવાની સાથે સાથે ઓછા ખર્ચવાળા તથા સરળ બનાવી દેવા જોઈએ. આ માટે આયોજકો નીચેની બાબતો ધ્યાનમાં રાખે.

# ઉદ્દેશ્ય અને સ્વરૂપ

યજ્ઞોમાં આહુતિ આપનારાઓ માટે ભલે થોડી, પરંતુ નિયમિત ગાયત્રી ઉપાસના વગેરેની, સંયમસાધનાની શરત રાખવી જોઈએ. આમ કરવાથી યજ્ઞકાર્યમાં શક્તિ આવે છે તથા માત્ર કુતૂહલ માટે આવનારા લોકોની ભીડ આપોઆપ જ ઘટી જાય છે.

યજ્ઞશાળામાં પ્રવેશવા માટેના પોશાક તથા એ ક્ષેત્રની પવિત્રતાનું ધ્યાન રાખવું જોઈએ.

યજ્ઞ ઓછા ખર્ચવાળો હોય તો પણ એને સુરુચિપૂર્ણ બનાવવામાં પ્રમાદ કે આળસ ન રાખવાં. તોરણ, રંગોળી, બેનર, ચિત્રો, ઝંડીઓ વગેરે સસ્તાં સાધનોથી એને સુસજ્જિત બનાવવો જોઈએ.

હવનસામગ્રી તથા સમિધાઓની પવિત્રતાનું ધ્યાન રાખવું જોઈએ. સમિધાઓ કાપ્યા પછી પાણીથી ધોઈને સૂકવી શકાય. હવનસામગ્રી શાંતિકુંજ તથા ગાયત્રી તપોભૂમિમાં પવિત્રતાપૂર્વક તૈયાર કરવામાં આવે છે. પોતાને ત્યાં સસ્તી સુગંધિત ઔષધિઓ, વનસ્પતિઓ હોય તો એમને ખાંડીને જાતે પણ હવનસામગ્રી તૈયાર કરાવી શકાય.

સાધકોના ભાવનાયુક્ત શ્રમદાનથી યજ્ઞશાળાનું નિર્માણ, સજાવટ, સમિધા તથા હવનસામગ્રી તૈયાર કરવાથી આર્થિક બચત થાય છે તથા સાથે સાથે ભાવનાના કારણે વસ્તુઓ અને વાતાવરણમાં શ્રેષ્ઠ સંસ્કાર સજીવ થવાનો લાભ પણ મળે છે. આ માટે પ્રયત્ન કરવો જોઈએ. જો વાતાવરણમાં ઉમંગ પેદા કરી શકાય, તો એકે એક કાર્ય માટે સમય નક્કી કરીને શ્રદ્ધાળુઓને આમંત્રણ આપીને બોલાવીને જપ-કીર્તન કરતાં કરતાં આ બધાં કામ કરવાં જોઈએ. જો આવું ન બની શકે તો દબાણપૂર્વક મન વગર કરવામાં આવતા શ્રમદાન કરતાં ભાવનાશીલ શ્રમિકો પાસે તે કામ કરાવી લેવું જોઈએ.

આયોજનોમાં ભાગ લેવા માટે પ્રભાવશાળી વ્યક્તિઓ દ્વારા વ્યક્તિગત રૂપે લોકોને આમંત્રણ આપવાં જોઈએ.

યજ્ઞમાં બેસનારાઓને ષટ્કર્મ તથા યજ્ઞાદિ કર્મની માહિતી પહેલેથી આપી શકાય તો એ વખતે રોકટોક કરવી પડતી નથી. કર્મકાંડનો ક્રમ તૂટતો નથી અને પ્રભાવ વધે છે.

આજકાલ ચોખ્ખું ઘી મળતું નથી. તેથી શરૂઆતમાં આજ્યાહુતિની સાત આહુતિઓ તથા અંતમાં વસોર્ધારામાં જ ઘી હોમવું જોઈએ. આટલું ઘી પ્રામાણિક લોકો પાસેથી ખરીદી શકાય અથવા જાતે તૈયાર કરી શકાય.

## તૈયારીઓ

યજ્ઞ માટે મંડપ બનાવવાથી માંડીને સામગ્રી, સમિધા વગેરેની વ્યવસ્થા પહેલેથી જ કરી દેવી જોઈએ. આ માટે જરૂરી સૂત્રો નીચે પ્રમાણે આપવામાં આવ્યાં છે :

દરેક કુંડ પર એક માળા આહુતિ માટે લગભગ ૭ કિલો સમિધા જોઈએ છે.

પ્રારંભમાં આજ્યાહુતિ તથા અંતમાં વસોર્ધારા અને આરતી માટે દરેક કુંડ દીઠ ૫૦ ગ્રામ ઘી પૂરતું છે.

એક હજાર આહુતિઓ માટે અ  કિલો હવનસામગ્રી વપરાય છે. એનો નિયમ છે-કુંડ X કુંડ દીઠ હોતા X આહુતિ માટે બોલવામાં આવતા મંત્રોની સંખ્યા. દા.ત. પાંચ કુંડ છે. દરેક કુંડ પર પાંચ વ્યકિત છે તથા ૧૦૮ મંત્રોથી આહુતિઓ આપવામાં આવી, તો કુલ ૨૭૦૦ આહુતિઓ થઈ. આ રીતે હવનસામગ્રીનો અંદાજ કાઢવો જોઈએ.

યજ્ઞશાળાના કળશ પહેલેથી રંગીને તૈયાર કરાવી દેવા જોઈએ.

સર્વતોભદ્ર તથા તત્ત્વવેદીઓ માટે પહેલેથી જ વ્યવસ્થા કરી રાખવી જોઈએ. એક દિવસના યજ્ઞમાં એમની સ્થાપના કરવી જરૂરી નથી. દેવમંચ બનાવીને તથા કળશ સ્થાપિત કરીને પણ યજ્ઞ કરાવી શકાય છે.

જ્ઞાનયજ્ઞ માટે સાહિત્યનો સ્ટોલ યજ્ઞશાળાની પાસે જ રાખવો.

જોઈએ. ગાયત્રી સાધના શરૂ કરવા ઈચ્છતા લોકોને સાહિત્ય મળે તેની સાથે સાથે એમને તેનું પ્રાથમિક જ્ઞાન મળી રહે તેવી વ્યવસ્થા પણ કરી શકાય.

દેવદક્ષિણાના સંકલ્પપત્રો પહેલેથી જ પૂરતી માત્રામાં રાખવા જોઈએ. દેવદક્ષિણામાં લઈ શકાય એવા સંકલ્પોના મોટા ચાર્ટ બનાવીને પણ લટકાવી શકાય.

પૂર્ણાહુતિ માટે સોપારી પૂરતી છે. શ્રીફળ કે ગોળાનો આગ્રહ ન રાખવો જોઈએ.

પૂર્ણાહુતિ પછી પ્રસાદ તરીકે સાકરિયા જેવી સસ્તી વસ્તુ જ રાખવી જોઈએ.

બ્રાહ્મણ ભોજનના બદલે બ્રહ્મભોજ સાહિત્ય વહેંચવું જોઈએ. જો ભોજન કરાવવું જ હોય તો ફકત કન્યાઓને જ ભોજન કરાવવું જોઈએ.

બીજી શાખાઓમાંથી આવેલા પ્રતિનિધિઓ માટે ભોજનની વ્યવસ્થા કરવી પડે તો તેમાં ખીચડી, દાળભાત, શાક જેવું સાદું ભોજન જ રાખવું. તે સસ્તું તથા સાત્ત્વિક રહે છે.

યજ્ઞશાળામાં પુરુષો તથા સ્ત્રીઓને જુદી જુદી વેદીઓ કે કુંડો પર બેસાડવાં જોઈએ.

ફાળો ઉઘરાવવો પડે તો એનો હિસાબ વહેલી તકે પ્રકાશિત કરી દેવો જોઈએ.

જુદાં જુદાં કાર્યો જવાબદાર વ્યકિતઓને સોંપવાં જોઈએ. દરેક કાર્ય માટે યોગ્ય સ્વયંસેવકો પૂરતી સંખ્યામાં રાખવા જોઈએ.

## કાર્યકર્તા-સ્વયંસેવક

દરેક આયોજનના મુખ્ય સંચાલક એક હોવા જોઈએ. બીજા બધા એમની સૂચના પ્રમાણે વ્યવસ્થા કરવામાં સહયોગ આપે. આપણાં આયોજનો સામૂહિક સહયોગ પર આધારિત છે. તેથી એમાં કોઈ બ્રાહ્મણ, આચાર્ય, પુરોહિત વગેરે હોતા નથી અને જે આયોજન

લોકફાળાથી થયું હોય તેમાં કોઈને યજમાન વગેરેનું પદ આપવું ન જોઈએ. બધાનું સ્થાન એકસરખું હોવું જોઈએ. એમાં કોઈએ વિશેષ શ્રેય લેવા પ્રયત્ન ના કરવો જોઈએ.

કાર્યકુશળ લોકોને વિધિવિધાન સંપન્ન કરવા માટે સહયોગ આપવાનું કહેવું જોઈએ. એવો પ્રયત્ન કરવો જોઈએ કે વધારે લોકો મંત્રોચ્ચાર વગેરે કૃત્યોમાં ભાગ લે તથા આગળ જતાં તેઓ પોતે પણ એવાં આયોજનોનું સંચાલન કરવા સક્ષમ બની શકે.

આરતી, પૂજા કે ભેટ રૂપે જે કાંઈ ધન મળે તેને કર્મકાંડ કરાવનાર કોઈ વ્યકિતનું ન માનવામાં આવે. એને શાખામાં જમા કરાવવું જોઈએ. કોઈ કાર્યકર્તાને કંઈક મહેનતાણું કે ભાડું આપવું પડે તો તે શાખા તરફથી આપવામાં આવે. કોઈ વ્યકિત કોઈને સીધી દક્ષિણા ના આપે અને કોઈએ એવી દક્ષિણાનો સ્વીકાર પણ કરવો નહિ.

યજ્ઞની વ્યવસ્થાને અનુરૂપ સ્વયંસેવકોની સંખ્યા પહેલેથી જ નક્કી કરી લેવી જોઈએ અને એમને વેળાસર ફરજ સોંપી દેવી જોઈએ કે જેથી તેઓ કુંડોમાં અગ્નિ પ્રજ્જ્વલિત રાખે, સમિધાઓ, હવનસામગ્રી વગેરે પહોંચાડે તથા જેઓ ખોટી રીતે આહુતિઓ આપતા હોય તેમને શિખવાડતા રહે.

આયોજનના બધા કાર્યકર્તાઓના ઝભ્ભા પર બિલ્લા લગાડવા જોઈએ. પીળા દુપટ્ટા ધર્માનુષ્ઠાનોનું મહત્ત્વનું પ્રતીક છે. એની વ્યવસ્થા કરીને આવવાની સૂચના પહેલેથી જ આપી દેવી જોઈએ. શાખાઓએ પણ પીળા દુપટ્ટા ધોઈને તૈયાર રાખવા જોઈએ, કે જેથી જો કોઈ દુપટ્ટા ના લાવ્યા હોય તો એમને આપી શકાય.

યજ્ઞના અંતમાં હાજર રહેલા બધા લોકોને આરતી આપવામાં આવે છે. યજ્ઞની ભસ્મ પણ બધા લોકો લગાવે છે અને ઘૃત અવઘ્રાણનું ઘી પણ હાથોમાં ઘસીને અગ્નિ તરફ હાથ રાખી બધા તપાવે છે. જો લોકોની સંખ્યા ઓછી હોય તો એક પાત્રથી કામ ચાલી જાય છે, પરંતુ જો વધારે લોકો હોય તો વધારે સમય બગડે

છે. એવા વખતે સ્વયંસેવકોએ ટપકાવેલું ઘી, ભસ્મ, આરતી વગેરે વધારે પાત્રોમાં લઈ બધાને પહોંચાડવાં જોઈએ. આમ કરવાથી સમય બચશે. શાંતિપાઠ સાથે અભિસિંચન કરતી વખતે પણ આમ જ કરવું જોઈએ. મહિલાઓ બાજુ મહિલાઓ અને પુરુષો બાજુ પુરુષ સ્વયંસેવકો રાખવા. હાથે નાડાછડી બાંધવા તથા તિલક કરતી વખતે પણ મહિલા અને પુરુષ સ્વયંસેવકો જુદા જ રાખવા.

## મંડપનિર્માણ

(૧) મંડપને આકર્ષક બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. આંબો, જાંબો, આસોપાલવ વગેરેનાં જલદી ના ચીમળાઈ જાય એવાં પલ્લવનાં તોરણ, કેળના થાંભલા, રંગબેરંગી ફૂલો વગેરેનો જો સમજપૂવક ઉપયોગ કરવામાં આવે તો તેનાથી મંડપને ખૂબ સુંદર રીતે સજાવી શકાય છે. આ બધી વસ્તુઓ શ્રમદાન દ્વારા સરળતાથી ભેગી કરી શકાય છે. જુદાં જુદાં વૃક્ષોનાં પાનનું કુશળતાપૂર્વક તોરણ બનાવવામાં આવે તો તે નયનાભિરામ લાગે છે.

(૨) શહેરોમાં આ બધાં વૃક્ષોનાં પાન મળવાં મુશ્કેલ છે. તેથી ત્યાં રંગીન કાપડની ધજાપતાકાઓ, ઝૂલ, દ્વાર, થાંભલા પર કપડું વીંટાળીને એમ અનેક રીતે સાજસજ્જા કરી શકાય છે. કાગળનાં ફૂલ, તોરણ વગેરે પણ સુંદર લાગે છે. મઢાવેલાં ચિત્રો, કપડા પર લખેલાં આદર્શ વાકયો વગેરેથી શોભામાં વધારો થાય છે.

(૩) યજ્ઞવેદીની ચારે બાજુ જુદા જુદા રંગોથી ડિઝાઈન બનાવી શકાય. સસ્તા ખડીમાંથી બનાવેલા રંગોથી ચિત્રકલાનાં સાધનો દ્વારા ખૂબ સુંદર ચોક તથા રંગોળી પૂરી શકાય. મહારાષ્ટ્રની બીબા દ્વારા રંગોળી પૂરવાની રીત પણ ખૂબ સુગમ તથા આકર્ષક છે.

(૪) માત્ર યજ્ઞમંડપ જ નહિ, પરંતુ જ્યાં આયોજન થઈ રહ્યું હોય તે સમગ્ર સ્થળને તોરણો, ધજાઓ વગેરેથી શણગારવું જોઈએ.

(૫) લાંબી વળીઓ પર મોટા કદના આપણા ધ્વજ ફરકાવવા જોઈએ. ટીનના પતરાનાં બનેલાં લાલ મશાલનાં સ્ટેન્સિલ દરેક

શાખા પાસે હોવાં જોઈએ, કે જેથી ઝંડાનો રંગ ઝાંખો પડી જાય ત્યારે તેને ફરીથી રંગીને એની પર મશાલનું ચિત્ર છાપી શકાય.

(૬) યજ્ઞમંડપની ભૂમિ પહેલેથી જ સમતલ બનાવીને લીંપીને તૈયાર રાખવી જોઈએ. જો શકય હોય તો યજ્ઞમંડપની જમીન છ થી નવ ઈંચ ઊંચી બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.

(૭) યજ્ઞકુંડ માટે જમીન ખોદીને ખાડો બનાવવાની જરૂર નથી. એ જમીનની ઉપર જ બનાવવા જોઈએ. ત્રણ નેખલાઓ જેટલી ઊંડાઈ પૂરતી છે. કુંડના બદલે વેદી પણ બનાવી શકાય. ઈંટોથી બનાવેલી વેદી સુંદર લાગતી નથી. આથી માટીથી બેત્રણ ઈંચ ઊંચી વેદી બનાવવી જોઈએ.

(૮) એક સરખા માપની વેદીઓ કે કુંડ બનાવવાનું કામ બીબાથી જલદી અને સારું થાય છે. આથી દરેક શાખા પાસે કુંડ બનાવવાનાં બીબાં હોવાં જોઈએ.

(૯) યજ્ઞશાળાની ચારે બાજુ દોરડા કે વાંસથી વાડ બનાવવી જોઈએ, જેથી કૂતરાં કે અન્ય પ્રાણીઓ અંદર ના ઘૂસી જાય. જ્યારે યજ્ઞ બંધ રહે ત્યારે યજ્ઞશાળાને બંધ કરવા માટે એક વાંસ કે અન્ય વસ્તુથી બનેલો દરવાજો પણ હોવો જોઈએ.

(૧૦) એક કુંડની યજ્ઞશાળા માટે ૮ X ૮ ફૂટની જમીન હોવી જોઈએ. એકાદ બે ફૂટ વધારે મોટી યજ્ઞશાળા હોય તો સારું. એક કુંડની યજ્ઞશાળા માટે ચાર થાંભલા પૂરતા છે. ઉપર ચંદરવો, ઝૂલ તથા થાંભલા પર કપડું લપેટવાથી તે સુંદર બની જાય છે. આ કામ પલ્લવોથી પણ કરી શકાય છે. પાંચ તથા નવકુંડી યજ્ઞશાળા મોટી સાઈઝની હોય છે. પાંચકુંડી યજ્ઞશાળા સામાન્ય રીતે ૧૮X૧૮ ફૂટ અને નવકુંડી યજ્ઞશાળા ૨૪X૨૪ ફૂટની હોય છે. વચ્ચે ૬X૬ કે ૮X૮ ફૂટના અંતરે થાંભલા રોપવા તથા મંડપની ઊંચાઈ નવ ફૂટ કરતાં વધારે રાખવી.

(૧૧) કુંડોની સંખ્યા વધારવાની હરીફાઈ ના કરવી જોઈએ. સામાન્ય આયોજન માટે એક કુંડ પૂરતો છે. જો લોકોની સંખ્યા

વધારે હોય તો પાંચ કુંડ અથવા વધારેમાં વધારે નવ કુંડ રાખવા. એનાથી વધારે કુંડોના યજ્ઞ ના કરવા જોઈએ.

(૧૨) કુંડની ત્રણેય મેખલાઓ ત્રણ રંગથી રંગવી જોઈએ. નીચેની કાળી, વચલી લાલ તથા ઉપરની સફેદ રંગવી. વેદી હોય તો મેખલાના પ્રતીક તરીકે ત્રણ લીટીઓ દોરી શકાય. કુંડની ત્રણેય મેખલાઓની ઊંચાઈ એકસરખી હોવી જોઈએ. કુંડની અંદરનો ભાગ ૧X૧ ફૂટ લાંબોપહોળો હોવો જોઈએ. આ માટે મેખલાઓ બે ઈંચ પહોળી હોવી જોઈએ. નીચેની મેખલાને અડકીને પાણી ભરવા માટે એક નીક બનાવવી જોઈએ.

## યજ્ઞકર્તાઓ માટેના નિયમો

હવન કરનાર દરેક વ્યકિતએ આહુતિઓ આપતી વખતે નીચેની બાબતોનું ધ્યાન રાખવું જોઈએ :

(૧) મધ્યમા, અનામિકા અને અંગૂઠાથી હવનસામગ્રી લઈને કુંડની વચ્ચે આહુતિઓ આપવી.

(૨) બધા લોકોએ પલાંઠી વાળીને ટટ્ટાર બેસવું.

(૩) આહુતિઓ કુંડની બહાર ન પડે તેનું ધ્યાન રાખવું.

(૪) બધા લોકો એક સાથે એક સ્વરમાં મંત્ર બોલે. બધાનો અવાજ તથા ઝડપ એવાં સરખાં હોવાં જોઈએ કે જાણે એક જ વ્યકિત બોલતી હોય એવું લાગે.

(૫) જ્યારે 'સ્વાહા' બોલવામાં આવે ત્યારે જ બધા લોકો એક સાથે આહુતિઓ આપે. કોઈ આગળપાછળ ના આપે.

(૬) ઘીની આહુતિ આપનારે ઘી ભરેલા સ્રુવાને ઘીની વાડકીની ધાર સાથે દરેક વખતે લૂછી લેવો, જેથી મેખલાઓ પર ઘી ના ટપકે.

(૭) ઘીની આહુતિ આપ્યા પછી પાછા વળતાં "ઈદં ગાયત્ર્યૈ ઈદં ન મમ" બોલતાં પ્રણીતાના પાણીમાં એકબે ટીપાં ઘી ટપકાવવું.

(૮) હવન કરનારાઓ પાસે પીળા દુપટ્ટા હોય તો ઉત્તમ.

(૯) યજ્ઞશાળામાં વાતો બિલકુલ ન કરવી. કદાચ અત્યંત જરૂરી અને યજ્ઞ સંબંધી વાત હોય તો જ ઈશારાથી કે એકદમ ટૂંકમાં કરવી.

(૧૦) નહાયા વગર તથા હાથપગ ધોયા વગર યજ્ઞશાળામાં પ્રવેશ ન કરવો જોઈએ. વસ્ત્રો ધોયેલાં હોવાં જોઈએ.

(૧૧) જેમને ટટ્ટીપેશાબનું ભાન ન હોય એટલાં નાનાં બાળકોને યજ્ઞશાળામાં ન લઈ જવાં.

(૧૨) યજ્ઞમાં બેસનારે ધોતિયું પહેરવું. સ્ત્રીઓએ સાડી પહેરવી. પંજાબી સ્ત્રીઓને આમાં છૂટ આપી શકાય કારણકે તેમનો પોશાક જ પહેલેથી એવો છે.

## અગ્નિથી સુરક્ષા

હવનકુંડના અગ્નિથી તથા દીપક કે આરતીથી કયારેક જરૂરી સાવધાની ન રાખવાના કારણે આગ લાગી શકે છે અને કેટલીક વસ્તુઓ બળી જાય છે. આવું થાય ત્યારે લોકો એને અપશુકન માને છે. કેટલાક લોકો ગાયત્રી માતા નારાજ થયાં એમ માની દુ:ખી થાય છે. ખરેખર એવું કશું હોતું નથી. એ બેદરકારીનું જ પરિણામ છે. આથી યજ્ઞના વ્યવસ્થાપકોએ પહેલેથી જ પૂરતી સાવધાની રાખવી જોઈએ અને દરેક યાજ્ઞિકને પણ એ માટે સૂચના આપવી જોઈએ.

(૧) યજ્ઞશાળાની છત એટલી ઊંચી રાખવી જોઈએ કે પૂર્ણાહુતિ વખતે ઊઠતી આગની જ્વાળાથી તે સળગી ન જાય.

(૨) આરતી કરતી વખતે તે ઝડપથી ના ફેરવવી જોઈએ. નહિ તો તે હોલવાઈ જશે.

(૩) પૂર્ણાહુતિ તથા વસોર્ધારા વખતે અગ્નિ પ્રચંડ થઈ જાય છે. તેથી યજ્ઞકુંડ નજીકથી યજ્ઞનાં કાષ્ઠપાત્ર તથા બીજી વસ્તુઓ દૂર હઠાવી લેવી જોઈએ. સોપારી કે કોપરાના ગોટાથી જ પૂર્ણાહુતિ આપવી.

(૪) યજ્ઞ પૂરો થઈ ગયા પછી પણ કુંડોમાં અગ્નિ સળગતો રહે છે. એમાંથી તણખા ઊડવાથી આસપાસની વસ્તુઓ કદાચ સળગી જાય. તેથી જ્યાં સુધી અગ્નિ સંપૂર્ણ રીતે શાંત ન થઈ જાય ત્યાં સુધી ધ્યાન રાખવું જોઈએ.

## યજ્ઞ આયોજન માટે જરૂરી વસ્તુઓ

(૧) વાસણો : હવનસામગ્રી માટે ૮ ડીસો, ૧ મોટો વાડકો ઘી માટે, ૧ તાંબાનો કળશ, ૩ લોટા ઢાંકણ સાથે, દીવી, ૯ પંચપાત્ર, ૯ ચમચી (આચમની), પૂજા માટે થાળી-૩, અગરબત્તી સ્ટેન્ડ

(૨) આરતીનો સામાન - શંખ, ઘંટ, મંજીરા, ડફલી વગેરે

(૩) પરચૂરણ સામાન - રંગેલો માટીનો કળશ, કપડાથી વીંટેલું નારિયેળ, કળશ નીચે મૂકવા ઈંઢોણી, આંબાનાં પાન વગેરે.

(૪) કાષ્ઠપાત્ર - પ્રણીતા, પ્રોક્ષણી, સ્રુવા, સ્રુચિ તથા સ્ફ્ય. દરેક કુંડ પર એક એક હાથપંખો, ચીપિયો.

(૫) આસન - યજ્ઞકર્તાઓ માટે-૯, યજ્ઞસંચાલક માટે-૧, બાજઠ ૧, દીવો હોલવાઈ ન જાય તે માટે ફાનસનો ગોળો, ગાયત્રી માતા, યજ્ઞપુરુષ તથા લાલ મશાલનાં ચિત્રો, પીળા રંગનું સ્થાપન.

(૬) પૂજનસામગ્રી : ચોખા, કંકુ, અગરબત્તી, રૂની દીવેટો, દીવાસળી, કપૂર, ચંદન, ઓરસિયો, ફૂલ તથા હાર, નાડાછડી, પ્રસાદ, સ્વિષ્ટકૃત માટે એક પેંડો, કોપરાનો ગોટો-૧, સોપારી-૨, આરતી, જનોઈજોટો, ગાયનું દૂધ, દહીં, ઘી, મધ, સાકર, તુલસીપત્ર. આ બધો સામાન એક કુંડી યજ્ઞ માટે છે. કુંડના પ્રમાણમાં વસ્તુઓની સંખ્યા વધારવી.

(૭) પાંચ બાજઠ, પાંચેય પર પાથરવા માટે સ્થાપન, રંગેલા કળશ, લાલ કપડાથી વીંટેલાં નારિયેળ-૫, ચોકીઓ ઈંટમાટીથી બનાવી હોય તો તે રંગવા પીળો, લાલ, લીલો, કાળો રંગ. કળશયાત્રા માટે રંગેલા કળશ ઈચ્છા હોય તેટલા.

આસન, પંચપાત્ર, ચમચી, કાષ્ઠપાત્ર, ડીસો, ઘી તથા અન્ય જરૂરી વસ્તુઓ જેટલા કુંડ હોય તે પ્રમાણે વધારવી.

# બધી શાખાઓ આટલી વસ્તુઓ રાખે

(૧) યજ્ઞમંડપ માટે ઉપરનો ચંદરવો, ઝૂલ, થાંભલા, વાંસ, થાંભલા પર વીંટવાનું કપડું, દોરી, વગેરે

(૨) કુંડ બનાવવા લાકડાની ફ્રેમ, જમીનમાં ખોદી કુંડ બનાવવો નહિ.

(૩) કુંડોની સંખ્યાના પ્રમાણમાં કાષ્ઠપાત્રના સેટ

(૪) પંચપાત્ર-૯, ચમચી-૯, ડીસો-૮, ઘી માટે કાનાવાળી વાડકી, દેવપૂજન વેદી માટે બાજઠ, સ્થાપન, માટીનો રંગેલો ઘડો, તાંબાનો કળશ, દીવી, અગરબત્તી સ્ટેન્ડ, દીવા માટે કાચવાળી પેટી, ત્રિદેવના ફોટા, આરતી, થાળીઓ-૩, નાની થાળીઓ-૫, ચીપિયો, પંખો, પંચામૃત બનાવવા માટે તપેલી (ઢાંકણ સાથે)

હાથ લૂછવા નેપ્કિન, શંખ, ઘંટ, નાની ઘંટડી, આસન-૧૨, હવનની ચોપડીઓ વગેરે

(૫) સંગીતનાં સાધનો-હાર્મોનિયમ, ઢોલક, મંજીરા વગેરે

(૬) સત્સંકલ્પની પુસ્તિકાઓ-૧૦૦

(૭) ઝંડા (લાલ મશાલ દોરેલા), નાની ઝંડીઓ, તોરણ માટે કાગળ કે પ્લાસ્ટિકની ધજાઓ.

(૮) આદર્શ વાકયોનાં કાપડનાં બેનર, કાચમાં મઢેલાં મોટાં ચિત્રો

(૯) વેચાણ માટે હવનસામગ્રી, અગરબત્તી, સાહિત્ય વગેરે

(૧૦) ચંદન, ઓરસિયો, ચંદન માટે વાડકી, રંગોળી પૂરવા કાચા રંગ, જન્મદિવસ માટે ચોખા રંગવા લાલ, લીલો તથા કાળો રંગ, દળેલી હળદર, ચોખા વગેરે. આ બધી વસ્તુઓ શાખામાં રાખવાથી યજ્ઞ કરાવનારને બહુ દોડાદોડી કરવી નહિ પડે. તોડફોડ કે ઘસારા ખર્ચ યજમાન પાસેથી લઈ શકાય. દરેક આયોજન પછી કપડાં ધોવડાવીને તથા જરૂર હોય તો રંગીને તૈયાર રાખવાં.

(૧૧) જો શકય હોય તો માઈકનો સેટ, ટેપરેકોર્ડર, મેગાફોન વગેરે.

# યજ્ઞમાંથી વધેલું ધન

આયોજનોમાંથી થતી બચતમાંથી શાખા માટે પ્રચારનાં સાધનો મંગાવવાની વ્યવસ્થા કરવી જોઈએ. અગાઉ કહેવામાં આવ્યું છે કે દરેક યુગનિર્માણ શાખાએ ગાયત્રી તપોભૂમિની નાની આવૃત્તિ બનીને આસપાસના ક્ષેત્રમાં જનજાગૃતિ આવે તે માટે સક્રિય પ્રયત્નો કરવાના છે. તેથી તેમની પાસે જરૂરી તમામ સાધનસામગ્રી હોવી જરૂરી છે. જ્ઞાનરથ, સ્લાઈડ પ્રોજેક્ટર, લાઉડસ્પીકર, યજ્ઞનાં સાધનો, સંગીતનાં સાધનો, ટેપરેકોર્ડર, વીડિયો કેસેટ બતાવવા જરૂરી સાધનો-આ સાત વસ્તુઓ હોવાથી ઉત્સાહી કાર્યકર્તાઓ પોતાના ક્ષેત્રને સહજ રીતે જાગૃત, સંગઠિત તથા નવનિર્માણના કાર્યમાં પ્રવૃત્ત બનાવી શકવામાં સફળ થઈ શકે છે. આ પછી શાખા માટે મકાન બનાવવાનું જરૂરી છે. તે જ્ઞાનમંદિર, ઉપાસનાખંડ, કાર્યાલય, સત્સંગ, પાઠશાળા, પુસ્તકાલય વગેરે બધાં પ્રયોજન પૂરાં કરવામાં ઉપયોગી થશે. કાર્યકર્તાને રહેવા માટે એક ઓરડો તથા સામાન મૂકવા માટે પણ એક ઓરડો જરૂરી છે. જો કાર્યકર્તાઓ ઉત્સાહી હોય તો મોટાં આયોજનો કરીને તેમાંથી બચેલા પૈસાથી આ બધી જરૂરિયાતો પૂરી કરી શકે છે. યજ્ઞ આયોજનોનો ઉદ્દેશ માત્ર દેવપૂજન જ નથી, પરંતુ જનજાગરણ કરવાનો છે. આને ધ્યાનમાં રાખીને જો યોજના હાથ ધરવામાં આવે તો તે અવશ્ય સાર્થક થાય છે. પાંડિત્યવાળા યજ્ઞો પર સમજદાર લોકો લૂંટ કરવી, નકામી વ્યકિતઓનું પોષણ, પૈસાનો દુરુપયોગ વગેરે આરોપ મૂકે છે, તેમને સાચા જ માનવા પડે. વાજપેય યજ્ઞોનો ઉદ્દેશ પહેલેથી જ લોકમાનસનું શુદ્ધિકરણ કરવાનો રહ્યો છે. આપણી આ ગાયત્રી યજ્ઞોની શૃંખલાને દેશ, ધર્મ તથા સંસ્કૃતિના પુનરુત્થાનની યોજના કહી શકાય અને વાજપેય યજ્ઞોમાં એની ગણતરી કરી શકાય છે.

# ગાયત્રી યજ્ઞની ઉપયોગિતા તથા જરૂરિયાત

ભારતીય સંસ્કૃતિનો ઉદ્ગમસ્રોત જ્ઞાનગંગા ગાયત્રી જ છે.

યજ્ઞને ભારતીય ધર્મના પિતા માનવામાં આવે છે. ગાયત્રી સદ્‌વિચારનું તથા યજ્ઞ સત્કર્મનું પ્રતીક છે. એ બંનેના સમન્વયથી સદ્‌ભાવનાઓ તથા સત્પ્રવૃત્તિઓ વધે છે તથા માનવજાતનું, પ્રાણીમાત્રનું કલ્યાણ થાય છે.

યજ્ઞ શબ્દના ત્રણ અર્થ છે - (૧) દેવપૂજા, (૨) દાન, (૩) સંગતિકરણ. સંગતિકરણનો અર્થ છે સંગઠન. યજ્ઞનો મુખ્ય હેતુ ધાર્મિક પ્રકૃતિના લોકોને સત્કાર્યો કરવા માટે સંગઠિત કરવાનો પણ છે. આ યુગમાં સંઘશકિત જ મહત્ત્વની છે. હારી ગયેલા દેવોને ફરીથી વિજયી બનાવવા માટે પ્રજાપતિએ એમની અલગ અલગ શકિતઓનું એકીકરણ કરીને સંઘશકિતના રૂપમાં દુર્ગાશકિત પેદા કરી હતી. એના માધ્યમથી એમનાં સંકટો દૂર થઈ શકયાં હતાં. માનવજાતની સમસ્યાઓ સામૂહિક શકિત તથા સંઘભાવનાથી ઊકલી શકે. એકાકી અને અસંગઠિત લોકો દુર્બળ તથા સ્વાર્થી ગણાય છે. ગાયત્રી યજ્ઞોનો સાચો લાભ ત્યારે જ મળે કે જ્યારે બધા લોકોના સહયોગ દ્વારા સાર્વજનિક રૂપે તે કરવામાં આવે.

યજ્ઞનો અર્થ છે-ત્યાગ, બલિદાન, શુભકર્મ. આપણા પ્રિય ખાદ્યપદાર્થો તથા મૂલ્યવાન સુગંધિત પૌષ્ટિક દ્રવ્યોને અગ્નિ તથા વાયુના માધ્યમથી સમગ્ર સંસારના કલ્યાણ માટે યજ્ઞ દ્વારા વિતરિત કરવામાં આવે છે. વાયુ શુદ્ધ થવાથી દરેકના આરોગ્યમાં વધારો થાય છે. યજ્ઞમાં હોમેલા પદાર્થો વાયુભૂત થઈને પ્રાણીમાત્રને પ્રાપ્ત થાય છે અને એમનું સ્વાસ્થ્ય વધારવામાં તથા રોગો દૂર કરવામાં મદદરૂપ બને છે. યજ્ઞ દરમ્યાન બોલવામાં આવતા વેદમંત્રોનો પુનિત શબ્દધ્વનિ આકાશમાં ફેલાઈ જઈને લોકોના અંતઃકરણને સાત્ત્વિક તથા શુદ્ધ બનાવે છે. આ રીતે થોડાક ખર્ચ અને પ્રયત્નથી યજ્ઞ કરાવનારાઓ દ્વારા સંસારની મોટી સેવા થાય છે.

વ્યકિતગત ઉન્નતિ અને સામાજિક પ્રગતિનો બધો આધાર સહકાર, ત્યાગ, પરોપકાર વગેરે પ્રવૃત્તિઓ ઉપર રહેલો છે. જો માતા પોતાના રકત તથા માંસનો એક ભાગ નવા શિશુ માટે ના ત્યાગે,

પ્રસવની વેદના ના સહે, પોતાનું શરીર નીચોવીને તેને દૂધ ના પિવડાવે, તેના પાલનપોષણ માટે દુઃખો ન વેઠે અને આ બધું તદ્દન નિઃસ્વાર્થ ભાવે ન કરે, તો મનુષ્યનું જીવન ધારણ કરવાનું પણ શકય ન બને. તેથી કહેવાય છે કે મનુષ્યનો જન્મ યજ્ઞભાવના દ્વારા અથવા તો એના કારણે જ શકય બને છે. ગીતાકારે આ જ તથ્યને આ રીતે કહ્યું છે કે પ્રજાપતિએ મનુષ્યની સાથે જ તેના જોડિયા ભાઈની જેમ યજ્ઞ પેદા કર્યો અને એવી વ્યવસ્થા કરી કે એકબીજાની વૃદ્ધિ કરી બંને ફૂલે-ફળે.

જો યજ્ઞભાવનાની સાથે મનુષ્યે પોતાને જોડયો ન હોત તો પોતાની શારીરિક અસમર્થતા અને દુર્બળતાના કારણે બીજાં પશુઓની હરીફાઈમાં તે કયારનો ય પોતાનું અસ્તિત્વ ખોઈ બેઠો હોત. તે આગળ વધ્યો છે એનું એકમાત્ર કારણ એની યજ્ઞભાવના છે. આગળની પ્રગતિ માટેનો આધાર પણ આ યજ્ઞભાવના જ રહેશે.

પ્રકૃતિનો સ્વભાવ યજ્ઞ પરંપરાને અનુરૂપ છે. સમુદ્ર વાદળોને ઉદારતાપૂર્વક પાણી આપે છે. વાદળો તેને એક સ્થળેથી બીજા સ્થળે વહી જાય છે અને એને વરસાવવાનું કામ કરે છે. નદીનાળાં એનું વહન કરીને ભૂમિને સીંચે છે તથા પ્રાણીઓની તરસ છિપાવે છે. વૃક્ષો અને વનસ્પતિઓ પોતાના અસ્તિત્વનો લાભ બીજાઓને જ આપે છે. ફૂલો અને ફળો બીજા માટે જ જીવે છે. સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, વાયુ વગેરે પોતાના માટે નહિ, બીજાઓ માટે જ ચાલતાં રહે છે. શરીરનો દરેક અવયવ પોતાના માટે નહિ, પરંતુ સમગ્ર શરીરના લાભ માટે સતત કાર્યરત રહે છે. આ રીતે જ્યાં પણ નજર કરીએ ત્યાં એ જ જોવા મળે છે કે આ સંસારમાં જે વ્યવસ્થા છે તે યજ્ઞભાવના પર જ આધારિત છે. આ યજ્ઞભાવનાને જો દૂર કરી દેવામાં આવે તો સમગ્ર સુંદરતા કુરૂપતામાં અને બધી જ પ્રગતિ વિનાશમાં ફેરવાઈ જાય. ઋષિઓએ કહ્યું છે કે યજ્ઞ જ આ સંસારચક્રની ધરી છે. જો ધરી તૂટી જાય તો ગાડી આગળ વધી શકતી નથી.

# યજ્ઞીય વિજ્ઞાન

મંત્રોમાં શકિતના અનેક સ્રોત છુપાયેલા છે. જેવી રીતે અમુક સ્વરોની ગોઠવણીવાળા શબ્દોની રચના કરવાથી અનેક રાગરાગિણીઓ બને છે અને સાંભળનારા પર તેમનો જુદો જુદો પ્રભાવ પડે છે, એ જ રીતે મંત્રોચ્ચારણથી પણ એક વિશિષ્ટ પ્રકારના ધ્વનિતરંગો પેદા થાય છે અને આ વિશ્વવ્યાપી પ્રકૃતિ પર, સૂક્ષ્મ જગત પર તથા પ્રાણીઓનાં સ્થૂળ અને સૂક્ષ્મ શરીરો પર એમનો ભારે પ્રભાવ પડે છે.

યજ્ઞ દ્વારા વાયુમંડળમાં જે શકિતશાળી તત્ત્વો ફેલાવવામાં આવે છે એનાથી હવામાં ઊડતા અસંખ્ય કીટાણુઓ નાશ પામે છે. ડી. ડી. ટી., ફિનાઈલ છાંટવા અને બીમારીથી બચાવનારી દવાઓ યા ઈંજેકશનો લેવા કરતાંય યજ્ઞ કરવો તે વધારે શ્રેષ્ઠ ઉપાય છે. સામાન્ય રોગો તથા રોગચાળાથી બચવા માટે યજ્ઞ એક સામૂહિક ઉપાય છે. દવા જે ખાય તેને જ ફાયદો થાય છે, પરંતુ યજ્ઞનો વાયુ તો બધે જ પહોંચી જાય છે અને એ વિસ્તારમાં રહેતાં તમામ પ્રાણીઓને લાભ પહોંચાડે છે અને તેમનું રક્ષણ કરે છે. માત્ર મનુષ્યનું જ નહિ, પરંતુ પશુપક્ષીઓ અને વૃક્ષવનસ્પતિઓના આરોગ્યનું પણ યજ્ઞથી રક્ષણ થાય છે.

યજ્ઞની ઉષ્મા મનુષ્યના અંતઃકરણ પર દૈવી પ્રભાવ પાડે છે. જ્યાં યજ્ઞ થાય છે તે ભૂમિ તથા પ્રદેશ સુસંસ્કારી બની જાય છે અને ત્યાં જનાર ઉપર પણ લાંબા સમય સુધી પ્રભાવ પાડે છે.પ્રાચીનકાળમાં જ્યાં મોટા મોટા યજ્ઞો થયા હતા ત્યાં જ તીર્થો બન્યાં છે. જે ઘરોમાં, જે સ્થાનોમાં યજ્ઞ થાય છે, તે પણ એક જાતનું તીર્થ જ બની જાય છે અને ત્યાં જે આવે છે એમની મનોભૂમિ ઉચ્ચ, સુવિકસિત તથા સુસંસ્કૃત બની જાય છે. મહિલાઓ, નાનાં બાળકો તથા ગર્ભસ્થ બાળક પર યજ્ઞનો વિશેષ પ્રભાવ પડે છે. એમને સુસંસ્કારી બનાવવા માટે યજ્ઞીય વાતાવરણ ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

કુબુદ્ધિ, કુવિચાર, દુર્ગુણ તથા દુષ્કર્મોથી વિકૃત મનોભૂમિમાં યજ્ઞથી ભારે સુધારો થાય છે. તેથી યજ્ઞને પાપનાશક કહેવામાં આવ્યો છે. યજ્ઞના પ્રભાવથી સુસંસ્કારી થયેલી વિવેકપૂર્ણ મનોભૂમિના પરિણામે જીવનની દરેક ક્ષણ સ્વર્ગીય આનંદથી ભરપૂર બની જાય છે. તેથી યજ્ઞને સ્વર્ગ આપનાર કહેવામાં આવ્યો છે.

યજ્ઞની ધર્મવિધિમાં ભાગ લેવાથી આત્મા પર ચઢેલા મેલ તથા વિકાર દૂર થઈ જાય છે. એના પરિણામે એમાં ઝડપથી ઈશ્વરીય પ્રકાશ જાગૃત થાય છે. યજ્ઞથી આત્મામાં બ્રાહ્મણ તત્ત્વ, ઋષિતત્ત્વની દિવસે દિવસે વૃદ્ધિ થાય છે અને આત્મા તથા પરમાત્માનું મિલન થવાનું પરમ લક્ષ્ય ખૂબ સરળ બની જાય છે. આત્મા અને પરમાત્માને જોડી દેવાનું, એક કરવાનું કાર્ય યજ્ઞાગ્નિ દ્વારા એવી રીતે થાય છે કે જેવી રીતે વેલ્ડિંગ દ્વારા લોખંડના બે ટુકડાને જોડી દેવામાં આવે છે. યજ્ઞ દ્વારા બ્રાહ્મણત્વ પ્રાપ્ત થાય છે. તેથી બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરવા માટે ત્રીજા ભાગનું જીવન યજ્ઞકાર્ય માટે અર્પિત કરવું પડે છે. લોકોના અંતઃકરણમાં પછાતવૃત્તિ ઘટે અને બ્રાહ્મણવૃત્તિ વધે તે માટે વાતાવરણમાં યજ્ઞીય પ્રભાવની શકિત જાગૃત કરવી આવશ્યક છે.

વિધિવત્ કરવામાં આવેલા યજ્ઞ એટલા પ્રભાવશાળી હોય છે કે એમના દ્વારા માનસિક દોષો તથા દુર્ગુણોને દૂર કરવાનું તથા સદ્‌ભાવો વધારવાનું કાર્ય શકય બને છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષ્યા, દ્વેષ, કાયરતા, કામુકતા, આળસ, આવેશ, સંશય વગેરે માનસિક ઉદ્વેગોની ચિકિત્સા માટે યજ્ઞ એક વિશ્વસનીય પદ્ધતિ છે. શરીરના અસાધ્ય રોગો પણ તેનાથી મટી શકે છે.

અગ્નિહોત્રના ભૌતિક લાભ પણ છે. વાયુને આપણે મળમૂત્ર, ઉચ્છ્‌વાસ, મિલો, કારખાનાં વગેરેના ધુમાડાથી ગંદો કરી નાખીએ છીએ. ગંદા વાયુના કારણે રોગો થાય છે. વાયુને આપણે જેટલો ગંદો કરીએ છીએ એટલો જ શુદ્ધ પણ કરવો જોઈએ. યજ્ઞોથી વાયુ શુદ્ધ થાય છે. આ રીતે યજ્ઞ દ્વારા લોકોના સ્વાસ્થ્યનું રક્ષણ પણ

થાય છે.

યજ્ઞનો ધુમાડો આકાશમાં, વાદળોમાં પહોંચીને ખાતર બનીને ભળી જાય છે. વરસાદના પાણીની સાથે જ્યારે તે પૃથ્વી પર આવે છે ત્યારે એનાથી ઘાસ, વનસ્પતિઓ, અન્ન વગેરે પરિપુષ્ટ થાય છે. એમનું સેવન કરવાથી મનુષ્ય તથા પશુપક્ષીઓ બધાં જ પરિપુષ્ટ બને છે. યજ્ઞના અગ્નિના માધ્યમથી શકિતશાળી બનેલા મંત્રોચ્ચારનાં ધ્વનિકંપનો દૂર દૂર સુધી ફેલાઈને લોકોના માનસને શુદ્ધ કરે છે. એના પરિણામે શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે માનસિક સ્વાસ્થ્ય પણ સુધરે છે.

અનેક પ્રયોજનો માટે, અનેક કામનાઓ પૂરી કરવા માટે જુદાં જુદાં વિધિવિધાન સાથે વિશિષ્ટ યજ્ઞો પણ કરી શકાય છે. દશરથ રાજાએ પુત્રેષ્ટિ યજ્ઞ કરીને ચાર શ્રેષ્ઠ પુત્રો પેદા કર્યા હતા. અગ્નિપુરાણ તથા ઉપનિષદોમાં વર્ણવવામાં આવેલી પંચાગ્નિ વિદ્યામાં આ રહસ્યો ખૂબ વિસ્તારપૂર્વક બતાવવામાં આવ્યાં છે. વિશ્વામિત્ર વગેરે ઋષિઓએ પ્રાચીનકાળમાં અસુરતાના નિવારણ માટે મોટા મોટા યજ્ઞો કર્યા હતા. રામલક્ષ્મણને આવા જ એક યજ્ઞના રક્ષણ માટે જવું પડયું હતું. લંકાયુદ્ધ પછી રામે દસ અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. મહાભારતના યુદ્ધ પછી કૃષ્ણે પણ પાંડવો પાસે એક મહાયજ્ઞ કરાવ્યો હતો. એ યજ્ઞોનો ઉદ્દેશ્ય યુદ્ધજન્ય વિક્ષોભથી ક્ષુબ્ધ થયેલા વાતાવરણને શુદ્ધ કરવાનો, અસુરતાનો નાશ કરવાનો હતો. જો વાતાવરણમાં અસુરતાની માત્રા વધી જાય તો તેનો નાશ કરવા માટે યજ્ઞ જેવો શ્રેષ્ઠ બીજો એકેય ઉપચાર નથી. આજે થોડાં વર્ષો પહેલાં થયેલાં બે વિશ્વયુદ્ધોના કારણે લોકોમાં સ્વાર્થપરાયણતાની માત્રા વધી જવાથી વાતાવરણમાં અસુરતા ખૂબ વધી ગઈ છે. એના સમાધાન માટે યજ્ઞીય પ્રક્રિયાને પુનર્જીવિત કરવી એ આજની પરિસ્થિતિઓમાં અત્યંત જરૂરી બની ગયું છે.

# યજ્ઞીય પ્રેરણાઓ

યજ્ઞ આયોજનો પાછળ સંસારનાં લૌકિક સુખસમૃદ્ધિને વધારવાની વિજ્ઞાનસંમત પરંપરા રહેલી છે, દૈવી શક્તિઓના આવાહન તથા પૂજનનો મંગલમય સમાવેશ કરવામાં આવ્યો છે, તેની સાથે સાથે એમાં લોકશિક્ષણની પ્રચુર સામગ્રી પણ ભરેલી છે. જેવી રીતે ફ્રેમમાં ફીટ કરેલા લાકડાના લખોટા બતાવીને બાળકોને આંક શિખવાડવામાં આવે છે, એ જ રીતે યજ્ઞનું દૃશ્ય બતાવીને લોકોને એ પણ સમજાવવામાં આવે છે કે આપણા જીવનની મુખ્ય નીતિ યજ્ઞભાવનાથી પૂર્ણ હોવી જોઈએ. આપણે યજ્ઞની જેમ પરમાર્થપરાયણ બનીએ અને જીવનને યજ્ઞપરંપરામાં ઢાળીએ. આપણું જીવન યજ્ઞની જેમ પવિત્ર, પ્રખર અને પ્રકાશવાન બને. ગંગાસ્નાનથી જેવી રીતે પવિત્રતા, શાંતિ, શીતળતા તથા આર્દ્રતાને હૃદયંગમ કરવાની પ્રેરણા મળે છે એ જ રીતે યજ્ઞથી તેજસ્વિતા, પ્રખરતા, પરમાર્થપરાયણતા તથા ઉત્કૃષ્ટતાનું શિક્ષણ મળે છે. યજ્ઞની પ્રક્રિયાને જીવનયજ્ઞનું રિહર્સલ કહી શકાય. ઘી, સાકર, મેવા, ઔષધીઓ વગેરે કીમતી ચીજવસ્તુઓનો પરમાર્થ માટે આપણે હોમ કરીએ છીએ, તેવી જ રીતે પોતાની પ્રતિભા, વિદ્યા, બુદ્ધિ, સમૃદ્ધિ, સામર્થ્ય વગેરેને પણ વિશ્વમાનવનાં ચરણોમાં સમર્પિત કરવાં જોઈએ. આવી નીતિ અપનાવનાર મનુષ્ય માત્ર સમાજનું જ નહિ, પરંતુ પોતાનું પણ સાચું કલ્યાણ કરે છે. સંસારમાં જેટલા પણ મહાપુરુષો, દેવમાનવો થઈ ગયા એ બધાએ આ જ નીતિ અપનાવી છે. જે માણસ, ઉદારતા, ત્યાગ, સેવા અને પરોપકાર માટે કદમ આગળ વધારી શકતો નથી તેને જીવનની સાર્થકતાનું શ્રેય અને આનંદ પણ મળી શકતાં નથી.

યજ્ઞીય પ્રેરણાઓનું મહત્ત્વ સમજાવતાં ઋગ્વેદમાં યજ્ઞાગ્નિને પુરોહિત કહેવામાં આવ્યો છે. એના શિક્ષણને સમજીને તથા એ માર્ગે ચાલીને લોક તથા પરલોક બંને સુધારી શકાય છે. તે શિક્ષણ આ પ્રમાણે છે :

(૧) જે કોઈ કીમતી પદાર્થોને આપણે અગ્નિમાં હોમીએ છીએ

તેમને તે પોતાની પાસે રાખતો નથી, પરંતુ બધાના ઉપયોગ માટે એને વાયુમંડળમાં વિખેરી દે છે, એ જ રીતે આપણે પણ ઈશ્વરે આપેલી વિભૂતિઓનો ઉપયોગ પરમાર્થ માટે, બીજાઓના કલ્યાણ માટે કરવો જોઈએ. આપણાં શિક્ષણ, સમૃદ્ધિ, પ્રતિભા વગેરે વિભૂતિઓનો આપણા માટે ઓછામાં ઓછો ઉપયોગ કરીએ અને લોકકલ્યાણ માટે વધારેમાં વધારે કરીએ.

(૨) જે વસ્તુ અગ્નિના સંપર્કમાં આવે છે તેને તે દૂર રાખતો નથી, પણ પોતાના જેવી જ તેજસ્વી બનાવી દે છે, એ જ રીતે જે નાના અથવા પછાત લોકો આપણા સંપર્કમાં આવે તેમને આપણે આપણી જેમ શ્રેષ્ઠ બનાવવા જોઈએ.

(૩) અગ્નિની જ્વાળા કોઈપણ સંજોગોમાં નીચેની તરફ નહિ, પરંતુ ઉપરની તરફ જ જાય છે. એ જ રીતે આપણી સામે ગમે તેવાં પ્રલોભન, ભય વગેરે આવે છતાં આપણે ઝૂકવું જોઈએ નહિ. આપણી અધોગતિ થવા દેવી નહિ. વિષમ સ્થિતિમાં પણ આપણે સંકલ્પ અને મનોબળ અગ્નિશિખાની જેમ ઊંચાં જ રાખવાં જોઈએ.

(૪) જ્યાં સુધી અગ્નિ જીવંત હોય છે ત્યાં સુધી ગરમી અને પ્રકાશની પોતાની વિશેષતાઓ છોડતો નથી. એ જ રીતે આપણે પણ આપણી ગતિશીલતાની ગરમી અને ધર્મપરાયણતાનો પ્રકાશ ઘટવા ન દેવાં જોઈએ. જીવનભર પુરુષાર્થી અને કર્તવ્યનિષ્ઠ રહેવું જોઈએ.

(૫) યજ્ઞાગ્નિના અવશેષરૂપ ભસ્મ આપણા મસ્તકે લગાડતાં આપણે શીખવું જોઈએ કે માનવજીવનના અંતે મુઠ્ઠીભર ભસ્મ જ બચે છે. તેથી આપણા મૃત્યુને ધ્યાનમાં રાખીને જીવનના સદુપયોગ માટે પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

આપણી થોડીક વસ્તુને વાયુરૂપ બનાવીને એને જડ તથા ચેતન પ્રાણીઓને પોતાનાં કે પારકાં, મિત્ર કે શત્રુનો ભેદભાવ રાખ્યા વગર શ્વાસ દ્વારા એવી રીતે ગુપ્તદાનના રૂપે ખવડાવી દેવી કે એમને ખબર પણ ના પડે કે કયા દાનવીરે આપણને આટલાં

પૌષ્ટિક તત્ત્વો ખવડાવી દીધાં. આમ, યજ્ઞ કરવાથી બ્રહ્મભોજન કરાવવાનું એક શ્રેષ્ઠ પુણ્ય પ્રાપ્ત થાય છે. ઓછા ખર્ચમાં વધારેમાં વધારે પુણ્ય પ્રાપ્ત કરવાનો સર્વોત્તમ ઉપાય યજ્ઞ છે.

યજ્ઞ સામૂહિકતાનું પ્રતીક છે. બીજી ઉપાસના યા ધાર્મિક કર્મકાંડ એવાં છે જે કોઈ માણસ એકલો પણ કરી શકે છે, પરંતુ યજ્ઞ એવું કાર્ય છે કે જેમાં વધારે લોકોના સહયોગની જરૂર પડે છે. હોળી જેવા મોટા યજ્ઞો તો સામૂહિક રીતે જ થાય છે. યજ્ઞ આયોજનોથી સામૂહિકતા, સહકાર તથા એકતાની ભાવના વિકસે છે.

દરેક શુભકાર્ય, દરેક પર્વ કે તહેવાર તથા સંસ્કાર યજ્ઞની સાથે જ કરવામાં આવે છે. યજ્ઞ ભારતીય સંસ્કૃતિના પિતા છે. યજ્ઞ ભારતની એક માન્ય તથા પ્રાચીનતમ વૈદિક ઉપાસના છે, ધાર્મિક તથા ભાવનાત્મક એકતા લાવવા માટે આવાં આયોજનોનો આશરો લેવામાં જ દીર્ઘદૃષ્ટિ રહેલી છે.

ગાયત્રી સદ્બુદ્ધિની દેવી અને યજ્ઞ સત્કર્મોના પિતા છે. સદ્ભાવનાઓ તથા સત્પ્રવૃત્તિઓની વૃદ્ધિ માટે ગાયત્રી માતા અને યજ્ઞપિતાનું જોડું દરેક દૃષ્ટિએ સફળ અને સમર્થ સાબિત થઈ શકે છે. ગાયત્રી યજ્ઞોની વિધિવ્યવસ્થા બહુ સરળ, લોકપ્રિય અને આકર્ષક પણ છે. જગતના દુર્બુદ્ધિગ્રસ્ત લોકોના મગજને શુદ્ધ કરવા માટે સદ્બુદ્ધિની દેવી ગાયત્રીના મહામંત્રનું સામર્થ્ય તથા શકિત અદ્ભુત અને અજોડ છે.

ગામ, નગર અથવા ક્ષેત્રની જનતાને ધર્મપ્રયોજનો માટે એકઠી કરવા માટે ઠેરઠેર ગાયત્રી યજ્ઞોનાં આયોજનો કરવાં જોઈએ. ખામી ભરેલી રીતે કરવાથી તે મોંઘાં થઈ જાય છે અને શકિતની બરબાદી પણ વધારે થાય છે. જો તે વિવેકબુદ્ધિથી કરવામાં આવે તો ઓછા ખર્ચમાં વધારે આકર્ષક પણ બની શકે છે અને ખૂબ ઉપયોગી થઈ શકે છે.

આપણાં બધાં કર્મકાંડો, ધર્માનુષ્ઠાનો, સંસ્કારો, પર્વો વગેરેમાં યજ્ઞ આયોજન મુખ્ય છે. એનું વિધિવિધાન જાણી લેવાથી તથા એનું

પ્રયોજન સમજી લેવાથી એ બધાં કર્મ આયોજનોની મોટાભાગની જરૂરિયાત સંતોષાઈ જાય છે.

લોકકલ્યાણ માટે, જનજાગરણ માટે, વાતાવરણની શુદ્ધિ માટે સ્વતંત્ર રૂપે પણ યજ્ઞ આયોજન કરવામાં આવે છે. સંસ્કારો અને પર્વ આયોજનોમાં પણ એ જ મુખ્ય છે.

ભારતીય ધર્મના દરેક અનુયાયીએ યજ્ઞપ્રક્રિયાથી પરિચિત થવું જોઈએ. એનું વિવેચન અને વર્ણન આગળનાં પાનામાં કરવામાં આવ્યું છે.

# ॥ પ્રારંભિક કર્મકાંડ ॥

કર્મકાંડની વ્યવસ્થા કરીને જ્યારે કર્મકાંડ શરૂ કરવાનું હોય ત્યારે સંચાલકે સાવધાન થઈને વાતાવરણને અનુકૂળ બનાવવું જોઈએ. થોડાક જયઘોષ બોલીને, શાંત રહેવાની વિનંતી કરીને કાર્ય શરૂ કરવું જોઈએ. સંચાલકે, આચાર્યનું કામ કરનાર સ્વયંસેવકે નીચે આપવામાં આવેલા અનુશાસનની સાથે કાર્ય શરૂ કરવું જોઈએ. તે છે - (૧) વ્યાસપીઠ નમન, (૨) ગુરુવંદના (૩) સરસ્વતી વંદના અને (૪) વ્યાસ વંદના

આ ચારેય કૃત્ય કર્મકાંડ પહેલાં કરવાનાં છે. એ યજમાન માટે નથી, પરંતુ સંચાલક-આચાર્યના પોતાના માટે છે. કર્મકાંડ ઋષિમુનિઓ દ્વારા વિકસિત થયેલ જ્ઞાન-વિજ્ઞાનવાળું અદ્‌ભુત કૃત્ય છે. એ પરંપરાનો નિર્વાહ આપણાથી થઈ શકે એ માટે એ સ્થાનને તથા પોતાને સંસ્કારિત કરવા, એ દિવ્યપ્રવાહનું માધ્યમ બનવાની પાત્રતા મેળવવા માટે આ ચાર કૃત્ય કરવામાં આવે છે.

**વ્યાસપીઠ નમન :-** વ્યાસપીઠ પર બેસતા પહેલાં એને શ્રદ્ધાપૂર્વક નમન કરો. એ આપણું આસન નહિ, વ્યાસપીઠ છે. એની સાથે એક પવિત્ર પરિપાટી જોડાયેલી છે. એની પર બેસીને એ પરિપાટી સાથે ન્યાય કરી શકીએ એ માટે એ વ્યાસપીઠની ગરિમાને, મર્યાદાને પ્રણામ કરવામાં આવે છે. પછી જ એના પર બેસવામાં આવે છે.

## ॥ ગુરુવંદના ॥

ગુરુ વ્યકિત નહિ, પણ એક દિવ્ય ચેતનાપ્રવાહ એવા ઈશ્વરનો જ એક અંશ હોય છે. પરીક્ષા લઈને પાસ-નાપાસ કરનારા તથા પાસે બેસાડીને ભણાવનારા બંનેને શિક્ષક કહેવામાં આવે છે. ચેતનાનો એક અંશ, જે અનુશાસન વ્યવસ્થા બનાવે છે, એનું ફળ આપે છે તે ઈશ્વર છે. બીજો અંશ જે અનુશાસન-મર્યાદા શિખવાડે છે, એમાં ગતિ પેદા કરે છે તે ગુરુ છે.

આવી ચેતનાના રૂપમાં ગુરુની વંદના કરીને એ અનુશાસનને પોતાના ઉપર આરોપિત કરવું જોઈએ. એનું ઉપકરણ-સાધન બનવા માટે ભાવભર્યું આવાહન કરવું જોઈએ, કે જેથી આપણી વૃત્તિઓ અને શકિતઓ એને અનુરૂપ કાર્ય કરતાં કરતાં તે સનાતન ગૌરવનું રક્ષણ કરી શકે. હાથ જોડીને નીચે લખેલી ગુરુવંદનામાંથી કોઈ એક અથવા એવી જ બીજી વંદનાઓ ભાવનાપૂર્વક સસ્વર બોલો.

**ૐ બ્રહ્માનન્દં પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિં,**
**દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્ ।**
**એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતં,**
**ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ ॥૧॥ ગુ ગી. ૬૭**
**અખંડાનંદબોધાય શિષ્યસંતાપહારિણે ।**
**સચ્ચિદાનંદરૂપાય તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥૨॥**

## ॥ સરસ્વતી વંદના ॥

મા સરસ્વતી વાણીની દેવી છે. કર્મકાંડમાં વાણીનો ઉપયોગ કરવો પડે છે. જો વાણી સુસંસ્કારી ના બને તો એમાં પ્રભાવ પેદા થતો નથી. બોલવામાં આવેલા મંત્રો માત્ર શબ્દો ન બની રહે, કહેવામાં આવેલા શબ્દોમાં અંતઃકરણને પ્રભાવિત કરવા યોગ્ય પ્રાણ પેદા થાય એ કામના તથા ભાવના સાથે મા સરસ્વતીની ભાવભરી વંદના કરવામાં આવે.

લક્ષ્મીર્મેધા ધરાપુષ્ટિઃ, ગૌરી તુષ્ટિઃ પ્રભા ધૃતિઃ ।
એતાભિઃ પાહિ તનુભિઃ, અષ્ટાભિર્માં સરસ્વતી ॥૧॥
સરસ્વત્યૈ નમો નિત્યં, ભદ્રકાલ્યૈ નમો નમઃ ।
વેદ વેદાન્તવેદાંગ, વિદ્યાસ્થાનેભ્ય એવ ચ ॥૨॥
માતસ્ત્વદીયપદપંકજ ભક્તિયુક્તા,
યે ત્વાં ભજન્તિ નિખિલાનપરાન્વિહાય ।
તે નિર્જરત્વમિહ યાન્તિ કલેવરેણ,
ભૂવહ્નિવાયુગગનામ્બુવિનિર્મિતેન ॥૩॥

## ॥ વ્યાસવંદના ॥

વ્યાસપીઠ પર બેસીને કર્મકાંડનું સંચાલન કરવાનું ઉત્તરદાયિત્વ સંભાળ્યું છે, એને અનુરૂપ પોતાનાં અંતઃકરણ, બુદ્ધિ, મન, વાણી વગેરેને બનાવવાની યાચના, એનો નિર્વાહ પૂરી ઈમાનદારી સાથે કરવાના સંકલ્પની ઘોષણાના ભાવથી વ્યાસવંદનાના એક કે બંને શ્લોક ભાવવિભોર થઈને બોલવા.

વ્યાસાય વિષ્ણુરૂપાય, વ્યાસરૂપાય વિષ્ણવે ।
નમો વૈ બ્રહ્મનિધયે, વાસિષ્ઠાય નમો નમઃ ॥૧॥
નમોઽસ્તુ તે વ્યાસ વિશાલબુદ્ધે, ફુલ્લારવિન્દાયતપત્રનેત્ર ।
યેન ત્વયા ભારતતૈલપૂર્ણઃ, પ્રજ્વાલિતો જ્ઞાનમયઃ પ્રદીપઃ ॥

– બ્ર. પુ ૨૪૫.૭.૧૧

આ બધાં કૃત્ય આચાર્ય-સંચાલકના પોતાના સંસ્કાર માટે છે. એ જેટલી પ્રગાઢ શ્રદ્ધા સાથે કરવામાં આવે છે એટલી જ દિવ્યપ્રવાહ સાથે જોડાવાની સંભાવના વધી જાય છે.

* * *

# ॥ સાધનાદિ પવિત્રીકરણમ્ ॥

સત્કાર્યો માટે, શ્રેષ્ઠ ઉદ્દેશો માટે સાધનોને પણ શક્ય એટલાં વધારે પવિત્ર રાખવાં જોઈએ. યજ્ઞ, સંસ્કાર, વગેરે કાર્યોમાં જે

સાધનસામગ્રીનો ઉપયોગ કરવાનો હોય, એમાં પણ દૈવી સંસ્કારો જાગૃત કરવામાં આવે છે. ફળ કાપવાના ચપ્પુને સાફ કરવામાં આવે છે. ઓપરેશનના ચપ્પુને ઊંચા દબાણ અને તાપમાને જંતુરહિત કરવામાં આવે છે. કર્મકાંડમાં વપરાતાં સાધનોમાં રહેલા અશુભ સંસ્કાર પણ દૂર કરવા પડે છે. મંત્રશકિત દ્વારા એમનો નાશ કરવામાં આવે છે.

પરિસ્થિતિઓને અનુરૂપ એક કે વધારે સ્વયંસેવકો પાણીના કળશ લઈને ઊભા થાય. મંત્રપાઠની સાથે પલ્લવો, કુશાઓ યા પુષ્પોથી બધાં ઉપકરણો-સાધનોનું સિંચન કરે. સમિધા, પાત્ર, હવનસામગ્રી, બધાનું સિંચન કરવામાં આવે. ભાવના કરે કે ભાવભર્યા આવાહન અને મંત્રશકિતના પ્રભાવથી એમાંના કુસંસ્કારોનો નાશ થઈ રહ્યો છે અને સુસંસ્કારોની સ્થાપના થઈ રહી છે.

**ૐ પુનાતિ તે પરિસ્રુત ઽંઙ સોમ ઽંઙ સૂર્યસ્ય દુહિતા ।**
**વારેણ શશ્વતા તના । - ૧૯.૪**
**ૐ પુનન્તુ મા દેવજનાઃ, પુનન્તુ મનસા ધિયઃ ।**
**પુનન્તુ વિશ્વા ભૂતાનિ, જાતવેદઃ પુનીહિ મા - ૧૯.૩૯**
**ૐ યત્તે પવિત્રમર્ચિષિ, અગ્ને વિતતમન્તરા ।**
**બ્રહ્મ તેન પુનાતુ મા ॥ - ૧૯.૪૧**
**ૐ પવમાનઃ સો અદ્ય નઃ, પવિત્રેણ વિચર્ષણિઃ ।**
**યઃ પોતા સ પુનાતુ મા । - ૧૯.૪૨**
**ૐ ઉભાભ્યાં દેવ સવિતઃ, પવિત્રેણ સવેન ચ ।**
**માં પુનીહિ વિશ્વતઃ ॥ - ૧૯.૪૩**

આ ક્રમ યજ્ઞો, સંસ્કારો, ભૂમિપૂજન, પ્રાણપ્રતિષ્ઠા, પર્વ આયોજનો વગેરે દરેક વખતે અપનાવવા યોગ્ય છે.

* * *

# ॥ સામાન્ય પ્રકરણ ॥

## (યજ્ઞ સંચાલન)

## ॥ મંગલાચરણમ્ ॥

યજ્ઞકર્મ અથવા બીજાં ધર્માનુષ્ઠાનો કરનારા યાજકો આસન પર બેસે તે વખતે એમના કલ્યાણ તથા સંરક્ષણ માટે અને તેમનો ઉત્સાહ વધારવા તથા તેમની પ્રશંસા કરવા માટે પીળા અક્ષત અથવા પુષ્પની વર્ષા કરવામાં આવે છે. એમનું સ્વાગત કરવામાં આવે છે. એમના સૌભાગ્યનાં વખાણ કરવામાં આવે છે. મંત્રની સાથે ભાવના કરવામાં આવે કે આ પુણ્યકાર્ય કરનારાઓ ઉપર દૈવી અનુગ્રહ વરસી રહ્યો છે અને દેવત્વ ધારણ કરવાની તથા એનો નિર્વાહ કરવાની ક્ષમતાનો વિકાસ થઈ રહ્યો છે. આચાર્ય નીચેના મંત્રથી યજમાનની ઉપર અક્ષતની વૃષ્ટિ કરે.

**ૐ ભદ્રં કર્ણેભિઃ શૃણુયામ દેવા, ભદ્રમ્પશ્યેમાક્ષભિર્યજત્રાઃ ।**
**સ્થિરૈરંગૈસ્તુષ્ટુવાꣳ સસ્તનૂભિઃ, વ્યશેમહિ દેવ હિતં યદાયુઃ ॥**

- ૨૫. ૨૧

## ॥ પવિત્રીકરણમ્ ॥

દૈવી ઉદ્દેશ્યની પૂર્તિ માટે મનુષ્યે પોતે પણ દેવત્વ ધારણ કરવું પડે છે. દેવશકિતઓને પવિત્રતા પ્રિય છે. એમને શરીર તથા મનથી, આચરણ તથા વ્યવહારથી શુદ્ધ મનુષ્યો જ પ્રિય હોય છે. તેથી યજ્ઞ જેવા દૈવી પ્રયોજનમાં ભાગ લેતી વખતે શરીર અને મનને પવિત્ર બનાવવાં પડે છે. પવિત્રતાની ભાવના કરવી પડે છે. ભાવના કરો કે આપણા ભાવભર્યા આવાહનથી સૂક્ષ્મસત્તા આપણી પર પવિત્રતાની વર્ષા કરી રહી છે અને આપણે એને ધારણ કરી રહ્યા છીએ.

ડાબા હાથમાં પાણી લઈને ઉપર જમણો હાથ ઢાંકી દેવો. પવિત્રીકરણનો મંત્ર પૂરો થયા પછી એ પાણી માથા તથા શરીર પર છાંટી દેવું.

ॐ અપવિત્રઃ પવિત્રો વા, સર્વાવસ્થાં ગતોઽપિ વા ।
યઃ સ્મરેત્પુંડરીકાક્ષં, સ બાહ્યાભ્યન્તરઃ શુચિઃ ॥
ॐ પુનાતુ પુંડરીકાક્ષઃ, પુનાતુ પુંડરીકાક્ષઃ, પુનાતુ । - સં.પ્ર.

## ॥ આચમનમ્ ॥

વાણી, મન અને અંતઃકરણની શુદ્ધિ માટે ત્રણવાર આચમન કરવામાં આવે છે. અભિમંત્રિત જળથી ત્રણેયને ભાવનાત્મક સ્નાન કરાવવામાં આવે છે. એ ત્રણેયને વધારેમાં વધારે શકિતશાળી તથા પ્રામાણિક બનાવવાનો સંકલ્પ કરવામાં આવે છે. દરેક મંત્રની સાથે એક એક આચમન કરવું.

**ॐ અમૃતોપસ્તરણમસિ સ્વાહા ॥૧॥**
**ॐ અમૃતાપિધાનમસિ સ્વાહા ॥૨॥**
**ॐ સત્યં યશઃ શ્રીર્મયિ, શ્રીઃ શ્રયતાં સ્વાહા ॥૩॥**

- આશ્વ. ગૃ.સૂ. ૧.૨૪ મા. ગૃ.સૂ. ૧.૯

## ॥ શિખાવંદનમ્ ॥

શિખા ભારતીય ધર્મની ધજા છે. દરેક ભારતીય સંસ્કૃતિપ્રેમીએ પોતાના મસ્તકરૂપી કિલ્લા પર તે ફરકતી રાખવી પડે છે. એને ગાયત્રીનું પ્રતીક પણ માનવામાં આવે છે. મસ્તક સદ્દવિચારોનું કેન્દ્ર છે. એમાં દૈવી ભાવનાઓ જ પ્રવેશવી જોઈએ. ભાવના કરો કે સાંસ્કૃતિક ધજાને ધારણ કરવા યોગ્ય પ્રખરતા તથા તેજસ્વિતાનો વિકાસ થઈ રહ્યો છે.

જમણા હાથની આંગળીઓને ભીની કરીને શિખાસ્થાનને સ્પર્શ કરો. મંત્ર બોલ્યા પછી શિખાને ગાંઠ લગાવો. જેમને શિખા ન હોય તેઓ તથા મહિલાઓ એ સ્થાનને ભાવનાપૂર્વક સ્પર્શ કરે.

**ॐ ચિદ્દરૂપિણી મહામાયે, દિવ્યતેજઃ સમન્વિતે ।**
**તિષ્ઠ દેવિ શિખામધ્યે, તેજોવૃદ્ધિં કુરુષ્વ મે ॥** સં.પ્ર.

## ॥ પ્રાણાયામઃ ॥

કમર સીધી, ડાબો હાથ વાળેલો, હથેળી સીધી, જમણા હાથની કોણી ડાબા હાથની હથેળીમાં, ચારેય આંગળીઓ ભેગી, અંગૂઠાથી જમણું નસકોરું બંધ કરી ડાબા નસકોરાથી ધીરે ધીરે પૂરો શ્વાસ ખેંચો. આ પૂરક થયો. પછી બંને નસકોરાં બંધ રાખો. આ અંતઃકુંભક થયો. હવે અંગૂઠો દૂર કરી જમણા નસકોરાથી ધીરે ધીરે શ્વાસ બહાર કાઢો. આ રેચક થયો. પછી થોડીવાર શ્વાસ ન લેવો. આને બાહ્ય કુંભક કહે છે. આ ચાર ક્રિયાઓ કરતાં એક પ્રાણાયામ પૂરો થાય છે. જો આ ક્રિયા અઘરી લાગે તો બંને હાથ ખોળામાં રાખી બંને નસકોરાંથી શ્વાસ લેતાં પૂરક, કુંભક તથા રેચકનો ક્રમ નીચે લખેલી ભાવના અનુસાર કરો.

શ્વાસ ખેંચતી વખતે ભાવના કરવી જોઈએ કે વિશ્વમાં વ્યાપેલી પ્રાણશકિત અને શ્રેષ્ઠ તત્ત્વોને શ્વાસની સાથે ખેંચી રહ્યા છીએ. શ્વાસ રોકતી વખતે ભાવના કરવી જોઈએ કે તે પ્રાણશકિત, દિવ્યશકિત તથા શ્રેષ્ઠતા મારા રોમેરોમમાં પ્રવેશી રહી છે. જેવી રીતે જમીન પાણીને શોષી લે છે તેવી રીતે એ પ્રાણશકિતને શરીર પોતાની અંદર શોષી લે છે. શ્વાસ બહાર કાઢતી વખતે એવી ભાવના કરવી જોઈએ કે મારી અંદર રહેલા બધા દોષદુર્ગુણ ઉચ્છ્વાસની સાથે બહાર નીકળી રહ્યા છે. ત્યાર પછી થોડીવાર શ્વાસ ના લેવો. એ વખતે ભાવના કરવી એ બધા દોષો મારી અંદર કદી પાછા નહિ આવે.

મંત્રોચ્ચાર થાય એ જ વખતે યાજ્ઞિકોએ પ્રાણાયામની વિધિ પૂરી કરવી. પ્રાણાયામ આપણી અંદર શરીરબળ, મનોબળ અને આત્મબળ વધારવા માટે અત્યંત ઉપયોગી છે. દોષદુર્ગુણોના નિવારણ માટે ઉપર જણાવેલી ભાવનાપૂર્વક તે કરવા જોઈએ.

**ૐ ભૂઃ ૐ ભુવઃ ૐ સ્વઃ ૐ મહઃ, ૐ જનઃ ૐ તપઃ ૐ સત્યમ્ । ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ । ધિયો**

યો નઃ પ્રચોદયાત્ । ૐ આપોજ્યોતીરસોઽમૃતં, બ્રહ્મ ભૂર્ભુવઃ સ્વઃ ૐ । તૈ.આ. ૧૦.૨૭

## ॥ ન્યાસ ॥

ડાબા હાથની હથેળીમાં પાણી લેવું. જમણા હાથની પાંચેય આંગળીઓ ભેગી કરીને દરેક વખતે એ પાણીમાં ડુબાડવી અને પછી જે અંગોને સ્પર્શ કરવાનું કહેવામાં આવે તે અંગોને પહેલાં ડાબી પછી જમણી બાજુ સ્પર્શ કરવો. આ ન્યાસ કર્મ છે. આનું પ્રયોજન છે - શરીરનાં અત્યંત મહત્ત્વનાં અંગોમાં પવિત્રતાની ભાવના ભરવી, એમની દિવ્ય ચેતનાને જાગૃત કરવી. અનુષ્ઠાન વખતે એમના જાગૃત થયેલા દેવત્વથી બધાં કૃત્યો પૂરાં કરવાં તથા એ ઉપરાંત આ અવયવો, ઈન્દ્રિયોને સશક્ત અને સંયમિત બનાવવી.

ભાવના કરો કે ઈન્દ્રિયોમાં, અંગોમાં મંત્રશક્તિના પ્રભાવથી દિવ્ય પ્રવૃત્તિઓની સ્થાપના થઈ રહી છે. આપણા આવાહનના કારણે ઈશ્વરીય ચેતના ત્યાં વિરાજિત થઈને અશુભ તત્ત્વોને પ્રવેશતાં રોકશે તથા શુભ તત્ત્વોની પ્રખરતા વધારશે.

ૐ વાઙ્ મે આસ્યેઽસ્તુ । (મુખને)
ૐ નસોર્મે પ્રાણોઽસ્તુ । (નાકનાં બંને છિદ્રોને)
ૐ અક્ષ્ણોર્મે ચક્ષુરસ્તુ । (બંને આંખોને)
ૐ કર્ણયોર્મે શ્રોત્રમસ્તુ । (બંને કાનોને)
ૐ બાહ્વોર્મે બલમસ્તુ । (બંને ભુજાઓને)
ૐ ઊર્વોર્મે ઓજોઽસ્તુ । (બંને જાંઘોને)
ૐ અરિષ્ટાનિ મેઽઙ્ગાનિ, તનૂસ્તન્વા મે સહ સન્તુ । (આખા શરીર પર) - પા.ગૃ.સૂ. ૧.૩.૨૫

## ॥ પૃથ્વી પૂજનમ્ ॥

આપણે જ્યાંથી અન્ન, જળ, વસ્ત્ર, જ્ઞાન તથા અનેક સાધનસગવડો પ્રાપ્ત કરીએ છીએ તે માતૃભૂમિ આપણી સૌથી મોટી

આરાધ્ય દેવી છે. આપણા મનમાં માતા પ્રત્યે જેટલી અગાધ શ્રદ્ધા હોય છે એટલી જ માતૃભૂમિ પ્રત્યે હોવી જોઈએ અને એના ઋણમાંથી મુક્ત થવાનો અવસર શોધતા રહેવું જોઈએ. ભાવના કરો કે ધરતીમાતાના પૂજનની સાથે એ માતાના દિવ્ય સંસ્કાર આપણને મળી રહ્યા છે. મા વિશાળ છે. સક્ષમ છે. આપણે પણ ક્ષેત્ર, વર્ગ વગેરેની સંકુચિતતા છોડીને વિશાળતા, ઉદારતા, સહનશીલતા જેવા દિવ્ય સંસ્કાર એ મા પાસેથી ગ્રહણ કરવા જોઈએ. જમણા હાથમાં ચોખા, ફૂલ અને પાણી લો, ડાબો હાથ નીચે રાખો. મંત્ર બોલીને એ બધી વસ્તુઓ ધરતી માતા પર ચઢાવો. ધરતી માતાને હાથથી સ્પર્શ કરી નમસ્કાર કરો.

**ૐ પૃથ્વિ ! ત્વયા ધૃતા લોકા, દેવિ ! ત્વં વિષ્ણુના ધૃતા ।**
**ત્વં ચ ધારય માં દેવિ ! પવિત્રં કુરુ ચાસનમ્ ॥ - સં.પ્ર.**

## ॥ સંકલ્પ ॥

દરેક મહત્ત્વપૂર્ણ કર્મકાંડની પહેલાં સંકલ્પ કરાવવાની પરંપરા છે. એનાં કારણો આ પ્રમાણે છે - પોતાનું લક્ષ્ય, ઉદ્દેશ્ય નિશ્ચિત હોવાં જોઈએ. એની ઘોષણા પણ કરવી જોઈએ. શ્રેષ્ઠ કાર્યો ઘોષણાપૂર્વક કરવામાં આવે છે. હીન તથા સ્વાર્થપૂર્ણ કાર્યો છુપાઈને ચૂપચાપ કરવાનું મન થાય છે. સંકલ્પ કરવાથી મનોબળ વધે છે. મન ઢીલું થતું અટકે છે. સ્થૂળ ઘોષણાથી સત્પુરુષોનું તથા મંત્રો દ્વારા ઘોષણા કરવાથી સત્‌શક્તિઓનું માર્ગદર્શન અને સહયોગ મળે છે. સંકલ્પમાં પોતાના ગોત્રનો ઉલ્લેખ પણ કરવામાં આવે છે. ગોત્ર ઋષિપરંપરાનાં હોય છે. એવો બોધ કરાવવો જોઈએ કે આપણે ઋષિના વંશજ છીએ અને એમની પરંપરાને અનુરૂપ કાર્યો કરવાનો ઉપક્રમ રાખવો જોઈએ. સંકલ્પ બોલતા પહેલાં માસ, તિથિ, વાર વગેરેની જાણકારી મેળવી લેવી જોઈએ. વચ્ચે અટકી જઈને પૂછીએ તો તે સારું લાગતું નથી. અહીં જે સંકલ્પ આપવામાં આવ્યો છે તે ગમે તે કૃત્યની સાથે બોલી શકાય છે. એ માટે 'પૂજનપૂર્વકમ્' ની આગળ કરવામાં આવનાર કૃત્યનો ઉલ્લેખ કરવાનો હોય છે, જેમ કે

ગાયત્રી યજ્ઞ, વિદ્યારંભ સંસ્કાર, ચતુર્વિંશતિસહસ્રાત્મકગાયત્રી-મન્ત્રાનુષ્ઠાન વગેરે. જે કૃત્યનો સંકલ્પ કરવાનો હોય તેને હિંદીમાં જ બોલીને **'કર્મ સંપાદનાર્થે'** ની સાથે જોડી દેવાથી સંકલ્પની સંસ્કૃત શબ્દાવલી પૂરી થઈ જાય છે. એમ તો જુદાં જુદાં કર્મકાંડને અનુરૂપ સંકલ્પ **'નામાઽહં'** ની આગળ જુદાં જુદાં નક્કી કરેલાં વાકયો બોલીને પણ પૂરો કરી શકાય છે. સામૂહિક પર્વો, સાપ્તાહિક યજ્ઞો વગેરેમાં સંકલ્પ બોલવામાં ન આવે તો પણ કોઈ વાંધો નથી.

**ૐ વિષ્ણુર્વિષ્ણુર્વિષ્ણુઃ શ્રીમદ્ભગવતો મહાપુરુષસ્ય વિષ્ણોરાજ્ઞયા પ્રવર્તમાનસ્ય, અદ્ય શ્રીબ્રહ્મણો દ્વિતીયે પરાર્ધે શ્રીશ્વેતવારાહકલ્પે, વૈવસ્વતમન્વન્તરે, ભૂર્લોકે, જમ્બૂદ્વીપે, ભારતવર્ષે, ભરતખંડે, આર્યાવર્તૈકદેશાન્તર્ગતે,.........ક્ષેત્રે, માસાનાં માસોત્તમેમાસે......માસે......પક્ષે......તિથૌ...... વાસરે......... ગોત્રોત્પન્નઃ......... નામાઽહં સત્પ્રવૃત્તિ-સંવર્દ્ધનાય, દુષ્પ્રવૃત્તિ-ઉન્મૂલનાય, લોકકલ્યાણાય, આત્મકલ્યાણાય, વાતાવરણ - પરિષ્કારાય, ઉજ્જ્વલભવિષ્ય કામનાપૂર્તયે ચ પ્રબલપુરુષાર્થં કરિષ્યે, અસ્મૈ પ્રયોજનાય ચ કલશાદિ-આવાહિતદેવતા-પૂજનપૂર્વકમ્......... કર્મસમ્પાદનાર્થં સંકલ્પમ્ અહં કરિષ્યે ।**

## ॥ યજ્ઞોપવીતપરિવર્તનમ્ ॥

યજ્ઞોપવીતને વ્રતબંધ પણ કહેવામાં આવે છે. તે વ્રતશીલ જીવનની જવાબદારીઓનું ભાન કરાવનારું પુણ્ય પ્રતીક છે. વિશેષ યજ્ઞ, સંસ્કાર વગેરે આયોજનોના અવસરે એમાં ભાગ લેનારાઓની યજ્ઞોપવીત બદલાવી નાખવી જોઈએ. સાપ્તાહિક યજ્ઞોમાં બદલવી જરૂરી નથી. નવરાત્રી અનુષ્ઠાનના સંકલ્પ વખતે જો યજ્ઞોપવીત બદલવામાં આવી હોય તો પૂર્ણાહુતિ વખતે બદલવી જરૂરી નથી. વ્યકિતગત સંસ્કારો વખતે મુખ્ય વ્યકિતઓની, બાળકોના વાલીની યજ્ઞોપવીત બદલાવી નાખવી જોઈએ. જો તેમણે યજ્ઞોપવીત પહેરી

જ ન હોય તો કર્મકાંડ કરવા માટે કામચલાઉ રૂપમાં પહેરાવી દેવી જોઈએ. જો તેઓ ઈચ્છે તો કાયમ માટે પણ પહેરી શકે.

યજ્ઞોપવીત બદલવા માટે યજ્ઞોપવીતનું માર્જન કરવું. યજ્ઞોપવીત સંસ્કારની જેમ એમાં પાંચ દેવોનું આવાહન તથા સ્થાપન કરવું. પછી યજ્ઞોપવીત ધારણ કરવાના મંત્રની સાથે સાધક પોતે જ તે પહેરી લે. જૂની જનોઈ બીજા મંત્રની સાથે માથા ઉપરથી ઉતારી નાખવી. જૂની જનોઈને પાણીમાં પધરાવી દેવી અથવા પવિત્રભૂમિમાં દાટી દેવી.

## ॥ યજ્ઞોપવીતધારણમ્ ॥

નીચેનો મંત્ર બોલીને નવી જનોઈ ધારણ કરવી.

**ૐ યજ્ઞોપવીતં પરમં પવિત્રં, પ્રજાપતેર્યત્સહજં પુરસ્તાત્ ।**
**આયુષ્યમગ્ર્યં પ્રતિમુંચ શુભ્રં, યજ્ઞોપવીતં બલમસ્તુ તેજઃ ॥**

- પાર. ગૃ. સૂ. ૨. ૨. ૧૧

## ॥ જીર્ણોપવીત વિસર્જનમ્ ॥

નીચેનો મંત્ર બોલીને જૂની જનોઈ ગળે થઈને કાઢવી જોઈએ.

**ૐ એતાવદ્દિનપર્યન્તં, બ્રહ્મ ત્વં ધારિતં મયા ।**
**જીર્ણત્વાત્તે પરિત્યાગો, ગચ્છ સૂત્ર યથા સુખમ્ ॥**

## ॥ ચંદનધારણમ્ ॥

મસ્તકને શાંત, શીતળ અને સુગંધિત રાખવાની જરૂરિયાતની યાદ દેવડાવવા માટે ચંદન ધારણ કરવામાં આવે છે. અંતઃકરણમાં એવી સદ્ભાવનાઓ ભરેલી હોવી જોઈએ કે જેની સુગંધથી પોતાને સંતોષ તથા બીજાઓને આનંદ મળે.

ભાવના કરો કે જે મહાશક્તિએ ચંદનને શીતળતા તથા સુગંધ આપ્યાં છે એની કૃપાથી આપણને પણ એ તત્ત્વો મળી રહ્યાં છે, જેના આધારે આપણે ચંદનની જેમ ઈશ્વરનું સાન્નિધ્ય મેળવવાના અધિકારી બની શકીએ.

આ ભાવનાની સાથે યજ્ઞ કરનારાઓ તથા હાજર રહેલા બધા લોકોના મસ્તક પર ચંદન અથવા કંકુથી તિલક કરવું.

**ૐ ચંદનસ્ય મહત્પુણ્યં, પવિત્રં પાપનાશનમ્ ।**
**આપદાં હરતે નિત્યં, લક્ષ્મીસ્તિષ્ઠતિ સર્વદા ॥**

## ॥ રક્ષાસૂત્રમ ॥

આ વરણ સૂત્ર છે. આચાર્ય તરફથી પ્રતિનિધિઓ દ્વારા બંધાવવું જોઈએ. પુરુષો તથા કુંવારી કન્યાઓના જમણા હાથે તથા સ્ત્રીઓના ડાબા હાથે બાંધવામાં આવે છે. જે હાથ પર નાડાછડી બાંધવામાં આવે તેની મુઠ્ઠી બંધ રાખવી અને બીજો હાથ માથા પર રાખવો. આ પુણ્યકર્મ માટે વ્રતશીલ બનીને જવાબદારી સ્વીકારવાનો ભાવ રાખવો.

**ૐ વ્રતેન દીક્ષામાપ્નોતિ, દીક્ષયાઽઽપ્નોતિ દક્ષિણામ્ ॥**
**દક્ષિણા શ્રદ્ધામાપ્નોતિ, શ્રદ્ધયા સત્યમાપ્યતે ॥- ૧૯.૩૦**

## ॥ કલશપૂજનમ્ ॥

પૂજાવેદી પર કળશ મૂકવામાં આવે છે. તે ધાતુનો હોવો જોઈએ. કંઠે નાડાછડી બાંધેલા, ફૂલોથી સુસજ્જિત તથા જળથી ભરેલા કળશ ઉપર ઊભી દીવેટવાળો દીવો એક વાડકીમાં પ્રગટાવીને મૂકવો.

આ કળશ વિશ્વ બ્રહ્માંડનું, વિરાટ બ્રહ્મનું, પૃથ્વીના ગોળાનું પ્રતીક છે. એને શાંતિ અને સર્જનનો સંદેશવાહક કહી શકાય. બધા દેવો કળશ રૂપી પિંડ યા બ્રહ્માંડમાં, વ્યષ્ટિ યા સમષ્ટિમાં એક સાથે સમાયેલા છે. તેઓ એક છે. એક જ શક્તિ સાથે સુસંબંધિત છે. બહુદેવવાદ વાસ્તવમાં એક દેવવાદનું જ એક રૂપ છે. એક માધ્યમમાં, એક જ કેન્દ્રમાં બધા દેવોને જોવા માટે કળશની સ્થાપના કરવામાં આવે છે. જળ જેવી શીતળતા અને શાંતિ તથા દીપક જેવા તેજસ્વી પુરુષાર્થની ક્ષમતાથી આપણે બધા ઓતપ્રોત બનીએ એ જ કળશનો સંદેશ છે. દીપકને યજ્ઞ અને જળકળશને ગાયત્રીનું પ્રતીક

માનવામાં આવે છે. આ બંને ભારતીય સંસ્કૃતિનાં માતાપિતા છે. આથી જ ધર્માનુષ્ઠાનમાં એમની સ્થાપના તથા પૂજા કરવામાં આવે છે. પૂજનના મંત્રો બોલવાની સાથે સાથે કળશનું પૂજન કરવું. એક વ્યક્તિ જ પ્રતિનિધિના રૂપમાં પૂજન કરે, બીજા બધા લોકો ભાવનાપૂર્વક હાથ જોડી રાખે.

**ૐ તત્ત્વાયામિ બ્રહ્મણા વન્દમાનઃ, તદાશાસ્તે યજમાનો હવિર્ભિઃ ।**
**અહેડમાનો વરુણેહ બોધ્યુરુશ ≈ંસ , સમાનઽઆયુઃ પ્રમોષીઃ ॥**

- ૧૮ ૪૯

**ૐ મનોજૂતિર્જુષતામાજ્યસ્ય,બૃહસ્પતિર્યજ્ઞમિમં તનોત્વરિષ્ટં,યજ્ઞ ≈ંસ સમિમં દધાતુ । વિશ્વેદેવાસઽઈહ માદયન્તામોરૂમ્પ્રતિષ્ઠ ॥**
**ૐ વરુણાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।**

- ૨.૧૩

ત્યાર પછી જલ, ગંધ, અક્ષત, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરેથી કળશનું પૂજન કરવું.

**ૐ ગંધાક્ષતં, પુષ્પાણિ, ધૂપં, દીપં, નૈવેદ્યં સમર્પયામિ ॥**
**ૐ કલશસ્થ દેવતાભ્યો નમઃ ।**

ત્યાર પછી નીચેના મંત્રોથી હાથ જોડીને કળશમાં પ્રતિષ્ઠિત દેવોની પ્રાર્થના કરો.

## ॥ કળશ પ્રાર્થના ॥

**ૐ કલશસ્ય મુખે વિષ્ણુઃ, કંઠે રુદ્રઃ સમાશ્રિતઃ ।**
**મૂલે ત્વસ્ય સ્થિતો બ્રહ્મા, મધ્યે માતૃગણાઃ સ્મૃતાઃ ॥૧॥**
**કુક્ષૌ તુ સાગરાઃ સર્વે, સપ્તદ્વીપા વસુન્ધરા ।**
**ઋગ્વેદોઽથ યજુર્વેદઃ, સામવેદો હ્યથર્વણઃ ॥૨॥**
**અંગૈશ્ચ સહિતાઃ સર્વે, કલશન્તુ સમાશ્રિતાઃ ।**
**અત્ર ગાયત્રી સાવિત્રી, શાન્તિ-પુષ્ટિકરી સદા ॥૩॥**

**ત્વયિ તિષ્ઠન્તિ ભૂતાનિ, ત્વયિ પ્રાણાઃ પ્રતિષ્ઠિતાઃ ।**
**શિવઃ સ્વયં ત્વમેવાસિ, વિષ્ણુસ્ત્વં ચ પ્રજાપતિઃ ॥૪॥**
**આદિત્યા વસવો રુદ્રા, વિશ્વેદેવાઃ સપૈતૃકાઃ ।**
**ત્વયિ તિષ્ઠન્તિ સર્વેઽપિ, યતઃ કામફલપ્રદાઃ ॥૫॥**
**ત્વત્પ્રસાદાદિમં યજ્ઞં, કર્તુમીહે જલોદ્ભવ ।**
**સાન્નિધ્યં કુરુ મે દેવ ! પ્રસન્નો ભવ સર્વદા ॥૬॥**

## ॥ દીપપૂજનમ્ ॥

કળશની સાથે દીપક પણ પૂજાવેદી પર મૂકવામાં આવે છે. એને સર્વવ્યાપી ચેતનાનું પ્રતીક માનીને તેનું પૂજન કરવું જોઈએ. વૈજ્ઞાનિકો પણ એ સ્વીકારવા લાગ્યા છે કે વાસ્તવમાં ચેતનામાંથી જ પદાર્થ બન્યો છે, પદાર્થમાંથી ચેતના નહિ. એ મહાચેતન જ્યોતિરૂપ પરમ પ્રકાશનું પૂજન, આરાધન દીપકના માધ્યમથી કરો.

**ૐ અગ્નિર્જ્યોતિર્જ્યોતિરગ્નિઃ સ્વાહા । સૂર્યો જ્યોતિર્જ્યોતિઃ સૂર્યઃ સ્વાહા । અગ્નિર્વર્ચ્ચો જ્યોતિર્વર્ચ્ચઃ સ્વાહા । સૂર્યો વર્ચ્ચો જ્યોતિર્વર્ચ્ચઃ સ્વાહા । જ્યોતિઃ સૂર્ય્યઃ સૂર્ય્યો જ્યોતિઃ સ્વાહા ।** - ૩. ૯

## ॥ દેવ આવાહનમ્ ॥

દેવશક્તિઓ એ આદિશક્તિની, પરબ્રહ્મની વિભિન્ન ધારાઓ છે. શરીર એક જ છે. એમાં રક્ત પરિભ્રમણ સંસ્થાન, પાચન સંસ્થાન, વાયુસંચાર સંસ્થાન, વિચાર સંસ્થાન એમ અનેક સંસ્થાન છે. આમ એ બધાં સ્વતંત્ર છે, છતાં ય એકબીજા સાથે જોડાયેલાં છે. એ જ રીતે સૃષ્ટિના સંતુલનની વ્યવસ્થા માટે આ વિરાટ સત્તાની જુદી જુદી ચેતનધારાઓ જુદી જુદી જવાબદારીઓ સંભાળે છે. એમને જ દેવશક્તિઓ કહેવામાં આવે છે. દિવ્ય યોજનાને અનુરૂપ દરેક કાર્યમાં એમનો સહયોગ જરૂરી છે અને તે પ્રાપ્ત પણ થાય છે. આથી જ સત્કાર્યોમાં દેવશક્તિનું આવાહન તથા પૂજન કરવામાં આવે છે.

સાધકોના પુરુષાર્થની સાથે તે દિવ્ય સહયોગ પણ જોડાઈ શકે એ માટે શ્રદ્ધાપૂર્વક દેવપૂજન કરવામાં આવે છે.

હાજર રહેલા બધા લોકોને નિવેદન કરવું જોઈએ કે તેઓ પૂજનમાં જોડાય. પૂજનકાર્ય ભલે એક જ વ્યક્તિ કરે, પરંતુ દેવોની પ્રસન્નતા બધાની ભાવનાના સંયોગ વગર પ્રાપ્ત કરી શકાતી નથી. **'ભાવે હિ વિદ્યતે દેવાઃ તસ્માત્ ભાવો હિ કારણમ્'** પ્રમાણે ભાવ સંયોગથી જ પૂજનમાં શક્તિ આવે છે. બધાનું ધ્યાન આકર્ષિત કરીને એમને ભાવસૂત્રમાં બાંધીને પૂજનનો ક્રમ ચલાવવો જોઈએ.

દરેક દેવશક્તિનું ભાવચિત્રણ કરીને મંત્ર બોલો. મંત્રની સાથે પ્રતિનિધિ પૂજન કરે. બીજા બધા લોકો ભાવનાપૂર્વક આવાહન, ધ્યાન તથા નમસ્કાર કરે.

અહીં દરેક મંત્રની પહેલાં સંબંધિત દેવશક્તિનું સ્વરૂપ તથા મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે અને અંતમાં આવાહન-સ્થાપનાનું નિવેદન કરવામાં આવ્યું છે. મોટા યજ્ઞોમાં આ ક્રમ પ્રમાણે ચાલવાથી વાતાવરણ વધારે પ્રખર અને ભાવભર્યું બને છે. જો નાનું આયોજન હોય તો 'સંક્ષિપ્ત હવનપદ્ધતિ' પ્રમાણે ફક્ત મંત્રો બોલીને કામ ચલાવી શકાય. સમય અને પરિસ્થિતિ પ્રમાણે વિવેકબુદ્ધિ વાપરીને કામ કરવું.

<u>ગુરુ</u> : પરમાત્માની દિવ્યચેતનાનો એ અંશ જે સાધકોને માર્ગદર્શન તથા સહયોગ આપવા માટે વ્યક્ત થાય છે.

**ૐ ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ, ગુરુરેવ મહેશ્વરઃ ।**
**ગુરુરેવ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥૧॥**
**અખંડમંડલાકારં, વ્યાપ્તં યેન ચરાચરમ્ ।**
**તત્પદં દર્શિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥૨॥**

- ગુ ગી. ૪૩, ૪૪

**માતૃવત્ લાલયિત્રી ચ, પિતૃવત્ માર્ગદર્શિકા ।**
**નમોઽસ્તુ ગુરુસત્તાયૈ, શ્રદ્ધા-પ્રજ્ઞાયુતા ચ યા ॥૩॥**

ॐ શ્રી ગુરવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ।

<u>ગાયત્રી</u> : વેદમાતા, દેવમાતા, વિશ્વમાતા-સદ્‌જ્ઞાન, સદ્‌ભાવની અધિષ્ઠાત્રી, સૃષ્ટિનું આદિ કારણ એવી માતેશ્વરી.

ॐ આયાતુ વરદે દેવિ ! ત્ર્યક્ષરે બ્રહ્મવાદિનિ ।
ગાયત્રિચ્છન્દસાં માતઃ, બ્રહ્મયોને નમોઽસ્તુ તે ॥૪॥ -સં.પ્ર.

ॐ શ્રી ગાયત્ર્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ।

તતો નમસ્કારં કરોમિ ।

ॐ સ્તુતા મયા વરદા વેદમાતા,
પ્રચોદયન્તાં પાવમાની દ્વિજાનામ્ ।
આયુઃ પ્રાણં પ્રજાં પશું, કીર્તિં દ્રવિણં બ્રહ્મવર્ચસમ્ ।
મહ્યં દત્ત્વા વ્રજત બ્રહ્મલોકમ્ ।          - અથર્વ. ૧૯.૭૧.૧

<u>ગણેશ</u> : વિવેકનું પ્રતીક, વિઘ્નોનો નાશ કરનાર, પ્રથમ પૂજ્ય-
અભીપ્સિતાર્થસિદ્ધ્યર્થં, પૂજિતો યઃ સુરાસુરૈઃ ।
સર્વવિઘ્નહરસ્તસ્મૈ, ગણાધિપતયે નમઃ ॥૫॥

<u>ગૌરી</u> : શ્રદ્ધા, નિર્વિકાર પવિત્રતાનું પ્રતીક એવી માતૃશક્તિ-
સર્વમંગલમાંગલ્યે, શિવે સર્વાર્થસાધિકે ! ।
શરણ્યે ત્ર્યમ્બકે ગૌરિ, નારાયણિ ! નમોઽસ્તુ તે ॥૬॥

<u>હરિ</u> : હૃદયમાં રહેલી સદ્‌પ્રેરણાના સ્રોત ખોલનાર કરુણાનિધાન-
શુક્લામ્બરધરં દેવં, શશિવર્ણં ચતુર્ભુજમ્ ।
પ્રસન્નવદનં ધ્યાયેત્, સર્વવિઘ્નોપશાન્તયે ॥૭॥
સર્વદા સર્વકાર્યેષુ, નાસ્તિ તેષામમંગલમ્ ।
યેષાં હૃદિસ્થો ભગવાન્, મંગલાયતનો હરિઃ ॥૮॥

<u>સપ્તદેવ</u> : સાત લોક તથા સાત દ્વીપવાળી વસુંધરાનું સંતુલન

રાખનાર સાત મહાશક્તિઓનું યુગ્મ-

**વિનાયકં ગુરું ભાનું, બ્રહ્મવિષ્ણુમહેશ્વરાન્ ।**
**સરસ્વતીં પ્રણૌમ્યાદૌ, શાન્તિકાર્યાર્થસિદ્ધયે ॥૯॥**

**પુંડરીકાક્ષ** : કમળ જેવી નિર્વિકાર, નિર્દોષ ભાવના તથા અંતર્દૃષ્ટિ આપનાર ભક્તવત્સલ-

**મંગલં ભગવાન્ વિષ્ણુઃ, મંગલં ગરુડધ્વજઃ ।**
**મંગલં પુંડરીકાક્ષો, મંગલાયતનો હરિઃ ॥૧૦॥**

**બ્રહ્મા** : સૃષ્ટિના સર્જક, નિર્માણની ક્ષમતાના આદિ સ્રોત -

**ત્વં વૈ ચતુર્મુખો બ્રહ્મા, સત્યલોકપિતામહઃ ।**
**આગચ્છ મંડલે ચાસ્મિન્, મમ સર્વાર્થસિદ્ધયે ॥૧૧॥**

**વિષ્ણુ** : પાલન કરનાર, સાધનોને સાર્થક બનાવનાર પ્રભુ -

**શાન્તાકારં, ભુજગશયનં, પદ્મનાભં સુરેશં,**
**વિશ્વાધારં ગગનસદૃશં, મેઘવર્ણં શુભાંગમ્ ।**
**લક્ષ્મીકાન્તં કમલનયનં, યોગિભિર્ધ્યાનગમ્યં,**
**વન્દે વિષ્ણું ભવભયહરં, સર્વલોકૈકનાથમ્ ॥૧૨॥**

**શિવ** : પરિવર્તન, અનુશાસનના સૂત્રધાર, કલ્યાણના દાતા -

**વન્દે દેવમુમાપતિં સુરગુરું, વન્દે જગત્કારણમ્,**
**વન્દે પન્નગભૂષણં મૃગધરં, વન્દે પશૂનામ્પતિમ્ ।**
**વન્દે સૂર્યશશાંકવહ્નિનયનં, વન્દે મુકુન્દપ્રિયમ્,**
**વન્દે ભક્તજનાશ્રયં ચ વરદં, વન્દે શિવં શંકરમ્ ॥૧૩॥**

**ત્ર્યંબક** : બંધન-મૃત્યુથી ઉપર ઉઠાવીને મુક્તિ આપનારી સત્તા-

**ૐ ત્ર્યમ્બકં યજામહે, સુગન્ધિમ્પુષ્ટિવર્ધનમ્ ।**
**ઉર્વારુકમિવ બન્ધનાન્, મૃત્યોર્મુક્ષીય માઽમૃતાત્ ॥૧૪॥**

**દુર્ગા** : સંગઠન, સહકાર, સત્સાહસ વગેરેની અધિષ્ઠાત્રી માતૃશક્તિ -

દુર્ગે સ્મૃતા હરસિ ભીતિમશેષજન્તોઃ,
સ્વસ્થૈઃ સ્મૃતા મતિમતીવ શુભાં દદાસિ ।
દારિદ્ર્યદુઃખભયહારિણિ કા ત્વદન્યા,
સર્વોપકારકરણાય સદાર્દ્રચિત્તા ॥૧૫॥

<u>સરસ્વતી</u> : અજ્ઞાન, નીરસતા દૂર કરનારી, જ્ઞાન તથા કલાની દેવી -

શુક્લાં બ્રહ્મવિચારસારપરમામ્, આદ્યાં જગદ્વ્યાપિનીં,
વીણાપુસ્તકધારિણીમભયદાં, જાડ્યાન્ધકારાપહામ્ ।
હસ્તે સ્ફાટિકમાલિકાં વિદધતીં, પદ્માસને સંસ્થિતામ્,
વન્દે તાં પરમેશ્વરીં ભગવતીં, બુદ્ધિપ્રદાં શારદામ્ ॥૧૬॥

<u>લક્ષ્મી</u> : સાધનો તથા ધનવૈભવની અધિષ્ઠાત્રી મા-

આર્દ્રાં યઃ કરિણીં યષ્ટિં, સુવર્ણાં હેમમાલિનીમ્ ।
સૂર્યાં હિરણ્મયીં લક્ષ્મીં, જાતવેદો મઽ આવહ ॥૧૭॥

<u>કાલી</u> : અકલ્યાણકારી વૃત્તિઓનો સંહાર કરવામાં સમર્થ પ્રચંડ ચેતના -

કાલિકાં તુ કલાતીતાં, કલ્યાણહૃદયાં શિવામ્ ।
કલ્યાણજનનીં નિત્યં, કલ્યાણીં પૂજયામ્યહમ્ ॥૧૮॥

<u>ગંગા</u> : અપવિત્રતા તથા પાપોને દૂર કરનારી દિવ્યધારા-

વિષ્ણુપાદાબ્જસમ્ભૂતે, ગંગે ત્રિપથગામિનિ ।
ધર્મદ્રવેતિ વિખ્યાતે, પાપં મે હર જાહ્નવિ ॥૧૯॥

<u>તીર્થ</u> : માનવીના અંતઃકરણમાં સત્પ્રવૃત્તિઓ, સદ્ઈચ્છાઓનું બીજ વાવીને તેનો વિકાસ કરવામાં સમર્થ દિવ્યપ્રવાહ-

પુષ્કરાદીનિ તીર્થાનિ, ગંગાદ્યાઃ સરિતસ્તથા ।
આગચ્છન્તુ પવિત્રાણિ, પૂજાકાલે સદા મમ ॥૨૦॥

<u>નવગ્રહ</u> : વિશ્વની જડચેતન પ્રકૃતિમાં તાલમેળ બેસાડનાર, સૂત્રબદ્ધતા પ્રદાન કરનાર શક્તિઓનું પ્રતીક -

**બ્રહ્મામુરારિસ્ત્રિપુરાન્તકારી, ભાનુઃ શશીભૂમિસુતો બુધશ્ચ ।**
**ગુરુશ્ચ શુક્રઃ શનિરાહુકેતવઃ, સર્વેગ્રહાઃ શાન્તિકરા ભવન્તુ ॥૨૧॥**

<u>ષોડશમાતૃકા</u> : અંતરંગ તથા અંતરિક્ષમાં વિદ્યમાન ૧૬ કલ્યાણકારી શક્તિઓનું યુગ્મ -

**ગૌરી પદ્મા શચી મેધા, સાવિત્રી વિજયા જયા ।**
**દેવસેના સ્વધા સ્વાહા, માતરો લોકમાતરઃ ॥૨૨॥**
**ધૃતિઃ પુષ્ટિસ્તથા તુષ્ટિઃ, આત્મનઃ કુલદેવતા ।**
**ગણેશેનાધિકા હ્યેતા, વૃદ્ધૌ પૂજ્યાશ્ચ ષોડશ ॥૨૩॥**

<u>સપ્તમાતૃકા</u> : સાત મહાશક્તિઓ, જેમનું નિયોજન મંગલ કાર્યોમાં કરવાથી તેઓ માતાની જેમ સંરક્ષણ કરે છે -

**કીર્તિર્લક્ષ્મીર્ધૃતિર્મેધા, સિદ્ધિઃ પ્રજ્ઞા સરસ્વતી ।**
**માંગલ્યેષુ પ્રપૂજ્યાશ્ચ, સપ્તૈતા દિવ્યમાતરઃ ॥૨૪॥**

<u>વાસ્તુદેવ</u> : વસ્તુઓમાં અદૃશ્ય રૂપે રહેલી ચેતનાશક્તિ -

**નાગપૃષ્ઠસમારૂઢં, શૂલહસ્તં મહાબલમ્ ।**
**પાતાલનાયકં દેવં, વાસ્તુદેવં નમામ્યહમ્ ॥૨૫॥**

<u>ક્ષેત્રપાલ</u> : જુદાં જુદાં ક્ષેત્રોમાં દેવત્વનો સંચાર કરનાર સૂક્ષ્મસત્તા -

**ક્ષેત્રપાલાન્નમસ્યામિ, સર્વારિષ્ટનિવારકાન્ ।**
**અસ્ય યાગસ્ય સિદ્ધ્યર્થં, પૂજયારાધિતાન્ મયા ॥૨૬॥**

## ॥ સર્વદેવ નમસ્કારઃ ॥

દેવપૂજન પછી બધા દેવોને નમસ્કાર કરવા જોઈએ. નમસ્કારનો ઉદ્દેશ્ય દેવશક્તિઓનું સન્માન તથા એમના પ્રત્યે આપણી શ્રદ્ધાનું પ્રગટીકરણ તો છે જ, પરંતુ એની સાથે સાથે આપણા મનને દેવત્વ તરફ વાળવાનો પણ છે. આપણા મનમાં દેવત્વથી વિપરીત અનર્થકારી આસુરી પ્રવૃત્તિઓ પ્રત્યે પણ આકર્ષણ પેદા થતું રહે છે. એને નષ્ટ કરીને ફરીથી કલ્યાણપ્રદ દેવત્વ પ્રત્યે અભિરુચિ પેદા કરવી એ પણ એક પુરુષાર્થ છે. દેવ નમસ્કાર વખતે આવો ભાવ

રાખવો જોઈએ.

નમસ્કારમાં છ દેવદંપતીઓનું તથા વિશેષ સામાજિક કર્તવ્યોનું વહન કરનાર દૈવી તત્ત્વોનું સન્માન, વંદન તથા અભિનંદન કરતાં કરતાં માનવતા પ્રત્યે નમન-વંદનની પ્રક્રિયા પૂરી કરવામાં આવી છે.

(૧) વિવેકને ગણેશ અને એમની પત્નીને સિદ્ધિ-બુદ્ધિ (૨) સમૃદ્ધિ અને વૈભવને લક્ષ્મીનારાયણ (૩) વ્યવસ્થા અને નિયંત્રણને ઉમામહેશ્વર (૪) વાણી અને ભાવનાને વાણી હિરણ્યગર્ભ (૫) કલા અને ઉલ્લાસને શચી-પુરંદર (૬) જન્મ અને પાલન કરનાર દેવપ્રતિમાઓને માતાપિતા કહેવામાં આવ્યાં છે. આ છ જોડાં પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવા, એમની ઉપયોગિતા સમજવા અને એમની આવશ્યક્તાનો અનુભવ કરવા માટે એમને નમનવંદન કરવાં જોઈએ. (૭) કુલદેવતા-આપણા કુળમાં પેદા થયેલા મહામાનવ (૮) જીવનલક્ષ્યને સરળ બનાવનાર માધ્યમ-ઈષ્ટદેવતા (૯) શાસન સંચાલક - ગ્રામદેવતા (૧૦) સ્થાનદેવતા - પંચ, સમાજસેવક (૧૧) વાસ્તુદેવતા - શિલ્પી, કલાકાર, વૈજ્ઞાનિક (૧૨) લોકકલ્યાણના ગમે તે કાર્યમાં રત એવા પરમાર્થપરાયણ-સર્વદેવ (૧૩) આદર્શ ચરિત્ર, સદ્જ્ઞાન, સાધનારત-બ્રાહ્મણ (૧૪) પ્રેરણા અને પ્રકાશ આપનાર સ્થાન યા વ્યક્તિતીર્થ (૧૫) માનવતાની દિવ્યચેતના-ગાયત્રી. આ બધાં દેવતત્ત્વ થયાં.

**ૐ સિદ્ધિ બુદ્ધિસહિતાય શ્રીમન્મહાગણાધિપતયે નમઃ ।**

**ૐ લક્ષ્મીનારાયણાભ્યાં નમઃ ।**

**ૐ ઉમામહેશ્વરાભ્યાં નમઃ ।**

**ૐ વાણીહિરણ્યગર્ભાભ્યાં નમઃ ।**

**ૐ શચીપુરન્દરાભ્યાં નમઃ ।**

**ૐ માંતાંપિતૃચરણકમલેભ્યો નમઃ ।**

**ૐ કુલદેવતાભ્યો નમઃ ।**

**ૐ ઈષ્ટદેવતાભ્યો નમઃ ।**

ॐ ગ્રામદેવતાભ્યો નમઃ ।
ॐ સ્થાનદેવતાભ્યો નમઃ ।
ॐ વાસ્તુદેવતાભ્યો નમઃ ।
ॐ સર્વેભ્યો દેવેભ્યો નમઃ ।
ॐ સર્વેભ્યો બ્રાહ્મણેભ્યો નમઃ ।
ॐ સર્વેભ્યસ્તીર્થેભ્યો નમઃ ।
ॐ એતત્કર્મ-પ્રધાન-શ્રી ગાયત્રીદેવ્યૈ નમઃ ।
ॐ પુણ્યં પુણ્યાહં દીર્ઘમાયુરસ્તુ ।

## ॥ ષોડશોપચાર પૂજનમ્ ॥

દેવશક્તિઓ તથા અતિથિઓના પૂજન-સત્કાર માટે ભારતીય સંસ્કૃતિમાં ૧૬ ઉપચાર પ્રચલિત છે. આપણી સ્થિતિ તથા અતિથિના સ્તરને અનુરૂપ સ્વાગત ઉપચાર કરવામાં આવે છે. દેવપૂજનમાં બે બાબતો ધ્યાન રાખવા યોગ્ય છે. દેવોને પદાર્થની જરૂર નથી એમ માનીને એ બાબતમાં ઉપેક્ષા કે પ્રમાદ ન કરવો જોઈએ. કોઈ સંપન્ન અને સન્માનનીય અતિથિ આપણે ત્યાં આવે તો "એમને શું ખોટ છે ?" એમ કહીને એમને જરૂરી વસ્તુઓ આપવામાં ઉપેક્ષા રાખવામાં આવતી નથી. જે કંઈ હોય તે ભાવનાપૂર્વક સુરુચિપૂર્ણ રીતે એમને આપવામાં આવે છે. દેવપૂજનમાં પણ આવી જ સાવધાની રાખવી જોઈએ.

દેવોને પદાર્થોની ભૂખ નથી. પદાર્થોના સમર્પણ દ્વારા જે ભાવના, શ્રદ્ધા વ્યક્ત થાય છે, એનાથી દેવો સંતુષ્ટ થાય છે. એ ધ્યાનમાં રાખીને દેવોને સારા પદાર્થો આપીને એમની પર અહેસાન કરીએ છીએ એવો ભાવ મનમાં ન જાગવો જોઈએ. શ્રદ્ધા-સમર્પણને મુખ્ય માનીને એ ટકાવી રાખવાં જરૂરી છે. જો અભાવના કારણે કોઈ પદાર્થની કમી રહી જાય તો ભાવના દ્વારા તેની પૂર્તિ થઈ જાય છે.

પૂજન વખતે એક પ્રતિનિધિ પૂજન કરે, પરંતુ હાજર રહેલા બીજા બધા લોકો પણ પોતાની ભાવનાના એકીકરણ દ્વારા પૂજનને સશક્ત બનાવે. પૂજન વખતે એક તાલીમ પામેલ સ્વયંસેવક હાજર રાખવો કે જે સારી રીતે પૂજનકાર્ય કરાવી શકે. એક મંત્ર બોલીને જે તે વસ્તુ ચઢાવવાનો સમય આપ્યા પછી જ બીજો મંત્ર બોલવો.

**ૐ સર્વેભ્યો દેવેભ્યો નમઃ । આવાહયામિ, સ્થાપયામિ ॥૧॥**
**આસનં સમર્પયામિ ॥૨॥ પાદ્યં સમર્પયામિ ॥૩॥**
**અર્ઘ્યં સમપર્યામિ ॥૪॥ આચમનમ્ સમર્પયામિ ॥૫॥**
**સ્નાનમ્ સમર્પયામિ ॥૬॥ વસ્ત્રમ્ સમર્પયામિ ॥૭॥**
**યજ્ઞોપવીતમ્ સમર્પયામિ ॥૮॥ ગન્ધમ્ વિલેપયામિ ॥૯॥**
**અક્ષતાન્ સમર્પયામિ ॥૧૦॥ પુષ્પાણિ સમર્પયામિ ॥૧૧॥**
**ધૂપમ્ આઘ્રાપયામિ ॥૧૨॥ દીપમ્ દર્શયામિ ॥૧૩॥**
**નૈવેદ્યં નિવેદયામિ ॥૧૪॥ તામ્બૂલપૂગીફલાનિ સમર્પયામિ ॥૧૫॥**
**દક્ષિણાં સમર્પયામિ ॥૧૬॥ સર્વાભાવે અક્ષતાન્ સમર્પયામિ ॥૧૭॥**
**તતો નમસ્કારં કરોમિ-**

**ૐ નમોऽસ્ત્વનન્તાય સહસ્રમૂર્તયે, સહસ્રપાદાક્ષિશિરોરુબાહવે ।**
**સહસ્રનામ્ને પુરુષાય શાશ્વતે, સહસ્રકોટીયુગધારિણે નમઃ ॥**

## ॥ સ્વસ્તિવાચનમ્ ॥

સ્વસ્તિ-કલ્યાણકારી, હિતકારીના અર્થમાં તથા વાચન-ઘોષણાના અર્થમાં વપરાય છે. વાણીથી, સાધનોથી સ્થૂળ જગતમાં ઘોષણા થાય છે. મંત્રોના માધ્યમથી સૂક્ષ્મ જગતમાં આપણી ભાવનાઓનો પ્રવાહ મોકલી શકાય છે. સાત્ત્વિક શક્તિઓ આપણી પ્રામાણિક્તા તથા આપણા કલ્યાણકારી ભાવોનું પ્રમાણ મેળવીને પોતાની કૃપા વરસાવવા યોગ્ય વાતાવરણ પેદા કરે એવો ભાવ રાખો. અનુકૂળતા બે રીતે પેદા થાય છે - (૧) અનિચ્છનીય તત્ત્વોથી દૂર રહેવું (૨) શ્રેષ્ઠ તત્ત્વો સાથે જોડાયેલા રહેવું. આ અધિકાર પણ દેવશક્તિઓને

સોંપીને સ્વસ્તિવાચન કરવું જોઈએ.

બધા લોકોને જમણા હાથમાં ફૂલ, ચોખા અને પાણી આપવાં. ડાબો હાથ નીચે રાખવો. મનમાં બધાના કલ્યાણની ભાવના રાખવી. મંત્રો પૂરા થતાં બધાની પાસેથી પૂજનસામગ્રી ભેગી કરી લેવી.

ૐ ગણાનાં ત્વાં ગણપતિ ગુંગ હવામહે, પ્રિયાણાં ત્વા પ્રિયપતિ ગુંગ હવામહે, નિધીનાં ત્વા નિધિપતિ ગુંગ હવામહે, વસોમમ । આહમજાનિ ગર્ભધમા ત્વમજાસિ ગર્ભધમ્ ॥ - ૨૩.૧૯

ૐ સ્વસ્તિ ન ઽ ઇન્દ્રો વૃદ્ધશ્રવાઃ, સ્વસ્તિ નઃ પૂષા વિશ્વવેદાઃ । સ્વસ્તિ નસ્તાર્ક્ષ્યોઽઅરિષ્ટનેમિઃ, સ્વસ્તિ નો બૃહસ્પતિર્દધાતુ॥

- ૨૫.૧૯

ૐ પયઃ પૃથિવ્યાં પયઽઓષધીષુ, પયો દિવ્યન્તરિક્ષે પયોધાઃ। પયસ્વતીઃ પ્રદિશઃ સન્તુ મહ્યમ્ ॥ - ૧૮.૩૬

ૐ વિષ્ણો રરાટમસિ વિષ્ણોઃ, શ્નપ્ત્રે સ્થો વિષ્ણોઃ, સ્યૂરસિ વિષ્ણોર્ધ્રુવો ઽસિ, વૈષ્ણવમસિ વિષ્ણવે ત્વા ॥ - ૫.૨૧

ૐ અગ્નિર્દેવતા વાતો દેવતા, સૂર્યો દેવતા ચન્દ્રમા દેવતા, વસવો દેવતા રુદ્રા દેવતા, ઽઽદિત્યા દેવતા મરુતો દેવતા, વિશ્વેદેવા દેવતા, બૃહસ્પતિર્દેવતેન્દ્રો દેવતા, વરુણો દેવતા ॥

- ૧૪.૨૦

ૐ દ્યૌઃ શાન્તિરન્તરિક્ષ ગુંગ શાન્તિઃ, પૃથિવી શાન્તિરાપઃ, શાન્તિરોષધયઃ શાન્તિઃ । વનસ્પતયઃ શાન્તિર્વિશ્વેદેવાઃ, શાન્તિર્બ્રહ્મ શાન્તિઃ, સર્વ ગુંગ શાન્તિઃ, શાન્તિરેવ શાન્તિઃ, સા મા શાન્તિરેધિ ॥ - ૩૬.૧૭

ૐ વિશ્વાનિ દેવ સવિતર્દુરિતાનિ પરાસુવ । યદ્ભદ્રં તન્નઽ આ સુવ । ૐ શાન્તિઃ, શાન્તિઃ, શાન્તિઃ ॥ સર્વારિષ્ટસુશાન્તિર્ભવતુ

- ૩૦.૩

# ॥ રક્ષાવિધાનમ્ ॥

એક બાજુ ઉત્કૃષ્ટ બનવાની તથા શુભકાર્યો કરવાની જરૂર છે, તો બીજી બાજુ એ પણ જરૂરી છે કે દુષ્ટોની દુષ્પ્રવૃત્તિઓથી સાવધાન રહેવું અને એમનો સામનો કરવો. દુષ્ટ લોકો મોટેભાગે સજ્જનો પર જ આક્રમણ કરે છે. એનો અર્થ એ નથી કે સજ્જનો કમજોર છે. એનું કારણ એ છે કે તેઓ બધાને પોતાના જેવા સજ્જન માને છે અને દુષ્ટતાના પ્રહારોથી સાવધાન નથી રહેતા, સંગઠિત નથી થતા અને ક્ષમા તથા ઉદારતાના નામે એટલા ઢીલા થઈ જાય છે કે એમનામાંથી અનીતિ સામે લડવાનું સાહસ, શૌર્ય અને પરાક્રમ જ મરી પરવારે છે. અનાચારી લોકો આનો લાભ ઉઠાવે છે. યજ્ઞ જેવાં સત્કાર્યોની અભિવૃદ્ધિથી એવું વાતાવરણ તૈયાર થાય છે કે, જેની પ્રખરતા સામે અસુરતા ટકી શકતી નથી. અસુર પ્રકૃતિના વિઘ્નસંતોષી લોકો એવાં ષડ્યંત્રો રચે છે કે જેના કારણે શુભકર્મ સફળ ન થાય.

આ સ્થિતિથી પણ ધર્મપરાયણ વ્યક્તિએ પરિચિત રહેવું જોઈએ અને સંયમ, ઉદારતા, સત્ય, ન્યાય જેવા આદર્શોને અપનાવવાની સાથે સાથે એવું વૈયક્તિક અને સામૂહિક સામર્થ્ય એકઠું કરવું જોઈએ કે જેનાથી દુષ્ટતાનો નાશ થઈ શકે. આ સતર્કતા અને તત્પરતાનું નામ રક્ષાવિધાન છે. વિઘ્ન પેદા કરનારાં તત્ત્વો દસેય દિશાઓમાં હોઈ શકે. એમના તરફ નજર રાખીને એમની પર પ્રહાર કરવાની તૈયારીના રૂપમાં બધી દિશાઓમાં અભિમંત્રિત ચોખા ફેંકવામાં આવે છે. સાથે સાથે એ દુષ્ટો સાથે લડવાની શક્તિની યાચના પણ એમાં સમાયેલી છે. ડાબા હાથમાં ચોખા રાખો. જે દિશાની રક્ષાનો મંત્ર બોલવામાં આવે તે તરફ જમણા હાથથી ચોખા નાખવા.

**ૐ પૂર્વે રક્ષતુ વારાહઃ, આગ્નેય્યાં ગરુડધ્વજઃ ।**
**દક્ષિણે પદ્મનાભસ્તુ, નૈર્ઋત્યાં મધુસૂદનઃ ॥૧॥**

પશ્ચિમે ચૈવ ગોવિન્દો, વાયવ્યાં તુ જનાર્દનઃ ।
ઉત્તરે શ્રીપતી રક્ષેદ્, ઐશાન્યાં હિ મહેશ્વરઃ ॥૨॥
ઊર્ધ્વં રક્ષતુ ધાતા વો, હ્યધોઽનન્તશ્ચ રક્ષતુ ।
અનુક્તમપિ યત્ સ્થાનં, રક્ષત્વીશો મમાદ્રિધૃક્ ॥૩॥
અપસર્પન્તુ તે ભૂતા, યે ભૂતા ભૂમિસંસ્થિતાઃ ।
યે ભૂતા વિઘ્નકર્તારઃ, તે ગચ્છન્તુ શિવાજ્ઞયા ॥૪॥
અપક્રામન્તુ ભૂતાનિ, પિશાચાઃ સર્વતો દિશમ્ ।
સર્વેષામવિરોધેન, યજ્ઞકર્મ સમારભે ॥૫॥

## ॥ અગ્નિસ્થાપનમ્ ॥

યજ્ઞાગ્નિને બ્રહ્મનો પ્રતિનિધિ માનીને વેદી પર એની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. એ ભાવથી અગ્નિની સ્થાપનાની વિધિ પૂરી કરીએ છીએ. જ્યારે કુંડમાં પ્રથમ અગ્નિ-જ્યોતિનાં દર્શન થાય ત્યારે બધા લોકોએ એને નમસ્કાર કરવા.

અગ્નિ સ્થાપના કરતા પહેલાં કુંડમાં સમિધાઓ એવી રીતે ગોઠવવી જોઈએ કે અગ્નિ પ્રદીપ્ત થવામાં મુશ્કેલી ના પડે. અગ્નિની ઉપર પાતળાં સૂકાં લાકડાં મૂકવાં, જેથી અગ્નિ જલદી પ્રજ્વલિત થાય. એક ચમચીમાં કપૂર અથવા મોટી દિવેટ લઈ કુંડની મધ્યમાં મૂકવી. એને પ્રજ્વલિત કરી અગ્નિસ્થાપન કરવું. એકદમ પાતળાં લાકડાં મૂકવાથી જલદી સળગશે.

**ૐ ભૂર્ભુવઃ સ્વર્દ્યૌરિવ ભૂમ્ના, પૃથિવીવ વરિમ્ણા । તસ્યાસ્તે પૃથિવિ દેવયજનિ, પૃષ્ઠેઽગ્નિમન્નાદમન્નાદ્યાયાદધે । અગ્નિં દૂતં પુરોદધે, હવ્યવાહમુપબ્રુવે । દેવાંઽઆસાદયાદિહ ।**

– ૩.૫, ૨૨.૧૭

**ૐ અગ્નયે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।**

ત્યાર પછી ચંદન, અક્ષત, પુષ્પ વગેરેથી અગ્નિદેવનું પૂજન કરો-

જલમ્, ગન્ધાક્ષતમ્, પુષ્પાણિ, ધૂપમ્, દીપમ્, નૈવેદ્યમ્ સમર્પયામિ ।

## ॥ ગાયત્રી સ્તવનમ્ ॥

આ સ્તવન (આ. હૃ. સ્તો.)માં ગાયત્રી મહામંત્રના અધિષ્ઠાતા સવિતા દેવતાની પ્રાર્થના છે. એને અગ્નિનું વંદન તથા અભિનંદન પણ કહી શકાય. બધા લોકો હાથ જોડીને સ્તવનની મૂળ ભાવનાને હૃદયંગમ કરે. દર બીજી પંક્તિના અંતે કહેવામાં આવ્યું છે કે 'વરણ કરવા યોગ્ય સવિતા દેવતા અમને પવિત્ર કરે.' દિવ્યતા તથા પવિત્રતાનો આપણી અંદર સંચાર થઈ રહ્યો છે એવી ભાવના કરતા જવું.

**યન્મંડલં દીપ્તિકરં વિશાલમ્, રત્નપ્રભં તીવ્રમનાદિરૂપમ્ ।**
**દારિદ્રય-દુઃખક્ષયકારણં ચ, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૧॥**
**યન્મંડલં દેવગણૈઃ સુપૂજિતમ્, વિપ્રૈઃસ્તુતં માનવમુક્તિકોવિદમ્ ।**
**તં દેવદેવં પ્રણમામિ ભર્ગં, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૨॥**
**યન્મંડલં જ્ઞાનઘનં ત્વગમ્યં, ત્રૈલોક્યપૂજ્યં ત્રિગુણાત્મરૂપમ્ ।**
**સમસ્ત-તેજોમય-દિવ્યરૂપં, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૩॥**
**યન્મંડલં ગૂઢમતિપ્રબોધં ધર્મસ્ય વૃદ્ધિં કુરુતે જનાનામ્ ।**
**યત્ સર્વપાપક્ષયકારણં ચ, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૪॥**
**યન્મંડલં વ્યાધિવિનાશદક્ષં, યદૃગ્ યજુઃ સામસુ સમ્પ્રગીતમ્ ।**
**પ્રકાશિતં યેન ચ ભૂર્ભુવઃ સ્વઃ, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૫॥**
**યન્મંડલં વેદવિદો વદન્તિ, ગાયન્તિ યચ્ચારણ-સિદ્ધસઙ્ઘાઃ ।**
**યદ્યોગિનો યોગજુષાં ચ સંઘાઃ, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૬॥**
**યન્મંડલં સર્વજનેષુ પૂજિતં, જ્યોતિશ્ચ કુર્યાદિહ મર્ત્યલોકે ।**
**યત્કાલ-કાલાદિમનાદિરૂપમ્, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૭॥**
**યન્મંડલં વિષ્ણુચતુર્મુખાસ્યં, યદક્ષરં પાપહરં જનાનામ્ ।**
**યત્કાલકલ્પક્ષયકારણં ચ, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૮॥**

**યન્મંડલં વિશ્વસૃજાં પ્રસિદ્ધં, ઉત્પત્તિ-રક્ષા-પ્રલયપ્રગલ્ભમ્ ।**
**યસ્મિન્ જગત્સંહરતેઽખિલં ચ, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૯॥**
**યન્મંડલં સર્વગતસ્ય વિષ્ણોઃ, આત્મા પરંધામ-વિશુદ્ધતત્ત્વમ્ ।**
**સૂક્ષ્માન્તરૈર્યોગપથાનુગમ્યં, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૧૦॥**
**યન્મંડલં બ્રહ્મવિદો વદન્તિ, ગાયન્તિ યચ્ચારણ-સિદ્ધસંઘાઃ ।**
**યન્મંડલં વેદવિદઃ સ્મરન્તિ, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૧૧॥**
**યન્મંડલં વેદ-વિદોપગીતં, યદ્યોગિનાં યોગપથાનુગમ્યમ્ ।**
**તત્સર્વવેદં પ્રણમામિ દિવ્યં, પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્॥૧૨॥**

## ॥ અગ્નિ પ્રદીપનમ્ ॥

પ્રદીપ્ત અગ્નિમાં જ આહુતિ આપવામાં આવે છે. પંખાથી હવા નાખીને અગ્નિને પ્રદીપ્ત કરવો. જો ધુમાડો થતો હોય અને અગ્નિ હોલવાઈ ગયો હોય તો આહુતિઓ આપવામાં આવતી નથી.

દીપ્તિમાન, જ્વલનશીલ, પ્રચંડ, પ્રખર અને પ્રકાશમાન જીવન જીવવું જોઈએ. ભલેને પછી થોડાક જ દિવસ જીવીએ. ધુમાડો કાઢતો અગ્નિ એક વર્ષ સુધી સળગે એની સરખામણીમાં થોડીક ક્ષણો પ્રકાશયુક્ત અગ્નિ સળગે તે વધારે સારો. આપણી પ્રસુપ્ત શક્તિઓને જાગૃત કરવાની પ્રેરણા આ અગ્નિ પ્રદીપનમાં રહેલી છે.

**ૐ ઉદ્બુધ્યસ્વાગ્ને પ્રતિ જાગૃહિ, ત્વમિષ્ટા પૂર્તે સ ૐ સૃજેથામયં ચ । અસ્મિન્ત્સધસ્થે અધ્યુત્તરસ્મિન્, વિશ્વેદેવા યજમાનશ્ચ સીદત ।** ૧૫.૫૪, ૧૮.૬૧

## ॥ સમિધાધાનમ્

યજ્ઞપુરુષ અગ્નિદેવ પ્રગટ થતાં નાની નાની ચાર સમિધાઓ ઘીમાં બોળીને એક એક કરીને મંત્રોની સાથે સમર્પિત કરવી.

આ ચાર સમિધાઓ ચાર બાબતોને અગ્નિદેવની સાક્ષીમાં યાદ રાખવા માટે ચઢાવવામાં આવે છે. (૧) બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યાસની વ્યવસ્થા પૂર્ણ કરવી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

મળે એવો જીવનક્રમ અપનાવવો. (૩) સાધના, સ્વાધ્યાય, સંયમ અને સેવાનો આધાર લેવો (૪) શરીરબળ, મનોબળ, આત્મબળ અને બ્રહ્મબળ - આ ચારેય વિભૂતિઓ માટે પ્રબળ પુરુષાર્થ કરવો. આ ચારેયને યજ્ઞરૂપ બનાવવાં તથા યજ્ઞ માટે સમર્પિત કરવાં તે ચાર સમિધાઓનું પ્રયોજન છે. આ લક્ષ્યને ચાર સમિધાઓ દ્વારા સ્મૃતિપટલ પર અંકિત કરવામાં આવે છે. આપણું વ્યક્તિત્વ સ્નેહભર્યું, ચીકાશવાળું, લચીલું અને સરળ બને એવી પ્રેરણા પ્રાપ્ત કરવા માટે સ્નેહરૂપી ઘીમાં બોળીને ચાર સમિધાઓ આપવામાં આવે છે. ભાવના કરવામાં આવે કે ઘીયુક્ત સમિધાઓથી જેવી રીતે અગ્નિ પ્રદીપ્ત થાય છે એવી રીતે ઉપરની ક્ષમતાઓ પોતાના સંકલ્પ અને દૈવીકૃપાના સંયોગથી સાધકોને પ્રાપ્ત થઈ રહી છે.

જે વ્યક્તિ ઘીની આહુતિ આપવા મુખ્ય યજમાનપદે બેસે છે તે જ આ સમિધાઓ હોમે છે. જલ પ્રસેચન તથા આજ્યાહુતિની ઘીની સાત આહુતિઓ પણ એ જ આપે છે.

**૧-ૐ અયન્ત ઈધ્મ આત્મા, જાતવેદસ્તેનેધ્યસ્વ વર્ધસ્વ । ચેદ્ધ વર્ધય ચાસ્માન્ પ્રજયા, પશુભિર્બ્રહ્મવર્ચસેન, અન્નાદ્યેન સમેધય સ્વાહા । ઈદં અગ્નયે જાતવેદસે ઈદં ન મમ ।**

- આશ્વ. ગૃ. સૂ. ૧.૧૦

**૨-ૐ સમિધાઽગ્નિં દુવસ્યત, ઘૃતૈર્બોધયતાતિથિમ્ ।**
**આસ્મિન્ હવ્યા જુહોતન સ્વાહા । ઈદં અગ્નયે ઈદં ન મમ ॥**
**૩-ૐ સુસમિદ્ધાય શોચિષે, ઘૃતં તીવ્રં જુહોતન । અગ્નયે જાતવેદસે સ્વાહા । ઈદં અગ્નયે જાતવેદસે ઈદં ન મમ ॥**
**૪-ૐ તં ત્વા સમિદ્ભિરંગિરો, ઘૃતેન વર્ધયામસિ । બૃહચ્છોચા યવિષ્ઠ્ય સ્વાહા । ઈદં અગ્નયે અંગિરસે ઈદં ન મમ ॥**

- ૩૧.૩

# જલપ્રસેચનમ્ ॥

અગ્નિ અને જળનું જોડું છે. યજ્ઞ અગ્નિ છે અને ગાયત્રી જળ છે. એમને જ્ઞાન અને કર્મ પણ કહી શકાય છે. આ જોડાને - (૧) તેજસ્વિતા-મધુરતા (૨) પુરુષાર્થ-સંતોષ (૩) ઉપાર્જન-ત્યાગ અને (૪) ક્રાંતિ-શાંતિ પણ કહી શકાય છે.

પ્રોક્ષણી (હાથા વગરનું ચમચા જેવું સાધન)માં પાણી લઈને નીચેના મંત્રો સાથે વેદીની બહાર ચારેય દિશાઓમાં રેડવું. ભાવના કરો કે અગ્નિની ચારેય બાજુ શીતળતાનો ઘેરો બનાવી રહ્યા છીએ, જેનું પરિણામ શાંતિદાયક હશે.

**ૐ અદિતેઽનુમન્યસ્વ ॥** (ઈતિ પૂર્વે)
**ૐ અનુમતેઽનુમન્યસ્વ ॥** (ઈતિ પશ્ચિમે)
**ૐ સરસ્વત્યનુમન્યસ્વ ॥** (ઈતિ ઉત્તરે) - ગો.ગૃ.સૂ. ૧.૩.૧-૩

**ૐ દેવ સવિતઃ પ્રસુવ યજ્ઞં, પ્રસુવ યજ્ઞપતિં ભગાય । દિવ્યો ગન્ધર્વઃ કેતપૂઃ, કેતં નઃ પુનાતુ, વાચસ્પતિર્વાચં નઃ સ્વદતુ ॥** (ચારેય દિશામાં) - ૧૧.૭

## ॥ આજ્યાહુતિઃ ॥

સૌપ્રથમ સાત મંત્રો સાથે ઘીની સાત આહુતિઓ આપવામાં આવે છે. આ આહુતિઓ વખતે હવનસામગ્રી હોમવામાં આવતી નથી. ઘીને ગરમ કરી લેવું. સ્રુવામાં ઘી લઈને તેને ઘીના વાસણ સાથે લૂછી લેવો કે જેથી જમીન પર ઘી ના ટપકે. સ્વાહા બોલાય ત્યારે જ આહુતિ આપવી. સ્રુવા પાછો લેતી વખતે, ઈદં ન મમ બોલતી વખતે પ્રણીતાપાત્રમાં ઘી ટપકાવવું.

ઘીનું બીજું નામ સ્નેહ છે. સ્નેહ અર્થાત્ પ્રેમ, સહાનુભૂતિ, સેવા, સંવેદના, દયા, મમતા, કરુણા, વાત્સલ્ય, આત્મીયતા જેવા સદ્ગુણ. નિઃસ્વાર્થ ભાવથી ઉચ્ચ આદર્શો સાથે સાધના કરવામાં આવે છે તેને દિવ્યપ્રેમ કહે છે. આ દિવ્યપ્રેમ, સ્નેહ-ઘીને જો યજ્ઞ અર્થાત્

પરમાર્થની સાથે જોડી દેવામાં આવે તો તેનાથી દેવો પ્રસન્ન થાય છે. આ સાત આહુતિઓ પાછળ આવી પ્રેરણા રહેલી છે. સાચાં પ્રેમપાત્રો સાત જ છે. આ સાતેયને ઈશ્વરરૂપી સૂર્યનાં સાત કિરણો કહી શકાય. આ જ બ્રહ્મ-આદિત્યના સાત અશ્વો છે. (૧) પ્રજાપતિ-પરમેશ્વર (૨) ઇન્દ્ર-આત્મા (૩) અગ્નિ-વૈભવ (૪) સોમ-શાંતિ (૫) ભૂ:-શરીર (૬) ભુવ:-મન (૭) સ્વ:-અંતઃકરણ. આ સાત દેવોને સાચા મનથી પ્યાર કરવો જોઈએ, અર્થાત્ એમની શુદ્ધિ તથા વૃદ્ધિ માટે સતત પ્રયત્ન કરવો જોઈએ. આ જ સાત આહુતિઓ આપવાનું પ્રયોજન છે.

**૧-ૐ પ્રજાપતયે સ્વાહા । ઈદં પ્રજાપતયે ઈદં ન મમ ॥ - ૧૮.૨૮**
**૨-ૐ ઈન્દ્રાય સ્વાહા । ઈદં ઈન્દ્રાય ઈદં ન મમ ॥**
**૩-ૐ અગ્નયે સ્વાહા । ઈદં અગ્નયે ઈદં ન મમ ॥**
**૪-ૐ સોમાય સ્વાહા । ઈદં સોમાય ઈદં ન મમ ॥**
**૫-ૐ ભૂ: સ્વાહા । ઈદં અગ્નયે ઈદં ન મમ ॥**
**૬-ૐ ભુવ: સ્વાહા । ઈદં વાયવે ઈદં ન મમ ॥**
**૭-ૐ સ્વ: સ્વાહા । ઈદં સૂર્યાય ઈદં ન મમ ॥**

– ગો.ગૃ.સૂ. ૧.૮.૧૫

## ॥ ગાયત્રી મંત્રાહુતિઃ ॥

ગાયત્રી મંત્રની જેટલી આહુતિઓ આપવી હોય એના પ્રમાણમાં ઘી, હવનસામગ્રી, સમિધા (લાકડાં) વગેરેની પહેલેથી પૂરતી વ્યવસ્થા કરી લેવી. મધ્યમા, અનામિકા અને અંગૂઠાની મદદથી હવનસામગ્રી લેવી. આહુતિ આપનારા બધા લોકો એક સાથે એક સ્વરમાં ગાયત્રી મંત્ર બોલે. 'સ્વાહા' શબ્દ બોલતાંની સાથે યજ્ઞકુંડની મધ્યમાં આહુતિ આપવી. સામગ્રી યજ્ઞકુંડની બહાર ના વેરાય તેનું ધ્યાન રાખવું. આહુતિ છતા હાથે જ આપવી, અર્થાત્ હથેળી ઉપરની તરફ જ રાખવી. આહુતિ આપ્યા પછી "ઈદં ગાયત્ર્યૈ ઈદં ન મમ" બોલવામાં આવે છે. એનો અર્થ એ છે કે આ યજ્ઞ, પુણ્ય અને

પરમાર્થકાર્ય આપણા પોતાના સ્વાર્થ માટે નહિ, પરંતુ લોકકલ્યાણ માટે કરવામાં આવ્યું છે. જેવી રીતે સન્માનનીય અતિથિને પ્રેમપૂર્વક ભોજન પીરસવામાં આવે છે, એવી જ રીતે શ્રદ્ધા, ભક્તિ અને સન્માનની ભાવનાની સાથે અગ્નિદેવના મુખમાં આહુતિઓ આપવી જોઈએ. ભાવના કરવી કે લોકકલ્યાણ માટે શ્રમ, તપ તથા ત્યાગ કરવામાં આવી રહ્યો છે. જેવી રીતે અગ્નિના સ્પર્શથી લાકડું અગ્નિરૂપ બની જાય છે એવી રીતે યજ્ઞપુરુષના સાન્નિધ્યમાં આવીને આહુતિઓ આપતાં આપતાં જીવનને યજ્ઞમય બનાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. આવી ભાવનાઓની સાથે આહુતિઓ આપવી જોઈએ. ગાયત્રી મંત્ર દ્વારા ૨૪ આહુતિઓ આપવી જોઈએ. સમય અનુસાર સંખ્યા વધારી કે ઘટાડી શકાય છે.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં, ભર્ગો દેવસ્ય ધીમહિ ।**
**ધિયો યો નઃ પ્રચોદયાત્ સ્વાહા । ઈદં ગાયત્ર્યૈ ઈદં ન મમ ।** - ૩૬.૩

## ॥ સ્વિષ્ટકૃત હોમઃ ॥

આને પ્રાયશ્ચિત્ત આહુતિ પણ કહેવામાં આવે છે. આહુતિઓમાં જે કાંઈ ભૂલો રહી ગઈ હોય એની પૂર્તિ માટે યજ્ઞાગ્નિને નૈવેદ્ય સમર્પિત કરવાના રૂપમાં આ ક્રિયા કરવામાં આવે છે. સ્વિષ્ટકૃત આહુતિમાં મિષ્ટાન્ન સમર્પિત કરવામાં આવે છે. મિષ્ટાન્ન નો અર્થ છે સર્વાંગી મધુરતા. વાણીમાં મધુરતા, વચન તથા વ્યવહારમાં મધુરતા, મનમાં બધા માટે મધુર સંવેદનાઓ, હસતો-હસાવતો મધુર હલકોફૂલકો સ્વભાવ - આ બધાના પ્રતીક તરીકે મિષ્ટાન્નની આહુતિ દેવોને આપવામાં આવે છે. આપણું વ્યક્તિત્વ મધુરતાયુક્ત વિશેષતાથી ભરપૂર બને, આપણે મધુર બનીને ભગવાનની સેવા કરીએ છીએ એ સ્વિષ્ટકૃત આહુતિનું પ્રયોજન છે.

સ્રુચિ (ચમચા જેવું લાંબા હાથાવાળું કાષ્ઠપાત્ર)માં મિષ્ટાન્ન અને ઘી ભરીને મુખ્ય યજમાન આ આહુતિ આપે છે. શરૂઆતમાં અને અંતમાં કેટલાંક વિશેષ કૃત્ય ઘી હોમનાર મુખ્ય વ્યક્તિએ

કરવાં પડે છે. આ બધી ક્રિયાઓ તે બીજા બધા લોકોના પ્રતિનિધિના રૂપમાં કરે છે. સ્વિષ્ટકૃત આહુતિ પોતાની જગ્યા પર બેઠે બેઠે આપવી.

**ૐ યદસ્ય કર્મણોऽત્યરીરિચં, યદ્વાન્યૂનમિહાકરમ્ । અગ્નિષ્ટત્ સ્વિષ્ટકૃદ્ વિદ્યાત્સર્વં સ્વિષ્ટં સુહુતં કરોતુ મે । અગ્નયે સ્વિષ્ટકૃતે સુહુતહુતે, સર્વપ્રાયશ્ચિત્તાહુતીનાં કામાનાં, સમર્દ્ધયિત્રે સર્વાન્નઃ કામાન્ત્સમર્દ્ધય સ્વાહા । ઈદમ્ અગ્નયે સ્વિષ્ટકૃતે ઈદં ન મમ ॥** - આશ્વ ગૃસૂ ૧.૧૦

## ॥ દેવદક્ષિણા - પૂર્ણાહુતિ ॥

મનુષ્યનું ગૌરવ એ બાબતમાં છે કે તે જે શ્રેષ્ઠ સંકલ્પ કરે તેને પૂર્ણ કરે. મનુષ્ય અપૂર્ણ છે. તેણે પોતાની પૂર્ણતા માટે પ્રયત્ન કરવો જોઈએ. યજ્ઞીય જીવનમાં રુચિ રાખનાર આદર્શવાદીઓએ અગ્નિની સાક્ષીમાં એવું વ્રત લેવું જોઈએ કે પૂર્ણતાની દિશામાં હંમેશાં આગળ વધતા રહીને લક્ષ્યને પ્રાપ્ત કરીને જ જંપીશું. મનુષ્ય પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે તે પશુતા તરફ ન વળે, હલકી પ્રવૃત્તિઓથી દૂર રહે અને દેવત્વની દિશામાં આગળ વધે. યજ્ઞથી દેવત્વની પ્રાપ્તિ થાય છે. યજ્ઞથી પેદા થયેલી ઊર્જાનો, યજ્ઞ ભગવાનના આશીર્વાદનો ઉપયોગ હીન પ્રવૃત્તિઓનો વિનાશ કરવા માટે કરવો જોઈએ. આ માટે પોતાનો કોઈ દોષ-દુર્ગુણ છોડીને એક સદ્‌ગુણ અપનાવવાનો સંકલ્પ ખરા મનથી કરવો જોઈએ. દેવશક્તિઓ શ્રેષ્ઠ સંકલ્પો પૂરા કરવા માટે વિશેષ શક્તિ અને આશીર્વાદ પ્રદાન કરે છે. પૂર્ણાહુતિની સાથે દેવશક્તિઓ સમક્ષ પોતાનો સુનિશ્ચિત સંકલ્પ જાહેર કરીને એ પૂર્ણ કરવાની પ્રાર્થના સાથે પૂર્ણાહુતિ આપવી જોઈએ.

દેવદક્ષિણા રૂપે છોડવાના દોષો તથા અપનાવવા યોગ્ય ગુણો, નિયમોનો ઉલ્લેખ સમય તથા પરિસ્થિતિ પ્રમાણે કરવો જોઈએ. એની યાદી આગળનાં પાનાંમાં આપવામાં આવી છે.

બધા લોકો ઊભા થઈ જાય. દરેક હવનસામગ્રી લઈ લે. ઘી હોમનાર મુખ્ય યજમાન સ્રુચિમાં કોપરાનો સૂકો ગોટો અથવા સોપારી અને ઘી લે, 'સ્વાહા'ની સાથે આહુતિ આપે.

**ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં, પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય, પૂર્ણમેવાવશિષ્યતે ॥**
**ૐ પૂર્ણાદર્વિ પરાપત, સુપૂર્ણા પુનરાપત ।**
**વસ્નેવ વિક્રીણા વહા, ઈષમૂર્જ ્ઁ શતક્રતો સ્વાહા ॥**
**ૐ સર્વં વૈ પૂર્ણ ્ઁ સ્વાહા ।** - બૃહ.ઉ. ૫.૧.૧; યજુ. ૩.૪૯

## ॥ વસોર્ધારા ॥

ઘીની છેલ્લી મોટી આહુતિ વસોર્ધારા અર્થાત્ સ્નેહ-સૌજન્ય છે. શરૂઆતમાં ઘીની સાત આહુતિઓ આપી હતી. એનો અંત વધારે ઉત્સાહપૂર્વક આવવો જોઈએ. વસોર્ધારામાં ઘીની અખંડ ધારા કરવામાં આવે છે અને વધારે ઘી હોમવામાં આવે છે. મોટેભાગે શુભકાર્યોમાં લોકો શરૂઆતમાં ખૂબ સાહસ અને ઉત્સાહ બતાવે છે, પણ પાછળથી ઠંડા થઈ જાય છે. મનસ્વી લોકોની રીત જુદી જ હોય છે. તેઓ જો ધર્મના માર્ગે આગળ વધે છે તો દરેક ડગલે વધારે ઝડપથી આગળ વધે છે અને છેવટે એમાં તન્મય થઈ જાય છે. ભાવના કરો કે યજ્ઞ ભગવાન સત્કાર્યોમાં અવિરત સ્નેહની ધારા વહેવડાવવાની શક્તિ આપણને આપે.

**ૐ વસોઃ પવિત્રમસિ શતધારં, વસોઃ પવિત્રમસિ સહસ્રધારમ્ । દેવસ્ત્વા સવિતા પુનાતુ વસોઃ, પવિત્રેણ શતધારેણ સુપ્વા, કામધુક્ષઃ સ્વાહા ।** - ૧.૩

## ॥ નીરાજનમ્ - આરતી ॥

આરતી ઉતારવાનું તાત્પર્ય એ છે કે યજ્ઞ ભગવાનનું સન્માન, પરમાર્થ-પરાયણતાનો પ્રકાશ દશેય દિશાઓમાં ફેલાય, બધે એમનો જ શંખ વાગે, ઘંટધ્વનિ સંભળાય અને દરેક ધર્મપ્રેમી આ આયોજન

માટે તૈયાર થાય. આરતીમાં પૈસા મૂકવામાં આવે છે એનો અર્થ એ છે કે આવાં સત્પ્રયોજનોમાં સહયોગ આપવો જોઈએ. યજ્ઞ ભગવાનની આરતી-પ્રતિષ્ઠા જ્ઞાનરૂપી દીપકોના પ્રકાશના વિસ્તારથી જ શક્ય બને છે. યજ્ઞીય પરંપરા માત્ર આ આયોજન પૂરતી જ સીમિત ના રહે, પરંતુ એનો ફેલાવો કરવાની વ્યવસ્થા પણ યજ્ઞપ્રેમીઓએ કરવી જોઈએ. આના પ્રતીકરૂપે આરતી ઉતારવામાં આવે છે. થાળીમાં પુષ્પ વગેરેથી સજાવીને આરતી પ્રગટાવો. ત્રણવાર જળ ફેરવીને યજ્ઞ ભગવાન તથા દેવપ્રતિમાઓની આરતી ઉતારો. ફરી ત્રણવાર જળ ફેરવીને લોકોને આરતી આપો. આ કાર્ય પણ એક પ્રતિનિધિ કરે. જરૂર જણાય તો આરતીની સંખ્યા વધારી શકાય.

**ૐ યં બ્રહ્મવેદાન્તવિદો વદન્તિ, પરં પ્રધાનં પુરુષં તથાન્યે ।**
**વિશ્વોદ્‍ગતેઃ કારણમીશ્વરં વા, તસ્મૈ નમો વિઘ્નવિનાશનાય ॥**
**ૐ યં બ્રહ્મા વરુણેન્દ્રરુદ્રમરુતઃ, સ્તુન્વન્તિ દિવ્યૈઃ સ્તવૈઃ,**
**વેદૈઃ સાંગપદક્રમોપનિષદૈઃ, ગાયન્તિ યં સામગાઃ ॥**
**ધ્યાનાવસ્થિત-તદ્‍ગતેન મનસા, પશ્યન્તિ યં યોગિનો,**
**યસ્યાન્તં ન વિદુઃ સુરાસુરગણાઃ, દેવાય તસ્મૈ નમઃ ॥**

## ॥ ઘૃત અવઘ્રાણમ્ ॥

આજ્યાહુતિ હોમ વખતે પ્રણીતામાં ટપકાવેલું ઘી બધા લોકોને પહોંચાડવું. આ જલમિશ્રિત ઘીમાં જમણા હાથની આંગળીઓ બોળીને ઘી લેવું, પછી બંને હથેળીઓમાં ઘસી લેવું. મંત્ર બોલતી વખતે હથેળીઓ યજ્ઞકુંડ તરફ ધરી રાખીને તપાવવી. યજ્ઞીય વાતાવરણ અને સંદેશને મગજમાં ભરી લઈશું, આંખોમાં સમાવી લઈશું, કાનોમાં ગુંજતો રાખીશું, મુખથી એની જ ચર્ચા કરતા રહીશું અને એ જ દિવ્ય સુગંધને સૂંઘતા રહીશું એવું ભાવભર્યું વાતાવરણ બનાવવાની શક્તિ મેળવવાની ઈચ્છા રાખનારાઓને યજ્ઞ ભગવાનના પ્રસાદ એવા ઘૃત અવઘ્રાણથી લાભ થાય છે.

ॐ તનૂપા અગ્નેઽસિ, તન્વં મે પાહિ ।
ॐ આયુર્દા અગ્નેઽસિ, આયુર્મે દેહિ ॥
ॐ વર્ચોદા અગ્નેઽસિ, વર્ચો મે દેહિ ।
ॐ અગ્ને યન્મે તન્વાઽ, ઊનન્તન્મઽઆપૃણ ॥
ॐ મેધાં મે દેવઃ, સવિતા આદધાતુ ।
ॐ મેધાં મે દેવી, સરસ્વતી આદધાતુ ॥
ॐ મેધાં મે અશ્વિનૌ, દેવાવાધત્તાં પુષ્કરસ્રજૌ ।

- પા.ગૃ.સૂ. ૨.૪.૭-૮

## ॥ ભસ્મધારણમ્ ॥

જીવનનો અંત ભસ્મની ઢગલીના રૂપમાં આવે છે. મુઠ્ઠીભર ભસ્મ બનીને હવામાં ઊડી જનાર અકિંચન મનુષ્ય લોભ, મોહ અને અહંકારમાં જ રચ્યોપચ્યો રહે છે તે કેટલું મૂર્ખતાપૂર્ણ છે ! આ દૂરગામી પરંતુ તદ્દન સાચી વાતને જો તે સમજી શક્યો હોત તો તે જિંદગીભર એવાં કામ કરત કે જેથી દેવોને પણ દુર્લભ એવું આ મનુષ્યજીવન વ્યર્થ રીતે વેડફી નાખવાનો પશ્ચાત્તાપ ન કરવો પડત. મૃત્યુ ગમે તે ક્ષણે આવી શકે છે અને આ સુંદર શરીરને જોતજોતામાં રાખની ઢગલી બનાવી દે છે. આ વાત મગજમાં બરાબર યાદ રહે એ માટે મસ્તકે ભસ્મ લગાડવામાં આવે છે. આ ઉપરાંત તેને ગળે, જમણા ખભે તથા હૃદય ઉપર પણ લગાડવામાં આવે છે. મસ્તક અર્થાત્ જ્ઞાન, કંઠ અર્થાત્ વચન, ભુજા અર્થાત્ કર્મ, મન, વચન અને કર્મથી આપણે એવું વિવેકયુક્ત જીવન જીવીએ જેથી તે ધન્ય બની જાય.

સ્રુવ પર ભસ્મ લઈ બધા લોકો પોતાના જમણા હાથની અનામિકા આંગળી પર લઈને મંત્રમાં બતાવેલાં સ્થાનો પર ક્રમશઃ લગાવે છે.

ॐ ત્र्यायुषं જમદગ્નેઃ, ઈતિ લલાટે ।
ॐ કશ્યપસ્ય ત્ર્યાયુષમ્, ઈતિ ગ્રીવાયામ્ ।
ॐ યદ્દેવેષુ ત્ર્યાયુષમ્, ઈતિ દક્ષિણબાહુમૂલે ।
ॐ તન્નો અસ્તુ ત્ર્યાયુષમ્, ઈતિ હૃદિ । - ૩.૬૨

## ॥ ક્ષમા પ્રાર્થના ॥

પોતાના દોષો જોતા રહેવું, જેની સાથે ખરાબ કે અપ્રિય વ્યવહાર થઈ ગયો હોય એનું મનદુઃખ દૂર કરવું, જેને નુકસાન પહોંચાડયું હોય એની ક્ષતિપૂર્તિ કરવી એ સજ્જનતાનું લક્ષણ છે. યજ્ઞકાર્યના વિધિવિધાનમાં કોઈ ત્રુટિ થઈ શકે છે. એના માટે દેવશક્તિઓ અને વ્યક્તિઓ આગળ ક્ષમાયાચના કરી લેવાથી આપણું મન હલકું થઈ જાય છે અને સામેવાળાની અપ્રસન્નતા પણ દૂર થઈ જાય છે. આ આત્મનિરીક્ષણની, આત્મશુદ્ધિની તથા બીજાઓ પ્રત્યે ઉદાત્ત દૃષ્ટિ રાખવાની સજ્જનોચિત પ્રક્રિયા છે. યજ્ઞ વખતે આ પ્રક્રિયા અપનાવતા રહેવા માટે ક્ષમાપ્રાર્થનાનું વિધાન યજ્ઞ આયોજનના અંતમાં રાખવામાં આવ્યું છે. બધા લોકો હાથ જોડીને ઊભા થઈને મંત્ર બોલે, સાથે સાથે મનમાં એવી જ ભાવના કરે.

ॐ આવાહનં ન જાનામિ, નૈવ જાનામિ પૂજનમ્ ।
વિસર્જનં ન જાનામિ, ક્ષમસ્વ પરમેશ્વર ! ॥૧॥
મંત્રહીનં ક્રિયાહીનં, ભક્તિહીનં સુરેશ્વર !
યત્પૂજિતં મયા દેવ ! પરિપૂર્ણં તદસ્તુ મે ॥૨॥
યદક્ષરપદભ્રષ્ટં, માત્રાહીનં ચ યદ્ ભવેત્ ।
તત્સર્વં ક્ષમ્યતાં દેવ ! પ્રસીદ પરમેશ્વર ! ॥૩॥
યસ્ય સ્મૃત્યા ચ નામોક્ત્યા, તપોયજ્ઞક્રિયાદિષુ ।
ન્યૂનં સંપૂર્ણતાં યાતિ, સદ્યો વન્દે તમચ્યુતમ્ ॥૪॥
પ્રમાદાત્કુર્વતાં કર્મ, પ્રચ્યવેતાધ્વરેષુ યત્ ।
સ્મરણાદેવ તદ્વિષ્ણોઃ સંપૂર્ણં સ્યાદિતિશ્રુતિઃ ॥૫॥

## ॥ સાષ્ટાંગ નમસ્કાર ॥

સર્વવ્યાપી વિરાટ બ્રહ્મને-વિશ્વ બ્રહ્માંડને ભગવાનનું દૃશ્ય રૂપ માનીને "સિયારામમય સબ જગ જાની । કરૌં પ્રણામ જોરિ જુગ પાની ॥"ની ભાવનાથી જમીન પર માથું ટેકવીને દેવશક્તિઓને, મહામાનવોને ભાવવિભોર થઈને નમસ્કાર કરવામાં આવે છે. એમનાં ચરણોમાં પોતાને સમર્પિત કરવાનો અર્થાત્ એમનું અનુકરણ કરવાનો સંકલ્પ, આશ્વાસન વ્યક્ત કરવામાં આવે છે. આને જ સાષ્ટાંગ નમસ્કાર કહેવામાં આવે છે.

ૐ નમોઽસ્ત્વનન્તાય સહસ્રમૂર્તયે, સહસ્રપાદાક્ષિશિરોરુબાહવે ।
સહસ્રનામ્ને પુરુષાય શાશ્વતે, સહસ્રકોટીયુગધારિણે નમઃ ॥

## ॥ શુભકામના ॥

આ શુભકામના બધાના કલ્યાણની ભાવનાથી કરવામાં આવે છે. આપણા મનમાં કોઈના પ્રત્યે દ્વેષ ના હોવો જોઈએ. આપણે કદી કોઈનું અશુભ ન વિચારીએ. જેમની સાથે આપણા સંબંધો સારા ન હોય એમના માટે પણ મંગલકામના જ કરવી જોઈએ. કોઈના માટે દ્વેષ કે ખરાબ ભાવ રાખવો ન જોઈએ. બધાના કલ્યાણમાં જ આપણું કલ્યાણ રહેલું છે, પરમાર્થની સાથે સ્વાર્થ રહેલો છે એવો ભાવ રાખીને આપણે સર્વમંગલની, લોકકલ્યાણની પ્રાર્થના કરવી જોઈએ.

બધા લોકો બંને હાથ ફેલાવે અથવા અંજલિ બનાવે. યાચનાની મુદ્રામાં હાથ રાખવા. મંત્રોચ્ચારની સાથે બધાના કલ્યાણની ભાવના રાખવી.

ૐ સ્વસ્તિ પ્રજાભ્યઃ પરિપાલયન્તાં, ન્યાય્યેન માર્ગેણ મહીં મહીશાઃ ।
ગોબ્રાહ્મણેભ્યઃ શુભમસ્તુ નિત્યં, લોકાઃ સમસ્તાઃ સુખિનો ભવન્તુ॥
સર્વે ભવન્તુ સુખિનઃ, સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત્ ॥૨॥

**શ્રદ્ધાં મેધાં યશઃ પ્રજ્ઞાં, વિદ્યાં પુષ્ટિં શ્રિયં બલમ્ ।**
**તેજ આયુષ્યમારોગ્યં, દેહિ મે હવ્યવાહન ! ॥૩॥**

## ॥ પુષ્પાંજલિ ॥

પુરુષ સૂક્તના મંત્રોથી શરૂ કરીને દેવોના આગમન વખતે એમનું આતિથ્ય, સ્વાગત-સત્કાર કર્યો હતો. હવે વિદાય સત્કારના રૂપમાં પુષ્પાંજલિ આપવામાં આવે છે.

બધા લોકો હાથમાં ફૂલ અથવા પીળા ચોખા લે છે. પછી પુષ્પવર્ષાની જેમ એમને દેવશક્તિઓ પર વરસાવવામાં આવે છે. ફૂલહાર કે ગુલદસ્તો પણ ચઢાવી શકાય છે. ફૂલોને ભાવભરી સહજ શ્રદ્ધાનું પ્રતીક માનવામાં આવે છે. એ અર્પણ કરવાનું તાત્પર્ય એ છે કે આપણે સન્માનની ભાવના અભિવ્યક્ત કરીએ છીએ.

આ વિશ્વમાં અસુરતા અને દેવત્વ એમ બે જ વર્ગ અંધકાર અને પ્રકાશના રૂપમાં છે. એમને જ સ્વાર્થ અને પરમાર્થ, નિકૃષ્ટતા અને ઉત્કૃષ્ટતા કહેવાય છે. બંનેમાંથી એકને મુખ્ય અને બીજાને ગૌણ રાખવું પડે છે. જો ભોગવાદી અસુરતા પ્રિય હશે તો મોહ, લોભ, અહંકાર, તૃષ્ણા તથા વાસનામાં રુચિ રહેશે અને એના માટે જ નિરંતર મરતા રહીશું. પછી જીવનના ઉચ્ચ ઉદ્દેશ્યને પૂર્ણ કરવા સત્કર્મ કરવાની ઈચ્છા નહિ થાય અને એવો અવસર પણ નહિ મળે, પરંતુ જો દેવત્વનું લક્ષ્ય હશે તો શરીરનો નિર્વાહ થાય અને પરિવારની યોગ્ય જરૂરિયાતો પૂરી થાય એટલાં સાધન એકઠાં કર્યા પછી ઉત્કૃષ્ટ ચિંતન અને આદર્શ કાર્યો માટે મસ્તકમાં પૂરતી જગ્યા રહેશે અને શરીરને પૂરતો અવસર મળશે. દેવત્વનો માર્ગ ઉન્નતિનો માર્ગ છે જ્યારે અસુરતાનો માર્ગ કષ્ટ અને ક્લેશથી ભરેલો પતનનો માર્ગ છે. એ બેમાંથી કયો માર્ગ પસંદ કર્યો, કોને પોતાના જીવનનું લક્ષ્ય બનાવ્યું એનો ઉત્તર પુષ્પાંજલિ વખતે આપવામાં આવે છે. વિદાય વખતે ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો અર્થ એ છે કે આપણને દેવત્વ પ્રિય છે. આપણે એને જ લક્ષ્ય બનાવ્યું છે અને આપણે એ જ માર્ગે ચાલીશું.

ॐ યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાઃ, તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ।
તે હ નાકં મહિમાનઃ સચન્ત, યત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ॥
ॐ મન્ત્રપુષ્પાંજલિં સમર્પયામિ ॥ - ૩૧.૧૬

## ॥ શાન્તિ - અભિષિંચનમ્ ॥

યજ્ઞશાળાના દિવ્ય વાતાવરણમાં રાખી મૂકેલો જળકળશ પોતાની અંદર એવાં મંગલકારી દિવ્યતત્ત્વોને ધારણ કરી લે છે કે જે મનુષ્યના શારીરિક સ્વાસ્થ્ય, માનસિક શાંતિ અને આત્મિક ગૌરવની અભિવૃદ્ધિમાં મદદરૂપ બને છે. ફૂલથી એ કળશનું જલ બધા લોકો પર છાંટવાની સાથે સાથે એવી ભાવના કરવી કે યજ્ઞની ભૌતિક તથા આત્મિક ઉપલબ્ધિઓ આ જળના માધ્યમથી બધા લોકોને પ્રાપ્ત થઈ રહી છે અને તેઓ અસત્યમાંથી સત્ય તરફ, અંધકારથી પ્રકાશ તરફ અને મૃત્યુથી અમૃત તરફ આગળ વધશે.

ॐ દ્યૌઃ શાન્તિરન્તરિક્ષ ૐ શાન્તિઃ, પૃથિવી શાન્તિરાપઃ, શાન્તિરોષધયઃ શાન્તિઃ । વનસ્પતયઃ શાન્તિર્વિશ્વેદેવાઃ, શાન્તિર્બ્રહ્મશાન્તિઃ, સર્વ ૐ શાન્તિઃ, શાન્તિરેવ શાન્તિઃ, સા મા શાન્તિરેધિ ॥ ॐશાન્તિઃ, શાન્તિઃ, શાન્તિઃ । સર્વારિષ્ટ-સુશાન્તિર્ભવતુ ॥ - ૩૬.૧૭

## ॥ સૂર્યાર્ઘ્યદાનમ્ ॥

સૂર્યાર્ઘ્યદાન દરેક ઉપાસનાત્મક કર્મ પછી કરવામાં આવે છે. પાણીનો સ્વભાવ નીચેની તરફ વહેવાનો છે, પરંતુ સૂર્યની ગરમીથી તે ઊર્ધ્વગામી બની જાય છે, અસીમ આકાશમાં વિચરણ કરે છે. સાધક ભાવના કરે છે કે મારી હીન વૃત્તિઓ સવિતાદેવના સંપર્કથી ઊર્ધ્વગામી બને, વિરાટમાં ફેલાઈ જાય. સીમિત જીવ, ચંચળ જીવન અસીમ અને અવિચળ બ્રહ્મ સાથે જોડાઈ જાય. આ જ સૂર્યને અર્ઘ્યનું દાન કરવા પાછળની ભાવના છે.

સૂર્ય તરફ મુખ રાખી કળશના પાણીની ધીરે ધીરે ધાર કરવી. નીચે થાળ રાખીને એમાં જળ એકઠું કરીને કોઈ પવિત્ર સ્થળે તેનું

વિસર્જન પણ કરી શકાય.

ૐ સૂર્યદેવ ! સહસ્રાંશો, તેજોરાશે જગત્પતે ।
અનુકમ્પય માં ભક્ત્યા, ગૃહાણાર્ધ્યં દિવાકર ॥

ૐ સૂર્યાય નમઃ, આદિત્યાય નમઃ, ભાસ્કરાય નમઃ ॥

## ॥ પ્રદક્ષિણા ॥

અત્યાર સુધી બેસી રહીને મન અને વચનથી જ મંત્રોચ્ચાર કરવામાં આવ્યો. માત્ર હાથનો જ ઉપયોગ થયો. હજુ યજ્ઞના માર્ગે ચાલવાનું બાકી છે. એના પર જ ભાવનાની શુદ્ધિની, યજ્ઞપ્રક્રિયાની સફળતાનો આધાર રહેલો છે. હવે આ કર્મયાત્રા શરૂ થાય છે. યજ્ઞ અનુષ્ઠાનમાં જે દિશામાં ચાલવાનો સંકેત છે એ જ દિશામાં ચાલવાની શરૂઆત પ્રદક્ષિણા દ્વારા કરવામાં આવે છે. કાર્યનાં ચાર ચરણ છે - (૧) સંકલ્પ (૨) પ્રારંભ (૩) પુરુષાર્થ (૪) તન્મયતા. આ ચારેય પ્રક્રિયાઓનો સમન્વય કરીને જે કાર્ય કરવામાં આવે તે અવશ્ય સફળ થાય છે. યજ્ઞમય જીવન જીવવા માટે ચાર ડગલાં ભરવાનો, ચાર અધ્યાય પૂરા કરવાનો અભ્યાસ કરવામાં આવ્યો. એક્તા, સમતા, મમતા, શુચિતા ચારેય લક્ષ્ય પૂરાં કરવા માટે સાધના, સ્વાધ્યાય, સેવા અને સંયમની પ્રવૃત્તિઓ અપનાવવા માટે ચાર પરિક્રમાંઓ છે. આપણે આ માર્ગે આગળ વધીએ એવો સંકલ્પ પ્રદક્ષિણા કરતી વખતે હૃદયંગમ કરવો જોઈએ અને એ માર્ગે સતત ચાલતા રહેવું જોઈએ.

બધા લોકો જમણા હાથ તરફ ફરતા ફરતા યજ્ઞશાળાની પ્રદક્ષિણા કરે. જો જગ્યા ઓછી હોય તો પોતાની જગ્યાએ જ ઊભા રહીને ગોળ ગોળ ફરીને એક પ્રદક્ષિણા કરવાથી પણ કામ ચાલી જાય છે.

પરિક્રમા કરતી વખતે હાથ જોડીને ગાયત્રી વંદના કે યજ્ઞમહિમાનું ગાન કરવું. પરિક્રમા ફક્ત મંત્રથી કરવી, કોઈ એક સ્તુતિ કરવી કે બંને એ સમયની મર્યાદાને ધ્યાનમાં રાખીને નક્કી કરવું.

ॐ યાનિ કાનિ ચ પાપાનિ, જ્ઞાતાજ્ઞાતકૃતાનિ ચ ।
તાનિ સર્વાણિ નશ્યન્તિ, પ્રદક્ષિણ- પદે પદે ॥

* * *

## ॥ ગાયત્રી-સ્તુતિ ॥

જયતિ જય ગાયત્રી માતા, જયતિ જય ગાયત્રી માતા ।
આદિ શક્તિ તુમ અલખ-નિરંજન જગ પાલન કર્ત્રી ।
દુઃખ-શોક-ભય-ક્લેશ-કલહ-દારિદ્રય-દૈન્યહર્ત્રી ॥ જયતિ૦॥
બ્રહ્મરૂપિણી પ્રણત પાલિની, જગત્ ધાતૃ અમ્બે ।
ભવભયહારી જન-હિતકારી, સુખદા જગદમ્બે ॥ જયતિ૦॥
ભયહારિણિ ભવતારિણિ અનઘે, અજ આનન્દ રાશી ।
અવિકારી અઘહરી અવિચલિત અમલે અવિનાશી ॥જયતિ૦॥
કામધેનુ સત-ચિત આનન્દા, જય ગંગા-ગીતા ।
સવિતાકી શાશ્વતી શક્તિ તુમ સાવિત્રીસીતા ॥ જયતિ૦॥
ઋગ્, યજુ, સામ, અથર્વ પ્રણયિની, પ્રણવ મહામહિમે ।
કુંડલિની સહસ્રાર સુષુમ્ના, શોભા ગુણ-ગરિમે ॥ જયતિ૦॥
સ્વાહા સ્વધા શચી બ્રહ્માણી, રાધા રુદ્રાણી ।
જય સતરૂપા વાણી, વિદ્યા, કમલા, કલ્યાણી ॥ જયતિ૦ ॥
જનની હમ હૈં દીન-હીન, દુઃખ દારિદ્રય કે ઘેરે ।
યદપિ કુટિલ કપટી કપૂત, તઊ બાલક હૈં તેરે ॥જયતિ૦ ॥
સ્નેહસની કરુણામયિ માતા ! ચરણ શરણ દીજૈ ।
બિલખ રહે હમ શિશુ સુત તેરે, દયા દૃષ્ટિ કીજૈ ॥જયતિ૦ ॥
કામ-ક્રોધ-મદ-લોભ-દંભ-દુર્ભાવ-દ્વેષ હરિયે ।
શુદ્ધ બુદ્ધિ નિષ્પાપ હૃદય, મનકો પવિત્ર કરિયે ॥ જયતિ૦ ॥
તુમ સમર્થ સબ ભ્રાંતિ તારિણી, તુષ્ટિ-પુષ્ટિ ત્રાતા ।
સત મારગ પર હમેં ચલાઓ જો હૈ સુખ દાતા ॥
જયતિ જય ગાયત્રી માતા । જયતિ જય ગાયત્રી માતા ॥

## ॥ યજ્ઞ મહિમા ॥

યજ્ઞ રૂપ પ્રભો હમારે, ભાવ ઉજ્જ્વલ કીજિએ ।
છોડ દેવેં છલ કપટકો, માનસિક બલ દીજિએ ॥
વેદકી બોલેં ઋચાએં, સત્યકો ધારણ કરેં ।
હર્ષમેં હોં મગ્ન સારે, શોક સાગર સે તરેં ॥
અશ્વમેધાદિક રચાએં યજ્ઞ પર ઉપકારકો ।
ધર્મ મર્યાદા ચલાકર, લાભ દેં સંસારકો ॥
નિત્ય શ્રદ્ધા-ભક્તિ સે યજ્ઞાદિ હમ કરતે રહેં ।
રોગપીડિત વિશ્વકે સન્તાપ સબ હરતે રહેં ॥
કામના મિટ જાએ મનસે, પાપ અત્યાચારકી ।
ભાવનાએં શુદ્ધ હોવેં, યજ્ઞસે નર-નારિકી ॥
લાભકારી હો હવન, હર જીવધારી કે લિએ ।
વાયુ-જલ સર્વત્ર હોં, શુભ ગન્ધકો ધારણ કિએ ॥
સ્વાર્થ ભાવ મિટે હમારા, પ્રેમ-પથ વિસ્તાર હો ।
'ઈદં ન મમ' કા સાર્થક, પ્રત્યેકમેં વ્યવહાર હો ॥
હાથ જોડ ઝુકાયે મસ્તક, વન્દના હમ કર રહે ।
નાથ કરુણારૂપ કરુણા, આપકી સબ પર રહે ॥
યજ્ઞ રૂપ પ્રભો હમારે, ભાવ ઉજ્જ્વલ કીજિએ ।
છોડ દેવેં છલ કપટકો, માનસિક બલ દીજિએ ॥

## ॥ ગુરુવન્દના ॥

એક તુમ્હીં આધાર સદ્‌ગુરુ, એક તુમ્હીં આધાર ।
જબ તક મિલો ન તુમ જીવનમેં ।
શાન્તિ કહાં મિલ સકતી મનમેં ॥
ખોજ ફિરા સંસાર સદ્‌ગુરુ ॥ એક તુમ્હીં૦ ॥
કૈસા ભી હો તૈરન હારા ।

મિલે ન જબ તક શરણ સહારા ॥
હો ન સકા ઉસ પાર સદ્‌ગુરુ ॥ એક તુમ્હીં૦ ॥
હે પ્રભુ ! તુમ્હીં વિવિધ રૂપોંમેં
હમેં બચાતે ભવ કૂપોંસે ॥
ઐસે પરમ ઉદાર સદ્‌ગુરુ ॥ એક તુમ્હીં૦ ॥
હમ આયે હૈં દ્વાર તુમ્હારે ।
અબ ઉદ્ધાર કરો દુઃખહારે ॥
સુન લો દાસ પુકાર સદ્‌ગુરુ ॥ એક તુમ્હીં૦ ॥
છા જાતા જગમેં અંધિયારા ।
તબ પાને પ્રકાશકી ધારા ।
આતે તેરે દ્વાર સદ્‌ગુરુ ॥ એક તુમ્હીં૦ ॥

## આપણો યુગનિર્માણ સત્સંકલ્પ

- અમે ઈશ્વરને સર્વવ્યાપી તથા ન્યાયકારી માનીને એમના અનુશાસનને અમારા જીવનમાં ઉતારીશું.
- શરીરને ભગવાનનું મંદિર સમજીને આત્મસંયમ અને નિયમિતતા દ્વારા આરોગ્યનું રક્ષણ કરીશું.
- મનને કુવિચારો અને દુર્ભાવનાઓથી બચાવવા માટે સ્વાધ્યાય અને સત્સંગની વ્યવસ્થા રાખીશું.
- ઈન્દ્રિયસંયમ, અર્થસંયમ, સમયસંયમ અને વિચારસંયમનો સતત અભ્યાસ કરીશું.
- પોતાને સમાજનું એક અભિન્ન અંગ માનીશું અને બધાના હિતમાં પોતાનું હિત સમજીશું.
- મર્યાદાઓ પાળીશું, ખરાબ ટેવોથી દૂર રહીશું, નાગરિક કર્તવ્યોનું પાલન કરીશું અને સમાજનિષ્ઠ બની રહીશું.
- સમજદારી, ઈમાનદારી, જવાબદારી અને બહાદુરીને જીવનનું એક અભિન્ન અંગ માનીશું.
- ચારે તરફ મધુરતા, સ્વચ્છતા, સાદગી તથા સજ્જનતાનું

વાતાવરણબનાવીશું.

- અનીતિથી મળેલી સફળતા કરતાં નીતિ પર ચાલતાં મળેલી નિષ્ફળતાને માથે ચડાવીશું.
- મનુષ્યનું મૂલ્યાંકન એની સફળતાઓ, યોગ્યતાઓ અને વિભૂતિઓ દ્વારા નહિ, પરંતુ એના સદ્‌વિચારો દ્વારા કરીશું.
- જે અમને પોતાના માટે પસંદ ન હોય એવું વર્તન બીજા સાથે નહિ કરીએ.
- અમે નર અને નારી પ્રત્યે પવિત્ર દૃષ્ટિ રાખીશું.
- સંસારમાં સત્પ્રવૃત્તિઓને ફેલાવવા માટે અમારા સમય, પ્રભાવ, જ્ઞાન, પુરુષાર્થ તથા ધનનો એક અંશ નિયમિત રૂપે વાપરતા રહીશું.
- પરંપરાઓની તુલનામાં વિવેકને મહત્ત્વ આપીશું.
- સજ્જનોને સંગઠિત કરવા, અનીતિ સામે લડવા અને નવસર્જનનાં કાર્યોમાં પૂરી રુચિ લઈશું.
- રાષ્ટ્રીય એકતા તથા સમતા પ્રત્યે નિષ્ઠાવાન રહીશું. જાતિ, લિંગ, ભાષા, પ્રાંત, સંપ્રદાય વગેરેના કારણે પરસ્પર કોઈપણ પ્રકારનો ભેદભાવ નહિ રાખીએ.
- 'મનુષ્ય પોતે જ પોતાના ભાગ્યનો નિર્માતા છે' એ વિશ્વાસના આધારે અમારી માન્યતા છે કે અમે ઉત્કૃષ્ટ બનીશું અને બીજાઓને શ્રેષ્ઠ બનાવીશું. તો યુગ અવશ્ય બદલાશે.
- 'આપણે બદલાઈશું તો યુગ બદલાશે', 'આપણે સુધરીશું તો યુગ સુધરશે' એ તથ્ય પર અમોને સંપૂર્ણ વિશ્વાસ છે.

## ॥ વિસર્જનમ્ ॥

આવાહન કરવામાં આવેલ યજ્ઞપુરુષ, ગાયત્રી માતા તથા દેવપરિવારને ભાવભરી વિદાય આપતાં પૂજાવેદી પર પુષ્પવર્ષા કરવામાં આવે છે. ફૂલ ના હોય તો પીળા ચોખા નાખવા. વિસર્જનની સાથે એવી પ્રાર્થના કરવી કે આવી દૈવીકૃપા અમને વારંવાર મળતી રહે.

ॐ ગચ્છ ત્વં ભગવન્નગ્ને, સ્વસ્થાને કુંડમધ્યતઃ ।
હુતમાદાય દેવેભ્યઃ, શીઘ્રં દેહિ પ્રસીદ મે ॥
ગચ્છ ગચ્છ સુરશ્રેષ્ઠ, સ્વસ્થાને પરમેશ્વર ! ।
યત્ર બ્રહ્માદયો દેવાઃ, તત્ર ગચ્છ હુતાશન ! ॥
યાન્તુ દેવગણાઃ સર્વે, પૂજામાદાય મામકીમ્ ।
ઈષ્ટકામસમૃદ્ધ્યર્થં, પુનરાગમનાય ચ ॥

ત્યાર પછી જયઘોષ અને અંતમાં પ્રસાદ વહેંચીને કાર્યક્રમ પૂરો કરવો.

## ॥ જયઘોષ ॥

૧. ગાયત્રી માતાની-જય
૨. યજ્ઞ ભગવાનની-જય
૩. વેદ ભગવાનની-જય
૪. ભારતીય સંસ્કૃતિની-જય
૫. ભારત માતાની-જય
૬. એક બનેંગે-નેક બનેંગે
૭. હમ સુધરેંગે-યુગ સુધરેગા
૮. હમ બદલેંગે-યુગ બદલેગા
૯. વિચારક્રાન્તિ અભિયાન-સફલ હો, સફલ હો, સફલ હો.
૧૦. જ્ઞાનયજ્ઞકી લાલ મશાલ-સદા જલેગી, સદા જલેગી.
૧૧. જ્ઞાનયજ્ઞકી જ્યોતિ જલાને-હમ ઘર-ઘરમેં જાયેંગે
૧૨. નયા સવેરા નયા ઉજાલા-ઈસ ધરતી પર લાયેંગે.
૧૩. નયા સમાજ બનાયેંગે - નયા જમાના લાયેંગે.
૧૪. જન્મ જહાં પર - હમને પાયા.
૧૫. અન્ન જહાં કા - હમને ખાયા.
૧૬. વસ્ત્ર જહાં કે - હમને પહને.
૧૭. જ્ઞાન જહાં સે - હમને પાયા.
૧૮. વહ હૈ પ્યારા - દેશ હમારા.
૧૯. દેશકી રક્ષા કૌન કરેગા - હમ કરેંગે, હમ કરેંગે.
૨૦.. યુગનિર્માણ કૈસે હોગા - વ્યક્તિ કે નિર્માણસે.

૨૧. માં કા મસ્તક ઊંચા હોગા - ત્યાગ ઔર બલિદાનસે.
૨૨. નિત્ય સૂર્યકા ધ્યાન કરેંગે - અપની પ્રતિભા પ્રખર કરેંગે.
૨૩. માનવ માત્ર - એક સમાન
૨૪. જાતિ વંશ સબ - એક સમાન
૨૫. નર ઔર નારી - એક સમાન
૨૬. નારીકા સમ્માન જહાં હૈ - સંસ્કૃતિકા ઉત્થાન વહાં હૈ
૨૭. જાગેગી ભાઈ જાગેગી - નારી શકિત જાગેગી.
૨૮. હમારી યુગનિર્માણ યોજના-સફલ હો, સફલ હો, સફલ હો
૨૯. હમારા યુગનિર્માણ સત્સંકલ્પ-પૂર્ણ હો, પૂર્ણ હો, પૂર્ણ હો.
૩૦. એકવીસમી સદી - ઉજ્જવલ ભવિષ્ય
૩૧. વન્દે-વેદ માતરમ્.

## ॥ દેવદક્ષિણા-શ્રદ્ધાંજલિ ॥

યજ્ઞ આયોજનમાં હાજર રહેલા દરેક માણસે યજ્ઞ ભગવાનને, દેવોને શ્રદ્ધા-દક્ષિણાના રૂપે પોતાની શારીરિક, માનસિક કે સામાજિક દુષ્પ્રવૃત્તિઓમાંથી કોઈ એક છોડી રહ્યો છું એમ સંકલ્પપૂર્વક કહેવું જોઈએ. કુમાર્ગ છોડીને સન્માર્ગ અપનાવવાનું સાહસ કોણે કેટલું કર્યું તેના આધારે જ દેવો ભકતની શ્રદ્ધા-ભકિતની પરીક્ષા કરે છે. આ સાહસ જ એ મૂડી છે, જેના આધારે દૈવી શકિતઓની પ્રસન્નતા તથા અનુકંપા પ્રાપ્ત કરી શકાય છે. યજ્ઞમાં બધા દેવો સૂક્ષ્મ સ્વરૂપે ઉપસ્થિત હોય છે ત્યારે ત્યાં હાજર રહેલા દરેક સજ્જને એમને કંઈક ભેટ આપવી જોઈએ. ખાલી હાથે વિદાય ન કરવા જોઈએ. છોડવા લાયક દુષ્પ્રવૃત્તિઓમાંથી કેટલીક અહીં આપવામાં આવી છે :

## છોડવા યોગ્ય દુષ્પ્રવૃત્તિઓ

(૧) ચોરી, બેઈમાની, છળકપટ, નફાખોરી, હરામની કમાણી વગેરે છોડવાં. અનીતિથી દૂર રહેવું. અનીતિથી કમાયેલા ધનનો ઉપયોગ ન કરવો.

(૨) માંસાહાર તથા કતલ કરેલાં પશુઓના ચામડાનો ઉપયોગ ન કરવો.

(૩) પશુબલિ આપીને અથવા બીજાઓને કષ્ટ પહોંચાડીને પોતાનું ભલું કરવાની વૃત્તિ છોડવી

(૪) લગ્નોમાં વરપક્ષ દ્વારા દહેજ માગવાનો તથા કન્યાપક્ષ દ્વારા ઘરેણાં માગવાનો આગ્રહ ન રાખવો.

(૫) લગ્નોમાં ધામધૂમ કરવામાં ધન અને સમય બરબાદ ન કરવાં.

(૬) તમાકુ, દારૂ, ભાંગ, ગાંજો, અફીણ તથા બીજી નશાકારક ચીજોનો ત્યાગ કરવો.

(૭) ગાળાગાળી અને કડવાં વચન ન બોલવાં.

(૮) ઘરેણાં અને ફેશનનો ત્યાગ કરવો.

(૯) થાળીમાં એંઠું ન છોડવું. અન્નની બરબાદી ન કરવી.

(૧૦) નાતજાતના આધારે ઊંચનીચનો ભેદભાવ ન રાખવો.

(૧૧) લાજ કાઢવાનો રિવાજ છોડી દેવો. કોઈને લાજ કાઢવાની ફરજ ન પાડવી. પોતે પણ લાજ ન કાઢવી.

(૧૨) સ્ત્રીઓ અને છોકરીઓની પ્રત્યે, પુરુષો અને છોકરાઓની સરખામણીમાં ભેદભાવ ન રાખવો કે પક્ષપાત ન કરવો.

## અપનાવવા યોગ્ય સત્પ્રવૃત્તિઓ

(૧) ઓછામાં ઓછી દસ મિનિટ નિત્ય નિયમિત ગાયત્રી ઉપાસના

(૨) ઘરમાં પોતાનાથી મોટાંઓને વંદન કરવાં.

(૩) નાનાંઓના સન્માનનું ધ્યાન રાખવું. એમને 'તું' કહીને ન બોલાવવાં.

(૪) પોતાની ફરજ પ્રત્યે સભાન રહેવું અને તેનું પાલન કરવું.

(૫) મહેનત કરવાની ટેવ પાડવી. કોઈ કામને નાનું ન માનવું.

(૬) નિયમિત સ્વાધ્યાય કરવો. જીવનને સાચી દિશા બતાવનાર સારું સાહિત્ય રોજ ઓછામાં ઓછું અડધો કલાક વાંચવું યા સાંભળવું.

(૭) ભારતીય સંસ્કૃતિના પ્રતીકરૂપ શિખા તથા જનોઈનું મહત્ત્વ સમજીને નિષ્ઠાપૂર્વક ધારણ કરવાં. બીજાઓને પ્રેરણા આપવી.

(૮) સાદું જીવન ગાળવું. સરેરાશ ભારતીય સ્તરની રહેણીકરણીની ટેવ પાડવી. એમાં ગૌરવનો અનુભવ કરવો.

(૯) જ્ઞાનયજ્ઞ એટલે કે સદ્‌વિચારોના પ્રચાર માટે ઓછામાં ઓછા વીસ, પૈસા અને દરરોજ એક કલાકનો સમય આપવાં.

(૧૦) કુટુંબમાં સામૂહિક ઉપાસના, આરતી વગેરેનો ક્રમ રાખવો.

(૧૧) દર વર્ષે પોતાનો જન્મદિવસ સામૂહિક રૂપમાં યજ્ઞીય વાતાવરણમાં ઊજવવો તથા જીવનની સાર્થકતા માટે વ્રતશીલ જીવનક્રમ અપનાવવો.

(૧૨) સમાજ પ્રત્યે આપણી જવાબદારીઓ નિભાવવામાં જાગરૂક રહેવું. સમાજમાં સત્પ્રવૃત્તિઓ વધારવા કરવામાં આવતા સામૂહિક પ્રયાસોમાં ફાળો આપવો.

આ શ્રદ્ધાંજલિ માટે છાપેલા પ્રતિજ્ઞાપત્રો જે ભરવા ઈચ્છતા હોય તેમને આપવા અને એ ભરવા અનુરોધ કરવો. જે દુષ્પ્રવૃત્તિઓ છોડી હોય એમની આગળ નિશાની કરીને અર્પણ કરનારે પોતાનું નામ-સરનામું લખીને પાછા આપવા. એ જ દુષ્પ્રવૃત્તિ છોડવી જોઈએ જે એ વખતે પોતાની અંદર હોય. જે ન હોય તેને છોડવાનો કોઈ અર્થ નથી. જે પ્રતિજ્ઞા કરી હોય તેનું દૃઢતાપૂર્વક પાલન કરવું જોઈએ.

શ્રદ્ધાંજલિ અર્પણ કરનારાઓને પુરોહિત મંગલ આશીર્વાદ આપે. તિલક કરીને મંગલ પુષ્પોપહાર આપતા જાય. પ્રતિજ્ઞાપત્ર ફૂલચોખા સાથે જમણા હાથમાં રાખવો તથા ડાબો હાથ નીચે રાખવો. સંકલ્પ વાંચી અને એ ત્રણેય વસ્તુઓ પૂજનવેદી પર મૂકેલા થાળમાં લાઈનમાં જઈને મૂકી દેવી.

# ॥ વિશિષ્ટ પ્રકરણ ॥

## ॥ શકિતપીઠોની દૈનિકપૂજા ॥

ગાયત્રી શકિતપીઠોમાં માતૃશક્તિની પ્રતિમાઓની સ્થાપના થયેલી છે. તેથી તેમની નિયમિત પૂજા-અર્ચનાનો ક્રમ ચાલે છે. એ માટે આ પદ્ધતિ આપવામાં આવી રહી છે. યુગનિર્માણ અભિયાનની અંતર્ગત અપનાવવામાં આવેલ દરેક કર્મકાંડ પાછળ એવી દૃષ્ટિ રાખવામાં આવી છે કે એનું કલેવર નાનું હોવા છતાં પણ તેનો પ્રભાવ અદ્ભુત રહે.

દૈનિક પૂજામાં પણ આ દૃષ્ટિ જીવંત રાખવી જોઈએ. પ્રતીકપૂજા મનોવૈજ્ઞાનિક છે, એટલું જ નહિ, એનું એક આગવું વિધાન પણ છે. પ્રતીકથી ભાવનામાં વધારો થાય છે અને પ્રખર ભાવનાથી જે તે પ્રતીક સંબંધી દિવ્યસત્તા પ્રગટ થયા વગર નથી રહેતી. જ્યાં પૂજા-આરાધના કરનાર વ્યક્તિ ભાવનાશીલ હોય છે ત્યાં મૂર્તિમાં દિવ્યતા વધે છે. મીરાબાઈ અને શ્રીરામકૃષ્ણ પરમહંસનાં ઉદાહરણો સર્વવિદિત છે. આથી ભારતીય સંસ્કૃતિમાં પ્રતીકપૂજાની સાથે ભાવભરી પૂજા-આરાધનાને અનિવાર્યરૂપે જોડવામાં આવી છે. શક્તિપીઠોમાં પૂજાઉપચાર ભલે થોડા થાય, પરંતુ જો તે નિયમિત અને ભાવપૂર્ણ હોય તો એનો પ્રત્યક્ષ પ્રભાવ અનુભવી શકાય છે. એ સ્થિતિમાં પૂજા-ઉપચાર માત્ર ઔપચારિકતા યા શિષ્ટાચાર સુધી જ સીમિત રહેતો નથી. તે એક પ્રભાવશાળી સાધના પ્રક્રિયાના રૂપમાં ફલિત થાય છે. શક્તિપીઠોમાં આ સાધનાક્રમને પણ પૂરતું મહત્ત્વ આપવું જરૂરી છે. દેવાલયોમાં પૂજનવિધિ લાંબી કે ટૂંકી ચાલતી જ હોય છે. ગાયત્રી શક્તિપીઠોનો સામાન્ય કર્મકાંડનો ભાવભર્યો પૂજનક્રમ અહીં આપવામાં આવ્યો છે.

**(૧) જાગરણ** - પ્રાતઃકાળે મંદિરના દરવાજા ખોલીને રાત્રે મૂર્તિ પર ઓઢાડવામાં આવેલ વસ્ત્ર દૂર કરતા પહેલાં એમને જગાડવાનું વિધાન છે. એ સાચું છે કે એ પરમસત્તા કદી સૂઈ જતી નથી. પરંતુ એ પણ સાચું છે કે એ ઘટઘટવાસીને જ્યાં સુધી પોતાની

અંદર જાગૃત ન કરવામાં આવે ત્યાં સુધી એમનો પ્રત્યક્ષ પ્રભાવ જોવા નહિ મળે. મનમંદિર હોય કે દેવમંદિર, પણ એ મહાશક્તિની વિશેષ કૃપા મેળવવાની આકાંક્ષા રાખનારે એમને જગાડવાની પ્રક્રિયા પણ નિભાવવી પડે છે.

જાગરણ ક્રમમાં પૂજારી પહેલાં પવિત્રીકરણ વગેરે ષટ્કર્મ કરે. એના પછી તાલી યા નાની ઘંટડી વગાડીને નીચે આપેલો મંત્ર બોલીને આવરણ દૂર કરે.

**ૐ ઉત્તિષ્ઠ ત્વં મહાદેવિ, ઉત્તિષ્ઠ જગદીશ્વરી ।**
**ઉત્તિષ્ઠ વેદમાતસ્ત્વં, ત્રૈલોક્યમંગલં કુરુ ॥**

જગાડ્યા પછી નીચેનો મંત્ર બોલતાં બોલતાં માને પ્રણામ કરે-

**ૐ દેવિ ! પ્રપન્નાર્તિહરે પ્રસીદ, પ્રસીદ માતર્જગતોઽખિલસ્ય ।**
**પ્રસીદ વિશ્વેશ્વરિ પાહિ વિશ્વં, ત્વમીશ્વરી દેવિ ! ચરાચરસ્ય ॥**
**વિદ્યાઃ સમસ્તાસ્તવ દેવિભેદાઃ, સ્ત્રિયઃ સમસ્તાઃ સકલા જગત્સુ ।**
**ત્વયૈકયા પૂરિતમમ્બયૈતત્, કા તે સ્તુતિઃ સ્તવ્યપરાપરોક્તિઃ ॥**
**વિશ્વેશ્વરિ ! ત્વં પરિપાસિ વિશ્વં, વિશ્વાત્મિકા ધારયસીતિ વિશ્વમ્ ।**
**વિશ્વેશવન્દ્યા ભવતી ભવન્તિ, વિશ્વાશ્રયા યે ત્વયિ ભક્તિનમ્રાઃ ॥**

- મા. પુ. ૮૮. ૨. ૫. ૩૩

(૨) **શુદ્ધિકરણ** :- પરમાત્માને પવિત્રતા પ્રિય છે. એ મહાશકિતનો પ્રવાહ હમેશાં નિર્મલ અને પવિત્ર માધ્યમો દ્વારા જ વહે છે. તેથી મંદિર, તેની આસપાસની જગ્યા, મૂર્તિ, પૂજાનાં સાધનો, વ્યક્તિત્વ બધાને નિર્મળ રાખવાની પરંપરા છે. આ જવાબદારીને યાદ રાખીને મૂર્તિકક્ષ તથા મૂર્તિની સ્વચ્છતા ભાવનાપૂર્વક કરવી જોઈએ. નીચેના મંત્રનું ઉચ્ચારણ કરતા રહેવું.

**ૐ આપો હિ ષ્ઠા મયોભુવઃ, તા નઽઊર્જે દધાતન । મહે રણાય ચક્ષસે । ૐ યો વઃ શિવતમો રસઃ, તસ્ય ભાજયતેહ નઃ । ઉશતીરિવ માતરઃ । ૐ તસ્માઽઅરંગમામવો, યસ્ય ક્ષયાય જિન્વથ । આપો જન યથા ચ નઃ ।** - ૧૧.૫૦.૫૨

મંત્ર પુરો થતાં સુધી જો એ કાર્ય પૂર્ણ ન થયું હોય તો ગાયત્રી મંત્ર બોલતા રહેવું.

**નોંધ** - મૂર્તિની સ્વચ્છતાના ક્રમમાં સામાન્ય રીતે ભીના વસ્ત્રથી માતેશ્વરીનાં મુખ, હાથ અને ચરણ લૂછી નાખવામાં આવે છે. આવશ્યકતા અને ભાવના પ્રમાણે બધો શણગાર ઉતારીને સમગ્ર મૂર્તિની સ્વચ્છતા પણ કરી શકાય છે. આ માટે સવાર સિવાયનો બીજો અનુકૂળ સમય પણ રાખી શકાય કારણ કે શૃંગાર ઉતારવામાં, સ્વચ્છતા કરવામાં અને નવો શૃંગાર કરવામાં ઘણો સમય લાગે છે. એ દરમ્યાન સેવા-સજ્જા કરનારે સ્પષ્ટ રૂપે સસ્વર **સ્તુતા મયા વરદા**, ગાયત્રી **ચાલીસા, યન્મંડલમ્, ગાયત્રી મંત્ર** વગેરેનો પાઠ કરતા રહેવું.

(૩) **પૂજા** ઉપચાર- શુદ્ધિકરણ પછી સવારની આરતીની વ્યવસ્થા કરવી જોઈએ. આરતીના નક્કી સમયે બધા શ્રદ્ધાળુઓને ભેગા કરવા માટે ઘંટ વગાડવો કે બીજો કોઈ સંકેત કરવો જોઈએ. એ વખતે પ્રતિમાની સામે પડદો નાખેલો રાખવો. સસ્વર મંત્ર બોલતાં બોલતાં પૂજારી અંદર માનું ષોડશોપચાર પૂજન કરે. હાજર રહેલા બધા ભક્તો ભક્તિભાવપૂર્વક માનું ધ્યાન ધરે. પૂજનનો સંક્ષિપ્ત ક્રમ અહીં આપવામાં આવી રહ્યો છે. એ માટે પુરુષસૂક્તના ૧૬ મંત્રોનો ઉપયોગ પણ શ્રદ્ધાનુસાર કરી શકાય છે. પર્વો અને વિશેષ પ્રસંગો પર તો પુરુષસૂક્તથી જ પૂજન કરવું જોઈએ.

પૂજન ભાવનાપૂર્વક કરવું જોઈએ. આમ તો દેવશક્તિઓને કોઈ પદાર્થની જરૂર હોતી નથી કે એમને કોઈ સન્માનની પણ અપેક્ષા હોતી નથી, પરંતુ સાધકની ભક્તિભાવનાથી એમને સંતોષ અવશ્ય થાય છે. ઘરમાં કોઈ સન્માનનીય અતિથિ આવે છે. પ્રેમી પરિજનો એમને બોલાવે છે. એ અતિથિને કોઈ વસ્તુનો અભાવ હોતો નથી, એમ છતાં પ્રેમાળ પરિજનો પ્રેમવશ શ્રદ્ધાપૂર્વક યથાશક્તિ એમનું સ્વાગત તથા સન્માન કરે છે. એનાથી બંને પક્ષોને સંતોષ થાય છે. પૂજા કરતી વખતે આવો જ ભાવ પેદા થવો જોઈએ. પૂજનની

વસ્તુઓ ચઢાવતી વખતે પોતાનાં સર્વોત્તમ સાધનો તથા વિભૂતિઓને પ્રભુનાં ચરણોમાં અર્પણ કરવાનો ઉત્સાહ-ઉલ્લાસ જાગતો રહે તો પૂજન સશક્ત અને સાર્થક બને છે.

## ॥ ષોડશોપચાર પૂજન ॥

**ૐ શ્રી ગાયત્રીદેવ્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ ॥૧॥ આસનં સમર્પયામિ ॥૨॥ પાદ્યં સમર્પયામિ ॥૩॥ અર્ઘ્યં સમર્પયામિ ॥૪॥ આચમનમ્ સમર્પયામિ ॥૫॥ સ્નાનમ્ સમર્પયામિ ॥૬॥ વસ્ત્રમ સમર્પયામિ ॥૭॥ યજ્ઞોપવીતમ્ સમર્પયામિ ॥૮॥ ગન્ધમ્ વિલેપયામિ ॥૯॥ અક્ષતાન્ સમર્પયામિ ॥૧૦॥ પુષ્પાણિ સમર્પયામિ ॥૧૧॥ ધૂપમ્ આઘ્રાપયામિ ॥૧૨॥ દીપમ્ દર્શયામિ ॥૧૩॥ નૈવેદ્યં નિવેદયામિ ॥૧૪॥ તામ્બૂલપૂગીફલાનિ સમર્પયામિ ॥૧૫॥ દક્ષિણાં સમર્પયામિ ॥૧૬॥ સર્વાભાવે અક્ષતાન્ સમર્પયામિ ॥૧૭॥ તતો નમસ્કારં કરોમિ-ૐ સ્તુતા મયા વરદા....।**

(૪) આરતી- આરતી વખતે દરેકે લાઈનમાં ઊભા રહેવું. ઘંટ, ઝાલર, શંખ વગેરે તાલબદ્ધ રીતે વાગવાં જોઈએ. વાતાવરણમાં દિવ્યતા લાવવા માટે એ જરૂરી છે. અસ્તવ્યસ્ત રીતે વગાડવાથી વાતાવરણ બગડે છે.

આરતી પ્રગટાવીને પડદો ખોલવો જોઈએ. પૂજારીએ આરતી માટે એવી રીતે ઊભા રહેવું જોઈએ કે લોકોને મૂર્તિનાં દર્શન કરવામાં અવરોધ ઊભો ન થાય. પહેલાં આરતી ઉતારવી, પછી નાનકડા શંખમાં પાણી ભરીને તેને પાંચસાત વાર ફેરવવો જોઈએ.

જળ પછી વસ્ત્ર યા ચામર ફેરવવામાં આવે છે. અંતમાં એકબે વાર જળ ફેરવીને તે પાણી હાજર રહેલા ભક્તો પર છાંટી દેવું. આ બધું નક્કી કરેલા સમયમાં જ કરવું જોઈએ. ત્યાર પછી દૈનિક આરતીના નક્કી કરેલા ક્રમ પ્રમાણે પ્રક્રિયા પૂરી કરવી. સવારસાંજ બંને વખતે આરતીનો ક્રમ આ પ્રમાણે જ રાખવો.

(૫) ભોજન નૈવેદ્ય- ભારતીય સંસ્કૃતિમાં ભોજનને પ્રસાદના રૂપમાં-ઔષધિના રૂપમાં લેવાનો નિયમ છે. ભગવાનને ધરાવેલા પદાર્થોમાં દિવ્ય સંસ્કારોનો ઉદય થઈ જાય છે. ભોજન પ્રત્યે રાગ-મોહની વૃત્તિ ક્ષીણ થઈને કર્તવ્યબુદ્ધિ જાગૃત થાય છે. શક્તિપીઠોમાં સાધક પોતાના માટે જે ભોજન રાંધે તે શુદ્ધ અને સાત્ત્વિક હોવું જોઈએ. એ જ ભોજન નૈવેદ્યના રૂપમાં માને અર્પણ કરવું જોઈએ. નૈવેદ્ય અર્પણ કરવાનો ક્રમ આ પ્રમાણે છે. શ્રદ્ધાપૂર્વક મંત્ર બોલતાં ક્રમશઃ અર્ઘ્ય, નૈવેદ્ય તથા આચમન અર્પણ કરવાં.

॥ અર્ઘ્ય ॥

ૐ તાપત્રય-હરં દિવ્યં, પરમાનન્દલક્ષણમ્ ।
નમસ્તુભ્યં જગદ્ધાત્રિ ! અર્ઘ્યં નઃ પ્રતિગૃહ્યતામ્ ॥

॥ નૈવેદ્ય ॥

ૐ સત્પાત્રસિદ્ધં નૈવેદ્યં, વિવિધભોજ્યસમન્વિતમ્ ।
નિવેદયામિ દેવેશિ, સાનુગાયૈ ગૃહાણ તત્ ॥

॥ આચમન ॥

ૐ વેદાનામપિ વેદ્યાયૈ, દેવાનાં દેવતાત્મને ।
મયા હ્યાચમનં દત્તં, ગૃહાણ જગદીશ્વરિ ॥

(૬) પુષ્પાંજલિ - રાત્રે દ્વાર બંધ કરતા પહેલાં પુષ્પાંજલિ આપવી જોઈએ. માના અનુગ્રહ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરતાં કરતાં પુષ્પાંજલિ અર્પણ કરવી. પુષ્પની જેમ માનાં ચરણોમાંઅર્પિત થવાની ભાવના કરવી.

બંને હાથમાં ફૂલ લઈને મંત્ર બોલવો તથા ક્રમશઃ માની આગળ ચઢાવવાં...

ૐ યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાઃ, તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ।
તે હ નાકં મહિમાનઃ સચન્ત, યત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ॥

- ૩૧.૧૬

**ॐ વિશ્વતશ્ચક્ષુરુત વિશ્વતોમુખો, વિશ્વતોબાહુરુત વિશ્વતસ્પાત્ ॥**
**સં બાહુભ્યાં ધમતિ સંપતત્રૈઃ દ્યાવાભૂમી જનયન્ દેવ ડ એકઃ ॥**

- ૧૭. ૧૯

(૭) શયન- રાત્રે દેવપ્રતિમાઓને શયન કરાવવાની પરંપરા છે. એ પ્રમાણે પડદો પાડીને પ્રતિમા પર વસ્ત્ર ઓઢાડીને નીચે આપેલા મંત્રથી શયન માટે પ્રાર્થના કરવી.

**ॐ ઈમાં પૂજાં મયા દેવિ ! યથાશક્યુપપાદિતામ્ ।**
**શયનાર્થં મહાદેવિ ! વ્રજ સ્વસ્થાનમુત્તમમ્ ॥**

* * *

## ॥ કળશસ્થાપન ॥

કળશની સ્થાપના અને પૂજા લગભગ દરેક કર્મકાંડમાં કરવામાં આવે છે. સામાન્ય રીતે કળશને પહેલેથી જ તૈયાર કરીને મૂકવામાં આવે છે અને પૂજન વખતે તેની પૂજા કરાવવામાં આવે છે. જો ક્યાંક આ વિધિનો વિસ્તાર કરવો જરૂરી જણાય તો નીચે જણાવ્યા પ્રમાણે પાંચ વિધિઓ કરાવવી. આ વિધિ પૂરી થતાંની સાથે કળશની પૂજા કરવી તથા સ્તુતિ કરી આગળ વધવું. પ્રાણપ્રતિષ્ઠા, ગૃહપ્રવેશ, ગૃહશાંતિ તથા નવરાત્રિ વગેરે પ્રસંગોએ કળશસ્થાપન કરવામાં આવે છે. મોટા યજ્ઞોમાં દેવપૂજન પહેલાં મુખ્ય કળશ અથવા પાંચ વેદીઓ ઉપર એક સાથે પાંચેય કળશોની પૂજનવિધિ કરાવવી.

કળશસ્થાપના કરવાની હોય ત્યારે રંગેલો કળશ, નીચે રાખવા માટે ઈંઢોણી, અલગ પાત્રમાં શુદ્ધ પાણી, નાડાછડી, માંગલિક દ્રવ્યો, નારિયેળ વગેરે પહેલેથી જ તૈયાર રાખવાં.

**હેતુ અને પ્રેરણા** - કળશને બધી દેવશક્તિઓ, તીર્થો વગેરેનું સંયુક્ત પ્રતીક માની તેની સ્થાપના અને પૂજા કરવામાં આવે છે. પોતાની ધારણ કરવાની ક્ષમતા અને પાત્રતાથી કળશને આ ગૌરવ મળ્યું છે. કળશસ્થાપન વખતે આ વાત યાદ રાખવી કે દરેક વ્યક્તિ, દરેક ક્ષેત્ર તથા દરેક સ્થાનની ધારણ કરવાની પોતાની ક્ષમતા હોય

છે. પોતાની ક્ષમતાને સજાવવી જોઈએ તથા વિકસિત કરવી જોઈએ.

પાત્રમાં પવિત્ર જળ ભરવામાં આવે છે. શ્રદ્ધા અને પવિત્રતાથી પૂર્ણ એવી પાત્રતા જ ધન્ય બને છે. તેનામાં મંગલ દ્રવ્યો નાંખવામાં આવે છે. પાત્રતાને મંગલમય શ્રેષ્ઠ ગુણોથી સંપન્ન બનાવવી જોઈએ. નાડાછડી બાંધવાનો અર્થ છે પાત્રતાને આદર્શવાદિતાથી અનુબંધિત કરવી. શ્રીફળને સુખ અને સૌભાગ્યનું પ્રતીક માનવામાં આવે છે. શ્રીફળની સ્થાપનાનું તાત્પર્ય એ છે કે જ્યાં વ્યવસ્થિત પાત્રતા છે ત્યાં જ સુખ અને સૌભાગ્ય સ્થાપિત થાય છે અને સ્થિર રહે છે.

**ક્રિયા અને ભાવના-** એક પછી એક મંત્રો બોલવા અને તે મુજબ પાંચ વિધિઓ કરવી. બધાંએ તેને અનુરૂપ ભાવના કરવી.

(૧) **કળશસ્થાપન** :- મંત્રોચ્ચાર સાથે કળશને નક્કી કરેલા સ્થળે મૂકવો. ભાવના કરવી કે પોતપોતાના પ્રભાવક્ષેત્રની પાત્રતા પ્રભુના ચરણમાં સ્થાપિત કરી રહ્યા છીએ, જેથી ધન્ય બની શકાય.

**ૐ આજિઘ્ર કલશં મહ્યા, ત્વા વિશન્ત્વિન્દવઃ । પુનરૂર્જા**
**નિવર્ત્તસ્વ, સા નઃ સહસ્રં ધુક્ષ્વોરુધારા, પયસ્વતીઃ પુનર્મા**
**વિશતાદ્રયિઃ ।** - ૮. ૪૨

(૨) **જળપૂરણ** :- મંત્રોચ્ચાર સાથે સાવધાનીપૂર્વક શુદ્ધ પાણી કળશમાં ભરવું. ભાવના કરો કે સમર્પિત પાત્રતાનું ખાલીપણું શ્રદ્ધા, સંવેદના, તરલતા તથા સંવેદનતાથી ભરાઈ રહ્યું છે.

**ૐ વરુણસ્યોત્તમ્ભનમસિ, વરુણસ્ય સ્કમ્ભસર્જની સ્થો,**
**વરુણસ્યઽઋતસદન્યસિ, વરુણસ્યઽઋત સદનમસિ,**
**વરુણસ્યઽઋતસદનમાસીદ ॥** - ૪. ૩૬

(૩) **મંગલદ્રવ્ય સ્થાપન** :- મંત્રની સાથે કળશમાં ધરો, દર્ભ, સોપારી, ફૂલ અને પાંદડાં નાખવાં. સાથે ભાવના કરો કે સ્થાન અને વ્યક્તિત્વમાં છુપાયેલી પાત્રતામાં ધરો જેવી જીવનશક્તિ, દર્ભ જેવી પ્રખરતા સોપારી જેવી ગુણયુક્ત સ્થિરતા, ફૂલ જેવો ઉલ્લાસ તથા

પાંદડા જેવી સરળતા અને સાદાઈનો સંચાર થઈ રહ્યો છે.

**ૐ ત્વાં ગન્ધર્વાઽઅખનંસ્ત્વામ્, ઈન્દ્રસ્ત્વાં બૃહસ્પતિઃ ।**
**ત્વામોષધે સોમો રાજા, વિદ્વાન્યક્ષ્માદમુચ્યત ॥ - ૧૨.૧૮**

(૪) **સૂત્રબંધન** :- મંત્ર સાથે કળશને નાડાછડી બાંધવી અને એવી ભાવના કરવી કે પાત્રતાને અનિચ્છનિયતા સાથે જોડવાનો અવસર આપીશું નહી, પણ તેને હમેશાં આદર્શવાદિતા સાથે બાંધેલી રાખીશું. ઈશ્વરીય અનુશાસનમાં બંધાઈ રહ્યા છીએ.

**ૐ સુજાતો જ્યોતિષા સહ, શર્મવરૂથ માઽસદત્સ્વઃ ।**
**વાસોઽઅગ્ને વિશ્વરૂપ ઌ, સં વ્યયસ્વ વિભાવસો ॥ - ૧૧.૪૦**

(૫) **શ્રીફળ સ્થાપન** :- મંત્રની સાથે કળશ ઉપર નારિયેળ મૂકવું. ભાવના કરો કે ભગવાનનાં ચરણોમાં સમર્પિત અને સત્પ્રવૃત્તિઓથી બંધિત પાત્રતા સુખ સૌભાગ્યનો આધાર બની રહી છે. આ દિવ્યકળશ જ્યાં સ્થાપિત થયો છે ત્યાંની જડ અને ચેતન બધી જ પાત્રતા આ સંસ્કારોથી ભરાઈ રહી છે.

**ૐ યાઃ ફલિનીર્યા ઽ અફલા ઽ, અપુષ્પા યાશ્ચ પુષ્પિણીઃ ।**
**બૃહસ્પતિપ્રસૂતાસ્તા, નો મુંચન્ત્વ ઌ હસઃ । - ૧૨.૮૯**

ત્યાર પછી ૐ **મનોજૂતિર્જુષતામ્૦** મંત્ર બોલીને બંને હાથ અડકાડીને પ્રતિષ્ઠા કરો. પછી **તત્ત્વાયામિ** મંત્ર બોલીને પંચોપચારથી પૂજન કરો તથા **કલશસ્ય મુખે વિષ્ણુ૦** વગેરે મંત્રો બોલી પ્રાર્થના કરો.

## ॥ ગણેશ-ગૌરી પૂજન ॥

કળશપૂજનની સાથે ગણેશ-ગૌરી પૂજન કરવાની પરંપરા લગભગ બધેજ જોવા મળે છે. વાસ્તવમાં તો આ સંક્ષેપમાં પૂજા કરવાની રીત છે. કળશપૂજન સાથે ગણપતિને બધીજ દેવશક્તિઓના પ્રતિનિધિ અને ગૌરીને તમામ માતૃશક્તિઓનું પ્રતીક માનીને પૂજન કરવામાં આવે છે. જો આ પ્રકારનું સંક્ષિપ્ત પૂજન કરાવવું હોય તો આ પુસ્તકના પાન ૪૯ પર આપેલા દેવપૂજન પ્રસંગના પ્રારંભિક છ

મંત્રોથી કામ ચાલી શકે છે. આવા સમયે ક્રમશઃ ગુરુતત્ત્વનું 'ગુરુર્બ્રહ્મા.... ', આદ્યશક્તિ ગાયત્રીનું 'આયાતુ વરદે દેવિ....', ગણપતિનું 'અભિપ્સિતાર્થ સિદ્ધયર્થં.... તથા ગૌરીનું 'સર્વ મંગલ માંગલ્યે..... મંત્રોથી આવાહન કરી પંચોપચાર પૂજન કરાવી દેવું જોઈએ.

## ॥ સર્વતોભદ્રવેદિકા પૂજન ॥

મુખ્ય વેદી પર અર્થાત્ સર્વતોભદ્રમંડલ પર નીચેના મંત્રો સાથે તેત્રીસ દેવોનું શ્રદ્ધા-ભક્તિપૂર્વક આવાહન કરવું જોઈએ. દરેક દેવના આવાહનની સાથે જે તે ચોરસ પર અક્ષત, પુષ્પ, સોપારી વગેરે પૂજનસામગ્રી ચઢાવવી.

### ॥ ગણેશ (વિવેક) પીળો

ૐ ગણાનાં ત્વા ગણપતિ ઁ હવામહે, પ્રિયાણાં ત્વા પ્રિયપતિ ઁ હવામહે, નિધીનાં ત્વા નિધિપતિ ઁ હવામહે, વસો મમ । આહમજાનિ ગર્ભધમા ત્વમજાસિ ગર્ભધમ્ ॥ ૐ ગણપતયે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૩. ૧૯

### ॥ ૨. ગૌરી (તપસ્યા) લીલો ॥

ૐ આયંગૌઃ પૃશ્નિરક્રમીદસદન્ માતરં પુરઃ । પિતરંચ પ્રયન્ત્સ્વઃ ॥ ૐ ગૌર્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૩. ૬

### ॥ (૩) બ્રહ્મા (નિર્માણ) લાલ ॥

ૐ બ્રહ્મ જજ્ઞાનં પ્રથમં પુરસ્તાદ્વિ સીમતઃ સુરુચો વેનઽ આવઃ । સ બુધ્ન્યાઽ ઉપમાઽ અસ્ય વિષ્ઠાઃ સતશ્ચ યોનિમસતશ્ચવિ વઃ ॥ ૐ બ્રહ્મણે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૧૩. ૩

## ॥ (૪) વિષ્ણુ (ઐશ્વર્ય) સફેદ ॥

ૐ ઈદં વિષ્ણુર્વિચક્રમે ત્રેધા નિ દધે પદમ્ । સમૂઢમસ્ય
પા ઇંઋ સુરે સ્વાહા ॥ ૐ વિષ્ણવે નમઃ । આવાહયામિ,
સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૧૬. ૧

## ॥ (૫) રુદ્ર (દમન) લાલ ॥

ૐ નમસ્તે રુદ્ર મન્યવઽ ઉતો તઽ ઈષવે નમઃ ।
બાહુભ્યામુત તે નમઃ ॥ ૐ રુદ્રાય નમઃ । આવાહયામિ,
સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૧૬. ૧

## ॥ (૬) ગાયત્રી (ઋતમ્ભરા પ્રજ્ઞા) પીળો ॥

ૐ ગાયત્રી ત્રિષ્ટુબ્જગત્યનુષ્ટુપ્પંક્ત્યા સહ । બૃહત્યુષ્ણિહા
કકુપ્સૂચીભિઃ શમ્યન્તુ ત્વા ॥ ૐ ગાયત્ર્યૈ નમઃ ।
આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૩. ૩૩

## ॥ (૭) સરસ્વતી બુદ્ધિ (શિક્ષણ) લાલ ॥

ૐ પાવકા નઃ સરસ્વતી વાજેભિર્વાજિનીવતી યજ્ઞં વષ્ટુ
ધિયાવસુઃ । ૐ સરસ્વત્યૈ નમઃ । આવાહયામિ,
સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૦. ૮૪

## ॥ (૮) લક્ષ્મી (સમૃદ્ધિ) સફેદ ॥

ૐ શ્રીશ્ચ તે લક્ષ્મીશ્ચ પત્ન્યાવહોરાત્રે પાર્શ્વે નક્ષત્રાણિ
રૂપમશ્વિનૌવ્યાત્તમ્ । ઈષ્ણન્નિષાણામુમ્મઽઈષાણ સર્વલોકં મઽ
ઈષાણ । ૐ લક્ષ્મ્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ,
પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૩૧. ૨૨

## ॥ (૯) દુર્ગા શક્તિ (સંગઠન) લાલ ॥

ૐ જાતવેદસે સુનવામ સોમમરાતીયતો નિ દહાતિ વેદઃ ।
સ નઃ પર્ષદતિ દુર્ગાણિ વિશ્વા નાવેવ સિન્ધું દુરિતાત્યગ્નિઃ ॥

ॐ દુર્ગાયૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ऋ. १. ९९. १

॥ (૧૦) પૃથ્વી (ક્ષમા) સફેદ ॥

ૐ મહી દ્યૌઃ પૃથિવી ચ નઽ ઈમં યજ્ઞં મિમિક્ષતામ્ । પિપૃતાં નો ભરીમભિઃ ॥ ૐ પૃથિવ્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૮. ૩૨

॥ (૧૧) અગ્નિ (તેજસ્વિતા) પીળો ॥

ૐ ત્વં નો અગ્ને વરુણસ્ય વિદ્વાન્ દેવસ્ય હેડો અવ યાસિસીષ્ઠાઃ । યજિષ્ઠો વહ્નિતમઃ શોશુચાનો વિશ્વા દ્વેષા ઌ સિ પ્રમુમુગ્ધ્યસ્મત્ । ૐ અગ્નયે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૧. ૩

॥ (૧૨) વાયુ (ગતિશીલતા) સફેદ ॥

ૐ આ નો નિયુદ્ભિઃ શતિનીભિરધ્વર ઌ સહસ્રિણીભિરૂપ યાહિ યજ્ઞમ્ । વાયો અસ્મિન્ત્સવને માદયસ્વ યૂયં પાત સ્વસ્તિભિઃ સદા નઃ ॥ ૐ વાયવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૭. ૨૮

• ॥ (૧૩) ઇન્દ્ર (વ્યવસ્થા) લાલ ॥

ૐ ત્રાતારમિન્દ્રમવિતારમિન્દ્ર ઌ હવેહવે સુહવ ઌ શૂરમિન્દ્રમ્ । હ્વયામિ શક્રં પુરુહૂતમિન્દ્ર ઌ સ્વસ્તિ નો મઘવા ધાત્વિન્દ્રઃ । ૐ ઇન્દ્રાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૦. ૫૦.

॥ (૧૪) યમ (ન્યાય) સફેદ ॥

ૐ સુગન્નુપંથાં પ્રતિશન્નઽએહિ જ્યોતિષ્મધ્યેહ્યજરન્નઽ આયુઃ । અપૈતુ મૃત્યુમમૃતં મ ઽઆગાદ્વૈવસ્વતોનોઽ અભયં કૃણોતુ । ૐ યમાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ।

## ॥ (૧૫) કુબેર (મિતવ્યયિતા) કાળો ॥

ૐ રાજાધિરાજાય પ્રસહ્ય સાહિને નમો વયં વૈશ્રવણાય કુર્મહે । સ મે કામાન્ કામકામાય મહ્યમ્ । કામેશ્વરો વૈશ્રવણો દદાતુ । કુબેરાય વૈશ્રવણાય મહારાજાય નમઃ । ૐ કુબેરાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥

## ॥ (૧૬) અશ્વિનીકુમાર (આરોગ્ય) પીળો ॥

ૐ અશ્વિના તેજસા ચક્ષુઃ પ્રાણેન સરસ્વતી વીર્યમ્ । વાચેન્દ્રો બલેનેન્દ્રાય દધુરિન્દ્રિયમ્ ॥ ૐ અશ્વિનીકુમારાભ્યાં નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૦.૮૦

## ॥ (૧૭) સૂર્ય (પ્રેરણા) કાળો

ૐ આ કૃષ્ણેન રજસા વર્ત્તમાનો નિવેશયન્નમૃતં મર્ત્યં ચ । હિરણ્યયેન સવિતા રથેના દેવો યાતિ ભુવનાનિ પશ્યન્ ॥ ૐ સૂર્યાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૩૩.૪૩; ૩૪.૩૧

## ॥ (૧૮) ચન્દ્રમા (શાન્તિ) લાલ

ૐ ઈમં દેવા ઽ અસપત્નઌ્ઠસુવધ્વં મહતે ક્ષત્રાય મહતે જ્યૈષ્ઠ્યાય મહતે જાનરાજ્યાયેન્દ્રસ્યેન્દ્રિયાય । ઈમમમુષ્ય પુત્રમમુષ્યૈ પુત્રમસ્યૈ વિશ ઽ એષ વોઽમી રાજા સોમોઽસ્માકં બ્રાહ્મણાનાં ઌ્ઠ રાજા । ૐ ચન્દ્રમસે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૯.૪૦

## ॥ (૧૯) મંગલ (કલ્યાણ) સફેદ ॥

ૐ અગ્નિર્મૂર્દ્ધા દિવઃ કકુત્પતિઃ પૃથિવ્યા અયમ્ । અપા ઌ્ઠ

રેતા ૐ સિ જિન્વતિ ॥ ૐ ભૌમાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૩.૧૨

॥ (૨૦) બુધ (સન્તુલન) લીલો ॥

ૐ ઉદ્બુધ્યસ્વાગ્ને પ્રતિ જાગૃહિ ત્વમિષ્ટાપૂર્તે સ ૐ સૃજેથામયં ચ । અસ્મિન્ત્સધસ્થે અધ્યુત્તરસ્મિન્ વિશ્વે દેવા યજમાનશ્ચ સીદત ॥ ૐ બુધાય નમઃ ॥ આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૧૫.૫૪

॥ (૨૧) બૃહસ્પતિ (અનુશાસન) પીળો ॥

ૐ બૃહસ્પતે અતિ યદર્યો અર્હાદ્દ્યુમદ્વિભાતિ ક્રતુમજ્જનેષુ । યદ્દીદયચ્છવસઋતપ્રજાત તદસ્માસુ દ્રવિણં ધેહિ ચિત્રમ્ । ઉપયામગૃહીતોઽસિ બૃહસ્પતયે ત્વૈષ તે યોનિર્બૃહસ્પતયે ત્વા । ૐ બૃહસ્પતયે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ઋ૦ ૨.૨૩.૧૫

॥ (૨૨) શુક્ર (સંયમ) લીલો ॥

ૐ અન્નાત્પરિસ્રુતો રસં બ્રહ્મણા વ્યપિબત્ ક્ષત્રં પયઃ સોમં પ્રજાપતિઃ । ઋતેન સત્યમિન્દ્રિયં વિપાન ૐ શુક્રમન્ધસઽઇન્દ્રસ્યેન્દ્રિયમિદં પયોઽમૃતં મધુ ॥ ૐ શુક્રાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥

- ૧૯.૭૫

॥ (૨૩) શનિશ્ચર (તિતિક્ષા) લાલ ॥

ૐ શન્નો દેવીરભિષ્ટયઽ આપો ભવન્તુ પીતયે । શં યોરભિસ્રવન્તુ નઃ । ૐ શનિશ્ચરાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥

(૨૪) રાહુ (સંઘર્ષ) પીળો ॥

ૐ કયા નશ્ચિત્રઽઆ ભુવદૂતી સદાવૃધઃ સખા । કયા

શચિષ્ઠયા વૃતા । ૐ રાહવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૭.૩૯

॥ (૨૫) કેતુ (સાહસ) લાલ ॥

ૐ કેતું કૃણ્વન્નકેતવે પેશો મર્યા અપેશસે । સમુષદ્ભિરજાયથાઃ ॥ ૐ કેતવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૯.૩૭

॥ (૨૬) ગંગા (પવિત્રતા) સફેદ ॥

ૐ પંચ નદ્યઃ સરસ્વતીમપિ યન્તિ સસ્રોતસઃ । સરસ્વતી તુ પંચધા સો દેશેઽભવત્સરિત્ ॥ ૐ ગંગાયૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૯.૩૭

॥ (૨૭) પિતૃ (દાન) પીળો ॥

ૐ પિતૃભ્યઃ સ્વધાયિભ્યઃ સ્વધા નમઃ પિતામહેભ્યઃ સ્વધાયિભ્યઃ સ્વધા નમઃ પ્રપિતામહેભ્યઃ સ્વધાયિભ્યઃ સ્વધા નમઃ । અક્ષન્ પિતરોમીમદન્ત પિતરો તીતૃપન્ત પિતરઃ પિતરઃ શુન્ધધ્વમ્ ॥ ૐ પિતૃભ્યો નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૧૯.૩૬

॥ (૨૮) ઇન્દ્રાણી (શ્રમશીલતા) સફેદ ॥

ૐ અદિત્યૈ રાસ્નાઽસીન્દ્રાણ્યા ઉષ્ણીષઃ । પૂષાસિ ઘર્માય દીષ્વ ॥ ૐ ઇન્દ્રાણ્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૩૮.૩

॥ (૨૯) રુદ્રાણી (વીરતા) કાળો ॥

ૐ યા તે રુદ્ર શિવાતનૂર ઘોરાઽપાપકાશિની । તયા નસ્તન્વા શન્તમયા ગિરિશન્તાભિચાકશીહિ ॥ ૐ રુદ્રાણ્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ ૧૬.૨

## ॥ (૩૦) બ્રહ્માણી (નિયમિતતા) પીળો ॥

ૐ ઇન્દ્રા યાહિ ધિયેષિતો વિપ્રજૂતઃ સુતાવતઃ । ઉપ બ્રહ્માણિ વાઘતઃ । ૐ બ્રહ્માણ્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૦.૮૮

## ॥ (૩૧) સર્પ (ધૈર્ય) કાળો ॥

ૐ નમોઽસ્તુ સર્પેભ્યો યે કે ચ પૃથિવીમનુ । યે અન્તરિક્ષે યે દિવિ તેભ્યઃ સર્પેભ્યો નમઃ । ૐ સર્પેભ્યો નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૧૩.૬

## ॥ (૩૨) વાસ્તુ (કળા) લીલો ॥

ૐ વાસ્તોષ્પતે પ્રતિ જાનીહ્યસ્માન્ત્સ્વાવેશો અનમીવો ભવા નઃ । યત્ત્વેમહે પ્રતિતન્નો જુષસ્વ શં નો ભવ દ્વિપદે શં ચતુષ્પદે ॥ ૐ વાસ્તુપુરુષાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ. પૂજયામિ, ધ્યાયામિ ॥ - ઋ૦ ૭.૫૪.૧

## ॥ (૩૩) આકાશ (વિશાળતા) ભૂરો ॥

ૐ યા વાં કશા મધુમત્યશ્વિના સૂનૃતાવતી । તયા યજ્ઞં મિમિક્ષતમ્ । ઉપયામગૃહીતોઽસ્યશ્વિભ્યાં ત્વૈષ તે યોનિર્માધ્વીભ્યાં ત્વા । ૐ આકાશાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૭.૧૧

* * *

## ॥ પુરુષ સૂક્ત ॥

પુરુષ સૂક્તનો પ્રયોગ વિશેષ પૂજન વખતે કરવામાં આવે છે. ષોડશોપચાર પૂજનની એક એક વિધિની સાથે ક્રમશઃ એક એક મંત્ર બોલવામાં આવે છે. કોઈપણ દેવશક્તિનું પૂજન વિસ્તારપૂર્વક કરવું હોય તો પુરુષ સૂક્તના મંત્રો વડે ષોડશોપચાર પૂજન કરાવવામાં આવે છે. પંચોપચાર પૂજનમાં પણ આ મંત્રોનો ઉપયોગ કરી શકાય

છે. યજ્ઞાદિના વિસ્તારમાં, દેવપૂજન, પર્વ ઉજવણી ઉપર જે તે દેવશક્તિઓના પૂજનમાં ઘણું કરીને આનો ઉપયોગ કરવામાં આવે છે. વાતાવરણમાં પવિત્રતા અને શ્રદ્ધાના સંચાર માટે સારા રાગવાળી વ્યક્તિઓ પાસે પુરુષ સૂક્તનો પાઠ કરાવવો જોઈએ.

**હેતુ અને પ્રેરણા :** પુરુષ સૂક્તમાં પરમાત્માની વિરાટ સત્તાનું વર્ણન કરવામાં આવ્યું છે. તે મહાન ચેતનાના વિસ્તારના સંકલ્પથી જ આ જડચેતન સૃષ્ટિ બની છે. કોઈપણ દેવ કે દેવસમૂહનું પૂજન કરતી વખતે એક જ ચિંતન કરવું જોઈએ કે અમે એ જ વિરાટ, સનાતન, અવિનાશીનું પૂજન કરી રહ્યા છીએ.

**ક્રિયા અને ભાવના :** પુરુષ સૂક્તથી પૂજનનો પ્રારંભ કરાવતાં પહેલાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓને ઉપરોક્ત સિદ્ધાંત કહેવામાં આવે, જેથી પૂજનમાં તેઓનો ભાવ પણ જોડાય. શક્ય હોય તો બધાંના હાથમાં ફૂલચોખા આપવા. પૂજન પૂરું થાય ત્યાં સુધી તે હાથમાં રાખે. સાથોસાથ મનમાં ભાવના પણ કરતા રહે અને પૂજનના અંતે પુષ્પાંજલિના રૂપમાં અર્પણ કરે. ભાવના કરીએ કે, અમારી પાસે જે કંઈ છે તે તેનું આપેલું છે. તેના વિરાટ સ્વરૂપ અને ઉદ્દેશ્યને ઓળખીએ અને તેના નિમિત્તે આપણાં સાધનો, ક્ષમતાઓ વગેરેને અર્પણ કરી સાર્થક બનાવીએ. આપણે ધન્ય બનીએ. તે સર્વવ્યાપીને, તેના આદર્શોને દરેક પગલે, દરેક સ્તરે, દરેક પ્રસંગે પ્રત્યક્ષ રીતે જોતાં, શ્રદ્ધાયુક્ત બનીને પૂજનભાવથી સક્રિય બનીએ. તેનાં આપેલાં સાધનોને તેના ઉદ્દેશો પૂર્ણ કરવા માટે વાપરવામાં કંજૂસાઈ ન કરીએ. ઉદાર ભક્તિભાવનાનો પરિચય કરાવીએ અને પ્રમાણ આપીએ.

સંબંધિત પૂજનસામગ્રી હાથમાં લઈને મંત્ર બોલવો. મંત્ર પૂરો થતાં જે દેવશક્તિની પૂજા હોય તેનું નામ લઈને ષોડશોપચારના આધારે સ્થાપયામિ, સમર્પયામિ વગેરે બોલીને ચડાવતા જવું.

## ૧-આવાહનમ્

ૐ સહસ્રશીર્ષા પુરુષઃ, સહસ્રાક્ષઃ સહસ્રપાત્ ।
સ ભૂમિ ઌ સર્વતસ્પૃત્વા અત્યતિષ્ઠદ્દશાંગુલમ્ ॥

## ૨-આસનમ્

ૐ પુરુષડએવેદ ઇૅગ્ં સર્વં, યદ્‌ભૂતં યચ્ચ ભાવ્યમ્ ।
ઉતામૃતત્વસ્યેશાનો, યદન્નેનાતિરોહતિ ॥

## ૩-પાદ્યમ્

ૐ એતાવાનસ્ય મહિમાતો, જ્યાયાંશ્ચ પૂરુષઃ ।
પાદોઽસ્ય વિશ્વાભૂતાનિ, ત્રિપાદસ્યામૃતં દિવિ ॥

## ૪-અર્ધ્યમ્

ૐ ત્રિપાદૂર્ધ્વ ઽ ઉદૈત્પુરુષઃ, પાદોઽસ્યેહાભવત્પુનઃ ।
તતો વિષ્વઙ્ વ્યક્રામત્, સાશનાનશને અભિ ॥

## ૫-આચમનમ્

ૐ તતો વિરાડજાયત, વિરાજો અધિપૂરુષઃ ।
સ જાતો અત્યરિચ્યત, પશ્ચાદ્ ભૂમિમથો પુરઃ ॥

## ૬-સ્નાનમ્

ૐ તસ્માદ્યજ્ઞાત્સર્વહુતઃ સમ્ભૃતં પૃષદાજ્યમ્ ।
પશૂંસ્તાંશ્ચક્રે વાયવ્યાન્, આરણ્યા ગ્રામ્યાશ્ચ યે ॥

## ૭-વસ્ત્રમ્

ૐ તસ્માદ્યજ્ઞાત્સર્વહુતઽ, ઋચઃ સામાનિ જજ્ઞિરે ।
છન્દાઇૅંસિ જજ્ઞિરે તસ્માદ્, યજુસ્તસ્માદજાયત ॥

## ૮-યજ્ઞોપવીતમ્

ૐ તસ્માદશ્વા ઽ અજાયન્ત, યે કે ચોભયાદતઃ ।
ગાવો હ જજ્ઞિરે તસ્માત્, તસ્માજ્જાતા ઽ અજાવયઃ ॥

## ૯-ગન્ધમ્

ૐ તં યજ્ઞં બર્હિષિ પ્રૌક્ષન્, પુરુષં જાતમગ્રતઃ ।
તેન દેવાઽઅયજન્ત, સાધ્યા ઽ ઋષયશ્ચ યે ॥

## ૧૦-પુષ્પાણિ

ૐ યત્ પુરુષં વ્યદધુઃ, કતિધા વ્યકલ્પયન્ ।
મુખં કિમસ્યાસીત્કિં બાહૂ, કિમૂરૂ પાદા ઉચ્યેતે ॥

## ૧૧- ધૂપમ્

ૐ બ્રાહ્મણોઽસ્ય મુખમાસીદ્, બાહૂ રાજન્યઃ કૃતઃ ।
ઊરૂ તદસ્ય યદ્વૈશ્યઃ, પદ્ભ્યાᳬ શૂદ્રો અજાયત ॥

## ૧૨-દીપમ્

ૐ ચન્દ્રમા મનસો જાતઃ, ચક્ષોઃ સૂર્યો અજાયત ।
શ્રોત્રાદ્વાયુશ્ચ પ્રાણશ્ચ, મુખાદગ્નિરજાયત ॥

## ૧૩-નૈવેદ્યમ્

ૐનાભ્યા ૨ આસીદન્તરિક્ષᳬ,શીર્ષ્ણો દ્યૌઃ સમવર્ત્તત ।
પદ્ભ્યાં ભૂમિર્દિશઃ શ્રોત્રાત્, તથા લોકાં(૨)અકલ્પયન્ ॥

## ૧૪-તામ્બૂલપૂગીફલાનિ

ૐ યત્પુરુષેણ હવિષા, દેવા યજ્ઞમતન્વત ।
વસન્તોઽસ્યાસીદાજ્યં, ગ્રીષ્મ ઽ ઈધ્મઃ શરદ્ધવિઃ ॥

## ૧૫-દક્ષિણા

ૐ સપ્તાસ્યાસન્પરિધયઃ, ત્રિઃ સપ્ત સમિધઃ કૃતાઃ ।
દેવા યદ્યજ્ઞં તન્વાનાઽ, અબધ્નન્ પુરુષં પશુમ્ ॥

## ૧૬-મંત્રપુષ્પાંજલિઃ

ૐ યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાઃ, તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ।
તે હ નાકં મહિમાનઃ સચન્ત, યત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ॥

– ૩૧.૧-૧૬

* * *

# ॥ ત્રિદેવ પૂજન ॥

યુગનિર્માણ અભિયાન અંતર્ગત જે મોટાં આયોજનો થાય છે તેમાં ત્રિદેવ પૂજન કરવાની પરંપરા છે. આમાં આદ્યશક્તિ વેદમાતા ગાયત્રી, ભારતીય ધર્મના પિતા યજ્ઞદેવ અને યુગાવતારના પ્રતીક જ્યોતિપુરુષ, લોકસમૂહયુક્ત લાલ મશાલનું પૂજન કરવામાં આવે છે.

ત્રણ મંત્રોની સશક્ત વ્યાખ્યા અને વિવેચનની સાથે કરવામાં આવતું આ સંક્ષિપ્ત પૂજન અનેક દૃષ્ટિથી ઉપયોગી છે. આનાથી યુગપરિવર્તનના આધારરૂપ ત્રણેય શક્તિઓનું મહત્ત્વ જનસમાજના માનસમાં સ્થાન લે છે. આનાથી એમને પોતાનો દૃષ્ટિકોણ, આચરણ અને વ્યવહાર બદલવાની અને તેને જાળવી રાખવાની પ્રેરણા મળે છે. થોડી પણ પ્રખર ચિંતનસભર વ્યાખ્યાથી ભાવભરી શ્રદ્ધાનું વાતાવરણ બની જાય છે. લાંબા પૂજનકાર્યમાં તો થોડાક શ્રદ્ધાળુ લોકો જ બેસે છે. આ પૂજન સાથે જે પ્રેરણાનો સંચાર કરવામાં આવે છે તેનાથી થોડાક સમય માટે બેસનાર લોકો તો વંચિત જ રહે છે. આથી આ પૂજન જ્યારે મુખ્ય કાર્ય શરૂ થવાની તૈયારીમાં હોય એ વખતે પણ કરાવી શકાય, જ્યારે વધુ લોકો આવી ગયા હોય ત્યારે અને પર્વપૂજનમાં મુખ્ય સંદેશ આપતી વખતે તેમજ યજ્ઞોમાં સામાન્ય દેવપૂજન પૂરું થઈ જાય તે સમયે ત્રિદેવ પૂજન કરાવી લેવું જોઈએ. વિશિષ્ટ ગોષ્ઠી જેવા પ્રસંગોમાં શ્રદ્ધાસભર વાતાવરણ જમાવવા માટે આ ત્રિદેવ પૂજનથી જ કાર્યની શરૂઆત કરવી જોઈએ.

**હેતુ અને પ્રેરણા :** આ સૃષ્ટિને ત્રિગુણી-ત્રણ આયામવાળી કહેવામાં આવી છે. ત્રણ લોક, ત્રણ દેવ, ત્રણ શરીર, ત્રણ ગુણ વગેરેથી બધા પરિચિત છે. આ પ્રકારની સ્થાપનાના ત્રણ આધાર, ત્રણ દેવશક્તિઓના રૂપમાં છે. આ ત્રણના સાંનિધ્ય, સંસર્ગ અને સંયોગથી જ અનિચ્છનીયતાનું નિવારણ તેમજ ઈચ્છનીય સુયોગના વાતાવરણનું નિર્માણ થશે.

**(૧) આદ્યશક્તિ ગાયત્રી :** ભારતીય સંસ્કૃતિ - દેવસંસ્કૃતિની જનની ગાયત્રીને વેદમાતા, દેવમાતા તથા વિશ્વમાતાના નામથી પણ ઓળખવામાં આવે છે. વેદમાતાની કૃપાથી, તેની સાથે સંબંધ જોડવાથી તથા તેનાં ગુપ્ત રહસ્યો ધારણ કરવાથી સદ્‌ભાવ અને સદ્‌વિચારો જાગૃત કરી શકાય છે. સર્વવ્યાપી અનાસ્થારૂપી અસુરનો, તેના અસ્તિત્વનો અસુરનિકંદિની ગાયત્રી મહાપ્રજ્ઞાના રૂપે નાશ કરશે.

**(૨) યજ્ઞ ભગવાન :** આ સૃષ્ટિ યજ્ઞમય છે. ઈશ્વરીય અનુશાસનથી ચાલતા આદાનપ્રદાનના ક્રમને યજ્ઞ કહેવામાં આવે છે. આથી તેને વેદધર્મનો પિતા કહેવામાં આવે છે. યજ્ઞીય ભાવની સ્થાપનાથી જ કર્મ અને વ્યવહારમાં રહેલી અધોગામી પ્રવૃત્તિઓ સમાપ્ત થશે અને શ્રેષ્ઠતાની ઊર્ધ્વગામી પ્રવૃત્તિઓનો વિકાસ થશે. એના આધારે જ નવાયુગની સ્થાપના સંભવિત થશે.

**(૩) જ્યોતિપુરુષ :** લોકશક્તિયુક્ત લાલ મશાલનું ચિત્ર યુગશક્તિનું, નિષ્કલંક અવતારનું પ્રતીક છે. દિવ્ય સંરક્ષણ અને અનુશાસનમાં જન સમર્થિત પ્રચંડ શક્તિપ્રવાહનો ઉદય થાય છે. દુષ્ટતાના નિવારણ અને સદાચારની સ્થાપનામાં એ જ શક્તિ અશક્યને શક્ય બનાવશે. વિનાશ અને સર્જનની, ઘસારો અને નવરચનાની સંયુક્ત પ્રક્રિયા એ જ શક્તિ દ્વારા સંચાલિત થશે.

**ક્રિયા અને ભાવના :** હાથમાં જળ, ફૂલ અને ચોખા લઈને મંત્રોચ્ચારની સાથે ભાવનાપૂર્વક પૂજનવેદી પર ક્રમશઃ અર્પણ કરો.

**(૧) આદ્યશક્તિ ગાયત્રી :** ભાવના કરો કે આદ્યશક્તિ કરુણામયી વિશ્વમાતાના શરણમાં જઈને અમે બધા તેની દયા, સંવેદના અને મંગલ ભાવના વડે સુસંસ્કારિત થઈ રહ્યા છીએ.

**ૐ ગાયત્રી ત્રિષ્ટુબ્જગત્યનુષ્ટુપ્પંક્ત્યા સહ ।**
**બૃહત્યુષ્ણિહા કકુપ્સૂચીભિઃ શમ્યન્તુ ત્વા ॥ ૐ ગાયત્ર્યૈ નમઃ।**
**આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ - ૨૩.૩૩**

**(૨) યજ્ઞ ભગવાન :** ભાવના કરો કે દિવ્ય અનુશાસન સાથે

જોઈને અમારી બધાંની ચેતના, ક્રિયાશીલતા, પરાક્રમ તથા પુરુષાર્થને યજ્ઞ જેવી પ્રખરતા અને પવિત્રતા પ્રાપ્ત થઈ રહી છે.

ૐ યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાઃ તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ।
તે હ નાકં મહિમાનઃ સચન્ત, યત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ।
ૐ યજ્ઞપુરુષાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ પૂજયામિ, ધ્યાયામિ । - ૩૧.૧૬

(૩) **જ્યોતિ પુરુષ :** ભાવના કરો કે યુગશક્તિ એક પ્રચંડ પ્રવાહના રૂપમાં ઊભરી રહી છે. તેનું એક કિરણ અમે પણ છીએ. એ વિશાળ તંત્રના એક ઘટકના નાતે અમે તે વિરાટની વંદના, અભ્યર્થના કરી રહ્યા છીએ.

ૐ અગ્ને નય સુપથા રાયે, અસ્માન્વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન્ । યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો, ભૂયિષ્ઠાં તે નમઽ ઉક્તિં વિધેમ ॥ ૐ જ્યોતિપુરુષાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ - ૫.૩૬, ૭.૪૩

* * *

# ॥ પંચવેદી પૂજન ॥

**હેતુ :** આપણું શરીર અન્નમયકોષ, પ્રાણમયકોષ, મનોમયકોષ, વિજ્ઞાનમયકોષ તથા આનંદમય કોષ દ્વારા બનેલું છે. સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ તથા જરાયુજ એમ ચાર પ્રકારનાં પ્રાણીઓ અને પાંચમો જડ પદાર્થ - આ પંચધા પ્રકૃતિ પણ આ જ પાંચ દેવોની પ્રતિક્રિયા છે. જડચેતનનાં પાંચ તત્ત્વોને પાંચ દેવરૂપે માનવામાં આવ્યાં છે. આ પાંચ તત્ત્વોથી જ આ જગત બન્યું છે. શરીરથી માંડીને આ સમસ્ત દૃશ્યમાન જગત ફક્ત પરમાણુઓનો બનેલો પદાર્થ જ નથી, પણ તેના અંતરાલમાં દૈવી ચેતના કામ કરી રહી છે. જડમાં ચેતનની ભાવના એ જ અધ્યાત્મ છે, તો ચેતનને જડ માનવું એનું નામ ભૌતિકવાદ છે. અધ્યાત્મે સૃષ્ટિના આધારભૂત એવાં પાંચ તત્ત્વોને

ચેતન-દેવસત્તા સાથે ઓતપ્રોત માન્યાં છે. એનો બાહ્ય દેખાવ એ તો તેનું સ્થૂળ રૂપ છે. આ તત્ત્વ-આત્માને જ અનુષ્ઠાન વગેરેમાં દેવતા તરીકે સ્થાપિત કરીને પૂજવામાં આવે છે.

મોટા યજ્ઞો, કથા, અનુષ્ઠાન, નવરાત્રિ પર્વ, સંસ્કાર વગેરેમાં જ્યાં જરૂર લાગે ત્યાં પંચવેદીની સ્થાપના કરવી.

**સ્થાપન :** જ્યાં સ્થાપના કરવાની હોય ત્યાં ચારે ખૂણે ચાર વેદીઓ બનાવવી અને તેના પર પીળા રંગનું કાપડ પાથરવું. કાપડ ઉપર રંગીન ચોખા વડે ખાનાં બનાવવાં. વચ્ચોવચ સુશોભિત કળશ મૂકવો. ચાર ખૂણામાં ચાર તત્ત્વોના ચાર કળશ થયા. મધ્ય પીઠ, જ્યાં મુખ્ય દેવતાની સ્થાપના છે ત્યાં આકાશતત્ત્વ માની કળશની સ્થાપના કરવી.

નૈર્ઋત્ય ખૂણામાં પૃથ્વી તત્ત્વની વેદી (રંગ લીલો), અગ્નિ ખૂણામાં અગ્નિતત્ત્વની વેદી (રંગ લાલ), વાયવ્ય ખૂણામાં વાયુતત્ત્વની વેદી (રંગ પીળો), ઈશાન ખૂણામાં વરુણ તત્ત્વની વેદી (રંગ કાળો)ની સ્થાપના કરવી.

આકાશનો કોઈ રંગ નથી. આથી મધ્યપીઠમાં વિવિધ રંગોયુક્ત સર્વતોભદ્રચક્ર બનાવવું અને ૩૩ કોટી દેવતાઓનું આવાહન તેમાં જ કરાવવું. જો સર્વતોભદ્રચક્ર બનાવવું ન હોય તો, તેની જગ્યાએ આકાશતત્ત્વ માટે સફેદ ચોખાનું સુશોભિત સ્થાપન પૂરવું.

**ક્રિયા અને ભાવના :** પાંચે વેદીઓ પર સ્થાપિત પાંચ કળશોને એક એક દેવતાનું પ્રતીક માનીને દરેકની પંચોપચારે પૂજા કરાવવી. (જળ, પુષ્પ, અક્ષત, ચંદન, નૈવેદ્ય) પાંચે દેવતાઓના મંત્રો નીચે આપવામાં આવ્યા છે. જો સમય હોય તો પંચોપચારની પાંચે વસ્તુઓ અલગ અલગ ચઢાવતી વખતે પુરુષસૂક્તના પાંચ મંત્રો પણ બોલી શકાય.

## ॥ પૃથ્વી ॥

ભાવના કરો કે આ કાર્ય સાથે સંલગ્ન અને ક્ષેત્ર સંબંધિત

પ્રત્યેક સાધન-ઉપકરણ તથા પદાર્થમાં વ્યાપ્ત પૃથ્વીતત્ત્વના કણેકણમાં આ શુભકાર્યની સફળતા માટે સ્થિરતા, દૃઢતા તથા સહનશીલતાનું વાતવરણ બની રહ્યું છે.

**ૐ મહી દ્યૌઃ પૃથિવી ચ ન ઽ, ઈમં યજ્ઞં મિમિક્ષતામ્ । પિપૃતાં નો ભરીમભિઃ ॥ ૐ પૃથિવ્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥** - ૮.૩૨

## ॥ વરુણ ॥

સ્થળ અને કાર્ય સંબંધિત જળતત્ત્વનું પ્રત્યેક બુંદ પૂજન સાથે સ્નેહ, સંવેદના, શ્રદ્ધા, સરળતા તથા નિર્મળતાનો દિવ્ય સંચાર કરતાં દૈવી પ્રયોજનમાં ભરપૂર સહયોગ માટે તરંગિત થઈ રહ્યું છે.

**ૐ તત્ત્વાયામિ બ્રહ્મણા વન્દમાનઃ, તદા શાસ્તે યજમાનો હવિર્ભિઃ । અહેડમાનો વરુણેહ બોધ્યુરુશ ૦ સ સમાનઽઆયુઃ પ્રમોષીઃ ॥ ૐ વરુણાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥** - ૧૮.૪૯

## ॥ અગ્નિ ॥

ભાવના કરો કે આ કાયાને-પદાર્થને, અગ્નિતત્ત્વ - તેજસ્, પુરુષાર્થ, પ્રાણતત્ત્વ વગેરેને જાગૃત કરીને તેને દિવ્યઊર્જા વડે ભરપૂર બનાવી રહ્યું છે.

**ૐ ત્વં નો અગ્ને વરુણસ્ય વિદ્વાન્, દેવસ્ય હેડો અવ યાસિસીષ્ઠાઃ । યજિષ્ઠો વહ્નિતમઃ શોશુચાનો, વિશ્વા દ્વેષા ૦ સિ પ્રમુમુગ્ધ્યસ્મત્ ॥ ૐ અગ્નયે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥** - ૨૧.૩

## ॥ વાયુ ॥

વાયુદેવ આ ક્ષેત્ર અને કાર્ય સંબંધિત પોતાના પ્રત્યેક ઘટકને દિવ્યપ્રવાહ, સુવાસ તથા પ્રાણસંચારમાં જોડીને પોતાના આશીર્વાદ વડે

ધન્ય બનાવી રહ્યા છે.

ૐ આ નો નિયુદ્ભિઃ શતિનીભિરધ્વર ઈૐ , સહસ્રિણીભિરુપયાહિ યજ્ઞમ્ । વાયો અસ્મિન્ત્સવને માદયસ્વ, યૂયં પાત સ્વસ્તિભિઃ સદા નઃ ॥ ૐ વાયવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૨૭૨૮

## ॥ આકાશ ॥

ભાવના કરો કે સર્વવ્યાપી આકાશતત્ત્વની દિવ્યચેતન ધારાઓ દિવ્યપ્રયોજન સંબંધિત પ્રત્યેક પ્રાણી-પદાર્થને મહત્ ચેતનાને અનુરૂપ સક્રિયતાની ક્ષમતા વડે પરિપૂર્ણ કરી રહી છે.

ૐ યા વાં કશા મધુમત્યશ્વિના સૂનૃતાવતી । તયા યજ્ઞં મિમિક્ષતમ્ । ઉપયામગૃહીતો સ્યશ્વિભ્યાં, ત્વૈષ તે યોનિર્માધ્વીભ્યાં ત્વા ॥ ૐ આકાશાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥ - ૭।૧૧

❀ ❀ ❀

## ॥ પંચભૂ- સંસ્કાર ॥

**હેતુ :** યજ્ઞાદિ કર્મકાંડોમાં ભૂમિને સંસ્કારિત કરવા માટે પંચભૂ સંસ્કાર કરવાની પરંપરા છે. સંક્ષિપ્ત પૂજનમાં ષટ્કર્મ દ્વારા પૃથ્વીપૂજન કરીને તેમાં પવિત્રતાના સંસ્કાર જાગૃત કરવામાં આવે છે. આ જ સંસ્કારને થોડાક વિસ્તાર સાથે પંચભૂ સંસ્કારના રૂપે કરવામાં આવે છે. ભૂમિ સંસ્કારિત કરવાની વિસ્તૃત વિધિ આ ભાગમાં ભૂમિપૂજન પ્રકરણમાં આપવામાં આવી છે. સમય અને જરૂરિયાત મુજબ વિવેકાનુસાર ઉપયોગ કરી શકાય.

**હેતુ અને પ્રેરણા :** ભૂમિપૂજનના પ્રકરણમાં જુઓ. (પાન-૧૨૩)

**ક્રમવ્યવસ્થા :** પંચભૂ સંસ્કાર માત્ર મુખ્ય પૂજન કરનાર યજમાન પાસે જ કરાવવામાં આવે છે. વધારાની વ્યવસ્થા કરી હોય

તો મુખ્ય પૂજા સ્થાપનની સાથે પ્રત્યેક તત્ત્વવેદી ઉપર અથવા પ્રત્યેક કુંડ ઉપર મુખ્ય વ્યક્તિ પાસે મંત્રોચ્ચાર સાથે પૂજન કરાવવું.

જેટલા કુંડ પર પંચભૂ સંસ્કાર કરાવવાના હોય તે દરેક સ્થળ ઉપર 'પરિસમૂહન'- વાળવા માટે દર્ભ, લીંપવા માટે ગાયનું છાણ, રેખાંકન માટે સુવા, સ્ફ્ય અથવા પવિત્ર લાકડાનો ટુકડો તથા છાંટવા માટે પાણી રાખવું.

**ક્રિયા અને ભાવના :** પ્રત્યેક મંત્રમાં ક્રિયા માટે ત્રણ નિર્દેશ આપવામાં આવ્યા છે. ત્રણ નિર્દેશની સાથે ત્રણવાર ક્રિયા પણ થવી જોઈએ. દરેક વખતે તેની સાથે જોડાયેલ ભાવનાનો સંચાર કરવો જરૂરી છે.

## ૧. ॥ પરિસમૂહન ॥

જમણા હાથમાં દર્ભની સળીઓ લઈ ત્રણવાર પશ્ચિમથી પૂર્વ તરફ નીચેનો મંત્ર બોલતી વખતે વાળવું. વાળતી વખતે ભાવના કરવી કે આ સ્થળે પહેલાંથી કોઈ કુસંસ્કાર વ્યાપેલો હોય તો તે મંત્ર અને ભાવનાની શક્તિથી વાળીને દૂર કરાઈ રહ્યો છે. પછી દર્ભની સળીઓને પૂર્વ દિશામાં ફેંકી દેવી.

**ૐ દર્ભૈઃ પરિસમૂહ્ય, પરિસમૂહ્ય, પરિસમૂહ્ય ।**

## ૨. ॥ ઉપલેપન ॥

વાળેલી જગ્યાએ ગાયના છાણથી પશ્ચિમથી પૂર્વ તરફ અથવા દક્ષિણથી ઉત્તર તરફ લીંપવું અને નીચેનો મંત્ર બોલવો. ભાવના કરો કે શુભ સંસ્કારોનું આરોપણ અને જાગરણ આ ક્રિયા સાથે કરવામાં આવી રહ્યું છે.

**ૐ ગોમયેન ઉપલિપ્ય, ઉપલિપ્ય, ઉપલિપ્ય ।**

## ૩. ॥ ઉલ્લેખન ॥

લીંપણ થઈ ગયા પછી તે જગ્યાએ સુવાથી ત્રણ રેખાઓ પશ્ચિમથી પૂર્વ તરફ અથવા દક્ષિણથી ઉત્તર તરફ નીચેનો મંત્ર બોલી દોરો. ભાવના કરો કે ભૂમિમાં દેવત્વની મર્યાદાની રેખાઓ

બનાવવામાં આવી રહી છે.

**ૐ સ્રુવમૂલેન ઉલ્લિખ્ય, ઉલ્લિખ્ય, ઉલ્લિખ્ય ।**

## ૪. ॥ ઉદ્ધરણ ॥

રેખાંકિત કરેલી જગ્યાએથી ઉખડેલી માટી અનામિકા અને અંગૂઠાથી નીચેનો મંત્ર બોલીને ચપટી ભરીને **પૂર્વ અથવા ઈશાન** દિશા તરફ ફેંકો. ભાવના કરો કે મર્યાદામાં બાંધી ન શકાય તેવાં તત્ત્વોને વિરાટને સોંપવામાં આવી રહ્યાં છે.

**ૐ અનામિકાંગુષ્ઠેન ઉદ્ધૃત્ય, ઉદ્ધૃત્ય, ઉદ્ધૃત્ય ।**

## ૫. ॥ અભ્યુક્ષણ ॥

ફરીથી એ જ જગ્યાએ નીચેનો મંત્ર બોલીને પાણી છાંટો. ભાવના કરો કે આ ક્ષેત્રમાં જાગૃત થયેલા સંસ્કારોને વિકસિત થવા માટે સીંચવામાં આવી રહ્યા છે.

**ૐ ઉદકેન અભ્યુક્ષ્ય, અભ્યુક્ષ્ય, અભ્યુક્ષ્ય ।**

❀ ❀ ❀

# ॥ કુશકંડિકા

**હેતુ :** દર્ભને પવિત્રતા અને પ્રખરતાનું પ્રતીક માનવામાં આવે છે. આ વિધિમાં યજ્ઞકુંડની ચારે દિશાઓમાં દર્ભ પાથરવામાં આવે છે. મોટા યજ્ઞો અને વિશિષ્ટ કર્મકાંડોમાં યજ્ઞશાળા, યજ્ઞકુંડ અથવા પૂજાસ્થાનની ચારેબાજુ મંત્ર બોલીને દર્ભ પાથરવામાં આવે છે.

**ક્રમ વ્યવસ્થા :**

કુશકંડિકા માટે દર્ભના એક એક વેંતના ટુકડા લેવામાં આવે છે. દરેક દિશા માટે ચાર ચાર ટુકડા લેવામાં આવે છે. આથી ચારે બાજુ એક જ વ્યક્તિ પાસે કુશકંડિકાની વિધિ કરાવવી હોય તો કુલ ૧૬ ટુકડાની જરૂર પડે અને જો દરેક કુંડ કે વેદી પર સ્થાપિત કરવા હોય તો દરેક કુંડ માટે દર્ભના સોળ સોળ ટુકડા જોઈએ.

**ક્રિયા અને ભાવના :** કુશકંડિકાની વિધિ કરનાર વ્યક્તિએ

એક સાથે ચારેય સળી હાથમાં લઈ લેવી. મંત્રોચ્ચાર સાથે દર્ભની સળીઓને હાથમાં રાખી જે દિશામાં સ્થાપિત કરવાની હોય તે તરફ હાથ જોડી મસ્તક નમાવવું અને એક એક કરીને ચારેય કુશાઓ એ જ દિશામાં સ્થાપિત કરવી. કુશાનો ઉપરનો અણીદાર છેડો પૂર્વ કે ઉત્તર તરફ રહે અને મૂળ બાજુનો ભાગ પશ્ચિમ કે દક્ષિણ તરફ રહેવો જોઈએ. આમ ચારે દિશામાં વારાફરતી દર્ભકંડિકા સ્થાપિત કરવી.

ભાવના કરો કે આ દિશામાં વ્યાપ્ત સત્ શક્તિઓને નમસ્કાર કરીએ છીએ અને તેમના સહયોગથી દિવ્ય પ્રયોજન માટે દર્ભ જેવી પવિત્રતા અને પ્રખરતાનું સ્થાપન કરવામાં આવી રહ્યું છે.

### (૧) પૂર્વ દિશામાં

**ૐ પ્રાચી દિગગ્નિરધિપતિરસિતો, રક્ષિતાદિત્યા ઈષવઃ । તેભ્યો નમોઽધિપતિભ્યો નમો, રક્ષિતૃભ્યો નમઽ ઈષુભ્યો, નમ ઽ એભ્યો અસ્તુ । યોરૂસ્માન્ દ્વેષ્ટિ યં વયં, દ્વિષ્મસ્તં વો જમ્ભે દદ્મઃ ॥** – અ. ૩.૨૭.૧

### (૨) દક્ષિણ દિશામાં

**ૐ દક્ષિણા દિગિન્દ્રોઽધિપતિસ્તિરશ્ચિરાજી, રક્ષિતા પિતરઽઈષવઃ । તેભ્યો નમોઽધિપતિભ્યો નમો, રક્ષિતૃભ્યો નમઽ ઈષુભ્યો, નમઽ એભ્યો અસ્તુ । યોરૂસ્માન્ દ્વેષ્ટિ યં વયં, દ્વિષ્મસ્તં વો જમ્ભે દદ્મઃ ॥** – ૩.૨૭.૨

### (૩) પશ્ચિમ દિશામાં

**ૐ પ્રતીચી દિગ્વરુણોઽધિપતિઃ પૃદાકૂ, રક્ષિતાન્નમિષવઃ । તેભ્યો નમોઽ ધિપતિભ્યો નમો, રક્ષિતૃભ્યો નમઽ ઈષુભ્યો, નમઽ એભ્યો અસ્તુ । યોરૂસ્માન્ દ્વેષ્ટિ યં વયં, દ્વિષ્મસ્તં વો જમ્ભે દદ્મઃ ॥** – અર્થવા ૩.૨૭.૩

(૪) ઉત્તર દિશામાં

ૐ ઉદીચી દિક્સોમોઽધિપતિઃ, સ્વજો રક્ષિતાશનિરિષવઃ । તેભ્યો નમોઽધિપતિભ્યો નમો, રક્ષિતૃભ્યો નમઽ ઈષુભ્યો, નમઽ એભ્યો અસ્તુ । યોઙ્સ્માન્ દ્વેષ્ટિ યં વયં, દ્વિષ્મસ્તં વો જમ્ભે દધ્મઃ ॥ - અથર્વ. ૩।૨૭।૪

* * *

## ॥ મેખલા પૂજન ॥

**હેતુ :** યજ્ઞકુંડોની ચારે બાજુ મેખલા બનાવવામાં આવે છે, જે દાદરાનાં પગથિયાંની માફક બનાવવામાં આવે છે. વેદી પર યજ્ઞ કરવો હોય ત્યારે ત્રણ રેખા દોરવામાં આવે છે. ઉપરની મેખલા સફેદ, વચ્ચેની મેખલા લાલ તથા સૌથી નીચેની મેખલા કાળા રંગની હોય છે. આ ત્રણેયને સતોગુણ, રજોગુણ અને તમોગુણનું પ્રતીક માનવામાં આવે છે. સંસાર ત્રણેય ગુણોના સંયોગથી બન્યો છે. આ ત્રણેયને સંતુલિત તથા ચેતનાને સમર્થ અને ઊર્ધ્વગામી કરવા માટે યજ્ઞ કરવામાં આવે છે.

ત્રણેય મેખલામાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને સ્થાપિત કરી પૂજા કરવામાં આવે છે. યજ્ઞ એક મહાન ઊર્જા છે. તેનો ઉપયોગ વીજળી અને અણુની જેમ અનુશાસન અને મર્યાદામાં રહીને કરવો જોઈએ. મેખલાઓ મર્યાદા અને અનુશાસનનું પ્રતીક છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અનુક્રમે સર્જન, પાલન અને પરિવર્તનના દેવો છે. એમને અનુરૂપ જ યજ્ઞનો પ્રયોગ અને તેનો વિકાસ કરવામાં આવે છે.

**ક્રમ વ્યવસ્થા :** મોટા યજ્ઞોમાં વિસ્તારપૂર્વક કરવામાં આવતા સંસ્કારો વખતે મેખલાઓનું પૂજન કરાવવામાં આવે છે. પૂજન કરનારના હાથમાં જળ, પુષ્પ, અક્ષત, ચંદન અથવા કંકુ આપીને મંત્ર બોલવો. દરેક દેવનો મંત્ર બોલાયા બાદ 'આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ' બોલીને હાથમાં રહેલી પૂજનસામગ્રી મેખલા

પર ચઢાવી દેવી. મંત્ર સાથે ભાવના કરવી કે ત્રણેય દેવોની ચેતનાત્મક શક્તિની સ્થાપના કરવામાં આવી રહી છે, જે અમારા યજ્ઞ અને યજ્ઞીય ભાવને સંતુલિત, અનુશાસિત અને પ્રભાવશાળી બનાવવામાં સમર્થ છે.

## ॥ બ્રહ્મા પૂજન ॥

### (ઉપર સફેદ મેખલા)

ૐ બ્રહ્મ જજ્ઞાનં પ્રથમં પુરસ્તાદ્, વિસીમતઃ સુરુચો વેનઽ આવઃ। સઽ બુધ્ન્યા ઉપમાઽ અસ્યવિષ્ઠાઃ, સતશ્ચ યોનિમસતશ્ચ વિવઃ ॥ ૐ બ્રહ્મણે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ । - ૧૩.૩

## ॥ વિષ્ણુ પૂજન ॥

### (વચ્ચે લાલ મેખલા)

ૐ ઈદં વિષ્ણુર્વિચક્રમે, ત્રેધા નિદધે પદમ્ । સમૂઢમસ્ય પા ઌઁ સુરે સ્વાહા ॥ ૐ વિષ્ણવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ । - ૫.૧૫

## ॥ રુદ્ર પૂજન ॥

### (નીચેની કાળી મેખલા)

ૐ નમસ્તે રુદ્ર મન્યવઽ, ઉતો તઽઈષવે નમઃ । બાહુભ્યામુત તે નમઃ ॥ ૐ રુદ્રાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ । - ૧૬.૧

## ॥ પંચામૃતકરણ ॥

હેતુ : ગાયને બ્રાહ્મણ અને માતાતુલ્ય માનવામાં આવે છે. તેના મહત્ત્વને સમજવા અને તેના ગુણોનો લાભ લેવા માટે પંચામૃત પીવાની વાતને ધાર્મિક કર્મકાંડ સાથે જોડવામાં આવી છે.

સામાન્ય રીતે પંચામૃત પહેલેથી બનાવીને મૂકી રાખવામાં આવે છે અને પાછળથી પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે. જ્યાં પણ યોગ્ય અને જરૂરી લાગે ત્યાં દેવપૂજન સાથે પંચામૃત બનાવીને, ધરાવીને પછી જ વિતરણ કરવામાં આવે. પંચામૃત બનાવવાના અને પાન કરવાના મંત્રો એક સાથે આપવામાં આવ્યા છે, પરંતુ બનાવવાની અને પાન કરાવવાની વિધિ ક્રમશઃ અને વ્યવસ્થાનુસાર અલગ અલગ સમયે કરાવવી જોઈએ.

**હેતુ અને પ્રેરણા :** પ્રસાદ અમૃતતુલ્ય, પૌષ્ટિક અને સંસ્કાર આપનાર પદાર્થોમાંથી જ બનાવવામાં આવે અને એ ભગવાનને અર્પણ કરીને પછી લેવામાં આવે. આના માટે પ્રતીક તરીકે ગોરસ લેવામાં આવે છે.

તુલસી, આંબળાં, પીપળો અને ગળોની જેમ ગાયમાં દિવ્યતા (સતોગુણ)નું પ્રમાણ વધારે હોય છે. ગોરસ આપણા શરીરને જ નહીં, પરંતુ મન-મસ્તિષ્ક તથા અંતઃકરણને પણ ઉત્કૃષ્ટતાનાં તત્ત્વોથી ભરી દે છે. ગોરસ માત્ર ઉત્તમ આહાર જ નથી, દિવ્યગુણસંપન્ન દૈવીપ્રસાદ પણ છે. તેની સાત્ત્વિકતાનો સમાવેશ અનુષ્ઠાનોમાં થવો જોઈએ. શક્ય હોય ત્યાં સુધી યજ્ઞમાં ગાયના ઘીની આહુતિઓ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. ગાયનું ઘી ન મળે તો જ અન્ય ઘીથી કામ ચલાવવું જોઈએ. પ્રસાદમાં પંચામૃતને તેની વિશેષતાઓના લીધે જ ઉપયોગી માનવું જોઈએ. તે સસ્તું અને સર્વસુલભ પણ છે. જરૂરિયાત મુજબ તેમાં પાણી અને ખાંડ ભેળવીને વધારો પણ કરી શકાય છે. ગૌરક્ષાની દૃષ્ટિએ એ ખૂબ જ જરૂરી છે કે આપણાં ધાર્મિક કાર્યોમાં જનસમુદાયને તેના મહત્ત્વનો ખ્યાલ આપવો જોઈએ કે જેથી આજે ગાયની જે ઉપેક્ષા થઈ રહી છે તેનો અંત આવે. ગાયના દૂધ-દહીંનો વ્યવહારમાં ઉપયોગ થવાથી જ ગૌરક્ષા તથા તેનું સંવર્ધન શક્ય બનશે.

**ક્રમવ્યવસ્થા :** પંચામૃતમાં પાંચ વસ્તુઓ કામમાં આવે છે. (૧) દૂધ (૨) દહીં (૩) ઘી (૪) મધ અથવા ખાંડ (૫) તુલસીપાન. પ્રાચીન સમયમાં મધ ખૂબ જ સરળતાથી મળતું. આથી ભેળવવામાં

આવતું. આજે તો ખાંડ પણ ખૂબ જ મોંઘી છે, છતાં ખાંડથી કામ ચલાવવું. શક્ય હોય તો દેશી ખાંડસરીનો ઉપયોગ કરવો. ગોરસ ન મળે તો ભેંસનું દૂધ-દહીં લેવું. તુલસી પાન લગભગ બધે જ મળે છે. ધાર્મિક પ્રસંગે જેમને વિશ્વાસ હોય તેમનાં ઘરોમાં તુલસીની સ્થાપના કરવી જોઈએ.

દૂધ વધારે, દહીં ઓછું, ઘી એકદમ થોડું, જરૂર મુજબ ખાંડ અથવા મધ. આ બધું દર્શનાર્થીઓની સંખ્યાના અંદાજ મુજબ લેવું. તુલસીપાનના ઝીણા ઝીણા ટુકડા કરીને નાંખવા. જરૂર પડે તો પાણી પણ મેળવી શકાય. પંચામૃતની બધી જ વસ્તુઓ અલગ અલગ પાત્રમાં રાખવી. જે વાસણમાં પંચામૃત બનાવવાનું હોય તેમાં મંત્રોચ્ચાર સાથે એક એક વસ્તુ રેડવામાં આવે. યજ્ઞના અંતે પ્રસાદ તરીકે પંચામૃત વહેંચવું. પંચામૃતનો પ્રસાદ લોકો જમણા હાથની હથેળીમાં લે. હાથ ચીકણા થતા હોવાથી બાજુમાં પાણીની ડોલ તથા એકાદ ટુવાલની પણ વ્યવસ્થા કરવી, જેથી પંચામૃત લઈને હાથ સાફ કરી શકાય.

## વાસણમાં દૂધ નાખવાનો મંત્ર

દૂધ જેવો સફેદ પદાર્થ બીજો કોઈ નથી. પંચામૃતમાં દૂધનો ભાગ માનવીને નિર્મળ, અંદરથી દૂધ જેવો સફેદ અર્થાત્ ચરિત્રવાન બનાવવાનું કામ કરે છે.

**ૐ પયઃ પૃથિવ્યાં પયઽઓષધીષુ, પયો દિવ્યન્તરિક્ષે પયોધાઃ । પયસ્વતીઃ પ્રદિશઃ સન્તુ મહ્યમ્ ॥ - ૧૮.૩૬**

## દહીં નાખવાનો મંત્ર

દહીં શીતળ તથા ઘટ્ટ હોવાના લીધે મનુષ્યમાં સૂક્ષ્મરૂપે ગંભીરતા, શીતળતા અર્થાત્ સમતોલન, સ્થિરતા વગેરે સદ્‌ગુણો વધારે છે.

**ૐ દધિક્રાવ્ણો અકારિષં, જિષ્ણોરશ્વસ્ય વાજિનઃ । સુરભિ નો મુખા કરત્પ્રણઽ, આયૂ ꣳષિ તારિષત્ ॥ - ૨૩.૩૨**

## ઘી નાખવાનો મંત્ર

ઘી પ્રવાહી, સ્નેહયુક્ત, સુગંધીયુક્ત તથા ગંભીરતા પ્રદર્શક છે એનું સેવન કરવાથી મનુષ્યનો વ્યવહાર નમ્ર, સ્નેહપૂર્ણ, પ્રસન્નતાદાયક તથા શાંત થાય છે. સારાં કામોમાં પણ આ જ પ્રકારનો વ્યવહાર હોવો જોઈએ.

**ૐ ઘૃતં ઘૃતપાવાનઃ પિબત વસાં વસાપાવાનઃ, પિબતાન્તરિક્ષસ્ય હવિરસિ સ્વાહા । દિશઃ પ્રદિશઽઆદિશો વિદિશ, ઽ ઉદ્દિશો દિગ્ભ્યઃ સ્વાહા ॥** - ૬.૧૯

## મધ નાખવાનો મંત્ર

મધ સ્વાસ્થ્યવર્ધક, રોગનિવારક, શુદ્ધિકારક એવો પ્રાકૃતિક પદાર્થ છે. મનુષ્ય પોતાના આહારવિહારમાં કુદરતી પદાર્થોનો વધુમાં વધુ ઉપયોગ કરે તે હેતુથી પંચામૃતમાં મધ ભેળવવામાં આવે છે.

પંચામૃતમાં મધ તથા ખાંડ બંને નાખવાનું વિધાન છે. પ્રાચીનકાળમાં વિશેષ કરીને મધ જ વપરાતું હતું, પરંતુ પ્રવર્તમાન સમયમાં ચોખ્ખું મધ મળવું મુશ્કેલ છે. આથી થોડુંક મધ અને બાકીની ખાંડ ભેળવીને કામ ચલાવી લેવું.

**ૐ મધુ વાતા ઽઋતાયતે, મધુક્ષરન્તિ સિન્ધવઃ । માધ્વીર્નઃ સન્ત્વોષધીઃ । ૐ મધુ નક્તમુતોષસો, મધુમત્પાર્થિવ ઌઁ રજઃ । મધુદ્યૌરસ્તુ નઃ પિતા । ૐ મધુમાન્નો વનસ્પતિઃ, મધુમાઁ- ૨ અસ્તુ સૂર્યઃ । માધ્વીર્ગાવો ભવન્તુ નઃ ॥** - ૧૩.૨૭-૨૯

## તુલસીપાન નાખવાનો મંત્ર

તુલસી શરીર તથા મનને નીરોગી રાખનાર અદ્ભુત ઔષધિ છે. એમાં દિવ્યતત્ત્વોની પ્રધાનતા છે. તેને પૃથ્વીનું અમૃત માનવામાં આવી છે. પાંચ અમૃતોમાં તુલસી પણ એક છે, આથી તેનો સમાવેશ પંચામૃતમાં કરવામાં આવ્યો છે.

ॐ યા ઓષધીઃ પૂર્વા જાતા, દેવેભ્યસ્ત્રિયુગં પુરા ।
મનૈ નુ બભ્રૂણામહઁશતં ધામાનિ સપ્ત ચ ॥ ૧૨.૭૫

## પંચામૃત પાનનો મંત્ર

પંચામૃતમાં મોટા ભાગની વસ્તુઓ ગૌદ્રવ્ય હોય છે. આથી તેને માતાના પયપાન અને ભગવાનના પ્રસાદના રૂપમાં શ્રદ્ધા, નિષ્ઠા તથા પ્રસન્નતાપૂર્વક ગ્રહણ કરવું જોઈએ. આ પૃથ્વીલોકનાં પ્રાણીઓને અમરત્વ પ્રદાન કરનાર આ જ પંચામૃત છે. નીચેનો મંત્ર બોલીને પંચામૃતનું પાન કરો.

**ॐ માતા રુદ્રાણાં દુહિતા વસૂનાં, સ્વસાદિત્યાનામમૃતસ્ય નાભિઃ । પ્ર નુ વોચં ચિકિતુષે જનાય, મા ગામનાગામદિતિં વધિષ્ટ ॥** - ઋ. ૮.૧૦૧.૧૫

❀ ❀ ❀

# ॥ દશવિધ સ્નાન ॥

દશ સ્નાન વિધિનો પ્રયોગ દેવ પ્રતિમાઓની સ્થાપના વખતે, શ્રાવણી ઉપાકર્મ, વાનપ્રસ્થ સંસ્કાર તથા પ્રાયશ્ચિત્તકર્મનાં વિધિવિધાનોમાં કરવામાં આવે છે. જે સંસ્કારોમાં આની જરૂરિયાત હોય ત્યાં આ પ્રકરણને જોડી દેવું.

**વ્યવસ્થા ક્રમ :** યજ્ઞ અથવા સંસ્કાર સ્થળથી થોડે દૂર દસ સ્નાન માટેની વ્યવસ્થા કરવી જોઈએ. આ સ્નાનોમાં (૧) ભસ્મ (૨) માટી (૩) ગૌછાણ (૪) ગૌમૂત્ર, (૫) ગૌદૂધ, (૬) ગૌદધિ, (૭) ગૌઘૃત, (૮) સર્વૌષધિ (હળદર), (૯) દર્ભ, (૧૦) મધ. આ દસેય વસ્તુઓ પહેલેથી મંગાવી લેવી. ક્રમશઃ એક એક વસ્તુથી સ્નાન કરતી વખતે ડાબા હાથની હથેળીમાં ભસ્મ વગેરે પદાર્થ લો, તેમાં થોડું પાણી નાખો. બંને હથેળી ભેગી કરો. બંને હથેળીમાં ઘસતી વખતે નક્કી કરેલો મંત્ર બોલો. પછી ડાબા હાથથી કમરની નીચેનાં અંગો પર અને જમણા હાથથી કમરની ઉપરનાં અંગો પર ચોપડો. પછી ચોખ્ખા પાણીથી સ્નાન કરી લો. આ રીતે દશ વસ્તુઓથી સ્નાન

કરો. દસે દસ સ્નાનના મંત્રો બોલવામાં આવે. છેલ્લે ફરીથી ચોખ્ખા પાણીથી સ્નાન કરી શરીરને ટુવાલથી લૂછી નાખો અને પીળાં વસ્ત્રો ધારણ કરો. આ દશ સ્નાન અત્યાર સુધી કરેલાં પાપોના પ્રાયશ્ચિત્ત માટે તથા નવીન જીવનમાં પ્રવેશ કરવા માટે છે. જેવી રીતે સાપ પોતાની જૂની કાંચળી ઉતારીને નવી ચામડી ધારણ કરે છે, તેવી જ રીતે વીતી ગયેલા જીવનની ઘરેડને છોડી દઈ ભાવિ જીવનની ઉત્કૃષ્ટ રીતિનીતિ અપનાવવા માટેનું વ્રત લેવામાં આવે.

**ભાવના અને પ્રેરણા :** (૧) ભસ્મથી સ્નાન કરવા પાછળની ભાવના એ છે કે શરીર ભસ્માન્ત છે. ગમે ત્યારે મૃત્યુ આવી શકે છે. આથી આવનાર મૃત્યુને યાદ રાખીને ભાવિ મરણોત્તર જીવનની સુખશાંતિ માટે તૈયારી કરવામાં આવી રહી છે. (૨) માટીના સ્નાનનો અર્થ એ છે કે જે માતૃભૂમિનું અસીમ ઋણ આપણા ઉપર છે, તેનાથી મુકત થવા માટે દેશભકિતનું, માતૃભૂમિની સેવાનું વ્રત લેવામાં આવી રહ્યું છે. (૩) છાણનો અર્થ છે છાણની જેમ શરીરને ખાતર બનાવીને સંસારને હર્યોભર્યો બનાવવા માટે પોતાનો ઉત્સર્ગ કરવો. (૪) ગોમૂત્ર ક્ષારપ્રધાન હોવાથી મલિનતાનાશક માનવામાં આવ્યું છે. તે સાબુની જેમ સફાઈ કરે છે અને રોગના કીટાણુઓનો નાશ કરે છે. ગોમૂત્રથી સ્નાન કરતી વખતે શારીરિક અને માનસિક દોષ-દુર્ગુણોને દૂર કરીને અંદર અને બહાર સ્વચ્છતા ધારણ કરવી જોઈએ. (૫) દુગ્ધસ્નાન કરવાનો હેતુ છે જીવનને દૂધ જેવું સફેદ, સ્વચ્છ, નિર્મળ, ઊજળું બનાવવું, (૬) દધિસ્નાનનો અર્થ છે નિયંત્રિત થવું. દૂધ પાતળું હોવાથી ગમે તેમ વહે છે, પણ દહીં ઘટ્ટ બનીને સ્થિર બને છે. પાછલું જીવન ચંચળતા અને લાલસાઓના કારણે ભલે આમતેમ ઢળતું રહ્યું હોય, પણ હવે જીવન વ્યવહાર દહીં જેવો સ્થિર રહેવો જોઈએ. (૭) ઘીથી સ્નાન કરવાની ભાવના છે ઘી જેવી ચીકાશ. જીવનક્રમને ઘી જેવો સ્નિગ્ધ-સરળ બનાવવો. જીવનમાં ભરપૂર પ્રેમ ભરવો. (૮) સર્વોષધિ (હળદર)થી સ્નાન કરવાનો અર્થ છે જીવનમાં અનિચ્છનિયતા સામે સતત સંઘર્ષ કરતા રહેવું, હળદર રોગના કીટાણુઓનો નાશ કરે છે. શરીર તથા મનમાં જે દોષદુર્ગુણો

છે તેની સામે, સમાજમાં જે વિકૃતિઓ દેખાય છે તેની સામે સંઘર્ષ કરતા રહેવું. (૯) દર્ભથી સ્નાન કરવાનો અર્થ છે દર્ભ જેવા તીક્ષ્ણ રહેવું. અનીતિ પ્રત્યે તીક્ષ્ણ-ધારદાર બનવું. (૧૦) મધુસ્નાનનો અર્થ છે મીઠાશ. સજ્જનતા, સૌજન્ય, મધુર વાણી વગેરે બધાને ગમે તેવા ગુણોને જીવનમાં તથા વ્યવહારમાં લાવવા. દસ સ્નાન કરવાથી દિવ્ય પ્રભાવ પડે છે. સાથોસાથ જે પ્રેરણાઓ જોડાયેલી છે તેમને હૃદયંગમ કરવામાં આવે તો આંતરિક ઉત્કર્ષ કરવામાં સહાયતા મળે છે.

### ૧. ભસ્મ સ્નાન

**ૐ પ્રસદ્ય ભસ્મના યોનિમપશ્ચ પૃથિવીમગ્ને ।**
**સઢ્ઢંસૃજ્ય માતૃભિષ્ટ્વં, જ્યોતિષ્માન્પુનરાઽસદઃ ॥ - ૧૨.૩૮**

### ૨. મૃત્તિકા સ્નાન

**ૐ ઈદં વિષ્ણુર્વિચક્રમે, ત્રેધા નિદધે પદમ્ ।**
**સમૂઢમસ્ય પા ઢ્ઢં સુરે સ્વાહા ॥ - ૫.૧૫**

### ૩. ગોમય સ્નાન

**ૐ મા નસ્તોકે તનયે મા નઽઆયુષિ, મા નો ગોષુ મા નો અશ્વેષુ રીરિષઃ । મા નો વીરાન્ રુદ્ર ભામિનો, વધીર્હવિષ્મન્તઃ સદમિત્ ત્વા હવામહે ।** - ૧૬.૧૬

### ૪. ગોમૂત્ર સ્નાન

**ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ । ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥** - ૩.૩૫

### ૫. દુગ્ધ સ્નાન

**ૐ આપ્યાયસ્વ સમેતુ તે, વિશ્વતઃ સોમ વૃષ્ણ્યમ્ । ભવા વાજસ્ય સંગથે ।** - ૧૨.૧૧૨

### ૬. દધિ સ્નાન

**ૐ દધિક્રાવ્ણોઽ અકારિષં, જિષ્ણોરશ્વસ્ય વાજિનઃ । સુરભિ નો મુખા કરત્પ્રણઽ, આયૂઢ્ઢંષિ તારિષત્** - ૨૩.૩૨

## ૭. ઘૃત સ્નાન

ૐ ઘૃતં ઘૃતપાવાનઃ, પિબત વસાં વસાપાવાનઃ પિબતાન્તરિક્ષસ્ય હવિરસિ સ્વાહા । દિશઃ પ્રદિશઽ આદિશો વિદિશઽ, ઉદ્દિશો દિગ્ભ્યઃ સ્વાહા ॥ - ૬.૧૯

## ૮. સર્વૌષધિ સ્નાન

ૐ ઓષધયઃ સમવદન્ત, સોમેન સહ રાજ્ઞા । યસ્મૈ કૃણોતિ બ્રાહ્મણસ્ત ઙ્મ્ , રાજન્ પારયામસિ ॥ - ૧૨.૯૬

## ૯. કુશોદક સ્નાન

ૐ દેવસ્ય ત્વા સવિતુઃ પ્રસવેઽ શ્વિનોઃ, બાહુભ્યાં પૂષ્ણો હસ્તાભ્યામ્ । સરસ્વત્યૈ વાચો યન્તુર્યન્ત્રિયે દધામિ, બૃહસ્પતેષ્ટ્વા સામ્રાજ્યેનાભિષિંચામ્યસૌ ॥ - ૯.૩૦

## ૧૦. મધુ સ્નાન

ૐ મધુ વાતા ઽઋતાયતે, મધુ ક્ષરન્તિ સિન્ધવઃ । માધ્વીર્નઃ સન્ત્વોષધીઃ । ૐ મધુ નક્તમુતોષસો, મધુમત્પાર્થિવ ઙ્મ્ રજઃ । મધુ દ્યૌરસ્તુ નઃ પિતા । ૐ મધુમાન્નો વનસ્પતિઃ, મધુમાઁ-૨ ઽ અસ્તુ સૂર્યઃ । માધ્વીર્ગાવો ભવન્તુ નઃ ॥ - ૧૩.૨૭-૨૮-૨૯

## ૧૧. શુદ્ધોદક સ્નાન

ૐ શુદ્ધવાલઃ સર્વશુદ્ધવાલો, મણિવાલસ્તઽ આશ્વિનાઃ, શ્યેતઃ શ્યેતાક્ષોઽરુણસ્તે, રુદ્રાય પશુપતયે કર્ણા યામાઽ, અવલિપ્તા રૌદ્રા નભોરૂપાઃ પાર્જન્યાઃ ॥ - ૨૪.૩

❀ ❀ ❀

# ॥ જલયાત્રા વિધાન ॥

જળયાત્રા યુગનિર્માણ યોજનાના યજ્ઞઅભિયાનની એક ખૂબ જ પ્રભાવશાળી અને ઉપયોગી પ્રક્રિયા છે. જો જળયાત્રાની વ્યવસ્થા સારી રીતે કરવામાં આવે તો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઘણા લાભ થાય છે જેવા કે-

- થનાર આયોજનની ભવ્યતા અને વિશાળતાનો લોકોને ખ્યાલ આવે છે.

- લોકોને આયોજનમાં આવવાનું ખુલ્લું આમંત્રણ મળે છે અને યજ્ઞમાં ભાગ લેવાનો ઉત્સાહ જાગે છે.

- ભાવનાસભર માતાઓ-બહેનો દ્વારા દેવપૂજન સહિત મંગળ કળશ સ્થાપિત કરીને આયોજનનું સુસંસ્કારભર્યું ઉદ્‌ઘાટન થાય છે.

- નારીશક્તિના જાગરણ, વિકાસ અને ઉપયોગિતાની દૃષ્ટિએ એ દિશામાં એક મહત્ત્વનું કદમ છે.

- ઘેર ઘેર ધર્મઘટ સ્થાપિત કરાવવાની સરસ અને સરળ એવી પૂર્વભૂમિકાનું નિર્માણ થાય છે.

આ બધા લાભોને ધ્યાનમાં રાખીને યજ્ઞો ઉપરાંત નવરાત્રિ સાધના, પ્રજ્ઞાપુરાણની કથા જેવાં આયોજનો વખતે પણ જળયાત્રાનું આયોજન કરી શકાય. સમય, પરિસ્થિતિ અને સામર્થ્યનો વિચાર કરીને પછી જ નિર્ણય લેવો. માત્ર ચિહ્નપૂજા અને હાસ્યાસ્પદ પ્રદર્શનથી તો સારું એ છે કે તેનું આયોજન જ ન કરવું. વ્યવસ્થા અને ભવ્યતાનું આયોજન ન થઈ શકે તો કળશસ્થાપન જે તે સ્થળે જ કરાવી લેવું.

### જળયાત્રા માટેની જરૂરી સૂચનાઓ :

- માટીના ઘડા પીળા રંગથી રંગીને ઈંઢોણી સાથે પૂરતી સંખ્યામાં તૈયાર રાખવા.
- ઉત્સાહી બહેનો પહેલેથી જ જળયાત્રામાં ભાગ લેવા માટે ઘેર ઘેર જઈને બહેનોને પ્રોત્સાહિત કરે. યજ્ઞનું મહત્ત્વ તથા

જળયાત્રામાં ભાગ લેવાનું શું શ્રેય મળે તે સમજાવવું. આના લીધે પૂરતી સંખ્યામાં બહેનો મળી રહેશે.

- ✤ સરઘસને આકર્ષક બનાવવા માટે બેન્ડ, ભજનમંડળી, બેનર, પોસ્ટર, ધજા, ચિત્રપ્રદર્શન વગેરેની વ્યવસ્થા સ્થળ, પરિસ્થિતિ અને શકિત અનુસાર કરવી.
- ✤ શિક્ષિત અને જાણકાર ભાઈઓને વ્યવસ્થા માટે સ્વયંસેવકોની જવાબદારી સોંપવી, જેથી સ્ત્રીઓનું રક્ષણ કરવામાં તથા શિસ્ત જાળવવામાં મુશ્કેલી ન પડે.
- ✤ જળયાત્રા શહેરના મુખ્ય રસ્તાઓ પરથી પસાર થાય, પણ રસ્તો એટલો લાંબો ન હોવો જોઈએ કે જેથી બહેનો અધવચ્ચે જ થાકી જાય.
- ✤ જળયાત્રા જ્યાં પૂરી થવાની હોય ત્યાં કળશ લેનાર બહેનોનું સ્વાગત અને સન્માન કરવાની તથા પ્રસાદ આપવાની વ્યવસ્થા ગોઠવવી.

**ક્રમ વ્યવસ્થા :** જળયાત્રાની વિધિ જળાશય ઉપર કરવામાં આવે છે. કર્મકાંડનો ક્રમ નીચે આપવામાં આવ્યો છે. વિધિના મંત્રો સામાન્ય પ્રકરણમાં આપેલા છે. ક્રમ આ પ્રમાણે છે. (૧) પવિત્રીકરણ :- **અપવિત્ર...** મંત્રથી પરિસ્થિતિ મુજબ બહેનો જાતે જ પોતાના પર પાણીનો છંટકાવ કરે અથવા સ્વયંસેવકો દર્ભ કે પાંદડાથી બહેનો પર પાણીનો છંટકાવ કરે. (૨) પૃથ્વીપૂજન :- **પૃથ્વીત્વયા...** મંત્ર બોલીને હાથથી પૃથ્વીનો સ્પર્શ કરી નમસ્કાર કરવા કહેવું. (૩) સર્વદેવ નમસ્કર (૪) સ્વસ્તિવાચન (૫) નાડાછડી અને તિલક (૬) વરુણ દેવતાનું આવાહન **'વરુણસ્યોત્તમ્ભનમસિ...** મંત્રથી કરાવવું. અક્ષત, પુષ્પથી પૂજન કરાવી નમસ્કાર કરાવવા. (૭) આ જ મંત્ર બોલીને કળશમાં જળ ભરાવવું. (૮) કળશવંદના **'કલશસ્ય મુખે વિષ્ણુ...** મંત્રથી કરવી. આ સાથે દરેક બહેન પોતપોતાના કળશને નાડાછડી બાંધે અને નમસ્કાર કરે. (૯) કળશને

માથા પર મૂકી બે કે ત્રણની લાઈનમાં સરઘસની રીતે ચાલવું. (૧૦) આયોજન સ્થળે પહોંચ્યા બાદ ફકત કળશવાળી બહેનોને **ભદ્રં કર્ણેભિઃ...** મંત્રથી અક્ષતની વર્ષા કરી યજ્ઞશાળામાં પ્રવેશ કરાવવો. ગાયત્રી મંત્ર બોલીને કળશને યોગ્ય સ્થાને ગોઠવો. (૧૧) બહેનોનો શાંતિ અભિષેક **ૐ દ્યૌઃ શાંતિ...** મંત્રથી કરવો. મંગલમંત્રોના ગાન સાથે પ્રસાદ આપવો.

❀ ❀ ❀

# ॥ સ્ફુટ પ્રકરણ ॥

કર્મકાંડમાં રક્ષાસૂત્રબંધન, તિલક, આશીર્વાદ વગેરે એવાં કાર્ય છે, જે કર્મકાંડમાં અવારનવાર આવતાં રહે છે અને લાંબા સમય સુધી ચાલે છે. આ વિધિ વખતે મંત્રોચ્ચાર અને તેનું વિવરણ બંને ચાલતાં રહે તો વાતાવરણમાં સૌમ્યતા આવે છે તથા પ્રભાવમાં વધારો થાય છે. આથી સ્ફુટ પ્રકરણમાં કેટલાક મંત્રો આપવામાં આવ્યા છે,જેનો ઉપયોગ વારંવાર સમયાનુસાર કરી શકાય છે.

## ॥ રક્ષાસૂત્ર (નાડાછડી) બંધન ॥

**(૧) ૐ યદાબધ્નન્દાક્ષાયણા, હિરણ્ય ૐ શતાનીકાય, સુમનસ્ય માનાઃ । તન્મઽ આબધ્નામિ શત શારદાય, આયુષ્માંજરદષ્ટિર્યથાસમ્ ।**

**(૨) ૐ યેન બદ્ધો બલીરાજા, દાનવેન્દ્રો મહાબલઃ ।**
**તેન ત્વાં પ્રતિ બધ્નામિ, રક્ષે મા ચલ મા ચલ ॥**

**(૩) ૐ વ્રતેન દીક્ષામાપ્નોતિ, દીક્ષયાઽઽપ્નોતિ દક્ષિણામ્। દક્ષિણા શ્રદ્ધામાપ્નોતિ, શ્રદ્ધયા સત્યમાપ્યતે ॥** - ૧૯-૩૦

## ॥ તિલક મંત્ર ॥

**(૧) ૐ અક્ષન્નમીમદન્ત હ્યવ પ્રિયાઽ અધૂષત । અસ્તોષત સ્વભાનવો વિપ્રા, નવિષ્ઠયા મતી યોજાન્વિન્દ્ર તે હરી ॥** - ૩.૫૧

(૨) ॐ યુંજન્તિ બ્રધ્નમરુષં, ચરન્તં પરિ તસ્થુષઃ । રોચન્તે રોચના દિવિ ॥ યુંજન્ત્યસ્ય કામ્યા હરી, વિપક્ષસા રથે । શોણા ધૃષ્ણૂ નૃવાહસા ॥ - ૨૩.૫-૬

(૩) ॐ સ્વસ્તિ નઽઇન્દ્રો વૃદ્ધશ્રવાઃ, સ્વસ્તિ નઃ પૂષા વિશ્વવેદાઃ । સ્વસ્તિ નસ્તાર્ક્ષ્યો અરિષ્ટનેમિઃ, સ્વસ્તિનો બૃહસ્પતિર્દધાતુ । - ૨૫.૧૯

(૪) ॐ ગન્ધદ્વારાં દુરાધર્ષાં, નિત્યપુષ્ટાં કરીષિણીમ્ ।
ઈશ્વરીં સર્વભૂતાનાં, તામિહોપહ્વયે શ્રિયમ્ ॥
- શ્રી. સૂ. ૯

(૫) ॐ દીર્ઘાયુત્વાય બલાય વર્ચસે, સુપ્રજાસ્ત્વાય સહસા અથોજીવ શરદઃ શતમ ।

## ॥ કુશપવિત્રી (દર્ભની વીંટી) ધારણ ॥

આ કર્મ સંકલ્પ, દાન, વ્રતધારણ, તર્પણ વગેરે કરાવતા પહેલાં કરાવવામાં આવે છે. આ માટે દર્ભની લાંબી સળી લઈ તેને બેવડીવાળી, બંને છેડા ભેગા કરી ગાંઠ વાળવી અને વીંટી બનાવવી. મંત્ર સાથે અનામિકા આંગળીએ પહેરવી. ભાવના કરવી કે પવિત્ર કાર્યો કરતા પહેલાં હાથોમાં પવિત્રતાનો સંચાર થઈ રહ્યો છે.

ॐ પવિત્રે સ્થો વૈષ્ણવ્યૌ સવિતુર્વઃ, પ્રસવઽ ઉત્પુનામ્યચ્છિદ્રેણ, પવિત્રેણ સૂર્યસ્ય રશ્મિભિઃ । તસ્ય તે પવિત્રપતે પવિત્રપૂતસ્ય, યત્કામઃ પુને તચ્છકેયમ્ ॥
- ૧.૧૨, ૪.૪

## ॥ આશીર્વાદ મંત્ર ॥

ॐ વિવેકસંયુતાં પ્રજ્ઞાં, દૂરદૃષ્ટિન્તથૈવ ચ ।
ચારિત્ર્યં સર્વદાઽઽદર્શં, વેદમાતા પ્રયચ્છતુ ॥૧॥
બ્રહ્મવર્ચસમાસ્તિક્યં, સાત્મનિર્ભરતાં મુદા ।
સજ્જનતાઽઽત્મવિશ્વાસં, દેવમાતા દદાતુ તે ॥૨॥

સદ્‌ભવિષ્યોજ્જ્વલાકાંક્ષા, પ્રભુવિશ્વાસમેવ ચ ।
ઉચ્ચાદર્શાન્પ્રતિ શ્રદ્ધાં, તુભ્યં યચ્છતુ વૈષ્ણવી ॥૩॥
શ્રેષ્ઠકર્ત્તવ્યનિષ્ઠાન્તે, પ્રતિભાં હૃષ્ટમાનસમ્ ।
ઉદારાત્મીયતાં તુભ્યં, વિશ્વમાતા પ્રયચ્છતુ ॥૪॥
શાલીનતાં ચ સૌન્દર્યં, સ્નેહસૌજન્યમિશ્રિતમ્ ।
ધ્રુવં ધૈર્યં ચ સન્તોષં, દેયાત્તુભ્યં સરસ્વતી ॥૫॥
સ્વાસ્થ્યં મન્યુમનાલસ્યં, સોત્સાહં ચ પરાક્રમમ્ ।
સાહસં શૌર્યસમ્પન્નં, મહાકાલી પ્રવર્ધતામ્ ॥૬॥
વૈભવં મમતાં નૂનં, મૈત્રીવિસ્તારમેવ ચ ।
શુચિતાં સમતાં તુભ્યં, મહાલક્ષ્મી પ્રયચ્છતુ ॥૭॥
સ્વસ્ત્યસ્તુ તે કુશલમસ્તુ ચિરાયુરસ્તુ,
ઉત્સાહ-શૌર્ય-ધન-ધાન્ય-સમૃદ્ધિરસ્તુ ।
ઐશ્વર્યમસ્તુ બલમસ્તુ રિપુક્ષયોઽસ્તુ,
વંશે સદૈવ ભવતાં હરિભક્તિરસ્તુ ॥૮॥

## ॥ ભૂમિપૂજન પ્રકરણ ॥

ભૂમિમાં બીજ જ ઊગતું નથી, સંસ્કાર પણ ઉપજે છે. સ્મશાનોના બીભત્સ, રુદનયુક્ત અને ભયભીત તથા આશ્રમોના શાંત, સુરભિત અને મનોરમ વાતાવરણનો દરેક જણ અનુભવ કરી શકે છે. આ તફાવતનું કારણ એ વાત સ્પષ્ટ કરે છે કે ભૂમિમાં સારા-નરસા સંસ્કારો ગ્રહણ કરીને તેમને આત્મસાત્ કરવાની વિલક્ષણ શક્તિ રહેલી છે. આથી જ ભારતીય સંસ્કૃતિમાં દરેક કાર્ય શરૂ કરતાં પહેલાં ભૂમિપૂજન કરવું જરૂરી માનવામાં આવ્યું છે. ગાયત્રી શક્તિપીઠો પ્રજ્ઞા આલોકનાં કેન્દ્રો બની રહી છે. આથી આવાં દેવાલયોમાં પ્રારંભથી જ આ સંસ્કારો પેદા કરવા જોઈએ. આથી ભૂમિપૂજન સમારંભ અનિવાર્ય બનાવી દેવામાં આવ્યો છે. આ દરેક જવાબદાર પરિજનોએ જાણી લેવું જોઈએ. મકાનનું નિર્માણ

કરતાં પહેલાં, મોટા યજ્ઞો કરતાં પહેલાં તથા ગૃહપ્રવેશના કાર્યમાં આનો ઉપયોગ કરવો જોઈએ.

**ક્રમવ્યવસ્થા :** ભૂમિપૂજન જ્યાં કરવાનું હોય તે જગ્યા પર શક્તિ પ્રમાણે સુંદર અને સ્વચ્છ વાતાવરણ બનાવવું. કર્મકાંડ માટે એવી જગ્યા પસંદ કરવી કે જેથી હાજર રહેલા લોકો જોઈ શકે અને સાંભળી શકે. અહીં ફક્ત ભૂમિપૂજનની જ વિધિ આપવામાં આવી છે. આની આગળપાછળ સામાન્ય કર્મકાંડની વિધિ વિવેકાનુસાર કરાવવી. જો અન્ય વ્યવસ્થા સારી હોય, સમય પૂરતો હોય તો સાથે યજ્ઞને પણ જોડી દેવો. 'સંક્ષિપ્ત હવન' મુજબ યજ્ઞ કરવો. ષટ્કર્મથી રક્ષાવિધાન સુધીનો ક્રમ પૂરો કરી લેવો. ત્યારબાદ ભૂમિપૂજનની વિશેષ વિધિ કરાવવી. તે પૂરી થયા પછી અગ્નિસ્થાપનથી લઈને યજ્ઞની સમાપ્તિ સુધીનાં તમામ કર્મો કરાવવાં.

જો સમયનો અભાવ હોય અને વ્યવસ્થા કરવી શક્ય ન હોય તો ષટ્કર્મ પછી સંકલ્પ, સર્વદેવ નમસ્કાર, સ્વસ્તિવાચન વગેરે કરાવીને ભૂમિપૂજનની વિધિ કરાવવી. ત્યારબાદ ગાયત્રીમંત્ર બોલીને પાંચ ઘીના દીવા કરવા. અંતમાં ક્ષમાપ્રાર્થના, નમસ્કાર, શુભકામના, અભિસિંચન, વિસર્જન અને જયઘોષ વગેરે કરાવીને કાર્યક્રમ સમાપ્ત કરવો. વિધિનો ક્રમ નીચે મુજબ છે :

**(૧) ષટ્કર્મ :** ભૂમિપૂજન કરનારને પૂજાસ્થાને બેસાડીને ષટ્કર્મ કરાવવું. (૧) પવિત્રીકરણ, (૨) આચમન (૩) શિખાબંધન (૪) પ્રાણાયામ (૫) ન્યાસ (૬) પૃથ્વીપૂજન. આ છ કર્મો કરાવવાં. જો બેસાડીને ષટ્કર્મ કરાવાય તેવી સ્થિતિ ન હોય તો ઊભાં ઊભાં જ પવિત્રીકરણ મંત્ર દ્વારા સામૂહિક સિંચન કરીને આગળનો ક્રમ ચલાવી શકાય.

**(૨) સંકલ્પ :** પ્રતિનિધિઓના હાથમાં અક્ષત, પુષ્પ, જળ વગેરે આપીને ભૂમિપૂજનનો સંકલ્પ બોલવો. મંત્ર બોલ્યા બાદ પુષ્પ, અક્ષત વગેરે તે ભૂમિ પર ચડાવી દેવાં.

**......નામાહં પૃથિવીમાતુઃ ઋણં અપાકર્ત્તું તાં પ્રતિસ્વકર્ત્તવ્યં સ્મર્ત્તું અસ્યાઃ નિકૃષ્ટસંસ્કાર-નિસ્સારણાર્થં શ્રેષ્ઠસંસ્કાર-સ્થાપનાર્થંચ દેવપૂજનપૂર્વકં સપરિજનાઃ શ્રદ્ધાપૂર્વકં ભૂમિપૂજનં વયં કરિષ્યામહે ।**

**(૩) સામાન્ય પૂજાઉપચાર :** સંકલ્પ પછી વ્યવસ્થા પ્રમાણે દેવપૂજન, સ્વસ્તિવાચન વગેરે કર્મો કરાવવાં.

**(૪) ભૂમિ અભિસિંચન :** શુભ કાર્ય માટે જે જગ્યાનો ઉપયોગ કરવાનો હોય તેમાં પવિત્રતાના સંસ્કાર પેદા થાય તેના માટે આ વિધિ કરવાની છે. એક કાર્યકર એક કળશમાં પાણી લઈ તેમાં દર્ભ, આંબાનાં પાન અથવા ફૂલો લઈને તે જગ્યાની ઉપર અને ચારે બાજુ પાણી છાંટે. નીચે લખેલા પાંચ મંત્રો વડે આ ભૂમિ અને તમામ પરિજનો માટે દેવશકિતઓ પાસે પવિત્રતા માટેની યાચના કરવી.

- **ૐ પુનન્તુ મા દેવજનાઃ, પુનન્તુ મનસા ધિયઃ ।**
  **પુનન્તુ વિશ્વા ભૂતાનિ, જાતવેદઃ પુનીહિ મા ॥ - ૧૯.૩૯**
- **ૐ પુનાતિ તે પરિસ્રુત ૠ સોમ ૠ સૂર્યસ્ય દુહિતા ।**
  **વારેણ શશ્વતા તના ॥ - ૧૯.૪**
- **ૐ પવિત્રે સ્થો વૈષ્ણવ્યૌ સવિતુર્વઃ, પ્રસવઽઉત્પુનામ્યચ્છિદ્રેણ પવિત્રેણ સૂર્યસ્ય રશ્મિભિઃ । તસ્ય તે પવિત્રપતે**
  **પવિત્રપૂતસ્ય, યત્કામઃ પુને તચ્છકેયમ્ ॥ - ૧.૧૨**
- **ૐ પવિત્રેણ પુનીહિ મા, શુક્રેણ દેવ દીદ્યત્ ।**
  **અગ્ને ક્રત્વા ક્રતૂ૧ રનુ ॥ - ૧૯.૪૦**
- **ૐ પવમાનઃ સો અદ્ય નઃ, પવિત્રેણ વિચર્ષણિઃ ।**
  **યઃ પોતા સ પુનાતુ મા ॥ - ૧૯.૪૨**

**(૫) પ્રાણપ્રતિષ્ઠા અને પૂજન :** પ્રાણવાન અને તેજસ્વી વ્યકિત જ ઈચ્છિત લક્ષ્યની પ્રાપ્તિ કરી શકે છે. જગ્યાને પણ

પ્રાણવાન બનાવવાના હેતુથી ભૂમિ પ્રાણપ્રતિષ્ઠા અને પૂજનનો ક્રમ બનાવવામાં આવ્યો છે.

જમણા હાથમાં ફૂલ, ચોખા લઈને પૃથ્વી પર પ્રાણતત્ત્વના સંચાર માટે નીચેનો મંત્ર બોલીને મૂકી દેવાં.

**ૐ મહી દ્યૌઃ પૃથિવી ચ ન ઽ, ઈમં યજ્ઞં મિમિક્ષતામ્‌।**
**પિપૃતાં નો ભરીમભિઃ ॥** - ૮.૩૨

ત્યારબાદ જલ, ચંદન અક્ષત, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરેથી પૃથ્વીનું પૂજન કરવું.

**ૐ ગન્ધાક્ષતં, પુષ્પાણિ, ધૂપં, દીપં, નૈવેદ્યં સમર્પયામિ ।**
**ૐ શ્રી પૃથિવ્યૈ નમઃ ।**

પૂજન પછી બંને હાથ જોડીને નીચેનો મંત્ર બોલીને ધરતીમાતાને નમસ્કાર કરવા.

**ૐ શેષમૂર્ધ્નિસ્થિતાં રમ્યાં, નાનાસુખવિધાયિનીમ્‌ ।**
**વિશ્વધાત્રીં મહાભાગાં, વિશ્વસ્ય જનનીં પરામ્‌ ॥**
**યજ્ઞભાગં પ્રતીક્ષસ્વ, સુખાર્થં પ્રણમામ્યહમ્‌ ।**
**તવોપરિ કરિષ્યામિ, મંડપં સુમનોહરમ્‌ ॥**
**ક્ષન્તવ્યં ચ ત્વયા દેવિ, સાનુકૂલા મખે ભવ ।**
**નિર્વિઘ્નં મમ કર્મેદં, યથા સ્યાત્ત્વં તથા કુરુ ॥**

- ગા. પુ. પ.

**(૬) માંગલિક દ્રવ્યનું સ્થાપન :** પૂજન પછી ભૂમિમાં માંગલિક દ્રવ્યો સ્થાપિત કરવામાં આવે છે. આ ધરતીમાતા પ્રત્યેની આપણી સદ્‌ભાવનાની અભિવ્યકિત છે અને ત્યાં થનારા કાર્યનો શુભારંભ પણ છે. આપણે ધરતીમાતાના ખોળામાં માંગલિક પદાર્થો મૂકીને આપણી શુભભાવના પ્રદર્શિત કરીએ છીએ. આ વિધિમાં બે ભાગ છે. (૧) ખાડો ખોદવાનાં સાધનોનું પૂજન અને ખોદવું (૨) દ્રવ્યસ્થાપન.

સત્‌કાર્ય માટે જે કોઈ માધ્યમ બને છે, તેઓ સન્માનનીય

હોય છે. આથી તેમને પણ સંસ્કારવાન બનાવીને તેમનો ઉપયોગ કરવો જોઈએ. આ ભાવના સાથે ખનિત્ર (ખોદવાના સાધન) નું પૂજન કરવું. પ્રતિનિધિ જમણા હાથમાં નાડાછડી, અક્ષત, પુષ્પ અને જળ લઈ મંત્ર બોલતાંની સાથે ખનિત્ર માટેના સાધન ઉપર ચડાવવાં અને આ સાથે જ નક્કી કરેલા સ્થળે એક ખાડો ખોદવો.

**ૐ શિવો નામાસિ સ્વધિતિસ્તે પિતા, નમસ્તે અસ્તુ મા મા હિꣳસીઃ । નિવર્ત્તયામ્યાયુષેઽન્નાદ્યાય, પ્રજનનાય રાયસ્પોષાય સુપ્રજાસ્ત્વાય સુવીર્યાય ॥** - ૩.૬૩

હવે આ ખોદેલા ખાડામાં માંગલિક દ્રવ્યો મૂકવાં. આ પાંચ માંગલિક દ્રવ્યો તે- હળદર, ધરો, સોપારી, નાડાછડી અને ચોખા. હળદરને શુભ, સૌભાગ્યશાળી અને આરોગ્યપ્રદ માનવામાં આવે છે. ધરો વિકાસ અને અજરતાનું પ્રતીક છે. સોપારી સ્થિર અને સુપરિણામ આપનારા ફળનું પ્રતીક છે. નાડાછડી વ્રતબંધનના સંયમનું પ્રતીક છે. અક્ષતને શ્રી, સમૃદ્ધિ અને પૂર્ણતાનું પ્રતીક માનવામાં આવે છે. ભૂમિમાં આ બધી વિશેષતાઓની સ્થાપના થાય તેવા ભાવ સાથે નીચેનો મંત્ર બોલી બધાં દ્રવ્યો ભૂમિમાં સ્થાપી દેવાં.

**ૐ હિરણ્યગર્ભઃ સમવર્ત્તતાગ્રે, ભૂતસ્ય જાતઃ પતિરેકઽ આસીત્ । સ દાધાર પૃથિવીં દ્યામુતેમાં, કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥** - ૨૩.૧

ભૂમિપૂજનવિધિ પૂરી થયા પછી નિર્ધારિત ક્રમ પ્રમાણે બાકીનાં કર્મકાંડ પૂરાં કરવાં. થનાર કાર્યની ભાવિ રૂપરેખા સમજાવવા માટે પ્રવચન-ઉદ્‌બોધન, જયઘોષ, પ્રસાદવિતરણ વગેરે વ્યવસ્થા પ્રમાણે કરવાં.

❀ ❀ ❀

# ॥ ગૃહપ્રવેશ - વાસ્તુશાંતિ પ્રયોગ ॥

નવા-જૂના તથા નવા બનાવેલા ઘર-દુકાનમાં રહેવાની શરૂઆત કરતા પહેલાં અથવા રહેવા જતી વખતે ગૃહપ્રવેશ અથવા વાસ્તુશાંતિની વિધિ કરાવવી અનિવાર્ય માનવામાં આવે છે. આ જરૂરિયાતની પૂર્તિ માટે આ વિધિનું સંક્ષિપ્ત સ્વરૂપ અહીં આપવામાં આવ્યું છે.

સૌથી પહેલાં ષટ્કર્મ, તિલક, નાડાછડી, કળશપૂજન, દીપપૂજન, દેવઆવાહન, સર્વદેવ નમસ્કાર, સ્વસ્તિવાચન તથા રક્ષાવિધાન સુધીની તમામ પ્રક્રિયા પૂરી કર્યા પછી પૂજાવેદી ઉપર વાસ્તુપુરુષનું આવાહન તથા પૂજન કરાવવું.

## ॥ વાસ્તુપુરુષ પૂજન ॥

દરેક વસ્તુ-પદાર્થમાં એક દેવશકિત સૂક્ષ્મ સ્વરૂપે વિદ્યમાન હોય છે, જેને જે તે વસ્તુ-પદાર્થના અધિષ્ઠાતા દેવ કહેવામાં આવે છે. આ રીતે મકાન-દુકાન વગેરેના અધિષ્ઠાતા દેવતાને પ્રસન્ન કરવા તેમ જ તે જગ્યાની પ્રતિકૂળતા દૂર કરવા માટે વાસ્તુપુરુષ (અધિષ્ઠાતા દેવતા) નું અક્ષતપુષ્પથી આવાહન-સ્થાપન કરવું.

**ૐ વાસ્તોષ્પતે પ્રતિજાનીહિ અસ્માન્, સ્વાવેશો અનમીવો ભવા નઃ । યત્ત્વે મહે પ્રતિતન્નો જુષસ્વ, શન્નો ભવ દ્વિપદે શં ચતુષ્પદે ॥** - ઋ૦ ૭.૫૫.૧

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ વાસ્તુપુરુષાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ । ગન્ધાક્ષતં પુષ્પાણિ, ધૂપં, દીપં, નૈવેદ્યં સમર્પયામિ । તતો નમસ્કારં કરોમિ-**

**ૐ વિશન્તુ ભૂતલે નાગાઃ, લોકપાલાશ્ચ સર્વતઃ ।**
**મંડલેઽ ત્રાવતિષ્ઠન્તુ, હ્યાયુર્બલકરાઃ સદા ॥**
**વાસ્તુપુરુષ દેવેશ ! સર્વવિઘ્ન-વિદારણ ।**
**શાન્તિં કુરુ સુખં દેહિ, યજ્ઞેઽસ્મિન્મમ સર્વદા ॥**

ત્યારપછી અગ્નિસ્થાપન, પ્રદીપન વગેરે કરીને ૨૪ વાર ગાયત્રી મંત્રની આહુતિઓ આપવી. ત્યાર પછી ખીર, મીઠાઈ અથવા એકલા ઘીથી નીચે આપેલા મંત્રો વડે પાંચ આહુતિઓ આપવી.

## ॥ વિશેષ આહુતિઃ ॥

૧. ૐ વાસ્તોષ્પતે પ્રતિજાનીહિ અસ્માન્, સ્વાવેશો અનમીવો ભવા નઃ । યત્ત્વે મહે પ્રતિતન્નો જુષસ્વ, શન્નો ભવ દ્વિપદે શં ચતુષ્પદે સ્વાહા । ઈદં વાસ્તોષ્પતયે ઈદં ન મમ ॥ - ઋ૦ ૭.૫૪.૧

૨. ૐ વાસ્તોષ્પતે પ્રતરણો ન એધિ, ગયસ્ફાનો ગોભિરશ્વેભિરિન્દો । અજરાસસ્તે સખ્યે સ્યામ પિતેવ, પુત્રાન્ પ્રતિનો જુષસ્વ સ્વાહા । ઈદં વાસ્તોષ્પતયે ઈદં ન મમ ॥

- ઋ. ૭.૬૪.૨

૩. ૐ વાસ્તોષ્પતે શગ્મયા સંસદા, તે સક્ષીમહિ રણ્વયા ગાતુમત્યા । પાહિ ક્ષેમ ઉત યોગે વરં નો, યૂયં પાત સ્વસ્તિભિઃ સદા નઃ સ્વાહા । ઈદં વાસ્તોષ્પતયે ઈદં ન મમ ॥

- ઋ. ૭.૬૪.૩

૪. ૐ અમીવહા વાસ્તોષ્પતે, વિશ્વા રૂપાણ્યાવિશન્ । સખા સુશેવ એધિ નઃ સ્વાહા ॥ ઈદં વાસ્તોષ્પતયે ઈદં ન મમ ॥ - ઋ. ૭.૫૫.૧

૫. ૐ વાસ્તોષ્પતે ધ્રુવા સ્થૂણાં, સત્રં સોમ્યાનામ્ । દ્રપ્સો ભેત્તા પુરાં શશ્વતીનામ્, ઈન્દ્રો મુનીનાં સખા સ્વાહા । ઈદં વાસ્તોષ્પતયે ઈદં ન મમ ॥ - ઋ. ૮.૧૭.૧૪

ત્યાર પછી પૂર્ણાહુતિ, વસોર્ધારા, આરતી વગેરે કરીને કાર્યક્રમ પૂર્ણ કરવો.

❀ ❀ ❀

# ॥ પ્રાણપ્રતિષ્ઠા પ્રકરણ ॥

મંદિરોમાં સ્થાપિત મૂર્તિને દર્શનાર્થે અને પૂજન માટે ખુલ્લી મૂકતાં પહેલાં તેનામાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. આની પાછળ ફક્ત પરંપરા જ નથી, પણ સંપૂર્ણ તત્ત્વદર્શન છુપાયેલું છે. આ પરંપરા સાથે આપણી સંસ્કૃતિની એ માન્યતા જોડાયેલી છે કે મૂર્તિપૂજા મૂર્તિની કરવામાં આવતી નથી, પણ દિવ્યસત્તા અને વિશાળ ચેતનાની કરવામાં આવે છે. સ્થૂળ દૃષ્ટિએ મૂર્તિને માધ્યમ બનાવીને મહત્ત્વ તો એ દિવ્ય ચેતનાને જ આપવું જોઈએ. આથી પ્રાણપ્રતિષ્ઠા વિધિમાં જે પ્રતિમાને આપણે આપણી આરાધનાનું માધ્યમ બનાવી રહ્યા છીએ તેને સંસ્કારિત કરીને તેમાં દિવ્યસત્તાના અંશની સ્થાપના કરવાની વિધિનો ક્રમ અપનાવવામાં આવે છે.

આ એક વિજ્ઞાન છે. પૃથ્વીમાં દરેક જગ્યાએ પાણી રહેલું છે. બોરીંગ કરીને પંપ દ્વારા પાણી ખેંચવામાં આવે છે. વાયુને કોમ્પ્રેશર પંપ દ્વારા કોઈ પાત્રમાં ઘનીભૂત કરી શકાય છે. સર્વત્ર ફેલાયેલા પ્રકાશને લેન્સ (કાચ) ની મદદથી સઘન કરી કોઈ ચોક્કસ સ્થાન પર એકત્રિત કરવો સંભવ છે. પાણી, વાયુ, પ્રકાશની જેમ પરમાત્મ તત્ત્વ પણ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. તેને કોઈ ચોક્કસ માધ્યમમાં ઘનીભૂત કરવું તે એક વિશિષ્ટ પ્રક્રિયા છે. આથી તત્ત્વદર્શીઓએ શ્રદ્ધાયુક્ત કર્મકાંડની વ્યવસ્થા કરેલી છે. મંદિર અને મૂર્તિને એ મહાન સત્તાના અવતરણને યોગ્ય બનાવીને તેમાં તેની સ્થાપના કરવા માટે પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરવામાં આવે છે.

**ક્રમ વ્યવસ્થા :** પ્રાણપ્રતિષ્ઠા માટે યજ્ઞીય વાતાવરણ બનાવવું અત્યંત જરૂરી છે. આથી પ્રાણપ્રતિષ્ઠા વખતે એક અથવા વધુ દિવસનું સામૂહિક ગાયત્રી યજ્ઞનું આયોજન કરવું. આમાં જળયાત્રાથી લઈને અન્ય કર્મો સગવડતા, વ્યવસ્થા અને સમય પ્રમાણે કરી શકાય. યજ્ઞીય વાતાવરણમાં જ પ્રાણપ્રતિષ્ઠા કરવી.

મૂર્તિને પહેલેથી જ સ્થાપનાની જગ્યાએ રાખવામાં આવે. મૂર્તિની આગળ પડદો પાડી દેવો. દસ સ્નાન અને પૂજનસામગ્રી પહેલેથી જ પડદાની અંદર તૈયાર રાખવી. જેટલી મૂર્તિઓમાં

પ્રાણપ્રતિષ્ઠા કરવાની હોય તેટલા સ્વયંસેવકો એ કામ માટે નિયુક્ત કરવા. એ વ્યકિતઓ જ પડદાની અંદર જઈ સંચાલકના નિર્દેશ મુજબ પ્રાણપ્રતિષ્ઠાનું કામ કરે. સારું તો એ રહેશે કે આ કામ સમજદાર કુંવારી કન્યાઓ પાસે કરાવવું જોઈએ. આ માટે પહેલેથી જ સમગ્ર ક્રમ સમજાવી દેવામાં આવે. નીચે લખેલા ક્રમ પ્રમાણે કર્મકાંડ કરાવવું.

(૧) **ષટ્કર્મ** : જેમની પાસે પ્રાણપ્રતિષ્ઠા કરાવવાની છે તેઓને પડદાની બહાર આસન પર બેસાડીને ષટ્કર્મ કરાવવું.

(૨) **શુદ્ધિ સિંચન** : યજ્ઞના કળશોનું પાણી બેથી ચાર પાત્રોમાં લાવીને રાખવું. મંત્રોની સાથે આ જળ હાજર રહેલ વ્યકિતઓ, પૂજન સામગ્રી, મંદિર તથા મૂર્તિઓ પર છાંટવું.

**ૐ આપોહિષ્ઠા મયોભુવઃ, તા ન ઽ, ઊર્જે દધાતન । મહેરણાય ચક્ષસે ॥ ૐ યો વઃ શિવતમો રસઃ, તસ્ય ભાજયતેહ નઃ । ઉશતીરિવ માતરઃ ॥ ૐ તસ્માઽઅરંગમામ વો, યસ્ય ક્ષયાય જિન્વથ । આપો જનયથા ચ નઃ ॥**

- ૧૧.૫૦-૫૨; ૩૬.૧૪-૧૬

(૩) **દશવિધસ્નાન** : શરૂઆતમાં મૂર્તિઓને દસ સ્નાન કરાવવામાં આવે છે. પથ્થર કે ધાતુમાંથી બનાવેલ મૂર્તિઓને કેવા કેવા સંસ્કારવાળા માણસો અને વાતાવરણમાં રહેવું પડયું હશે. આમાં રહેલ અનિચ્છનીય કુસંસ્કારોના નિવારણ અને ઈચ્છિત સુસંસ્કારોની સ્થાપના માટે આ વિધિ કરવામા આવે છે. ત્યાર બાદ જ પ્રતિમા દૈવીસત્તાનું પ્રતીક બનવાને યોગ્ય બને છે.

પ્રથમ ચાર સ્નાન ભસ્મ, માટી, છાણ અને ગૌમૂત્રથી કુસંસ્કારોના નિવારણ માટે છે. વિધિ કરનાર વ્યકિતએ સ્નાન કરાવવાના પદાર્થો પોતાના હાથની હથેળીમાં લગાડીને મંત્રની સાથે મૂર્તિ પર લગાડવા. ચારે સ્નાન થયા બાદ ભીનું કપડું લઈને મૂર્તિને સારી રીતે લૂછવામાં આવે. ત્યાર પછી બાકીના છ સ્નાન પદાર્થો-દૂધ, દહીં, ઘી, સર્વૌષધિ, કુશોદક અને મધનો ઉપયોગ ઉપર

મુજબ કરવો. અંતે શુદ્ધ પાણીથી સ્નાન કરાવવું. આ જળ એકત્ર કરીને ચરણામૃત તરીકે વહેંચવું. કોઈ શુદ્ધ ઝીણા કપડા વડે ગાળીને પાત્રમાં ભરી દેવું. આથી પાણી મંદિરમાં ફેલાશે પણ નહીં અને ભીનું પણ નહીં થાય. ગંદકીથી બચી શકાશે તથા પ્રસાદનો પ્રસાદ બની જશે. આ કાર્ય માટે એક વધારાનો સ્વયંસેવક રાખવો. મંત્રોચ્ચાર સાથે ભાવનાસભર રીતે આ દસવિધ સ્નાન કરાવવાં. (મંત્રો પાન ૧૧૭ ઉપર આપેલા છે.)

**પ્રાણ આવાહન :** પ્રાણતત્ત્વને દિવ્ય વિદ્યુત કહેવામાં આવે છે. હોશિયાર ઈજનેર વીજળીનો વિવિધ સ્વરૂપોમાં ઉપયોગ કરીને વિવિધ કાર્યો કરી લે છે. પરમાત્મા પોતાની કલા અને કુશળતાનું માધ્યમ 'પ્રાણ' ને બનાવે છે. સ્થૂળ વિદ્યુતપ્રવાહના નિયમો પદાર્થ વિજ્ઞાનનાં અંગો છે. પ્રાણ ચેતનવિદ્યુત છે. આથી તેના પ્રવાહના નિયમનમાં ચેતના વિજ્ઞાનના નિયમો લાગુ પડે છે. તીવ્ર ભાવના અને પ્રખર સંકલ્પ દ્વારા પ્રાણશકિતને કોઈ વિશિષ્ટ સ્થાનમાં તથા વસ્તુવિશેષની દિશામાં પ્રવાહિત કરી શકાય છે. આચાર્ય તેમજ કર્મકાંડ કરનાર વ્યકિતઓ સહિત બધા જ શ્રદ્ધાળુ લોકોએ હાથ જોડીને મંત્ર સાથે પ્રાણનું આવાહન કરવું.

**ૐ પ્રાણમાહુર્માતરિશ્વાનં, વાતો હ પ્રાણ ઉચ્યતે ।**
**પ્રાણે હ ભૂતં ભવ્યં ચ, પ્રાણે સર્વં પ્રતિષ્ઠિતમ્ ॥**

– અથર્વ. ૧૧.૪.૧૫

**ૐ આં હ્રીં ક્રોં યં રં લં વં શં, ષં સં હં લં ક્ષં હં સઃ । અસ્યાઃ ગાયત્રીદેવીપ્રતિમાયાઃ, પ્રાણાઃ ઈહ પ્રાણાઃ ॥ ૐ આં હ્રીં ક્રોં યં રં લં વં શં, ષં સં હં લં ક્ષં હં સઃ । અસ્યાઃ પ્રતિમાયાઃ જીવ ઈહ સ્થિતઃ । ૐ આં હ્રીં ક્રોં યં રં લં વં શં, ષં સં હં લં ક્ષં હં સઃ । અસ્યાઃ પ્રતિમાયાઃ સર્વેન્દ્રિયાણિ, વાઙ્ મનસ્ત્વક્ ચક્ષુઃ શ્રોત્રજિહ્વા, ઘ્રાણપાણિપાદપાયૂપસ્થાનિ, ઈહૈવાગત્ય સુખં ચિરં તિષ્ઠન્તુ સ્વાહા ॥**

બીજા બધા દેવોની પ્રતિષ્ઠા માટે (અસ્યાઃ શિવ, રામ, દુર્ગા, પ્રતિમાયાઃ) પ્રતિમા શબ્દ પહેલાં ઉપરના મંત્રોમાં એ દેવતાનું નામ બોલીને પ્રતિષ્ઠા કરો.

**પ્રાણપ્રતિષ્ઠા હેતુ ન્યાસ :** ન્યાસકર્મ દ્વારા મૂર્તિનાં વિભિન્ન અંગોમાં વિભિન્ન દેવશકિતઓની સ્થાપના કરવાનું વિધાન છે. ઉપસ્થિત તમામ લોકો આવો ભાવ મંત્રો સાથે વ્યકત કરે. કર્મકાંડ કરનાર વ્યકિત દરેક વાકયની સાથે પોતાના જમણા હાથથી ક્રમશઃ મંત્રોમાં જે અંગોનો ઉલ્લેખ કરવામાં આવે તેને સ્પર્શ કરે.

**ૐ બ્રહ્મા મૂર્ધ્નિ । શિખાયાં વિષ્ણુઃ । રુદ્રો લલાટે । ભ્રુવોર્મધ્યે પરમાત્મા । ચક્ષુષોઃ ચન્દ્રાદિત્યૌ । કર્ણયોઃ શુક્રબૃહસ્પતી । નાસિકયોઃ વાયુદૈવતમ્ । દન્તપંક્તૌ અશ્વિનૌ । ઉભે સન્ધ્યે ઓષ્ઠયોઃ । મુખે અગ્નિઃ । જિહ્વાયાં સરસ્વતી । ગ્રીવાયાં તુ બૃહસ્પતિઃ । સ્તનયોઃ વસિષ્ઠઃ । બાહ્વોઃ મરુતઃ । હૃદયે પર્જન્યઃ । આકાશમ્ ઉદરે । નાભૌ અન્તરિક્ષમ્ । કટ્યોઃ ઈન્દ્રાગ્ની । વિશ્વેદેવા જાન્વોઃ । જંઘાયાં કૌશિકઃ । પાદયોઃ પૃથિવી । વનસ્પતયોઽગુલીષુ । ઋષયો રોમાસુ । નખેષુ મુહૂર્તાઃ । અસ્થિષુ ગ્રહાઃ । અસૃઙ્માંસયોઃ ઋતવઃ । સંવત્સરો વૈ નિમિષે । અહોરાત્રં ત્વાદિત્યશ્ચન્દ્રમા દેવતાઃ ॥**

ત્યાર પછી હાથ જોડીને મંત્ર બોલો.

**ૐ પ્રવરાં દિવ્યાં ગાયત્રીં સહસ્રનેત્રાં શરણમહં પ્રપદ્યે । ૐ તત્સવિતુર્વરેણ્યાય નમઃ । ૐ તત્પૂર્વજયાય નમઃ । ૐ તત્પ્રાતરાદિત્યાય નમઃ । ૐ તત્પ્રાતરાદિત્યપ્રતિષ્ઠાયૈ નમઃ ।**

– ગા. પુ. પ.

**નોંધ :** બીજા બધા દેવતાઓની પ્રતિષ્ઠા વખતે જે તે દેવી-દેવતાઓની સ્તુતિ, આરતી, પ્રાર્થના વગેરે કરવાં.

**પ્રાણ સ્થિરીકરણ :** ન્યાસ પછી ઉપસ્થિત તમામ લોકો બંને હાથની હથેળીઓ મૂર્તિની સામે કરીને સ્થાપિત પ્રાણને સ્થિર

કરવાની ભાવના સાથે મંત્ર બોલે.

**ૐ અસ્યૈ પ્રાણાઃ પ્રતિષ્ઠન્તુ, અસ્યૈ પ્રાણાઃ ક્ષરન્તુ ચ ।**
**અસ્યૈ દેવત્વમર્ચાયૈ મામહેતિ ચ કશ્ચન ॥**

- પ્રતિ. મ. પૃ. ૩૫૨

**શોભા-શણગાર :** પ્રાણપ્રતિષ્ઠા પછી પ્રતિમાને વસ્ત્ર અને આભૂષણો પહેરાવવાં. આ કાર્યમાં કુશળ હોય તેમને જ નિયુક્ત કરવા. શોભા-શણગારમાં વધુ સમય ન લાગે તેનું ધ્યાન રાખવું. નહીંતર હાજર રહેલ લોકો વીખરાવા લાગશે. આ કામ ચાલે ત્યાં સુધી મધુર કંઠે ગાયત્રી ચાલીસાનો પાઠ અથવા કોઈ અન્ય સ્તુતિ કે વંદનાનું ગાન ચાલુ રાખવું. શણગાર થઈ ગયા બાદ ષોડશોપચાર પૂજન કરાવવું.

**ષોડશોપચાર પૂજન :** જે પ્રતિમામાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે તેનું ઈષ્ટભાવથી પૂજન કરી આપણી શ્રદ્ધા ભાવનાની અભિવ્યકિત કરવી. પૂજનમાં પુરુષ સૂકતના મંત્રોનો ઉપયોગ કરવો. આ સૂક્તમાં પરમાત્માના વિરાટ રૂપનું વર્ણન છે. આની સાથે પુરુષ સૂકતથી એ ભાવો તરંગિત થતા હોય છે કે અમે પ્રતિમાના માધ્યમથી આ વિરાટ સત્તાની અર્ચના કરી રહ્યા છીએ. વર્ણન પુરુષસૂકતના મંત્રોમાં છે. (પાન ૯૭)

**આરતી :** ષોડશોપચાર પૂજન પુરું થઈ ગયા બાદ જેટલી પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા કરી હોય તે તમામ માટે અલગ અલગ આરતી તૈયાર કરવી. આરતીની તૈયારી થતાં જ શંખ, ઘંટ, ઝાલર વગેરે ક્રમબદ્ધ રીતે વગાડવાં. આરતી શરૂ થતાં જ મૂર્તિની આગળ રાખેલો પડદો હટાવી લેવો. આરતીની સાથે નીચેનો મંત્ર સસ્વર બોલવો.

**ૐ ત્વં માતઃ સવિતુર્વરેણ્યમતુલં, ભર્ગઃ સુસેવ્યઃ સદા,**
**યો બુદ્ધીર્નિતરાં પ્રચોદયતિ નઃ, સત્કર્મસુ પ્રાણદઃ ।**
**તદ્રૂપાં વિમલાં દ્વિજાતિભિરુપા; સ્યાં માતરં માનસે,**
**ધ્યાત્વા ત્વાં કુરુ શં મમાપિ જગતાં, સમ્પ્રાર્થયેઽહં મુદા ॥**

- ગા. પુ. પ.

**નમસ્કાર :** આરતી પૂરી થતાં બધા જ હાજર રહેલા લોકો ભાવના સહિત માતેશ્વરીને નમસ્કાર કરે. નમસ્કારની સાથે નીચેનો મંત્ર બોલવો.

**ૐ નમસ્તે દેવિ ગાયત્રિ ! સાવિત્રિ ત્રિપદેઽક્ષરે ।**
**અજરે અમરે માતઃ, ત્રાહિ માં ભવસાગરાત્ ॥**
**નમસ્તે સૂર્યસંકાશે, સૂર્યસાવિત્રિકેઽમલે ।**
**બ્રહ્મવિદ્યે મહાવિદ્યે, વેદમાતર્નમોઽસ્તુ તે ॥**
**અનન્તકોટિબ્રહ્માંડ-વ્યાપિનિ બ્રહ્મચારિણિ ।**
**નિત્યાનન્દે મહામાયે, પરેશાનિ નમોઽસ્તુ તે ॥**

- ગા. પુ. પ.

**સમાપન :** ત્યારબાદ જયઘોષ બોલીને પ્રાણપ્રતિષ્ઠા કર્મ સમાપ્ત કરવું. આ સાથે જ પ્રતિમાદર્શન, પુષ્પ અર્પણ, આરતી અને ચરણામૃત વિતરણની વ્યવસ્થા કરી દેવી. લોકો લાઈનમાં મંદિરમાં પ્રવેશ કરે. ફૂલ ચઢાવીને આરતી લે તથા ચરણામૃત ગ્રહણ કરે. આ ક્રમ ઘણો લાંબો સમય ચાલશે. આથી પૂર્ણાહુતિનો ક્રમ પણ ચાલુ કરી દેવો જોઈએ. જેઓ યજ્ઞમાં છે તેઓ પાછળથી પુષ્પાંજલિ અર્પણ કરે અને પહેલાં પુષ્પાંજલિ આપવા ગયા હોય તેઓ પાછળથી યજ્ઞમાં બેસે. પરિસ્થિતિ અને વ્યવસ્થાને અનુરૂપ પ્રસાદ વિતરણનું કાર્ય પુષ્પાંજલિની સાથે જ ચાલુ કરી દેવું. જેથી પુષ્પ ચઢાવીને પ્રસાદ લઈને લોકો જઈ શકે. આ વ્યવસ્થા પૂર્ણાહુતિ પછી પણ કરવી હોય તો કરી શકાય.

❀ ❀ ❀

# ॥ સંસ્કાર પ્રકરણ ॥

## શાસ્ત્રીય પૃષ્ઠભૂમિ

**વ્યુત્પત્તિપરક અર્થ :**

સમ્ પૂર્વગ્ કૃઞ્ પ્રત્યય થઈને સંસ્કાર શબ્દ બને છે, જેનો અર્થ છે -

સંસ્કરણં સમ્યક્કરણં વા સંસ્કારઃ અર્થાત્ શુદ્ધિ કરવી અથવા સારી રીતે નિર્માણ કરવું તેને સંસ્કાર કહે છે.

'સંસ્કાર પ્રકાશ'માં સંસ્કાર શબ્દનો અર્થ સ્પષ્ટ કરતાં લખવામાં આવ્યું છે કે – સમુપસર્ગાત્ કૃઞો ઘઞિ નિષ્પન્નોઽયં સંસ્કાર શબ્દઃ સ્વયમેવ સ્વલક્ષણમભ્યાભિધત્તે । તદ્યથા - આત્મશરીરાન્યતરનિષ્ઠો હીનાંગપૂરકોદોષાપમાર્જનકરો ઽ તિશયાધાયકશ્ચ વિહિતક્રિયાજન્યોઽ-તિશયવિશેષ એવ 'સંસ્કાર' ઈત્યુચ્યતે ।

સમ્ ઉપસર્ગપૂર્વક કૃ ધાતુમાંથી ઘઞ્ પ્રત્યય થઈને બનેલો 'સંસ્કાર' શબ્દ પોતે જ પોતાનું લક્ષણ પ્રગટ કરી દે છે. જેમકે શરીર અને આત્મામાં કમી યા ત્રુટિને પૂર્ણ કરતાં, દોષોનું પરિમાર્જન કરતાં અતિશય ગુણોનું આધાન કરનારા શાસ્ત્રવિહિત વિધિ (કર્મકાંડ)થી ઉદ્ભવેલા અતિશય વિશેષને જ 'સંસ્કાર' કહેવામાં આવે છે. સંસ્કાર શબ્દનો પ્રયોગ કેટલાય અર્થોમાં કરવામાં આવે છે. 'મેદિની કોશ' પ્રમાણે એનો અર્થ છે - (ક) પ્રતિયત્ન (ખ) અનુભવ (ગ) માનસ કર્મ. સર્વપ્રથમ ઋગ્વેદમાં આ શબ્દનો પ્રયોગ થયો હતો. તેમાં તેનો અર્થ ધર્મ (વાસણ)ની શુદ્ધતા-પવિત્રતા કરવામાં આવ્યો હતો. આ સિવાય 'શતપથ બ્રાહ્મણ' તથા 'છાન્દોગ્ય ઉપનિષદ'માં આ શબ્દનો અર્થ નિર્મળતા-સ્વચ્છતા કરવામાં આવ્યો. જૈમિની કૃત 'મીમાંસા સૂત્ર'માં એનો પ્રયોગ 'ચમકાવવા'ના અર્થમાં થયો. ત્યારથી આજ સુધી આ શબ્દ પોતાના અર્થ અને સ્વરૂપને ઘણો સારગર્ભિત અને વૈજ્ઞાનિક્તાપૂર્ણ કરી ચૂક્યો છે.

## સંસ્કારની પરિભાષાઓ, પ્રભેદ તથા પ્રયોજન :

મીમાંસા દર્શનનું ભાષ્ય કરતાં શબરમુનિ લખે છે કે - **"સંસ્કારો નામ સ ભવતિ યસ્મિન જાતે પદાર્થો ભવતિ યોગ્યઃ કસ્યચિદર્થસ્ય"** અર્થાત્ સંસ્કાર એવી પ્રક્રિયા છે કે તેનાથી કોઈ વ્યક્તિ યા પદાર્થ કોઈ કાર્યને યોગ્ય બની જાય છે. (જૈ. સૂ. ૩.૧.૩)

પ્રસિદ્ધ મીમાંસક કુમારિલ ભટ્ટ કૃત 'તંત્ર વાર્તિક'માં કહેવામાં આવ્યું છે કે -

**'યોગ્યતાં ચાદધાનાઃ ક્રિયાઃ સંસ્કારા ઈત્યુચ્ચન્તે'** અર્થાત્ સંસ્કાર એવી ક્રિયાઓ તથા રીતો છે કે જે યોગ્યતા પ્રદાન કરે છે. મહર્ષિ હારીતે લખ્યું છે કે - **"દ્વિવિધો હિ સંસ્કારો-બ્રાહ્મો દૈવશ્ચ । ગર્ભાધાનાદિસ્માર્તો બ્રાહ્મઃ પાક યજ્ઞ સૌમ્યાશ્ચ દેવઃ ।"** અર્થાત્ સંસ્કાર બે પ્રકારના હોય છે - (૧) બ્રાહ્મ સંસ્કાર અને (૨) દૈવ સંસ્કાર. ગર્ભાધાનાદિ સંસ્કાર, જે સ્મૃતિગ્રંથો દ્વારા વિહિત છે તે બ્રાહ્મ સંસ્કાર કહેવાય છે અને પાકયજ્ઞ, હવિયજ્ઞ, સોમ યાગ વગેરે દૈવ સંસ્કાર કહેવાય છે. હારીત મુનિ આગળ લખે છે -

**'બ્રાહ્મેણ સંસ્કારેણ ઋષીણાં સલોકતાં સમાનતાં સાયુજ્યતાં વા ગચ્છતિ ઈતિ. દૈવેન સંસ્કારેણ દેવાનાં સમાનતાં સાલોક્યતાં સાયુજ્યતાં સારૂપ્યતાં વા ગચ્છતિ.'**

બ્રાહ્મ સંસ્કારથી માનવમાં બ્રાહ્મણોચિત-ઋષિ જેવા ગુણ, એમની સમાનતા, એમની સમીપતા અથવા એમનાથી યુક્ત બનવાની યોગ્યતાનો વિકાસ થાય છે. દૈવ સંસ્કારથી દેવો જેવા ગુણો, એમની સમીપતા, એમનાથી યુક્ત થવાની યોગ્યતા અથવા એમના જેવાં રૂપ, ગુણ વગેરેની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

આજે માનવસમાજમાં જે સંસ્કારોનું પ્રચલન છે એમની સંખ્યા મુખ્યતઃ ૧૬ માનવામાં આવે છે, જેમકે મહર્ષિ વ્યાસજીએ લખ્યું છે કે-

**ગર્ભાધાનં પુંસવનં સીમન્તો જાતકર્મ ચ ।**
**નામક્રિયા નિષ્ક્રમોઽન્ન-પ્રાશનં વપનક્રિયા ॥**

**કર્ણવેધો વ્રતાદેશો વેદારમ્ભક્રિયાવિધિઃ ।**
**કેશાન્તઃ સ્નાનમુદ્વાહો વિવાહાગ્નિપરિગ્રહઃ ॥**
**ત્રેતાગ્નિસંગ્રહશ્ચૈવ સંસ્કારાઃ ષોડશસ્મૃતાઃ ।**
**- વ્યાસ સ્મૃતિ - ૧૧૩-૧૪ ॥**

અર્થાત્ ગર્ભાધાન, પુંસવન, સીમન્તોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૂડાકર્મ, કર્ણવેધ, ઉપનયન, વેદારંભ (વિદ્યારંભ) સમાવર્ત્તન, લગ્ન તથા અગ્ન્યાધાન. અગ્ન્યાધાનની અંતર્ગત ત્રણ અગ્નિ (ગાર્હપત્ય, આહવનીય, દક્ષિણાગ્નિ) સ્થાપિત કરવામાં આવતા હતા. આ અગ્નિઓનો વ્યાવહારિક ઉપયોગ વાનપ્રસ્થ, અંત્યેષ્ટિ અને મરણોત્તર સંસ્કારોમાં થવાથી સંસ્કારોની સંખ્યા ૧૬ થઈ જાય છે. આ નામોમાં ક્યાંક ક્યાંક ભિન્નતા પણ જોવા મળે છે.

આયુર્વેદિક રસાયણ બનાવવાની અવધિમાં ઔષધિઓ પર કેટલાક સંસ્કાર કરવામાં આવે છે. કેટલીયવાર કેટલાય પ્રકારના રસોમાં એમને ખરલ કરવામાં આવે છે અને કેટલીયવાર એમને ગજપુટ દ્વારા અગ્નિમાં તપાવવામાં આવે છે ત્યારે તે રસાયણ તૈયાર થાય છે અને તાંબું, જસત, લોખંડ, અબરખ જેવી સામાન્ય ધાતુઓ ચમત્કારિક શક્તિવાળી બની જાય છે. બરાબર આ જ રીતે મનુષ્યને પણ અમુક અમુક સમયે જુદા જુદા આધ્યાત્મિક ઉપચારો દ્વારા સુસંસ્કૃત બનાવવાની મહત્ત્વપૂર્ણ પદ્ધતિ ભારતીય તત્ત્વવેત્તાઓએ વિકસિત કરી હતી. હજારો વર્ષોથી એનો પૂરેપૂરો લાભ આપણા દેશના લોકો લઈ રહ્યા છે. જો કે કોઈ વ્યક્તિને સુસંસ્કૃત બનાવવા માટે શિક્ષણ, સત્સંગ, વાતાવરણ, પરિસ્થિતિ, કોઠાસૂઝ વગેરે અનેક બાબતોની જરૂર પડે છે. સામાન્ય રીતે આવાં જ માધ્યમોથી લોકોનો માનસિક વિકાસ થાય છે. આ સિવાય પણ ભારતીય તત્ત્વવેત્તાઓએ મનુષ્યની આંતરિક સ્થિતિને શ્રેષ્ઠતાની દિશામાં વિકસિત કરવા માટે કેટલાક એવા સૂક્ષ્મ ઉપચારોની શોધ કરી છે કે જેમનો પ્રભાવ શરીર તથા મન પર જ નહિ, પરંતુ સૂક્ષ્મ અંતઃકરણ પર પણ પડે છે અને એમના પ્રભાવથી મનુષ્યોને ગુણ, કર્મ તથા સ્વભાવની દૃષ્ટિએ ઉચ્ચ સ્તર સુધી પહોંચવામાં મદદ મળે છે.

આ આધ્યાત્મિક ઉપચારનું નામ સંસ્કાર છે. ભારતીય ધર્મ પ્રમાણે ૧૬ પ્રકારના સંસ્કાર છે, જેમને 'ષોડશ સંસ્કાર' કહેવામાં આવે છે. માતાના ગર્ભમાં આવવાથી માંડીને મૃત્યુ સુધીની અવધિમાં સમય-સમય પર દરેક ભારતીય ધર્મ પાળનારને ૧૬ વખત સંસ્કારિત કરીને એક જાતનું આધ્યાત્મિક રસાયણ બનાવવામાં આવતો હતો. પ્રાચીનકાળમાં દરેક ભારતીય આવું જીવતું જાગતું રસાયણ હતો. મનુષ્ય શરીરમાં રહેવા છતાં એનો આત્મા દેવોની કક્ષાનો બની જતો હતો. અહીંના રહેવાસીઓ ભૂદેવ અર્થાત્ પૃથ્વી પરના દેવો ગણાતા હતા. આ ભારત ભૂમિ 'સ્વર્ગાદપિ ગરીયસી' કહેવાતી હતી. સંસ્કારવાન વ્યક્તિઓને તથા એમના નિવાસસ્થાનને આવું ગૌરવ મળે તે યોગ્ય જ હતું.

આપણી પ્રાચીન મહત્તા તથા ગૌરવને ગગનચુંબી બનાવવાનું શ્રેય જે અનેક સત્પ્રવૃત્તિઓને મળ્યું હતું એમાંનું એક બહુ મોટું કારણ અહીંની સંસ્કાર પદ્ધતિને પણ ગણી શકાય. આ પદ્ધતિ સૂક્ષ્મ અધ્યાત્મ વિજ્ઞાનની અત્યંત પ્રેરણાપ્રદ પ્રક્રિયા પર આધારિત છે. વેદમંત્રોના સસ્વર ઉચ્ચારણથી પેદા થતા ધ્વનિતરંગો, યજ્ઞીય ઊષ્મા સાથે જોડાઈને એક અલૌકિક વાતાવરણ પેદા કરે છે. જે લોકો આ વાતાવરણમાં ભેગા થાય છે યા જેમના માટે એ પુણ્ય પ્રક્રિયાનો પ્રયોગ થાય છે તેમની પર એનો પ્રભાવ પડે છે. આ પ્રભાવ એવાં પરિણામ પેદા કરે છે કે જેનાથી લોકોના ગુણ, કર્મ તથા સ્વભાવમાં અનેક વિશેષતાઓ પેદા થાય છે. સંસ્કારોની પ્રક્રિયા એક એવી આધ્યાત્મિક ઉપચાર પદ્ધતિ છે, જે કદી વ્યર્થ જતી નથી. વ્યક્તિત્વના વિકાસમાં આ ઉપચારોથી આશ્ચર્યજનક સહાયતા મળે છે.

સંસ્કારોમાં જે વિધિવિધાન છે એમનો મનોવૈજ્ઞાનિક પ્રભાવ મનુષ્યને સન્માર્ગે ચાલવાની પ્રેરણા પૂરી પાડે છે. સંસ્કારના મંત્રોમાં એટલું બધું માર્ગદર્શન ભરેલું છે, જે એ પરિસ્થિતિઓ માટે દરેક દૃષ્ટિએ ઉપયોગી છે. પુંસવન સંસ્કાર વખતે બોલવામાં આવતા મંત્રોમાં ગર્ભવતીની રહેણીકરણી તથા આહારવિહાર સંબંધી

મહત્ત્વપૂર્ણ શિક્ષણ રહેલું છે. આ રીતે લગ્નમાં દાંપત્યજીવનની, અન્નપ્રાશનમાં ભોજનની, વાનપ્રસ્થમાં સેવાપરાયણ જીવનની જરૂરી જાણકારી ભરેલી છે. એને જો કોઈ પ્રભાવશાળી વક્તા સારી રીતે સમજાવીને સંસ્કાર સમયે હાજર રહેલા લોકોને બતાવે તો જેના સંસ્કાર થઈ રહ્યા છે એને જ નહિ, પરંતુ સાંભળનારા બીજા બધા લોકોને પણ એ સંદેશથી જરૂરી કર્તવ્યોનું જ્ઞાન થઈ જાય છે અને તેઓ પણ જીવનને એ દિશામાં વાળવા માટે તૈયાર થઈ શકે છે.

પરિવારને સંસ્કારવાન બનાવવાની, કૌટુંબિક જીવનને સુવિકસિત બનાવવાની એક મનોવૈજ્ઞાનિક તથા ધાર્મિક પ્રક્રિયાને સંસ્કાર પદ્ધતિ કહેવામાં આવે છે. હર્ષોત્સવના વાતાવરણમાં દેવોની સાક્ષી, અગ્નિદેવનું સાન્નિધ્ય, ધર્મભાવનાથી ઓતપ્રોત મનોભૂમિ, સ્વજનો તથા સંબંધીઓની હાજરી, પુરોહિત દ્વારા કરાવવામાં આવેલું ધર્મકાર્ય આ બધું મળીને સંસ્કારથી સંબંધિત લોકોને એક વિશેષ પ્રકારની માનસિક અવસ્થામાં પહોંચાડી દે છે અને એ વખતે જે પ્રતિજ્ઞાઓ કરવામાં આવે છે, જે પ્રક્રિયાઓ કરાવવામાં આવે છે તેમનો સૂક્ષ્મ પ્રભાવ મન પર પડે છે અને એ પ્રભાવ એટલો ઊંડો અને પરિપક્વ હોય છે કે એની અસર લાંબા સમય સુધી રહે છે.

જો કોઈ ઉપદેશ ચાલતાં ચાલતાં સામાન્ય રીતે આપવામાં આવે તો એનો પ્રભાવ સામાન્ય અથવા નહિવત્ પડશે અને એ જ વાત ગંભીર ધાર્મિક વાતાવરણમાં કહેવામાં આવે તો એનો પ્રભાવ જુદો જ પડે છે. મજાકમાં કોઈના ખોટા સમ ખાઈ શકાય છે, પરંતુ ગંગાજીમાં ઊભા રહીને યા હાથમાં ગંગાજળ લઈને સમ ખાવાનો પ્રભાવ કંઈક જુદો જ હોય છે. વ્યભિચારી લોકો પોતાની પ્રેમિકાને મોટાં મોટાં આશ્વાસન આપે છે, પરંતુ એની કોઈ કિંમત હોતી નથી, પરંતુ લગ્નસંસ્કાર વખતે સાત ફેરા ફરતી વખતે જે વચન આપવામાં આવે છે એનો વરકન્યા બંને પર એવો પ્રભાવ પડે છે કે તેઓ આજીવન પોતાને એકબીજા સાથે જોડાયેલાં હોય એવું અનુભવે છે. જો ધ્યાનથી જોવામાં આવે તો એ ફેરા ફરવાનો કોઈ

વિશેષ અર્થ જણાતો નથી. ફેરા ફરવા, છેડા ગાંઠવા, સાત ડગલાં સાથે સાથે ચાલવું-આ બધામાં ક્યાં કોઈ વિશેષતા જોવા મળે છે ? પરંતુ જે ભાવના સાથે, જે વાતાવરણમાં લગ્નની નાની નાની વિધિઓ પૂરી કરવામાં આવે છે એની એક એવી મનોવૈજ્ઞાનિક છાપ પડે છે કે જેનો જીવનભર ઈન્કાર કરી શકાતો નથી.

આ મનોવિજ્ઞાન સંમત ધાર્મિક વિધિ બીજા બધા સંસ્કારો વખતે કામ કરે છે. એમના દ્વારા અંતર્મન ઉપર એવી છાપ પાડવામાં આવે છે કે જે કોઈ વ્યક્તિને સુસંસ્કૃત, સુવિકસિત, સૌજન્યયુક્ત તથા કર્તવ્યપરાયણ બનાવવામાં સમર્થ થઈ શકે. ઋષિઓએ પોતાની આધ્યાત્મિક અને મનોવૈજ્ઞાનિક શોધોના આધારે આ પુણ્યપ્રક્રિયાનું નિર્માણ કર્યું છે. એ પ્રક્રિયા પ્રાચીનકાળમાં જેટલી પ્રભાવશાળી હતી એટલી જ આજે પણ છે. શરત માત્ર એટલી છે કે તે સારી અને સાચી રીતે, યોગ્ય વ્યવસ્થાની સાથે યોગ્ય વાતાવરણમાં પૂરી કરવામાં આવે.

## પરિષ્કૃત તથા સરળ પ્રક્રિયા

આ પુસ્તકમાં પ્રાચીન સંસ્કાર પદ્ધતિઓને આધાર માનીને એમની સંશોધિત અને પરિષ્કૃત પ્રક્રિયા રજૂ કરવામાં આવી છે. એમાં નીચેની બાબતોનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. - (૧) સંસ્કાર કરાવવામાં બહુ વધારે સમય ના લાગે (૨) દરેક સંસ્કારમાં જરૂરી શિક્ષણનો પૂરતો સમાવેશ થાય (૩) વિધાન એવું સરળ હોય કે સંસ્કાર કરાવનારને કોઈ ખાસ મુશ્કેલી ન પડે.

બીજાં પુસ્તકોમાં સંસ્કાર પદ્ધતિનાં વિધાન તો આપવામાં આવ્યાં છે, પરંતુ એમની જરૂરિયાત, ઉપયોગિતા તથા પૃષ્ઠભૂમિ બતાવવામાં આવી નથી. આ પુસ્તકમાં એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે ક્રિયાની સાથે સાથે એ પણ બતાવી દેવું કે એ વિધિ શા માટે કરાવવામાં આવે છે.

કેટલાક લોકો સંસ્કારોની સંગતિ પદાર્થવિજ્ઞાન સાથે જોડે છે.

તેઓ કહે છે કે કાન વીંધાવાથી અમુક રોગ થતો નથી. મુંડન કરાવવાથી માથાનો દુઃખાવો થતો નથી. મોટેભાગે આવી બધી વાતો કાલ્પનિક હોય છે. કોઈ ડૉક્ટર કે વૈજ્ઞાનિક એનું ખંડન કરે તો પુરોહિતે પોતાનું વાક્ય પાછું ખેંચવું પડે. આપણે આવી ઝંઝટમાં ના પડવું જોઈએ. કોઈ સ્થૂળ લાભ થયો હોય, પદાર્થ વિજ્ઞાન દ્વારા કોઈ સંસ્કારની કોઈ ઉપયોગિતા સાબિત થતી હોય તો કોઈ વાંધો નથી, પરંતુ એના પર જ આધાર રાખવો યોગ્ય નથી. દરેક ધાર્મિક કર્મકાંડનો મુખ્ય આધાર મનોવિજ્ઞાન તથા અધ્યાત્મ છે. આ પણ એક વિજ્ઞાન જ છે. સ્થૂળ વિજ્ઞાન કરતાં એની ઉપયોગિતા તથા શક્તિ કોઈ પણ રીતે ઓછી નથી, ઊલટી વધારે છે. પુણ્ય-પાપ, સદાચાર-દુરાચારનો તફાવત પદાર્થવિજ્ઞાનથી નહિ, પરંતુ ધર્મવિજ્ઞાનથી જ સમજી શકાય છે. બહેન અને પત્નીનું અંતર ધર્મ શીખવે છે, વિજ્ઞાન નહિ. તેથી જ્યાં માનવીય અંતઃકરણને વિકસિત કરવાનો પ્રશ્ન ઊભો થાય છે. ત્યાં વિજ્ઞાન ઉપયોગી થતું નથી. ત્યાં તો આસ્થા, વિશ્વાસ, ઉદારતા, સદ્ભાવના જેવી મનોવૃત્તિઓ જ મદદરૂપ થાય છે. સંસ્કારોનું વૈજ્ઞાનિક દૃષ્ટિએ શું મહત્ત્વ છે એના પર વાદવિવાદ કરવો વ્યર્થ છે. એના આધ્યાત્મિક તથા માનવીય લાભો એટલા બધા છે કે એની સરખામણીમાં ભૌતિક વિજ્ઞાનથી મળતા લાભો તુચ્છ છે. સંસ્કાર પદ્ધતિ નિશ્ચિત રૂપે એક વૈજ્ઞાનિક તથા પ્રત્યક્ષ પ્રભાવ બતાવનારી પ્રક્રિયા છે, પરંતુ એનું પ્રતિપાદન ભૌતિક વિજ્ઞાનીઓ દ્વારા નહિ, પરંતુ આધ્યાત્મિક લાભો, સામાજિક સત્પરિણામો તથા મનોવૈજ્ઞાનિક તથ્યો દ્વારા જ પ્રમજવું જોઈએ. સોળ સંસ્કારોમાંથી આજે બધા ઉપયોગી નથી, તેથી એ બધાનું વર્ણન જરૂરી નથી. જે ઉપયોગી હોય તેમને જો સારી રીતે ઊજવવામાં આવે તો તેનાથી બહુ મોટું પ્રયોજન સિદ્ધ થાય છે.

વર્તમાન પરિસ્થિતિઓ જોતાં આ પુસ્તકમાં સંસ્કારોની સંખ્યા સોળના બદલે દસ કરી દેવામાં આવી છે. આટલા સંસ્કારો ઉપર પણ જો ભાર મૂકવામાં આવે તો એનું પરિણામ પણ ઓછું નહિ આવે.

આમ છતાંય જેમને અનુકૂળ હોય તેઓ સોળેય સંસ્કાર કરાવી શકે છે. એ માટે જૂની પદ્ધતિઓ મોજૂદ છે. આ પુસ્તકમાં તો માત્ર એ જ સંસ્કારોને લેવામાં આવ્યા છે, જે આજના વાતાવરણમાં ઉપયોગી છે. એ સંસ્કારો કરાવવા અવશ્ય પ્રયત્ન કરવો જ જોઈએ. જે સંસ્કારોને છોડી દેવામાં આવ્યા છે એમની મહત્ત્વપૂર્ણ પ્રક્રિયાઓ તથા ઉપદેશોને આ પુસ્તકમાં આપેલા સંસ્કારો સાથે જોડી દેવામાં આવ્યાં છે. ગર્ભાધાન, પુંસવન અને સીમંત આ ત્રણેયની મુખ્ય ક્રિયાઓને ગર્ભવતી માટે નક્કી કરેલા એક જ સંસ્કાર સાથે જોડી દેવામાં આવી છે. વિદ્યારંભ, ઉપનયન તથા સમાવર્તનનું વિધાન એક જ યજ્ઞોપવીત સંસ્કાર સાથે જોડી દેવામાં આવ્યું છે. કોઈ મહત્ત્વની બાબત છૂટી ન જાય એનું પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવ્યું છે.

બાળકોનાં નાકકાન વીંધવાં તેને પુરાણી પરંપરાઓ પ્રમાણે આભૂષણ ધારણ કરવાનું યા શોભાશૃંગારનું માધ્યમ ભલે માનવામાં આવતું હોય, પરંતુ આજે વિવેકશીલ લોકોને એની ઉપયોગિતા લાગતી નથી. એટલું જ નહિ, સ્વાસ્થ્ય અને સફાઈની દૃષ્ટિએ એને હાનિકારક જ માનવામાં આવે છે. આજે નાકકાન વીંધાવવાં કે શરીર પર છૂંદણાં છૂંદાવવાં તેને શોભા માનવામાં આવતી નથી. આ વિચાર પરિવર્તન પાછળ તથ્ય અને સચોટ કારણ પણ છે. તેથી કર્ણવેધ સંસ્કાર અહીં આપવામાં આવ્યો નથી. આપણે પરંપરાના બદલે ઉપયોગિતાની કસોટીથી કોઈ પણ બાબતને સ્વીકારવી જોઈએ. જે પરંપરાઓ આજની પરિસ્થિતિમાં ઉપયોગી હોય તેમને જ ચાલુ રાખવાના અમે પક્ષપાતી છીએ.

## બે નવા ઉપયોગી સંસ્કાર

આ પુસ્તકમાં બે નવા સંસ્કારોને જોડવામાં આવ્યા છે. (૧) જન્મદિવસ (૨) લગ્નદિવસ. આ બંનેય સંસ્કાર દરેક વ્યક્તિ દર વર્ષે ઊજવી શકે છે (૧) મનુષ્ય માટે આ સંસ્કારમાં સૌથી વધારે મહત્ત્વપૂર્ણ બાબત પોતાના વ્યક્તિત્વનું નિર્માણ જ છે. પોતાનું નામ,

રૂપ, યશ, ધન આ બધું દરેકને વહાલું લાગે છે. પોતાનો જન્મદિવસ પણ દરેક મનુષ્ય માટે એના અવતરણની સ્મૃતિનો સૌથી આનંદદાયક દિવસ છે. એને આનંદદાયક રીતે ઊજવવાથી કોને પ્રસન્નતા ન થાય ? બાળકોના જન્મદિવસ ઊજવવાની પ્રથા આપણા દેશમાં દરેક જગ્યાએ છે. વિદેશોમાં મોટા માણસોના જન્મદિવસ એમના જીવનના વિશેષ તહેવારના રૂપમાં ઊજવવાની પ્રથા છે. એ દિવસે સગાંવહાલાં, મિત્રો, સંબંધીઓ બધા ભેગા થઈને પોતાની શુભકામનાઓ વ્યક્ત કરે છે અને આનંદપ્રમોદ કરે છે. આપણે ત્યાં આ દિવસ જીવનની સમસ્યાઓ પર વિચાર કરવા, શેષ જીવનને વધારે શુદ્ધ અને પવિત્ર બનાવવા, માનવજીવન મળ્યું તેનો સંતોષ વ્યક્ત કરવા અને સ્વજનો, સંબંધીઓ તથા મિત્રોને આ અભિવ્યક્તિમાં જોડવાના રૂપમાં ઊજવવામાં આવે છે.

(૨) આ જ રીતે લગ્નદિવસ પણ મહત્ત્વનો છે. લગ્નથી જ દરેક વ્યક્તિ પોતાના નવા પરિવાર અને સમાજનું નિર્માણ કરે છે. આત્મભાવને બમણો કરવાની અદ્ભુત આધ્યાત્મિક ક્રાંતિ લગ્ન દ્વારા જ મૂર્તિમંત થઈ શકે છે. એ દિવસ દરેક ગૃહસ્થ માટે ઘણો પ્રેરણાપ્રદ છે. ગૃહસ્થની સાથે અનેક સામાજિક જવાબદારીઓ મનુષ્યના માથે આવે છે. ગાડીનાં બે પૈડાંની જેમ પતિપત્ની હળીમળીને આગળ વધે છે. આવો શુભદિવસ એક હર્ષોલ્લાસના રૂપમાં ઊજવવો જોઈએ. એ દિવસે ભૂતકાળની સ્મૃતિ જીવંત થઈ જાય છે. લગ્નના દિવસે ગૃહસ્થ ધર્મને સાર્થક કરવા બંને જણે જે પ્રતિજ્ઞાઓ લીધી હતી એમને દોહરાવવી જોઈએ. આમ કરવાથી વૈવાહિક જીવનમાં જવાબદારીઓ નિભાવવાની નવી પ્રેરણા મળે છે.

આ બંને ઉત્સવ દરેક વ્યક્તિના જીવનમાં એક નવો સંદેશ અને ઉલ્લાસ લઈને આવે છે. એ ઊજવવામાં થોડોક ખર્ચ થાય તો તેની ચિંતા ના કરવી જોઈએ. એના બદલામાં જે મળવાનું છે તે ખૂબ મહત્ત્વપૂર્ણ અને મૂલ્યવાન છે. જેના ઘરમાં બીજો કોઈ હર્ષોત્સવ ઊજવવાની તક નથી. એમને પણ વર્ષમાં બેવાર

આનંદવિભોર થવાનો તથા પોતાના મિત્રો સાથે મોજ કરવાનો અવસર મળે છે. સંગઠનની દૃષ્ટિએ સામાજિક્તા, સામૂહિક્તા તથા સ્નેહસૌહાર્દ વધારવાની દૃષ્ટિએ પણ આ આયોજન ઉત્તમ છે. પોતાના ઈષ્ટ મિત્રોની સાથે વારંવાર મળતા રહેવાથી આત્મીયતા વધે છે અને એ વધતી મૈત્રી સારું પરિણામ આપે છે.

યુગનિર્માણ યોજનામાં વિવેકશીલ સજ્જનોનું સંગઠન એ સૌથી પહેલું કામ છે. આજના યુગમાં હર્ષોત્સવોના માધ્યમથી આ ઉદ્દેશ્ય સહેલાઈથી અને ઝડપથી પૂરો થઈ શકે છે. નક્કી કરેલા લક્ષ્યને પૂર્ણ કરવાની વારંવાર ચર્ચા કરીએ તેને નિરર્થક કહી શકાય નહિ. એના પરિણામે નવનિર્માણ આંદોલન વહેલી તકે સફળ થઈ શકે છે.

સંસ્કારોની પદ્ધતિ પરિવારના પ્રશિક્ષણ માટે સર્વોત્તમ પદ્ધતિ છે. સામાન્ય રીતે ઘરના લોકોની અસર પોતાનાં જ ઘરવાળાં પર નથી પડતી. ‘અતિ પરિચયથી અવજ્ઞા’ અને ‘ઘરકી મુરઘી દાલ બરાબર’ વાળી ઉક્તિ પ્રમાણે ઘરનાંને કંઈ શીખવવું શક્ય બનતું નથી. બીજું એ પણ છે કે કોઈ વાત એક જ વ્યક્તિ વારંવાર કહે તો એનો કોઈ વિશેષ પ્રભાવ પડતો નથી. સંસ્કારોની પ્રથા પ્રચલિત કરીને આપણે આ કમીને દૂર કરી શકીએ છીએ. સુયોગ્ય પુરોહિત કે વક્તા બહારના માણસ હોય છે. તેથી એમનાં તર્કપૂર્ણ પ્રવચનો પ્રભાવિત કરે છે. બીજું કે એ ધર્માનુષ્ઠાન વખતે વાતાવરણ તથા ‘મૂડ’ પણ એવાં બની જાય છે કે કોઈ બોધપ્રદ વાત ગંભીરતાથી સાંભળવામાં અને સમજવામાં આવે છે. કુટુંબમાં ઘણા સભ્યો હોય છે. એમાંથી દરેકનો કોઈને કોઈ સંસ્કાર આવતો રહે છે. એમાંય જન્મદિવસ અને લગ્નદિવસ ઊજવવાથી ઘરમાં બેવાર તો સંસ્કાર આયોજન કરી શકાય છે અને એ બહાને પરિવારને તાલીમ આપવાનો નક્કર કાર્યક્રમ વ્યવસ્થિત રૂપે ચાલતો રહે છે. આ આયોજનોમાં લોકોને ઘણું કહેવાનો તથા સમજવાનો અવસર મળી શકે છે. જો એ પ્રેરણા તર્ક અને તથ્યપૂર્ણ હોય તો તેનો ઉત્તમ પ્રભાવ પડે છે અને ઉત્તમ પરિણામ પ્રાપ્ત થાય છે. વ્યક્તિઓના

સ્વભાવમાં, કૌટુંબિક વાતાવરણમાં તથા લોકવ્યવહારમાં આપણે અનેક સત્પ્રવૃત્તિઓનો ફેલાવો કરવાનો છે. રચનાત્મક સત્કાર્યોમાં લોકોને જોડવાના છે. એના માટે સૌથી પહેલું કાર્ય પ્રેરણા આપવાનું જ છે. કોઈ બાબતનો પહેલાં વિચાર આવે છે, પછી જ એનો અમલ થાય છે. બીજ વાવીએ તો જ છોડ ઊગે છે. વિચાર બીજ છે અને કર્મ છોડ છે. સત્પ્રવૃત્તિના રૂપમાં સત્કર્મનાં બીજ વાવવામાં સંસ્કાર આયોજનો અત્યંત સમર્થ હોય છે.

## સંસ્કાર-ક્રમ વ્યવસ્થા

સંસ્કારોની વ્યવસ્થા સામૂહિક યજ્ઞો, સાપ્તાહિક આયોજનો, પ્રજ્ઞા સંસ્થાનો તથા ઘરમાં પણ થઈ શકે છે. એવો પ્રયાસ કરવો જોઈએ કે સંસ્કાર કરાવનારાઓને ઓછામાં ઓછી તકલીફ પડે. સાધનોથી માંડીને અમુક વિશેષ સામગ્રીની વ્યવસ્થા શાખાના પરિજનોએ પોતાના તરફથી કરવી જોઈએ. પ્રજ્ઞાસંસ્થાન યા શાખાકેન્દ્ર પર બધા સંસ્કારો માટે જરૂરી વસ્તુઓ સહેલાઈથી રાખી શકાય છે. સંસ્કાર કરાવનારાઓને એક એક વસ્તુ માટે ઘણો સમય બગાડવો પડે છે. જો ઘરમાં સંસ્કાર કરાવવામાં આવે તો પણ એમને એટલી જ વ્યવસ્થા કરવાનું કહેવું કે જે તેઓ સુગમતાથી કરી શકે. સામૂહિક આયોજનોમાં તો બધી વ્યવસ્થા પરિજનોએ જ રાખવી જોઈએ.

કાર્યક્રમ શરૂ કરતા પહેલાં બધી જ વ્યવસ્થા પૂરી કરી લેવી જોઈએ. જો કોઈ વસ્તુ ન હોય તો એના માટે બૂમાબૂમ કરીને વાતાવરણમાં તણાવ પેદા ન કરવો જોઈએ. શાંત મગજથી વિચાર કરીને જો સહેલાઈથી વ્યવસ્થા થઈ શકે તો પ્રામાણિક વ્યક્તિને જવાબદારી સોંપીને કાર્ય શરૂ કરવું. જો વ્યવસ્થા ન થઈ શકે તો સંસ્કાર કરાવનારાઓના મનમાં એ વસ્તુનો અભાવ ખટકવો ન જોઈએ. ચુપચાપ વિવેકપૂર્વક એનો વિકલ્પ મનમાં વિચારી રાખવો જોઈએ. કોઈ વસ્તુના અભાવથી કર્મકાંડમાં જે ઊણપ આવી જાય છે તેની પૂર્તિ સશક્ત ભાવના તથા ઉલ્લાસપૂર્ણ ક્રમથી પૂરી થઈ જાય છે, પરંતુ કોઈ વસ્તુના અભાવના લીધે વાતાવરણ ડહોળી નાખવામાં

આવે તો યજમાનોની ભાવના કુંઠિત થઈ જાય છે અને એ કમી, કમી જ રહી જાય છે. સંચાલકોએ ભાવના અને ઉલ્લાસનું વાતાવરણ ટકી રહે એવી કલામાં પ્રવીણતા મેળવી લેવી જોઈએ. સારું તો એ છે કે પહેલેથી જ બધી વ્યવસ્થા પૂરી કરીને મુખ્ય યજમાનોને બોલાવી નીચે જણાવેલા ક્રમથી કર્મકાંડ કરાવવું. આ ક્રમ ઘરોમાં યા સ્વતંત્ર રૂપે દેવસ્થાનો પર સંસ્કાર કરાવવાની દૃષ્ટિએ બનાવવામાં આવ્યો છે. સામૂહિક યજ્ઞ આયોજનોમાં જરૂરિયાત પ્રમાણે ઓછોવત્તો ફેરફાર કરી શકાય.

(૧) સંસ્કાર કરાવનારાઓ ઉપર 'ભદ્રં કર્ણેભિઃ .......' મંત્રની સાથે અક્ષતની વર્ષા કરતાં એમને આસન પર બેસાડવા. આ મંત્ર આ જ પુસ્તકમાં યજ્ઞ કર્મકાંડની શરૂઆતમાં છે.

(૨) યજ્ઞ તથા પૂજન માટે જેમને બેસાડ્યા હોય એમને બધાને ષટ્કર્મ કરાવવું.

(૩) ષટ્કર્મ પછી સંસ્કારનો ઉદ્દેશ્ય અને મહત્ત્વ સમજાવીને એમને સંકલ્પ કરાવવો. યજ્ઞ સંકલ્પ પ્રમાણે.... નામાહંની આગળ આ સંકલ્પ જોડવો -

શ્રુતિ, સ્મૃતિ, પુરાણોક્ત ફળ મેળવવા માટે આત્મકલ્યાણ, લોકકલ્યાણ, વાતાવરણ પરિષ્કાર તથા ઉજ્જવળ ભવિષ્ય માટે.... સંસ્કારનું મહત્ત્વ અને જવાબદારી સ્વીકારીને દેવ આવાહન તથા યજ્ઞાદિ સહિત સંસ્કાર કર્મ શ્રદ્ધા તથા નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવાનો સંકલ્પ અમે કરીએ છીએ.

(૪) સંસ્કાર કર્મ કરનારાઓની જનોઈ બદલાવવી. જો તેમણે પહેલેથી પહેરી જ ન હોય તો સંસ્કાર કર્મ કરવા માટે પહેરાવવી. એમને સમજાવી દેવું કે જનોઈ એક વ્રતબંધન છે. સંસ્કાર માટે વ્રતશીલ જીવન જીવવું જોઈએ. એના પુણ્ય પ્રતીક રૂપે જનોઈ ધારણ કરી લે. જો જનોઈ પહેરવા તેઓ તૈયાર થાય તો એમને સમજાવવું કે આ યજ્ઞોપવીત ત્યાં સુધી જ ફળ આપશે કે જ્યાં સુધી કાયમી સંસ્કાર ન કરાવો. યજ્ઞોપવીત પરિવર્તનનો મંત્ર યાદ ન હોય તો યજ્ઞોપવીત સંસ્કાર પ્રકરણમાં જોઈ લેવો.

ડાબા હાથમાં જનોઈ રખાવી ગાયત્રી મંત્ર સાથે એની પર પાણીથી સિંચન કરવું. પછી નક્કી કરેલા ક્રમ પ્રમાણે એમાં પાંચ દેવશક્તિઓનું આવાહન કરીને યજ્ઞોપવીત ધારણના મંત્ર સાથે જનોઈ પહેરાવવી.

(૫) ત્યાર પછી રક્ષાસૂત્ર-નાડાછડી બાંધવી અને તિલક કરવું. આ કાર્ય આચાર્ય પોતે કરે અથવા પોતાના કોઈ સહયોગી પાસે કરાવે. એના મંત્રો યજ્ઞ પ્રકરણમાં છે.

(૬) આટલું કરીને 'સંક્ષિપ્ત હવનવિધિ' પુસ્તકની મદદથી રક્ષાવિધાન સુધીનો ક્રમ પૂરો કરવો.

(૭) રક્ષાવિધાન પછી જે તે સંસ્કારનું કર્મકાંડ પ્રેરક વ્યાખ્યાઓ સાથે પૂરું કરાવવું. એની માહિતી જે તે સંસ્કારવાળા પ્રકરણમાં આપી છે. ફક્ત વિશેષ આહુતિ અને આશીર્વાદ પાછળથી આપવાં.

(૮) સંસ્કાર વિધિ પૂરી થયા પછી અગ્નિસ્થાપનથી માંડીને ગાયત્રી મંત્રની આહુતિઓ આપવા સુધીનો ક્રમ પૂરો કરવો.

(૯) ત્યાર બાદ વિશેષ આહુતિઓ સંસ્કારની મર્યાદા પ્રમાણે ખીર, મિષ્ટાન્ન વગેરેથી આપવી.

(૧૦) વિશેષ આહુતિ આપ્યા પછી સ્વિષ્ટકૃત આહુતિથી વિસર્જન અગાઉ સુધીનો ક્રમ પૂરો કરવો.

(૧૧) અંતમાં આશીર્વાદ ભાવભર્યા વાતાવરણમાં આપવા જોઈએ. ત્યાર પછી વિસર્જન કરવું. આશીર્વાદના મંત્રો આ પુસ્તકના પાન નં. ૧૨૨ પર આપવામાં આવ્યા છે. સમયની અનુકૂળતા પ્રમાણે એમનો ઉપયોગ કરવો.

સમયની મર્યાદા ધ્યાનમાં રાખીને કર્મકાંડ તથા વ્યાખ્યાઓ ટૂંકમાં કે વિસ્તારથી કરવાં. કાર્યક્રમ એવો રાખવો કે વિશેષ કર્મકાંડ તથા એની પ્રેરણાઓ સમજાવવા માટે પૂરતો સમય મળે. જો સમયનો અભાવ હોય તો યજ્ઞ અને કર્મકાંડની ટિપ્પણી ઓછી કરીને વિશેષ કર્મકાંડ માટે સમય બચાવી લેવો જોઈએ.

સંસ્કાર આયોજન અંતર્ગત બેવડી પ્રક્રિયા ચાલે છે. એક તો જેના સંસ્કાર છે એના અંતઃકરણમાં દિવ્ય વાતાવરણમાં શ્રેષ્ઠ સંસ્કારોનાં બીજ વાવવામાં આવે છે. સાથે સાથે એ બીજને વિકસિત અને ફલિત કરવા માટે મુખ્ય સૂત્રો તરફ બધાનું ધ્યાન ખેંચવાનો તથા આસ્થા સ્થાપવાનો ક્રમ પણ ચાલે છે. નાનાં બાળકોથી માંડીને મોટી ઉંમર સુધીની દરેક વ્યક્તિમાં સમાનરૂપે બીજ વવાય છે, પરંતુ એને ફલિત કરવાનાં સૂત્રોને વિકસિત મગજવાળા લોકો જ સમજી અને ગ્રહણ કરી શકે છે. આ બંને પ્રક્રિયાઓને જીવંત બનાવી રાખીને જ સંસ્કારોને પ્રભાવશાળી બનાવી શકાય છે. કર્મકાંડ કરાવનારે વ્યાખ્યાઓ તથા સમગ્ર પ્રવાહ એ બંને બાબતોને ધ્યાનમાં રાખીને કામ કરવું જોઈએ.

# ॥ પુંસવન સંસ્કાર ॥

ગર્ભસ્થ શિશુના યોગ્ય વિકાસ માટે ગર્ભવતીના આ સંસ્કાર કરવામાં આવે છે. કહેવાની જરૂર નથી કે બાળકને સંસ્કારવાન બનાવવા માટે સૌ પ્રથમ જન્મદાતા એવાં માતાપિતાએ સુસંસ્કારી બનવું જોઈએ. એમણે સંતાનને સુયોગ્ય બનાવવા માટે યોગ્ય જ્ઞાન તથા અનુભવ પ્રાપ્ત કરવાં જોઈએ. જેવી રીતે મોટર ચલાવનાર એના સ્પેરપાર્ટ્સ તથા અન્ય જાણકારી પહેલાં મેળવી લે છે, એવી રીતે ગૃહસ્થજીવન શરૂ કરતા પહેલાં એના સંબંધી જરૂરી માહિતી મેળવી લેવી જોઈએ. બીજા વિષયોની જેમ શિક્ષણવ્યવસ્થામાં દાંપત્યજીવન તથા શિશુનિર્માણની શાસ્ત્રીય માહિતી આપવાની વ્યવસ્થા હોય તો સારું. આ મહત્ત્વની જરૂરિયાતની પૂર્તિ સંસ્કારોના શિક્ષણાત્મક પાસાથી સારી રીતે પૂરી થઈ જાય છે.

આમ તો ૧૬ સંસ્કારોમાં સૌપ્રથમ ગર્ભાધાન સંસ્કારનું વિધાન છે. એનો અર્થ એ છે કે દંપતી પોતાની પ્રજનન પ્રવૃત્તિની સમાજને જાણ કરે છે. વિચારશીલ લોકો એ માટે દંપતીને અયોગ્ય સમજે તો એની મનાઈ પણ કરી શકે છે. પ્રજનન વૈયક્તિક મનોરંજન નથી,

પરંતુ એક સામાજિક જવાબદારી છે. તેથી સમાજના વિચારશીલ લોકોને આમંત્રિત કરીને એમની સંમતિ લેવી પડે છે. આ જ ગર્ભાધાન સંસ્કાર છે. પ્રાચીનકાળમાં આવું જ કરવામાં આવતું હતું. આજે લોકોનાં શરીર કમજોર થઈ ગયાં છે અને સંતાન પેદા કરવાને પણ વ્યક્તિગત મનોરંજન માનવામાં આવે છે. આથી ગર્ભાધાન સંસ્કારનું મહત્ત્વ ખલાસ થઈ ગયું. આમ છતાં-એની પાછળ રહેલી મૂળ ભાવનાને ભૂલી ન શકાય. એ પરંપરા કોઈ ને કોઈ સ્વરૂપમાં જીવંત રહેવી જોઈએ. પતિપત્ની એકાંત મિલન વખતે વાસનાત્મક મનોભાવ ના રાખે. મનમાં આદર્શવાદી ઉદ્દેશ્યની પૂર્તિ માટે ઈશ્વરને પ્રાર્થના કરતાં રહે તો એની માનસિક છાપ બાળકના મન પર અંકિત થશે. ચોરીછુપીથી પાપકર્મ કરતાં કરતાં ભયભીત અને શંકાગ્રસિત અનૈતિક સમાગમ એટલે કે વ્યભિચારના ફળ સ્વરૂપે જન્મેલું બાળક દોષદુર્ગુણ સાથે લઈને આવે છે. જો સમાગમ વખતે બંનેની મનોવૃત્તિ આદર્શવાદી હોય તો મદાલસા, અર્જુન વગેરેની જેમ પોતાની ઈચ્છા પ્રમાણેનાં સંતાન પેદા કરી શકાય. ગર્ભાધાન સંસ્કારનો હેતુ આ જ છે. વાસ્તવમાં તે પ્રજનન વિજ્ઞાનનું આધ્યાત્મિક શિક્ષણ જ હતું.

આજે એક રીતે જોતાં સંસ્કારોનો તદ્દન લોપ થઈ ગયો છે. ગર્ભાધાન સંસ્કાર કરાવવા મુશ્કેલ બની ગયા છે. આજની પરિસ્થિતિમાં એ વ્યાવહારિક નથી. તેથી તેની પર ખાસ ભાર મૂકવામાં આવ્યો નથી. એમ છતાં એની મૂળ ભાવના યથાવત્ છે. સંતાન પેદા કરતા પહેલાં ઉપરની હકીકતો તરફ પૂરતું ધ્યાન આપવું જોઈએ.

**સંસ્કાર પ્રયોજન :** ગર્ભ રહ્યાના ત્રણ મહિનાની અંદર આ સંસ્કાર કરાવી દેવા જોઈએ. પછીથી કરવામાં આવે તો પણ કોઈ દોષ નથી, પરંતુ સમયસર કરાવવાથી વિશેષ લાભ મળે છે. ત્રીજા મહિનાથી ગર્ભમાં આકાર અને સંસ્કાર બંનેની શરૂઆત થઈ જાય છે. તેથી આ આધ્યાત્મિક ઉપચાર યથાસમયે જ કરાવી દેવો જોઈએ.

આ સંસ્કારનાં નીચે જણાવેલાં પ્રયોજનોને ધ્યાનમાં રાખવાં જોઈએ.

ગર્ભનું મહત્ત્વ સમજો. તે વિકાસશીલ શિશુ માતાપિતા, કુળ, પરિવાર તથા સમાજ માટે સમસ્યારૂપ ન બનવું જોઈએ. ખરેખર તો સૌભાગ્ય અને ગૌરવનું પ્રતીક બનવું જોઈએ. ગર્ભસ્થ શિશુના શારીરિક, બૌદ્ધિક તથા ભાવનાત્મક વિકાસ માટે શું કરવું જોઈએ એ બાબત સમજવી તથા સમજાવવી જોઈએ.

ગર્ભવતી માટે અનુકૂળ વાતાવરણ, ખાનપાન, આચારવિચાર વગેરે નક્કી કરવાં જોઈએ. ગર્ભના માધ્યમથી અવતરનાર જીવના પૂર્વજન્મના સંસ્કારોના નિવારણ તથા સુસંસ્કારોના વિકાસ માટે, નવા સુસંસ્કારોની સ્થાપના માટે પોતાના સંકલ્પ, પુરુષાર્થ તથા દૈવી અનુગ્રહના સંયોગનો પ્રયત્ન કરવો જોઈએ.

**વિશેષ વ્યવસ્થા :** (ક) ઔષધિ અવઘ્રાણ માટે વડની વડવાઈઓના કૂણા ટુકડા, ગળો અને પીપળાની કૂંપળો - આ ત્રણેયને વાટીને એક વાડકીમાં એનો રસ કાઢવો.

(ખ) સાબુદાણા કે ચોખાની ખીર બનાવવી. શક્ય હોય તો ગાયના દૂધમાં ખીર બનાવવી. ખીર આહુતિ અપાય તેવી ગાઢી રાખવી.

ઉપરની તૈયારી થઈ ગયા પછી નક્કી કરેલા ક્રમ પ્રમાણે મંગલાચરણ, ષટ્કર્મ, સંકલ્પ, યજ્ઞોપવીત પરિવર્તન, નાડાછડી, તિલક, રક્ષાવિધાન સુધીનો ક્રમ પૂરો કરીને નીચે જણાવ્યા પ્રમાણે પુંસવન સંસ્કારનો ક્રમ કરાવવો.

## ॥ ઔષધિ અવઘ્રાણ ॥

વડનું વૃક્ષ વિશાળતા તથા દૃઢતાનું પ્રતીક છે. ધીરે ધીરે વધવું તે ધૈર્યનું સૂચક છે. તેની વડવાઈઓ પણ મૂળ અને થડ બની જાય છે. આ વિકાસ, વિસ્તારની સાથે પુષ્ટિની વ્યવસ્થા છે. વૃદ્ધાવસ્થાને યુવાનીમાં બદલવાનો પ્રયાસ છે.

ગળોની વેલ ઊંચે ચઢવાની પ્રવૃત્તિ કરે છે. તે હાનિકારક

કીટાણુઓનો નાશ કરે છે. શરીરમાં રોગનાં જંતુઓનો નાશ કરે છે. અંતઃકરણના કુવિચાર, ખરાબ ભાવો, કુટુંબ તથા સમાજમાં વ્યાપેલી દુષ્ટતા તથા મૂઢતાનો નાશ કરવાની પ્રેરણા આપે છે. શરીરને પુષ્ટ કરીને, પ્રાણઊર્જામાં વધારો કરી સત્પ્રવૃત્તિઓને પોષણ આપવાની શક્તિ પેદા કરે છે.

પીપળાને દેવયોનિનું વૃક્ષ માનવામાં આવે છે. દેવત્વના, પરમાર્થના સંસ્કાર એનામાં રહેલા છે. આપણામાં દેવત્વ ધારણ કરી તેનો વિકાસ કરવો જોઈએ.

સૂંઘવાનું અને પાન કરવાનું તાત્પર્ય શ્રેષ્ઠ સંસ્કારોનું વરણ કરી તેમને આત્મસાત કરવાનું છે. એવો આહાર તથા દિનચર્યા નક્કી કરવાં જોઈએ. શ્રેષ્ઠ માનવોનાં પુસ્તકો તથા તેમના જીવનપ્રસંગોનું વાંચન, શ્રવણ અને ચિંતન કરી ગર્ભવતી પોતાનામાં તથા ગર્ભમાં શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન કરે. આ કાર્યમાં ઘરના સભ્યો પોતાના તરફથી પૂરતો સહકાર આપે.

**ક્રિયા અને ભાવના :** ગર્ભવતીના હાથમાં ઔષધિની વાડકી આપવી. તે એને બંને હાથથી પકડે. મંત્ર બોલવામાં આવે. ગર્ભવતી નાક પાસે એ ઔષધિ લઈ જઈ ધીરે ધીરે શ્વાસની સાથે એની ગંધને ધારણ કરે. ભાવના કરવી કે ઔષધિઓના શ્રેષ્ઠ ગુણ તથા સંસ્કાર ખેંચવામાં આવી રહ્યા છે. વેદમંત્રો તથા દિવ્ય વાતાવરણ દ્વારા એ ઉદ્દેશ્યને પૂરો કરવામાં મદદ મળી રહી છે.

**ૐઅદ્ભ્યઃ સમ્ભૃતઃ પૃથિવ્યૈ રસાચ્ચ, વિશ્વકર્મણઃ સમવર્ત્તતાગ્રે।**
**તસ્ય ત્વષ્ટા વિદધદ્રૂપમેતિ, તન્મર્ત્યસ્ય દેવત્વમાજાનમગ્રે ॥**

- ૩૧.૧૭

## ॥ ગર્ભપૂજન ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** સંતાન પેદા કરવું તે રમત નથી. એક મોટી જવાબદારી છે, એ વાત સમજીને એ જવાબદારી ઉઠાવવાની તૈયારી માનસિક તથા વ્યાવહારિક ક્ષેત્રમાં કરવામાં આવે.

ગર્ભના માધ્યમથી જે જીવ પ્રગટ થવા ઈચ્છે છે એને ઈશ્વરનો પ્રતિનિધિ માનીને એના માટે પૂરતી વ્યવસ્થા કરીને એના સ્વાગતની તૈયારી કરવી જોઈએ.

ગર્ભ પૂજ્ય છે. કોઈ પૂજ્ય વ્યક્તિ સામે હોય તો પોતાના સ્વભાવ તથા પરસ્પરના દ્વેષ અથવા વેરને ભૂલી જઈને શાલીનતાનું વાતાવરણ બનાવવામાં આવે છે. ગર્ભ માટે પણ એવું કરવું જોઈએ.

ગર્ભનું પૂજન ફક્ત કરવા ખાતર જ ન કરવું જોઈએ. એને સંસ્કારિત કરવા માટે નિયમિત પૂજા-ઉપાસના કરવાં જોઈએ. ઘરમાં આસ્તિક્તાનું વાતાવરણ બનાવવું. ગર્ભવતીએ પોતે પણ નિયમિત ઉપાસના કરવી જોઈએ. ઉપાસનાને ભોજન અને આરામ જેટલી જ મહત્ત્વની માનવી જોઈએ. જો વધારે ન બને તો કમ સે કમ ગાયત્રી ચાલીસાનો પાઠ તથા પંચાક્ષરી મંત્ર 'ૐ ભૂર્ભુવઃ સ્વઃ' ના જપ કરવા.

**ક્રિયા અને ભાવના :** ગર્ભપૂજન માટે ગર્ભવતીના ઘરના સભ્યોના હાથમાં અક્ષતપુષ્પ આપવાં. મંત્ર બોલવો. મંત્ર પૂરો થતાં એ ફૂલચોખા એક રકાબીમાં ભેગાં કરી ગર્ભવતીને આપવાં. તે એમને પેટે અડકાડીને મૂકી દે.

ભાવના કરવી કે ગર્ભસ્થ શિશુને સદ્ભાવ અને દૈવીકૃપાનો લાભ મળી રહ્યો છે. ગર્ભવતી એનો સ્વીકાર કરીને ગર્ભને એ લાભ પહોંચાડી રહી છે.

**ૐ સુપર્ણોઽસિ ગરુત્માંસ્ત્રિવૃત્તે શિરો, ગાયત્રં ચક્ષુર્બૃહદ્રથન્તરે પક્ષૌ । સ્તોમઽઆત્મા છન્દા ૐસિ સ્યંગાનિ યજૂ ૐષિ નામ । સામ તે તનૂર્વામદેવ્યં, યજ્ઞાયજ્ઞિયં પુચ્છં ધિષ્ણ્યાઃ શફાઃ । સુપર્ણોઽસિ ગરુત્માન્ દિવં ગચ્છ સ્વઃપત ॥**

## ॥ આશ્વાસન ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** ગર્ભના માધ્યમથી પ્રગટ થનાર જીવને

આશા હોય છે કે એને પોતાના વિકાસને યોગ્ય વાતાવરણ મળશે. જે સત્તાએ ગર્ભ પ્રદાન કર્યો છે તે પણ એ જવાબદારી પૂરી થતી જોવા ઈચ્છે છે. એ બંનેને આશ્વાસન આપવું જોઈએ કે એમણે નિરાશ નહિ થવું પડે.

પહેલું આશ્વાસન ગર્ભવતી આપે. તે પોતાના કર્તવ્યનું ધ્યાન રાખે. પોતાનાં આહારવિહાર અને ચિંતનને બરાબર રાખે. બીજાઓના વ્યવહાર અને વાતાવરણની ફરિયાદ કરવામાં સમય અને શક્તિ વેડફવાના બદલે ધીરજપૂર્વક ગર્ભને શ્રેષ્ઠ સંસ્કારો આપવાનો પ્રયત્ન કરે. પોતે પ્રસન્ન રહે. ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ, કામવાસના વગેરે વિકારોથી દૂર રહે. ધીરજપૂર્વક ઉજ્જવળ ભવિષ્યની કામના કરે.

બીજું આશ્વાસન એનો પતિ અને પરિજનો આપે છે. ગર્ભવતી પોતાના શરીર તથા રક્ત-માંસમાંથી બાળકનું શરીર બનાવે છે, પોતાનું લોહી સફેદ દૂધના રૂપમાં કાઢી કાઢીને બાળકનું પોષણ કરે છે, એનાં મળમૂત્ર સાફ કરે છે, તેનાં સ્નાન, વસ્ત્ર તથા દિનચર્યાની સતત સંભાળ રાખે છે. આટલો બધો ભાર અને ત્યાગ ઓછાં નથી. માતા પોતાની જવાબદારી આ બધું કરીને પૂરી કરે છે. હવે શિશુને સુસંસ્કારી બનાવવા માટે યોગ્ય પરિસ્થિતિ પેદા કરવાનું કામ પિતાનું છે. એ પૂરું કરવા માટે એટલો જ ત્યાગ કરવો, એટલું જ કષ્ટ સહેવું અને એટલું જ ધ્યાન રાખવું એ પિતાનું અને પરિજનોનું કર્તવ્ય છે.

બધા ભેગા મળીને પ્રયાસ કરે કે ગર્ભ પર અભાવ અને કુસંસ્કારોની છાયા ના પડે. ગર્ભવતી ખોટી ઇચ્છાઓ ન રાખે. ઘરનાં એની યોગ્ય ઇચ્છાઓનું ધ્યાન રાખે અને પૂરી કરે. 'તારે શું ખાવું છે ?' એટલું જ પૂછવું પૂરતું નથી. 'તું અમારા તરફથી કેવો વ્યવહાર ઈચ્છે છે' એ પણ પૂછવું જોઈએ. એને સમજીને ઉત્તમ વ્યવહાર કરવો જોઈએ.

**ક્રિયા અને ભાવના :** ગર્ભવતી પોતાનો જમણો હાથ પેટ પર રાખે. પતિ સહિત કુટુંબના બધા સભ્યો પોતાનો જમણો હાથ

ગર્ભવતી તરફ આશ્વાસનની મુદ્રામાં ધરી રાખે. મંત્ર બોલાય ત્યાં સુધી એ જ સ્થિતિ રાખવી. ભાવના કરવી કે ગર્ભવતી પોતાના શિશુ તથા દૈવી સત્તાને આશ્વાસન આપી રહી છે. બધાં સ્વજનો એના એ પ્રયાસમાં સંપૂર્ણ સહકાર આપવાના સોગંદ લઈ રહ્યાં છે. આ શુભ સંકલ્પમાં દૈવીશક્તિઓ સહયોગ આપી રહી છે, આ શ્રેષ્ઠ સંકલ્પને પૂરો કરવાની શક્તિ આપી રહી છે.

**ૐ યત્તે સુસીમે હૃદયે હિતમન્તઃ પ્રજાપતૌ ।**

**મન્યેઽહં માં તદ્વિદ્વાંસં, માહં પૌત્રમઘન્નિયામ્ ॥**

– આશ્વ. ગૃ. સૂ. ૧.૧૩.૭

આશ્વાસ્તના પછી અગ્નિસ્થાપનથી માંડીને ગાયત્રી મંત્રથી આહુતિઓ આપવા સુધીનો ક્રમ પૂરો કરવો. ત્યાર પછી વિશેષ આહુતિઓ આપવી.

## ॥ વિશેષ આહુતિ ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** યજ્ઞીય જીવન ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે. જીવનનું દરેક ચરણ એક આહુતિ છે. વિશેષ કૃત્યને યજ્ઞમય બનાવવા માટે વિશેષ ક્રમ બનાવવો પડે છે. વિશેષ આહુતિઓ એ માટે જ આપવામાં આવે છે.

યજ્ઞમાં પોષક સાત્ત્વિક પદાર્થ એવી ખીરની આહુતિ આપવામાં આવે છે. આ જ રીતે અંતઃકરણમાં દૂધની જેમ સ્વચ્છ, ધવલ ભાવોનો સંચાર થાય. દૂધમાં ઘી રહેલું છે. એ જ રીતે પોતાના ચિંતન અને આચરણમાં સ્નેહ સમાયેલો રહે. ગર્ભવતી પોતે તથા કુટુંબના સભ્યો ભેગા મળીને ગર્ભસ્થ શિશુ માટે આવું જ શ્રેષ્ઠ અને પરમાર્થપરાયણ વાતાવરણ બનાવે.

**ક્રિયા અને ભાવના :** ગાયત્રી મંત્રની આહુતિઓ અપાઈ ગયા પછી ખીરની પાંચ આહુતિઓ વિશેષ મંત્રથી આપવી.

ભાવના કરવી કે દિવ્ય મંત્રશક્તિના સંયોગથી ગર્ભસ્થ શિશુ અને

બધા પરિજનો માટે મંગલમય અભીષ્ટ વાતાવરણ બની રહ્યું છે.

**ૐ ધાતાદધાતુ દાશુષે પ્રાચીં જીવાતુમક્ષિતામ્ । વયં દેવસ્ય ધીમહિ સુમતિં વાજિનીવતઃ સ્વાહા । ઈદં ધાત્રે ઈદં ન મમ ॥** **- આશ્વ. ગૃ. સૂ. ૧.૧૪.૩**

## ॥ ચરુ પ્રદાન ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** યજ્ઞમાંથી વધેલી ખીર ગર્ભવતીને ખાવા માટે આપવામાં આવે છે. યજ્ઞથી સંસ્કારિત અન્ન જ મનમાં દૈવી વૃત્તિઓ પેદા કરે છે. સ્વાર્થવૃત્તિથી માત્ર સ્વાદ માટે બનાવેલું ભોજન અકલ્યાણકારી હોય છે.

આહારને ભગવાનનો પ્રસાદ બનાવીને ખાવો જોઈએ. ભોગ ધરાવ્યા વગર ન ખાવું. એનાથી સંયમની વૃત્તિમાં વધારો થાય છે.

દરરોજનું ભોજન પણ યજ્ઞીય સંસ્કારવાળું હોવું જોઈએ. આ માટે ઘરમાં બલિવૈશ્વ કરવો જોઈએ. ગર્ભવતીએ રોજ બલિવૈશ્વ કરીને, ભોજનને યજ્ઞનો પ્રસાદ બનાવીને ભોજન કરવું.

ભોજનમાં સાત્ત્વિક પદાર્થો હોવા જોઈએ. ઉત્તેજક, પેટ તથા વૃત્તિઓને બગાડનાર પદાર્થો ન ખાવા જોઈએ.

**ક્રિયા અને ભાવના :** વિશેષ આહુતિઓ આપ્યા પછી વધેલી ખીરને પ્રસાદ રૂપે એક વાડકીમાં ગર્ભવતીને આપવી. તે એને મસ્તકે લગાડીને પોતાની પાસે રાખે. સંસ્કાર કર્મ પૂરું થયા પછી સૌપ્રથમ એ જ ખીર ખાવી.

ભાવના કરવી કે યજ્ઞનો આ પ્રસાદ દિવ્યશક્તિથી સંપન્ન છે. એના પ્રભાવથી રામ, ભરત જેવા નર પેદા થાય છે. પોતાનું સંતાન આવું મહાન બને એવી કામના કરવી.

**ૐ પયઃ પૃથિવ્યાં પયઽઓષધીષુ, પયો દિવ્યન્તરિક્ષે પયોધાઃ । પયસ્વતીઃ પ્રદિશઃ સન્તુ મહ્યમ્ ॥**

- યજુ. ૧૮.૩૬

## ॥ આશીર્વચન ॥

કર્મકાંડ પૂરું થઈ ગયાપછી અને વિસર્જન કરતા પહેલાં આશીર્વાદ આપવા જોઈએ. આચાર્ય ગર્ભવતીને શુભ મંત્ર બોલીને ફળફૂલ વગેરે આપે. ગર્ભવતી સાડીના પાલવમાં તે લઈ લે. બીજા વડીલો પણ આશીર્વાદ આપી શકે છે. બધા લોકો પુષ્પવૃષ્ટિ કરે. ગર્ભવતી તથા તેનો પતિ વડીલોના ચરણસ્પર્શ કરે, બધાને પગે લાગે. ત્યાર બાદ વિસર્જન અને જયઘોષ કરીને આયોજન પૂરું કરવું.

❀❀❀

## ॥ નામકરણ સંસ્કાર ॥

**સંસ્કાર પ્રયોજન :** બાળકના જન્મ પછીનો પહેલો સંસ્કાર નામકરણ છે. આમ તો જન્મ પછી તરત જ જાતકર્મ સંસ્કારનું વિધાન છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિઓમાં તે કરવામાં આવતો નથી. આપણી પદ્ધતિમાં એના તત્ત્વને પણ નામકરણમાં સમાવી લેવામાં આવ્યું છે.

આ સંસ્કારના માધ્યમથી બાળક રૂપે અવતરેલા જીવાત્માને કલ્યાણકારી યજ્ઞીય વાતાવરણનો લાભ પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જીવના પૂર્વસંચિત સંસ્કારોમાં જે હીન હોય તેમાંથી એને મુક્ત કરવો અને જે શ્રેષ્ઠ હોય તેમની વૃદ્ધિ કરવી જરૂરી છે.

નામકરણ સંસ્કાર વખતે બાળકમાં મૌલિક કલ્યાણકારી પ્રવૃત્તિઓ તથા આકાંક્ષાઓની સ્થાપના કરવા માટે વિચાર કરીને એને અનુરૂપ વાતાવરણ બનાવવું જોઈએ. શિશુ પુત્ર છે કે પુત્રી એ તરફ ધ્યાન ન આપવું જોઈએ. ભારતીય સંસ્કૃતિમાં ક્યાંય આવો ભેદભાવ નથી. શીલવતી કન્યાને દસ પુત્રો બરાબર કહી છે. **"દશ પુત્ર સમા કન્યા યસ્ય શીલવતી સુતા ।"** આનાથી ઊલટું પુત્ર પણ કુળધર્મને નષ્ટ કરનારો પાકી શકે છે. **"જિમિ કપૂત કે ઊપજે કુલ સદ્ધર્મ નસાહિં ।"** આથી પુત્ર હોય કે પુત્રી, એની અંદરના કુસંસ્કારોનું નિવારણ કરીને શ્રેષ્ઠ દિશામાં વાળવાની દૃષ્ટિએ નામકરણ સંસ્કાર કરાવવામાં આવે છે.

આ સંસ્કાર કરાવતી વખતે શિશુના વાલીઓ અને હાજર રહેલા લોકોના મનમાં બાળકના જન્મ પછી એને શ્રેષ્ઠ વ્યક્તિત્વવાળો બનાવવાના મહત્ત્વનો બોધ થાય છે.

સામાન્ય રીતે આ સંસ્કાર જન્મથી દસમા દિવસે થાય છે. એ દિવસે જન્મના સૂતકનું નિવારણ-શુદ્ધિકરણ પણ કરવામાં આવે છે. જો ઘરમાં જ પ્રસૂતિ થઈ હોય તો એ ઓરડાને લીંપી-ધોળીને યા ધોઈને સ્વચ્છ કરવો જોઈએ. શિશુ તથા માતાને પણ સ્નાન કરાવીને નવાં વસ્ત્રો પહેરાવવામાં આવે છે. એની સાથે યજ્ઞ તથા સંસ્કારનો ક્રમ વાતાવરણને દિવ્ય બનાવીને અભીષ્ટ ઉદ્દેશ્યને પૂરો કરે છે. જો દસમા દિવસે કોઈ કારણના લીધે નામકરણ સંસ્કાર ના થઈ શકે, તો પછી પણ ગમે ત્યારે એ સંસ્કાર કરાવી લેવા જોઈએ. ઘેર, મંદિરે અથવા યજ્ઞસ્થળે પણ આ સંસ્કાર કરાવવા યોગ્ય છે.

**વિશેષ વ્યવસ્થા :** યજ્ઞપૂજનની સામાન્ય વ્યવસ્થાની સાથે જ નામકરણ સંસ્કાર માટે નીચેની વ્યવસ્થા કરવી.

(૧) જો દસમા દિવસે ઘરમાં જ નામકરણ કરાવવામાં આવી રહ્યા હોય તો ત્યાં વેળાસર સ્વચ્છતાનું કામ પૂરું કરી લેવું જોઈએ. બાળક તથા માતાને પણ સ્નાન કરાવી તૈયાર રાખવાં.

(૨) અભિષેક માટે કળશ તથા આંબો કે આસોપાલવનાં પાન રાખવાં. કળશના કંઠમાં નાડાછડી બાંધવી તથા તેની ઉપર ૐ, સ્વસ્તિક વગેરે શુભ ચિહ્નો બનાવવાં.

(૩) શિશુની કમરમાં બાંધવા માટે મેખલા સૂત્તર કે રેશમી દોરાની બનાવેલી હોય છે. જો તે ન હોય તો નાડાછડીની મેખલા બનાવવી.

(૪) મધુપ્રાશન માટે મધ તથા તે ચટાડવા ચાંદીની ચમચી. જો તે ન હોય તો ચાંદીની સળી યા વીંટી અથવા સ્ટીલની ચમચી વગેરેનો ઉપયોગ કરી શકાય.

(૫) સંસ્કાર વખતે માતા જ્યાં શિશુને લઈને બેસે ત્યાં વેદીની પાસે થોડીક જગ્યા સ્વચ્છ કરીને એની પર સ્વસ્તિકનું ચિહ્ન બનાવવું. એ જ જગ્યા પર બાળકને ભૂમિસ્પર્શ કરાવવો.

(૬) નામની ઘોષણા માટે થાળી યા સુંદર તકતી રાખવી. એની પર નક્કી કરેલું નામ પહેલેથી સુંદર અક્ષરે લખી રાખવું. ચંદન યા કંકુથી લખીને એની પર ચોખા કે ફૂલની પાંખડીઓ ચોંટાડીને, સાબુદાણાને સહેજ બાફી તેમાં રંગ ભેળવીને એમને અક્ષરોના આકારમાં ચોંટાડીને અથવા સ્લેટ કે તકતી પર રંગીન ચોકથી પણ નામ લખી શકાય. થાળી, ટ્રે યા તક્તીને ફૂલોથી સજાવીને એની પર સ્વચ્છ વસ્ત્ર ઢાંકીને રાખવી. નામઘોષણા વખતે ઉપરનું કપડું હટાવવું.

(૭) વિશેષ આહુતિ માટે ખીર, મિષ્ટાન્ન યા મેવો કે જે હવનસામગ્રીમાં ભેળવીને આહુતિઓ આપી શકાય.

(૮) શિશુને માના ખોળામાં રહેવા દેવું, પતિ તેની ડાબી બાજુ બેસે. જો બાળક ઊંઘતું હોય અથવા શાંત રહેતું હોય તો શરૂઆતથી જ માના ખોળામાં રાખવું. નહિ તો વિશેષ કર્મકાંડ વખતે જ લાવવું. મંગલાચરણથી રક્ષાવિધાન સુધીનો ક્રમ પૂરો કરીને વિશેષ કર્મકાંડ શરૂ કરવું.

## ॥ અભિષેક ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** જીવ તો અનેક યોનિઓમાં ભ્રમણ કરતો કરતો માનવ શરીરમાં આવ્યો છે. તેથી બાળકના મન પર પાશવી સંસ્કારોની છાયા રહે તે સ્વાભાવિક છે. તેમને દૂર કરવા જરૂરી છે. જો પશુપ્રવૃત્તિ ચાલુ જ રહે તો મનુષ્ય શરીરની વિશેષતા જ શું રહે ? જેમના અંતઃકરણમાં માનવીય આદર્શો પ્રત્યે નિષ્ઠા તથા ભાવના હોય એમને જ સાચા અર્થમાં માનવ કહેવાય છે. ઈન્દ્રિયપરાયણતા, સ્વાર્થપરાયણતા, ઉદ્દેશ્ય વગરનું જીવન, ભવિષ્ય અંગે ન વિચારવું, અસંયમ જેવા દોષોને પશુપ્રવૃત્તિ કહે છે. આ દોષો જેનામાં વધારે પ્રમાણમાં હોય તે નરપશુ છે. પોતાનું નવજાત બાળક નરપશુ ન રહેવું જોઈએ. એના સંચિત કુસંસ્કારોને દૂર કરવા જ જોઈએ. આ પરિશોધન માટે સંસ્કાર મંડપમાં પ્રવેશ કરતાં જ સૌપ્રથમ બાળકનો અભિષેક કરવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** સિંચન માટે તૈયાર કળશમાં મુખ્ય કળશનું જળ અથવા તો ગંગાજળ ભેળવવું. મંત્રની સાથે બાળકના સંસ્કાર કરાવનારાઓ તથા સાધનસામગ્રી પર એ જળથી સિંચન કરવું.

ભાવના કરો કે જે જીવાત્મા શિશુ રૂપમાં ઈશ્વરે બક્ષેલા સુઅવસરનો લાભ લેવા અવતર્યો છે તેનું અભિનંદન કરવામાં આવી રહ્યું છે. ઈશ્વરીય યોજનાને અનુરૂપ બાળકમાં જવાબદારીઓ નિભાવવાની શક્તિ પેદા કરવા માટે શ્રેષ્ઠ સંસ્કારો તથા સત્ શક્તિઓના પ્રવાહમાંથી એની પર અનુદાનોની વર્ષા થઈ રહી છે. હાજર રહેલા બધા પરિજનો પોતાની ભાવનાઓ દ્વારા એ પ્રક્રિયાને વધારે પ્રાણવાન બનાવી રહ્યા છે.

**ૐ આપો હિષ્ઠા મયોભુવઃ, તા નઽઊર્જે દધાતન, મહે રણાય ચક્ષસે । ૐ યો વઃ શિવતમો રસઃ, તસ્ય ભાજયતેહ નઃ । ઉશતીરિવ માતરઃ । ૐ તસ્માઽઅરંગમામવો, યસ્ય ક્ષયાય જિન્વથ । આપો જન યથા ચ નઃ ॥ - ૩૬.૧૪-૧૬**

## મેખલા બંધન ॥

**શિક્ષણ અને પ્રેરણા** - સંસ્કાર માટે તૈયાર મેખલા શિશુની કમરમાં બાંધવામાં આવે છે. તે કટિબદ્ધ રહેવાનું પ્રતીક છે. ફોજી જવાન અને પોલીસ પણ પોતાની કમરે પટ્ટો બાંધીને પોતાની ફરજ પૂરી કરે છે. શારીરિક સુવિધાની દૃષ્ટિએ કદાચ તે અનુપયોગી લાગે, પરંતુ ભાવનાની દૃષ્ટિએ કમરમાં બાંધેલો પટ્ટો ચુસ્તી, સ્ફૂર્તિ, નિરાલસ્યતા તથા કર્તવ્યપાલન માટેની તત્પરતાનું પ્રતીક છે. આ ગુણો મનુષ્ય માટે અતિ આવશ્યક છે. જો એમાં ઊણપ રહે તો એને દીનહીન સ્થિતિમાં પડી રહેવું પડે અને તે પોતાના જીવનમાં કોઈ વિકાસ કે પ્રગતિ સાધી શકે નહિ. આળસુ અને પ્રમાદી વ્યકિત પોતાની પ્રતિભાને એમ જ વેડફી નાખે છે. ઢીલોપોચો સ્વભાવ માણસને ક્યાંયનો રહેવા દેતો નથી. એનાં બધાં કામ અધૂરાં અને અસ્તવ્યસ્ત રહે છે. તેથી એને કોઈ આશાજનક પરિણામ મળતું નથી.

આ દોષનાં બીજ બાળકમાં ન વવાય એની સાવધાની રાખવા માટે તેને જાગૃત અને તત્પર બનાવવા માટે નામકરણ સંસ્કાર વખતે કમરમાં મેખલા બાંધવામાં આવે છે. તેનાં માતાપિતા જ્યારે એ મેખલા જુએ છે ત્યારે યાદ કરે કે બાળકને આળસ તથા પ્રમાદના દોષદુર્ગુણોથી બચાવવા માટે પોતે ખૂબ પ્રયત્ન કરવાનો છે. જેમ જેમ બાળક મોટું થાય તેમ તેમ તેના સ્વભાવમાં ચુસ્તી તથા સ્ફૂર્તિ આવે, તે શ્રમશીલ બને તથા ખરા મનથી કામ કરવાના ગુણો પણ તેવા પ્રયત્નો કરવા જોઈએ. આળસપ્રમાદથી શું હાનિ થાય છે અને શ્રમશીલતા તથા ચપળતાથી શું ફાયદો થાય છે તે સમજાવવું તથા શીખવવું જોઈએ.

**ક્રિયા અને ભાવના :** મંત્રની સાથે બાળકના પિતા એની કમરમાં મેખલા બાંધે. સાથે સાથે ભાવના કરે કે આ સંસ્કારિત સૂત્રની સાથે બાળકમાં તત્પરતા, જાગરૂકતા તથા સંયમશીલતા જેવી પ્રવૃત્તિઓની સ્થાપના કરવામાં આવી રહી છે.

**ૐ ઈયં દુરુક્તં પરિબાધમાના, વર્ણં પવિત્રં પુનતીમઽઆગાત્ ।**
**પ્રાણાપાનાભ્યાં બલમાદધાના, સ્વસાદેવી, સુભગા મેખલેયમ્ ॥**

- પાર ગૃ. સૂ. ૨૨૮.

## ॥ મધુપ્રાશન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** એમાં બાળકને ચાંદીની ચમચી કે બીજા કોઈ સાધનથી મધ ચટાડવામાં આવે છે. મધ ચટાડવાનો અર્થ એ છે કે બાળક મધુરવાણી બોલે. માણસની સજ્જનતાની ઓળખ એની વાણીથી થાય છે. મધુર, પ્રિય, નમ્ર તથા શિષ્ટતા ભરેલી વાણી સાંભળતાં જ ખબર પડી જાય છે કે વ્યક્તિ શાલીન છે. આ ગુણના આધારે બીજાઓનો સ્નેહ, સદ્ભાવ તથા સહકાર પ્રાપ્ત થાય છે. મધુર વાણી જ સાચો વશીકરણ મંત્ર છે. કોયલ અને કાગડાનો રંગ એક સરખો હોવા છતાં કોયલનાં વખાણ અને કાગડાની નિંદા થાય છે તેનું કારણ તેમની વાણીમાં રહેલો તફાવત છે. ચાંદી સફેદ, શુભ્ર હોય છે. એને પવિત્રતા તથા નિર્વિકારનું પ્રતીક માનવામાં આવ્યું છે. પવિત્રતા અને નિર્વિકારતાના આધારે વાણી મધુર બને તે માટે ચાંદીની ચમચીનો

પ્રયોગ કરવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** મંત્રોચ્ચાર સાથે ચાંદીની ચમચી કે બીજા કોઈ સાધનથી બાળકને થોડું મધ ચટાડવું. ઘરના વડીલ કે હાજર રહેલા લોકોમાંથી કોઈ ચરિત્રનિષ્ઠ વ્યક્તિ દ્વારા પણ આ કાર્ય કરાવી શકાય. ભાવના કરવી કે બધા ઉપસ્થિત પરિજનોના ભાવસંયોગથી બાળકની જિહ્‌વામાં શુભ, પ્રિય, હિતકારી તથા કલ્યાણકારી વાણીના સંસ્કાર સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

**ૐ પ્રતે દદામિ મધુનો ઘૃતસ્ય, વેદં સવિત્રા પ્રસૂતં મઘોનામ્ ।**
**આયુષ્યમાન્ ગુપ્તો દેવતાભિઃ, શતં જીવ શરદો લોકે અસ્મિન્॥**

– આશ્વ. ગૃ. સૂ. ૧.૧૫.૧

## ॥ સૂર્યનમસ્કાર ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** સૂર્ય ગતિશીલતા, તેજસ્વિતા, પ્રકાશ તથા ઉષ્ણતાનું પ્રતીક છે. તેનાં કિરણો આ સંસારમાં ચેતના તથા જીવનનો સંચાર કરે છે. બાળકમાં પણ આ ગુણોનો વિકાસ થવો જોઈએ. સૂર્ય સતત ચાલતો રહે છે. તે પોતાના કર્તવ્યમાંથી એક ક્ષણ પણ વિમુખ થતો નથી. તે બહુ ઉતાવળ કરતો નથી કે નથી શિથિલતા રાખતો. મનુષ્યની ક્રિયાપદ્ધતિ પણ આવી જ હોવી જોઈએ. જે કાર્ય હાથમાં લીધું હોય તેમાં શિથિલતા ન રાખવી કે ન તો અધીરા થઈને ઉતાવળ કરવી. ધીરજ, સ્થિરતા અને દૃઢ નિશ્ચય સાથે સતત આળ વધતા રહેવું જોઈએ. સૂર્યદર્શનની સાથે બાળકને એ પ્રેરણા આપવામાં આવે છે કે તેણે ભાવિ જીવનમાં આળસુ, ઢીલાપોચા કે અનિયમિત બનવાનું નથી. નિયમિતતા, લગન તથા પરિશ્રમ દ્વારા જ તે જીવનમાં કંઈ કરી શકશે. આથી તે સૂર્યને જુએ તથા તેનું અનુકરણ કરે. વાલી શિશુના માનસિક વિકાસ માટે ઉત્તમ પ્રેરણાઓ તથા સાધન પ્રદાન કરતા રહે.

**ક્રિયા અને ભાવના :** જો સૂર્ય જોઈ શકાય એમ હોય તો માતા શિશુને બહાર લઈ જાય અને સૂર્યદર્શન કરાવે. સૂર્યદેવને નમસ્કાર કરે. જો સૂર્યનાં દર્શન કરી શકાય એમ ન હોય તો એનું ધ્યાન ધરી નમસ્કાર કરે. ભાવના કરવી કે માતા પોતાના સ્નેહના પ્રભાવથી

બાળકમાં તેજસ્વિતા પ્રત્યે આકર્ષણ પેદા કરી રહી છે. બાળકમાં તેજસ્વી જીવન પ્રત્યે સહજ અનુરાગ પેદા થઈ રહ્યો છે. બધા ભેગા મળીને એને સ્થિર રાખીશું. એમાં વધારો કરીશું.

**ૐ તચ્ચક્ષુર્દેવહિતં પુરસ્તાચ્છુક્રમુચ્ચરત્ । પશ્યેમ શરદઃ શતં, જીવેમ શરદઃ શત ઙ્ક , શૃણુયામ શરદઃ શતં, પ્ર બ્રવામ શરદઃ શતમદીનાઃ, સ્યામ શરદઃ શતં, ભૂયશ્ચ શરદઃ શતાત્ ॥**

- ૩૬.૨૪

## ॥ ભૂમિપૂજન-સ્પર્શન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** બાળકને સૂતકના દિવસોમાં ભૂમિ પર નથી સુવડાવતા. નામકરણ પછી જ એને ભૂમિનો સ્પર્શ કરાવવામાં આવે છે, પરંતુ એની પહેલાં ધરતીનું પૂજન કરવામાં આવે છે અને પછી જ એ પવિત્ર ભૂમિ પર તેને બેસાડવામાં કે સુવડાવવામાં આવે છે. ભૂમિને લીંપીને ફૂલ, ચોખા, ચંદન, ધૂપ વગેરેથી એનું પૂજન કરવામાં આવે છે. ભૂમિને માત્ર માટી જ ના માનતાં તેને જન્મભૂમિ, દેવભૂમિ, ધરતીમાતા માનીને હમેશાં એના પ્રત્યે પોતાની શ્રદ્ધા તથા ભક્તિ વ્યક્ત કરવાં જોઈએ. જન્મ આપનારી માતાના જેટલું જ સન્માન ધરતીમાતાને પણ આપવું જોઈએ. માતૃભૂમિની સેવા કરવા માટે તેણે તત્પર રહેવું જોઈએ. માતૃભૂમિ, વિશ્વવસુધાના રક્ષણ અને સેવા માટે જેટલો બની શકે તેટલો ત્યાગ અને સમર્પણ કરવું જોઈએ.

દેશભક્તિનો સાચો અર્થ સમાજસેવા છે. દેશવાસીઓ, સાથી અને સહયોગીઓની સુખસગવડો માટે કંઈક કાર્ય કરવું જોઈએ. પોતાનું જ પેટ ભરવું, પોતાની જ ઉન્નતિ કરવી અને પોતાની જ સગવડો વધારવી તે તો હલકા લોકોની વૃત્તિ છે. શ્રેષ્ઠ લોકો પોતાની આંતરિક મહાનતાને અનુરૂપ સંકુચિત નથી હોતા, પરંતુ આત્મીયતા અને મમતાને વ્યાપક બનાવે છે. એને બધા લોકો પોતાના જ ભાઈઓ લાગે છે અને 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના દૃઢ બને છે. આવા દેશભક્ત લોકો પોતાના સ્વાર્થ અને લાભ કરતાં સમાજસેવા અને લોકકલ્યાણનાં કાર્યોને વધારે મહત્ત્વનાં માને છે. ભૂમિસ્પર્શ કરાવતાં બાળકને માતૃભૂમિની સેવા

કરવાની, દેશભકિતની ભાવના જાગૃત કરવાની શિખામણ આપવામાં આવે છે.

ધરતીમાતાની ક્ષમાશીલતા અદ્ભુત છે. તે પોતાની ઉપર બધાનો ભાર ઉઠાવે છે. તે અન્ન, ફળો, રસ, ખનિજો વગેરે આપીને પ્રાણીઓનું પાલન કરે છે. લોકો મળમૂત્ર વગેરેથી એને ગંદી કરે છે, છતાં તે રુષ્ટ થતી નથી અને તે બધું જ સહન કરે છે. વિશાળ સંપદાની સ્વામિની હોવા છતાં તે મિથ્યા ગર્વ કરતી નથી. પુરુષાર્થીઓને ઉદારતાપૂર્વક પોતાની સંપત્તિનો ઉપહાર આપે છે. પોતાની અંદર ધગધગતા અગ્નિને છુપાવીને રાખે છે અને બહારથી શીતળ રહે છે. છોડવાઓ ભૂમિમાંથી રસકસ ખેંચીને વધે છે, પરંતુ માળી એમની કાપકૂપ કરીને એમને સુંદર આકાર આપે છે. માતાપિતાએ પણ માળીની જેમ બાળકનું ધ્યાન રાખવું જોઈએ.

**ક્રિયા અને ભાવના :** શિશુનાં માતાપિતા હાથમાં કંકુ, ચોખા, ફૂલ વગેરે લઈને ભૂમિનું પૂજન કરે. ભાવના કરવી કે ધરતીમાતા આ બાળકને શ્રેષ્ઠ સંસ્કારવાળો બનાવવા માટે યોગ્ય, શ્રેષ્ઠ અને મહાન બની રહી છે. મંત્ર પૂરો થતાં પૂજનસામગ્રી ધરતીમાતા પર ચઢાવવી.

**ૐ મહી દ્યૌઃ પૃથિવી ચ ન ડ, ઈમં યજ્ઞં મિમિક્ષતામ્ । પિપૃતાં નો ભરીમભિઃ ॥ ૐ પૃથિવ્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ।** - ૮.૩૨

**સ્પર્શક્રિયા અને ભાવના :** માતા મંત્રોચ્ચાર સાથે બાળકને એ પૂજિત ભૂમિ પર સુવડાવે. બધા લોકો હાથ જોડીને ભાવના કરે કે જેવી રીતે માતા પોતાના બાળકને ગોદમાં લઈને પોતાનો સ્નેહ અને સંતોષ આપે છે તેવી રીતે ધરતીમાતા આ બાળકને પોતાનો લાલ માનીને પોતાની ગોદમાં લઈને ધન્ય બનાવી રહી છે.

**ૐ સ્યોના પૃથિવી નો, ભવાનૃક્ષરા નિવેશની । યચ્છા નઃ શર્મ સપ્રથાઃ । અપ નઃ શોશુચદઘમ્ ॥** - ૩૫.૨૧

# ॥ નામ ઘોષણા ॥

**શિક્ષણ અને પ્રેરણા** : એ એક મનોવૈજ્ઞાનિક તથ્ય છે કે મનુષ્યને જેવા નામથી બોલાવવામાં આવે તેવી જ એના પર અસર થાય છે. જો કોઈને બુધિયો, કચરાલાલ કે એવા બીજા કોઈ હલકા નામથી બોલાવવામાં આવે તો તેનામાં હીનતાનો ભાવ આવશે જ. બોલાવનારાઓ પણ કોઈના નામને અનુરૂપ એના વ્યકિતત્વની હલકી કે ભારે કલ્પના કરે છે. તેથી નામનું પણ ખૂબ મહત્ત્વ હોય છે. કોઈ સુંદર નામ જ પસંદ કરવું જોઈએ.

બાળકનું નામ પાડતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ :

(૧) ગુણવાચક નામ રાખવાં, જેમ કે સુંદરલાલ, જયપ્રકાશ, સત્યપ્રકાશ, ધર્મવીર, મૃત્યુંજય, વિજયકુમાર, વિદ્યાભૂષણ, જ્ઞાનપ્રકાશ, વિદ્યાધર વગેરે. આ જ રીતે બાલિકાઓનાં નામ દયા, ક્ષમા, પ્રભા, કરુણા, પ્રેમવતી, સુશીલા, માયા, શાંતિ, સત્યવતી, પ્રતિભા, વિદ્યા વગેરે પાડવાં.

(૨) મહાપુરુષો તથા દેવોના નામ પરથી પણ નામ પાડી શકાય, જેમ કે રામઅવતાર, કૃષ્ણચંદ્ર, શિવકુમાર, ગણેશ, સવિતાનંદન, વિષ્ણુપ્રસાદ, લક્ષ્મણ, ભરત, યાજ્ઞવલ્કય, પારાશર, સુભાષ, રવીન્દ્ર, બુદ્ધ, મહાવીર, હરિશ્ચંદ્ર, દધીચિ, કપિલ વગેરે. છોકરીઓનાં નામ - કૌશલ્યા, સુમિત્રા, દેવકી, પાર્વતી, દમયંતી, પદ્માવતી, લક્ષ્મી, કમલા, સરસ્વતી, સાવિત્રી, ગાયત્રી, મદાલસા, સીતા, ઊર્મિલા, અનસૂયા વગેરે.

(૩) પ્રાકૃતિક વિભૂતિઓના નામ પરથી પણ બાળકોનાં નામ રાખી શકાય. રજનીકાંત, અરુણકુમાર, રત્નાકર, હિમાંચલ, ઘનશ્યામ, વસન્ત, હેમન્ત, કમળ, ગુલાબ, ચંદન પરાગ વગેરે. છોકરીઓનાં નામ - કમલા, ઉષા, રજની, સરિતા, મધુ, ગંગા, યમુના, ત્રિવેણી, વસુંધરા, સુષમા વગેરે. છોકરા તથા છોકરીઓનાં નામોની એક મોટી યાદી બનાવી શકાય. છોકરા છોકરીઓનાં નામ ઉત્સાહવર્ધક, સૌમ્ય તથા પ્રેરણાપ્રદ હોવાં જોઈએ. અમુક અમુક સમયે બાળકોને એ પણ બોધ કરાવવો જોઈએ કે તારું આ નામ છે, તેથી તારે ગુણ પણ એવા જ કેળવવા જોઈએ.

**ક્રિયા અને ભાવના :** મંત્રોચ્ચાર સાથે નામવાળી થાળી પરથી વસ્ત્ર દૂર કરવું અને નામ બધાને બતાવવું. આ કાર્ય આચાર્ય અથવા કોઈ સન્માનનીય વ્યકિત કરે. ભાવના કરવી કે બાળકનું વ્યકિતત્વ નામ જેવા ગુણોવાળું બનશે અને તે બધાનું ગૌરવ વધારનારો બનશે.

**ૐ મેધાં તે દેવઃ સવિતા મેધાં દેવી સરસ્વતી ।**
**મેધાં તે અશ્વિનૌ દેવાવાધત્તાં પુષ્કરસ્રજૌ ॥**

– આશ્વ. ગૃ.૧.૧૫.૨

મંત્ર પૂરો થતાં બધાને નામ બતાવ્યા પછી ત્રણ નારા બોલાવવા.

| <u>પ્રમુખ કહે</u> | <u>બધા કહે</u> |
|---|---|
| (૧) બાળક....... | ચિરંજીવી હો (ત્રણવાર કહેવું) |
| (૨) બાળક....... | ધર્મશીલ હો (ત્રણવાર કહેવું) |
| (૩) બાળક....... | પ્રગતિશીલ હો (ત્રણવાર કહેવું.) |

## ॥ પરસ્પર પરિવર્તન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** માતા પોતાના લોહી અને માંસમાંથી બાળકનું નિર્માણ કરે છે. પોતાના રક્તમાંથી બનેલ દૂધ પિવડાવીને બાળકનું પાલન કરે છે. તેથી તેનો ફાળો મોટો છે. બાળક માતા પાસે જ વધારે રહે છે. તેથી તેની ભાવના અને કાર્યની બાળક પર વધારે અસર પડે છે, પરંતુ સાથે એ પણ એટલું જ સાચું છે કે એકલી માતા એનો સર્વાંગી વિકાસ કરી શકતી નથી. આહાર, ચિકિત્સા, રમતગમત, શિક્ષણ, સંસ્કાર વગેરેની જવાબદારી પરિવારના બીજા લોકો ઉપર પણ રહેલી છે. આ પરિવર્તનની ક્રિયા દ્વારા ઘરના બધા લોકો બાળકને પોતાના ખોળામાં લે છે અને એવું આશ્વાસન આપે છે કે આ બાળકના સર્વાંગી વિકાસમાં અમે પણ અમારી શકિત પ્રમાણે પૂરતો ફાળો આપીશું. બેશક, માતા પછી સૌથી મોટી જવાબદારી પિતા પર આવે છે, પરંતુ ઘરના બીજા સભ્યો પણ એ જવાબદારીમાંથી છટકી શકતા નથી. બાળકોના નિર્માણમાં ઘરના બધા લોકોનું સરખું યોગદાન હોવું જોઈએ.

**ક્રિયા અને ભાવના :** મંત્ર શરૂ થતાં માતા બાળકને સૌ પ્રથમ એના પિતાના ખોળામાં આપે. પિતા બીજા સ્વજનોને આપે. બાળક

એકબીજાના હાથમાં જઈને સ્નેહ-દુલાર મેળવીને પાછો માતા પાસે પહોંચે. ભાવના કરવી કે બાળક બધાના સ્નેહને પાત્ર બની રહ્યો છે. બધાનો સ્નેહ મેળવવાનો અધિકાર પ્રાપ્ત કરી રહ્યો છે.

**ૐ અથ સુમંગલ નામાન ૭ંક્ર હૃવયતિ બહુકાર શ્રેયસ્કર ભૂયસ્કરેતિ । યડએવ વન્નામાભવતિ, કલ્યાણમેવૈતન્માનુષ્યૈ વાચો વદતિ ॥**

## ॥ લોકદર્શન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** કોઈ વયોવૃદ્ધ વ્યક્તિ બાળકને બહાર લઈ જાય છે અને એને બહારનું ખુલ્લું વાતાવરણ બતાવે છે. બાળક ઘરમાં કૂપમંડુક ન બની રહે, પરંતુ તે જગતના વિશાળ પ્રાંગણમાં જાય, પ્રકૃતિના ખોળે રહે, તેનું અંતઃકરણ પણ વિશાળ બને એ માટે એને બહાર ખુલ્લા વાતવારણમાં ફેરવવામાં આવે છે. વિનોદ, ક્રીડા તથા જ્ઞાનવૃદ્ધિ દ્વારા સર્વાંગી વિકાસ સાધી શકાય છે. આ સંસાર વિરાટ બ્રહ્મ છે. એને પ્રત્યક્ષ પરમેશ્વર માનવો જોઈએ. ભગવાન્ રામે કૌશલ્યા અને કાકભુશુંડિને તથા ભગવાન કૃષ્ણે યશોદા અને અર્જુનને વિરાટ સ્વરૂપ બતાવીને વિશ્વબ્રહ્માંડનો જ સાક્ષાત્કાર કરાવ્યો હતો. જે આ જગતને ઈશ્વરની વિરાટ કૃતિના રૂપમાં જુએ છે, એણે ઈશ્વરનાં દર્શન કરી લીધાં એમ માનવું જોઈએ.

**ક્રિયા અને ભાવના :** મંત્રોચ્ચાર સાથે નક્કી કરેલ વ્યક્તિ બાળકને ખોળામાં લે અને ખુલ્લામાં લઈ જઈ જુદાં જુદાં દૃશ્યો બતાવીને પાછો લઈ આવે. ભાવના કરવી કે બાળકમાં આ વિરાટ વિશ્વને સાચી દૃષ્ટિથી જોવાની તથા સમજવાની શક્તિ ભગવાનની કૃપા અને બધાના સદ્ભાવથી પ્રાપ્ત થઈ રહી છે.

**ૐ હિરણ્યગર્ભઃ સમવર્ત્તતાગ્રે, ભૂતસ્ય જાતઃ પતિરેકડ આસીત્ । સ દાધાર પૃથિવીં દ્યામુતેમાં, કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥** - ૧૩૪

ત્યાર પછી અગ્નિસ્થાપનથી માંડીને ગાયત્રી મંત્રની આહુતિઓ સુધીનો ક્રમ પૂરો કરવો.પછી વિશેષ આહુતિ આપવી.

## ॥ વિશેષ આહુતિ ॥

**ક્રિયા અને ભાવના :** હવન સામગ્રીમાં મીઠાઈ, ખીર, મેવો વગેરે ભેળવીને નીચેના મંત્રથી પાંચ આહુતિઓ આપવી. સાથે ભાવના કરવી કે વિશેષ ઉદ્દેશ્ય માટે વિશેષ વાતાવરણ પેદા થઈ રહ્યું છે.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ । અગ્નિર્ઋષિઃ પવમાનઃ, પાંચજન્યઃ પુરોહિતઃ । તમીમહે મહાગયં સ્વાહા । ઈદમ્ અગ્નયે પવમાનાય ઈદં ન મમ ।** - ઋ. ૯.૬૬.૨૦

## ॥ બાલપ્રબોધન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** શિશુના વિકાસ માટે પ્રેમ તથા દુલારની જેટલી જરૂર છે તેટલી જ જરૂર સમય પ્રમાણે ઉપદેશ આપવાની છે. એમ ના માનવું કે બાળક શું સમજે ? આ સૌથી મોટી ભૂલ છે. સમજવા કે સમજાવવાનું માધ્યમ ભાષા છે, પણ તે જ સર્વસ્વ નથી. સ્નેહસ્પંદનો અને વિચારતરંગોથી બાળક વધારે સમજે છે. બાળક ભાષા ન સમજે એમ છતાં મૂળ ભાવસ્પંદનો પ્રત્યે ખૂબ સંવેદનશીલ હોય છે. પોતાના મનોરંજન યા ખીજની પ્રતિક્રિયા રૂપે એની સાથે ફૂવડ જેવો વાર્તાલાપ ન કરવો જોઈએ. એને સંબોધિત કરીને બોધ આપવાનો શુભારંભ આ સંસ્કાર વખતે કરવામાં આવે છે. વિચારશીલ હિતેચ્છુઓએ એ ક્રમ આગળ પણ ચલાવતા રહેવું જોઈએ.

**ક્રિયા અને ભાવના :** આચાર્ય બાળકને ખોળામાં લે. એના કાનની પાસે નીચેનો મંત્ર બોલવો. બધા લોકો ભાવના કરે કે એની ભાવનાને શિશુ હૃદયંગમ કરી રહ્યું છે અને શ્રેષ્ઠ તથા સાર્થક જીવનની દૃષ્ટિ પ્રાપ્ત કરી રહ્યું છે.

**ૐ શુદ્ધોઽસિ બુદ્ધોઽસિ નિરંજનોઽસિ,**
**સંસારમાયા પરિવર્જિતોઽસિ ।**
**સંસારમાયાં ત્યજ મોહનિદ્રાં,**
**ત્વાં સદ્ગુરુઃ શિક્ષયતીતિ સૂત્રમ્ ॥**

પ્રબોધન પછી પૂર્ણાહુતિ વગેરે બાકીનું કર્મકાંડ પૂરું કરવું. વિસર્જન

પહેલાં આચાર્ય બાળક તથા તેના વાલીઓને તિલક, અક્ષત, પુષ્પ વગેરેથી આશીર્વાદ આપે. ત્યાર પછી બીજા બધા લોકો મંગલ મંત્રોની સાથે અક્ષત તથા પુષ્પની વૃષ્ટિ કરીને આશીર્વાદ આપે.

**આશીર્વચન :** આચાર્ય બાળક તથા વાલીઓને આશીર્વાદ આપે. નીચેના મંત્ર ઉપરાંત આશીર્વાદના બીજા મંત્રોનો પણ પાઠ કરવો જોઈએ.

**હે બાલક ! ત્વમાયુષ્માન્ વર્ચસ્વી, તેજસ્વી શ્રીમાન્ ભૂયાઃ ॥**

❀ ❀❀

# ॥ અન્નપ્રાશન સંસ્કાર ॥

**સંસ્કાર પ્રયોજન :** બાળકને જ્યારે દૂધ વગેરે પેયપદાર્થ ઉપરાંત અન્ન આપવાની શરૂઆત કરવામાં આવે છે ત્યારે તે શુભારંભ યજ્ઞીય વાતાવરણમાં ધર્માનુષ્ઠાનના રૂપમાં થાય છે. એને અન્નપ્રાશન સંસ્કાર કહેવામાં આવે છે. બાળકને દાંત આવતાં એને અન્ન આપવામાં આવે છે. આમ, અન્નપ્રાશન સંસ્કાર લગભગ ૬ માસની ઉંમરે કરવામાં આવે છે.

અન્નનો શરીર સાથે ઊંડો સંબંધ છે. મનુષ્યો અને પ્રાણીઓનો મોટા ભાગનો સમય આહારની વ્યવસ્થા પાછળ જ ખર્ચાતો હોય છે. આહારનું મહત્ત્વ સમજીને એને સુસંસ્કારયુક્ત બનાવીને લેવો જોઈએ. અન્નપ્રાશન સંસ્કારમાં આ જ કરવામાં આવે છે. સારા પ્રારંભનો અર્થ છે - અડધી સફળતા. તેથી બાળકના અન્નાહારની શરૂઆત શ્રેષ્ઠતમ સંસ્કારયુક્ત વાતાવરણમાં કરવી જોઈએ.

યજુર્વેદના ૪૦ મા અધ્યાયનો પહેલો મંત્ર **'તેન ત્યક્તેન ભુંજીથા'** ત્યાગની સાથે ઉપભોગ કરવાનો નિર્દેશ કરે છે. આપણી પરંપરા એવી છે કે ભોજન થાળીમાં પીરસાય એટલે પહેલાં કીડી, કૂતરા, ગાય વગેરે માટે કાઢીને પંચબલિ કરીએ છીએ. ભોજન ભગવાનને ધરાવીને અથવા અગ્નિદેવને આહુતિ આપીને જ ખાઈએ છીએ. હોળીનો તહેવાર તો આ પ્રયોજન માટે જ છે. નવો પાક તૈયાર થાય એટલે સૌપ્રથમ હોળીરૂપી

સામૂહિક યજ્ઞમાં એની આહુતિઓ આપવામાં આવે છે. ત્યાર પછી જ તે ખાવામાં આવે છે. ખેડૂત જ્યારે ખળામાં અન્ન તૈયાર કરે છે ત્યારે સૌપ્રથમ એમાંથી એક ટોપલી ભરીને અન્ન ધર્મકાર્ય માટે કાઢી લે છે, ત્યાર પછી જ અનાજ ઘેર લઈ જાય છે. ત્યાગના સંસ્કારની સાથે અન્નનો ઉપયોગ કરવાની દૃષ્ટિએ જ ધર્મઘટ અથવા અન્નઘટ રાખવાની પરિપાટી પ્રચલિત છે. ભોજન કરતા પહેલાં બલિવૈશ્વ દેવ પ્રક્રિયા પણ અન્નને યજ્ઞીય સંસ્કાર આપવા માટે જ કરવામાં આવે છે.

**વિશેષ વ્યવસ્થા** : યજ્ઞ તથા દેવપૂજનની વ્યવસ્થાની સાથે અન્નપ્રાશન માટે નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવી જોઈએ.

અન્નપ્રાશનમાં જરૂરી એવાં એક વાડકી અને એક ચમચી, ચાંદીની ચમચી હોય તો ઉત્તમ.

ચોખા યા રવાની બનાવેલી ખીર, મધ, ઘી, તુલસીપત્ર તથા ગંગાજળ-આ પાંચ વસ્તુઓ તૈયાર રાખવી.

**વિશેષ કર્મકાંડ** : મંગલાચરણથી રક્ષાવિધાન સુધીનો ક્રમ પૂરો કર્યા પછી વિશેષ કર્મકાંડમાં (૧) પાત્રપૂજન (૨) અન્નસંસ્કાર (૩) વિશેષ આહુતિ (૪) ખીરપ્રાશન કરાવવાં.

## ॥ પાત્રપૂજન ॥

**શિક્ષણ તથા પ્રેરણા** : પાત્ર પાત્રતાનું પ્રતીક છે. ઈશ્વરીય અનુદાન અથવા તો લૌકિક સફળતા મેળવવી હોય તો પાત્રતા મેળવવી પડે છે. તેથી પાત્ર પૂજનીય છે. સંસ્કારયુક્ત આહાર કુસંસ્કારવાળા પાત્રમાં રાખી શકાય નહિ. દવા ગમે તેવા પાત્રમાં રાખવામાં આવતી નથી. એને યંત્રોથી સ્ટરિલાઈઝ કરવામાં આવે છે. ઓટોકલેપ વિધિથી સ્વચ્છ બનાવવામાં આવે છે. સંસ્કારયુક્ત અન્ન રાખવા માટે પાત્રોને સંસ્કારયુક્ત બનાવવા પૂજનકાર્ય કરવામાં આવે છે.

ચટાડવા માટે શક્ય હોય ત્યાં સુધી ચાંદીની ચમચી રાખવામાં આવે છે. ચાંદી શુભ છે, નિર્વિકારિતાનું પ્રતીક છે. તે જલદી વિકારગ્રસ્ત નથી થતી. આવાં જ માધ્યમોથી બાળકને આહાર આપવો જોઈએ.

**ક્રિયા અને ભાવના :** મંત્રોચ્ચારની સાથે માતા કે પિતા પાત્રો પર ચંદન અથવા કંકુથી સ્વસ્તિક બનાવીને તેના પર અક્ષતપુષ્પ ચઢાવે.

ભાવના કરે કે પવિત્ર વાતાવરણના પ્રભાવથી પાત્રોમાં દિવ્યતાની સ્થાપના કરવામાં આવી રહી છે. તે બાળક માટે રાખવામાં આવેલા અન્નમાં દિવ્યતા પેદા કરશે, બાળકનું રક્ષણ કરશે.

**ૐ હિરણ્મયેન પાત્રેણ, સત્યસ્યાપિહિતં મુખમ્ ।**
**તત્ત્વં પૂષન્નપાવૃણુ, સત્યધર્માય દૃષ્ટયે ॥ - ઈશ. ઉ. ૧૫**

## ॥ અન્ન સંસ્કાર ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** શિશુને પેય પદાર્થમાંથી અન્ન પર લાવતા પહેલાં લેહ્ય એટલે કે ચાટવા યોગ્ય ખીર આપવામાં આવે છે. આ પેય અને ખાદ્ય વચ્ચેની સ્થિતિ છે, અર્થાત્ એની ઉંમર, પાચનશકિત તથા જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જ આહારની પસંદગી કરવી જોઈએ. જે હોય તે ખવડાવતા રહેવું યોગ્ય નથી.

ખીરની સાથે મધ, ઘી, તુલસીદલ તથા ગંગાજળ ભેળવવામાં આવે છે. આ બધાં પૌષ્ટિક, રોગનાશક, પવિત્ર તથા આધ્યાત્મિક ગુણો વધારનારાં છે. વિશેષ રૂપે ખીર સુપાચ્ય તથા સમતોલ આહાર છે. મધ-મધુરતા, ઘી-સ્નેહ, તુલસી-વિકારનાશક તથા ગંગાજળ પવિત્રતાનું પ્રતીક છે. આહારમાં બધા સુસંસ્કારો જાગૃત કરવા જોઈએ. પાત્રમાં બધી વસ્તુઓ મંત્રોચ્ચાર સાથે ભેળવવામાં આવે છે. ભોજન સિદ્ધ કરતી વખતે અર્થાત્ રાંધતી વખતે એમાં સદ્ભાવ, સદ્વિચાર અને શ્રેષ્ઠ સંકલ્પોનો સમાવેશ કરાવવો જોઈએ. અન્ન-જળમાં ભાવનાઓને ગ્રહણ કરવાની પૂરતી ક્ષમતા હોય છે. તેથી ભોજન રાંધતી વખતે તથા પીરસતી વખતે મન પ્રસન્ન રાખવું જોઈએ તથા મનમાં ઈશ્વર પ્રત્યેના સમર્પણની ભાવના રાખવી જોઈએ.

અન્નપ્રાશન માટે મુખ્ય પાત્રમાંથી જરૂર પ્રમાણે બધી વસ્તુઓ લેવામાં આવે છે. એની પાછળની ભાવના એ છે કે પોતાની જરૂરિયાત પ્રમાણે જ પદાર્થ લેવો જોઈએ. વધારે ખાવાથી પેટ બગડે છે અને છાંડવાથી અન્નનો તિરસ્કાર થાય છે. બંને સ્થિતિથી દૂર રહીને યોગ્ય

માત્રામાં જ ભોજન લેવું જોઈએ.

**ક્રિયા અને ભાવના :** નીચેના મંત્રોના ઉચ્ચારણ સાથે અન્નપ્રાશન માટે રાખવામાં આવેલા પાત્રમાં એક એક કરીને બધી વસ્તુઓ ભાવનાપૂર્વક નાખવી જોઈએ. પાત્રમાં ખીર નાખો. એની માત્રા એટલી રાખવી કે પાંચ આહુતિઓ આપ્યા પછી પણ બાળકને ચટાડવા માટે થોડીક વધે. ભાવના કરવી કે આ અન્ન દિવ્ય સંસ્કારોને ગ્રહણ કરીને બાળકમાં એ દિવ્યતાની સ્થાપના કરશે.

**ૐ પયઃ પૃથિવ્યાં પયઽઓષધીષુ, પયો દિવ્યન્તરિક્ષે પયોધાઃ । પયસ્વતીઃ પ્રદિશઃ સન્તુ મહ્યમ્ ॥** – યજુ. ૧૮.૩૬

પાત્રની ખીરમાં થોડું મધ ભેળવો. ભાવના કરો કે આ મધ એને સ્વાદિષ્ટ બનાવવાની સાથે સાથે એમાં મધુરતાના સંસ્કાર પેદા કરી રહ્યું છે. એનાથી બાળકના આચરણ, વાણી, વ્યવહાર બધામાં મધુરતા વધશે.

**ૐ મધુવાતા ઋતાયતે, મધુક્ષરન્તિ સિન્ધવઃ । માધ્વીર્નઃ સન્ત્વોષધીઃ । ૐ મધુ નક્તમુતોષસો, મધુમત્પાર્થિવ ૹ રજઃ । મધુદ્યૌરસ્તુ નઃ પિતા । ૐ મધુમાન્નો વનસ્પતિર્, મધુમાં(૨)ઽઅસ્તુ સૂર્યઃ । માધ્વીર્ગાવો ભવન્તુ નઃ ।** -૧૩.૨૭-૨૯

પાત્રમાં થોડું ઘી નાખો તથા મંત્રની સાથે ભેળવો. આ ઘી લૂખાપણું દૂર કરીને સ્નિગ્ધતા પ્રદાન કરશે. આ પદાર્થ બાળકની અંદરની શુષ્કતા દૂર કરીને એના જીવનમાં સ્નેહ તથા સ્નિગ્ધતાનો સંચાર કરશે.

**ૐ ઘૃતં ઘૃતપાવાનઃ, પિબત વસાં વસાપાવાનઃ । પિબતાન્તરિક્ષસ્ય હવિરસિ સ્વાહા । દિશઃ પ્રદિશઽઆદિશો વિદિશઽ, ઉદ્દિશો દિગ્ભ્યઃ સ્વાહા ॥** – ૬.૧૯

પાત્રમાં તુલસીપત્રના ટુકડા મંત્રની સાથે નાખો. આ ઔષધિ માત્ર શારીરિક જ નહિ, આધિદૈવિક-આધ્યાત્મિક રોગોનું શમન કરવામાં પણ સક્ષમ છે. તે પોતાની જેમ ઈશ્વરને સમર્પિત થવાના સંસ્કાર બાળકને પ્રદાન કરશે.

**ॐ या ओषधीः पूर्वा जाता, देवेभ्यस्त्रियुगं पुरा ।**
**मनै नु बभ्रूणामह ँ्ँ, शतं धामानि सप्त च ॥ -१२.७५**

ગંગાજળનાં થોડાંક ટીપાં પાત્રમાં નાખીને હલાવો. પતિત પાવની ગંગા ખોરાકની પાપવૃત્તિઓ દૂર કરીને એમાં પુણ્ય વધારવાના સંસ્કાર પેદા કરી રહી છે. આવી ભાવના સાથે બરાબર હલાવીને બધું એક કરી દો. આ બધી વસ્તુઓ એક થઈને બાળકને જુદા જુદા શ્રેષ્ઠ સંસ્કારો, એક સમગ્ર વ્યકિતત્વ પ્રદાન કરી રહી છે.

**ॐ पंच नद्यः सरस्वतीमु, अपि यन्ति सस्रोतसः ।**
**सरस्वती तु पंचधा, सो देशेऽभवत्सरित् ॥ - ३४.११**

પછી તે મિશ્રણ પૂજનવેદી પર સંસ્કારિત થવા માટે મૂકી દેવું. ત્યાર પછી અગ્નિસ્થાપનથી ગાયત્રી મંત્રની આહુતિઓ સુધીનો ક્રમ પૂરો કરવો.

## ॥ વિશેષ આહુતિ ॥

ગાયત્રી મંત્રની આહુતિઓ પૂરી થઈ ગયા પછી તૈયાર કરવામાં આવેલી ખીરની પાંચ વિશેષ આહુતિઓ નીચે લખેલા મંત્રથી આપવી. ભાવના કરવી કે આ ખીર યજ્ઞ ભગવાનનો પ્રસાદ બની રહી છે.

**ॐ देवीं वाचमजनयन्त देवाः, तां विश्वरूपाः पशवो वदन्ति ।**
**सा नो मन्द्रेषमूर्जं दुहाना, धेनुर्वागस्मानुप सुष्टुतैतु स्वाहा ।**
**इदं वाचे इदं न मम । - ऋ ८.१००.११**

## ॥ અન્નપ્રાશન ॥

આહુતિઓ પૂરી થઈ ગયા પછી વધેલી ખીર બાળકને ખવડાવવી.

**શિક્ષણ અને પ્રેરણા** : "જેવું અન્ન તેવું મન" તથા "આહાર શુદ્ધૌ સત્ત્વશુદ્ધિઃ" શાસ્ત્રવચન વિજ્ઞજનો જાણે છે. તેથી અન્નને સંસ્કારિત કરીને આપવું જરૂરી છે.

અન્નમાં રૂપ, રંગ, સ્વાદ, ગુણધર્મ વગેરે જુદાં જુદાં હોય છે. યજ્ઞીય ભાવના દ્વારા એના સંસ્કારોની શુદ્ધિ, નવીનીકરણ કરવું શકય છે. તેથી જ યજ્ઞમાંથી વધેલા અન્ન દ્વારા જ અન્નપ્રાશન કરાવવામાં આવે

છે. આ તો માત્ર એક સંકેત છે. ખરેખર તો આ ક્રમ જીવનભર ચાલવો જોઈએ. બલિવૈશ્વ તથા ભગવાનને ભોગ ધરાવીને પછી જ ભોજન કરવાની પરંપરા એટલા માટે જ બનાવવામાં આવી હતી.

ગીતામાં કહ્યું છે કે "યજ્ઞમાંથી વધેલું અન્ન ખાનારને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. આવું ન કરનારને તો આ જીવનમાં પણ સદ્‌ગતિ મળતી નથી. તો પછી આગળની તો વાત જ શું કરવી ?" આનો અર્થ એ જ છે કે જે અન્ન ખાઓ તે સંસ્કારયુકત હોવું જોઈએ. બાળકો માટે સ્વાદિષ્ટ તથા સ્વાસ્થ્યવર્ધક આહારની જેમ જ એને સુસંસ્કારવાન અન્ન જ ખવડાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

યજ્ઞમાંથી વધેલું અન્ન જ ખાવું જોઈએ. આ તથ્યને બાળકના મોંમા પ્રથમ કોળિયો મૂકતા પહેલાં જ સમજાવવામાં આવે છે. પોતાની કમાણીમાંથી પ્રથમ સામાજિક ઉત્કર્ષની આવશ્યકતા પૂરી કરવી જોઈએ. પહેલાં પોતાની કમાણીનો ઉપયોગ પોતાના કરતાં પણ પછાત અને દુઃખી લોકોને પ્રકાશ પહોંચાડવા માટે કરવો જોઈએ. પોતાનો ખર્ચ કાઢ્યા પછી જો પૈસા વધે તો કોઈ શુભકાર્ય માટે આપીશું એવું વિચારવું ધર્મની વિરુદ્ધ છે. માનવતાનો અર્થ એ છે કે પહેલાં લોકકલ્યાણની વાત વિચારવી જોઈએ. દાન કરવું તેનો અર્થ કોઈની પર અહેસાન કરીએ છીએ એવો નથી, પરંતુ તે ધર્મની 'એકસાઈજ ડ્યુટી' છે. ઉત્પાદન કર ચૂકવ્યા વગર જે રીતે માલ ફેકટરીમાંથી બહાર નીકળી શકતો નથી, એવી રીતે ધર્મ માટે, લોકકલ્યાણ માટે જરૂરી યોગદાન આપ્યા વગર શરીર, મન અને ધન અશુદ્ધ બની રહે છે. આવા અયોગ્ય ઉપયોગને ધર્મવિરુદ્ધ માનવામાં આવ્યો છે. કાયદામાં ભલે એના માટે કોઈ દંડની જોગવાઈ ન હોય, પરંતુ ઈશ્વરીય વ્યવસ્થામાં તે દંડનીય છે.

ખીર ખવડાવવામાં આ તથ્ય તરફ દરેક માતાપિતાનું ધ્યાન ખેંચવામાં આવે છે કે તેઓ વધારે પ્રમાણમાં તથા અયોગ્ય ભોજનના જોખમને સમજે અને બાળકને કોઈપણ વસ્તુ ખવડાવતી વખતે આ બાબતની પૂરતી કાળજી રાખે. બાળકને ભોજન કરાવવાની જવાબદારી અમુક જ વ્યકિતએ સંભાળવી જોઈએ. જેને જે ફાવે તે બાળકને

ખવડાવ્યા ન કરે. આ બાબત બાળકની જીવનરક્ષા માટે ખૂબ મહત્ત્વની છે. આ માટે આખા ઘરનું વાતાવરણ બદલવું પડશે. મરચું-મસાલા ખાઈને તથા ચાકોફી પીને બાળકો પોતાનાં આંતરડાં તથા રકતને ખરાબ ન કરે એ માટે ઘરમાં દરેકે આવી વસ્તુઓનો ઉપયોગ જ ન કરવો જોઈએ. નહિ તો બીજાઓનું જોઈને બાળકો પણ એ વસ્તુઓનો ઉપયોગ કરતાં થઈ જશે.

**ક્રિયા અને ભાવના :** મંત્રની સાથે ચમચીથી થોડીક ખીર બાળકને ખવડાવવી. ભાવના કરવી કે તે યજ્ઞમાંથી વધેલી ખીર અમૃત જેવા ગુણોથી યુકત છે અને બાળકના શારીરિક સ્વાસ્થ્ય, માનસિક, સંતુલન, વૈચારિક ઉત્કૃષ્ટતા તથા ચારિત્ર્યિક પ્રામાણિકતામાં વધારો કરશે.

**ૐ અન્નપતેઽન્નસ્ય નો, દેહ્યનમીવસ્ય શુષ્મિણઃ ।**
**પ્રપ્રદાતારં તારિષઽઊર્જં, નો ધેહિ દ્વિપદે ચતુષ્પદે ॥ -૧૧.૮૩**

ત્યાર પછી સ્વિષ્ટકૃત હોમથી વિસર્જન સુધીનો ક્રમ પૂરો કરવો. વિસર્જન કરતા પહેલાં બધા લોકોએ બાળકને આશીર્વાદ આપવા.

## ॥ મુંડન (ચૂડાકર્મ) સંસ્કાર ॥

**સંસ્કાર પ્રયોજન :** આ સંસ્કારમાં બાળકના વાળ પહેલીવાર ઉતારવામાં આવે છે. લોકરિવાજ એવો છે કે બાળક એક વર્ષનું થાય ત્યાં સુધીમાં અથવા બે વર્ષ પૂરાં થઈને ત્રીજું બેસે ત્યારે તેના મુંડન સંસ્કાર કરાવવા.

આ સંસ્કાર એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કે માનસિક વિકાસ તથા સંરક્ષણ પર આ વખતે વિશેષ વિચાર કરવામાં આવે છે અને એ કાર્યક્રમને શિશુપોષણ સાથે જોડી દેવામાં આવે છે કે જેથી તેનો માનસિક વિકાસ વ્યવસ્થિત રૂપે શરૂ થાય. ચોરાસી લાખ યોનિઓમાં ભ્રમણ કરતા રહેવાના કારણે મનુષ્ય એવા કેટલાક પાશવી સંસ્કાર, વિચાર, મનોભાવ પોતાની સાથે લઈને આવે છે કે જે માનવજીવનમાં અયોગ્ય અને અનિચ્છનીય માનવામાં આવે છે. એ દૂર કરીને એના

બદલે માનવીય આદર્શોની સ્થાપના કરવાનું કાર્ય એટલું મહાન અને જરૂરી છે કે જો તે ન થઈ શકે તો એમ કહેવું જોઈએ કે આકૃતિ જ માત્ર મનુષ્યની છે,જ્યારે પ્રવૃત્તિ તો પશુ જેવી છે. એવા નરપશુઓની આ સંસારમાં કોઈ ખોટ નથી કે જેઓ બોલેચાલે છે તો માણસની જેમ જ, પરંતુ એમના આદર્શ અને મનોભાવો પશુઓ જેવા હોય છે. ઈશ્વરની અનુપમ દેન એવા માનવજીવનને વેડફી નાખનારા આ લોકોને અભાગિયા જ કહેવા પડે.

જીવ સાપની યોનિમાં રહીને ખૂબ ક્રોધી હોય છે. પોતાના દરની આસપાસ થઈને કોઈને નીકળતાં જુએ તો એની પર આક્રમણ કરીને એનો જીવ પણ લઈ લે છે. કેટલાય લોકો પણ આ ક્રૂર સંસ્કારોને ધારણ કરે છે અને નજીવું કારણ હોવા છતાંય એટલા બધા ગુસ્સે થઈ જાય છે કે કેટલીકવાર સામા માણસનો જીવ પણ લઈ લે છે. જે જીવોમાં ભૂંડની યોનિના સંસ્કાર ટકી રહ્યા છે તેમને અભક્ષ્ય ખાવામાં કોઈ સંકોચ થતો નથી. મળમૂત્ર, રક્ત, માંસ ગમે તે તેઓ રુચિપૂર્વક ખાય છે, જ્યારે ફળ, મેવો, દૂધ, ઘી જેવા સાત્ત્વિક પદાર્થોની ઉપેક્ષા કરે છે. એમને પેલા ગંદા અભક્ષ્ય પદાર્થોથી જ તૃપ્તિ થાય છે. કૂતરાની જેમ પૂંછડી પટપટાવતા, દીપડા જેવા નિષ્ઠુર, શિયાળ જેવા ચંચળ, જળો જેવા લોહીના તરસ્યા, કાગડા જેવા ચાલાક, મધમાખો જેવા જમાખોર, વીંછી જેવા દુષ્ટ, ગરોળી જેવા હલકા મનુષ્યો અનેક હોય છે. ગમે તેનું ખેતર ચરી જવામાં સંકોચ ન હોય એવા સાંઢની આ જગતમાં કોઈ કમી નથી. જેમણે કામુકતાના આવેગમાં લાજમર્યાદા છોડી દીધાં હોય એવા શ્વાનપ્રકૃતિના લોકોની કમી નથી. બીજાના માળામાં પોતાનાં ઈંડાં સેવવા માટે મૂકી જનારી હરામખોર કોયલો ઓછી નથી, કે જેઓ એશઆરામ માટે પોતાનાં બાળઉછેર જેવાં મહત્ત્વપૂર્ણ કર્તવ્યોને ભૂલી જઈને બીજાઓનું મનોરંજન કરવા માટે આમ્રકુંજોમાં ગાતી-નાચતી ફરે છે. માનવસમાજમાં એવા લોભી અને સ્વાર્થી ભમરા ઓછા નથી કે જેઓ ફૂલ કરમાઈ જતાં પોતાનું મોં ફેરવી લે છે. શાહમૃગની જેમ ટૂંકી બુદ્ધિવાળા, પાડા જેવા આળસુ, માંકડ અને મચ્છરોની જેમ બીજાનું

લોહી ચૂસનાર તથા પરપીડક અને માખો તથા કરોળિયા જેવા નકામા મનુષ્યોની આ જગતમાં કોઈ ખોટ નથી.

આવી પ્રકૃતિ અને પ્રવૃત્તિ જો મનુષ્યોમાં પણ રહે તો તેમને માનવજન્મ મળ્યો તે નિરર્થક જ નહિ, પરંતુ માનવતાને કલંક લગાડનાર જ કહેવાશે. સમજદાર લોકો હંમેશાં એ ધ્યાન રાખે છે કે એમણે ઊછેરેલાં સંતાન આવાં ન બને. સંસ્કારોની સ્થાપના બચપણમાં જ કરી શકાય છે. તેથી આપણને આપણાં માતાપિતાની એવી મદદ ન મળી હોય અને માનવોચિત વિકાસ કરવાનો અવસર ભલે ન મળ્યો હોય, પણ આપણાં બાળકોની બાબતમાં તો એવી ભૂલ ન જ કરવી જોઈએ. એમને તો કોઈ પણ ભોગે સુસંસ્કારી બનાવવાં જ જોઈએ. મુંડન સંસ્કારના માધ્યમથી પોતાના બાળક માટે એનાં માતાપિતા તથા વડીલોએ એવી યોજના બનાવવી જોઈએ કે જેથી એને પાશવી સંસ્કારોમાંથી મુકત કરી શકાય તથા એનામાં માનવીય આદર્શોનું સિંચન કરી શકાય.

મુંડન સંસ્કાર કોઈ દેવમંદિર કે તીર્થસ્થળે એટલા માટે કરાવવામાં આવે છે કે ત્યાંના દિવ્ય વાતાવરણનો લાભ મળી શકે. યજ્ઞ જેવાં ધાર્મિક કર્મકાંડો દ્વારા આવાં શુભકાર્યો માટે દૈવીશકિતઓનો સહયોગ પ્રાપ્ત કરી શકાય છે.

**વિશેષ વ્યવસ્થા :** આ સંસ્કાર માટે સામાન્ય વ્યવસ્થા ઉપરાંત નીચેની તૈયારી રાખવી.

(૧) મસ્તકલેપન માટે જો શકય હોય તો ગાયનું દૂધ તથા દહીં પચાસ-પચાસ ગ્રામ જેટલું.

(૨) નાડાછડીના છ છ ઈંચના ત્રણ ટુકડા, એમની વચ્ચે દર્ભના નાના નાના ટુકડા બાંધવા.

(૩) શાખાએ આ માટે એક કાતર તથા અસ્ત્રો રાખવાં જોઈએ. એમનું પૂજન કરીને વાળંદ પાસે વાળ ઉતરાવવા જોઈએ.

(૪) મુંડન પછી બાળકને પહેરવા એક જોડ નવાં કપડાં.

(૫) વાળ એકઠા કરવા બાંધેલો લોટ અથવા છાણ રાખવું.

**વિશેષ કર્મકાંડ :** બાળક અને એનાં માતાપિતાનું મંગલાચરણથી સ્વાગત કરીને રક્ષાવિધાન સુધીનો ક્રમ પૂરો કરવો ત્યારબાદ નીચે પ્રમાણેનાં વિશેષ કર્મકાંડ કરાવવાં.

## ॥ મસ્તકલેપન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** બાળકના વાળને ગાયનું દૂધ, દહીં તથા ઘીમાં પાણી ભેળવીને પલાળવા. ગૌમાતા કલ્યાણ કરનારી, પરોપકારી તથા સરળ, સૌમ્ય પ્રકૃતિવાળી હોય છે. એના દૂધ, દહીં વગેરે પણ સૌમ્ય પ્રકૃતિનાં હોય છે. એમનાથી વાળ પલાળવાનો અર્થ એ છે કે આપણી પ્રકૃતિ, આપણા વિચાર ગોરસ જેવા સૌમ્ય, સરળ અને સ્નિગ્ધ હોવા જોઈએ. ઘીને સ્નેહ કહે છે. સ્નેહનું બીજું નામ પ્રેમ છે. આમ તો દૂધ, દહીં, ઘી ત્રણેય સ્નેહયુક્ત હોય છે. એનાથી વાળ પલાળવાનો અર્થ એ છે કે આપણે જે કાંઈ વિચારીએ તેની પાછળ સ્નેહની ભાવના હોવી જોઈએ.

મસ્તકલેપન કરાવવાનું કારણ એ છે કે બાળકનો માનસિક વિકાસ શુષ્ક, સંકુચિત તથા અનૈતિક દિશામાં ન થાય. એનું વલણ ગોરસ જેવું, ગાય જેવું સૌમ્ય રહે. ગાય પોતાનું દૂધ, દહીં, ઘી, છાણ, ચામડું, અસ્થિ વગેરેનો બીજાઓ માટે ત્યાગ કરે છે. એવી રીતે આપણે પણ માત્ર આપણા પોતાના તથા પરિવારના માટે જ ના જીવીએ. આપણામાં ગાય જેવી ત્યાગભાવના તથા ઉદારતા આવવી જોઈએ. લૂખા વાળને ગોરસથી પલાળવાનો અર્થ એ છે બાળકમાં સહૃદયતા, કરુણા, મૈત્રી, ભાવુકતા, પ્રેમ તથા ઉદારતા જેવી આર્દ્રતા રહે. બાળકની પ્રકૃતિ શ્રેષ્ઠ બને તે માટે માતાપિતા તથા વડીલોએ એવું શ્રેષ્ઠ વાતાવરણ બનાવવું પડે છે.

**ક્રિયા અને ભાવના :** મંત્ર સાથે માતાપિતા ગોરસથી બાળકના વાળ ભીના કરે. જો ઠંડી બહુ હોય તો ઓછા પલાળવા.

ભાવના કરવી કે મસ્તિષ્કના આ દિવ્ય ઉપચારથી, ગૌદ્રવ્યોના માધ્યમથી બાળકના મસ્તિષ્કમાં શુભ દેવશક્તિઓ અને દેવવૃત્તિઓની સ્થાપના કરવામાં આવી રહી છે. અશુભ તત્ત્વોને સ્નેહ, પ્રેમની મદદથી દૂર કરવાં જોઈએ.

ॐ सविता प्रसूता दैव्या, आपउदन्तु ते तनूम् ।
दीर्घायुत्वाय वर्चसे । - પાર ગૃ સૂ ૨૧.૯

## ॥ ત્રિશિખા બંધન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** મનુષ્યનું મગજ પોતે જ એક ચમત્કાર છે. એમાં અનેક અદ્ભુત શકિતશાળી કેન્દ્રો છે. એ કેન્દ્રોને ત્રણ મુખ્ય વર્ગોમાં વહેંચી શકાય છે.

**(૧) નિર્માણપરક કેન્દ્રો :** જે કાયામાં ચાલતી નિર્માણપ્રક્રિયાનું નિયંત્રણ તથા સંચાલન કરે છે.

**(૨) પોષણપરક કેન્દ્રો :** જે શરીરમાં ચાલતી પુષ્ટિ, પોષણ, સ્વાસ્થ્ય તથા આરોગ્ય સંબંધી પ્રક્રિયાઓનું સંચાલન કરે છે.

**(૩) નિયંત્રણપરક કેન્દ્રો :** જે વિકારોને બહાર કાઢવાનું, પરિવર્તન અને વિકાસના ક્રમનું નિયંત્રણ કરે છે.

આ કેન્દ્રો ક્રમશઃ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રનું કામ કરે છે. આ કેન્દ્રોને એમના અધિષ્ઠાતા દેવોની સાક્ષીમાં શુદ્ધ અને વિકસિત કરવામાં આવે છે. તેથી માથાના વાળને ત્રણ ભાગોમાં વહેંચીને એમને દર્ભ બાંધેલી નાડાછડીથી ત્રણ ગુચ્છમાં બાંધવામાં આવે છે. એક ગુચ્છ મસ્તકના આગળના ભાગમાં, પાછળ જમણી બાજુ બીજો અને ડાબી બાજુ ત્રીજો. પાછળના જમણા ગુચ્છને બ્રહ્મગ્રંથિ, પાછળના ડાબા ગુચ્છને વિષ્ણુગ્રંથિ તથા આગળના ગુચ્છને રુદ્રગ્રંથિ કહે છે.

કુશ-દર્ભ પવિત્રતા તથા તેજસ્વિતાનું પ્રતીક છે. મસ્તકનાં જુદાં જુદાં કેન્દ્રોમાંથી કુસંસ્કારો દૂર કરવા તથા શુભ સંસ્કારોના જાગરણ માટે મંગલ કામના, પવિત્રતા તથા તેજસ્વી પ્રક્રિયાનો ત્રિવેણી સંગમ કરવો પડે છે.

**ક્રિયા અને ભાવના :** મંત્રો સાથે જે તે કેન્દ્રના વાળને નાડાછડીથી બાંધવા અને એને અનુરૂપ ભાવના કરવી.

**બ્રહ્મગ્રંથિ બધન :** માથાના પાછળના ભાગમાં જમણી બાજુના વાળને નાડાછડીથી બાંધવા. ભાવના કરવી કે મસ્તકની રચનાશકિતના

પ્રતીક એવા બ્રહ્માજીની શકિતથી દેવોની સાક્ષીમાં મસ્તકને પ્રતિબદ્ધ કરવામાં આવી રહ્યું છે. હવે આસુરી શકિતઓ આ મસ્તકનો ઉપયોગ નહિ કરી શકે. તે એમનું સાધન નહિ બને. દેવત્વની મર્યાદામાં જ એનો વિકાસ અને સંચાલન થશે.

**ૐ બ્રહ્મજજ્ઞાનં પ્રથમં પુરસ્તાદ્દ, વિસીમતઃ સુરુચો વેનઽઆવઃ । સબુધ્ન્યા ઽ ઉપમા ઽ અસ્યવિષ્ઠાઃ, સતશ્ચ યોનિમસતશ્ચ-વિવઃ**

- ૧૩.૩

**વિષ્ણુગ્રંથિ બંધન :** મસ્તકના પાછળના ડાબા ભાગના વાળને નાડાછડીથી બાંધવા. ભાવના કરવી કે મસ્તકનું પોષણ અને સંચાલન કરનારાં કેન્દ્રો ભગવાન વિષ્ણુની શકિતથી પ્રતિબદ્ધ થઈ રહ્યાં છે. એમની પર અસુરત્વનું શાસન નહિ ચાલે. દેવમર્યાદાથી નિયંત્રિત આ કેન્દ્રો સત્પ્રવૃત્તિઓને જ પોષણ આપશે.

**ૐ ઈદં વિષ્ણુર્વિચક્રમે, ત્રેધા નિદધે પદમ્ । સમૂઢમસ્ય પાઁસુરે સ્વાહા ।** - ૫.૧૫

**રુદ્રગ્રંથિ બંધન :** માથાના આગળના ભાગના વાળને નાડાછડીથી બાંધવા. ભાવના કરો કે રુદ્ર-શિવની શકિત આ ક્ષેત્ર પર પોતાનું આધિપત્ય જમાવી રહી છે. હવે આસુરી તત્ત્વોનું કાંઈ નહિ ચાલે. રુદ્રની શકિત વિકારોને બાળી નાખશે અને ઈશ્વરીય મર્યાદાને અનુકૂળ કલ્યાણકારી અનુશાસન લાગુ પાડશે.

**ૐ નમસ્તે રુદ્ર મન્યવઽ, ઉતો તઽઈષવે નમઃ । બાહુભ્યામુત તે નમઃ ।** - ૧૬.૧

## ॥ અસ્ત્રાનું પૂજન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** જે અસ્ત્રાથી વાળંદ મુંડન કરે તે માત્ર આ જ પ્રયોજનમાં વપરાતો હોવો જોઈએ. એક સારી કાતર તથા સારો અસ્ત્રો શાખાએ જ પોતાની પાસે રાખવો. એના દ્વારા જ મુંડન સંસ્કાર કરાવવા. પ્રાચીનકાળમાં પહેલીવાર વાળ ઉતારવાનું કામ પુરોહિતો જ કરતા હતા. આજે એમને આ કામ આવડતું નથી. તેથી એ વાળંદ પાસે કરાવી શકાય.

ઉપયોગ કરતા પહેલાં સાધનો ગરમ પાણીથી સારી રીતે સાફ કરી લેવાં જોઈએ. તેમને એક થાળી કે ડીશમાં પૂજન માટે મૂકવાં. માતાપિતા બંને અક્ષત, પુષ્પ, કંકુ, ધૂપ, દીપથી તેમનું પૂજન કરે અને નાડાછડી બાંધે. એમનું પૂજન કરવાનો હેતુ એ છે કે એ લોખંડનાં માત્ર સામાન્ય ઉપકરણ ન રહેતાં મંત્રશકિતથી સંપન્ન બનીને મસ્તકના કુસંસ્કારોને દૂર કરીને એમાં સુસંસ્કારોની સ્થાપના કરશે.

જન્મના વાળ સામાન્ય સંસ્કારવાળા હોય છે. એમને ઉતારીને એ જગ્યાએ નવા વાળ ઊગવા જોઈએ કે જે ઉત્કૃષ્ટ ભાવના લઈને આવે. જન્મના વાળને પાછલા જન્મના કુસંસ્કારોનું પ્રતીક માનવામાં આવ્યા છે. આ વાળને કાપવાનો અર્થ પાછલા જન્મોના પાશવી સંસ્કારોને કાપી નાખવાનો છે. કુવિચારોનું શમન એમના વિરોધી તીવ્ર શકિતશાળી વિચારોથી થાય છે. અસ્ત્રો એ પ્રખર વિચારોનું પ્રતીક છે, જે પાશવી વિચારોને કાપી નાખીને પોતાના જેવા તેજસ્વી વિચારોની સ્થાપના કરી શકે. અસ્ત્રાનું પૂજન કરવાનો અર્થ છે એવા ઉત્કૃષ્ટ વિચારોનું શ્રદ્ધાપૂર્વક આવાહન તથા અભિવાદન કરવું કે જે મનમાં જાગેલા આસુરી સંસ્કારોને કાપી નાખે. શરૂઆતના વાળને આ ભાવના સાથે કાપવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** થાળીમાં રાખેલાં કાતર તથા અસ્ત્રાની પૂજા માતાપિતાએ મંત્રોચ્ચાર સાથે કરવી. તેઓ ભાવના કરે કે બાળકના કુવિચારોને કાપવા માટે ધારદાર અસ્ત્રારૂપી સદ્‌વિચારોની અભ્યર્થના કરી રહ્યાં છીએ. દેવશકિતઓ એમાં સહાય કરશે.

**ૐ યત્ ક્ષુરેણ મજ્જયતા સુપેશસા, વપ્તા વા વપતિ કેશાન્ ।**
**છિન્ધિ શિરો માસ્યાયુઃ પ્રમોષીઃ ।** – પા.ગૃ.સૂ. ૨।૧।૧૮

## ॥ ત્રિશિખાકર્તન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** બાળકના મસ્તકનાં જુદાં જુદાં કેન્દ્રોનું ગ્રંથિબંધન દેવશકિતઓના આવાહન સાથે કરવામાં આવ્યું. તેથી એ મર્યાદામાં રહેવાની અને એ દિશામાં આગળ વધવાની વ્યવસ્થા કરવી પડે છે. આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે બાળકના કુસંસ્કારોને, દુષ્પ્રવૃત્તિઓને કાપી નાખવી પડે છે. માળીએ બગીચાના છોડવાઓની કાટછાંટ કરવી

પડે છે. આ જ ઉદ્દેશ્ય કેશકર્તન વખતે ધ્યાનમાં રાખવો જોઈએ.

બ્રહ્મગ્રંથિ કાપવાનું તાત્પર્ય એ છે કે મસ્તકમાં દ્વેષ, ઈર્ષ્યા તથા દુર્ભાવનાના આધારે બીજાને પાડવા માટેની વિધ્વંસક યોજના ન બનાવવા દેવી. એવી પ્રકૃતિનું છેદન કરવું. પોતાના વિકાસ અને નિર્માણની યોજનાઓ ઘડવી.

વિષ્ણુગ્રંથિ કાપવાનો હેતુ એ છે કે અંતરમાં ઊઠતી હીન આકાંક્ષાઓનું પાલન ન થવા દેવું. મસ્તક આપણી નહિ, પણ પ્રભુની સંપત્તિ છે. તેથી સ્વાર્થી આકાંક્ષાઓના પોષણની એને છૂટ નથી. એમને કાપી નાખવી જોઈએ. ઈશ્વરાભિમુખ ઈચ્છાઓને જ પોષણ મળતું રહેશે.

રુદ્રગ્રંથિ કાપવાનો અર્થ એ છે કે ઈશ્વરીય માર્ગે આગળ વધવામાં જે તત્ત્વો અવરોધરૂપ બને તેમને કાપી નાખવાં જોઈએ. આપણા અશિવ વિચારો તથા ભાવનાઓને દૂર કરી શિવત્વની સ્થાપના કરવી.

**ક્રિયા અને ભાવના :** પુરોહિત પોતે મંત્રોના ઉચ્ચારણ સાથે કાતર વડે એક એક ગ્રંથિ કાપી નાખે.

બ્રહ્મગ્રંથિ કાપતી વખતે ભાવના કરવી કે નિર્માણની શકિત વિનાશક પ્રવૃત્તિઓને કાપી રહી છે. હવે આ મસ્તકમાં ફકત રચનાત્મક પ્રવૃત્તિઓ અને વિચારોને જ સ્થાન મળશે.

**ૐ યેનાવપત્ સવિતા ક્ષુરેણ, સોમસ્ય રાજ્ઞો વરુણસ્ય વિદ્વાન્ ।**
**તેન બ્રહ્માણો વપતેદમસ્ય, ગોમાનશ્વવાનયમસ્તુ પ્રજાવાન્ ॥**

– અથર્વ. ૬.૬.૮.૩

વિષ્ણુગ્રંથિ કાપતી વખતે ભાવના કરવી કે ભગવાન વિષ્ણુની શકિત પોતાની વિરોધી પ્રવૃત્તિઓને નિર્મૂળ કરી રહી છે. મસ્તક હવે શ્રેષ્ઠ વિચારોને જ પોષણ આપશે.

**ૐ યેન ધાતાબૃહસ્પતેઃ, અગ્નેરિન્દ્રસ્ય ચાયુષેઽવપત્ । તેન ત ઽઆયુષે વપામિ, સુશ્લોક્યાય સ્વસ્તયે ।**

– આશ્વ. ગૃ. સૂ. ૧.૧૭.૧૨

રુદ્રગ્રંથિ કાપતી વખતે એવી ભાવના કરવી કે રુદ્ર, ત્રિપુરારિની

પ્રચંડ શકિત દુષ્પ્રવૃત્તિઓ પર પ્રચંડ પ્રહાર કરી રહી છે. હવે તેમનો નાશ થશે અને મસ્તકમાં દિવ્યદૃષ્ટિ, દિવ્ય અનુભૂતિની ક્ષમતાનો વિકાસ થશે.

**ૐ યેન ભૂયશ્ચ રાત્ર્યાં, જ્યોક્ ચ પશ્યાતિ સૂર્યમ્ । તેન તઽઆયુષે વપામિ, સુશ્લોક્યાય સ્વસ્તયે ।**

- આશ્વ. ગૃ.સૂ. ૧.૧૭.૧૨

## ॥ નવીનવસ્ત્ર પૂજન ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** નવાં વસ્ત્રો પહેરવાનો અર્થ છે નવું કલેવર ધારણ કરવું, જૂનું શરીર છોડીને નવું શરીર ધારણ કરવું. જેવી રીતે સાપ પોતાની કાંચળી ઉતારી નાખે છે એવી રીતે મુંડન વખતે માત્ર વાળ જ ઉતારવામાં આવતા નથી, પરંતુ જૂની કાંચળી ઉતારવામાં આવે છે. જૂનાં વસ્ત્રો ઉતારીને નવાં પહેરવામાં આવે છે. એ વસ્ત્રોમાં એક વસ્ત્ર પીળું હોવું જોઈએ. નવાં વસ્ત્રો ધારણ કરવાનો અર્થ એ છે કે શરીર સાથે વીંટળાયેલા જૂના, સડેલા સ્વભાવને બદલીને નવો, ત્યાગની ભાવનાવાળો ઉત્સાહી સ્વભાવ.ધારણ કરવામાં આવી રહ્યો છે.

**ક્રિયા અને ભાવના :** બાળકનાં વસ્ત્રો એક થાળીમાં મૂકીને મંત્રોચ્ચાર સાથે એમની પર અક્ષતપુષ્પ ચઢાવવાં. ભાવના કરવી કે પોતાના ગૌરવને અનુરૂપ વ્યકિતત્વ બનાવવાની શકિત ભગવાન પાસેથી મળી રહી છે.

**ૐ તસ્માદ્ યજ્ઞાત્સર્વહુતઽ, ઋચઃ સામાનિ જજ્ઞિરે ।**

**છન્દા ઇંઽસિ જજ્ઞિરે તસ્માદ્, યજુસ્તસ્માદજાયત ॥ -૩૧.૭**

વસ્ત્રપૂજન પછી અગ્નિસ્થાપન કરીને ગાયત્રી મંત્રની આહુતિ સુધીનો ક્રમ પૂરો કરવો. પછી વિશેષ આહુતિઓ આપવી.

## ॥ વિશેષ આહુતિ ॥

હવનસામગ્રીમાં થોડોક મેવો કે મિષ્ટાન્ન ભેળવીને નીચેના મંત્રથી પાંચ આહુતિઓ આપવી. ભાવના કરવી કે યજ્ઞની ઊર્જા અને ઉષ્મા બાળકમાં સુસંસ્કારોની સ્થાપના કરી રહી છે.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ । અગ્ન આયૂ ઇંઽષિ પવસ ઽ આ**

**સુવોર્જમિષં ચ નઃ । આરે બાધસ્વદુચ્છુના ૐ સ્વાહા । ઈદમ્ અગ્નયે ઈદં ન મમ ॥** - ૧૯.૩૮, ૩૫.૧૬

ત્યાર પછી યજ્ઞનો બાકીનો ક્રમ પૂરો કરવો. વિસર્જન ન કરવું. વાળંદ દ્વારા મુંડન કરેલા બાળકને સ્નાન કરાવીને ફરીથી યજ્ઞસ્થળે લાવવામાં આવે છે. શિખાપૂજન, સ્વસ્તિક લેખન અને આશીર્વાદ પછી વિસર્જન કરવામાં આવે છે. આ દરમ્યાન ગીતસંગીત યા ઉદ્‌બોધન ચાલુ રાખવાં.

## ॥ મુંડનકૃત્ય ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** યજ્ઞશાળાથી થોડે દૂર બેસાડીને બાળકનું મુંડન કરાવવું. મુંડનકાર્ય દરમ્યાન માતાપિતાએ માનસિક જાપ કરતા રહેવું. સાથે ભાવના કરવી કે એ જપની દિવ્યશકિત સદ્‌બુદ્ધિનો પ્રકાશ બનીને બાળકના મસ્તકમાં પ્રવેશી રહી છે. વાળને બાંધેલા લોટ યા છાણમાં ભેળવીને જમીનમાં દાટી દેવા જોઈએ કે જેથી આમતેમ ઊડીને ગંદકી ન ફેલાવે. બીજી ભાવના એ છે કે એ વાળ પણ છાણની જેમ ખાતર બની જાય. પશુઓના શરીરનું દરેક અંગ બીજાઓને કામ આવે છે. મનુષ્યે પણ પોતાને જે કાંઈ મળ્યું છે તેનો ઉપયોગ પરમાર્થ કાર્યોમાં કરવો જોઈએ.

**ક્રિયા અને ભાવના :** વાળંદ વાળ ઉતારવાનું શરૂ કરે ત્યારે નીચેનો મંત્ર બોલવો. માતા ગાયત્રી મંત્રના માનસિક જપ કરતી રહે. સાથે ભાવના કરવી કે જન્મના વાળ દૂર થવાની સાથે દિવ્યસત્તાના પ્રભાવથી બાળકના કુસંસ્કારો પણ દૂર થઈ રહ્યા છે.

**ૐ યેન પૂષા બૃહસ્પતેઃ, વાયોરિન્દ્રસ્ય ચાવપત્ । તેન તે વપામિ બ્રહ્મણા, જીવાતવે જીવનાય, દીર્ઘાયુષ્ટ્વાય વર્ચસે ।**

-મં. બ્રા. ૧.૬.૭

## ॥ શિખાપૂજન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** આ સંસ્કાર શિખાસ્થાપન સંસ્કાર પણ છે. ભારતીય ધર્મનાં બે મુખ્ય પ્રતીકો છે - શિખા અને સૂત્ર (જનોઈ).

મુસલમાનોમાં જેવી રીતે સુન્નત કરવાનું અને શીખોમાં કેશ રાખવાનું આવશ્યક માનવામાં આવે છે તેવી રીતે દરેક હિંદુએ પોતાના મસ્તક રૂપી કિલ્લા પર હિંદુ ધર્મની ધજા ફરકતી રાખવી જોઈએ. શિખા એ જ ધજા છે. વિવેકશીલતા અપનાવવી, મનમાં સદ્‌ભાવનાઓ રાખવી, અંતઃકરણમાં ઋતંભરા પ્રજ્ઞાના પ્રકાશને ધારણ કરવો એ શિખાનું પ્રયોજન છે.

**ક્રિયા અને ભાવના** : બાળકનાં માતાપિતા પાસે કંકુ, ચોખા, દ્વારા શિખાનું પૂજન કરાવવું. ભાવના કરવી કે આ બાળક ધ્વજાધારી સૈનિકની જેમ ગૌરવશાળી અને તેજસ્વી બનશે. ભારતીય સંસ્કૃતિને અનુરૂપ ઉચ્ચ લક્ષ્યને પ્રાપ્ત કરીને ગૌરવાન્વિત થશે.

**ૐ ચિદ્રૂપિણિ મહામાયે, દિવ્યતેજઃ સમન્વિતે ।**
**તિષ્ઠ દેવિ શિખામધ્યે, તેજોવૃદ્ધિં કુરુષ્વ મે ॥** – સં.પ્ર.

## ॥ સ્વસ્તિક લેખન ॥

**શિક્ષણ અને પ્રેરણા** : મુંડન કરેલા માથા પર ચંદન કે કંકુથી સ્વસ્તિક અથવા ૐ લખવામાં આવે છે. આચાર્ય કે બીજા કોઈ આદરણીય સજ્જન દ્વારા આ કાર્ય કરાવવું. એનાથી એમને પણ સન્માન મળે છે અને બાળકને પણ એમની સદ્‌ભાવનાનો લાભ મળે છે. આવાં અમુક કાર્યો હાજર રહેલા લોકોમાંથી આગેવાન કે આદરણીય સજ્જનો પાસે કરાવવાં જોઈએ. આમ કરવાથી આવાં કાર્યોમાં એમની રુચિ અને સદ્‌ભાવના વધે છે. જુદાં જુદાં કાર્યો માટે જુદી જુદી વ્યક્તિઓને લાભ આપવો. મુંડન સંસ્કારમાં વસ્ત્રધારણ, સ્વસ્તિક લેખન, મસ્તકલેપન, શિખાબંધન વગેરે કાર્યો જુદી જુદી વ્યક્તિઓ પાસે કરાવવામાં આવે તો ઉત્તમ. જો કે આમ તો તે કાર્યો માતાપિતા કે ગુરુજન પણ કરી શકે.

સર્વવ્યાપી પરમાત્માને જે વ્યક્તિ પોતાની અંદર અને બહાર, સર્વત્ર વ્યાપેલો જુએ છે તે કદી પાપ કરતી નથી. કોટવાળની હાજરીમાં કોણ ચોરી કરવાની હિંમત કરે ? જે ભગવાનને કણેકણમાં વ્યાપેલો માને છે એવો મનુષ્ય કદી ખાનગીમાં કે જાહેરમાં પાપ કરી શકતો નથી. પાપ જ બધાં દુઃખોનું કારણ છે. જે પાપથી દૂર રહે છે તેને કદી

દુઃખ ભોગવવાં પડતાં નથી. આસ્તિકતા માણસને પાપ કરતાં રોકે છે અને કુકર્મોના ફળ સ્વરૂપ ભોગવવા પડતા વિવિધ શોકસંતાપોથી, અનિષ્ટો અને સંકટોથી બચાવે છે. બાળકના મસ્તક પર સ્વસ્તિક કે ૐ લખવાનો હેતુ બાળકને સાચા અર્થમાં આસ્તિક અને ઈશ્વરભકત બનાવવાનોછે.

**ક્રિયા અને ભાવના :** આચાર્ય અથવા કોઈ આદરણીય વ્યકિત બાળકના મસ્તક પર ચંદન યા કંકુથી સ્વસ્તિક કે ૐ લખે. મંત્રોચ્ચારની સાથે બાળકના મનમાં શ્રેષ્ઠ વિચારો તથા ભાવનાઓની સ્થાપના થઈ રહી છે એવી ભાવના કરવી. બધાના સદ્ભાવ તથા પ્રભુની કૃપાથી એકતા, શાંતિ, પ્રખરતા, સમતા, પવિત્રતા, સરળતા, ઉદારતા, પ્રસન્નતા, જ્ઞાન, પરમાર્થ જેવા શ્રેષ્ઠ ગુણો બાળકમાં ઊતરે એવી ભાવભરી પાર્થના કરવી.

**ૐ સ્વસ્તિનઽ ઈન્દ્રો વૃદ્ધશ્રવાઃ સ્વસ્તિ નઃ પૂષા વિશ્વવેદાઃ ।**
**સ્વસ્તિનસ્તાર્ક્ષ્યોઅરિષ્ટનેમિઃ, સ્વસ્તિ નો બૃહસ્પતિર્દધાતુ ॥**
-૨૫.૧૯

ત્યાર પછી આશીર્વાદ, વિસર્જન, જયઘોષ સાથે કાર્યક્રમ પૂર્ણ કરવો.

* * *

# ॥ વિદ્યારંભ સંસ્કાર ॥

**સંસ્કાર પ્રયોજન :** દરેક માતાપિતાનું એ પરમપવિત્ર ધર્મકર્તવ્ય છે કે બાળકને જન્મ આપ્યા પછી આવેલી જવાબદારીઓમાંથી ભોજન, વસ્ત્ર વગેરે શારીરિક જરૂરિયાતો પૂરી કર્યા પછી એના શિક્ષણ તથા સંસ્કારની વ્યવસ્થા કરે. જે લોકો બાળકને શિક્ષણ કે સંસ્કાર આપવાની વ્યવસ્થા નથી કરતા તેઓ અપરાધી છે કારણકે બાળકનો માનસિક વિકાસ થતો નથી અને તે જ્ઞાનરૂપી સંપત્તિ પ્રાપ્ત કરવાથી વંચિત રહી જાય છે. આ બાળકને ભૂખે મારવા જેવું ભયંકર પાપ છે. છોકરો હોય કે છોકરી, પરંતુ તેને ઉચ્ચ શિક્ષણ મળે એવી પૂરી વ્યવસ્થા કરવી જોઈએ. આ ધર્મકર્તવ્ય પૂરું કરવાની જવાબદારી નિભાવવાની જાહેરાત

રૂપે બાળકના વિદ્યારંભ સંસ્કાર કરાવવામાં આવે છે. દેવોની સાક્ષીમાં સમાજને એ બતાવવું પડે છે કે હું મારું કર્તવ્ય ભૂલ્યો નથી, પરંતુ એ પૂરું કરવા કટિબદ્ધ છું. કોઈએ પોતાના સંતાનને વિદ્યાથી વંચિત ના રાખવું જોઈએ. વિદ્યારંભ સંસ્કાર દ્વારા બાળકમાં એવા મૂળ સંસ્કારોની સ્થાપના કરવામાં આવે છે કે જેના આધારે તેનું શિક્ષણ માત્ર માહિતી ન બની રહે, પરંતુ જીવનનિર્માણ કરનારી હિતકારી વિદ્યાના રૂપમાં વિકસિત થાય. સમારોહ દ્વારા બાળકમાં જ્ઞાન મેળવવાનો ઉત્સાહ પેદા કરવામાં આવે છે. ઉત્સાહભર્યા મનમાં દેવપૂજન તથા યજ્ઞના સંયોગથી ઈચ્છિત સંસ્કારોનાં બીજ વાવી શકાય છે.

**વિશેષ વ્યવસ્થા :** વિદ્યારંભ સંસ્કાર માટે સામાન્ય તૈયારી ઉપરાંત નીચેની વ્યવસ્થા કરવી.

(૧) પૂજન માટે ગણેશજી તથા સરસ્વતી માતાનાં ચિત્રો યા મૂર્તિઓ.

(૨) સ્લેટ, પેન વગેરે

(૩) ગુરુપૂજન માટે શ્રીફળ રાખવું. જો બાળકના શિક્ષક હાજર હોય તો એમનું પૂજન કરાવવું.

## ॥ ગણેશ તથા સરસ્વતી પૂજા ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** ગણેશને વિદ્યા તથા સરસ્વતીને શિક્ષણનું પ્રતીક માનવામાં આવી છે. વિદ્યા અને શિક્ષણ એકબીજાનાં પૂરક છે. એક વગર બીજું અધૂરું છે. શાળાઓમાં જે ભણાવવામાં આવે છે તે શિક્ષણ છે. ભાષા, માહિતી, ઈતિહાસ, રસાયણ, શિલ્પ, ચિકિત્સા વગેરે ભૌતિક જ્ઞાન શિક્ષણ કહેવાય છે. શિક્ષણથી મગજની ક્ષમતા વધે છે. એનાથી ભૌતિક સંપત્તિ અને સુખસગવડો મળે છે. સાંસારિક જીવન માટે તે જરૂરી પણ છે. આ સરસ્વતીની આરાધના છે.

વિદ્યાના પ્રતિનિધિ ગણેશજી છે. વિદ્યાનો અર્થ છે વિવેક તથા સદ્ભાવ. સદ્ગુણ આ જ વર્ગમાં આવે છે. યોગ્ય અને અયોગ્યનો વિવેક વિદ્વાનોમાં જ હોય છે. તાત્કાલિક લાભ કે નુકસાનના બદલે તેઓ ભવિષ્યનાં લાભ-હાનિને ધ્યાનમાં રાખે છે. ભવિષ્યમાં મોટો લાભ થાય

એમ હોય તો વર્તમાનમાં થોડું દુઃખ સહન કરી લે છે. આદર્શવાદી ઉચ્ચસ્તરની સદ્ભાવના અને વિચારોને ગણેશ કહી શકાય.

ગણેશ પછી સરસ્વતીનું પૂજન કરવામાં આવે છે. ગણેશનું સ્થાપન પહેલું અને સરસ્વતીનું બીજું છે. ભાવનાને પ્રધાન અને ચતુરતાને ગૌણ માનવામાં આવી છે. શિક્ષણ અને ચતુરતાની ઉપર વિવેક અને આદર્શોનો અંકુશ હોવો જોઈએ. ધર્મ, કર્તવ્ય તથા ઔચિત્યનું અર્થાત્ ગણેશનું નિયંત્રણ આપણાં કાર્યો પર હોવું જોઈએ, નહિ તો તે નિરંકુશ બનીને આપણને પતનની ખાઈમાં ધકેલી દેશે. બાળક ભલે ગમે તેટલી વિદ્યા ભણે, ગમે તેટલો વિદ્વાન બની જાય, એમ છતાં શ્રેષ્ઠ ઉદ્દેશ્યોમાંથી એક ડગલું પણ ચલિત ન થઈ જવાય તેનું તેણે ધ્યાન રાખવું જોઈએ. સમૃદ્ધિ અને વિભૂતિને સહેજ પણ ઉદ્ધત ન થવા દેવી જોઈએ. શિક્ષણ અને બુદ્ધિનો દુરુપયોગ ન થવો જોઈએ. મસ્તક પર હંમેશાં વિવેકનું નિયંત્રણ રહેવું જોઈએ. એ તથ્યને યાદ રાખવા ગણેશજીનું પૂજન કરાવવામાં આવે છે.

પુત્ર માટે માતાનો સ્નેહ જેમ જરૂરી છે તેમ વિદ્યાનો, સરસ્વતીનો અનુગ્રહ પણ મનુષ્ય પર રહે તે જરૂરી છે. સરસ્વતી માતા આપણી પ્રત્યક્ષ દેવી છે. અધ્યયન દ્વારા એની પૂજા થાય છે. ભોજન, વસ્ત્ર, શયન, ઉપાસનાની જેમ અધ્યયન પણ આપણા જીવનનું એક અંગ બની રહે તો સમજવું જોઈએ કે સરસ્વતીપૂજનનો સાચો અર્થ સમજી લીધો.

## ॥ ગણેશપૂજન ॥

**ક્રિયા અને ભાવના :** બાળકના હાથમાં ફૂલ, ચોખા, કંકુ વગેરે આપીને મંત્ર પૂરો થતાં ગણપતિના ચિત્ર પાસે ચઢાવવાં. ભાવના કરવી કે આ આવાહન અને પૂજન દ્વારા વિવેકના અધિષ્ઠાતા ગણપતિની કૃપા બાળક પર થઈ રહી છે. એમની કૃપાથી બાળક મેધાવી અને વિવેકશીલ બનશે.

**ૐ ગણાનાં ત્વા ગણપતિ ঌ હવામહે, પ્રિયાણાં ત્વા પ્રિયપતિ ঌ હવામહે, નિધીનાં ત્વા નિધિપતિ ঌ હવામહે, વસોમમ । આહમજાનિ ગર્ભધમાત્વમજાસિ ગર્ભધમ્ । ૐ**

**ગણપતયે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ॥**

- ૨૩.૧૯

## ॥ સરસ્વતી પૂજન ॥

**ક્રિયા અને ભાવના :** બાળકના હાથમાં ફૂલ, ચોખા, કંકુ આપીને મંત્ર પૂરો થતાં મા સરસ્વતીનાં ચરણોમાં ચઢાવડાવવાં. ભાવના કરવી કે આ બાળક કલા, જ્ઞાન તથા સંવેદનાની દેવી મા સરસ્વતીની કૃપાને પાત્ર બની રહ્યો છે. એમની છત્રછાયામાં વિદ્યાભ્યાસ કરતો તે સતત આગળ વધતો રહેશે.

**ૐ પાવકા નઃ સરસ્વતી, વાજેભિર્વાજિનીવતી । યજ્ઞં વષ્ટુધિયાવસુઃ । ૐ સરસ્વત્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।**

- ૨૦.૮૪

## ॥ સાધનો-માધ્યમોની પવિત્રતા ॥

ગણેશ તથા સરસ્વતીનું પૂજન કર્યા પછી શિક્ષણનાં સાધનો શાહીનો ખડિયો, કલમ, પેન, સ્લેટ વગેરેનું પૂજન કરાવવામાં આવે છે. શિક્ષણ મેળવવા માટેનાં એ જરૂરી સાધનો છે. એમને વેદમંત્રોથી અભિમંત્રિત કરવામાં આવે છે, જેથી એ કલ્યાણકારી બની શકે તથા વિદ્યા પ્રાપ્ત કરવામાં સહાયતા મળી શકે. મંત્રોથી એ ઉપકરણોને પવિત્ર કરવામાં આવે છે કે જેથી તેમનામાં પવિત્રતા કાયમ માટે સ્થિર રહી શકે.

સાધનોની પવિત્રતા દરેક કાર્ય માટે જરૂરી છે. સાધનો પવિત્ર હોય તો જ સાધ્ય ઉત્કૃષ્ટ રહે. ખોટી રીતે, દૂષિત સાધનોથી કદાચ સફળતા મેળવી લેવામાં આવે તો પણ તે લાભ સુખપ્રદ નહિ રહે. ઊલટું એનાથી સ્વભાવ બગડે છે અને અનેક અનિષ્ટો પેદા કરીને આપણું અહિત કરે છે. સ્વચ્છ વાસણમાં રાખેલું દૂધ જ પીવા યોગ્ય હોય છે. ગંદા વાસણમાં રાખવાથી તે ફાટી જાય છે અને કદાચ જો તે પીવામાં આવે તો રોગ અને વિકાર પેદા કરે છે, એ જ રીતે ગંદાં ઉપકરણોથી જે કાર્ય કરવામાં આવે તે બહારથી ભલે ગમે તેટલું સારું દેખાતું હોય, છતાં પણ તે અનિચ્છનીય છે.

વિદ્યારંભ સંસ્કારનું મહત્ત્વ એ છે કે વિદ્યાર્થીનું ધ્યાન વિદ્યાની મહત્તા અને સાધનોની પવિત્રતા તરફ આકર્ષિત કરવામાં આવે. અધ્યયન તો નિમિત્ત માત્ર છે. વસ્તુતઃ 'ઉપકરણોની પવિત્રતા' એ એક આદર્શ દૃષ્ટિકોણ છે. આપણે જે કોઈ કાર્ય કરીએ એમાં એક વાતનું પૂરેપૂરું ધ્યાન રાખવું જોઈએ કે ઉતાવળ કે પ્રલોભનના કારણે અયોગ્ય સાધનોનો ઉપયોગ ન થઈ જાય. પોતાનું દરેક સાધન એકદમ પવિત્ર રહે.

**શિક્ષણની ત્રણ અધિષ્ઠાત્રી દેવીઓ :** ઉપાસના વિજ્ઞાનની માન્યતાઓના આધારે કલમની અધિષ્ઠાત્રી દેવી 'ધૃતિ' છે. ખડિયાની અધિષ્ઠાત્રી દેવી 'પુષ્ટિ' છે અને પાટીની અધિષ્ઠાત્રી દેવી 'તુષ્ટિ' છે. ષોડશ માતૃકાઓમાં ધૃતિ, પુષ્ટિ તથા તુષ્ટિ એ ત્રણ દેવીઓ વિદ્યા-પ્રાપ્તિના આધારરૂપ ત્રણ ભાવનાઓનું પ્રતિનિધિત્વ કરે છે. વિદ્યારંભ સંસ્કારમાં કલમ-પૂજનનો મંત્ર બોલતી વખતે ધૃતિનું આવાહન કરીએ છીએ. એ મંત્રોમાં એમની જ વંદના, અભ્યર્થના કરવામાં આવી છે.

## ॥ કલમ પૂજન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** વિદ્યારંભ કરતાં સૌપ્રથમ કલમ પકડવી પડે છે. કલમની દેવી ધૃતિનો ભાવ છે અભિરુચિ. વિદ્યા મેળવવા ઈચ્છનારના મનમાં જો એના માટે અભિરુચિ હોય તો જ પ્રગતિ થઈ શકે. જો રુચિ ના હોય તો કોઈપણ કામ ભારરૂપ લાગે છે. એમાં મન લાગતું નથી. અધૂરા મનથી કરેલું કામ અસ્તવ્યસ્ત રહે છે. આથી કોઈ નોંધપાત્ર સિદ્ધિ મળતી નથી. તીવ્ર બુદ્ધિ અને સારું મગજ હોય તો પણ તે ખાસ ઉપયોગી થતાં નથી, પણ જો ભણવામાં તીવ્ર અભિરુચિ હોય તો મંદબુદ્ધિવાળા લોકો પણ પોતાના પ્રયત્નના બળે આશાજનક પ્રગતિ સાધી શકે છે.

આથી માતાપિતાનું કર્તવ્ય છે કે બાળકની અભિરુચિ જાગૃત કરવી, એને વિદ્યાથી થતા લાભ સમજાવવા. જે લોકો સારું ભણ્યા હોય, જેમને ઉચ્ચ સ્થાન મળ્યું હોય, ધન, યશ તથા સુખસગવડો મળ્યાં હોય એવા લોકોનાં ઉદાહરણો બાળકને સંભળાવવાં. સાથે એવાં પણ ઉદાહરણ બતાવવાં જોઈએ કે જેમાં સુખી ઘરના છોકરાઓએ ભણવામાં ઉપેક્ષા

રાખી હોય અને અંતે એમને અશિક્ષિત તથા અવિકસિત રહેવાના કારણે જીવનજરૂરી સાધનો મેળવવાનાં પણ ફાંફાં પડયાં હોય. શિક્ષણથી જ માણસને સન્માન મળે છે, જ્યારે અભણ રહેવાથી અપમાન મળે છે. ધૃતિની યોજના કલમનું પૂજન કરાવતી વખતે એવી રીતે કરવી જોઈએ કે અભ્યાસ કરવામાં વિદ્યાર્થીની અભિરુચિ સતત વધતી રહે.

**ક્રિયા અને ભાવના :** પૂજનસામગ્રી બાળકના હાથમાં આપવી. પૂજાના પાટલા પર મૂકેલી કલમ પર એ પૂજનસામગ્રી ચઢાવી દેવી. ભાવના કરવી કે ધૃતિ શકિત બાળકમાં વિદ્યાભ્યાસ પ્રત્યે અભિરુચિ જાગૃત કરી રહી છે.

**ૐ પુરુદસ્મો વિષુરૂપ઼ ઈન્દુઃ, અન્તર્મહિમાનમાનંજધીરઃ । એકપદીં દ્વિપદીં ત્રિપદીં ચતુષ્પદીમ્, અષ્ટાપદીં ભુવનાનુ પ્રથન્તા ઁ સ્વાહા ।** - ૮.૩૦

## ॥ ખડિયાનું પૂજન ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** શાહીના ખડિયાની પણ લખવા માટે જરૂર પડે છે. તેથી કલમ પછી ખડિયાનું પણ પૂજન થાય છે. ખડિયાની અધિષ્ઠાત્રી દેવી 'પુષ્ટિ' છે. પુષ્ટિનો ભાવ છે એકાગ્રતા. જો એકાગ્રતા હોય તો જ અભ્યાસમાં ગતિ આવે છે. કેટલાક લોકો તીવ્ર બુદ્ધિવાળા હોય છે, મગજ પણ સરસ ચાલતું હોય છે, તેઓ ભણવા પણ ઈચ્છતા હોય છે, પરંતુ મન અનેક દિશાઓમાં ભટકતું હોય છે. તે ચંચળ હોય છે. એકાગ્ર થતું નથી. આવા ડામાડોળ વિદ્યાર્થીઓ પ્રગતિ કરી શકતા નથી. શરૂઆતમાં મંદબુદ્ધિવાળા લાગતા વિદ્યાર્થીઓ આગળ જતાં ખૂબ પ્રતિભાવાન બની ગયેલા પણ જોવા મળ્યા છે. આ આશ્ચર્યજનક પરિવર્તનનું મુખ્ય કારણ એમની એકાગ્રતા જ હોય છે.

ખડિયાના કંઠે નાડાછડી બાંધવામાં આવે છે તથા કંકુ, ચોખા, ફૂલ, ધૂપ વગેરેથી પૂજન કરવામાં આવે છે. આ ખડિયાની દેવી 'પુષ્ટિ'નું પૂજન છે. આ પૂજનનો હેતુ એ છે કે વિદ્યાર્થીને એકાગ્રતાનું મહત્ત્વ સમજાવવું જોઈએ અને એને એકાગ્રતાની ટેવ પાડવી જોઈએ. જો પૂરતી અભિરુચિ તથા સાથે એકાગ્રતા હોય તો વિદ્યા પ્રાપ્ત કરવામાં

ઝડપથી સફળતા મળે છે.

**ક્રિયા અને ભાવના :** પૂજાવેદી પર રાખવામાં આવેલા ખડિયા પર બાળકના હાથે મંત્રોચ્ચારની સાથે પૂજનસામગ્રી ચઢાવડાવવી. ભાવના કરવી કે પુષ્ટિ શકિતના સાન્નિધ્યથી બાળકમાં બુદ્ધિની તીવ્રતા તથા એકાગ્રતામાં વધારો થઈ રહ્યો છે.

**ૐ દેવીસ્તિસ્રસ્તિસ્રો દેવીર્વયોધસં, પતિમિન્દ્રમવર્દ્ધયન્ । જગત્યા છન્દસેન્દ્રિય ઇંઙ શૂષમિન્દ્રે, વયો દધદ્વસુવને વસુધેયસ્ય વ્યન્તુ યજ ॥** - ૨૮.૪૧

## ॥ પાટી પૂજન ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** સાધનોમાં ત્રીજું પૂજન પાટી (સ્લેટ)નું કરવામાં આવે છે. એની અધિષ્ઠાત્રી દેવી 'તુષ્ટિ' છે. તુષ્ટિનો ભાવ છે - શ્રમશીલતા. અભ્યાસ કરવા માટે અભિરુચિ અને એકાગ્રતા જેટલી જ જરૂર શ્રમશીલતાની. જો કોઈ વિદ્યાર્થીને ભણવાની ઈચ્છા હોય, પણ જો સ્વભાવ આળસુ હોય, મહેનત કરવાનું ગમતું ન હોય, થોડીકવારમાં જ કંટાળી જતો હોય અને ભણવાનું બંધ કરી બીજા કામમાં લાગી જતો હોય તો એને કદી સફળતા મળતી નથી. મહેનત કર્યા વગર આ સંસારમાં કશુંય મળતું નથી. સાધનો ગમે તેટલાં શ્રેષ્ઠ હોય, પણ તેમનો લાભ તો ત્યારે જ મળે કે જ્યારે તેમનો ઉપયોગ કરવામાં આવે. તેથી વિદ્યાર્થીએ પરિશ્રમી બનવું જ પડે છે. તેણે મન દઈને અભ્યાસ કરવાની ટેવ પાડવી જોઈએ. માતાપિતાએ પણ તેને આવી ટેવ પડે એવા ઉપાય કરવા જોઈએ.

પાટી, ખડિયો અને કલમ ત્રણેનું પૂજન કરવાની સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે આપણાં સાધન પવિત્ર હોય. અભિરુચિ, એકાગ્રતા તથા પરિશ્રમના આધારે વિદ્યાપ્રાપ્તિના માર્ગે આગળ વધવું જોઈએ.

**ક્રિયા અને ભાવના :** બાળક પાસે સ્લેટ પર પૂજનસામગ્રી ચઢાવડાવવી. મંત્રોચ્ચાર કરવા. ભાવના કરવી કે આ પૂજાઉપચારથી

બાળકને તુષ્ટિ શકિતનો લાભ મળી રહ્યો છે. એ શકિતથી એનામાં પરિશ્રમ અને સાધના કરવાની શકિતનો વિકાસ થશે.

**ૐ સરસ્વતી યોન્યાં ગર્ભમન્તરશ્વિભ્યાં, પત્ની સુકૃતં બિભર્તિ । અપા ઙ્ંગ્ રસેન વરુણો ન સામ્નેન્દ્ર ઙ્ંગ્, શ્રિયૈ જનયન્નપ્સુ રાજા ॥** - ૧૯.૯૪

## ॥ ગુરુપૂજન ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** શિક્ષણ પ્રાપ્ત કરવા શિક્ષકના સાન્નિધ્યમાં જવું પડે છે. જેવી રીતે ગાય પોતાના વાછરડાને દૂધ પિવડાવે છે તેવી રીતે ગુરુ પોતાના શિષ્યને વિદ્યારૂપી અમૃત પિવડાવે છે. આ પ્રક્રિયામાં એકબીજા પ્રત્યે શ્રદ્ધા અને સદ્ભાવના હોવી જરૂરી છે. જો શિક્ષકને વિદ્યાર્થી પ્રત્યે પ્રેમ ન હોય તો એ મન વગરનું શિખવાડે એનો કોઈ અર્થ સરતો નથી. એ જ રીતે ગુરુ પ્રત્યે શ્રદ્ધા અને આદર હોય તો જ વિદ્યાર્થી પણ કંઈક શીખી શકે છે. પરસ્પર ઉપેક્ષા, ઉદાસીનતા, મનોમાલિન્ય કે તિરસ્કારનો ભાવ હોય તો કદી વિદ્યા આવડતી નથી અને ફૂલતીફાલતી નથી. માતાપિતાની જેમ ગુરુનું પણ એક સ્થાન છે. માતાને બ્રહ્મા, પિતાને વિષ્ણુ અને ગુરુને મહેશ કહેવામાં આવ્યા છે. આ ત્રણેય દેવોની જેમ શ્રદ્ધા તથા સન્માનને યોગ્ય છે. તેથી ગુરુનું પૂજન એક અનિવાર્ય અંગ છે. ગુરુના હાથે નાડાછડી બાંધવી. ત્યાર પછી ફૂલ, ચોખા, કંકુ, ફૂલહાર, ફળ, આરતી વગેરે સમર્પિત કરીને પૂજન કરવું. તથા નમસ્કાર કરવા.

આ પૂજનનો હેતુ એ છે કે વિદ્યાર્થી શિક્ષકો પ્રત્યે પિતા જેવો ભાવ તથા શ્રદ્ધા રાખે. એમને પ્રણામ કરે, શિષ્ટાચાર રાખે, એમની આજ્ઞાનું પાલન કરે અને એમના નિર્દેશ પ્રમાણે આચરણ કરે. ગુરુ પ્રસન્ન રહે તેમ વર્તે. આ જ રીતે શિક્ષકની પણ ફરજ છે કે તે વિદ્યાર્થીને પોતાના પુત્ર જેવો માને. એને માત્ર અક્ષરજ્ઞાન જ નહિ, પરંતુ સ્નેહ, સદ્ભાવ તથા વાત્સલ્ય પણ આપે.

**ક્રિયા અને ભાવના :** મંત્રો સાથે બાળક પાસે ગુરુનું અને જો

ગુરુ ના હોય તો પ્રતીકરૂપે શ્રીફળનું પૂજન કરાવવું. ભાવના કરવી કે આ શ્રદ્ધા દ્વારા બાળકમાં એવા શિષ્યોચિત ગુણોનો વિકાસ થઈ રહ્યો છે કે જેમના આધારે શિષ્ય અને ગુરુ બંને ધન્ય બની જાય. બાળકને સતત ગુરુની કૃપા મળતી રહે.

**ૐ બૃહસ્પતે અતિ યદર્યોઽ, અર્હાદ્દ્યુમદ્વિભાતિ ક્રતુમજ્જનેષુ,**
**યદ્દીદયચ્છવસ ઽ ઋતપ્રજાત, તદસ્માસુ દ્રવિણં ધેહિ ચિત્રમ્ ।**
**ઉપયામગૃહીતો ઽસિ બૃહસ્પતયે, ત્વૈષ તે યોનિર્બૃહસ્પતયે ત્વા ॥**
**ૐ શ્રી ગુરવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।**

– ૨૬.૩ તૈતિ. સં. ૧૮.૨૨.૧૨

## ॥ અક્ષરલેખન તથા પૂજન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** સ્લેટમાં બાળકના હાથે **ૐ ભૂર્ભુવઃ સ્વઃ** લખાવવું. ૐ પરમાત્માનું સર્વશ્રેષ્ઠ નામ છે. ભૂઃ ભુવઃ સ્વઃ ના આમ તો અનેક અર્થ છે, પરંતુ વિદ્યારંભ સંસ્કારમાં એમનો ગુણવાચક અર્થ જ ધ્યાનમાં રાખવાનો છે. ભૂઃ નું તાત્પર્ય શ્રમ, ભુવઃ નું સંયમ અને સ્વઃ નું વિવેક છે. શિક્ષણનું પ્રયોજન આ ત્રણ મહાન પ્રવૃત્તિઓને જાગૃત કરવાનું છે. જો શિક્ષિત વ્યક્તિ મહેનતુ, સંયમી અને વિવેકવાન હોય તો તેનું ભણતર સાર્થક થાય છે. નહિ તો એવા ભણેલા ગધેડા તો કરોડોની સંખ્યામાં દોડાદોડી કરી રહ્યા છે. તેઓ વધારે પૈસા બનાવવા અને વધારે મુશ્કેલીઓ ઊભી કરવા સિવાય બીજું કંઈ વિચારી શકતા નથી. વિદ્યારંભ કરતાં સૌથી પહેલાં આ પાંચ અક્ષર એટલા માટે લખાવવામાં આવે છે કે બાળક ૐ અર્થાત્ પરમાત્માને સર્વોપરી માને, આસ્તિક બને, ઈશ્વરથી ડરે, સદાચારી બને, કાર્યરત રહે, ડગલેપગલે સંયમ અને વ્યવસ્થાનું ધ્યાન રાખે, ભ્રમથી દૂર રહે, વિવેક અપનાવે અને હસતીહસાવતી જિંદગી જીવે. આ પંચાક્ષરી મંત્ર લખાવવાનો સાર છે. મનુષ્યના સદ્ગુણોને જે વધારે તેને જ વિદ્યા કહેવાય છે. આથી જ વિદ્યારંભ સંસ્કાર વખતે **ૐ ભૂર્ભુવઃ સ્વઃ** લખાવવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** અક્ષરલેખન પર ફૂલ, ચોખા ચઢાવડાવવા. જ્ઞાનનો ઉદય અંતઃકરણમાં થાય છે, પરંતુ જો એની અભિવ્યક્તિકરતાં

ન આવડે તો અનિષ્ટ થઈ શકે છે. જ્ઞાનની પ્રથમ અભિવ્યક્તિ રૂપ અક્ષરોનું પૂજન કરીને તેના પ્રત્યે ઉમંગ પેદા કરવામાં આવે છે.

**ૐ નમઃ શમ્ભવાય ચ મયોભવાય ચ, નમઃ શંકરાય ચ મયસ્કરાય ચ, નમઃ શિવાય ચ શિવતરાય ચ ।** - ૧૬.૪૧

ત્યાર પછી અગ્નિસ્થાપનથી ગાયત્રી મંત્રની આહુતિ સુધીનો ક્રમ પૂરો કરવો. સંસ્કારવાળા બાળકને પણ તેમાં સંમિલિત રાખવું.

## ॥ વિશેષ આહુતિ ॥

હવન સામગ્રીમાં કંઈક મિષ્ટાન ભેળવીને નીચેના મંત્રથી પાંચ આહુતિઓ આપવી. ભાવના કરવી કે યજ્ઞીય ઊર્જા બાળકમાં સંસ્કાર દ્વારા પડેલા પ્રભાવને સ્થિર અને બળવાન બનાવી રહી છે.

**ૐ સરસ્વતી મનસા પેશલં, વસુ નાસત્યાભ્યાં વયતિ દર્શતં વપુઃ । રસં પરિસ્રુતા ન રોહિતં, નગ્નહુર્ધીરસ્તસરં ન વેમ સ્વાહા । ઈદં સરસ્વત્યૈ ઈદં ન મમ ॥** -૧૯.૮૩

ત્યારબાદ યજ્ઞની બાકીની વિધિ પૂરી કરી આશીર્વાદ વિસર્જન, જયઘોષ તથા પ્રસાદ વિતરણ કરી સમાપન કરવું.

❀ ❀ ❀

# ॥ યજ્ઞોપવીત સંસ્કાર ॥

**સંસ્કારનો હેતુ :** શિખા અને સૂત્ર ભારતીય સંસ્કૃતિનાં બે પ્રતીક છે. શિખા ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની આસ્થાનું પ્રતીક છે. યજ્ઞોપવીત સાંસ્કૃતિક મૂલ્યોના આધાર પર પોતાના જીવનમાં આમૂલ પરિવર્તન કરવાના સંકલ્પનું પ્રતીક છે. એની સાથે ગાયત્રી મંત્રની ગુરુદીક્ષા પણ આપવામાં આવે છે. દીક્ષા અને યજ્ઞોપવીત ભેગાં મળીને દ્વિજત્વના સંસ્કાર પૂરા કરે છે. આનું જ નામ છે બીજો જન્મ.

શાસ્ત્રવચન છે કે **'જન્મના જાયતે શૂદ્રઃ સંસ્કારાદ્ દ્વિજ ઉચ્યતે.'** જન્મથી મનુષ્ય એક પ્રકારનું પશુ જ છે. એનામાં બીજા જીવોની જેમ સ્વાર્થપરાયણતાની વૃત્તિ હોય છે, પરંતુ ઉત્કૃષ્ટ આદર્શવાદી માન્યતાઓ દ્વારા જ તે મુનષ્ય બને છે. જ્યારે માણસમાં એવી આસ્થા જાગે છે કે

તેણે ઈન્સાન જેવું ઉચ્ચજીવન જીવવાનું છે અને એના આધારે જ તે પોતાનો જીવનક્રમ નક્કી કરે, તો જ કહી શકાય કે એણે પશુયોનિ છોડીને મનુષ્યયોનિમાં પ્રવેશ કર્યો છે. સ્વાર્થ અને સંકુચિતતામાંથી બહાર નીકળીને માણસ પરમાર્થના માર્ગે આગળ વધે તો કહી શકાય કે તેણે પશુતા છોડીને માનવતા ધારણ કરી છે. આને જ બીજો જન્મ કહેવાય છે. શરીરનો જન્મ તો માતાપિતાના રજવીર્યથી થાય છે. આદર્શવાદી જીવનલક્ષ્ય અપનાવવાથી જ સાચો મનુષ્યજન્મ મળે છે. દરેક હિન્દુ ધર્મ પાળનારે આદર્શવાદી જીવન જીવવું જોઈએ, દ્વિજ બનવું જોઈએ. આ મૂળ તથ્યને સમજીને અપનાવવાની પ્રક્રિયાને યજ્ઞોપવીત સંસ્કારના નામથી ઓળખવામાં આવે છે. આ વ્રતબંધનને આજીવન યાદ રાખવા માટે પ્રતીક રૂપે ખભા પર જનોઈ ધારણ કરવામાં આવે છે.

બાળકની બુદ્ધિ અને ભાવનાનો એટલો વિકાસ થઈ જાય કે તે આ સંસ્કારનો હેતુ સમજીને તેને નિભાવી શકે ત્યારે જ તેને જનોઈ આપવી જોઈએ.

યજ્ઞોપવીત (જનોઈ) સંબંધી સ્થૂળ તથા સૂક્ષ્મ મર્યાદાઓ આ પ્રમાણે છે :

(૧) યજ્ઞોપવીત ગાયત્રીની મૂર્તિમંત પ્રતિમા છે. ગાયત્રી ત્રિપદા છે. તેનાં ત્રણ ચરણ છે. એ માટે ગાયત્રીમાં ત્રણ લટ છે. દરેક લટમાં ત્રણ દોરા હોય છે. ભૂ: ભૂવ: સ્વ: ત્રણ વ્યાહૃતિઓની ત્રણ ગાંઠો હોય છે. ૐ કારની મોટી બ્રહ્મગ્રંથિ હોય છે. આ જનોઈરૂપી પ્રતિમાને શરીર પર ધારણ કર્યા પછી એની પૂજા-અર્ચનાની જવાબદારી નિભાવવી પડે છે. આથી દરરોજ ઓછામાં ઓછી એક માળા ગાયત્રી મંત્રના જપ કરવા જોઈએ.

(૨) જનોઈને વ્રતબંધન કહે છે. વ્રતથી બંધાયા વગર મનુષ્યની ઉન્નતિ થવી શકય નથી. આથી એને સૂત્ર અર્થાત્ ફોર્મ્યુલા પણ કહે છે. જનોઈના કુલ નવ તાર નવ ગુણોનાં પ્રતીક છે. જનોઈ ધારણ કરનારે એ ગુણોનો પોતાની અંદર વિકાસ કરવા માટે સતત પ્રયાસ કરવો જોઈએ. 'ગાયત્રી ગીતા' (ગા. મહાવિજ્ઞાન-૨) અનુસાર ગાયત્રી મંત્રના નવ શબ્દોમાં રહેલાં સૂત્રો આ પ્રમાણે છે :

(૧) તત્ - જન્મ અને મૃત્યુ જેના તાણાવાણા છે એ પરમાત્માના અનુશાસનનું આ જીવંત પ્રતીક છે. એને આસ્તિકતા દ્વારા, ઈશ્વરનિષ્ઠા દ્વારા જાણી શકાય છે. એનો આધાર ઉપાસના છે.

(૨) સવિતુર્ - સવિતા, શકિત ઉત્પાદક કેન્દ્ર છે. સાધકમાં શકિતના વિકાસનો ક્રમ ચાલુ રહેવો જોઈએ. તેને જીવનસાધનાથી સાધી શકાય છે.

(૩) વરેણ્યં - શ્રેષ્ઠતાનું વરણ, આદર્શનિષ્ઠા, સત્ય, ન્યાય, ઈમાનદારી રૂપે આ ભાવ ફલિત થાય છે.

(૪) ભર્ગો - વિકારનાશક તેજ છે, જે સાહસના રૂપે વધે છે અને નિર્મળતા, નિર્ભયતાના રૂપમાં ફલિત થાય છે.

(૫) દેવસ્ય - દિવ્યતાવર્ધક છે. સંતોષ, શાંતિ, નિસ્પૃહતા, સંવેદના, કરુણા વગેરે સ્વરૂપે પ્રકટ થાય છે.

(૬) ધીમહિ - સદ્ગુણ ધારણ કરવાનો ગુણ, જે પાત્રતાના વિકાસ અને સમૃદ્ધિના રૂપમાં ફલિત થાય છે.

(૭) ધિયો - દિવ્ય મેધા, વિવેકનું પ્રતીક છે. સમજદારી, વિચારશીલતા, નિર્ણયશકિત વગેરેનું સંવર્ધક છે.

(૮) યો નઃ - દિવ્ય અનુદાનોના સુનિયોજન, સંયમનું પ્રતીક છે. ધૈર્ય, બ્રહ્મચર્ય વગેરેને ઊંચે ઉઠાવનાર છે.

(૯) પ્રચોદયાત્ - દિવ્ય પ્રેરણા, આત્મીયતાભરી, સેવાસાધના, સત્કર્તવ્યનિષ્ઠાનો વિકાસ કરનાર છે.

યજ્ઞોપવીતના નવ તારમાં નીતિશાસ્ત્રનો સંપૂર્ણ સાર ભરી દેવામાં આવ્યો છે. જેવી રીતે સામાન્ય કાગળમાં શાહીની મદદથી અત્યંત મહત્ત્વપૂર્ણ જ્ઞાનવિજ્ઞાન ભરી દેવામાં આવે છે, તેવી રીતે જનોઈના આ નવ તારમાં જીવનના વિકાસનું સમગ્ર માર્ગદર્શન ભરી દેવામાં આવ્યું છે. જનોઈને ખભા પર, પીઠ પર, હૃદય પર ધારણ કરવાનું પ્રયોજન એ છે કે એ યજ્ઞોપવીત એમાં રહેલા ઉપદેશને સતત યાદ કરાવતી રહેશે કે જેથી તેને જીવનવ્યવહારમાં ઉતારી શકાય.

યજ્ઞોપવીતને ગાયત્રી અને યજ્ઞપિતાની સંયુકત મૂર્તિ માનવામાં આવે છે. એની મર્યાદાના કેટલાક નિયમો આ પ્રમાણે છે -

(૧) જનોઈને મળમૂત્ર વિસર્જન પહેલાં જમણા કાને લપેટી લેવી જોઈએ અને હાથ ધોયા પછી જ ઉતારવી જોઈએ. તેનું સ્થૂળ કારણ એ છે કે જનોઈ કમરથી ઉપર તરફ આવી જાય અને ગંદી ન થાય. બીજું આપણા વ્રતની યાદ એ બહાને તાજી થતી રહે છે.

(૨) જનોઈના તાર તૂટવા માંડે કે પછી છ મહિના કરતાં વધારે સમય થઈ જાય તો બદલી નાખવી જોઈએ. ખંડિત પ્રતિમા રાખવી ન જોઈએ. દોરા ઘસાય કે ગંદા થઈ જાય ત્યારે બદલી નાખવી.

(૩) જન્મમરણના સૂતક પછી એને બદલી નાખવાની પરંપરા છે. જેમને નાનાં બાળકો ન હોય તેવી સ્ત્રીઓ પણ જનોઈ પહેરી શકે છે, પરંતુ તેમણે દર મહિને માસિક શૌચ પછી બદલી નાખવી જોઈએ.

(૪) જનોઈ શરીર પરથી કદી ઉતારવી નહિ, ધોવા માટે એને ગળામાં રાખીને ધોવી. ભૂલથી ઊતરી જાય તો પ્રાયશ્ચિત્ત રૂપે એક માળા કરીને બદલી નાખવી.

(૫) તે ગાયત્રી માતાની મૂર્તિ છે. તેથી તેની સાથે ચાવીઓ ન બાંધવી.

બાળકો જ્યારે આ નિયમોનું પાલન કરી શકે એવા થાય ત્યારે તેમને જનોઈ પહેરાવવી જોઈએ.

યજ્ઞ ભારતીય ધર્મના પિતા છે અને ગાયત્રી ભારતીય સંસ્કૃતિની માતા છે. યજ્ઞપિતાને ખભા પર અને ગાયત્રી માતાને હૃદયમાં એક સાથે ધારણ કરવામાં આવે છે. દરેક હિંદુ ધર્માનુયાયીનો ગુરુમંત્ર ગાયત્રી જ છે. એણે સમયસર યજ્ઞોપવીત ધારણ કરવી જોઈએ.

જ્ઞાનની મશાલને, અંતઃકરણમાં રહેલા સદ્‌ગુણોને જ ગુરુ માનવા જોઈએ. આજે સાચા ગુરુ જોવા મળતા નથી કે જેઓ પોતે ભવસાગર તરી શકે અને બીજાઓને પોતાની નાવમાં બેસાડીને પાર ઉતારી શકે. આજકાલ મોટાભાગના બની બેઠેલા ગુરુઓ નકલી અને ધોખાબાજ હોય છે. તેથી સારું તો એ છે કે વ્યક્તિઓને ગુરુ ન બનાવવા. અંતઃકરણના પ્રકાશને તથા જ્ઞાનયજ્ઞની દિવ્યજ્યોત એવી લાલ મશાલને સદ્‌ગુરુ માનવી. જનોઈ લેતી વખતે શુદ્ધ ઉચ્ચારણની દૃષ્ટિએ કોઈપણ

શ્રેષ્ઠ વ્યક્તિ પાસેથી મંત્રોચ્ચારણ પ્રક્રિયા શીખી શકાય.

**વિશેષ વ્યવસ્થા :** યજ્ઞોપવીત સંસ્કાર માટે સામાન્ય તૈયારી ઉપરાંત નીચેની વ્યવસ્થા કરવી :

(૧) પુરાણી પરંપરા પ્રમાણે બાળકના મુંડનની વ્યવસ્થા રાખવી. એનો ઉદ્દેશ્ય શરીરના શૃંગાર પ્રત્યે ઉદાસીન રહેવાનો હતો. જો કોઈ બાળક મુંડન ન કરાવવા ઈચ્છે તો એક દિવસ અગાઉ વાળ કપાવી નાખવા.

(૨) જેટલા બટુકોને જનોઈ દેવાની હોય એના પ્રમાણમાં મેખલા, કોપીન, દંડ, જનોઈ, પીળા દુપટ્ટા વગેરેની વ્યવસ્થા કરવી.

મેલખા કોપીન સંયુક્તરૂપે આપવામાં આવે છે. કમરમાં નાડાની જેમ બાંધવામાં આવતી દોરીને મેખલા કહે છે. નાડાછડીની મેખલા બનાવી લેવી. લગભગ ચાર ઈંચ પહોળી અને દોઢ ફૂટ લાંબી લંગોટીને કોપીન કહે છે. એને મેખલા સાથે ટાંકીને પણ રાખી શકાય. દંડ માટે લાકડી કે બ્રહ્મદંડ પણ ચાલે. જનોઈ પીળી રંગી નાખવી. જો રંગી ન શકાય તો એની ગાંઠોને હળદરથી પીળી કરી દેવી. જનોઈ લેનાર દરેક બટુકને કહેવું કે નવાં કપડાં પહેરીને બેસે. કાંઈ નહિ તો નવો દુપટ્ટો ઓઢી લે તો પણ ચાલે. આથી પીળા દુપટ્ટાની વ્યવસ્થા કરી રાખવી.

(૩) ગુરુપૂજન માટે લાલ મશાલનું ચિત્ર રાખવું. ગુરુ વ્યક્તિ નહિ, ચેતનારૂપ છે એમ માનીને યુગશક્તિના પ્રતીક મશાલને જ ગુરુનું પ્રતીક માનીને રાખવી વધારે યોગ્ય છે.

(૪) વેદનો અર્થ છે જ્ઞાન. વેદપૂજન માટે વેદનું પુસ્તક રાખવું. તે ન હોય તો કોઈ પણ પવિત્ર પુસ્તક પીળા વસ્ત્રમાં વીંટીને પૂજનવેદી પર રાખવું.

(૫) ગાયત્રી, સાવિત્રી તથા સરસ્વતીના પૂજન માટે પૂજાવેદી પર ચોખાની ત્રણ ઢગલીઓ કરવી.

મંગલાચરણથી રક્ષાવિધાન સુધીનો ક્રમ પૂરો કરી વિશેષ કર્મકાંડ કરાવવું. સમય અને પરિસ્થિતિ પ્રમાણે વ્યાખ્યા તથા પ્રેરણાનો ક્રમ રાખવો. ભાવભર્યું વાતાવરણ બનાવી રાખવું.

## ॥ મેખલા-કોપીન ધારણ ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** મેખલા અને કોપીન ધારણ કરવાનો હેતુ બ્રહ્મચર્યનું પાલન કરવું તથા દરેક કાર્ય માટે આળસ છોડી જાગરૂક અને કટિબદ્ધ રહેવું તે છે. કોપીન પહેરવી અર્થાત્ લંગોટ પહેરવો. બ્રહ્મચારીઓ પણ પહેલવાનની જેમ લંગોટ બાંધે છે. લંગોટ બાંધવો તે બ્રહ્મચર્યના પાલનનું પ્રતીક છે. કિશોરોએ ધ્યાન રાખવું જોઈએ કે શારીરિક વિકાસની ઉંમરમાં જરૂરી શકિતને શરીર તથા મનને વિકસિત થવા માટે સુરક્ષિત રાખવી જોઈએ. જો એ સમયે એને વેડફી નાખવામાં આવે તો શરીર તથા મન બંનેનો વિકાસ અટકી જશે. અપવ્યયના કારણે શરીરમાં જે કમજોરી આવી જશે તેને પછી કદી દૂર નહિ કરી શકાય. છોકરીઓનો શારીરિક વિકાસ ૨૦ વર્ષ સુધી અને છોકરાઓનો વિકાસ ૨૫ વર્ષ સુધી થાય છે. બંને માટે આ સમય શકિતઓનો સંચય કરવાનો છે, કે જેથી એના દ્વારા શારીરિક અને માનસિક તંદુરસ્તીનો પાયો પાકો થઈ શકે. આ સમય વિદ્યાભ્યાસ કરવાનો, માનસિક વિકાસ કરવાનો તથા વ્યાયામ, બ્રહ્મચર્ય દ્વારા શારીરિક વિકાસ કરવાનો છે. જેઓ કાચી ઉંમરમાં જીવનરસ સાથે રમત કરે છે તેઓ એક રીતે આત્મહત્યા જ કરે છે.

કમરમાં મેખલા બાંધવાનું પ્રયોજન કમર કસવી અર્થાત્ કટિબદ્ધ રહવું તે છે. તે જાગરૂકતા અને સતર્કતાનું ચિહ્ન છે. આળસપ્રમાદ છોડીને પોતાનું કર્તવ્ય ઉત્સાહ તથા પ્રસન્નતાથી નિભાવવું જોઈએ. આળસ, પ્રમાદ લાપરવાહી, ઢીલાપણું જેવા દુર્ગુણોને પાસે પણ ન આવવા દેવા જોઈએ. આળસ ભલે શારીરિક હોય કે માનસિક, એને મૂર્તિમંત દારિદ્રય યા દુર્ભાગ્ય જ કહેવું જોઈએ. એનાથી દૂર રહેવા માટે મેખલા પહેરાવતાં બટુકોને એ પ્રેરણા આપવી જોઈએ કે તેઓ પોતાના કર્તવ્યના પાલન માટે સૈનિકની જેમ હંમેશાં તૈયાર રહે. હંમેશાં જાગરૂકતા, સતર્કતા, આશા, સ્ફૂર્તિ, સાહસ તથા ધૈર્ય જેવા ગુણોનો વિકાસ કરે.

**ક્રિયા અને ભાવના :** મેખલા અને કોપીન એક સાથે રાખીને

આચાર્ય ત્રણવાર ગાયત્રી મંત્ર બોલતાં બોલતાં એની પર જળથી અભિસિંચન કરે. ભાવના કરે કે એમાં સમય અને તત્પરતાના સંસ્કાર પેદા કરવામાં આવી રહ્યા છે.

સિંચન પછી એમને સંસ્કાર કરાવનારાઓ પાસે પહોંચાડવાં. તેઓ એમને બે હાથના સંપૂટમાં રાખે. મંત્રોચ્ચાર સાથે ભાવના કરે કે પ્રાણશકિતનું સંરક્ષણ કરવાની જવાબદારી અમારી ઉપર આવી રહી છે. એનો અમે સાહસ તથા પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરી રહ્યા છીએ. મેખલા કોપીનની સાથે દૈવી સંસ્કારોનું અમે વરણ કરી રહ્યા છીએ. મંત્ર પૂરો થતાં પોતે જ એને કમરમાં બાંધી લેવાં. લંગોટ પહેરવાનો આગ્રહ પણ કરવો જોઈએ.

**ૐ ઈયં દુરુક્તં પરિબાધમાના, વર્ણં પવિત્રં પુનતીમ ઽઆગાત્ । પ્રાણાપાનાભ્યાં બલમાદધાના, સ્વસાદેવી સુભગા મેખલેયમ્ ॥** – પાર ગૃ સૂ ૨૨૮

## । દંડધારણ ॥

**શિક્ષણ અને પ્રેરણા** : આશ્રમંવાસી બ્રહ્મચારીઓને દંડ ધારણ કરાવવામાં આવતો હતો. એની સાથે અનેક સ્થૂળ પ્રેરણાઓ જોડાયેલી છે. દૈનિક ઉપયોગમાં કૂતરાં, સાપ વગેરે જાનવરોથી રક્ષણ, આક્રમણખોરોથી પોતાનું રક્ષણ કરવું, પોતાની શકિત અને સાહસિકતાનું પ્રદર્શન કરવું વગેરે અનેક લાભ છે. શસ્ત્રોમાં લાઠી સર્વસુલભ અને અત્યંત વિશ્વસનીય છે. એ પોતાની પાસે રાખવાથી સાહસ વધે છે. લાઠી ચલાવવી એ એક ઉચ્ચકક્ષાનો વ્યાયામ પણ છે. એનાથી શારીરિક તથા માનસિક બળ વધે છે. દરેક ધર્મપ્રેમીને લાઠી ચલાવતાં આવડવું જોઈએ, કે જેથી દુષ્ટ, જુલમી અને અધર્મીઓની હિંમત તોડી નાખવાનું સામર્થ્ય દર્શાવી શકાય.

અન્યાય સહન કરવો તે પણ અન્યાય કરવા જેવું જ પાપ છે. અન્યાય કરનાર મર્યા પછી નર્કમાં જાય છે અને અન્યાય સહનાર પણ આ જન્મમાં હાનિ, અપમાન, અગવડો, આઘાત વગેરે કષ્ટો સહન કરે છે. તેથી દરેક ધર્મપ્રેમીએ અન્યાય અને અનીતિનો પ્રબળ વિરોધ કરવા

માટે સદા તત્પર રહેવું જોઈએ. લાઠી આ તત્પરતાનું પ્રતીક છે. જનોઈ ધારણ કરવાનો અર્થ છે પશુતાનો ત્યાગ કરીને માનવતાનો સ્વીકાર કરવો. માણસે કેટલીયવાર નરપશુઓના રોષનો ભોગ બનવું પડે છે. જ્યાં સો જૂઠ્ઠા રહેતા હોય ત્યાં એક સત્યવાદીને સતાવવામાં તથા તિરસ્કૃત કરવામાં આવે છે. આ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને ધીરજ, સાહસ તથા આત્મબળ એકઠાં કરવાં પડે છે. આ વાત યાદ રહે તે માટે દંડ ધારણ કરવાનું વિધાન રાખવામાં આવ્યું છે.

લાઠી સામાન્ય રીતે વાંસની હોય છે. વાંસની અનેક ગાંઠો મળીને આખો દંડ બનાવે છે. એનો અર્થ એ છે કે અનેક લોકોએ ભેગા મળીને રહેવાથી, સંગઠિત થવાથી જ ધર્મનું રક્ષણ કરવાની શકિત પેદા થાય છે. કળિયુગમાં સંઘશકિત જ સર્વોપરી છે. એના દ્વારા જ ધર્મનું રક્ષણ અને અધર્મનો સામનો થઈ શકે છે. આમે ય ધર્માત્માઓ ઓછા હોય છે. એમાંય પાછા જો તેઓ એક ના થાય તો એમના આદર્શો સારા હોવા છતાંય વ્યવહારમાં લોકો એમને બેવકૂફ કહેશે. બેવકૂફો સદાય માર ખાતા રહે છે. અસંગઠિત ધર્મપ્રેમીઓને અસફળતા અને તિરસ્કાર જ મળે છે. આથી જનોઈ ધારણ કરનારે ધ્યાન રાખવું પડે છે કે એણે માત્ર શૂરવીર તથા સાહસિક જ નહિ, પરંતુ સંગઠિત પણ બનવું જોઈએ. પોતાના ક્ષેત્રના ધર્મપ્રેમીઓને સંગઠિત કરવાની વાત હંમેશાં ધ્યાનમાં રાખવી જોઈએ.

**ક્રિયા અને ભાવના :** દંડ પર ગાયત્રી મંત્રની સાથે નાડાછડી બાંધવી. જો પહેલેથી બાંધી રાખી હોય તો પણ ચાલે. મંત્ર સાથે સંસ્કાર કરાવનારાઓને દંડ આપવો. તેઓ એને બે હાથમાં લઈને મસ્તકે અડકાડે. ભાવના કરે કે આધ્યાત્મિક ક્ષેત્રના પ્રખર અનુશાસનને ગ્રહણ કરવામાં આવી રહ્યું છે. એની સાથે દેવશકિતઓ દ્વારા શકિત મળી રહી છે.

આચાર્ય નીચેનો મંત્ર બોલીને બ્રહ્મચારીને દંડ આપે :

**ૐ યો મે દંડઃ પરાપતદ્, વૈહાયસોऽધિભૂમ્યામ્ ।**
**તમહં પુનરાદદऽ આયુષે, બ્રહ્મણે બ્રહ્મવર્ચસાય ।**

- પાર. ગૃ. સૂ. ૨.૨.૧૨

## ॥ યજ્ઞોપવીત પૂજન ॥

જનોઈ ગાયત્રી માતાની મૂર્તિ છે. તે ધારણ કરતા પહેલાં એની શુદ્ધિ કરી પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. જનોઈને સૌપ્રથમ પવિત્ર કરવી જોઈએ. એને શુદ્ધ જળથી, શક્ય હોય તો ગંગાજળથી ધોવી કે જેથી એની પર પડેલા સ્પર્શના સંસ્કાર દૂર થઈ જાય. ત્યાર પછી એને બંને હથેળીઓ વચ્ચે રાખીને ૧૦ વખત ગાયત્રી મંત્રના માનસિક જપ કરવા. આટલું કરવાથી તે પવિત્ર અને અભિમંત્રિત થઈ જાય છે. પછી હાથમાં અક્ષત, પુષ્પ લઈ યજ્ઞોપવીત પૂજનનો મંત્ર બોલવો. મંત્ર પૂરો થતાં ફૂલચોખા જનોઈ પર ચઢાવી દેવા. ભાવના કરવી કે સૂત્રની બનેલી આ દેવપ્રતિમાને શુદ્ધ તથા સંસ્કારવાન બનાવીને એમાં રહેલા દેવત્વ પ્રત્યે પોતાની ભાવના સમર્પિત કરી રહ્યા છીએ.

**ૐ મનો જૂતિર્જુષતામાજ્યસ્ય, બૃહસ્પતિર્યજ્ઞમિમં**
**તનોત્વરિષ્ટં, યજ્ઞ ૐ સમિમં દધાતુ ।**
**વિશ્વે દેવાસ ઽ ઈહ માદયન્તામોઙ્પ્રતિષ્ઠ ।** - ૨૧૩

## ॥ પંચદેવ આવાહન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, યજ્ઞ અને સૂર્ય આ પાંચ દેવોને પાંચ દિવ્યભાવનાઓનું પ્રતીક માનવામાં આવ્યા છે. બ્રહ્મા અર્થાત્ આત્મબળ, વિષ્ણુ અર્થાત્ સમૃદ્ધિ, મહેશ અર્થાત્ વ્યવસ્થા, યજ્ઞ અર્થાત્ પરમાર્થ, સૂર્ય અર્થાત્ પરાક્રમ. આ પાંચેય ગુણોને દેવો માનીને આપણે જનોઈના માધ્યમથી આપણા હૃદય તથા કલેજા પર ધારણ કરીએ અર્થાત્ એમને આપણી આસ્થા તથા પ્રકૃતિનું અંગ બનાવીએ તો જ સાચા અર્થમાં આપણું કલ્યાણ થઈ શકે. દેવો ભાવનાઓનું પ્રતિબિંબ છે.

(૧) **બ્રહ્મા :** જીવનનાં ભૌતિક તથા આત્મિક બંનેય પાસાંનો વિકાસ થવો જોઈએ. આપણે આત્મબળ સંપન્ન બનવા સંયમી, સદાચારી, મધુરભાષી, શાલીન, સજ્જન, ઈમાનદાર, આસ્તિક તથા સદ્ગુણી બનવું જોઈએ. જેનું જીવન અને વ્યક્તિત્વ પવિત્ર તથા સદ્ભાવનાયુક્ત હોય એનું જ આત્મબળ વધે છે. આ માટે જ બ્રહ્માજીનું આવાહન કરવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** જનોઈ ઊકેલીને એને બંને હાથના અંગૂઠામાં ભરવી દેવી, જેથી ફરીથી ગૂંચવાઈ ન જાય. પછી એને બંને હાથના સંપુટમાં લેવી. મંત્રોચ્ચારની સાથે ભાવના કરવી કે બ્રહ્માજીની શકિતનો પ્રવાહ આ સૂત્રમાં સ્થાપિત થઈ રહ્યો છે. મંત્ર પૂરો થતાં બંને હાથ મસ્તકે લગાડવા.

**ૐ બ્રહ્મ જજ્ઞાનં પ્રથમં પુરસ્તાદ્, વિસીમતઃ સુરુચો વેનઽઆવઃ । સબુધ્ન્યા ઽઉપમા ઽઅસ્ય વિષ્ઠાઃ, સતશ્ચ યોનિમ-સતશ્ચ વિવઃ ॥ ૐ બ્રહ્મણે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।** - ૧૩.૩, અથર્વ ૫.૬.૧

**(૨) વિષ્ણુ :** વિષ્ણુ લક્ષ્મીના સ્વામી છે. આપણે પણ દીન, દરિદ્ર, હીન, પરાવલંબી તથા ગઈગુજરી સ્થિતિમાં ના પડી રહેવું જોઈએ. સ્વાસ્થ્ય, શિક્ષણ, કુશળતા વગેરે ગુણો વધારવા જોઈએ, કે જેથી સુખસગવડનાં સાધનો તથા સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકાય. આપણી સર્વાંગી પ્રતિભા અને યોગ્યતા વધારવી એ સમૃદ્ધિ પ્રાપ્ત કરવાનો સાચો માર્ગ છે. એ સમૃદ્ધિનો ઉપયોગ જો પોતાની તથા બીજાઓની સુવિધા વધારવા માટે કરવામાં આવે તો એનાથી લોક તથા પરલોકની સુખશાંતિમાં વધારો થશે. વિષ્ણુ ભગવાનનું આવાહન કરવાનો આ જ સંદેશ છે.

**ૐ ઈદં વિષ્ણુર્વિચક્રમે, ત્રેધા નિદધે પદમ્ । સમૂઢમસ્ય પાંꣳસૂરે સ્વાહા ॥ ૐ વિષ્ણવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ ધ્યાયામિ ।** - ૫.૧૫

**(૩) મહેશ :** મહેશનો અર્થ છે નિયંત્રણ, વ્યવસ્થા, ક્રમબદ્ધતા, યોગ્યની પસંદગી. બ્રહ્માને ઉત્પાદનના, વિષ્ણુને પાલનના અને શિવને સંહારના દેવતા માનવામાં આવ્યા છે. સંહારનો અર્થ છે બિનઉપયોગી અને અયોગ્ય તત્ત્વોને દૂર કરવાં. આપણી અડધા કરતાં વધારે શકિત અવ્યવસ્થા અને અનૌચિત્યના કારણે વેડફાઈ જાય છે. એ બચાવવી જોઈએ. એ માટે જ શિવનું આવાહન કરવામાં આવે છે.

**ॐ નમસ્તે રુદ્ર મન્યવઙ, ઉતો તઙઈષવે નમઃ । બાહુભ્યામુત તે નમઃ । ॐ રુદ્રાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ॥** - ૧૬.૧

(૪) **યજ્ઞ** : પરમાર્થ આત્મબળ વધારવાનું એક શકિતશાળી માધ્યમ છે. યજ્ઞનો અર્થ પરમાર્થ છે. ધાર્મિક વ્યકિત એને જ કહેવાય જેના જીવનમાં સેવા, ઉદારતા, સહાયતા તથા પરોપકારની વૃત્તિ હોય. એને બધા પોતાના લાગે છે. જેને બધા પ્રત્યે પ્રેમ હોય એ જ સાચો અધ્યાત્મવાદી કહેવાય. આધ્યાત્મિક મનુષ્યે પોતાના જીવનમાં પરમાર્થને સ્થાન આપવું જોઈએ. બ્રહ્મ અને યજ્ઞ આ બે દેવોની વ્યકિતગત જીવનમાં પવિત્રતા અને લોકસેવાની પ્રવૃત્તિ અપનાવવાથી આત્મબળ વધે છે અને દેવત્વ તરફ પ્રગતિ થાય છે.

જનોઈ ખોલીને બંને હાથના અંગૂઠા તથા ટચલી આંગળીમાં ભેરવીને યજ્ઞ ભગવાનની સામે ધરો.

**ॐ યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાઃ, તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ।**
**તે હ નાકં મહિમાનઃ સચન્ત, યત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ॥**
**ॐ યજ્ઞપુરુષાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।**
- ૩૧.૧૬

(૫) **સૂર્ય** : સૂર્ય અર્થાત્ તેજસ્વિતા, પરાક્રમ તથા શ્રમશીલતા. સૂર્યની જેમ આપણે આપણા કાર્યમાં સતત લાગ્યા રહીએ, પરિશ્રમને આપણા ગૌરવનો આધાર માનીએ. આળસ અને પ્રમાદને આપણી પાસે પણ ન ફરકવા દઈએ. સદાય જાગરૂક અને ચેતનવંતા રહીએ. પુરુષાર્થી બનીએ. મનમાં આત્મહીનતા અને દીનતાની ભાવના ન આવવા દઈએ. તેજસ્વી બનીએ. સૂર્યની સાચી પૂજા એક પગ પર ઊભા રહી લોટો પાણી સૂર્યની સામે રેડી દેવાથી નહિ, પરંતુ એની પ્રેરણાઓને જીવનમાં અપનાવવાથી થાય છે. જનોઈ બંને હાથમાં લઈ હાથ ઊંચા કરવા. સૂર્ય ભગવાનનું ધ્યાન ધરો -

**ॐ આકૃષ્ણેન રજસા વર્તમાનો, નિવેશયન્નમૃતં મર્ત્યં ચ ।**
**હિરણ્યયેન સવિતા રથેના, દેવો યાતિ ભુવનાનિ પશ્યન્ ॥**

**ૐ સૂર્યાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।**

- ૩૩.૪૩

## ॥ યજ્ઞોપવીત ધારણ ॥

**શિક્ષણ અને પ્રેરણા :** કોઈ પણ વસ્ત્ર કે આભૂષણની શોભા તેને શરીર પર ધારણ કરવામાં આવે તો જ વધે છે. જનોઈ ધારણ કરતી વખતે ધ્યાનમાં રાખવું કે એ માત્ર સૂત્ર નથી. એના માધ્યમથી જીવનમાં દિવ્યતા અને આદર્શવાદિતાને ધારણ કરવામાં આવી રહી છે. એને ધારણ કર્યા વગર મનુષ્યમાં માનવતાનો વિકાસ થવો શકય નથી.

**ક્રિયા અને ભાવના :** પાંચ જનોઈધારી વ્યકિત ભેગા મળીને જનોઈ પહેરાવે છે. એનો ભાવ એ છે કે આ ક્ષેત્રમાં નવા પ્રવેશ કરનારને અનુભવીઓનો સહયોગ તથા માર્ગદર્શન મળતું રહેશે. પહેરાવનારા જ્યારે જનોઈ પકડે ત્યારે ધારણ કરનારે છોડી દેવી. જમણો હાથ ઊંચો કરવો. મંત્ર સાથે જનોઈ પહેરાવી દેવી. મંદિરમાં મૂર્તિની સ્થાપના કરવા જેવો દિવ્યભાવ રાખવો.

**ૐ યજ્ઞોપવીતં પરમં પવિત્રં, પ્રજાપતેર્યત્સહજં પુરસ્તાત્ ।**
**આયુષ્યમગ્ર્યં પ્રતિમુંચ શુભ્રં, યજ્ઞોપવીતં બલમસ્તુ તેજઃ ॥**

- પાર. ગૃ. સૂ. ૨.૨.૧૧

## ॥ સૂર્યદર્શન ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** ત્યાર પછી સૂર્યદર્શન તથા સૂર્ય અર્ઘ્યદાનની ક્રિયા આવે છે. બટુક સૂર્ય ભગવાનનાં દર્શન કરે છે અને ત્રણ અંજલિ જળ ચઢાવે છે.

સૂર્ય સમાન તેજસ્વી બનવું, ઉષ્ણતા ધારણ કરવી, ગતિશીલ રહેવું, લોકકલ્યાણ માટે જીવન સમર્પિત કરવું, અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરવો, પોતાના પ્રકાશથી બીજાઓને પણ પ્રકાશિત કરવા જેવી અનેક પ્રેરણાઓ સૂર્યદર્શન વખતે ગ્રહણ કરી શકાય. સૂર્ય આગળ વધે છે, પણ સાથે પોતાના બીજા ગ્રહો તથા ઉપગ્રહોને પણ ખેંચી જાય છે. એ જ રીતે જનોઈધારીએ પોતે તો પ્રગતિના માર્ગે આગળ વધારવાનું જ છે, પરંતુ

સાથે આસપાસના લોકોને પણ શ્રેષ્ઠ માર્ગે આગળ વધારવાના છે. સૂર્યોદય તથા સૂર્યાસ્તની જેમ મનુષ્યે પણ લાભ કે નુકસાનમાં ધૈર્ય ધરી એકસરખું સંતુલન રાખવું જોઈએ. સંપત્તિથી છકી ન જવું અને વિપત્તિમાં રડવા ન બેસવું. તડકાછાંયાની જેમ જીવનમાં પણ સુખદુઃખ આવ્યા કરે છે. એમના પ્રત્યે તટસ્થભાવ રાખી હસતાં હસતાં એમનો સામનો કરવો જોઈએ. સૂર્યની જેમ પોતાના લક્ષ્ય તરફ સતત આગળ વધતા રહેવું જોઈએ. સૂર્યની જેમ હંમેશાં બીજાઓનું કલ્યાણ કરતા રહેવું જોઈએ. ભગવાન ભાસ્કરના લીધે જ વરસાદ પડે છે. સૂર્યનાં કિરણોની ગરમી નિર્જીવ પ્રકૃતિને સજીવ બનાવે છે. સંસારમાં જે જીવનતત્ત્વ છે તે સૂર્યમાંથી જ આવ્યું છે. એટલે જ સૂર્યને જગતનો આત્મા કહ્યો છે. આપણે પણ સૂર્ય ભગવાનની રીતિનીતિ અપનાવવી જોઈએ અને શ્રદ્ધાપૂર્વક ત્રણવાર અંજલિ આપતાં શરીર, મન અને ધનથી આ આદર્શો અપનાવવા તત્પર રહેવાની ભાવના રાખવી જોઈએ.

**ક્રિયા અને ભાવના :** મંત્રોચ્ચારની સાથે સૂર્યનારાયણનું ધ્યાન ધરવું. હાથ જોડી નમસ્કાર કરવા ભાવના કરવી કે જગતના આત્મારૂપી સૂર્ય જેવી રીતે સમગ્ર પ્રકૃતિને શકિત આપે છે તેવી રીતે એમનો સૂક્ષ્મ પ્રવાહ અમને પણ મળી રહ્યો છે અને અમે એને ધારણ કરી રહ્યા છીએ.

**ૐ તચ્ચક્ષુર્દેવહિતં પુરસ્તાચ્છુક્રમુચ્ચરત્ । પશ્યેમ શરદઃ શતં, જીવેમ શરદઃ શત ઌં,શૃણુયામ શરદઃ શતં, પ્રબ્રવામ શરદઃ શતમદીનાઃ, સ્યામ શરદઃ શતં, ભૂયશ્ચ શરદઃ શતાત્ ॥**

- ૩૬.૨૪

## ॥ ત્રિપદાપૂજન ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** ગાયત્રી માતાનાં ત્રણ ચરણ છે. જનોઈની ત્રણ લટો એનું પ્રતીક છે. એમને ગાયત્રી, સરસ્વતી અને સાવિત્રી રૂપે ઓળખવામાં આવે છે. એમની પ્રતિનિધિ ધારાઓ ક્રમશઃ શ્રદ્ધા, પ્રજ્ઞા અને નિષ્ઠા છે. તે મનુષ્યનાં કારણ, સૂક્ષ્મ અને સ્થૂળ શરીરોને નિયંત્રિત અને વિકસિત કરે છે. એમની મદદથી જ દેવઋણ, ઋષિઋણ તથા પિતૃઋણમાંથી મુકત થઈ શકાય છે. એમને જ ભકિત, જ્ઞાન અને કર્મની

ગંગોત્રી માનવામાં આવે છે. એમનો મર્મ સમજવાના તથા અનુસરણ કરવાના ભાવથી ત્રિપદા પૂજનમાં આ જ ત્રણ શક્તિઓનું પૂજન કરવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** પૂજનવેદી પર બનાવેલી ચોખાની ત્રણ ઢગલીઓને ગાયત્રી, સરસ્વતી તથા સાવિત્રીનું પ્રતીક માનીને મંત્ર બોલીને ફૂલચોખા ચઢાવવાં. ભાવના કરવી કે ઉપલી સપાટીએ રહેલું પાણી નીચી સપાટી તરફ આવી રહ્યું છે. એ શક્તિઓનું પૂજન કરીને એમના પ્રવાહને આપણે પ્રાપ્ત કરી રહ્યા છીએ. ગાયત્રી પૂજનની સાથે શ્રદ્ધા; સરસ્વતીની સાથે પ્રજ્ઞા અને સાવિત્રી પૂજનની સાથે નિષ્ઠામાં વધારો થઈ રહ્યો છે એવી ભાવના કરવી.

## ॥ ગાયત્રી પૂજન ॥

**ૐ તા ૐ સવિતુર્વરેણ્યસ્ય, ચિત્રામાઽહં વૃણે સુમતિ વિશ્વજન્યામ્ । યામસ્ય કણ્વો અદુહત્પ્રપીના ૐ સહસ્રધારાં પયસા મહીં ગામ્ । ૐ ભૂર્ભુવઃ સ્વઃ ગાયત્ર્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ - ૧૭.૭૪**

## ॥ સરસ્વતી પૂજન ॥

**ૐ પાવકા નઃ સરસ્વતી, વાજેભિર્વાજિનીવતી । યજ્ઞં વષ્ટુ ધિયાવસુઃ ॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ સરસ્વત્યૈ નમઃ ।**
**આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ । - ૨૦.૮૪**

## ॥ સાવિત્રી પૂજન ॥

**ૐ સવિત્રા પ્રસવિત્રા સરસ્વત્યા, વાચા ત્વષ્ટ્રા રૂપૈઃ પૂષ્ણા પશુભિરિન્દ્રેણાસ્મે, બૃહસ્પતિના બ્રહ્મણા વરુણેનૌજસાઽગ્નિના, તેજસા સોમેન રાજ્ઞા વિષ્ણુના, દશમ્યા દેવતયા પ્રસૂતઃ પ્રસર્પામિ ॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ સાવિત્ર્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ॥ - ૧૦.૩૦**

# ॥ દીક્ષા પ્રકરણ ॥

યજ્ઞોપવીત સંસ્કારની સાથે દીક્ષા અનિવાર્યરૂપે જોડાયેલી છે. ઘણીવાર પ્રતિનિધિ રૂપમાં આસ્થાવાન વ્યકિતઓને દીક્ષા આપવી પડે છે. બંને ય પ્રકરણોમાં દીક્ષાના ઉદ્દેશ્ય, મહત્ત્વ અને મર્યાદાઓ તરફ એમનું ધ્યાન દોરવું જોઈએ.

**મહત્ત્વ અને મર્યાદાઓ :** દીક્ષા મેળવવા માટે લોકો મોટે ભાગે શ્રદ્ધાવશ પહોંચી જાય છે. દીક્ષા આપતાં પહેલાં એમને એનું મહત્ત્વ અને મર્યાદાઓ બતાવી દેવાં જોઈએ.

(૧) ગુરુદીક્ષા સામાન્ય કર્મકાંડ નથી. એક સૂક્ષ્મ આધ્યાત્મિક પ્રયોગ છે. એના દ્વારા શિષ્ય પોતાની શ્રદ્ધા અને સંકલ્પના સહારે ગુરુના સમર્થ વ્યકિતત્વની સાથે જોડાય છે. કર્મકાંડ એ સૂક્ષ્મ પ્રક્રિયાનું એક અંગ છે.

(૨) દીક્ષામાં સમર્થ ગુરુના પ્રાણનો એક અંશ શિષ્યને આપવામાં આવે છે. આ કાર્ય સમર્થ ગુરુ જ કરી શકે છે. એમના પ્રાણનું અનુદાન દીક્ષા લેનારને મળે છે. કર્મકાંડ કરાવનાર તો માત્ર એક સેવક હોય છે.

(૩) વ્યકિત પોતાના પુરુષાર્થથી આગળ વધે છે. છોડ પોતાનાં મૂળિયાં દ્વારા જીવતો રહે છે અને વધે છે, પરંતુ જો કોઈ વૃક્ષની કલમ એ સામાન્ય છોડ પર લગાડવામાં આવે તો એના ઉત્પાદનમાં ભારે પરિવર્તન આવી જાય છે. દીક્ષામાં સાધક રૂપી સામાન્ય છોડ ઉપર ગુરુરૂપી શ્રેષ્ઠ વૃક્ષની કલમ પ્રાણાનુદાનના સ્વરૂપે સ્થાપિત કરવામાં આવે છે. સાધક એનો અનુપમ લાભ ઉઠાવી શકે છે.

(૪) કલમ લગાડવી એ એક કાર્ય છે. એ કાર્ય ગુરુ દ્વારા કરવામાં આવે છે. એનું રક્ષણ કરવું અને એનો વિકાસ કરવો એ બીજું કામ છે. એ માટે શિષ્યે પુરુષાર્થ કરવો પડે છે. દીક્ષા લેનારાઓએ પોતાની આ જવાબદારી પ્રત્યે જાગૃત રહેવું જોઈએ. આ માટે ગુરુના વિચારોના સતત સંપર્કમાં રહેવું જોઈએ. મિશનનાં સામયિકો તથા ગુરુદેવે લખેલાં પુસ્તકો દ્વારા માર્ગદર્શન મેળવતા રહેવું જોઈએ તથા એને અનુરૂપ પોતાનો જીવનક્રમ બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(૫) દીક્ષા પછી ગુરુશિષ્ય એકબીજાના પૂરક બની જાય છે. ગુરુ શિષ્યના ઉત્કર્ષ માટે પોતાની શકિત ખર્ચતા રહે છે, પરંતુ એ ત્યારે જ શકય છે કે જ્યારે શિષ્યની શકિત ગુરુનાં કાર્યો અર્થાત્ લોકકલ્યાણનાં કાર્યો માટે નિયમિત રૂપે મળતી રહે. આને દેવત્વની ભાગીદારી કહેવામાં આવે છે. શિષ્યે પોતાનો સમય, પ્રભાવ, પુરુષાર્થ, જ્ઞાન તથા ધનનો એક અંશ ગુરુના કાર્ય માટે ખર્ચવો પડે છે. જો આ ક્રમ ચાલતો રહે તો ગુરુએ લગાડેલી કલમ અવશ્ય ફળે છે.

**ક્રમ વ્યવસ્થા :** જો યજ્ઞોપવીતની સાથે દીક્ષાક્રમ ચલાવવાનો હોય તો ત્રિપદા પૂજન પછી ગુરુપૂજન અને નમસ્કાર કરાવીને દીક્ષા આપવી. જો દીક્ષાક્રમ અલગ ચાલતો હોય તો નીચે લખ્યા પ્રમાણે ક્રમ ચલાવવો :

(૧) ષટ્કર્મ : પવિત્રીકરણ, આચમન, શિખાવંદન, પ્રાણાયામ, ન્યાસ તથા ભૂમિપૂજન કરાવવું. એની સાથે ટૂંકમાં ભાવભરી વ્યાખ્યાઓ કરતા જવું.

(૨) ત્યાર પછી દેવપૂજન અને સર્વદેવ નમસ્કાર કરાવવા.

(૩) નમસ્કાર પછી હાથમાં અક્ષતપુષ્પ લઈને સ્વસ્તિવાચન કરાવવું એ અક્ષતપુષ્પ એકઠાં કરી લેવાં. ત્યાર પછી સ્વયંસેવકો દ્વારા નાડાછડી બંધાવી તિલક કરાવવું. એના મંત્રો સંચાલક બોલતા રહે.

જો દીક્ષાક્રમ યજ્ઞની સાથે ચાલી રહ્યો હોય તો પહેલાં જે ઉપચાર થઈ ગયા હોય તે ફરી કરાવવા જરૂરી નથી. એવા વખતે ગુરુપૂજન કરાવીને દીક્ષા આપવી.

## ॥ ગુરુપૂજન ॥

જેવી રીતે ભગવાન એક મૂર્તિ નહિ, ચેતના છે, એવી જ રીતે ગુરુને વ્યકિત નહિ, ચેતના રૂપ માનવા જોઈએ. જે ઈશ્વરને મૂર્તિ કે ચિત્ર જ માને છે, તે ઈશ્વરીય સત્તાનો પૂરતો લાભ મેળવી શકતો નથી. જેવી રીતે ઈશ્વર સર્વસમર્થ છે, પણ ભકતની શ્રદ્ધા અને ભાવના પ્રમાણે જ ફળ આપે છે, તેવી જ રીતે ગુરુ પણ શિષ્યની આસ્થા પ્રમાણે જ ફળ આપે છે. આ ધ્યાનમાં રાખીને ગુરુવંદનાની સાથે અંતઃકરણમાં

ગુરુચેતનાનું પ્રગટીકરણ થવાની પ્રાર્થના કરવી.

**ક્રિયા અને ભાવના :** ગુરુના ચિત્ર ઉપર મંત્રની સાથે અક્ષતપુષ્પ ચઢાવડાવવાં અને એમનું પૂજન કરવું. ત્યાર પછી હાથ જોડીને ભાવભરી વંદના કરવી. ભાવના કરવી કે એમની કૃપાથી એમને ચેતનારૂપમાં સમજવાની તથા અપનાવવાની ચેતનાનો વિકાસ થઈ રહ્યો છે.

**ૐ બૃહસ્પતે ઽઅતિ યદર્યો, અર્હાદ્દ્યુમદ્વિભાતિ ક્રતુમજ્જનેષુ । યદીદયચ્છવસઽ ઋતપ્રજાત, તદસ્માસુ દ્રવિણં ધેહિ ચિત્રમ્ । ઉપયામગૃહીતોઽસિ બૃહસ્પતયે, ત્વૈષ તે યોનિર્બૃહસ્પતયે ત્વા ।**
**ૐ શ્રી ગુરવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ । તતો નમસ્કારં કરોમિ ।**

– ૨૬.૩, તૈ. સં. ૧. ૮. ૨૨.૨ ઋ. ૨.૨૩.૧૫

**ૐ વન્દે બોધમયં નિત્યં, ગુરું શંકરરૂપિણીમ્ ।**
**યમાશ્રિતો હિ વક્રોઽપિ, ચન્દ્રઃ સર્વત્ર વન્દ્યતે ॥**
**અજ્ઞાનતિમિરાન્ધસ્ય, જ્ઞાનાંજનશલાકયા ।**
**ચક્ષુરુન્મીલિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**
**નમોઽસ્તુ ગુરવે તસ્મૈ, ગાયત્રીરૂપિણે સદા ।**
**યસ્ય વાગમૃતં હન્તિ, વિષં સંસારસંજ્ઞકમ્ ॥**
**માતૃવત્ લાલયિત્રી ચ, પિતૃવત્ માર્ગદર્શિકા ।**
**નમોઽસ્તુ ગુરુસત્તાયૈ, શ્રદ્ધાપ્રજ્ઞાયુતા ચ યા ॥**

## ॥ મંત્રદીક્ષા ॥

**શિક્ષણ અને પ્રેરણા :** ગાયત્રી મંત્ર આમ તો એક છંદ છે, પ્રાર્થના છે. ગુરુ જ્યારે એની સાથે પોતાનાં તપ, પુણ્ય અને પ્રાણને જોડી દે છે ત્યારે તે મંત્ર બની જાય છે. આ બધું આપવાની શક્તિ જેનામાં ના હોય તે જો દીક્ષા આપવાનો પ્રયત્ન કરે. તો તે પાપનો ભાગીદાર બને છે. સ્વયંસેવક ભાવથી ગુરુની ચેતનાનો પ્રવાહ દીક્ષા લેનાર વ્યક્તિ સાથે જોડવામાં આપણી સદ્ભાવનાનો ઉપયોગ કરવો જોઈએ.

**ક્રિયા અને ભાવના :** સાધકોને સાવધાન થઈને બેસવાનું કહેવું. 'કમર સીધી, હાથની આંગળીઓ એકબીજામાં ફસાવીને બંને અંગૂઠા એક સાથે સીધા રાખવા. સાધક એ અંગૂઠાના નખ ઉપર પોતાની નજર સ્થિર રાખે.આવી સ્થિતિ મંત્રદીક્ષા ચાલે ત્યાં સુધી બનાવી રાખવી. આમતેમ બીજે કયાંય ન જોવું. મંત્રદીક્ષા પછી જ્યારે સિંચન થઈ જાય ત્યાર પછી જ નજર હટાવવી. ઉપર પ્રમાણેની મુદ્રા બનાવ્યા પછી કર્મકાંડ કરાવનાર સ્વયંસેવકે ગુરુદેવનું ધ્યાન કરીને ગાયત્રી મંત્રનો એક એક શબ્દ બોલવો. દીક્ષા લેનારા એને દોહરાવે. આ રીતે ત્રણવાર ગાયત્રી મંત્ર દોહરાવવો.

ભાવના કરવી કે ગુરુની દિવ્યશકિત, એમનાં તપ, પુણ્ય અને પ્રાણનો એક અંશ મંત્રના અક્ષરોની સાથે સાધકની અંદર સ્થાપિત થઈ રહ્યો છે. એને યોગ્ય મનોભૂમિ બનાવતાં તે ફલિત થશે.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ । ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥** - ૩૬.૩

## ॥સિંચન-અભિષેક॥

**શિક્ષણ તથા પ્રેરણા** : વૃક્ષ, બીજ કે કલમ આરોપિત કર્યા પછી એમને પાણી પાવું પડે છે. પાણી એમને અનુરૂપ શુદ્ધ હોવું જોઈએ. નહિ તો પ્રદૂષિત પાણીથી છોડ સુકાઈ જશે. ગુરુના અનુદાનને શ્રેષ્ઠ કર્મો તથા એમણે બતાવેલા નિયમોનું પાલન, ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક કરવાથી સીંચી શકાય છે. અભિષેક રાજાઓ, યોદ્ધાઓ કે સત્પુરુષોનો કરવામાં આવે છે. દીક્ષા લઈને નવું શ્રેષ્ઠ જીવન શરૂ કરનારને અભિનંદન આપવા માટે અભિસિંચન કરવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** થોડાક સ્વયંસેવકો કળશ લે. આંબાનાં પાન, દર્ભ કે ફૂલ દ્વારા મંત્રની સાથે દીક્ષા લેનારાઓ પર અભિસિંચન કરવું. ભાવના કરવી કે સિંચનની સાથે દેવશકિતઓ તથા સદ્ભાવોની વર્ષા થઈ રહી છે. સાધકોની સાધના ફળે એવું વાતાવરણ બની રહ્યું છે.

**ૐ આપો હિ ષ્ઠા મયોભુવઃ, તાનઽઊર્જે દધાતન । મહે રણાય ચક્ષસે । ૐ યો વઃ શિવતમો રસઃ, તસ્ય ભાજયતેહ**

નઃ। ઉશતીરિવ માતરઃ । ૐ તસ્મા ઽઅરં ગમામ વો, યસ્ય ક્ષયાય જિન્વથ । આપોજનયથા ચ નઃ ॥

– ૩૬-૧૪-૧૬, ૧૧. ૫૦- ૫૨

જો ફક્ત મંત્રદીક્ષાનો જ કાર્યક્રમ હોય તો સિંચન પછી ગુરુદક્ષિણા સંકલ્પ કરાવવો. યજ્ઞોપવીતની સાથે દીક્ષા આપવામાં આવી હોય તો યજ્ઞોપવીતનાં બાકીનાં કર્મ પૂરાં કરાવવાં.

## ॥ ભિક્ષાચરણ ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** ગુરુદક્ષિણા દ્વારા સાધક પોતાની વિકાસની સુનિશ્ચિત મર્યાદા ઘોષિત કરે છે. સારાં કાર્યો માટે ગુરુને દાન આપે છે, પરંતુ એટલાથી પતી જતું નથી. સત્કાર્યોમાં પોતાની સાથે બીજાઓને જોડવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ. આ માટે જેની આપવાની ઈચ્છા અને સ્થિતિ હોય એમની પાસેથી એ લઈને સત્કાર્યો પાછળ ખર્ચવું તેને પરમ પવિત્ર કર્તવ્ય માનવામાં આવ્યું છે. ભિક્ષાની પરંપરા આ દૃષ્ટિએ શ્રેષ્ઠ માનવામાં આવતી હતી. શિષ્ય આ પરિપાટીનું પાલન કરવાનું સાહસ કરે. પોતાના અહંકારને ઓગાળીને લોકોનો સહયોગ ગુરુના કાર્ય માટે પ્રાપ્ત કરવો જોઈએ. આ જ ભાવથી જનોઈની સાથે ભિક્ષાચરણનો ક્રમ જોડવામાં આવ્યો છે.

**ક્રિયા અને ભાવના :** શિષ્ય દુપટ્ટાની ઝોળી બનાવીને ભિક્ષા માગે, પહેલાં માની પાસે જાય અને કહે, **"ભવતિ ભિક્ષાં દેહિ."** પછી પિતા પાસે જઈને કહે, **"ભવાન્ ભિક્ષાં દેહિ."** પછી આ રીતે કહેતાં કહેતાં પોતાના કુટુંબીજનો તથા અન્ય લોકો પાસે યાચના કરે. જે મળે તે ગુરુની આગળ મૂકી દે. ભિક્ષા આપનારાઓને ચોખા આપવા. પોતાના તરફથી જો તેઓ કંઈ આપવા ઈચ્છે તો આપી શકે.

**"ભવતિ ભિક્ષાં દેહિ"** (મહિલાઓને) અને **"ભવાન્ ભિક્ષાં દેહિ"** (પુરુષોને) કહેતાં ભિક્ષા પૂરી કરીને મળેલી વસ્તુઓ ગુરુની આગળ ચઢાવી દેવી.

## ॥ વેદપૂજન-અધ્યયન ॥

વેદોનો સાર ગાયત્રી છે. ગાયત્રીને જ વેદમાતા, વેદબીજ યા

વેદોનું મૂળ કહેવામાં આવે છે. વેદમાતા ગાયત્રીના નિર્દેશોને અનુરૂપ જીવનનિર્માણની પોતાની શ્રદ્ધાના પ્રતીક રૂપે વેદ ભગવાનનું પૂજન કરવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** હાથમાં અક્ષતપુષ્પ લઈને વેદોનું પૂજન કરવું. પછી નીચે આપેલા દરેક વેદનો એક એક મંત્ર બોલાવડાવવો. આચાર્ય બોલે અને દીક્ષા લેનાર દોહરાવે.

**ૐ વેદોઽસિ યેન ત્વં દેવ વેદ દેવેભ્યો વેદોઽભવસ્તેન મહ્યં વેદો ભૂયાઃ । દેવા ગાતુવિદો ગાતું વિત્ત્વા ગાતુમિત । મનસસ્પત ઽઈમં દેવ યજ્ઞ ँ સ્વાહા વાતે ધાઃ ॥ ૐ વેદપુરુષાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ॥** - ૨. ૨૧

## ॥ વેદાધ્યયન ॥

**ૐ અગ્નિમીળે પુરોહિતં યજ્ઞસ્ય દેવમૃત્વિજમ્ । હોતારં રત્નધાતમમ્ ॥** - ઋ. ૧. ૧. ૧

**ૐ ઈષે ત્વોર્જે ત્વા વાયવ સ્થ દેવો વઃ સવિતા પ્રાર્પયતુ શ્રેષ્ઠતમાય કર્મણઽ આપ્યાયધ્વ મઘ્ન્યાઽ ઈન્દ્રાય ભાગં પ્રજાવતીરનમીવા અયક્ષ્મા મા વ સ્તેન ઽઈશત માઘશ ँ સો ધ્રુવાઽ અસ્મિન્ ગોપતૌ સ્યાત બહ્વીર્યજમાનસ્ય પશૂન્પાહિ ॥** - ૧. ૧

**ૐ અગ્ન આ યાહિ વીતયે ગૃણાનોહવ્ય દાતયે । નિહોતા સત્સિ બર્હિષિ ॥** - સામ. ૧. ૧. ૧

**ૐ યે ત્રિષપ્તાઃ પરિયન્તિ વિશ્વારૂપાણિ બિભ્રતઃ ।**
**વાચસ્પતિર્બલા તેષાં તન્વોઽ અદ્ય દધાતુ મે ॥**
- અથર્વ. ૧. ૧. ૧

## ॥ વિશેષ આહુતિ ॥

એના પછી અગ્નિસ્થાપનથી ગાયત્રી મંત્રની આહુતિ સુધીનો ક્રમ પૂરો કરવો. ત્યાર પછી વિશેષ આહુતિઓ આપવી.

**શિક્ષણ તથા પ્રેરણા :** યજ્ઞોપવીત એક વ્રતબંધન છે. વ્રતશીલ તેજસ્વી જીવન જીવવાની શરૂઆત અહીંથી કરવામાં આવે છે. આ વ્રતશીલતા માટે પાંચ વ્રતપતિ દેવોના નામની આહુતિઓ આપવામાં આવે છે. આ દેવશકિતઓ છે-અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્ર અને ઇંદ્ર. અગ્નિ ઉષ્મા (ગરમી), પ્રકાશ, ઊંચે જવું, બધાને વહેંચી દેવું અને પોતાની પાસે કંઈ ન રાખવું વગેરે પ્રેરણાઓ આપે છે.

વાયુ સતત ગતિશીલતા, જીવોના પ્રાણના રક્ષણ માટે પોતે એમના સુધી જવું, સુગંધ, વાદળો વગેરેને ફેલાવવાં તથા બીજે પહોંચાડવાં વગેરે પ્રેરણા આપે છે.

સૂર્ય પ્રકાશ, નિયમિતતા, સતત ચાલતા રહેવું, ભેદભાવ વગર બધાને પોતાનો લાભ આપવો જેવું શ્રેષ્ઠ શિક્ષણ આપે છે.

ચંદ્ર સ્વયં પ્રકાશિત નથી, એમ છતાંય પ્રકાશ આપે છે. પોતે સૂર્યનો તાપ સહન કરીને આપણને શીતળ ચાંદની આપે છે. આવી સત્પ્રવૃત્તિઓના પ્રતીક ચંદ્રદેવ પૂજ્ય છે.

ઇન્દ્ર દેવત્વનું સંગઠન કરનારા છે. એક ન થવાથી જ દેવોની હાર થાય છે. દેવવૃત્તિઓનું એકીકરણ તથા હજાર આંખોથી સતત જાગરૂક રહેવાની પ્રેરણા ઇન્દ્રદેવ આપે છે.

**ક્રિયા અને ભાવના** - મંત્રની સાથે આહુતિઓ આપો. દરેક આહુતિ સાથે ભાવના કરો કે આ દેવશકિતના પોષણ માટે આ અમારું યોગદાન (ફાળો) છે. તે અમને માર્ગદર્શન આપશે તથા અમારું સંરક્ષણ કરશે. એમના આશીર્વાદથી અમારું કલ્યાણ થશે.

**ૐ અગ્ને વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ તચ્છકેયમ્ ।**
**તેનર્ધ્યાસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ સ્વાહા ।**
**ઈદં અગ્નયે ઈદં ન મમ ।**

**ૐ વાયો વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ તચ્છકેયમ્ ।**
**તેનર્ધ્યાસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ સ્વાહા ।**
**ઈદં વાયવે ઈદં ન મમ ।**

**ૐ સૂર્ય વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ તચ્છકેયમ્ ।**

તેનધ્યાંસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ સ્વાહા ।
ઈદં સૂર્યાય ઈદં ન મમ ।

ॐ ચન્દ્ર વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ તચ્છકેયમ્ ।
તેનધ્યાંસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ સ્વાહા ।
ઈદં ચન્દ્રાય ઈદં ન મમ ।

ॐ વ્રતાનાં વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ તચ્છકેયમ્।
તેનધ્યાંસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ સ્વાહા ।
ઈદં ઈન્દ્રાય વ્રતપતયે ઈદં ન મમ । - મ. બ્રા. ૧. ૬. ૯-૧૩

## ॥ વૈશ્વાનર નમસ્કાર ॥

હાથ જોડીને અગ્નિદેવને નમસ્કાર કરો. ભાવના કરો કે યજ્ઞાગ્નિના સાન્નિધ્યથી અમને દેવત્વ પ્રાપ્ત થાય છે. એમના પ્રત્યે અમે શ્રદ્ધા પ્રગટ કરી રહ્યા છીએ.

**ॐ વૈશ્વાનરો નઽઊતયઽઆ પ્ર યાતુ પરાવતઃ । અગ્નિર્નઃ સુષ્ટુતીરુપ । ॐ વૈશ્વાનરાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।** - ૧૮. ૭૨

ત્યાર પછી પૂર્ણાહુતિ વગેરે કર્મ કરાવવાં. વિસર્જન પહેલાં ગુરુદક્ષિણા સંકલ્પ કરાવવો.

## ॥ ગુરુદક્ષિણા સંકલ્પ ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** દીક્ષાની સાથે વ્રતશીલતાની શરત જોડાયેલી છે. એક નક્કી કરેલા લક્ષ્ય માટે સુનિશ્ચિત સાધનાક્રમ બનાવવો એને વ્રત કહે છે. જે મનુષ્ય વ્રતના બંધનમાં બંધાતો નથી તે જીવનના ઢાંચાને બદલી શકતો નથી. એને બદલ્યા વગર દીક્ષા ફળતી નથી. આ ઢાંચાને બદલવા માટે જ ગુરુદક્ષિણા આપવામાં આવે છે. પોતાના સમય, પ્રભાવ, પુરુષાર્થ તથા ધનનો એક અંશ ગુરુના આદેશ પ્રમાણે વાપરવાનો સંકલ્પ ગુરુદક્ષિણામાં કરવાનો હોય છે. એના માટે ઓછામાં ઓછા પચીસ પૈસાથી એક રૂપિયો અને બે કલાકનો સમય દરરોજ કાઢવો જોઈએ. આનાથી વધારે આપવા ઈચ્છતા હોય તેઓ મહિનામાં એક દિવસની આવક આપી શકે છે. દીક્ષા લેનારના સંકલ્પપત્રો પહેલેથી

ભરાવી લેવા જોઈએ.

દીક્ષા આપવાની સાથે ગુરુ પોતાની શક્તિ શિષ્યને આપે છે. શિષ્ય દક્ષિણા આપીને પોતાની પાત્રતા તથા પ્રામાણિકતા સાબિત કરે છે. દીક્ષા એક પ્રકારનો આધ્યાત્મિક આહાર છે. દક્ષિણા એને પચાવવાની ક્રિયા છે. દીક્ષા કલમ-લગાડવા જેવી પ્રક્રિયા છે, તો દક્ષિણા મૂળિયાંનો રસ એ કલમ સુધી પહોંચાડીને એને વિકસિત કરવાની પ્રક્રિયા છે.

**ક્રિયા અને ભાવના** : સાધકોના હાથમાં ફૂલચોખા આપીને દક્ષિણાનો સંકલ્પ બોલવો. ભાવના કરવી કે આ દિવ્ય આદાનપ્રદાન દ્વારા ગુરુ અને શિષ્યનું વ્યક્તિત્વ મળીને એક નવું વ્યક્તિત્વ બની રહ્યું છે.

**સંકલ્પ** : ગોત્ર અને નામ સુધી યથાવત્ ક્રમથી બોલવો. પછી આગળનો સંકલ્પ આ પ્રમાણે જોડવો-

**.... શ્રુતિસ્મૃતિપુરાણોક્ત- ફલપ્રાપ્ત્યર્થં મમ કાયિક- વાચિક માનસિક જ્ઞાતાજ્ઞાત સકલદોષનિવારણાર્થં, આત્મકલ્યાણ- લોકકલ્યાણાર્થં, ગાયત્રી મહાવિદ્યાયાં શ્રદ્ધાપૂર્વકં દીક્ષિતો ભવામિ । તન્નિમિત્તકં યુગઋષિ વેદમૂર્તિ તપોનિષ્ઠ પરમ પૂજ્ય ગુરુદેવ પં. શ્રીરામ શર્મા આચાર્યેણ, વન્દનીયા માતા ભગવતી દેવી શર્મણા ચ નિર્ધારિતાનિ અનુશાસનાનિ સ્વીકૃત્ય, તયોઃ પ્રાણતપઃ -પુણ્યાંશં સ્વાન્તઃકરણે દધામિ, તત્સાધયિતું ચ સમય - પ્રતિભા-સાધનાનાં એકાંશં.... નવનિર્માણકાર્યેષુ પ્રયોક્તુમ્ ગુરુદક્ષિણાયાઃ સંકલ્પં અહં કરિષ્યે ।**

સંકલ્પ બોલ્યા પછી પોતાનાં વ્રતોની જાહેરાત સાથે સંકલ્પપત્ર, દક્ષિણા, ફળ વગેરે ગુરુદેવના ચિત્રની આગળ ચઢાવડાવવાં. આચાર્યની ભૂમિકા નિભાવી રહેલા સ્વયંસેવક કે બીજા વરિષ્ઠ કાર્યકર્તા એમને તિલક કરે. દીક્ષા લેનાર વ્યક્તિ બધાને પ્રણામ-નમસ્કાર કરે. બધા લોકો એમની પર શુભકામના તથા આશીર્વાદરૂપે પુષ્પવૃષ્ટિ કરે. જયઘોષ વગેરે સાથે સંસ્કાર ક્રમ પૂરો કરવો.

❀ ❀ ❀

# ॥ લગ્ન સંસ્કાર ॥

**સંસ્કાર પ્રયોજન :** લગ્ન બે આત્માઓનું પવિત્ર બંધન છે. બે પ્રાણી પોતાના અલગ અસ્તિત્વને સમાપ્ત કરીને એક બને છે. સ્ત્રી અને પુરુષ બંનેમાં પરમાત્માએ અપૂર્ણતા રાખી છે. લગ્ન દ્વારા એ અપૂર્ણતાઓને પોતાની વિશેષતાઓ દ્વારા પૂર્ણ કરવામાં આવે છે. આ રીતે સમગ્ર વ્યક્તિત્વનું નિર્માણ થાય છે. તેથી લગ્નને માનવજીવનની એક જરૂરિયાત માનવામાં આવ્યું છે. એકબીજાને પોતાની યોગ્યતાઓ અને ભાવનાઓનો લાભ આપીને ગાડીનાં બે પૈડાંની જેમ પ્રગતિના માર્ગે આગળ વધવું તે લગ્નનો ઉદ્દેશ છે. દાંપત્યજીવનમાં વાસનાનું સ્થાન સાવ તુચ્છ છે. એનો મુખ્ય હેતુ તો બે આત્માઓના મળવાથી પેદા થતી એ મહાશક્તિનું નિર્માણ કરવાનો છે, જે બંનેના લૌકિક જીવન તથા આધ્યાત્મિક વિકાસમાં મદદરૂપ બને.

**લગ્નનું સ્વરૂપ :** આજે લગ્નો વાસનાપ્રધાન બનતાં જાય છે. રંગ, રૂપ તથા સાજસજ્જાને જ પતિપત્નીની પસંદગી વખતે ધ્યાનમાં રાખવામાં આવે છે એ ખરેખર દુર્ભાગ્યપૂર્ણ છે. જો લોકો આવું જ વિચારતા રહે તો દાંપત્યજીવન શરીરપ્રધાન બની જવાથી એક કાયદેસરનો વ્યભિચાર માત્ર બની જશે. ભારતની સ્થિતિ પણ પશ્ચિમના દેશો જેવી થઈ જશે. જો માત્ર શારીરિક રૂપ જ જોવામાં આવશે તો છૂટાછેડાનું પ્રમાણ ખૂબ વધી જશે. આજે મોટે ભાગે પત્નીની પસંદગી શારીરિક આકર્ષણને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે, પરંતુ થોડા દિવસો પછી એની પ્રતિક્રિયા પતિની પસંદગીમાં સામે આવશે. પછી સામાન્ય દેખાવવાળા કે કદરૂપા પુરુષોને કોઈ કન્યા પસંદ નહિ કરે. ત્યારે એમને દાંપત્યસુખથી વંચિત રહેવું પડશે. આથી આ ખરાબ પ્રવૃત્તિને અત્યારથી જ અટકાવવી જોઈએ. શારીરિક આકર્ષણના બદલે સદ્‌ગુણો અને સદાચારના આધારે જ પસંદગી કરવી જોઈએ. શરીર નહિ, આત્માનું સૌંદર્ય જોવું જોઈએ અને સાથીમાં જે ઊણપ હોય તેને પ્રેમ, સહિષ્ણુતા, આત્મીયતા તથા વિશ્વાસપૂર્વક સુધારવી જોઈએ. જો સુધારો ન થઈ શકે તો એને અસંતોષ રાખ્યા વગર સહન કરવી જોઈએ. આના ઉપર જ દાંપત્યજીવનની સફળતાનો આધાર રહેલો છે.

આથી સ્ત્રીપુરુષે એકબીજા પ્રત્યે આત્મસમર્પણનો ભાવ રાખીને જીવનવિકાસ કરવાની વાત વિચારવી જોઈએ.

પસંદગી કરતા સુધી સાથીને પસંદ કરવાની કે ન કરવાની છૂટ છે. જે કાંઈ જોવું તપાસવું હોય તે લગ્ન પહેલાં જ કરી લેવું જોઈએ. લગ્ન થઈ ગયા પછી એવું કહેવાની કોઈ શક્યતા જ નથી રહેતી કે ભૂલ થઈ ગઈ. પછી એમ કહીને સાથીની ઉપેક્ષા ન થઈ શકે. સાથીમાં જે કાંઈ ગુણદોષ જણાય તે સ્વીકારી લેવા જોઈએ અને પોતાના તરફથી કર્તવ્યપાલનમાં જરાય ઊણપ આવવા ન દેવી જોઈએ. આ માટે જ લગ્નસંસ્કાર કરાવવામાં આવે છે.

સમાજના આગેવાનોની, ગુરુજનોની, કુટુંબીઓ, સંબંધીઓની તથા દેવોની હાજરી આ ધર્માનુષ્ઠાનમાં એટલા માટે જરૂરી છે કે બંનેમાંથી કોઈ પછી પોતાના કર્તવ્યપાલનની ઉપેક્ષા ન કરે. જો કરે તો એને રોકે, ઠપકો આપે, પતિપત્ની બધાની હાજરીમાં પોતાના નિશ્ચયની, પ્રતિજ્ઞાની જાહેરાત કરે છે. આમ લગ્નસંસ્કાર, સાચા અર્થમાં એક પ્રતિજ્ઞા સમારોહ છે. આ સંસ્કાર વખતે બંનેએ એવી ભાવના દૃઢ કરવી જોઈએ કે તેઓ હવે પોતાના અલગ વ્યક્તિત્વને સમાપ્ત કરીને આત્મિક રીતે એક બની રહ્યાં છે. કોઈ કોઈના ઉપર હુકમ નહિ ચલાવે અને એને પોતાનો ગુલામ બનાવીને પોતાના લાભ યા અહંકારની પૂર્તિ નહિ કરે. પોતાના સાથીને સુખ મળે એવો જ વ્યવહાર કરશે. બંને પોતાની ઈચ્છા તથા આવશ્યકતાને ગૌણ માનીને સાથીની જરૂરિયાતને મુખ્ય માની સેવા અને સહાયતાનો ભાવ રાખશે, ઉદારતા તથા સહિષ્ણુતા રાખશે, તો જ એમનો ગૃહસ્થજીવનરૂપી રથ સારી રીતે આગળ વધશે.

આ તથ્યને બંને સારી રીતે સમજી લે, એ પ્રમાણે જીવન જીવવાનું વ્રત ધારણ કરે એ માટે જ આ પવિત્ર સંસ્કારનું આયોજન કરવામાં આવે છે. આ વાત બંને સાચી રીતે સમજી લે અને સાચા મનથી તેનો સ્વીકાર કરે તો જ તેમણે લગ્ન કરવાં જોઈએ. લગ્નસંસ્કાર શરૂ કરતા પહેલાં યા લગ્નવેદી પર બેસાડીને બંનેને આ તથ્ય સારી રીતે સમજાવવું જોઈએ અને એમની સંમતિ માગવી જોઈએ. જો બંને આ

આદર્શોને અપનાવવાની હાર્દિક સંમતિ આપે તો જ લગ્નસંસ્કાર આગળ વધારવાજોઈએ.

**વિશેષ વ્યવસ્થા :** લગ્ન માટે દેવપૂજન તથા યજ્ઞ સંબંધી બધી વ્યવસ્થા કરવી. સમૂહલગ્ન હોય તો દરેક જોડાના હિસાબે દરેક વેદી પર જરૂરી સામગ્રી રાખવી. કર્મકાંડ સારી રીતે ચાલે તે માટે દરેક વેદી પર એક એક જાણકાર વ્યક્તિ પણ નીમવી જોઈએ. જો એક જ લગ્ન હોય તો આચાર્ય પોતે પણ ધ્યાન રાખી શકે. સામાન્ય પૂજનસામગ્રી ઉપરાંત નીચેની તૈયારી કરવી :

(૧) વરસત્કાર માટે સામગ્રીની સાથે એક થાળી રાખવી કે જેથી હાથપગ ધોવાથી પાણી નીચે ના ઢોળાય. મધુપર્કપાન પછી હાથ ધોવડાવી એ થાળી દૂર હટાવી દેવી.

(૨) યજ્ઞોપવીત માટે પીળી રંગેલી જનોઈ રાખવી.

(૩) વિવાહની ઘોષણા માટે વર અને કન્યા પક્ષની માહિતી પહેલેથી લખી લેવી.

(૪) વસ્ત્રોપહાર તથા પુષ્પોપહાર માટે વસ્ત્રો તથા માળાઓ.

(૫) ગ્રંથિબંધન માટે હળદર, પુષ્પ, અક્ષત, દુર્વા (ધરો) અને એક રૂપિયાનો સિક્કો.

(૭) શિલારોહણ માટે સપાટ પથ્થરનો એક ટુકડો.

(૮) હવનસામગ્રી ઉપરાંત લાજાહોમ માટે ડાંગર

(૯) વરવધૂના પદપ્રક્ષાલન માટે કથરોટ કે થાળી.

(૧૦) પહેલેથી જ વાતાવરણ એવું બનાવવું જોઈએ કે સંસ્કાર વખતે વર અને કન્યાપક્ષના વધારેમાં વધારે પરિજનો હાજર રહે.

(૧૧) બધાના ભાવસંયોગથી જ કર્મકાંડના ઉદ્દેશ્યમાં રચનાત્મક સહયોગ મળે છે. એ માટે દરેકને આગ્રહ કરવો.

(૧૨) લગ્ન પહેલાં યજ્ઞોપવીત સંસ્કાર થઈ જ જાય છે. કુંવારાને એક જનોઈ અને પરણેલાને જોટો પહેરાવવાનો નિયમ છે.

(૧૩) જો જનોઈ પહેલેથી દેવામાં ના આવી હોય તો નવી જનોઈ પહેરાવવી. જો પહેરાવવામાં આવી હોય તો એકના બદલે જનોઈજોટો

પહેરાવવાના સંસ્કાર વિધિવત્ કરાવવા. જે દિવસે લગ્ન હોય તે દિવસે સવારે જ જનોઈસંસ્કાર કરાવી દેવામાં આવે તો ઉત્તમ, કારણ કે લગ્ન વખતે વરરાજા સજીને બેઠા હોય અને તેમનાં કપડાં ઉતરાવીએ તે સારું ના લાગે. લગ્ન વખતે જ જનોઈ પહેરાવવી પડે તો કપડાંની ઉપર જ પહેરાવી દેવી. પછી અંદર કરી દેવી એવી સૂચના આપવી.

(૧૪) જ્યાં કૌટુંબિક સ્તરનાં પરંપરાગત લગ્ન આયોજનોમાં મુખ્ય સંસ્કાર પહેલાં દ્વારપૂજાનો રિવાજ હોય ત્યાં જો વાતાવરણ યોગ્ય હોય તો સ્વાગત સંસ્કાર ત્યાં પણ કરાવી શકાય. ત્યાર પછી માંડવામાં આસન પર બેસાડી વિશેષ વરસત્કાર કરવો. પછી કન્યાને બોલાવીને પરસ્પર વસ્ત્ર તથા પુષ્પના ઉપહાર અર્પણ કરાવવા. પરંપરાગત રીતે આપવામાં આવતા અભિનંદનપત્રો વગેરે પણ એ અવસરે આપી શકાય. એના કર્મકાંડનો સંકેત આગળ કરવામાં આવ્યો છે.

(૧૫) કૌટુંબિક સ્તરે થતા લગ્નસંસ્કારોમાં કેટલીવાર વર અને કન્યા પક્ષવાળા લૌકિક રિવાજ માટે આગ્રહ કરતા હોય છે. જો એવું કાંઈ હોય તો પહેલેથી સમજીને નોંધી લેવું જોઈએ. કર્મકાંડના મુખ્યપ્રવાહમાં કુશળતાપૂર્વક એને જોડી દેવું જોઈએ. આવા રિવાજોમાં તિલક (લગ્ન પાકાં કરવાં), હરિદ્રાલેપન (પીઠી ચોળવી) તથા દ્વારપૂજન વગેરે હોય છે. તે અહીં ટૂંકમાં આપવામાં આવ્યાં છે.

## ॥ પૂર્વવિધાન ॥

## ॥ વર-વરણ (તિલક)

લગ્ન પહેલાં તિલકની ટૂંકી વિધિ આ પ્રમાણે છે. વર પૂર્વાભિમુખ તથા તિલક કરનારા (પિતા, ભાઈ વગેરે) પશ્ચિમાભિમુખ બેસીને નીચેની વિધિ પૂરી કરે-મંગલાચરણ, ષટ્કર્મ, તિલક, નાડાછડી, કળશપૂજન, ગુરુવંદના, ગણેશ-ગૌરીપૂજન, સર્વદેવ નમસ્કાર, સ્વસ્તિવાચન વગેરે. પછી કન્યાદાન કરનારા વરનું યથાયોગ્ય સ્વાગત કરે (પગ ધોવા, આચમન કરાવવું, હળદરથી તિલક કરવું. ચોખા ચોંટાડવા વગેરે). ત્યાર પછી 'વર'ને આપવાની તમામ, સામગ્રી (થાળ, ફળ, ફૂલ, દ્રવ્ય, વસ્ત્ર વગેરે) કન્યાદાન કરનાર હાથમાં લઈને સંકલ્પમંત્ર બોલીને વરને આપે.

## ॥ સંકલ્પ ॥

**(કન્યાદાતા) ........ નામાઽહં..........નામ્ન્યા (કન્યાનું નામ) કન્યાયાઃ (ભગિન્યાઃ) કરિષ્યમાણ ઉદ્વાહકર્મણિ એભિર્વરણદ્રવ્યૈઃ..... ગૌત્રોત્પન્નં (વરનુંગોત્ર).....નામાનં વરં કન્યાદાનાર્થં વરપૂજનપૂર્વકં ત્વામહં વૃણે, તન્નિમિત્તકં યથાશક્તિ ભાંડાનિ, વસ્ત્રાણિ, ફલમિષ્ટાન્નાનિ દ્રવ્યાણિ ચ.......(વરનું નામ) વરાય સમર્પયે ।**

ત્યાર પછી ક્ષમાપ્રાર્થના, નમસ્કાર, વિસર્જન તથા શાંતિપાઠ કરીને કાર્યક્રમ પૂરો કરવો.

## ॥ હરિદ્રાલેપન ॥

લગ્ન પહેલાં મોટે ભાગે વરકન્યાને પીઠી ચોળવામાં આવે છે. એની ટૂંકી વિધિ આ પ્રમાણે છે. ષટ્કર્મ, તિલક, નાડાછડી, કલશપૂજન, ગુરુવંદના, ગૌરી-ગણેશ પૂજન, સર્વદેવ નમસ્કાર તથા સ્વસ્તિવાચન કરો. ત્યાર પછી નીચેના મંત્ર બોલી વરકન્યાની હથેળી તથા લોકરિવાજ પ્રમાણે બીજાં અંગો પર પીઠી ચોળવી.

**ૐ કાંડાત્ કાંડાત્પ્રરોહન્તી પરુષઃ પરુષસ્પરિ ।**
**એવા નો દૂર્વે પ્ર તનુ સહસ્રેણ શતેન ચ ॥** -૧૩.૨૦

ત્યાર પછી વરના જમણા હાથમાં તથા કન્યાના ડાબા હાથમાં રક્ષાસૂત્ર-કંકણ (પીળા વસ્ત્રમાં કોડી, લોઢાની વીંટી, પીળા સરસવ, પીળા ચોખા વગેરે બાંધીને બનાવેલું) નીચેના મંત્રથી પહેરાવવું.

**ૐ યદાબધ્નન્દાક્ષાયણા હિરણ્ય ૐ શતાનીકાય સુમનસ્યમાનાઃ ।**
**તન્મઽઆબધ્નામિ શતશારદાય, આયુષ્માંજરદષ્ટિર્યથાસમ્ ॥**

- ૩૪. ૫૨

ત્યાર પછી ક્ષમાપ્રાર્થના, નમસ્કાર, વિસર્જન તથા શાંતિપાઠથી કાર્યક્રમ પૂરો કરવો.

## ॥ દ્વારપૂજા ॥

લગ્ન માટે જાન જ્યારે બારણે આવે છે તો સૌપ્રથમ વરનું સ્વાગત-સત્કાર કરવામાં આવે છે. એનો ક્રમ આ પ્રમાણે છે. વરના દ્વાર પર

આવતાં જ આરતીની પ્રથા હોય તો કન્યાની માતા આરતી ઉતારે. ત્યાર પછી વર અને કન્યાદાન કરનાર સામસામે બેસીને ષટ્કર્મ, નાડાછડી, તિલક, કળશપૂજન, ગુરુવંદના, ગૌરી-ગણેશપૂજન, સર્વદેવ નમસ્કાર, સ્વસ્તિવાચન કરે. ત્યાર બાદ કન્યાદાન કરનાર વર સત્કારનાં બધાં કર્મ-આસન, અર્ઘ્ય, પાદ્ય, આચમન, મધુપર્ક વગેરે (લગ્નવિધિમાંથી) પૂરાં કરે.

ત્યાર પછી **'ૐ ગન્ધદ્વારાં દુરાધર્ષાં...** (પૃ. ૧૨૨)

બોલી તિલક કરવું તથા **ૐ અક્ષન્નમીમદન્ત...** (પૃ. ૧૨૧) બોલી ચોખા ચોંટાડવા. માલ્યાર્પણ તથા કંઈક દ્રવ્ય વરને આપવાનું હોય તો નીચેના મંત્ર બોલી અર્પણ કરાવવું.

**માલ્યાપર્ણ મંત્ર-ૐ મંગલં ભગવાન વિષ્ણુ...** (પૃ. ૫૧)

**દ્રવ્યદાન મંત્ર- ૐ હિરણ્યગર્ભ સમવર્ત્તતાગ્રે...** (પૃ. ૧૨૭)

ત્યાર પછી ક્ષમાપ્રાર્થના, નમસ્કાર, દેવવિસર્જન તથા શાંતિપાઠ કરવાં.

## ॥ લગ્ન સંસ્કાર - વિશેષ કર્મકાંડ ॥

લગ્નવેદી પર વરકન્યા બંનેને બોલાવવાં. પ્રવેશની સાથે મંગલાચરણ **"ભદ્રં કર્ણેભિઃ..."** મંત્ર બોલતાં એમની પર ફૂલચોખા નાખવાં. કન્યા જમણી તથા વર ડાબી બાજુ બેસે. કન્યાદાન કરનાર કન્યાના પિતા, ભાઈ જે કોઈ હોય તેમને પત્નીસહિત કન્યા બાજુ બેસાડવાં. પત્ની જમણી તથા પતિ ડાબી બાજુ બેસે. બધાની સામે આચમની, પંચપાત્ર વગેરે રાખવાં. સૌ પ્રથમ ષટ્કર્મ કરાવવું.

**વર સત્કાર :** (દ્વારપૂજનમાં વરસત્કાર થઈ ગયો હોય તો ફરીવાર કરવાની જરૂર નથી.) અતિથિ રૂપમાં આવેલા વરનો સત્કાર કરવો. (૧) આસન (૨) પાદ્ય (૩) અર્ઘ્ય. (૪) આચમન (૫) નૈવેદ્ય વગેરે એના મંત્રો સાથે અર્પણ કરવાં.

**દિશા અને પ્રેરણા :** વરનો અતિથિના નાતે સત્કાર કરવામાં આવે છે. ગૃહસ્થાશ્રમમાં ગૃહલક્ષ્મીનું મહત્ત્વ સર્વોપરી હોય છે. એને લેવા માટે વર તથા એમના સ્વજનો સામે ચાલીને કન્યાના પિતાની પાસે આવે છે. શ્રેષ્ઠ ઉદ્દેશ્ય માટે સદ્ભાવનાપૂર્વક આવેલા અતિથિઓનું

સ્વાગત કરવાની કન્યાપક્ષની ફરજ છે. બંને પક્ષોએ પોતપોતાના આ સદ્ભાવોને જાગૃત રાખવા જોઈએ.

❖ વરનો અર્થ થાય છે શ્રેષ્ઠ, સ્વીકાર કરવા યોગ્ય. કન્યાપક્ષ વરને પોતાની કન્યા માટે શ્રેષ્ઠ વ્યક્તિ માનીને જ સંબંધ સ્વીકારે એવો શ્રેષ્ઠ ભાવ રાખીને સત્કાર કરે અને ભગવાનને પ્રાર્થના કરે કે આવો ભાવ બનાવી રાખવામાં સદાય મદદ કરે.

❖ વરપક્ષ સન્માન મેળવીને ખોટો અહંકાર ન કરે. જે માનવીય ગુણોના કારણે વરને શ્રેષ્ઠ માનીને સત્કાર કરવાની વ્યવસ્થા ઋષિઓએ બનાવી છે એ શાલીનતા, જવાબદારી, આત્મીયતા, સહકાર જેવા ગુણોને એટલા જીવંત બનાવી રાખવા કે કન્યાપક્ષની સહજ શ્રદ્ધા પોતાના પ્રત્યે વધતી રહે. જો આવું બની શકે તો કૌટુંબિક સંબંધોમાં દેવો જેનો સ્નેહ અને મધુરતાનો સંચાર અવશ્ય થશે.

❖ આ બધા દિવ્યભાવો માટે સૌથી વધુ ઘાતક છે સંકુચિત સ્વાર્થપરાયણતા, આપવા-મૂકવાનો આગ્રહ. દહેજ-કરિયાવરના નામે જો એકબીજા પર દબાણ કરવામાં આવે તો સદ્ભાવના મરી પરવારે છે, એટલું જ નહિ, દ્વેષ તથા વેરભાવનાં બીજ વવાય છે. વરકન્યાના સુખદ ભવિષ્યને ધ્યાનમાં રાખીને આવી બાબતોને વિષ માનીને એમનાથી દૂર રહેવું જોઈએ. યાદ રહે કે સત્કારમાં સ્થૂળ ઉપચારોને નહિ, પણ હૃદયના ભાવોને મુખ્ય માનવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** સ્વાગતકર્તા હાથમાં અક્ષત લઈને ભાવના કરે કે વરની શ્રેષ્ઠતમ પ્રવૃત્તિઓનું અર્ચન કરી રહ્યા છે. દેવશક્તિઓ એમને વધારવામાં મદદ કરે, નીચેનો મંત્ર બોલો.

**ૐ સાધુ ભવાન્ આસ્તામ્, અર્ચયિષ્યામો ભવન્તમ્ ।**

– પાર. ગૃ. ૧. ૩. ૪

વર જમણા હાથમાં ચોખા સ્વીકારતાં ભાવના કરે કે સ્વાગત કરનારની શ્રદ્ધા મેળવતા રહેવા યોગ્ય વ્યક્તિત્વ બનાવી રાખવાની જવાબદારી સ્વીકારું છું. વર બોલે – "ૐ અર્ચય."

**આસન** : સ્વાગતકર્તા આસન યા એનું પ્રતીક (દર્ભ યા ફૂલ વગેરે) હાથમાં લઈને નીચેનો મંત્ર બોલે. ભાવના કરે કે વરને શ્રેષ્ઠતાનો આધાર પ્રાપ્ત થાય. અમારો પ્રેમ એને મળતો રહે.

**ૐ વિષ્ટરો, વિષ્ટરો, વિષ્ટરઃ, પ્રતિગૃહ્યતામ્ ।**

- પાર. ગૃ. સૂ. ૧. ૯. ૬

વર કન્યાના પિતાના હાથમાંથી વિષ્ટર (કુશ, ફૂલ) લઈને કહે-

**"ૐ પ્રતિગૃહ્ણામિ"** - પાર. ગૃ. સૂ. ૧. ૩. ૭.

અને પાથરીને બેસી જાય. એ વખતે નીચેનો મંત્ર બોલવો.

**ૐ વર્ષ્મોઽસ્મિ સમાનાનામુદ્યતામિવ સૂર્યઃ ।**
**ઈમન્તમભિતિષ્ઠામિ યો મા કશ્ચાભિદાસતિ ॥**

- પાર. ગૃ. સૂ. ૧. ૩. ૬.

**પાદ્ય** : સ્વાગતકર્તા પગ ધોવા માટે નાના પાત્રમાં પાણી લે. ભાવના કરે કે ઋષિઓના આદર્શોને અનુરૂપ સદ્ગૃહસ્થ બનવાની દિશામાં આગળ વધતા પગ પૂજનીય છે. કન્યાદાતા કહે-

**ૐ પાદ્યં, પાદ્યં, પાદ્યં પ્રતિગૃહ્યતામ્ ॥**- પાર. ગૃ. સૂ. ૧. ૩. ૬.

વર કહે-

**ૐ પ્રતિગૃહ્ણામિ' ॥** - પાર. ગૃ. સૂ. ૧. ૩. ૭

ભાવના કરે કે આદર્શોની દિશામાં ચરણ આગળ વધારવાનો ઉમંગ સદૈવ જાગૃત રાખે. પાદપ્રક્ષાલનની ક્રિયાની સાથે આ મંત્ર બોલવો.

**ૐ વિરાજો દોહોઽસિ વિરાજો દોહમશીય મયિ,**
**પાદ્યાયૈ વિરાજો દોહઃ ॥** - પાર. ગૃ. સૂ. ૧. ૩. ૧૨

**અર્ઘ્ય**- સ્વાગતકર્તા ચંદનયુક્ત સુગંધિત જળ પાત્રમાં લઈને ભાવના કરે કે સત્પુરુષાર્થમાં જોડાવાના સંસ્કાર વરના હાથમાં જાગૃત કરવા માટે અર્ઘ્ય આપી રહ્યો છું. કન્યાદાતા કહે-

**ૐ અર્ઘો, અર્ઘો, અર્ઘઃ પ્રતિગૃહ્યતામ્ ॥**- પાર. ગૃ. સૂ. ૧. ૩. ૭

જળપાત્ર સ્વીકારતાં વર કહે-

**"ૐ પ્રતિગૃહ્ણામિ ।"** - પાર. ગૃ. સૂ. ૧. ૩. ૭

ભાવના કરવી કે સુગંધિત જળ સત્પુરુષાર્થના સંસ્કાર આપી રહ્યું છે. જળથી હાથ ધોવા. ક્રિયાની સાથે નીચેનો મંત્ર બોલવો-

**ૐ આપઃ સ્થ યુષ્માભિઃ સર્વાન્કામાનવાપ્નવાનિ ।**
**ૐ સમુદ્રં વઃ પ્રહિણોમિ સ્વાં યોનિમભિગચ્છત ।**
**અરિષ્ટાઅસ્માકં વીરા મા પરાસેચિ મત્પયઃ ।**

- પાર. ગૃ. સૂ. ૧. ૩. ૬

**આચમન**-સ્વાગતકર્તા આચમન માટે જળપાત્ર આપે. ભાવના કરે કે વર-શ્રેષ્ઠ અતિથિનું મુખ ઉજ્જવળ રહે, એની વાણી અને એનું વ્યક્તિત્વ એને અનુરૂપ બને. કન્યાદાતા કહે-

**ૐ આચમનીયમ્, આચમનીયમ્, આચમનીયમ્, પ્રતિગૃહ્યતામ્ ॥**
**"ૐ પ્રતિગૃહ્ણામિ ।"** (વર કહે) - પાર. ગૃ. સૂ. ૧. ૩. ૬

ભાવના કરવી કે મન, બુદ્ધિ અને અંતઃકરણમાં આ ભાવ સ્થાપવાનો પ્રયત્ન કરી રહ્યો છું. ત્રણવાર આચમન કરવું. આ મંત્ર બોલવો.

**ૐ આમાગન્ યશસા સ ઁ સૃજ વર્ચસા । તં મા કુરુ પ્રિયં પ્રજાનામધિપતિં પશૂનામરિષ્ટિં તનૂનામ્ ।**

- પાર. ગૃ. સૂ. ૧. ૩. ૧૫

**નૈવેદ્ય - મધુપર્ક :** એક પાત્રમાં દૂધ, દહીં, સાકર, મધ અને તુલસીપત્ર નાંખીને તૈયાર રાખવું. સ્વાગતકર્તા એ પાત્ર હાથમાં લે. ભાવના કરે કે વરની શ્રેષ્ઠતા ટકી રહે તે માટે સાત્ત્વિક, સુસંસ્કારી અને સ્વાસ્થ્યવર્ધક આહાર એમને સતત મળતો રહે. કન્યાદાતા કહે-

**ૐ મધુપર્કો, મધુપર્કો, મધુપર્કઃ પ્રતિગૃહ્યતામ્ ।**

- પાર. ગૃ. સૂ. ૧. ૩. ૬

વર પાત્ર સ્વીકારતાં કહે- **"ૐ પ્રતિગૃહ્ણામિ."**

વર મધુપર્કનું પાન કરે. ભાવના કરે કે અભક્ષ્યના કુસંસ્કારોથી બચવા અને સત્પદાર્થો દ્વારા સુસંસ્કારો પ્રાપ્ત કરતા રહેવાનું ઉત્તરદાયિત્વ સ્વીકારી રહ્યો છું. પાન કરતી વખતે આ મંત્ર બોલવો.

**ૐ યન્મધુનો મધવ્યં પરમ છ્રુ રૂપમન્નાદ્યમ્ । તેનાહં મધુનો મધવ્યેન પરમેણ, રૂપેણાન્નાદ્યેન પરમો મધવ્યોઽન્નાદોઽસાનિ ।** - પાર ગૃ ૧. ૩. ૨૦

ત્યાર પછી વર પાણીથી હાથ-મોં ધોવે. પછી ચંદન ધારણ કરાવવું. જો જનોઈ ના પહેરી હોય તો યજ્ઞોપવીત પ્રકરણના આધારે સંક્ષેપમાં જનોઈ પહેરાવવી. એ પછી ક્રમશઃ કળશપૂજન, નમસ્કાર, ષોડશોપચાર પૂજન, સ્વતિવાચન, રક્ષાવિધાન વગેરે સામાન્ય કર્મકાંડ કરાવવાં. ત્યાર પછી વિશેષ કર્મકાંડ શરૂ કરવું.

**વિવાહ ઘોષણા** - વિવાહ ઘોષણાની સંસ્કૃત ભાષાની નાનકડી શબ્દાવલિ છે. એમાં વરકન્યાનાં ગોત્ર, પિતા, પિતામહ વગેરેનો ઉલ્લેખ તથા ઘોષણા છે કે આ બંને હવે લગ્નના બંધનમાં બંધાઈ રહ્યાં છે. એમનું સાહચર્ય ધર્મની સાથે લોકોની જાણકારી માટે જાહેર કરવામાં આવ્યું છે એમ માનવું. જાહેરાત વગરનો ગુપચુપ ચાલતો દાંપત્ય સ્તરનો પ્રેમસંબંધ નૈતિક, ધાર્મિક તથા કાનૂની દૃષ્ટિએ અયોગ્ય માનવામાં આવે છે. જેમની વચ્ચે દાંપત્ય સંબંધ હોય એની ઘોષણા બધા લોકો સમક્ષ થવી જોઈએ. સમાજથી જે છુપાવવામાં આવે છે તેને વ્યભિચાર કહેવામાં આવે છે. ઘોષણાપૂર્વક લગ્નના બંધનમાં બંધાઈને વરકન્યા ધર્મપરંપરાનું પાલન કરે છે.

**સ્વસ્તિ શ્રીમન્નન્દનન્દન ચરણકમલ ભક્તિ સદ્ વિદ્યા વિનીતનિજકુલકમલકલિકાપ્રકાશૈકભાસ્કર સદાચાર સચ્ચરિત્ર સત્કુલ સત્પ્રતિષ્ઠા ગરિષ્ઠસ્ય......ગોત્રસ્ય......મહોદયસ્ય પ્રપૌત્રઃ...... મહોદયસ્ય પૌત્રઃ......મહોદયસ્ય પુત્રઃ ॥**

**......મહોદયસ્ય પ્રપૌત્રી......મહોદયસ્ય પૌત્રી......મહોદયસ્ય પુત્રી પ્રયતપાણિઃ શરણં પ્રપદ્યે । સ્વસ્તિ સંવાદેષૂભયોર્વૃદ્ધિ-ર્વરકન્યોશ્ચિરંજીવિનૌ ભૂયાસ્તામ્ ॥**

## ॥ મંગલાષ્ટક ॥

લગ્નની ઘોષણા કરી સસ્વર મંગલાષ્ટકના મંત્રો બોલવા. આ

મંત્રોમાં બધી શ્રેષ્ઠ શકિતઓને મંગલમય વાતાવરણ તથા મંગલમય ભવિષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી છે. આ પાઠ વખતે બધા લોકો વરકન્યા માટે મંગલ કામના કરતા રહે. એક સ્વયંસેવક વરકન્યા પર ફૂલોની વર્ષા કરે.

**શ્રીમત્પંકજવિષ્ટરો હરિહરૌ, વાયુર્મહેન્દ્રોઽનલઃ,**
**ચન્દ્રો ભાસ્કર વિત્તપાલ વરુણ, પ્રેતાધિપાદિગ્રહાઃ ।**
**પ્રદ્યુમ્નો નલકૂબરૌ સુરગજઃ, ચિન્તામણિઃ કૌસ્તુભઃ,**
**સ્વામી શકિતધરશ્ચ લાંગલધરઃ, કુર્વન્તુ વો મંગલમ્ ॥૧॥**
**ગંગા ગોમતિગોપતિર્ગણપતિઃ, ગોવિન્દગોવર્ધનૌ,**
**ગીતા ગોમયગોરજૌ ગિરિસુતા, ગંગાધરો ગૌતમઃ ।**
**ગાયત્રી ગરુડો ગદાધરગયા, ગમ્ભીરગોદાવરી,**
**ગન્ધર્વગ્રહગોપગોકુલધરાઃ, કુર્વન્તુ વો મંગલમ્ ॥ ૨॥**
**નેત્રાણાં ત્રિતયં મહત્પશુપતેઃ, અગ્નેસ્તુ પાદત્રયં,**
**તત્તદ્વિષ્ણુપદત્રયં ત્રિભુવને, ખ્યાતં ચ રામત્રયમ્ ।**
**ગંગાવાહપથત્રયં સુવિમલં, વેદત્રયં બ્રાહ્મણમ્,**
**સંધ્યાનાં ત્રિતયં દ્વિજૈરભિમતં, કુર્વન્તુ વો મંગલમ્ ॥૩॥**
**વાલ્મીકિઃ સનકઃ સનન્દનમુનિઃ, વ્યાસોવસિષ્ઠો ભૃગુઃ**
**જાબાલિર્જમદગ્નિરત્રિજનકૌ, ગર્ગોઽ ગિરા ગૌતમઃ ।**
**માન્ધાતા ભરતો નૃપશ્ચ સગરો, ધન્યો દિલીપો નલઃ,**
**પુણ્યો ધર્મસુતો યયાતિનહુષૌ, કુર્વન્તુ વો મંગલમ્ ॥૪॥**
**ગૌરી શ્રીકુલદેવતા ચ સુભગા, કદ્રૂસુપર્ણાશિવાઃ,**
**સાવિત્રી ચ સરસ્વતી ચ સુરભિઃ, સત્યવ્રતારુન્ધતી ।**
**સ્વાહા જામ્બવતી ચ રુક્મભગિની, દુઃસ્વપ્નવિધ્વંસિની,**
**વેલા ચામ્બુનિધેઃ સમીનમકરા, કુર્વન્તુ વો મંગલમ્ ॥૫॥**
**ગંગા સિન્ધુ સરસ્વતી ચ યમુના, ગોદાવરી નર્મદા,**
**કાવેરી સરયૂ મહેન્દ્રતનયા, ચર્મણ્વતી વેદિકા ।**
**શિપ્રા વેત્રવતી મહાસુરનદી, ખ્યાતા ચ યા ગંડકી,**

પૂર્ણાઃ પુણ્યજલૈઃ સમુદ્રસહિતાઃ, કુર્વન્તુ વો મંગલમ્ ॥૬॥
લક્ષ્મીઃ કૌસ્તુભપારિજાતકસુરા, ધન્વન્તરિશ્ચન્દ્રમા,
ગાવઃ કામદુધાઃ સુરેશ્વરગજો, રંભાદિદેવાંગનાઃ ।
અશ્વઃ સપ્તમુખઃ સુધા હરિધનુઃ, શંખો વિષં ચામ્બુધે,
રત્નાનીતિ ચતુર્દશ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ ॥૭॥
બ્રહ્મા વેદપતિઃ શિવઃ પશુપતિઃ સૂર્યો ગ્રહાણાં પતિઃ
શુક્રો દેવપતિર્નલો નરપતિઃ, સ્કન્દશ્ચ સેનાપતિઃ ।
વિષ્ણુર્યજ્ઞપતિર્યમઃ પિતૃપતિઃ તારાપતિશ્ચન્દ્રમા,
ઈત્યેતે પતયસ્સુપર્ણસહિતાઃ, કુર્વન્તુ વો મંગલમ્ ॥૮॥

## ॥ પરસ્પર ઉપહાર ॥

**વસ્ત્રોપહાર :** વરપક્ષ તરફથી કન્યાને અને કન્યાપક્ષ તરફથી વરને વસ્ત્ર-આભૂષણ ભેટ આપવાની પરંપરા છે. આ કાર્ય શ્રદ્ધા પ્રમાણે પહેલેથી જ થઈ જાય છે. વરકન્યા એ પહેરીને જ સંસ્કાર માટે બેસે છે. અહીં પ્રતીક રૂપે એકબીજાને પીળા દુપટ્ટા આપવા. તે ગ્રંથિબંધનમાં પણ કામ લાગે છે. જો આભૂષણ પહેરાવવાં હોય તો ફક્ત વીંટી કે મંગલસૂત્ર પહેરાવવું.

બંને પક્ષ ભાવના કરે કે એકબીજાનું સન્માન વધારવાની જવાબદારી સમજવા અને નિભાવવાનો સંકલ્પ કરી રહ્યાં છીએ. નીચેના મંત્ર સાથે એકબીજાને ઉપહાર આપવો.

**ૐ પરિધાસ્યૈ યશોધાસ્યૈ, દીર્ઘાયુત્વાય જરદષ્ટિરસ્મિ ।**
**શતં ચ જીવામિ શરદઃ, પુરૂચીરાયસ્પોષમભિ સંવ્યયિષ્યે ॥**

– પાર. ગૃ. સૂ. ૨.૬.૨૦

**પુષ્પોપહાર (માલ્યાર્પણ) :** વરકન્યા એકબીજાને પોતાને અનુરૂપ સ્વીકારીને ફૂલહાર અર્પણ કરે છે. એકબીજાનું હૃદયથી વરણ કરે છે. ભાવના કરવી કે દેવશક્તિઓ અને સત્પુરુષોના આશીર્વાદથી તેઓ એકબીજાના ગળાનો હાર બનીને જીવશે. મંત્રોચ્ચારની સાથે પહેલાં

કન્યા વરને અને પછી વર કન્યાને ફૂલહાર પહેરાવે.

**ૐ યશસા માદ્યાવાપૃથિવી યશસેન્દ્રા બૃહસ્પતી । યશો ભગશ્ચ મા વિદદ્યશો મા પ્રતિપદ્યતામ્ ।**

- પાર. ગૃ. સ. ૨.૬.૨૧, મા. ગૃ. સૂ. ૧.૯.૨૭

## ॥ હસ્તપીતકરણ ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** કન્યાદાન કરનારા કન્યાના હાથોમાં હળદર લગાડે છે. હરિદ્રા મંગલસૂચક છે. અત્યાર સુધી આ કન્યા બાલિકાના રૂપે રહી. હવે તેને ગૃહલક્ષ્મીની જવાબદારી વહન કરવાની છે. તેથી એના હાથને પીળા રંગના-મંગલમય બનાવવામાં આવે છે. એનાં માતાપિતાએ એને લાડપ્યારથી મોટી કરી. અત્યાર સુધી એને કઠોર જવાબદારી સોંપી નથી. હવે તેણે પોતાના હાથને નવનિર્માણની અનેક જવાબદારીઓ સંભાળવા માટે તૈયાર કરવાના છે. તેથી એમને પીળા રંગના, માંગલિક, લક્ષ્મીના પ્રતીક રૂપ અને સર્જનાત્મક બનવું જોઈએ. હાથ પીળા કરીને કન્યાના પરિવારના લોકો એ બાલિકાને એવું મૌન શિક્ષણ આપે છે કે હવે તેણે એક સર્જક શકિત તરીકે પ્રગટ થવાનું છે અને એ માટે આ કોમળ હાથોને વધારે જવાબદાર, મજબૂત ને માંગલિક બનાવવાના છે.

**ક્રિયા તથા ભાવના :** કન્યા બંને હથેળીઓ સામે ધરે. કન્યાદાન કરનાર પલાળેલી હળદર મંત્રની સાથે હથેળીઓ પર ચોપડે, ભાવના કરે કે દેવોના સાન્નિધ્યમાં આ હાથોને સ્વાર્થપરાયણતાના કુસંસ્કારોમાંથી મુક્ત કરાવીને ત્યાગ અને પરમાર્થના સંસ્કાર જાગૃત કરવામાં આવી રહ્યા છે.

**ૐ અહિરિવ ભોગૈઃ પર્યેતિ બાહું જ્યાયા હેતિં પરિબાધમાનઃ । હસ્તઘ્નો વિશ્વા વયુનાનિ વિદ્વાન્ પુમાન્ પુમાꣳસં પરિપાતુ વિશ્વતઃ ॥**

- ૨૯.૫૧

## ॥ કન્યાદાન-ગુપ્તદાન ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** કન્યાદાન વખતે થોડુંક દાન આપવાની

પરંપરા છે. લોટના લાડવામાં સંતાડીને થોડુંક દાન કન્યાદાન વખતે આપવામાં આવે છે. દહેજનું આ જ સ્વરૂપ છે. પુત્રી ઘેરથી વિદાય થાય ત્યારે એનાં માતાપિતા સંકટ સમયે કામ લાગે એટલા માટે ભેટ સ્વરૂપે થોડુંક ધન આપે છે, પરંતુ તે ગુપ્ત રીતે આપવામાં આવે છે. માતાપિતા અને કન્યા વચ્ચેની આ અંગત ભેટ છે. બીજાઓએ એના વિશે જાણવાની કે પૂછવાની કોઈ જરૂર નથી. દહેજના રૂપે શું આપવું એ બાબતમાં સાસરીવાળાઓને પૂછવાનો કે કાંઈ કહેવાનો અધિકાર નથી. આ દાન ગુપ્ત રીતે જ આપવું જોઈએ કારણ કે ગરીબ કે અમીર જે આપે તે ચર્ચાનો વિષય ના બનવો જોઈએ. એની નિંદા કે વખાણ ન થવાં જોઈએ. જો કન્યાદાન આપવામાં એકબીજાની હરીફાઈ કરવામાં આવે તો તેનાથી અનર્થ થાય છે. કન્યાપક્ષ પર ખોટો ભાર પડે છે અને વરપક્ષ વધારે ન મળતાં નાખુશ થવાની ધૃષ્ટતા કરવા લાગે. તેથી કન્યાદાનની સાથે થોડુંક ધનદાન આપવાનું વિધાન તો છે, પરંતુ દીર્ઘદૃષ્ટિવાળા ઋષિઓએ લોકોની સ્વાર્થપરાયણતા તથા દુષ્ટતાની સંભાવનાને ધ્યાનમાં રાખીને એ દાન ગુપ્ત રીતે આપવાનો નિયમ બનાવ્યો. લોટના લાડવામાં દહેજના પ્રતીક તરીકે સામાન્ય રીતે એક રૂપિયો મૂકવો. એ માટે સિક્કો જ રાખવો.

કન્યાદાનનો અર્થ છે - માતાની જવાબદારી વરને તથા સાસરીવાળાંને સોંપવી. અત્યાર સુધી કન્યાના ભરણપોષણ, વિકાસ, સંરક્ષણ, સુખશાંતિ, આનંદઉલ્લાસ, આરોગ્ય વગેરેની જવાબદારી તેનાં માતાપિતા નિભાવતાં હતા, પરંતુ હવે તેની જવાબદારી વર તથા તેનાં કુટુંબીજનોને સોંપવામાં આવી રહી છે. કન્યા નવા ઘરમાં જઈને એકલવાયાપણું ન અનુભવે તેનું પૂરું ધ્યાન રાખવું. કન્યાદાનનો સ્વીકાર કરતી વખતે વર તથા તેનાં માતાપિતાએ એ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે એમણે એ જવાબદારી સંપૂર્ણ રીતે નિભાવવાની છે.

કન્યાદાનનો અર્થ એવો નથી કે જેવી રીતે કોઈ સંપત્તિ વેચી કે દાન કરી દેવામાં આવે છે એવી રીતે છોકરીને પણ એક સંપત્તિ માનીને ગમે તેને મન ફાવે તેમ ઉપયોગ કરવા આપી દેવામાં આવી રહી છે.

દરેક મનુષ્યને સ્વતંત્રતા છે. કોઈ કોઈને વેચી કે દાન કરી શકતું નથી. છોકરી હોય કે છોકરો, પણ માતાપિતાને એને વેચી દેવાનો કે દાન કરવાનો અધિકાર નથી. લગ્ન બંને પક્ષ વચ્ચેની સમજૂતી છે, જેને વર અને કન્યા બંને પૂરી ઈમાનદારી અને નિષ્ઠાપૂર્વક નિભાવીને સફળ બનાવે છે. જો કોઈ બીજાને ખરીદેલી કે વેચેલી સંપત્તિના રૂપે જુએ અને એની પર પશુઓ જેવી માલિકી માને અથવા એવો વ્યવહાર કરે તો એમાં માનવતાના મૂળભૂત અધિકારો હણાય છે. કન્યાદાનનો અર્થ એટલો જ છે કે કન્યાનાં માતાપિતા એના જીવનને સુવ્યવસ્થિત, સુવિકસિત તથા સુખી બનાવવાની જવાબદારી વર તથા એનાં માતાપિતાને સોંપી રહ્યાં છે. એ તેમણે ખરા મનથી નિભાવવી જોઈએ. પારકા ઘરમાં જઈને કાચી ઉંમરની અનુભવ વગરની ભાવુક બાલિકાને સોરે છે. તેથી આ શરૂઆતના સમયમાં વરપક્ષે વિશેષ પ્રયાસ કરવો જોઈએ કે દરેક દૃષ્ટિએ વહુને વધારે સ્નેહ તથા સહયોગ મળતો રહે. કન્યાપક્ષવાળાઓએ પણ એમ ના વિચારી લેવું જોઈએ કે છોકરીના હાથ પીળા કરી દીધા, કન્યાદાન આપી દીધું, એટલે હવે અમારે કશું કરવાનું કે વિચારવાનું રહેતું નથી. એમણે પણ છોકરીના ભવિષ્યને ઉજ્જવળ બનાવવામાં મદદ કરતા રહેવાનું છે.

**ક્રિયા અને ભાવના** : કન્યાના હાથ હળદરથી પીળા કરીને માતાપિતા પોતાના હાથમાં કન્યાના હાથ, ગુપ્તદાનનું ધન તથા ફૂલ રાખીને સંકલ્પ બોલે છે અને એ હાથને વરના હાથમાં સોંપી દે છે. તે આ હાથોને ગંભીરતા અને જવાબદારીપૂર્વક પોતાના હાથમાં લઈને એના ઉત્તરદાયિત્વનો સ્વીકાર કરે છે.

ભાવના કરવી કે કન્યા વરને સોંપતાં માતાપિતા પોતાના બધા અધિકાર પણ તેને સોંપી રહ્યાં છે. કન્યાનાં કુળ, ગોત્ર, હવે પિતૃપરંપરા પ્રમાણે નહિ, પણ પતિપરંપરા પ્રમાણે હશે. કન્યાને આ ભાવનાત્મક પુરુષાર્થ કરવાની તથા પતિને તેનો સ્વીકાર કરવાની અને નિભાવવાની શક્તિ દેવશક્તિઓ પ્રદાન કરી રહી છે. આ ભાવના સાથે કન્યાદાનનો સંકલ્પ બોલવો. સંકલ્પ પૂરો થતાં માતાપિતા કન્યાના હાથ વરને સોંપી દે.

## ॥ કન્યાદાન સંકલ્પ ॥

**અદ્યેતિ....નામાહં....નામ્નીમ્ ઈમાં કન્યાં / ભગિનીં સુસ્નાતાં, યથાશક્તિ, અલંકૃતાં, ગન્ધાદિ - અર્ચિતાં, વસ્ત્રયુગચ્છન્નાં, પ્રજાપતિ દૈવત્યાં, શતગુણીકૃત, જ્યોતિષ્ટોમ-અતિરાત્ર-શતફલપ્રાપ્તિકામોऽહં....નામ્ને, વિષ્ણુરૂપિણે વરાય, ભરણ - પોષણ - આચ્છાદન - પાલનાદીનાં, સ્વકીય ઉત્તરદાયિત્વ - ભારમ્, અખિલં અદ્ય તવ પત્નીત્વેન, તુભ્યં અહં સમ્પ્રદદે ।**

વર એનો સ્વીકાર કરતાં કહે - <u>ૐ સ્વસ્તિ</u> ।

## ॥ ગોદાન ॥

**દિશા પ્રેરણા :** ગાય પવિત્રતા અને પરમાર્થપરાયણતાનું પ્રતીક છે. કન્યાપક્ષ વરને એવું દાન આપે, જે એને પવિત્રતા અને પરમાર્થની પ્રેરણા આપનારું હોય. શકય હોય તો કન્યાદાન વખતે દહેજમાં ગાય આપી શકાય. તે કન્યા અને એના પરિવારના લોકો માટે સ્વાસ્થ્યની દૃષ્ટિએ ખૂબ ઉપયોગી પણ છે. આજની સ્થિતિમાં જો ગાય આપવી કે લેવી પ્રતિકૂળ લાગે તો એના બદલામાં થોડુંક ધન આપીને ગોદાનની પરિપાટીને જીવંત રાખી શકાય.

**ક્રિયા અને ભાવના :** કન્યાદાન કરનાર હાથમાં પૂજનસામગ્રી લે. ભાવના કરે કે વરકન્યાના ભાવિ જીવનને સુખી અને શ્રેષ્ઠ બનાવવા માટે શ્રદ્ધાપૂર્વક આ દાન આપી રહ્યા છીએ. મંત્રોચ્ચારની સાથે સામગ્રી વરના હાથમાં આપવી.

**ૐ માતા રુદ્રાણાં દુહિતા વસૂનાં સ્વસાદિત્યાનામમૃતસ્ય નાભિઃ ।**
**પ્ર નુ વોચં ચિકિતુષે જનાય મા ગામનાગામદિતિં વધિષ્ટ ॥**

- ઋ. ૮.૧૦૧.૧૫ પાર. ગૃ. સૂ. ૧.૩.૨૭

## ॥ મર્યાદાકરણ ॥

**દિશા તથા પ્રેરણા :** કન્યાદાન કરનાર વરને દેવશકિતઓની સાક્ષીમાં મર્યાદાની વિનંતી કરે છે. વર એનો સ્વીકાર કરે છે. કન્યાની

જવાબદારી વરને સોંપવામાં આવી છે. અધિકાર મેળવીને ઋષિઓએ નક્કી કરેલી મર્યાદાઓને ભૂલીને મનફાવે તેવું આચરણ ન કરવામાં આવે. ધર્મ, અર્થ અને કામની દિશામાં ઋષિ પ્રણીત મર્યાદાનું ઉલ્લંઘન અધિકારના નશામાં આવીને ન કરવું જોઈએ એવું નિવેદન કરવામાં આવે છે. વર એનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરે છે.

**ક્રિયા અને ભાવના :** કન્યાદાન કરનાર પોતાના હાથમાં અક્ષત્ પુષ્પ અને જળ લે. ભાવના કરે કે વરને મર્યાદા સોંપી રહ્યા છીએ. વર એનો સ્વીકાર કરીને એનું પાલન કરવા માટે દેવશક્તિઓના સહયોગની કામના કરે. કન્યાદાતા કહે -

**ૐ ગૌરીં કન્યામિમાં પૂજ્ય ! યથાશક્તિવિભૂષિતામ્ ।**<br>
**ગોત્રાય શર્મણે તુભ્યં, દત્તાં દેવ સમાશ્રય ॥**<br>
**ધર્મસ્યાચરણં સમ્યક્, ક્રિયતામનયા સહ ।**<br>
**ધર્મે ચાર્થે ચ કામે, ચ યત્ત્વં નાતિચરેર્વિભો ॥**

**વર કહે - "નાતિચરામિ"**

## ॥ પાણિગ્રહણ ॥

**દિશા તથા પ્રેરણા :** વરે મર્યાદા સ્વીકાર્યા પછી કન્યા પોતાનો હાથ વરના હાથમાં સોંપે અને વર પોતાનો હાથ કન્યાના હાથમાં સોંપે. આ રીતે બંને એકબીજાનો હાથ પકડે છે. આ ક્રિયાનો અર્થ એ છે કે બંને એકબીજાને પકડીને સહારો આપી રહ્યાં છે. વર પણ એવી ભાવના કરે કે એણે પોતાના વ્યક્તિત્વનું, ઈચ્છા, આકાંક્ષા અને પ્રવૃત્તિઓનું સંચાલનકેન્દ્ર આ વધૂને બનાવી દીધી છે અને પોતાનો હાથ પણ સોંપી દીધો છે. બંને એકબીજાને આગળ વધારવા માટે સમાજની સામે ભાવનાપૂર્વક એકબીજાનો પકડી રહ્યાં છે.

**ક્રિયા તથા ભાવના :** નીચે લખેલા મંત્રની સાથે કન્યા પોતાનો હાથ વર તરફ લંબાવે, વર એને અંગૂઠા સહિત (સમગ્ર રૂપે) પકડી લે. ભાવના કરે કે દિવ્ય વાતાવરણમાં પરસ્પર મિત્રતાના ભાવ સહિત એકબીજાની જવાબદારી સ્વીકારીએ છીએ.

ॐ યદૈષિ મનસા દૂરં દિશોઽ નુપવમાનો વા ।
હિરણ્યપર્ણો વૈ કર્ણઃ સ ત્વા મન્મનસાં કરોતુ અસૌ ॥

- પાર. ગૃ. સૂ. ૧.૪.૧૫

## ॥ ગ્રંથિબંધન ॥

**દિશા અને પ્રેરણા :** વરકન્યાએ પાણિગ્રહણ કર્યા પછી બંનેને એક ગાંઠમાં બાંધી દેવામાં આવે છે. દુપટ્ટાના છેડા બાંધવાનો અર્થ છે-બંનેનાં શરીર, મન અને આત્મા એક થઈને એક નવી સત્તાનો જન્મ થયો. હવે બંને એકબીજા સાથે સંપૂર્ણ બંધાઈ ગયાં છે. ગ્રંથિબંધનમાં ધન, પુષ્પ, ધરો, હળદર અને ચોખા - આ પાંચ વસ્તુઓ બાંધવામાં આવે છે. પૈસા એટલા માટે મૂકવામાં આવે છે કે હવે ધન પર કોઈ એકનો અધિકાર નહિ રહે. બંનેનો અધિકાર રહેશે. બંને પરસ્પર સમજીને, બજેટ બનાવીને એ પૈસા વાપરશે. ધરોનો અર્થ છે-કદી નિર્જીવ ન થનારી પ્રેમભાવના. ધરોનું જીવનતત્ત્વ નષ્ટ થતું નથી. સુકાઈ ગયા પછી પણ પાણી રેડતાં પાછી લીલી થઈ જાય છે. એ જ રીતે બંનેના મનમાં પ્રેમની વેલ લીલી જ રહે. કદી સુકાય નહિ. તેઓ ચંદ્ર અને ચકોરની જેમ એકબીજા પર પોતાને ન્યોછાવર કરતાં રહેશે. પોતાનું દુઃખ ઓછું અને સાથીના દુઃખને વધારે માને. પોતાના સુખના બદલે સાથીના સુખનું વધારે ધ્યાન રાખે. એકબીજા પર ખરા અંતરનો પ્રેમ વરસાવતાં રહેશે. હળદરનો અર્થ છે-આરોગ્ય. બંને એકબીજાના શારીરિક તથા માનસિક આરોગ્યનો ખ્યાલ રાખશે. એવો વ્યવહાર ના કરે કે જેથી સાથીનું સ્વાસ્થ્ય બગડે યા માનસિક ઉદ્વેગ પેદા થાય. અક્ષત્ સામૂહિક સામાજિક જવાબદારીઓનું સ્મરણ કરાવે છે.

કુટુંબમાં અનેક સભ્યો હોય છે. એ બધાનું પૂરતું ધ્યાન રાખવું એ પતિપત્નીનું પરમપવિત્ર કર્તવ્ય છે. એવું ન બને કે બંને ફક્ત એકબીજાને જ પ્રેમ કરતાં રહે અને કુટુંબના બીજા સભ્યોની ઉપેક્ષા કરે. આ સમાજસેવાની જવાબદારી પણ દરેક ભાવનાશીલ મનુષ્યે નિભાવવાની હોય છે. એમાં પણ એવું ન બનવું જોઈએ કે પોતાના વ્યક્તિગત સ્વાર્થ અને સુખ માટે બીજાને સમાજસેવા ના કરવા દે. અક્ષત એ વાતનું સૂચન કરે છે કે તમે બંને માત્ર એકબીજા માટે નથી

બન્યાં, પરંતુ સમાજસેવાનું વ્રત તથા જવાબદારી પણ તમારા ગ્રંથિબંધનમાં એક મહત્ત્વપૂર્ણ લક્ષ્યના રૂપમાં બાંધવામાં આવી છે. ફૂલનો અર્થ છે હસતા-ખીલતા રહેવું. એકબીજાને સુગંધિત બનાવવા માટે, યશ ફેલાવવા માટે, પ્રશંસા કરવા તત્પર રહેવું. કોઈ બીજાનું અન્ય લોકો આગળ અપમાન ન કરે કે તિરસ્કાર ન કરે. આ રીતે બંનેની પાસે એવી આશા રાખવામાં આવે છે કે તેઓ જે લક્ષ્ય માટે એકબીજા સાથે બંધાયાં છે તેને આજીવન યાદ રાખશે.

**ક્રિયા અને ભાવના :** ગ્રંથિબંધન આચાર્ય, કોઈ સ્વયંસેવક કે આદરણીય સજ્જન કરે. દુપટ્ટાના છેડા એકસરખા કરીને એમાં પાંચેય મંગલ દ્રવ્યો મૂકી ગાંઠ વાળવી. ભાવના કરવી કે આ મંગલ દ્રવ્યોના મંગલ સંસ્કાર તથા દેવશક્તિઓના સમર્થનથી બંને એવી રીતે જોડાઈ રહ્યાં છે કે હંમેશાં જોડાયેલાં રહીને, એકબીજાનાં પૂરક બનીને જીવનયાત્રા પૂરી કરશે.

**ૐ સમંજન્તુ વિશ્વેદેવાઃ સમાપો હૃદયાનિ નૌ ।**
**સં માતરિશ્વા સં ધાતા, સમુદેષ્ટ્રી દધાતુ નૌ ॥**

– ઋ. ૧૦.૮૫.૪૭ પાર. ગૃ. સૂ. ૧.૪.૧૪

## ॥ વરકન્યાની પ્રતિજ્ઞાઓ ॥

**દિશા તથા પ્રેરણા :** કોઈ પણ મહત્ત્વનું પદ ગ્રહણ કરતી વખતે શપથ લેવામાં આવે છે. કન્યાદાન, પાણિગ્રહણ ગ્રંથિબંધન થઈ જતાં વરકન્યાના દાંપત્યજીવનનો સમાજ દ્વારા સ્વીકાર થઈ જાય છે. ત્યારપછી અગ્નિ તથા દેવશક્તિઓની સાક્ષીમાં બંનેને એક સંયુક્ત એકમના રૂપમાં ઢાળવાનો ક્રમ ચાલે છે. આથી એમણે પોતાનાં ધર્મ-કર્તવ્યને સારી રીતે સમજી લેવાં જોઈએ.એના પાલનનો સંકલ્પ પણ લેવો જોઈએ. આ દિશામાં પહેલી જવાબદારી વરની હોય છે. તેથી પહેલાં વર પછી વધૂ પાસે પ્રતિજ્ઞાઓ કરાવવામાં આવે છે.

## ॥ વરની પ્રતિજ્ઞાઓ ॥

**ધર્મપત્નીં મિલિત્વૈવ, હ્યેકં જીવનમાવયોઃ ।**
**અદ્યારભ્ય યતો મે ત્વમ્, અર્દ્ધાંગિનીતિ ઘોષિતા ॥૧॥**

આજથી ધર્મપત્નીને અર્ધાંગિની જાહેર કરીને એની સાથે મારા વ્યકિતત્વને મેળવીને એક નવા જીવનની શરૂઆત કરું છું. મારા શરીરનાં અંગોની જેમ જ ધર્મપત્નીનું ધ્યાન રાખીશ.

**સ્વીકરોમિ સુખેન ત્વાં, ગૃહલક્ષ્મીમહન્તતઃ ।**

**મન્ત્રયિત્વા વિધાસ્યામિ સુકાર્યાણિ ત્વયા સહ ॥૨॥**

પ્રસન્નતાપૂર્વક ગૃહલક્ષ્મીનો મહાન અધિકાર સોંપું છું અને જીવનના નિર્ણયો લેવામાં એની સલાહને મહત્ત્વ આપીશ.

**રૂપ-સ્વાસ્થ્ય-સ્વભાવાન્તુ, ગુણદોષાદીન્ સર્વતઃ ।**

**રોગાજ્ઞાન-વિકારાંશ્ચ, તવ વિસ્મૃત્ય ચેતસઃ ॥૩॥**

રૂપ, સ્વાસ્થ્ય, સ્વભાવગત ગુણદોષ તથા અજ્ઞાનજન્ય વિકારોને મનમાં નહિ રાખું. એના લીધે અસંતોષ વ્યકત નહિ કરું. સ્નેહપૂર્વક સુધારતાં અથવા સહન કરતાં કરતાં આત્મીયતા જાળવી રાખીશ.

**સહચરો ભવિષ્યામિ, પૂર્ણસ્નેહઃ પ્રદાસ્યતે ।**

**સત્યતા મમ નિષ્ઠા ચ, યસ્યાધારં ભવિષ્યતિ ॥૪॥**

પત્નીનો મિત્ર બનીને રહીશ અને એને સંપૂર્ણ સ્નેહ આપતો રહીશ. આ વચનનું પાલન પૂરી નિષ્ઠા અને સત્યના આધારે કરીશ.

**યથા પવિત્રચિત્તેન, પાતિવ્રત્ય ત્વયા ધૃતમ્ ।**

**તથૈવ પાલયિષ્યામિ, પત્નીવ્રતમહં ધ્રુવમ્ ॥૫॥**

પત્ની માટે જેવી રીતે પતિવ્રતની મર્યાદા છે એવી જ દૃઢતાથી હું પત્નીવ્રત ધર્મનું પલન કરીશ. ચિંતન અને આચરણ બંને રીતે પરસ્ત્રી સાથે વાસનાત્મક સંબંધ નહિ બાંધું.

**ગૃહસ્યાર્થવ્યવસ્થાયાં, મન્ત્રયિત્વા ત્વયા સહ ।**

**સંચાલનં કરિષ્યામિ, ગૃહસ્થોચિત-જીવનમ્ ॥૬॥**

ઘરની વ્યવસ્થામાં ધર્મપત્નીને મુખ્ય સ્થાન આપીશ. આવક અને ખર્ચની વ્યવસ્થા એની સંમતિથી કરવાની ગૃહસ્થને યોગ્ય જીવનચર્યા અપનાવીશ.

**સમૃદ્ધિ-સુખ-શાન્તીનાં રક્ષણાય તથા તવ ।**

**વ્યવસ્થાં વૈ કરિષ્યામિ, સ્વશક્તિવૈભવાદિભિઃ ॥૭॥**

ધર્મપત્નીનાં સુખશાંતિ, પ્રગતિ ને સંરક્ષણની વ્યવસ્થા કરવામાં મારી શકિત અને સાધનોને પૂરી ઈમાનદારી સાથે વાપરતો રહીશ.

**યત્નશીલો ભવિષ્યામિ, સન્માર્ગસેવિતું સદા ।**
**આવયોઃ મતભેદાંશ્ચ, દોષાન્સંશોધ્ય શાન્તિતઃ ॥૮॥**

મારા તરફથી મધુર વચન અને શ્રેષ્ઠ વ્યવહાર રાખવાનો પૂરો પ્રયત્ન કરીશ. મતભેદો અને ભૂલો શાંતિથી સુધારીશ. કોઈની સામે પત્નીનો તિરસ્કાર નહિ કરું.

**ભવત્યામસમર્થાયાં, વિમુખાયાંચ કર્મણિ ।**
**વિશ્વાસં સહયોગંચ, મમ પ્રાપ્સ્યસિ ત્વં સદા ॥૯॥**

પત્ની અસમર્થ તથા પોતાના કર્તવ્યથી વિમુખ થઈ જાય છતાં પણ તેને સહયોગ આપવામાં તથા મારા કર્તવ્યપાલનમાં જરાય ઊણપ નહિ અવાવા દઉં.

## ॥ કન્યાની પ્રતિજ્ઞાઓ ॥

**સ્વજીવનં મેલયિત્વા, ભવતઃ ખલુ જીવને ।**
**ભૂત્વા ચાર્ધાંગિની નિત્યં, નિવત્સ્યામિ ગૃહે સદા ॥૧॥**

મારા જીવનને પતિની સાથે જોડીને નવા જીવનનું સર્જન કરીશ. આ રીતે ઘરમાં સાચા અર્થમાં અર્ધાંગિની બનીને રહીશ.

**શિષ્ટતાપૂર્વકં સર્વૈઃ પરિવારજનૈઃ સહ ।**
**ઔદાર્યેણ વિધાસ્યામિ, વ્યવહારં ચ કોમલમ્ ॥૨॥**

પતિના કુટુંબના સભ્યોને એક જ શરીરનાં અંગો માનીને બધાની સાથે શિષ્ટતાથી વર્તીશ, ઉદારતાપૂર્વક તેમની સેવા કરીશ અને મધુર વ્યવહાર કરીશ.

**ત્યક્ત્વાલસ્યં કરિષ્યામિ ગૃહકાર્યે પરિશ્રમમ્ ।**
**ભર્તુર્હર્ષં હિ જ્ઞાસ્યામિ, સ્વીયામેવ પ્રસન્નતામ્ ॥૩॥**

આળસ છોડીને મહેનતપૂર્વક ઘરકામ કરીશ. આ રીતે પતિની પ્રગતિ અને જીવનવિકાસમાં પૂરતું યોગદાન આપીશ.

**શ્રદ્ધયા પાલયિષ્યામિ, ધર્મં પાતિવ્રતં પરમ્ ।**
**સર્વદૈવાનુકૂલ્યેન, પત્યુરાદેશપાલિકા ॥૪॥**

પતિવ્રત ધર્મનું પાલન કરીશ. પતિ પ્રત્યે શ્રદ્ધાભાવ રાખીને હંમેશાં એમને અનુકૂળ બનીશ. છળકપટ નહિ કરું. તેમની આજ્ઞાનું તરત જ પાલન કરીશ.

**સુશ્રૂષણપરા સ્વચ્છા, મધુર-પ્રિયભાષિણી ।**
**પ્રતિજાને ભવિષ્યામિ, સતતં સુખદાયિની ॥૫॥**

સેવા, સ્વચ્છતા તથા પ્રિય બોલવાની ટેવ રાખીશ. ઈર્ષ્યા, કુંઢવું વગેરે દોષોથી દૂર રહીશ અને સદાય પ્રસન્નતા આપનાર બનીશ.

**મિતવ્યયેન ગાર્હસ્થ્ય-સંચાલને હિ નિત્યદા ।**
**પ્રયતિષ્યે ચ સોત્સાહં, તવાહમનુગામિની ॥૬॥**

કરકસર કરીને ખોટા ખર્ચથી દૂર રહીશ. પતિ અસમર્થ થઈ જાય, તો પણ ગૃહસ્થધર્મનું પાલન કરીશ.

**દેવસ્વરૂપો નારીણાં, ભર્ત્તા ભવતિ માનવઃ ।**
**મત્વેતિ ત્વાં ભજિષ્યામિ નિયતા જીવનાવધિમ્ ॥૭॥**

પત્ની માટે પતિ દેવસ્વરૂપ હોય છે એમ માનીને, મતભેદ ભૂલી જઈને જીવનભર સેવા કરીશ. કદી પણ પતિનું અપમાન નહિ કરું.

**પૂજ્યાસ્તવ પિતરો યે, શ્રદ્ધયા પરમા હિ મે ।**
**સેવયા તોષયિષ્યામિ, તાન્સદા વિનયેન ચ ॥૮॥**

જે લોકો પતિ માટે પૂજ્ય અને શ્રદ્ધાપાત્ર છે એમને સેવા અને વિનય દ્વારા હંમેશાં સંતુષ્ટ રાખીશ.

**વિકાસાય સુસંસ્કારૈઃ સૂત્રૈઃ સદ્‌ભાવવર્દ્ધિભિઃ ।**
**પરિવારસદસ્યાનાં, કૌશલં વિકસામ્યહમ્ ॥૯॥**

કુટુંબના સભ્યોમાં સુસંસ્કારોના વિકાસ માટે તથા એમને સદ્‌ભાવનાના સૂત્રમાં બાંધી રાખવાની કુશળતા પ્રાપ્ત કરીશ.

## ॥ યજ્ઞીય પ્રક્રિયા ॥

શપથ લીધા પછી એમની શ્રેષ્ઠ ભાવનાઓના વિકાસ તથા પોષણ હમાટે યજ્ઞીય વાતાવરણનું નિર્માણ કરવામાં આવે છે. અગ્નિસ્થાપન કરીને ગાયત્રી મંત્રની ૯, ૧૨ કે ૨૪ આહુતિઓ આપવી. ત્યાર પછી પ્રાયશ્ચિત્ત હોમ કરાવવો.

## ॥ પ્રાયશ્ચિત્ત હોમ ॥

**દિશા તથા પ્રેરણા :** ગાયત્રી આહુતિઓ પછી પાંચ આહુતિઓ પ્રાયશ્ચિત્ત હોમની આપવામાં આવે છે. વરકન્યા બંને હવનસામગ્રીથી આહુતિ આપે. આ આહુતિઓ આપતી વખતે બંનેના મનમાં એવી ભાવના હોવી જોઈએ કે દાંપત્યજીવનમાં બાધક બને એવા જે કોઈ કુસંસ્કારો મનમાં હોય તે બધાને સ્વાહા કરવામાં આવી રહ્યાં છે. કોઈનાથી ગૃહસ્થના આદર્શોનું ઉલ્લંઘન કરવાની કોઈ ભૂલ થઈ ગઈ હોય તો એને સ્વપ્નવત્ ગણીને ભૂલી જવી. આવી ભૂલના કારણે કોઈ એકબીજાને દોષ ન દે અથવા શંકાની નજરે ન જુએ. આ રીતે નશાબાજી જેવું કોઈ વ્યસન હોય યા સ્વભાવમાં કઠોરતા, સ્વાર્થપરાયણતા કે અહંકાર જેવી કોઈ ત્રુટિ હોય તો તેનો ત્યાગ કરી દેવો જોઈએ. સાથે સાથે એ ભૂલોનું પ્રાયશ્ચિત્ત કરતાં કરતાં ભવિષ્યમાં એવી ભૂલો ન કરવાનો સંકલ્પ પણ લેવો જોઈએ.

**ક્રિયા અને ભાવના :** વરકન્યા હવનસામગ્રીથી આહુતિ આપે. ભાવના કરે કે પ્રાયશ્ચિત્ત આહુતિની સાથે અગાઉનાં દુષ્કૃત્યો બળીને સાફ થઈ રહ્યાં છે. સ્વાહાની સાથે આહુતિ આપવી. ઈદં ન મમ ની સાથે હાથ જોડી નમસ્કાર કરવા.

**ૐ ત્વં નો અગ્ને વરુણસ્ય વિદ્વાન્, દેવસ્ય હેડો અવ યાસિસીષ્ઠાઃ । યજિષ્ઠો વહ્નિતમઃ શોશુચાનો, વિશ્વા દ્વેષા ꣳસિ પ્ર મુમુગ્ધ્યસ્મત્ સ્વાહા । ઈદમગ્નીવરુણાભ્યાં ઈદં ન મમ ॥**

- ૨૧.૩

**ૐ સ ત્વં નો અગ્નેઽવમો ભવોતી, નેદિષ્ઠો અસ્યા ઽ ઉષસો વ્યુષ્ટૌ । અવ યક્ષ્વ નો વરુણ ꣳ રરાણો, વીહિ મૃડીક ꣳ સુહવો ન ઽ એધિ સ્વાહા । ઈદમગ્નીવરુણાભ્યાં ઈદં ન મમ ॥**

- ૨૧.૪

**ૐ અયાશ્ચાગ્નેઽસ્ય નભિશસ્તિપાશ્ચ, સત્યમિત્વમયાઽઅસિ । અયા નો યજ્ઞં વહાસ્યયા, નો ધેહિ ભેષજ ꣳ સ્વાહા ।**

ઈદમગ્નયે અયસે ઈદં ન મમ । - કા. શ્રૌ. સૂ. ૨૫.૧.૧૧

ૐ યે તે શતં વરુણ યે સહસ્રં, યજ્ઞિયાઃ પાશા વિતતા મહાન્તઃ, તેભિર્નોઽઅદ્ય સવિતોત વિષ્ણુઃ વિશ્વે મુંચન્તુ મરુતઃ સ્વર્કાઃ સ્વાહા । ઈદં વરુણાયસવિત્રે વિષ્ણવે વિશ્વેભ્યો દેવેભ્યો મરુદ્ભ્યઃ સ્વર્કેભ્યશ્ચ ઈદં ન મમ । - કા. શ્રૌ. સૂ. ૨૫.૧.૧૧

ૐ ઉદુત્તમં વરુણ પાશમસ્મદવાધમં, વિમધ્યમ ૐ શ્રથાય । અથા વયમાદિત્ય વ્રતે તવાનાગસો, અદિતયે સ્યામ સ્વાહા । ઈદં વરુણાયાદિત્યાયાદિતયે ચ ઈદં ન મમ । - ૧૨.૧૨

## ॥ શિલારોહણ ॥

**દિશા અને પ્રેરણા :** શિલારોહણ વખતે પથ્થર પર પગ મૂકતાં પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે જેવી રીતે અંગદે પોતાનો પગ જમાવી દીધો હતો, એવી જ રીતે અમે પણ અમારી જવાબદારીઓ નિભાવવા અડગતાપૂર્વક પગ જમાવીએ છીએ. આ ધર્મકાર્ય કોઈ રમત નથી. આ પ્રતિજ્ઞાઓ પથ્થરમાં દોરેલી રેખાઓની. જેમ અમિટ રહેશે. એમને ચટ્ટાનની જેમ અતૂટ અને ચિરસ્થાયી રાખીશું.

**ક્રિયા અને ભાવના :** મંત્રની સાથે વરકન્યા પોતાનો જમનો પગ પથ્થર પર મૂકે અને ભાવના કરે કે જવાબદારીઓ નિભાવવાની તથા અવરોધોને પાર કરવાની શકિત અમારા સંકલ્પ અને દૈવીકૃપાથી મળી રહી છે.

ૐ આરોહેમમશ્માનમશ્મેવ ત્વ ૐ સ્થિરા ભવ ।<br>અભિતિષ્ઠ પૃતન્યતોઽવબાધસ્વ પૃતનાયતઃ ॥

- પાર. ગૃ. સૂ. ૧.૭

## ॥ લાજાહોમ તથા પરિક્રમા ॥

પ્રાયશ્ચિત્ત આહુતિ પછી લાજાહોમ અને ફેરા ફરવાનો ક્રમ એક સાથે ચાલે છે. લાજાહોમ માટે કન્યાનો ભાઈ એક થાળીમાં ડાંગર લઈને પાછળ ઊભો રહે અને એક મૂઠી ડાંગર પોતાની બહેનને આપે, કન્યા એ વરને આપી દે. વર એને આહુતિ મંત્રની સાથે હવનમાં હોમી દે.

આ રીતે ત્રણવાર કરવું. લાજાહોમમાં ભાઈના ઘેરથી જે અન્ન મળે છે તેને કન્યા પોતાના પતિને સોંપી દે છે. એ કહે છે કે મારા પિતાના ઘેરથી મારા ઉપયોગ માટે મને જે કાંઈ મળ્યું છે એને હું છુપાવીને જુદું નહિ રાખું. એ હું તમને સોંપી દઉં છું. જુદાઈનો ભાવ કોઈના મનમાં આવવો નજોઈએ.પતિ જે કાંઈ કમાય છે તે પત્નીને સોંપે છે, એ જ રીતે પત્ની પણ પોતાની પાસે જે કાઈ છે તે પતિને સોંપી દે છે. પતિ વિચારે છે કે અમે લોકો અમારી મહેનતથી જે કાંઈ કમાઈશું તેનો જ ઉપયોગ કરીશું. કોઈએ ઉદારતાપૂર્વક જે આપ્યું હોય તે લઈને શા માટે કોઈના ઋણી બનીએ ? તેથી પતિ એ લાજા (ડાંગર) ને પોતાને ખાવા માટે રાખતો નથી, પરંતુ યજ્ઞમાં હોમી દે છે. જનકલ્યાણ માટે એ પદાર્થને વાયુભૂત બનાવીને વાયુમંડળમાં વિખેરી દેવામાં આવે છે. આ ક્રિયામાં મહાન માનવીય આદર્શ રહેલો છે કે મફતની વસ્તુનો સ્વીકાર ન કરવો જોઈએ અને મળે તો પણ એનો ઉપયોગ લોકકલ્યાણ માટે જ કરવો જોઈએ. મૃત્યુભોજનની પાછળ પણ આ જ ભાવના હતી કે પિતા પાસેથી વારસામાં મળેલું ધન પુત્રો પોતે વાપરતા નહોતા, પરંતુ સમાજની સેવા કરનારા બ્રાહ્મણોના નિર્વાહ માટે અથવા અન્ય પુણ્યકાર્યોમાં વાપરી નાખતા હતા. દહેજની બાબતમાં પણ આ પ્રમાણે જ કરવું જોઈએ. પિતા ઉદારતાપૂર્વક કંઈક આપે છે. તેમની ભાવના પ્રશંસનીય છે, પરંતુ આપણા ભાવના પણ કંઈક ઊંચી હોવી જોઈએ. મફતિયું ખાવામાં કોઈ પણ સ્વમાની માણસને હીણપત લાગે છે. તે વિચારે છે કે દાનની ઉદાર ભાવનાથી આપેલું મહેનત વગરનું ધન પચે નહિ. તેથી લોકકલ્યાણમાં, પરમાર્થના યજ્ઞમાં તેની આહુતિ આપી દેવી જોઈએ. આ જ ઉદ્દેશ્યથી પત્નીના ભાઈએ આપેલ અન્ન તે યજ્ઞકાર્યમાં હોમી દે છે.

સારું તો એ છે કે જે કાંઈ મળે તે બધાનું જ દાન કરી દેવું. માત્ર લગ્ન વખતે જ નહિ, પરંતુ બીજા પ્રસંગોએ પણ જો ભેટરૂપે કંઈક મળે તો એ મફતનો માલ ખાઈને આપણે પરલોકના ઋણી ના બનવું જોઈએ. એ ધનને પરમાર્થમાં ખર્ચી નાખવાની ઉદાર પરંપરા

નિભાવવવી જોઈએ. કયાં ભારતીય સંસ્કૃતિની ઉદાર ભાવના અને કયાં આજના ધનલોભીઓ દ્વારા કન્યાપક્ષવાળાઓનું લોહી ચૂસી લેનારી દહેજની પૈશાચિક માગણી ! બંનેમાં જમીન-આસમાન જેટલું અંતર છે. જેણે પોતાના કાળજાનો કટકો આપી દીધો એના પ્રત્યે તો વરપક્ષવાળાઓએ કૃતજ્ઞ રહેવું જોઈએ અને એવું વિચારવું જોઈએ કે આ અલૌકિક ભેટના બદલામાં કઈ રીતે પોતાની શ્રદ્ધાભાવના વ્યકત કરીએ. આવું કરવાના બદલે જ્યારે કન્યાપક્ષને દબાયેલો માનીને એને સતાવવાની અને ચૂસી લેવાની યોજના બનાવવામાં આવે છે ત્યારે લાગે છે કે ધર્મના બદલે અધર્મનું, દેવત્વના બદલે અસુરતાનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. લાજાહોમ વર્તમાનકાળની આ ક્ષુદ્ર માન્યતાઓને ધિક્કારે છે અને ઉદાર દૃષ્ટિકોણ અપનાવવાની પ્રેરણા આપે છે.

**પરિક્રમા :** પતિપત્ની યજ્ઞાગ્નિની પરિક્રમા કરે. ડાબેથી જમણી બાજુ ચાલે. પહેલી ચાર પરિક્રમાઓમાં કન્યા આગળ રહે અને વર પાછળ રહે. ચાર પરિક્રમા પૂરી થયા પછી વર આગળ થઈ જાય અને કન્યા પાછળ રહે. પરિક્રમા વખતે તેનો મંત્ર બોલવો તથા દરેક પરિક્રમા પૂરી થઈ ગયા પછી વરકન્યા ગાયત્રીમંત્રથી એક એક આહુતિ આપે. આનું તાત્પર્ય એ છે કે ઘર તથા કુટુંબનાં કાર્યોમાં પત્ની નેતૃત્વ કરશે. એની સલાહને મહત્ત્વ આપવામાં આવશે. વર એ પ્રમાણે કરશે કારણકે એ કાર્યોમાં નારીને વધારે અનુભવ હોય છે.

બહારનાં કાર્યોમાં વર નેતૃત્વ કરે છે કારણ કે ધંધાકીય બાબતોમાં વરને વધારે અનુભવ હોય છે. ભાવનાક્ષેત્રમાં નારી આગળ છે અને કર્મક્ષેત્રમાં પુરુષ આગળ છે. બંનેનું આગવું મહત્ત્વ છે. સમગ્રપણે જોતાં નારીના પદ, ગૌરવ અને વજનનું મહત્ત્વ વધારે છે. તેથી તે ચાર અને વર ત્રણ પરિક્રમમામાં આગળ રહે છે. ભાવનાઓની દૃષ્ટિએ નારીનું સ્થાન સદાય આગળ રહ્યું છે સીતારામ, રાધેશ્યામ, લક્ષ્મીનારાયણ, ઉમામહેશ, ગૌરીશંકર વગેરેમાં પહેલાં નારીનું નામ છે.

**ક્રિયા અને ભાવના :** લાજાહોમ અને પરિક્રમાનો ક્રમ સાથે સાથે ચાલે છે. સૌ પ્રથમ વરકન્યા પોતાના સ્થાન પર ઊભાં ઊભાં ગાયત્રી

મંત્રથી એક આહુતિ આપે, ત્યાર પછી પરિક્રમા મંત્રની સાથે ફેરા ફરે. પહેલાં કન્યા આગળ અને વર પાછળ રહે.

એક ફેરો પૂરો થયા પછી લાજાહોમ મંત્રથી એક આહુતિ આપવી. આ જ રીતે ચાર ફેરા પૂરા કરવા. ત્યાર પછી વર આગળ અને કન્યા પાછળ રહે. પરિક્રમા મંત્ર સાથે ફેરો ફરી ગાયત્રી મંત્રથી આહુતિ આપે. આવા ત્રણ ફેરા ફરવા. સાથે સાથે ભાવના કરવી કે બહાર યજ્ઞની ઊર્જા અને અંતઃકરણમાં યજ્ઞની ભાવના તીવ્ર થઈ રહી છે. પરિક્રમા કરતી વખતે ભાવના કરવી કે યજ્ઞને સાક્ષી માનીને અમે આદર્શ દાંપત્યજીવન જીવવાનો સંકલ્પ કરી રહ્યાં છીએ.

## ॥ લાજાહોમ ॥

**ૐ અર્યમણં દેવં કન્યા અગ્નિમયક્ષત । સ નોઽઅર્યમા દેવઃ પ્રેતો મુંચતુ, મા પતેઃ સ્વાહા । ઈદમ્ અર્યમ્ણે અગ્નયે ઈદં ન મમ ॥**

**ૐ ઈયં નાર્યુપબ્રૂતે લાજા નાવપન્તિકા । આયુષ્માનસ્તુ મે પતિરેધન્તાં, જ્ઞાતયો મમ સ્વાહા । ઈદમ્ અગ્નયે ઈદં ન મમ ॥**

**ૐ ઈમાંલ્લાજાનાવપામ્યગ્નૌ સમૃદ્ધિકરણં તવ । મમ તુભ્યં ચ સંવનનં, તદગ્નિરનુમન્યતામિયꣳ સ્વાહા ।**

**ઈદમ્ અગ્નયે ઈદં ન મમ ॥** - પાર. ગૃ.સૂ. ૧.૬.૨

## ॥ પરિક્રમા મંત્ર ॥

**ૐ તુભ્યમગ્રે પર્યવહન્ત્સૂર્યાં વહતુ ના સહ । પુનઃ પતિભ્યો જાયાં દા અગ્ને પ્રજયા સહ ॥**

- ઋ. ૧૦.૮૫.૩૮, પાર. ગૃ. સૂ. ૧.૭.૩

## ॥ સપ્તપદી ॥

**દિશા તથા પ્રેરણા :** ફેરા કર્યા પછી સપ્તપદીનો ક્રમ આવે છે. સાત વખત વરકન્યા સાથે સાથે કદમ મિલાવીને ફોજી સૈનિકોની જેમ આગળ વધે છે. ચોખાની સાત ઢગલીઓ અથવા નાડાછડી બાંધેલાં

કોડિયાં રાખવામાં આવે છે. એમને પગ અડકાડીને તેઓ એક એક ડગલું આગળ વધે છે. આ રીતે સાત ડગલાં ભરવામાં આવે છે. દરેક ડગલા સાથે એક એક મંત્ર બોલવામાં આવે છે.

લગ્ન થયા પછી પતિપત્નીએ સાત કાર્યક્રમ અપનાવવા પડે છે, એના પ્રતીક રૂપે આ સાત ડગલાં ભરવામાં આવે છે. એમાં બંને જણ એકસરખો ફાળો આપે. એની રૂપરેખા સપ્તપદીમા નક્કી કરવામાં આવી છે.

પહેલું ડગલું અન્નવૃદ્ધિ માટે છે. આહાર સ્વાસ્થ્યવર્ધક હોવો જોઈએ. સ્વાદને મહત્ત્વ ન આપવું, અન્નનું ઉત્પાદન, અન્નનું રક્ષણ તથા સદુપયોગ જે કરી શકે તે જ સફળ ગૃહસ્થ છે. વધારે પડતું રાંધવું, થાળીમાં એંઠું રહેવા દેવું, રસોઈ ખુલ્લી રાખવી, મરચું તથા મસાલા વધારે નાખીને એને તમોગુણી બનાવી દેવું, સ્વચ્છતાનું ધ્યાન ન રાખવું વગેરે ભૂલોના કારણે આહાર પાછળ ઘણો ખર્ચ કરવા છતાં પણ સ્વાસ્થ્ય નષ્ટ થાય છે. તેથી દાંપત્યજીવનની પહેલી જવાબદારી એ છે કે આહારની સાત્ત્વિકતાનું પૂરતું ધ્યાન રાખવું.

બીજું ડગલું શારીરિક અને માનસિક બળની વૃદ્ધિ માટે છે. વ્યાયામ, પરિશ્રમ, યોગ્ય અને નિયમિત આહારવિહારથી શરીરનું બળ ટકી રહે છે. અધ્યયન તથા વિચારવિમર્શથી મનોબળ વધે છે. આમ શારીરિક અને માનસિક બળ વધે એવા પ્રયત્નો કરવા જોઈએ.

ત્રીજું ડગલું ધનવૃદ્ધિ માટે છે. બજેટ બનાવીને ખર્ચ કરવો. ખોટી રીતે એક પણ પૈસો ન વેડફવો. ફેશન, મોજશોખ, વ્યસન વગેરેમાં પૈસા વેડફવાના બદલે કૌટુંબિક ઉન્નતિ માટે પૈસા બચાવવા જોઈએ. પતિપત્ની બંને કમાવા માટે પ્રયત્ન કરે. પુરુષો બહાર જઈને નોકરીધંધો કરે છે, તો સ્ત્રીઓ સીવણકામ, અંબરચરખો વગેરે દ્વારા અથવા નોકરી કરીને પણ કમાણી કરી શકે. જાતે જ ઘરકામ કરીને પૈસા બચાવી શકે. કમાવાની જેમ પૈસાનો ખર્ચ કરવામાં પૂરતું ધ્યાન રાખીને ધનવૃદ્ધિ કરવી તે પતિપત્નીનું કર્તવ્ય છે. એક વાત ધ્યાનમાં રાખવી કે શ્રેષ્ઠ કાર્યોમાં કંજૂસાઈ ન કરવી જોઈએ.

ચોથું ડગલું સુખવૃદ્ધિ માટે છે. વિશ્રામ, મનોરંજન, વિનોદ,

આનંદપ્રમોદનું એવું વાતાવરણ બનાવવું કે ગરીબીમાં પણ આનંદ મળે. બંને જણ પ્રસન્નચિત્ત રહે. હસતા રહેવાની ટેવ પાડે. મન હલકું રાખે: 'સંતોષી નર સદા સુખી' ની નીતિ અપનાવે.

પાંચમું ડગલું પરિવારપાલન માટે છે. નાનામોટા બધાની સાથે યોગ્ય વ્યવહાર રાખવો. પાળેલાં પશુઓ તથા નોકરોને પણ પરિવારમાં જ ગણવાં. બધાની પૂરતી દેખભાળ, સુરક્ષા, ઉન્નતિ તથા સુખશાંતિ માટે સદાય પ્રયત્ન કરવામાં નિષ્કાળજી ન રાખવી.

છઠ્ઠુ ડગલું ઋતુચર્યા માટે છે. સંતાન પેદા કરવાં તે એક સ્વાભાવિક વૃત્તિ છે, પરંતુ એ બાબતમાં મર્યાદાઓનું પૂરી કઠોરતા તથા સાવધાનીપૂર્વક ધ્યાન રાખવું કારણ કે અસંયમના કારણે બંનેના સ્વાસ્થ્યનો સર્વનાશ થઈ શકે છે. ગૃહસ્થમાં રહીને પણ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. બંને એકબીજાને સાથી, મિત્ર તથા સહયોગી માને, કામુક્તાથી બચે. સંતાન પેદા કરતા પહેલાં હજારવાર વિચાર કરવો. એ મર્યાદાનું ધ્યાન રાખીને જ સંતાન પેદા કરવાં.

સાતમું ડગલું મિત્રતાને સ્થિર રાખવા તથા વધારવા માટે છે. બંને એ બાબતનો ખૂબ ધ્યાનથી વિચાર કરે કે પોતાના તરફથી કોઈ અયોગ્ય વર્તન ન થઈ જાય, જેના કારણે સાથીને દુઃખ થાય. સામેવાળું પાત્ર ભલે ભૂલ કરે, એમ છતાં એનો ઉત્તર કઠોરતા કે કર્કશતાથી નહિ, પરંતુ સજ્જનતા અને સહૃદયતાથી આપવો જોઈએ કે જેથી આપણી મહાનતાથી દબાઈ જઈને પણ સાથીને સુધરવાની આંતરિક પ્રેરણા જાગે.

સપ્તપદીમાં આ સાત બાબતોને ધ્યાનમાં રાખવા માટે સાત ડગલાં ભરવામાં આવે છે. આ આદર્શો અને સિદ્ધાંતોને જો પતિપત્ની અપનાવે અને એ માર્ગે એક સાથે આગળ વધે તો દાંપત્યજીવન અવશ્ય સફળ થાય.

**ક્રિયા અને ભાવના :** વરકન્યા ઊભા થાય. દરેક ડગલું ભરતા પહેલાં દેવશક્તિઓની સાક્ષીમાં મંત્ર બોલવામાં આવે છે. એ વખતે વરકન્યા હાથ જોડીને ધ્યાન ધરે. ત્યાર પછી ડગલું ભરવાનો મંત્ર બોલતાં, પહેલાં જમણો પગ આગળ વધારવો. આ રીતે એક-એક કરીને સાત ડગલાં ભરવાં. ભાવના કરવી કે યોજનાબદ્ધ અને પ્રગતિશીલ

જીવન માટે દેવોની સાક્ષીમાં સંકલ્પ લઈ રહ્યાં છીએ. દેવોની કૃપાનો લાભ અમને જીવનભર મળતો રહેશે.

(૧) અન્નવૃદ્ધિ માટે પહેલો સાક્ષી -

ૐ એકો વિષ્ણુર્જગત્સર્વં, વ્યાપ્તં યેન ચરાચરમ્ ।
હૃદયે યસ્તતો યસ્ય, તસ્ય સાક્ષી પ્રદીયતામ્ ॥

પહેલું ડગલું - ૐ ઈષ એકપદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥૧॥

(૨) બળવૃદ્ધિ માટે બીજો સાક્ષી -

ૐ જીવાત્મા પરમાત્મા ચ , પૃથ્વી આકાશમેવ ચ ।
સૂર્યચન્દ્રદ્વયોર્મધ્યે, તસ્ય સાક્ષી પ્રદીયતામ્ ॥

બીજું ડગલું - ૐ ઊર્જે દ્વિપદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥૨॥

(૩) ધનવૃદ્ધિ માટે ત્રીજો સાક્ષી -

ૐ ત્રિગુણાશ્ચ ત્રિદેવાશ્ચ, ત્રિશક્તિઃ સત્પરાયણાઃ ।
લોકત્રયે ત્રિસન્ધ્યાયાઃ, તસ્ય સાક્ષી પ્રદીયતામ્ ॥

ત્રીજું ડગલું - ૐ રાયસ્પોષાય ત્રિપદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥૩॥

(૪) સુખવૃદ્ધિ માટે ચોથો સાક્ષી -

ૐ ચતુર્મુખસ્તતો બ્રહ્મા, ચત્વારો વેદસંભવાઃ ।
ચતુર્યુગાઃ પ્રવર્તન્તે, તેષાં સાક્ષી પ્રદીયતામ્ ॥

ચોથું ડગલું - ૐ માયો ભવાય ચતુષ્પદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥૪॥

(૫) પ્રજાપાલન માટે પાંચમો સાક્ષી -

ૐ પંચમે પંચભૂતાનાં, પંચપ્રાણૈઃ પરાયણાઃ ।

તત્ર દર્શનપુણ્યાનાં, સાક્ષિણઃ પ્રાણપંચધાઃ ॥

પાંચમું ડગલું - ૐ પ્રજાભ્યઃ પંચપદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥૫॥

(૬) ઋતુવ્યવહાર માટે છઠ્ઠો સાક્ષી -

ૐ ષષ્ઠે તુ ષડ્ઋતૂણાં ચ, ષણ્મુખઃ સ્વામિકાર્તિકઃ ।

ષડ્રસા યત્ર જાયન્તે, કાર્તિકેયાશ્ચ સાક્ષિણઃ ॥

છઠ્ઠું ડગલું : ૐ ઋતુભ્યઃ ષટ્પદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥૬॥

(૭) મિત્રતા વૃદ્ધિ માટે સાતમો સાક્ષી -

ૐ સપ્તમે સાગરાશ્ચૈવ, સપ્તદ્વીપાઃ સપર્વતાઃ ।

યેષાં સપ્તર્ષિપત્નીનાં, તેષામાદર્શસાક્ષિણઃ ॥

સાતમું ડગલું : ૐ સખે સપ્તપદી ભવ સા મામનુવ્રતા ભવ । વિષ્ણુસ્ત્વાનયતુ પુત્રાન્ વિન્દાવહૈ, બહૂંસ્તે સન્તુ જરદષ્ટયઃ ॥ ૭॥ - પાર. ગૃ. સૂ. ૧. ૮.૧-૨, આ. ગૃ. સૂ. ૧.૭.૧૯

## ॥ આસન પરિવર્તન ॥

સપ્તપદી પછી આસન પરિવર્તન કરવામાં આવે છે. અત્યાર સુધી વધૂ જમણી બાજુ હતી, અર્થાત્ બહારની વ્યકિત જેવી હતી, પરંતુ હવે તે આત્મીય વ્યકિત બની ગઈ છે. તેથી તેને ડાબી બાજુ બેસાડવામાં આવે છે. ડાબી બાજુથી જમણી બાજુ તરફ લખવામાં આવે છે. ડાબું પ્રથમ અને જમણું દ્વિતીય માનવામાં આવે છે. સપ્તપદી પછી હવે પત્નીને મુખ્ય સ્થાન પ્રાપ્ત થઈ ગયું. લક્ષ્મીનારાયણ, ઉમામહેશ્વર, સીતારામ, રાધેશ્યામ વગેરે નામોમાં પત્નીને પ્રથમ અને પતિને બીજું સ્થાન મળ્યું છે. કન્યા ડાબી બાજુ આવી એનો અર્થ એ કે એને

અધિકાર સોંપવામાં આવ્યો. હવે પત્ની ગૃહસ્થજીવનની મુખ્ય સૂત્રધાર બને છે.

**ૐ ઈહ ગાવો નિષીદન્તુ, ઈહાશ્વા ઈહ પુરુષાઃ ।**
**ઈહો સહસ્રદક્ષિણો યજ્ઞ, ઈહ પૂષા નિષીદ તુ ॥**

– પા. ગૃ. સૂ. ૧૮.૧૦

## ॥ પાદપ્રક્ષાલન ॥

આસન પરિવર્તન પછી ગૃહસ્થધર્મના સાધકના રૂપમાં વરકન્યાનું સન્માન પગ ધોઈને કરવામાં આવે છે. કન્યાપક્ષ તરફથી કોઈ દંપતી યા એક વ્યકિત પાદપ્રક્ષાલન કરે. પહેલાં પગ ધોનારનું પવિત્રકરણ કરવું. હાથમાં હળદર અને ધરો તથા થાળીમાં જળ લઈને પગ ધોવા. પહેલા મંત્રની સાથે ત્રણવાર વરકન્યાના પગ પખાળવા. પછી બીજા મંત્ર સાથે એમને યથાશકિત ભેટ આપવી.

**॥ૐ યા તે પતિઘ્ની પ્રજાઘ્ની પશુઘ્ની, ગૃહઘ્ની યશોઘ્ની નિન્દિતા તનૂર્જારઘ્નીં તતઽએનાંકરોમિ, સા જીર્ય ત્વં મયા સહ ॥** – પાર. ગૃ. સૂ. ૧.૧૧

**ૐ બ્રહ્મણા શાલાં નિમિતાં કવિભિર્નિમિતાં મિતામ્ ।**
**ઈન્દ્રાગ્ની રક્ષતાં શાલામમૃતૌ સોમ્યં સદઃ ॥**

– અથર્વ ૯.૩.૧૯

## ॥ ધ્રુવ-સૂર્યધ્યાન ॥

ધ્રુવ સ્થિર તારો છે. તે હંમેશાં એક જ સ્થાને રહે છે. બીજા તારા એની પરિક્રમા કરે છે. ધ્રુવના તારાનું દર્શન કરવાનો અર્થ એ છે કે બંને પોતપોતાનાં પરમપવિત્ર કર્તવ્યો નિભાવવામાં ધ્રુવતારાની જેમ દૃઢ રહીશું. અમારા આદર્શોમાંથી કદી વિચલિત નહિ થઈએ. એ જ રીતે અમે સૂર્યની જેમ અમારી પ્રખરતા વધારતાં રહીશું. નિરંતર ગતિશીલ રહીશું, અમારા દાંપત્યજીવનને તેજસ્વી બનાવીશું એવી ભાવના પતિપત્નીરાખે.

## ॥ સૂર્યધ્યાન (દિવસે) ॥

ૐ તચ્ચક્ષુર્દેવહિતં પુરસ્તાચ્છુક્રમુચ્ચરત્ । પશ્યેમ શરદઃ શતં, જીવેમ શરદઃ શતઌ્ં,શૃણુયામ શરદઃ શતં, પ્રબ્રવામ શરદઃ શતમદીનાઃ, સ્યામ શરદઃ શતં, ભૂયશ્ચ શરદઃ શતાત્ ॥ - ૩૬.૨૪

## ॥ ધ્રુવધ્યાન (રાત્રે) ॥

ૐ ધ્રુવમસિ ધ્રુવં ત્વા પશ્યામિ, ધ્રુવૈધિ પોષ્યે મયિ । મહ્યં ત્વાદાત્ બૃહસ્પતિર્મયાપત્યા, પ્રજાવતી સંજીવ શરદઃ શતમ્ ।

- પાર. ગૃ. સૂ. ૧.૮.૧૯

## ॥ શપથ-આશ્વાસન ॥

પતિપત્ની એકબીજાના માથા પર હાથ મૂકીને સમાજની સામે શપથ લે છે કે અમે આજીવન એકબીજાને વફાદાર, ઈમાનદાર તથા નિષ્ઠાવાન રહીશું. કેટલાક લોકો સ્ત્રીઓ સાથે છળકપટ અને વિશ્વાસઘાત કરે છે. રૂપ અને યૌવનના લોભમાં થોડા દિવસો સુધી મીઠી મીઠી વાતો કરે છે, પછી ક્રૂર અને દુષ્ટ બની જાય છે. એને સતાવે છે તથા તેનો તિરસ્કાર કરે છે. બધી જ પ્રતિજ્ઞાઓને તોડીને ચારિત્ર્યિક ઉચ્છૃંખલતા અપનાવે છે અને પત્નીની ઈચ્છાની પરવા કરતા નથી. સમાજમાં આવી ઘટનાઓ ઘણી બને છે. તેથી આ પ્રતિજ્ઞાઓ માત્ર એક ઔપચારિકતા બની રહેવાની શંકા જાગે છે. જો સંતાન ન થાય અથવા તો એકલી પુત્રીઓ જન્મે તો લોકો બીજું લગ્ન કરવા તૈયાર થઈ જાય છે. પરંતુ અહીં પતિ પત્નીના માથે હાથ મૂકીને સોગંદ ખાય છે કે હું બીજા દુષ્ટ લોકો જેવું આચરણ નહિ કરું. આ જ રીતે પત્ની પણ પોતાની નિષ્ઠા માટે પતિને આ શપથ દ્વારા આશ્વાસન આપે છે.

ૐ મમ વ્રતે તે હૃદયં દધામિ, મમ ચિત્તમનુચિત્તં તે અસ્તુ ।
મમ વાચમેકમના જુષસ્વ, પ્રજાપતિષ્ટ્વા નિયુનક્તુ મહ્યમ્ ॥

- પાર. ગૃ. સૂ. ૧.૮.૮

## ॥ સુમંગલી-સિંદૂરદાન ॥

મંત્રની સાથે વર કન્યાની પાંથીમાં અનામિકા તથા અંગૂઠાથી ત્રણવાર સિંદૂર લગાવે. ભાવના કરે કે હું પત્નીના સૌભાગ્યને

વધારનારો બનું

**ૐ સુમંગલીરિયં વધૂરિમા ૐ સમેત પશ્યત । સૌભાગ્યમસ્યૈ દત્ત્વા યાથાસ્તં વિપરેતન । "સુભગા સ્ત્રી સાવિત્ર્યાસ્તવ સૌભાગ્યં ભવતુ" ॥ - પાર ગૃ. સૂ. ૧.૮.૯**

## ॥ મંગલતિલક ॥

કન્યા વરને મંગલ તિલક કરે. ભાવના કરે કે પતિનું સન્માન કરીને હું એમનું ગૌરવ વધારનારી બનું.

**ૐ સ્વસ્તયે વાયુમુપબ્રવામહૈ, સોમં સ્વસ્તિ ભુવનસ્ય યસ્પતિઃ । બૃહસ્પતિં સર્વગણં સ્વસ્તયે, સ્વસ્તય ઽ આદિત્યાસો ભવન્તુ નઃ ॥ - ઋ.૫.૫૧.૧૨**

## ॥ અભિષેક-અભિસિંચન ॥

વરકન્યાને બેસાડીને મુખ્ય કળશનું જળ લઈને એમની ઉપર અભિસિંચન કરવું. ભાવના કરવી કે જે સુસંસ્કાર વાવવામાં આવ્યા છે એમનું દિવ્યજળથી સિંચન કરવામાં આવી રહ્યું છે. બધાના સદ્ભાવથી એમનો વિકાસ થશે અને વરકન્યાનું દાંપત્યજીવન સુખી બનશે. પુષ્પવર્ષાના રૂપમાં બધા લોકો પોતાની શુભકામના અને આશીર્વાદ પ્રદાન કરે.

**ગણપતિઃ ગિરિજા વૃષભધ્વજઃ,**
**ષણ્મુખો નન્દીમુખડિમડિમા ।**
**મનુજ-માલ-ત્રિશૂલ-મૃગત્વચઃ,**
**પ્રતિદિનં કુશલં વરકન્યયોઃ ॥૧॥**
**રવિશશી-કુજ ઈન્દ્ર-જગત્પતિઃ,**
**ભૃગુજ-ભાનુજ-સિન્ધુજ-કેતવઃ ।**
**ઉડુગણા-તિથિ-યોગ ચ રાશયઃ**
**પ્રતિદિનં કુશલં વરકન્યયોઃ ॥૨॥**
**વરુણ-ઈન્દ્ર-કુબેર-હુતાશનાઃ,**
**યમ-સમીરણ-વારણ-કુંજરાઃ ।**

સુરગણાઃ સુરાશ્ચ મહીધરાઃ,
પ્રતિદિનં કુશલં વરકન્યયોઃ ॥૩॥
સુરસરી-રવિનન્દિનિ-ગોમતી,
સરયૂતામપિ સાગર-ઘર્ઘરા ।
કનકયામયિ-ગંડકિ-નર્મદા,
પ્રતિદિનં કુશલં વરકન્યયોઃ ॥૪॥
હરિપૂરી-મથુરા વ ત્રિવેણિકા,
બદરિ-વિષ્ણુ-બટેશ્વર-કૌશલા ।
મય-ગયામપિ-દર્દર-દ્વારકા,
પ્રતિદિનં કુશલં વરકન્યયોઃ ॥૫॥
ભૃગુમુનિશ્ચ પુલસ્તિ ચ અંગિરા,
કપિલવસ્તુ-અગસ્ત્ય ચ નારદઃ ।
ગુરુવસિષ્ઠ-સનાતન-જૈમિની,
પ્રતિદિનંકુશલં વરકન્યયોઃ ॥૬॥
ઋગ્વેદોઽથ યજુર્વેદઃ સામવેદો હ્યથર્વણઃ ।
રક્ષન્તુ ચતુરો વેદા, યાવચ્ચન્દ્રદિવાકરૌ ॥

ત્યારપછી વિસર્જન, આશીર્વચનનાં પુષ્પ આપી કર્મકાંડ પૂરું કરવું.

* * *

# વાનપ્રસ્થ સંસ્કાર

ઢળતી ઉંમરનું પરમ પવિત્ર કર્તવ્ય છે વાનપ્રસ્થ. જ્યારે કૌટુંબિક જવાબદારીઓ ઓછી થવા લાગે. ઘર ચલાવવા માટે છોકરાઓ સમર્થ થવા લાગે અને પોતાનાં નાનાં ભાઈબહેનોની સંભાળ રાખી શકે, ત્યારે વયોવૃદ્ધ વ્યક્તિઓએ પોતાની કૌટુંબિક જવાબદારીમાંથી ધીમે ધીમે મુક્ત થતા જવું અને ક્રમશઃ તે જવાબદારી છોકરાઓને સોંપતા જવું. મમતાને કુટુંબ પ્રત્યેથી થોડી શિથિલ કરીને સમાજ પ્રત્યે વિકસિત કરતા જઈએ. બધો સમય ઘરના સભ્યો માટે જ ન ખર્ચીએ, પણ થોડોક સમય કાઢીને સમાજ માટે આપતા રહીએ તથા ધીમે ધીમે તેમાં વધારો કરતા રહીએ.

**ધર્મ અને સંસ્કૃતિનો પ્રાણ** :- વાનપ્રસ્થ સંસ્કાર ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. તેનાથી જીવન સારી રીતે જીવી શકાય છે. યુવાનીનાં કુસંસ્કારોનું શમન અને પ્રાયશ્ચિત્ત આ સાધના દ્વારા થઈ જાય છે. જે દેશ, જાતિ, ધર્મ તથા સમાજમાં ઉત્પન્ન થયા છીએ તેનું ઋણ આ સેવા કરીને ચૂકવી શકાય છે. આથી જે સ્ત્રીપુરુષો આ માટે યોગ્ય હોય તેઓએ વાનપ્રસ્થ સ્થિતિનો સ્વીકાર કરવો જોઈએ. કોઈ પણ વ્યક્તિ પોતાની જાતને એક નિયમમાં બાંધી દે છે. સંસ્કાર કરાવ્યા વિના મનોભૂમિ પર તેની સ્પષ્ટ છાપ ઉપસી આવતી નથી. આથી પગ ક્યારેક આગળ જાય છે, તો ક્યારેક પાછળ પડે છે. જ્યાં સુધી લગ્ન થતું નથી ત્યાં સુધી પ્રેમીનું સાહચર્ય સંદિગ્ધ હોય છે, પણ લગ્ન થઈ ગયા બાદ ચોક્કસ બની જાય છે. એ જ રીતે સંસ્કાર વગર પરમાર્થની ભાવના ક્યારેક શિથિલ અથવા સમાપ્ત થઈ જાય છે, પણ જો સંસ્કાર કરવામાં આવે તો તેની અંતઃપ્રેરણા તથા લોકલાજ બંને નિર્ધારિત લક્ષ તરફ ગતિ કરવાની પ્રેરણા આપતાં રહે છે. આથી શાસ્ત્ર મર્યાદાઓને અનુરૂપ જેઓને સગવડ હોય તેઓ આ સંસ્કાર વિધિસર કરાવી લે. જેને સગવડ ન હોય તેઓ પણ વગર સંસ્કારે ઉપરોક્ત રીત અપનાવવા માટે યથાશક્તિ પ્રયત્નો કરતા રહે.

**લોકશિક્ષણની જરૂરિયાત** :- આ ક્રમને અપનાવી લેવાથી સમાજની મોટી સેવા થશે. પ્રાચીન ભારતમાં લોકનિર્માણની તમામ પ્રવૃત્તિઓના સંચાલનની જવાબદારી સાધુ, બ્રાહ્મણો અને વાનપ્રસ્થો ઉપર જ હતી. તેઓ પોતાની તમામ શકિતઓ પરમાર્થ ભાવનાથી પ્રેરાઈને લોકકલ્યાણના કાર્યમાં ખર્ચતા હતા. પરિણામે ચારે તરફ ધર્મ, કર્તવ્ય અને સદાચારનું જ વાતાવરણ બનેલું રહેતું હતું. વયોવૃદ્ધ, અનુભવી અને પરમાર્થપરાયણ લોકસેવકોનો પ્રભાવ આમજનતા ઉપર ખૂબ જ ઊંડો પડતો હતો અને તેની અસર ખૂબ જ લાંબા સમય સુધી રહતી હતી. આવી વ્યક્તિઓ જ્યારે લોકોનું નેતૃત્વ કરવા માટે ધર્મતંત્રનો ઉચિત ઉપયોગ કરતી હતી ત્યારે ચારે બાજુ સત્પ્રવૃત્તિઓનું

વાતાવરણ છવાઈ જતું હતું. લોકોમાં ઉત્સાહ આવતો. શિક્ષણ, આરોગ્ય, સદાચાર, ન્યાય, વિવેક, વૈભવ, શાસન, વિજ્ઞાન, સંરક્ષણ, વ્યવસ્થા વગેરે ક્ષેત્રોમાં વયોવૃદ્ધ લોકો જ નેતૃત્વ કરતા હતા. આટલા બધા અનુભવી અને ધર્મપરાયણ લોકો નિઃસ્વાર્થ અને નિઃશુલ્ક સેવા જે દેશમાં આપતા હોય તે દેશ સંસારનો મુકુટમણિ હોય તેમાં શી નવાઈ ! પ્રાચીનકાળમાં આ દેશમાં આવી જ સ્થિતિ હતી. આજે વાનપ્રસ્થ પરંપરા નષ્ટ થઈ ગઈ છે. વૃદ્ધોને લોભ-મોહના બંધનમાં જકડાઈ રહેવાનું વધુ હિતકર લાગ્યું. પરિણામે દેશનું પતન થયું અને આજે પણ થઈ રહ્યું છે.

**વિશેષ વ્યવસ્થા** :- વાનપ્રસ્થ સંસ્કાર જેટલી વ્યક્તિઓના કરવાના હોય તેમના માટે તેટલાં આસન તૈયાર કરાવવાં. સુંદર મંચ બનાવવો. પૂજાવિધિની તમામ વસ્તુઓ તથા સંસ્કાર માટેની વધારાની પૂજાસામગ્રી જોઈ લેવી જોઈએ. નીચે પ્રમાણેની વસ્તુઓ તૈયાર રાખવી.

* વાનપ્રસ્થીઓ માટે પીળા રંગનાં કપડાં તૈયાર રાખવાં.

* એક વાસણમાં પંચગવ્ય તૈયાર રાખવું.

* જેટલી વ્યક્તિઓ હોય તેટલી (૧) પીળા રંગની જનોઈ. (૨) પંચગવ્યપાન કરાવવા માટે નાની વાટકીઓ (૩) મેખલા અને લંગોટી (૪) ધર્મદંડ (હાથમાં રાખી શકાય તેવો નાનો દંડો) (૫) પીળા દુપટા.

* ઋષિપૂજન માટે એક સાથે બાંધેલી દર્ભની સાત સળીઓ.

* વેદપૂજન માટે પીળા કપડામાં બાંધેલ વેદ અથવા કોઈ પવિત્ર પુસ્તક તૈયાર રાખવું.

* યજ્ઞપુરુષ પૂજન માટે નાડાછડી બાંધેલું નારિયેળ અથવા ગોળો.

* અભિષેક માટે એક સરખા ૫ કે ૨૪ લોટા અથવા કળશ.

* અભિષેક માટે પહેલેથી જ કન્યાઓ અથવા સન્માનનીય સાધકો તૈયાર રાખવા.

* વિધિવત્ સ્નાન કરાવી, પીળાં વસ્ત્ર ધારણ કરાવી, સંસ્કાર સ્થળે વાનપ્રસ્થીઓને લાવવા. પ્રવેશ અને આસન ગ્રહણ કરતી વખતે અક્ષતનીવૃષ્ટિ સાથે મંગલાચરણ બોલવું. સૌના આવી ગયા બાદ બહુ જ ટૂંકમાં સંસ્કારનું મહત્ત્વ અને જવાબદારી તરફ ધ્યાન દોરી ભાવનાપૂર્વક વિધિની શરૂઆત કરવી.

## ।। વિશેષ કર્મકાંડ ।।

* શરૂઆતમાં ષટ્કર્મ સુધી કર્મ કરાવ્યા પછી સંકલ્પ કરાવવો. તિલક તથા રક્ષાસૂત્ર (નાડાછડી)ની વિધિ કરાવી લેવી.

* સમયનું ધ્યાન રાખીને સામાન્ય પ્રકરણ, પૂજન વગેરેનો વિવેકાનુસાર સંક્ષેપ અથવા વિસ્તાર કરવો.

* રક્ષાવિધાન પછી વિશેષ કર્મકાંડ આ રીતે કરાવવું.

## ।। સંકલ્પ ।।

સાધક પોતાના હાથમાં ફૂલ, ચોખા, પાણી વગેરે લઈને સંકલ્પ કરે છે. એ વખતે જાહેર કરે કે, મેં આજથી વાનપ્રસ્થ વ્રત ધારણ કર્યું છે. આજથી હું પોતાનો અથવા પોતાના કુટુંબનો ન રહેતાં સમસ્ત જગતનો બની ગયો છું. મારા જીવનને સાર્વજનિક સંપત્તિ માનવામાં આવે.

**ક્રિયા અને ભાવના :-** સંકલ્પ માટે ચોખા, જળ, પુષ્પ વગેરે હાથમાં આપવાં. ભાવના કરો કે દેવસંસ્કૃતિની કરોડરજ્જુ એવા વાનપ્રસ્થ જીવનનો શુભારંભ કરવા માટે પોતાની આંતરિક અને અંતરિક્ષની સત્શક્તિઓના સહયોગ માટે પ્રાર્થના કરતાં સાહસભરી જાહેરાત કરવી.

**ૐ તત્સદદ્ય શ્રીમદ્ ભગવતો મહાપુરુષસ્ય વિષ્ણોરાજ્ઞયા પ્રવર્ત્તમાનસ્ય અદ્ય શ્રી બ્રહ્મણો દ્વિતીયે પરાર્ધે શ્રીશ્વેતવારાહકલ્પે વૈવસ્વતમન્વન્તરે ભૂર્લોકે જમ્બૂદ્વીપે ભારતવર્ષે ભરતખંડે આર્યાવર્તૈક-દેશાન્તર્ગતે...... ક્ષેત્રે માસાનાં**

માસોત્તમેમાસે...... માસે...... પક્ષે...... તિથૌ...... વાસરે...... ગોત્રોત્પન્નઃ...... નામાऽહં સ્વજીવનં વ્યક્તિગતં ન મત્વા સમ્પૂર્ણ-સમાજસ્ય એતત્ ઈતિ જ્ઞાત્વા, સંયમ-સ્વાધ્યાય-ઉપાસનેષુ વિશેષતશ્ચ લોકસેવાયાં નિરન્તરં મનસા વાચા કર્મણા ચ સંલગ્નો ભવિષ્યામિ ઈતિ સંકલ્પં અહંકરિષ્યે ।

## ॥ યજ્ઞોપવીત પરિવર્તન ॥

નવા જીવન તરફ પ્રથમ કદમ, ત્યાગ, પવિત્રતા, તેજસ્વિતા અને પરમાર્થના પ્રતીક સ્વરૂપે જનોઈ બદલવામાં આવે છે.

યજ્ઞોપવીતનું સિંચન કરી, પાંચ દેવશક્તિઓનું આવાહન અને સ્થાપન કરી તેને ધારણ કરવી. જૂની જનોઈ ઉતારી દેવી. આ ક્રમ યજ્ઞોપવીત સંસ્કારમાં આપવામાં આવ્યો છે. અહીં પણ મંત્રો આપવામાં આવ્યા છે.

## ॥ યજ્ઞોપવીત સિંચન ॥

નીચેનો મંત્ર બોલીને યજ્ઞોપવીત પર પાણી છાંટવું, પવિત્રતાની ભાવના સાથે નમસ્કાર કરવા.

**ૐ પ્રજાપતેર્યત્સહજં પવિત્રં, કાર્પાસસૂત્રોદ્ભવબ્રહ્મસૂત્રમ્ ।**
**બ્રહ્મત્વસિદ્ધ્યૈ ચ યશઃ પ્રકાશં, જપસ્ય સિદ્ધિં કુરુ બ્રહ્મસૂત્ર ॥**

## ॥ પંચદેવ આવાહન ॥

નીચેના મંત્રો બોલીને જનોઈમાં વિવિધ દેવતાઓનું આવાહન કરો.

**(૧) બ્રહ્મા- ૐ બ્રહ્મ જજ્ઞાનં પ્રથમં પુરસ્તાદ્, વિસીમતઃ સુરુચો વેન આવઃ । સબુધ્ન્યાऽઉપમાऽઅસ્યવિષ્ઠાઃ સતશ્ચયોનિમસતશ્ચ વિવઃ । ૐ બ્રહ્મણે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।** **૧૩.૩**

**(૨) વિષ્ણુ- ૐ ઈદં વિષ્ણુર્વિચક્રમે, ત્રેધા નિદધે પદમ્ ।**

સમૂઢમસ્ય પા ઉંસુરે સ્વાહા । ૐ વિષ્ણવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ॥ ૫.૧૫

(૩) શિવ- ૐ નમસ્તે રુદ્ર મન્યવ ઽ, ઉતો તઽઈષવે નમઃ । બાહુભ્યા મુત તે નમઃ । ૐ રુદ્રાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ॥ ૧૬.૧

જનોઈને ખોલી નાખો. બંને હાથોની હથેળીમાં અંગૂઠો અને ટચલી આંગળીમાં ફસાવીને છાતી સામે રાખો. પછી યજ્ઞ ભગવાનનો આવાહન મંત્ર બોલીને યજ્ઞપુરુષનું પૂજન કરો.

(૪) યજ્ઞપુરુષ - ૐ યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાઃ, તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ । તેહ નાકં મહિમાનઃ સચન્ત, યત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ । ૐ યજ્ઞપુરુષાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ॥ - ૩૧.૧૬

પછી બંને હાથ ઉપર કરીને સૂર્ય ભગવાનનું આવાહન કરો.

(૫) સૂર્ય : ૐ આકૃષ્ણેન રજસા વર્ત્તમાનો, નિવેશયન્નમૃતં મર્ત્યં ચ । હિરણ્યયેન સવિતા રથેના, દેવો યાતિ ભુવનાનિ પશ્યન્ । ૐ સૂર્યાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ॥ ૩૩.૪૩

## ॥ યજ્ઞોપવીત ધારણ ॥

ૐ યજ્ઞોપવીતં પરમં પવિત્રં, પ્રજાપતેર્યત્સહજં પુરસ્તાત્ ।
આયુષ્યમગ્ર્યં પ્રતિમુંચ શુભ્રં, યજ્ઞોપવીતં બલમસ્તુ તેજઃ ॥
- પાર ગૃ સૂ ૨૨ ૧૧

## ॥ જીર્ણોપવીતનું વિસર્જન ॥

ૐ એતાવદ્દિન પર્યન્તં, બ્રહ્મ ત્વં ધારિતં મયા ।
જીર્ણત્વાત્તે પરિત્યાગો, ગચ્છ સૂત્ર યથાસુખમ્ ॥

## ॥ પંચગવ્યપાન ॥

પંચગવ્યનું પાન પાછલા જીવનમાં થયેલી ભૂલોના પ્રાયશ્ચિત્ત માટે કરાવવામાં આવે છે. મેલ દૂર થાય તો રંગ ચડે, દોષોનો સ્વીકાર, તેમનાથી છુટકારો, જે પ્રવૃત્તિઓ આ દિશામાં લઈ જતી હોય તેમના પર નિયંત્રણ, ભૂલોના કારણે થયેલ નુકસાનની ભરપાઈ કરવા માટેનો સાહસિક શુભારંભ-આ બધાં ભેગાં મળીને પ્રાયશ્ચિત્ત કર્મ પૂરું થાય છે. પ્રાયશ્ચિત્તના લીધે શુદ્ધ ચિત્ત પર દૈવી વરદાનો સહજ રીતે વરસે છે.

**ક્રિયા અને ભાવના :-** પંચગવ્યની વાડકી ડાબા હાથમાં લઈને જમણા હાથની મધ્યમા આંગળી વડે મંત્રોચ્ચાર સાથે હલાવો. ભાવના કરો કે આ ગૌ દ્રવ્યોને દિવ્ય ચેતનાથી અભિમંત્રિત કરી રહ્યા છીએ.

**ૐ ગોમૂત્રં ગોમયં ક્ષીરં, દધિ સર્પિઃ કુશોદકમ્ ।**
**નિર્દિષ્ટં પંચગવ્યં, તુ પવિત્રં મુનિપુંગવૈઃ ॥**

વાડકી જમણા હાથમાં લઈને મંત્રોચ્ચાર સાથે પીવું, ભાવના કરવામાં આવે કે દિવ્ય સંસ્કારોથી પાપોનાં મૂળ કપાવાનો અને પુણ્યના ઉદયનો ક્રમ શરૂ થઈ રહ્યો છે, જેને નિષ્ઠાપૂર્વક ચલાવવામાં આવશે.

**ૐ યત્ત્વગસ્થિગતંપાપં, દેહે તિષ્ઠતિ મામકે ।**
**પ્રાશનાત્પંચગવ્યસ્ય, દહત્વગ્નિરિવેન્ધનમ્ ॥**

## ॥ મેખલા-કોપીનધારણ ॥

અભિસિંચન થયા બાદ વાનપ્રસ્થોના હાથમાં ધર્મદંડ તથા મેખલા અને કોપીનની જવાબદારી સોંપવામાં આવે છે. કોપીન ધારણ કરવાનો અર્થ છે-ઈન્દ્રિય સંયમ. વાનપ્રસ્થીએ સંતાનોત્પાદન બંધ કરી દેવું જોઈએ. અત્યાર સુધી જન્મેલાં સંતાનોનું પાલનપોષણ વિકાસ તથા નિર્માણ બરોબર થાય તોય ઘણું છે. પચાસ વર્ષની

ઉંમર પછી બાળકો પેદા કરવાં તે એક શરમજનક બાબત છે. આનાથી મુશ્કેલીઓ વધે છે. બાળકો દુર્બળ જન્મે છે, એમની જવાબદારી મરીએ ત્યાં સુધી રહેતી હોવાના કારણે સમાજસેવા, પરમાર્થ સાધના જેવાં જીવનને સાર્થક બનાવનાર કાર્યો માટે સમય જ મળતો નથી. ઘરની જવાબદારી જેટલી ઓછી તેટલી સારી રીતે ઘડપણનો સદુપયોગ થઈ શકશે. પછી જેણે વાનપ્રસ્થ સ્વીકારી લીધું હોય તેના માટે તો બાળકો પેદા કરવાં તે વિસંગત જ છે. આથી તેણે આ પ્રકારની મર્યાદાઓનું પાલન કરવા માટે ઇન્દ્રિયસંયમ જ અપનાવવો પડે. એ ભાવનાનું પ્રતિનિધિત્વ કોપીન કરે છે. વાનપ્રસ્થી તેને ધારણ કરે છે.

લંગોટ ધારણ કરવા માટે કેડે દોરી બાંધવી ખૂબ જરૂરી છે. સાથો સાથ તે સૈનિકની જેમ કેડ બાંધીને પરમાર્થના મોરચે આગળ વધવાની માનસિક સ્થિતિનું પ્રતીક પણ છે. કેડ બાંધવી એટલે કે તૈયાર થવું, સતર્ક રહેવું, સતત પ્રયત્નશીલ રહેવું. એવી શારીરિક તથા માનસિક સ્થિતિ બનાવી રાખવાનું પ્રતીક પણ છે. નિર્માણના બંને મોરચાઓ પર એક સાથે લડનાર સૈનિકને જે સતર્કતાથી કાર્ય કરવાનું હોય છે, તેવું જ વાનપ્રસ્થીએ પણ કરવાનું હોય છે.

**ક્રિયા અને ભાવના :-** મેખલા અને કોપીન હાથમાં લેવાં મંત્રોચ્ચાર સાથે ભાવના કરવી કે તત્પરતા, સક્રિયતા તથા સંયમશીલતાનું વરણ કરવામાં આવી રહ્યું છે. મંત્ર પૂરો થતાં મેખલાને કમરે બાંધી દેવી.

**ૐ ઈદં દુરુક્તં પરિબાધમાના, વર્ણં પવિત્રં પુનતીમઽઆગાત્ ।**

**પ્રાણાપાનાભ્યાં બલમાદધાના, સ્વસા દેવી સુભગા મેખલેયમ્ ॥** – પાર ગૃ સૂ ૨ ૨ ૮

નોંધ : કાર્યક્રમ સંપન્ન થયા પછી કોપીન પહેરી લેવી.

# ॥ ધર્મદંડ ધારણ ॥

વાનપ્રસ્થીના હાથમાં લાઠી આપવામાં આવે છે. ગુરુકુળોમાં વિદ્યાભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને વન્યપ્રદેશની જરૂરિયાત મુજબ લાઠી આપવામાં આવતી હતી. અને સગવડની દૃષ્ટિએ એ જરૂરી પણ હતું. આ ઉપરાંત રાજા જેમ રાજ્યાભિષેક વખતે શાસન સત્તાના પ્રતીક સ્વરૂપે લાકડાનો નાનકડો દંડ રાજ્યાભિષેક વખતે વિધિવિધાનપૂર્વક ધારણ કરે છે, તેવી જ રીતે વાનપ્રસ્થી પણ સંસારમાં ધર્મવ્યવસ્થા ટકાવી રાખવા માટે અને પોતાની જવાબદારી કાયમ યાદ રહે તેના માટે અને તે મુજબ પોતાનું જીવન બનાવી રાખે તેના પ્રતીક અને હેતુ માટે દંડ ધારણ કરે છે.

**ક્રિયા અને ભાવના :-** દંડ બંને હાથથી પકડો. ભૂમિના સમાન્તરે હૃદયની સીધમાં સ્થિર કરો. મંત્ર પૂરો થતાં મસ્તકે અડકાડો અને પછી જમણી બાજુ મૂકો. ભાવના કરો કે ધર્મચેતનાને જીવન્ત, વ્યવસ્થિત તથા અનુશાસિત રાખવાની જવાબદારીનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એની સાથે દિવ્યશક્તિઓ બ્રાહ્મણત્વ તથા બ્રહ્મવર્ચસ પ્રદાન કરી રહી છે.

**ૐ યો મે દણ્ડઃ પરાપતદ્, વૈહાયસોઽધિભૂમ્યામ્ ।**
**તમહં પુનરાદદઽઆયુષે, બ્રહ્મણે બ્રહ્મવર્ચસાય ॥**

– પા. ગૃ. સૂ. ૨૨ ૧૨

# ॥ પીતવસ્ત્ર ધારણ ॥

પીળાં વસ્ત્રોને વીર પુરુષો, ત્યાગીઓ તથા પરમાર્થપરાયણોના વાઘા કહેવામાં આવ્યા છે. અજ્ઞાન, અભાવ તથા અનીતિ સામે સંઘર્ષ કરવા માટે વિચારશીલ વ્યક્તિઓએ સંત, સુધારક તથા શહીદોની ભૂમિકા નિભાવવાની તૈયારી કરવી પડતી હોય છે. સંસ્કૃતિની પ્રતિષ્ઠા, તેના સનાતન ગૌરવની રક્ષા માટે આ જ રંગ પ્રેરણા આપતો રહ્યો છે.

**ક્રિયા અને ભાવના :** બંને હાથોની હથેળીઓ સીધી રાખીને દુપટ્ટો-ઉપવસ્ત્ર હાથમાં રાખો. મંત્ર સાથે ધ્યાન કરવામાં આવે કે સત્‌શક્તિઓ પાસેથી પવિત્રતા, શૌર્ય તથા ત્યાગના સંસ્કાર પ્રાપ્ત કરી રહ્યા છીએ. મંત્ર પૂરો થતાં દુપટ્ટો ખભા પર ધારણ કરવો.

**ૐ સૂર્યો મે ચક્ષુર્વાતઃ, પ્રાણોરુન્તરિક્ષમાત્મા પૃથિવી શરીરમ્ । અસ્તૃતો નામાહમયમસ્મિ સ, આત્માનં નિ દધે દ્યાવાપૃથિવીભ્યાં ગોપીથાય ॥** - અથર્વ. ૫ ૯. ૭

## ॥ ઋષિપૂજન ॥

સાંસ્કૃતિક ચેતનાને જાગૃત અને જીવંત રાખવા જીવનના મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતોની ખોજ અને તેનો લાભ જન જન સુધી પહોંચાડવા, ઈશ્વરીય પ્રયોજન માટે સમર્પિત પવિત્ર અને તેજસ્વી વ્યક્તિત્વવાળા મહામાનવોની પરંપરાનું અનુગમન આત્મકલ્યાણ તથા લોકમંગળની દૃષ્ટિએ અનિવાર્ય છે. આથી તેમને અનુસરવાની શુભ શરૂઆતના રૂપે પૂજન કરવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** હાથમાં ફૂલચોખા લઈ ઋષિઓનું ધ્યાન ધરવું. મંત્રોચ્ચાર સાથે ભાવના કરો કે અમે પણ એ પરંપરાની વ્યક્તિઓ છીએ. એમના ગૌરવને અનુરૂપ બનવા માટે અમારા પુરુષાર્થ સાથે એમની કૃપાને જોડી રહ્યા છીએ. એને પ્રાપ્ત કરીને અન્યાયને નાબૂદ કરવા દૃઢ બનીશું.

**ૐ ઈમાવેવ ગોતમભરદ્વાજા, વયમેવ ગોતમોઽયં ભરદ્વાજઽ, ઈમાવેવ વિશ્વામિત્રજમદગ્ની, અયમેવ વિશ્વામિત્રોઽયં જમદગ્નિઃ, ઈમાવેવ વસિષ્ઠકશ્યપૌ, અયમેવ વસિષ્ઠોઽયં કશ્યપો વાગેવાત્રિર્વાચાહ્યન્નમદ્યતેઽત્તિર્હ વૈ, નામૈતદ્યદત્રિરિતિ સર્વસ્યાત્તા ભવ, સર્વમસ્યાન્નં ભવતિ ય એવં વેદ ॥** - બૃહ. ઉ. ૨ ૨ ૪

**ૐ સપ્તઋષીનભ્યાવર્તે । તે મે દ્રવિણં યચ્છન્તુ તે મે**

બ્રાહ્મણવર્ચસમ્ । ૐ ઋષિભ્યો નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ । - અથર્વ ૧૦.૫.૩૯

## ॥ વેદપૂજન ॥

જ્ઞાનને વેદ કહેવામાં આવે છે. બધાંજ દુઃખોનું મૂળ અજ્ઞાન છે. જ્ઞાન-સદ્‌વિચારની સ્થાપનાથી જ સમાજમાં સુખ અને સદ્‌ગતિ શક્ય છે. સ્વયં જ્ઞાનની આરાધના કરીને પ્રત્યેક વ્યક્તિને તેમાં જોડવાનો ભાવ વેદપૂજન પાછળ રહેલો છે.

**ક્રિયા અને ભાવના :** પૂજનસામગ્રી હાથમાં લો. મંત્રોચ્ચાર સાથે ભાવના કરો કે જ્ઞાનની સનાતન ધારાના વર્તમાન યુગને અનુરૂપ પ્રવાહને પોતાના માટે, સમગ્ર સમાજ માટે, પતિત પાવની મા ગંગાની જેમ પ્રવાહિત કરવા માટે પોતાની ભૂમિકા નક્કી કરવામાં આવી રહી છે. અજ્ઞાનનું નિવારણ આનાથી શક્ય બનશે.

**ૐ વેદોઽસિ યેન ત્વં દેવ વેદ દેવેભ્યો વેદોઽભવસ્તેન મહ્યં વેદો ભૂયાઃ । દેવા ગાતુવિદો ગાતું વિત્ત્વા ગાતુમિત । મનસસ્પત ઇઈમં દેવ યજ્ઞ છ્ઠં સ્વાહા વાતે ધાઃ ॥ ૐ વેદપુરુષાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ ॥** - ૨ ૨૧

## ॥ યજ્ઞપુરુષ પૂજન ॥

યજ્ઞ દેવત્વનો આધાર છે. આનાથી દેવશક્તિઓ, કલ્યાણકારી પ્રવૃત્તિઓ પુષ્ટ બને છે. યજ્ઞીય ભાવનાના આધારે જ વ્યક્તિ અને સમાજ અભાવોમાંથી મુક્ત થશે. નહીંતર કુબેર જેટલી સંપત્તિ મેળવી લીધા પછી પણ શોષણ, પીડા તથા ગરીબી કાયમ રહ્યા જ કરશે. યજ્ઞમય ભાવના, યજ્ઞીય દર્શન તથા યજ્ઞમય જીવનક્રમ અપનાવવાનો, તેનો ફેલાવો કરવાનો સંકલ્પ યજ્ઞપુરુષના પૂજન સાથે જોડાયેલો છે.

**ક્રિયા અને ભાવના :** પૂજનસામગ્રી હાથમાં લો. મંત્ર સાથે

ભાવના કરો કે ધર્મ અને દેવત્વના મુખ્ય આધારને અંગીકાર કરીને તેને પુષ્ટ અને પ્રભાવશાળી બનાવવામાં આવી રહ્યો છે.

**ૐ યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાઃ તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ । તે હ નાકં મહિમાનઃ સચન્ત, યત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ॥ ૐ યજ્ઞપુરુષાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ । ધ્યાયામિ ।**

## ॥ વ્રતધારણ ॥

સફળતાનાં શિખરો માનવી એકદમ સર નથી કરી શકતો. એ માટે એક પછી એક પગથિયાં ચડવાં પડે છે. પ્રવૃત્તિઓ, આચરણ તથા સ્વભાવને શ્રેષ્ઠ બનાવવા માટે વ્રતશીલ બનીને ચાલવું પડે છે. ભલે નાનું વ્રત લઈએ, પણ એને પાળવું, પૂરું કરવું અને ફરી નવું વ્રત લેવું તે વિકાસ માટે ખૂબ જરૂરી છે. વ્રતશીલતા માટે કેટલીક દેવશક્તિઓને સાક્ષી બનાવીને વ્રતશીલ બનવાની જાહેરાત કરવામાં આવે છે. એમને પોતાના પ્રેરક, નિરીક્ષક તથા નિયંત્રક બનાવવા પડે છે. સંબંધિત દેવશક્તિઓની પ્રેરણાઓ આ પ્રકારે છે.

**અગ્નિદેવ :** ઊર્જાનું પ્રતીક. ઊર્જા, સ્ફૂરણા, ગરમી, પ્રકાશથી ભરેલા રહેવું, બીજાઓ સુધી તેનો ફેલાવો કરવો, બીજાને પોતાના જેવા બનાવવા, ઊર્ધ્વગામી અને આદર્શનિષ્ઠ રહેવા તથા યજ્ઞીય યોજનાનું વાહન બનવાની પ્રેરણાનો સ્રોત.

**વાયુદેવ :** સ્વયં પ્રાણસ્વરૂપ, છતાં અહંકાર વિના ખુદ પોતે બધાંની પાસે જાય છે. કોઈ જગ્યા ખાલી રાખતા નથી. સતત ગતિશીલ સુગંધિત તથા વાદળો જેવાં પરોપકારી તત્ત્વોના વિસ્તારક, સહાયક.

**સૂર્યદેવ :** જીવનશક્તિનો સ્રોત. અંધકાર નિવારક, જાગૃતિનું પ્રતીક, પૃથ્વીને સંતુલન અને પ્રાણ અનુદાન આપનાર, સ્વંય પ્રકાશિત, સવિતા દેવતા.

**ચંદ્રદેવ :** સ્વયંપ્રકાશિત નહીં, પણ સૂર્યના તાપને ખુદ સહન કરીને નિર્મળ પ્રકાશ જગતને આપનાર, તપ પોતે કરે અને લાભ બધાં માટે.

**ઇંદ્રદેવ :** વ્રતોમાં વ્રતપતિ, દેવોમાં પ્રમુખ, દેવશક્તિઓ, દેવપ્રવૃત્તિઓને સંગઠિત અને સશક્ત બનાવી રાખવા સતત જાગરૂક, હજાર આંખોથી સતર્ક રહેવાની પ્રેરણા આપનાર.

**ક્રિયા અને ભાવના :** મંત્રોચ્ચાર સાથે સાધક બંને હાથ ઊંચા કરી રાખે. ભાવના કરો કે હાથ ઊંચા કરીને વ્રતશીલતાની સાહસિક ઘોષણા કરીએ છીએ. સાથે સત્પ્રવૃત્તિઓને હાથમાં ધારણ કરી રહ્યા છીએ. તેઓ અમને માર્ગદર્શકની જેમ પ્રેરણા અને સહારો આપતી રહેશે. એક દેવતાનો મંત્ર પૂરો થતાં હાથ જોડીને નમસ્કાર કરો. પછી ફરી પહેલાંના જેવી મુદ્રા બનાવો.

**ૐ અગ્ને વ્રતપતેવ્રતંચરિષ્યામિ,તત્તે પ્રબ્રવીમિ તચ્છકેયમ્ । તેનધ્યાસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ । ૐ અગ્નયે નમઃ ॥૧॥**

**ૐ વાયો વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ તચ્છકેયમ્ । તેનધ્યાસમિદમહમ્ અનૃતાત્સત્યમુપૈમિ । ૐ વાયવે નમઃ ॥૨॥**

**ૐ સૂર્ય વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ તચ્છકેયમ્ । તેનધ્યાસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ । ૐ સૂર્યાય નમઃ ॥૩॥**

**ૐ ચન્દ્ર વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ તચ્છકેયમ્ । તેનધ્યાસમિદમહમ્, અનૃતાસત્યમુપૈમિ । ૐ ચન્દ્રાય નમઃ ॥૪॥**

**ૐ વ્રતાનાં વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ તચ્છકેયમ્ । તેનધ્યાસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ । ૐ ઈન્દ્રાય નમઃ ॥૫॥**

# ॥ અભિષેક ॥

અભિષેક એવા પ્રકારનું કાર્ય છે, જેવું કે કોઈ રાજાને રાજગાદી પર બેસાડતી વખતે રાજ્યાભિષેક કરવામાં આવે છે. રાજાનો અભિષેક પ્રધાનો અને અન્ય અગ્રગણ્ય લોકોની હાજરીમાં તથા તેમના સંરક્ષણમાં થાય છે. પ્રજાજનો અને ધર્મસંરક્ષકો દ્વારા વાનપ્રસ્થનો ધર્માભિષેક કરવામાં આવે છે. રાજા પોતાની પ્રજા માટે સુરક્ષા તથા સુખસગવડનાં ભૌતિક સાધનો ભેગાં કરે છે. આથી તેને પ્રજાપાલક કહીને સન્માનિત કરવામાં આવે છે. વાનપ્રસ્થ પ્રજાને આત્મિક સુરક્ષા, સુવ્યવસ્થા તથા સુખશાંતિનાં સાધનો ઉપલબ્ધ કરાવે છે. તેને સન્માર્ગ પર ચાલવાની, સદ્ભાવનાથી ઓતપ્રોત રહેવાની સદ્પ્રેરણા આપતો રહે છે. આ અનુદાનો તમામ પ્રકારનાં ભૌતિક સાધનો કરતાં વધારે મહત્ત્વનાં છે. રાજા તો ફક્ત એક સીમિત પ્રદેશમાં રહેનારી પ્રજાની ભૌતિક સુરક્ષા માટે જ જવાબદાર છે, જ્યારે વાનપ્રસ્થ તો સંસારના સર્વ માનવો અને પ્રાણીઓને ન્યાય તથા ધર્મનો પ્રકાશ આપે છે. ભૌતિક સંરક્ષણની સરખામણીમાં આત્મિક પ્રગતિનું મૂલ્ય અને મહત્ત્વ અનેકગણું વધારે છે. આથી એક સીમિત વિસ્તારમાં રહેનાર પ્રજાની સારસંભાળની સરખામણીમાં સમસ્ત વિશ્વનાં પ્રાણીઓને સત્પ્રેરણા આપવી અનેકગણી મહત્ત્વની છે. આથી રાજાની સરખામણીમાં ધર્મસેવી મહાત્માનું-વાનપ્રસ્થનું પદ અને ગૌરવ અનેકગણું મહત્ત્વનું છે. તેણે પોતાની જવાબદારી ખૂબ જ સાવધાનીપૂર્વક નિભાવવાની છે. ઉપરોક્ત ભાવોને હૃદયંગમ કરવા માટે આ અભિષેક ક્રિયા કરવામાં આવે છે. સમાજની પ્રતિષ્ઠિત, ધર્મસેવી તથા વિચારશીલ ૨૪ વ્યક્તિ, જે આ અભિષેક કરવા ઊભી થઈ હોય, તે સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. પાણી વડે વાનપ્રસ્થીઓનું અભિસિંચન કરનારા એ લોકો સમાજ તરફથી નવી ભાવનાની અભિવ્યક્તિ કરે છે.

**ક્રિયા અને ભાવના :** નક્કી કરેલી સંખ્યામાં કન્યાઓ અથવા

સંસ્કારવાન વ્યક્તિઓ કળશ લઈને મંત્રોચ્ચાર સાથે સાધકો પર અભિષેક કરે. ભાવના કરવી કે ઈશ્વરીય ઋષિકલ્પ જીવનને અનુરૂપ સ્થાપનાઓ, બીજરૂપ પ્રવૃત્તિઓને સિંચવામાં આવી રહી છે. સમય જતાં તેઓ ફૂલે-ફળે. જીવનના શ્રેષ્ઠતમ રસમાં ભાગીદારી માટે પરમાત્મ સત્તા પાસે પ્રાર્થના કરવામાં આવી રહી છે, અનુદાનો ધારણ કરવામાં આવી રહ્યાં છે.

**ૐ આપો હિ ષ્ઠા મયોભુવઃ, તા ન ઽ ઊર્જે દધાતન । મહેરણાય ચક્ષસે । ૐ યો વઃ શિવતમો રસઃ, તસ્ય ભાજયતેહ નઃ । ઉશતીરિવ માતરઃ । ૐ તસ્મા અરંગમામ વો, યસ્ય ક્ષયાય જિન્વથ । આપો જનયથા ચ નઃ ॥**

- ૩૬. ૧૪-૧૬

## ॥ વિશેષ આહુતિ ॥

અભિષેક કર્યા પછી અગ્નિ સ્થાપના કરીને વિધિવત્ યજ્ઞ કરવામાં આવે. સ્વિષ્ટકૃત પહેલાં નીચે આપેલા મંત્રથી સાત વિશેષ આહુતિઓ આપવી.

ભાવના કરવી કે યુગદેવતા એક વિશાળ યજ્ઞ ચલાવી રહ્યા છે. એ યજ્ઞમાં અમે પણ સમિધા, દ્રવ્ય બનીને સામેલ થઈ રહ્યા છીએ-ધન્ય બની રહ્યા છીએ.

**ૐ બ્રહ્મ હોતા બ્રહ્મ યજ્ઞા, બ્રહ્મણા સ્વરવો મિતાઃ ।**
**અધ્વર્યુર્બ્રહ્મણો જાતો, બ્રહ્મણોઽન્તર્હિતં હવિઃ સ્વાહા ।**
**ઈદં અગ્નયે ઈદં ન મમ ॥** - અથર્વ. ૧૯.૪૨.૧

## ॥ પ્રવ્રજ્યા ॥

પરિવ્રાજકનું કામ છે ચાલતા રહેવું, અટકવું નહીં. લક્ષ્ય તરફ સતત ચાલતા રહેવું. એક સીમામાં બંધાઈ ન રહેવું. જન-જન સુધી પોતાના પોતાપણાને તથા પુરુષાર્થને ફેલાવવો. જે પરિવ્રાજકો લોકમંગળ માટે સંકુચિતતાના લીધે સીમાબંધન તોડીને ગતિશીલ નથી

થતા, સુખ-સગવડો છોડીને તપસ્વી જીવન નથી અપનાવતા, તેઓ પાપના ભાગીદાર બને છે.

**ક્રિયા અને ભાવના :** યજ્ઞની ચાર પરિક્રમાઓ ચરૈવેતિ... મંત્રો સાથે કરો. ભાવના કરો કે અમે સાચા પરિવ્રાજક બનીને ગતિશીલોને મળનાર દિવ્ય અનુદાનોને અનુરૂપ સત્પાત્ર બની રહ્યા છીએ.

**(૧) ૐ નાના શ્રાન્તાય શ્રીરસ્તિ, ઈતિ રોહિત શુશ્રુમ । પાપો નૃષદ્વરો જન, ઈન્દ્ર ઈચ્ચરતઃ સખા । ચરૈવેતિ ચરૈવેતિ ॥**

**(૨) પુષ્પિણ્યૌ ચરતો જંઘે, ભૂષ્ણુરાત્મા ફલગ્રહિઃ । શેરેઽસ્ય સર્વે પાપ્માનઃ, શ્રમેણ પ્રપથે હતાઃ । ચરૈવેતિ ચરૈવેતિ ॥**

**(૩) આસ્તે ભગ આસીનસ્ય, ઊર્ધ્વસ્તિષ્ઠતિ તિષ્ઠતઃ । શેતે નિપદ્યમાનસ્ય, ચરાતિ ચરતો ભગઃ । ચરૈવેતિ ચરૈવેતિ ॥**

**(૪) કલિઃ શયાનો ભવતિ, સંજિહાનસ્તુ દ્વાપરઃ ।**

**ઉત્તિષ્ઠંસ્ત્રેતાભવતિ, કૃતં સંપદ્યતે ચરન્ । ચરૈવેતિ ચરૈવેતિ ॥**

**(૫) ચરન્ વૈ મધુ વિન્દતિ, ચરન્ સ્વાદુમુદુમ્બરમ્ । સૂર્યસ્ય પશ્ય શ્રેમાણં, યો ન તન્દ્રયતે ચરન્ । ચરૈવેતિ ચરૈવેતિ ।** - ઐત૦ બ્રા૦ ૭.૧૫

આના પછી યજ્ઞ પૂર્ણાહુતિથી વિસર્જન સુધીનો ક્રમ કરાવવો. અંતમાં મંત્રોની સાથે પુષ્પ-અક્ષતની વર્ષા કરવામાં આવે. શુભકામના, આશીર્વાદ વગેરે આપવાં.

# ॥ અંત્યેષ્ટિ સંસ્કાર ॥

**સંસ્કાર પ્રયોજન :** ભારતીય સંસ્કૃતિ યજ્ઞીય આદર્શોની સંસ્કૃતિ છે. જિંદગી જીવવાની સાચી રીત એ છે કે તેને યજ્ઞીય આદર્શોને અનુરૂપ જીવવામાં આવે. જ્યારે તે મૃત્યુ પામે તો તેને પણ યજ્ઞ

ભગવાનના પરમ પવિત્ર ખોળામાં સુવડાવી દેવામાં આવે. જીવનની સમાપ્તિ યજ્ઞ આયોજન વડે જ થવી જોઈએ. આમ તો સ્થૂળ રૂપે અગ્નિ પ્રગટાવીને તેમાં કોઈ વસ્તુ હોમવી તેને યજ્ઞ કહેવામાં આવે છે, પણ તેનો તાત્ત્વિક આધાર પરમાર્થ પ્રયોજન સાથે છે. જેવી રીતે મેવા, મિષ્ટાન્ન અને ઔષધિઓ જેવી કિંમતી અને જરૂરી વસ્તુઓ વાયુશુદ્ધિ માટે હોમવામાં આવે છે, એવી જ રીતે માનવ વૈભવની સમસ્ત વિભૂતિઓને માનવકલ્યાણ માટે વાપરવામાં આવે તેનું નામ જ તાત્ત્વિક યજ્ઞ છે. અગ્નિહોત્ર દ્વારા હોતાઓએ આ ભાવનાને હૃદયંગમ કરવી પડે છે. સ્વાર્થપરાયણતાથી છુટકારો મેળવવા પરમાર્થ વૃત્તિઓને વિકસિત કરવાનો ઉત્સાહ જાગૃત કરવો પડે છે.

મનુષ્ય શરીરમાંથી પ્રાણ નીકળી ગયા પછી તેનું શું કરવું જોઈએ ? આ પ્રશ્નના ઉત્તર માટે લાંબા સમયના ચિંતન પછી ઋષિઓ એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે નરદેહનો ઉપયોગ કોઈ અન્યના માટે કરવો જોઈએ અને આથી જ તેનું પ્રદર્શન કરીને અંત્યેષ્ટિ સંસ્કાર કરવા જોઈએ. આથી જ સ્વજનો, સંબંધીઓ, મિત્રો જે અંતિમ વિદાય આપવા માટે આવે તેમને જીવનનો હેતુ વધારે સ્પષ્ટ રીતે સમજવાનો અવસર મળે તે માટે યજ્ઞનું એક વિશાળ આયોજન કરી તેના મૃત શરીરને હોમી દેવામાં આવે છે. હિંદુ જીવનનું દરેક કાર્ય યજ્ઞથી જ થાય છે. આથી તેનું અવસાન પણ આ મહાન સંસ્કારની સાથે જોડાય તે વધારે ઉચિત ગણાશે.

મૃતકના સ્વજનોને શોક થાય તે સ્વાભાવિક છે. આ શોકને યજ્ઞાયોજનની વ્યવસ્થા દ્વારા વાળી દેવામાં આવે અને તે સંબંધી નાનાં મોટાં કર્મકાંડો જોડી દેવામાં આવે તો મન હળવું બને છે; શોક, સંતાપને ઓછો કરી શકાય છે. સંસ્કારથી સંબંધિત પ્રેરણાઓ જીવનના ઉપયોગી સિદ્ધાંતોને હૃદયંગમ કરવામાં મદદરૂપ સિદ્ધ થાય છે. આવા અનેક હેતુઓ આ અંત્યેષ્ટિ સંસ્કાર પાછળ રહેલા છે.

આજે તો લોકો કોઈ પણ જાતના વિધિવિધાન વગર જ શબને લાકડાં પર ગોઠવીને સળગાવી મૂકે છે. આ તો મૃતક પ્રત્યે ઉપેક્ષા

દર્શાવવા બરાબર છે. આ પ્રસંગે ઉતાવળ અને ઉપેક્ષા શોભા નથી આપતી. સારું તો એ છે કે અંત્યેષ્ટિ યજ્ઞને પ્રેમ અને સન્માનપૂર્વક વ્યવસ્થિત રીતે કરવામાં આવે. આ સંસ્કારનું દરેક કાર્ય સારી રીતે, વ્યવસ્થાપૂર્વક અને સાવધાનીપૂર્વક કરવામાં આવે, જેથી સ્વજનોનો પ્રેમ અને સન્માન જળવાઈ રહે.

**પૂર્વ વ્યવસ્થા :** અંત્યેષ્ટિ સંસ્કાર વખતે શોકનું વાતાવરણ હોય છે. મોટા ભાગના લોકો સારું વિચારવા કે કરવાની સ્થિતિમાં નથી હોતા. આથી વ્યવસ્થા પર વધારે ધ્યાન આપવું પડે છે. સંતુલિત, બુદ્ધિશાળી અને અનુભવી વ્યકિતઓને સહયોગી તરીકે સાથે રાખવી જોઈએ.

નીચે મુજબ વ્યવસ્થા કરવી જોઈએ :

(૧) મૃતક માટે નવાં વસ્ત્રો, નનામી (ઠાઠડી), તેના પર પાથરવા-ઓઢાડવા માટેનાં કપડાં તથા દર્ભ તૈયાર રાખવાં.

(૨) મૃતકની નનામી શણગારવા માટે પુષ્પ, વગેરે તૈયાર રાખવાં.

(૩) પિંડદાન માટે જવનો સો થી બસો ગ્રામ લોટ તથા જવ, તલ, ચોખા વગેરે મેળવીને તૈયાર કરી રાખવાં. જવનો લોટ ન મળે તો ઘઉંના લોટમાં જવ ભેળવીને બાંધી દેવો.

(૪) કેટલીક જગ્યાએ સંસ્કાર માટે અગ્નિ ઘેરથી લઈ જવામાં આવે છે. તેથી તે રીતે વ્યવસ્થા કરવી. આ પ્રથા ન હોય તો સ્મશાનઘાટ પર અગ્નિ તૈયાર કરવો અથવા માચીસથી મંત્ર બોલી અગ્નિ પ્રગટાવવો.

(૫) પૂજાની થાળીમાં કંકુ, ચોખા, ફૂલ, અગરબત્તી, માચીસ વગેરે તૈયાર રાખવાં.

(૬) સુગંધિત હવનસામગ્રી, ઘી, ચંદનની સમિધા, અગરબત્તી, સૂકી તુલસી વગેરે સમય અને પરિસ્થિતિ પ્રમાણે યોગ્ય પ્રમાણમાં તૈયાર રાખવાં.

(૭) જો વરસાદની ઋતુ હોય તો અગ્નિ પ્રગટાવવા માટે સૂકું ઘાસ, લાકડાંનો છોલ, રાળ વગેરે પૂરતા પ્રમાણમાં પહેલેથી મંગાવી લેવાં. લાકડાં ભીનાં હોવાના કારણે લાશ બાળવામાં મુશ્કેલી પડતી હોય છે.

(૮) પૂર્ણાહુતિ (કપાલક્રિયા) માટે નારિયેળના ગોળામાં કાણું પાડી ઘી ભરી તૈયાર રાખવો.

(૯) વસોર્ધારા અને ઘીની આહુતિ માટે એક લાંબા વાંસ સાથે લોટો અથવા કોઈ અન્ય વાસણ બાંધીને તૈયાર રાખવું, જેથી ઘીની આહુતિ આપી શકાય.

**ક્રમ વ્યવસ્થા :** અંત્યેષ્ટિ સંસ્કાર પણ અન્ય સંસ્કારોની જેમ ફકત એક રૂઢિ બની રહ્યો છે. એ કરવા ખાતર કરવામાં આવે છે. એને સાચા અર્થમાં એક મહત્ત્વના સંસ્કારનું ગૌરવ આપવું જોઈએ. મૃતાત્માની સદ્ગતિ માટે કરવામાં આવતા કર્મકાંડના સમયે, કરાવનાર પુરોહિત, કરનાર સગાસંબંધીઓ તથા ઉપસ્થિત હિતેચ્છુઓ બધાનું ભાવનાત્મક એકીકરણ થવું જરૂરી છે.

આ કર્મકાંડ વખતે સંચાલકે વધુ વિવેકશીલ અને સંયમિત બનીને વાસ્તવિકતાનું નિરૂપણ કરવાનું હોય છે. મૃત્યુની સાથે અત્યંત મહત્ત્વપૂર્ણ તત્ત્વજ્ઞાન અને પ્રેરણાઓ જોડાયેલી છે, પણ શોકનું વાતાવરણ હોવાને લીધે ટૂંકી વ્યાખ્યા શોભે. આથી ખૂબ જ મહત્ત્વની પ્રેરણાઓને લાગણીમય રીતે સંયમિત શબ્દોમાં જ રજૂ કરવી.

સંસ્કારના બે ભાગ પાડવા. (૧) ઘેર અને રસ્તામાં કરવાની વિધિ. (૨) સ્મશાન ઘાટે કરવાની વિધિ. પૂર્વ વ્યવસ્થામાં બતાવ્યા મુજબ બધી જ વ્યવસ્થા અને તૈયારી ઘેરે જ કરી લેવી. મૃતકના શરીરને ઘરમાં સ્નાન કરાવવાનું, શુદ્ધ વસ્ત્રો પહેરાવવાં તથા બહાર નનામી તૈયાર કરવાની ક્રિયા-આ બધું એક સાથે કરી લેવું. અંદર શબ સંસ્કાર કરાવીને, સંકલ્પ, પિંડદાન વગેરે કરાવીને શબને બહાર લાવી નનામી પર મૂકવું. ત્યાં પ્રાથમિક પુષ્પાંજલિ આપીને સ્મશાનયાત્રાની શરૂઆત કરવી.

# ॥ શબ સંસ્કાર ॥

ભારતીય સંસ્કૃતિ એ દેવસંસ્કૃતિ છે. તે જીવનના વિવિધ પ્રવાહોને માન્યતા આપે છે. મૃત્યુ એ જીવ લઈ લેનાર ભયંકર વસ્તુ નથી, પણ શરીરનો-જીવનનો જીર્ણોદ્ધાર કરનાર હિતકારી પ્રક્રિયા છે. જ્યારે આત્મા મહત્ ચેતના તરફ રવાના થઈ જાય છે, તો શરીરગત પાંચ તત્ત્વોને પણ પંચમહાભૂતોમાં પરિવર્તિત કરી દવામાં આવે છે. જીવાત્માને સદ્ગતિ આપવા અને કાયાગત પંચતત્ત્વને પંચમહાભૂતોમાં ભેળવી દેવા માટે યજ્ઞીય પરંપરા અપનાવવામાં આવે છે. આથી શબને પવિત્ર કરવામાં આવે છે.

શોક આ પુણ્ય પ્રક્રિયામાં બાધક બને છે. દુઃખ સ્વાભાવિક છે. જેને મૃતાત્મા સાથે સંબંધ છે તેને સવિશેષ દુઃખ થાય છે. આ સ્નેહને જીવંત રાખવો જોઈએ. તેને શોકપરક બનાવવા જતાં મૃતાત્માના હિતમાં અવરોધક બને છે. આથી દુઃખ ભૂલી જઈને મૃતાત્માની સદ્ગતિને મહત્ત્વ આપીને વિધિવિધાનમાં સૌએ સહયોગ આપવો જોઈએ. બધાનું ધ્યાન આકર્ષિત કરીને સંસ્કારને અનુરૂપ વાતાવરણ બનાવીને ક્રમની શરૂઆત કરવામાં આવે. કેટલીક જગ્યાએ નદી પાસે જ હોય તો ત્યાં લઈ જઈને સ્નાન કરાવે છે. કેટલીક જગ્યાએ ઘરમાં જ સ્નાન કરાવે છે. ઘરમાં સ્નાન કરાવવાથી શબને સ્વચ્છ વસ્ત્રો સરળતાથી પહેરાવી શકાય છે.

**ક્રિયા અને ભાવના :** ઘરમાં જમીન ધોઈ, છાણથી લીંપી, શુદ્ધ કરી, તેના પર સ્વસ્તિક વગેરે લખી તૈયાર રાખવી. શબને શુદ્ધ જળ, ગંગાજળ વગેરેથી સ્નાન કરાવી અથવા ભીના કપડાથી લૂછીને, શુદ્ધ વસ્ત્રો પહેરાવીને તૈયાર કરેલ જગ્યા ઉપર મૂકવું.

મૃતક કર્મ કરનારા પાણી લઈને શબ ઉપર છાંટે. ભાવના કરવી કે શરીરગત પંચભૂતો યજ્ઞ કરવાને યોગ્ય બની રહ્યાં છે. ભૂલથી પણ આનો ઉપયોગ ખરાબ કાર્યોમાં થયો હોય તો આજે શરીર યજ્ઞ કરતા પહેલાં તેના કુસંસ્કારોને દૂર કરી રહ્યા છીએ. ૐ

આપોહિષ્ઠા.. મંત્ર બલીને શબને સ્નાન કરાવવું. ત્યારબાદ ચંદન અને ફૂલહારથી શરીરને શણગારવું. ભાવના કરવી કે પંચભૂતોને એવા સંસ્કાર અપાઈ રહ્યા છે કે, જો ભવિષ્યમાં કોઈનું શરીર બને તો તેના આદર્શનિષ્ઠ જીવનમાં સર્વથા સહાયક બને. નીચેનો મંત્ર બોલીને શબને શણગારવું.

**ૐ યમાય સોમં સુનુત, યમાય જુહુતા હવિઃ ।**

**યમં હ યજ્ઞો ગચ્છતિ, અગ્નિદૂતો અરંકૃતઃ ॥**

ઋ. ૧૦.૧૪.૧૩

ત્યાર પછી અંત્યેષ્ટિ સંસ્કાર કરનાર દક્ષિણ દિશામાં મોઢું રાખીને બેસે. હાથમાં પવિત્રી ધારણ કરવી. પછી હાથમાં જવ, ચોખા, ફૂલ, પાણી તથા દર્ભ લઈને સંસ્કાર કરવાનો સંકલ્પ કરવો.

**........નામાઽ હં (મૃતકનું નામ) પ્રેતસ્ય પ્રેતત્ત્વ-નિવૃત્ત્યા ઉત્તમ લોકપ્રાપ્ત્યર્થં ઔર્ધ્વદૈહિકં કરિષ્યે ।**

સંકલ્પ પછી મંત્ર બોલી પ્રથમ પિંડ આપવો. પછી શબને બહાર નનામી સુધી લાવવું. ભાવના કરવી કે એક દિવસ બધાએ આ યાત્રા કરવાની જ છે. આથી દરેકે મનુષ્ય તરીકેનાં કરવા યોગ્ય કર્મો જ કરવાં. સુવડાવતી વખતે નીચેનો મંત્ર બોલવો.

**ૐ વાયુરનિલમમૃતમથેદં ભસ્માન્ત ૐ શરીરમ ।**

**ૐ ક્રતો સ્મર, કૃત ૐ સ્મર, ક્રતો સ્મર કૃત ૐ સ્મર ॥**

ઈશ. ૧૭

શબને શૈયા પર સુવડાવી બાંધવું, તેને શણગારવું અને બીજો પિંડ આપવો. ત્યાર બાદ હાજર રહેલ દરેકે પુષ્પાંજલિ આપવી. હાથમાં પુષ્પો લઈને સ્વસ્તિવાચન બોલવું. ભાવના કરવી કે મૃતાત્માની સદ્ગતિ માટે તેમજ સ્વયંની સદ્ગતિની પાત્રતા મેળવવા માટે યોગ્ય કર્મ કરવાની પ્રબળ આકાંક્ષા વ્યકત કરતાં, સૂક્ષ્મ જગતની દિવ્યશકિતઓના સહયોગભર્યું વાતાવરણ નિર્મિત કરી રહ્યા છીએ.

સ્વસ્તિવાચન પછી ફરીથી ૐ ક્રતો સ્મર... મંત્ર બોલીને પુષ્પો અર્પણ કરવાં. પછી પ્રથમ અને બીજો પિંડ આપવો. ત્યાર બાદ ૐ અગ્ને નય સુપથા રાયે... (પાન ૧૦૩) મંત્ર બોલીને શબયાત્રા શરૂ કરવી.

## ॥ પિંડદાન ॥

અંત્યેષ્ટિ સંસ્કારની સાથે પાંચ પિંડદાન આપવામાં આવે છે. આ જીવનના એક કઠોર સત્યને માન્યતા પ્રદાન કરે છે. જીવચેતના શરીર સાથે બંધાયેલી નથી. તેને સંતુષ્ટ કરવા શરીરગત સંકુચિત મોહ છોડીને ઊંચે ઊઠવું જરૂરી છે. જીવાત્માની શાંતિ માટે, વ્યાપક જીવ ચેતનાને તુષ્ટ કરવા માટે મૃતકના ભાગનાં સાધનો અર્પણ કરવામાં આવે છે. પિંડદાન આ પરંપરાને ચાલુ રાખવાની પ્રતીકાત્મક પ્રક્રિયા છે.

**ક્રિયા અને ભાવના :** એક એક પિંડ જમણા હાથમાં લેવો. તેના પર ફૂલ, દર્ભ, જવ, તલ, અક્ષત વગેરે ચડાવીને મંત્ર બોલવો. મંત્ર પૂરો થાય કે તરત જ અંગૂઠા તરફથી (પિતૃતીર્થમુદ્રા) પિંડ નિશ્ચિત સ્થાન પર ચઢાવવો. ભાવના કરવી કે જીવાત્માનું હિત તથા સંતોષ આ શરીર સુધી જ સીમિત નથી, તેના પછી પણ છે. તેના વ્યાપક હિત અને સંતોષ માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

**પ્રથમ પિંડ :** ઘરની અંદર, શબ સંસ્કાર કર્યા પછી સંકલ્પ બાદ આપવો. તે પેડુ પર મૂકવો.

**....નામાઽહં.... (મૃતકનું નામ) ....મૃતિસ્થાને શવનિમિત્તકો બ્રહ્મદૈવતો વા, એષ તે પિણ્ડો, મયા દીયતે, તવોપતિષ્ઠતામ્ ।**

**બીજો પિંડ :** બીજો પિંડ શબને નનામી પર ગોઠવ્યા પછી પેટ પર મૂકવો.

**....નામાઽહં.... (મૃતકનું નામ) .... દ્વારદેશે, પાન્થ નિમિત્તકો, વિષ્ણુદૈવતો વા, એષ તે પિણ્ડો, મયા દીયતે, તવોપતિષ્ઠતામ્।**

**ત્રીજો પિંડ :** ત્રીજો પિંડ રસ્તામાં વિશ્રામના સ્થળે આપવો.

આ પિંડ છાતી અને પેટના જોડાણ ભાગ પર મૂકવો.

**......નામાઽહં...... (મૃતકનું નામ) ...ચત્વરસ્થાને ખેચરનિમિત્તક એષ તે પિણ્ડો, મયા દીયતે તવોપતિષ્ઠતામ્ ।**

**ચોથો પિંડ** : સ્મશાને શબને નીચે મૂકયા પછી આપવો. પિંડ નીચેનો મંત્ર બોલી છાતી ઉપર મૂકવો.

**......નામાઽહં......(મૃતકનું નામ) શ્મશાનસ્થાને વિશ્રાન્તિનિમિત્તકો, ભૂતનામ્ના રુદ્રદૈવતો વા, એષ તે પિણ્ડો મયા દીયતે, તવોપતિષ્ઠતામ્ ।**

**પાંચમો પિંડ** : પાંચમો પિંડ શબને ચિતા પર ગોઠવ્યા પછી મસ્તક પર મૂકવો.

**...નામાઽહં.....(મૃતકનું નામ) ચિતાસ્થાને વાયુ નિમિત્તકો યમ દૈવતો વા, એષ તે પિણ્ડો મયા દીયતે, તવોપતિષ્ઠતામ્ ॥**

## ॥ ભૂમિ સંસ્કાર ॥

સ્મશાનગૃહે પહોંચ્યા બાદ શબને નીચે મૂકી ચોથો પિંડ આપવો. આ સાથે જ જ્યાં ચિતા ગોઠવવાની હોય તે જગ્યા વાળીઝૂડીને સાફ કરવી. જળ વડે સિંચન કરી છાણથી લીંપવી. યજ્ઞવેદીની જેમ સ્વચ્છ અને સુંદર બનાવવી. થોડાક માણસોને પહેલેથી જ ત્યાં મોકલી દેવા. જેથી જરૂરી બધી જ તૈયારીઓ કરી રાખે. ચિતા ગોઠવતાં પહેલાં મંત્રો બોલીને વિધિ કરવી. ધરતીમાતાના ઋણને યાદ કરવામાં આવે. તેના ખોળામાં જન્મ્યા હતા અને તેની જ ગોદમાં સૂવાનું છે. તે બદનામ થાય તેવું કામ-આચરણ અમારાથી ન થાય. ધરતીમાતા પાસેથી શ્રેષ્ઠતાના સંસ્કાર માગતા રહીએ. સ્મશાનભૂમિ જે જીવનને નવો વળાંક આપે છે, જ્યાં સિદ્ધિઓનો વાસ છે, તેને પ્રણામ કરવામાં આવે. આ ભૂમિને પવિત્ર બનાવી તેનો ઉપયોગ કરવો.

**ક્રિયા અને ભાવના** : અંત્યેષ્ટિ કરનાર વ્યકિત તૈયાર કરેલ જગ્યાની હાથ જોડી પરિક્રમા કરે, તેને નમન કરે. ભાવના કરે કે

આ સિદ્ધિદાયિની ભૂમિ મૃતાત્માને મનવાંછિત ઉપલબ્ધિઓ આપનાર બને. નીચેનો મંત્ર બોલવો :

**ૐ દેવસ્ય ત્વા સવિતુઃ, પ્રસવેઽશ્વિનોર્બાહુભ્યાં, પૂષ્ણો હસ્તાભ્યામ્ । સરસ્વત્યૈ વાચો યન્તુર્યન્ત્રિયે, દધામિ બૃહસ્પતેષ્ટ્વા, સામ્રાજ્યે નાભિષિંચામ્યસૌ ॥** - ૯.૩૦

**ભૂમિસિંચન-પૂજન** : પાણીનો કળશ અથવા લોટો લઈ દર્ભ વડે ભૂમિ ઉપર નીચેનો મંત્ર બોલી પાણી છાંટવું. ભાવના કરવી કે આ યજ્ઞભૂમિને મંત્ર વડે પવિત્ર કરવામાં આવી રહી છે.

**ૐ શુદ્ધવાલઃ સર્વશુદ્ધવાલો, મણિવાલસ્તઽઆશ્વિનાઃ, શ્યેતઃ શ્યેતાક્ષોઽરુણસ્તે, રુદ્રાય પશુપતયે કર્ણા, યામાઽઅવલિપ્તા રૌદ્રા, નભોરૂપાઃ પાર્જન્યાઃ ॥** - ૨૪.૩

## ॥ ૐકાર લેખન ॥

નીચેનો મંત્ર બોલીને મધ્યમા આંગળીથી ૐ લખવો, પૂજન કરવું. ભાવના કરવી કે ભૂમિના સંસ્કારો જાગૃત થઈ રહ્યા છે. તેમને બલિષ્ઠ બનાવવામાં આવી રહ્યા છે.

**ૐ ઓમાસશ્ચર્ષણીધૃતો, વિશ્વે દેવાસઽઆગત । દાશ્વા સો દાશુષઃ સુતમ્ । ઉપયામગૃહીતોઽસિ, વિશ્વેભ્યસ્ત્વા, દેવેભ્ય ઽએષ તે યોનિર્વિશ્વેભ્યસ્ત્વા દેવેભ્યઃ ॥** - ૭.૩૩

## ॥ મર્યાદાકરણ (સમિધારોપણ) ॥

યજ્ઞકુંડ અથવા વેદીની ચારે બાજુ મેખલાઓ બનાવવામાં આવે છે. આની પૂર્તિ ચારે દિશામાં ચાર મોટાં મોટાં લાકડાં મૂકીને કરવામાં આવે છે. આ લાકડાં ચિતાની ચારે બાજુ છેડાઓ ઉપર રાખવામાં આવે છે. બાકીનાં લાકડાં આ ચાર મુખ્ય લાકડાંઓની અંદર જ રાખવામાં આવે. આ લાકડાં મંત્રોચ્ચાર સાથે મૂકવામાં આવે છે. અગ્નિદાહ આપનાર વ્યક્તિ આ ક્રિયા કરે.

**પહેલી સમિધા-પૂર્વ દિશામાં :** જીવન ચારેય દિશામાં મર્યાદિત છે. વ્યકિતની દરેક દિશામાં મર્યાદા છે. આથી તેણે એ પરિઘમાં જ રહેવું જોઈએ. મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને સ્વચ્છંદી બનવું જોઈએ નહીં. આ નિર્દેશ મૃત શરીરની ચારે બાજુ ચાર સમિધા મૂકીને કરવામાં આવે છે. પહેલી મર્યાદા ધન માટેની છે. વ્યકિતએ ધન કમાવું તો જોઈએ, પણ અનીતિપૂર્વક નહીં. એટલું વધારે પણ ન કમાવું, જેથી સમાજમાં અસમાનતા, ઈર્ષા તથા વિલાસિતા ઉત્પન્ન થાય. શરીરનું રક્ષણ અને કુટુંબપાલન વગેરે કાર્યો માટે આજીવિકા પ્રાપ્ત કરવી જરૂરી છે, પણ તેની ઉપયોગિતા જરૂરિયાતોની પૂર્તિ માટે જ સમજવામાં આવે. એવું ન બને કે સંગ્રહ કરવાની લાલસા વધે અને પછી તેને ગર્વ અને ગૌરવનો વિષય બનાવી દેવામાં આવે. ધનવાન બનવાની ઈચ્છા વ્યકિતની મહત્ત્વાકાંક્ષાનું રૂપ ધારણ કરી લે, તૃષ્ણા બની જાય તો મનુષ્યજીવન જે હેતુ માટે મળ્યું છે તે હેતુ વ્યર્થ જશે. આથી ધનની ઈચ્છાને સીમિત રાખવા માટે પૂર્વ દિશામાં એક લાકડું મૂકવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** નીચેનો મંત્ર બોલીને પૂર્વ દિશામાં સમિધા સ્થાપિત કરવી. ઉપસ્થિત તમામે ભાવના કરવી કે ધન તથા સાધનોના ઉપયોગની મર્યાદા સ્વીકારીએ છીએ. આ બાબતમાં મૃતકની કોઈ ભૂલ થઈ ગઈ હોય તો તેના હિતેચ્છુના નાતે પોતાના ધન તથા સાધનોનો એક અંશ સત્કાર્યોમાં વાપરીને તેનું પુણ્ય સમિધા સાથે સ્થાપિત કરવામાં આવી રહ્યું છે. મૃતાત્માની સદ્ગતિ થાય તેવી કામના કરવામાં આવી રહી છે.

**ૐ પ્રાચી દિગગ્નિરધિપતિરસિતો, રક્ષિતાદિત્યા ઈષવઃ । તેભ્યો નમોઽ ધિપતિભ્યો નમો, રક્ષિતૃભ્યો નમઽ ઈષુભ્યો નમ ઽએભ્યો અસ્તુ । યોઽસ્માન્દ્વેષ્ટિ યં વયં, દ્વિષ્મસ્તં વો જમ્ભે દધ્મઃ ॥** – અથર્વ. ૩.૨૭.૧

**બીજી સમિધા દક્ષિણમાં** : બીજી સમિધા કામવાસના સંબંધી મર્યાદાઓનું પાલન કરવા બાબતની છે. વાસનાની આગ એવી છે કે એમાં ભોગરૂપી લાકડાં જેટલાં વધુ નાખવામાં આવશે તેટલી વધારે ભડકશે. આથી માનસિક, શારીરિક અને આત્મિક એમ ત્રણેય દૃષ્ટિએ કામસેવન જેટલું મર્યાદિત કરી શકાય તેટલું વધારે સારું. બ્રહ્મચર્યપાલન વ્યક્તિ અને સમાજ બંને માટે જરૂરી છે. જીવનરસનો બિનજરૂરી નાશ કરવાથી વ્યક્તિ શરીર, મન અને આત્મા-ત્રણેય રીતે દુર્બળ બને છે. નારીની શરીરરચના પણ અન્ય પ્રાણીઓ જેવી જ છે, જે વારંવાર કરવામાં આવતા કામસેવનને સહન કરી શકતી નથી. સંતાનોત્પાદનમાં સ્ત્રીની શક્તિને ભારે નુકસાન પહોંચે છે. વસ્તીવધારો, અન્નસમસ્યા, બેકારી જેવી અનેક પ્રકારની સમસ્યાઓ સમાજ માટે પેદા કરે છે. કુટુંબની આર્થિક પરિસ્થિતિ પણ નબળી બનતી જાય છે. આથી બ્રહ્મચર્યનું પાલન દરેક રીતે જરૂરી છે.

**ક્રિયા અને ભાવના** : મંત્રોચ્ચારની સાથે દક્ષિણ દિશામાં સમિધા સ્થાપિત કરવામાં આવે. ભાવના કરીએ કે કામવાસનાની મર્યાદાનો સિદ્ધાંત સ્વીકારીએ છીએ. આ બાબતમાં મૃતક દ્વારા કોઈક ભૂલ થઈ હોય તો તેના પરિજનના નાતે તેના પ્રાયશ્ચિત્ત માટે તપશ્ચર્યાપૂર્વક પરિષ્કાર કરીશું. ઓછામાં ઓછા ત્રણ દિવસ સુધી દૃષ્ટિ અને આચરણની પવિત્રતા રાખવાનું તપ કરતાં મૃતાત્માની સદ્‌ગતિ માટે પ્રાર્થના કરીશું. આ પુણ્ય બીજી સમિધા સાથે સ્થાપિત કરીએ. નીચેનો મંત્ર બોલવો :

**ૐ દક્ષિણા દિગિન્દ્રોઽધિપતિસ્તિરશ્ચિરાજી, રક્ષિતા પિતરઽ ઈષવઃ । તેભ્યો નમોઽધિપતિભ્યો નમો, રક્ષિતૃભ્યો નમઽઈષુભ્યો નમઽ એભ્યો અસ્તુ । યોઽસ્માન્દ્વેષ્ટિ યં વયં, દ્વિષ્મસ્તં વો જમ્ભે દધ્મઃ ।** - અથર્વ. ૩.૨૭.૨

**ત્રીજી સમિધા પશ્ચિમ દિશામાં** : ત્રીજી સમિધા યશની મર્યાદાની છે. લોકલાજના કારણે ખરાબ કાર્યોથી દૂર રહીને સત્કાર્યો કરવાના પરિણામે લોકસન્માન મળવાની ઈચ્છા અમુક હદ સુધી જ

યોગ્ય છે, પણ જ્યારે તે સ્વચ્છંદી બને છે ત્યારે ગમે તેવા ઉપાયો દ્વારા ઉચ્ચ પદવી મેળવવા માટેની લિપ્સા જાગે છે અને ત્યારે સન્માનના સાચા અધિકારીઓને એક બાજુ રાખીને તેમનું પદ સ્વયં ગ્રહણ કરવા તૈયાર થાય છે. આજે પદલોલુપ લોકો આ રીતે પારસ્પરિક સંઘર્ષમાં રચ્યાપચ્યા જોવા મળે છે અને જે સંસ્થાઓના સમર્થક હોવાનો દાવો કરતા હોય છે, તેને જ નષ્ટ કરે છે. ભાષા, જાતિ, સંપ્રદાય વગેરેની આડ લઈને કેટલાક નેતાઓ પોતાનું વ્યકિતગત પદ અને ગૌરવ વધારવા માટે દેશના ભવિષ્ય અને ભાગ્ય સાથે ચેડાં કરે છે. રાજપાટ પડાવી લેવાના નામે માનવે કરેલા નરસંહારની સાક્ષી ઈતિહાસ પૂરે છે. ચૂંટણીઓમાં કરોડો રૂપિયાનું પાણી કરવામાં આવે છે તે ફકત યશની લોલુપતા માટે. જો આ રકમનો ઉપયોગ રચનાત્મક કાર્યમાં કરવામાં આવતો હોય તો કેટલાંય સત્પરિણામો પ્રાપ્ત કરી શકાય. વિવિધ પ્રકારની ફેશન, શૃંગાર, અમીરીનો ઠાઠ તથા ઢોંગ રચીને મોટા દેખાવો કરવામાં કરોડો રૂપિયા નષ્ટ કરવામાં આવે છે. અહંકારનું પોષણ કરનારા આ બધા પ્રપંચો વ્યકિત અને સમાજ બંને માટે હાનિકારક છે. આથી ઋષિમુનિઓએ યશકામનાને મર્યાદિત રાખવાનો નિર્દેશ કર્યો છે. ત્રીજી સમિધા યશની મર્યાદા માટેની છે.

**ક્રિયા અને ભાવના :** ત્રીજી સમિધા નીચેનો મંત્ર બોલીને પશ્ચિમ દિશામાં સ્થાપિત કરવી. બધા જ લોકો લોકૈષણાને સીમિત રાખવાનું મહત્ત્વ સમજે અને ભાવના કરે કે આ દિશામાં મૃતક દ્વારા કોઈ ભૂલ થઈ હોય તો તેના હિતચિંતક તરીકે તેના પરિષ્કાર માટે પ્રયત્ન કરીશું. યશની અપેક્ષા રાખ્યા વગર ત્રણ કલાકનો સમય આપી જન જન સુધી સદ્‌વિચારનું સાહિત્ય પહોંચાડીશું. આ પુણ્યને ત્રીજી સમિધા સાથે સ્થાપિત કરીએ છીએ.

**ૐ પ્રતીચી દિગ્વરુણોઽધિપતિઃ પૃદાકૂ રક્ષિતાન્નમિષવઃ । તેભ્યો નમોઽધિપતિભ્યો નમો, રક્ષિતૃભ્યો નમઽ ઈષુભ્યો નમઽએભ્યો અસ્તુ । યોઽસ્માન્દ્વેષ્ટિ યં વયં, દ્વિષ્મસ્તં વો જમ્ભે દધ્મઃ ॥** - અથર્વ. ૩.૨૭.૩

**ચોથી સમિધા-ઉત્તર દિશામાં :** ચોથી સમિધા દ્વેષને મર્યાદિત રાખવા માટેની છે. સંસારમાં વિવિધ પ્રકૃતિના લોકો રહે છે. તેમના વિચારો અને કાર્યોનો રુચિ અને માન્યતા સાથે મેળ ખાતો નથી. આથી મોટે ભાગે ઝઘડાળુ બની જાય છે. પોતાનાથી પ્રતિકૂળ વિચારવાળો ગમતો નથી અને તેનો નાશ કરી નાખવાની ઈચ્છા થાય છે.

આ ક્રોધ જ ઝઘડાનું અને દ્વેષનું કારણ બને છે. સંસારમાં થઈ રહેલા ઝઘડાઓનું મૂળ કારણ છે મતમતાંતર. અસહિષ્ણુતાને કારણે સામાન્ય નાની નાની બાબતો માટે લોકો એક બીજાનો જીવ લેવા તૈયાર થઈ જાય છે. એક બીજાના ભયંકર શત્રુ બની જાય છે. આ અસહિષ્ણુતાની પ્રબળતાના કારણે દસમાંથી નવ બાબતોમાં એક જ મત હોય, પણ દસમી માટે મતભેદ હોય તો નવને ભૂલીને પેલી દસમીને આગળ કરી લડાઈ ઝઘડા ઊભા કરે છે.

અસહિષ્ણુતા અને દ્વેષને મર્યાદિત રાખવા માટેની માનવીય પરંપરાને નિભાવવા માટે સંયમિત બનો. આ હેતુ સમજાવવા માટે તેમજ માનવજીવનનું મર્યાદા વિજ્ઞાન સમજવા-સમજાવવા ચોથી અને સૌથી મોટી સમિધા ઉત્તર દિશામાં સ્થાપિત કરવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** મંત્ર સાથે ચોથી સમિધા ઉત્તર દિશામાં મૂકવી. બધાએ ભાવના કરવી કે દ્વેષ અને દુર્ભાવ પર અંકુશ રાખવાનો પાઠ હૃદયંગમ કરી રહ્યા છીએ. મૃતકથી આ બાબતમાં ભૂલ થઈ હોય તો, તેના શમન માટે અમારી ફરજ નક્કી કરીએ છીએ. એવા લોકો કે જેમની સાથે આપણે બનતું નથી, તેવા લોકો દ્વારા કરવામાં આવનાર કોઈ શ્રેષ્ઠ કાર્યમાં હૃદયપૂર્વક સહયોગ આપીશું, આ તપ-પુણ્યને સમિધાની સાથે સ્થાપિત કરી રહ્યા છીએ.

**ૐ ઉદીચી દિક્સોમોઽધિપતિઃ સ્વજો રક્ષિતાશનિરિષવઃ । તેભ્યો નમોઽધિપતિભ્યો નમો, રક્ષિતૃભ્યો નમઽઈષુભ્યો નમઽએભ્યો અસ્તુ । યોઽસ્માન્દ્વેષ્ટિ યં વયં, દ્વિષ્મસ્તં વો જમ્ભે દધ્મઃ ॥** - અથર્વ. ૩.૨૭.૪

## ॥ ચિતારોહણ ॥

મર્યાદાની સમિધાઓ સ્થાપિત થઈ ગયા પછી અનુભવી માણસો ચિતાને વ્યવસ્થિત ખડકે. ચિતા એક પ્રકારની યજ્ઞપ્રક્રિયા છે. ચિતામાં એ જ લાકડાં વપરાય, જે સામાન્ય રીતે યજ્ઞમાં વાપરવામાં આવે છે. વડ, પીપળો, ઉમરડો, આંબો, ખીજડો વગેરે પવિત્ર વૃક્ષોની જ સમિધા યજ્ઞમાં વાપરવામાં આવે છે. આથી મૃતકની અંત્યેષ્ટિમાં પણ આ જ સમિધાઓ યથાશક્તિ વાપરવી જોઈએ. અગર, તગર, દેવદાર, ચંદન વગેરે સુગંધિત લાકડાં મળી શકે તો તેને પણ ચિતામાં ગોઠવી દેવાં જોઈએ.

નનામી પર રાખેલ મૃત શરીરને ચિતા પર સુવડાવવામાં આવે અને એ વખતે સંસ્કાર કરનાર ધીમા સ્વરે ૐ **અગ્ને નયસુપથા** રાયે..... મંત્રનું ઉચ્ચારણ કરે. આ મંત્રમાં જીવને તે બાજુ લઈ જવાની અગ્નિદેવને પ્રાર્થના કરવામાં આવી છે, કે જે બાજુ સજ્જનો અને ધર્માત્માઓ પ્રયાણ કરે છે. શાંતિ અને સદ્‌ગતિ તરફ જીવનની ભાવિ યાત્રા શરૂ થાય, તેવી પ્રાર્થના અને શુભકામનાઓ હાજર રહેલા લોકોએ ભગવાનને કરવી જોઈએ. જ્ઞાન, પ્રકાશ, તેજ, સંયમ અને પુરુષાર્થ જેવા ગુણોનો પ્રતિનિધિ અગ્નિ છે. જે રીતે અગ્નિમાં બાળવામાં આવેલા શરીરનો એકે એક અણુ વાયુભૂત થઈને ઉપર આકાશમાં ઊડી જાય છે, તે રીતે આનો સહારો જે કોઈ લેશે તે ઉત્કૃષ્ટ બનશે.

શબને ચિતા પર મૂકયા પછી અગાઉ જણાવેલા મંત્રથી પાંચમો પિંડ આપવો અને પછી શબ પર પણ લાકડાં ગોઠવી દેવાં.

## ॥ શરીરયજ્ઞ આરંભ ॥

**અગ્નિસ્થાપના :** દર્ભના પૂળામાં દેવતા મૂકીને હવામાં આમથી તેમ પૂળાને હલાવવાથી અગ્નિ પ્રજ્વલિત થઈ જશે. આ પ્રજ્વલિત અગ્નિવાળા પૂળાને હાથમાં રાખીને ચિતાની એક પ્રદક્ષિણા કરીને

નક્કી કરેલી જગ્યાએ અથવા મસ્તક પાસે સળગતા પૂળાને મૂકવો. જેથી લાકડાં આગને સરળતાથી પકડી લેશે. અગ્નિસ્થાપન વખતે ૐ **ભૂર્ભુવઃ સ્વર્દ્યૌરિવ...** મંત્ર બોલવો. ત્યાર બાદ **ઉદબુધ્યસ્વાગ્ને...** મંત્રથી અગ્નિને પ્રદીપ્ત કરવા માટે તેમાં રાળનો ભૂકો, લાકડાંનો છોલ વગેરે નાખવાં. હવાની જરૂર પડે તો હવા પણ નાખવી જોઈએ.

**ઘૃતાહુતિ :** અગ્નિ પ્રજ્વલિત થયા પછી ઘીની સાત આહુતિઓ આપવી. આ કાર્ય માટે લાંબા વાંસનો પ્રયોગ કરવો. **ૐ ઈન્દ્રાય સ્વાહાઃ** વગેરે સાત મંત્રોથી ઘીની સાત આહુતિ જેણે અગ્નિદાહ આપ્યો હોય તે જ વ્યક્તિ આપે. મોટે ભાગે મૃતકનો પુત્ર અને તે ન હોય તો નજીકનો સગો આ વિધિ કરે છે.

**સામાન્ય આહુતિ :** ઘીની આહુતિ પછી બધા જ માણસો સુગંધિત હવનસામગ્રી લઈ ગાયત્રી મંત્ર બોલીને સાત આહુતિઓ આપે. ત્યાર બાદ શરીર યજ્ઞની વિશેષ આહુતિઓ આપવી.

## ॥ વિશેષ આહુતિ ॥

શરીરયજ્ઞનો મુખ્યમંત્ર '**ૐ આયુર્યજ્ઞેન કલ્પતા...**' આપણને જીવનમરણના આ તથ્યને હૃદયંગમ કરવાનો અને વ્યાવહારિક જીવનમાં સમાવેશ કરવાનો નિર્દેશ કરે છે. મંત્રમાં ઈશ્વરીય નિર્દેશ છે કે, "માનવીય આયુષ્ય યજ્ઞ માટે છે. તે જ્યાં સુધી જીવે ત્યાં સુધી પરમાર્થ માટે જીવે. વિરાટ બ્રહ્મની પૂજા-ઉપાસના કરતો રહે. હું મારા માટે નહીં, સમસ્ત સમાજ માટે જીવું છું. એવું જ વિચારતો રહે." પ્રાણ, આંખ, કાન, વાણી, મન આત્મા વગેરે બધું યજ્ઞ માટે જ સમર્પિત થાય.

'પ્રાણ' યજ્ઞ માટે જ વપરાય. સાહસ, શક્તિ, ક્ષમતા, ચાતુર્ય અને પ્રતિભાનો સમસ્ત ભંડાર લોકહિત માટે જ વાપરવામાં આવે. આને જ પંચપ્રાણ-ક્રમશઃ પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન કહીને બધાની આહુતિઓ આપવામાં આવે છે.

આંખ યજ્ઞ માટે જ વપરાય અર્થાત્ જે કંઈ જોઈએ તે સાચા ઉદ્દેશ માટે જ જોઈએ. અશ્લીલતાની વિકાર ભરેલી દૂષિત. દૃષ્ટિથી વિજાતીય નર અથવા નારીને ન જોઈએ. પવિત્ર અને પ્રેમભરી દૃષ્ટિથી દરેક વ્યક્તિને જોઈએ અને તેને વધારે સુંદર અને સુવિકસિત બનાવવા માટે પ્રયાસ કરીએ. દોષો જોયા સિવાય માત્ર ગુણો જ જોઈએ. ગુણો જ અપનાવીએ. સત્-સાહિત્ય વાંચીએ. પ્રેરણાત્મક દૃશ્યો જોઈએ. દુર્ભાવ ઉત્પન્ન કરે એવાં દૃશ્યોથી આંખોને દૂર રાખીએ.

કાન યજ્ઞ માટે વપરાય. અર્થાત્ જે કાંઈ સાંભળીએ તે શ્રેયસ્કર અને સદ્ભાવ જાગ્રત કરનારું જ હોય. એવાં વચન અને ગીતો ન સાંભળીએ, જે કુમાર્ગ તરફ લઈ જાય.

વાણી યજ્ઞ માટે જ બોલવામાં આવે. અર્થાત્ મધુર, શિષ્ટ, ઉત્સાહવર્ધક, શ્રેયસ્કર બોલવામાં આવે. આવું બોલવાની ટેવ પાડવામાં આવે. મતભેદ અથવા અનિચ્છનીય પ્રસંગ આવી જાય, તો પણ વાણી શાલીનતાયુક્ત જ બની રહેવી જોઈએ. બીજાઓને કુમાર્ગે લઈ જનારી સલાહ, દ્વેષ અને ક્રોધ ઉત્પન્ન કરનાર નિંદા, ચાડીચૂગલી, કટાક્ષ, મશ્કરી અને હૃદયને આઘાત પહોંચાડે તેવી વાણી ક્યારેય ન બોલવી. અસત્ય અને નિરર્થક પણ ન બોલીએ. જીભના સંયમને સૌથી મોટું તપ માનવામાં આવ્યું છે. આનો અર્થ ખરાબ વાણીથી બચવું એટલો જ નહીં, પરંતુ મીઠી, સુસંગત અને શ્રેયસ્કર વાણી બોલવી જોઈએ. એવા વાણીસંયમને મૌન કહેવામાં આવે છે.

"મનને યજ્ઞ માટે ગતિશીલ કરવામાં આવે." મનમાં અનર્થપૂર્ણ, અનુચિત અને અનિચ્છનીય બાબતો આવવા દેવી જોઈએ નહિ. કુવિચારોને મસ્તિષ્કમાં સ્થાન ન આપવું. એવી ઈચ્છાઓ ન કરવી કે જેની પૂર્તિ માટે બીજાઓને હાનિ પહોંચાડી પોતાના માટે અનીતિપૂર્વક લાભ મેળવવાની યોજના બનાવવી પડે. તૃષ્ણામાં મન ડૂબેલું ન રહે. તેમાં દ્વેષ, શોષણ, અપહરણ અને અન્યાયને કોઈ જ સ્થાન ન મળે. છળકપટ અને દગો કરવાની ઈચ્છા ક્યારેય ન

જાગે. એવા નિર્મળ મનને યજ્ઞ રૂપ જ કહેવામાં આવે છે."

"આત્મા યજ્ઞમય બને." એમાં જે કોઈ આસ્થાઓ, નિષ્ઠાઓ, ભાવનાઓ, માન્યતાઓ, આકાંક્ષાઓ હોય તે તમામ આદર્શવાદિતા, ઉત્કૃષ્ટતા અને સાત્ત્વિકતાથી ભરેલી હોય. અંતઃકરણમાં ઉદ્વેગ નહીં, પણ સંતોષ અને ઉલ્લાસની પ્રમુખતા હોય. શુભનો અનુભવ કરીએ, શુભ વિચારીએ અને શુભની આશા કરીએ. આત્માને શુભ બનાવતાં બનાવતાં, પરિષ્કૃત કરતાં કરતાં તેને પરમાત્માના રૂપમાં પરિણત કરવાની ચેષ્ટાને પકડી રાખવામાં આવે તો આ ક્રિયા આત્મજ્ઞાન જ કહેવાશે.

"બ્રહ્મ પણ યજ્ઞ માટે જ હો." અહીં બ્રહ્મ શબ્દ વિવેકના અર્થમાં વપરાયો છે. આપણો વિવેક જાગૃત રહે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારના જે કષાય-કલ્મષ જાગે છે તથા અંતઃકરણમાં જે વિક્ષેપો પેદા થાય છે, તેમને વિવેક દ્વારા નિયંત્રિત કરવામાં આવે. આત્મનિગ્રહ વિવેક દ્વારા જ શક્ય બને છે. આથી જ તો વિવેકને એટલો મજબૂત રાખવામાં આવે કે મનોવિકારો માથું ઊંચું ન કરી શકે અને જીવનરથને કુમાર્ગ પર ન લઈ જઈ શકે.

જ્યોતિ યજ્ઞ માટે હો. અહીં જ્યોતિ શબ્દનો અર્થ ક્રિયાશીલતા કરવામાં આવ્યો છે. આપણી શક્તિ કુમાર્ગમાર્ગી ન બને. આપણી બુદ્ધિ સત્યમાર્ગનો ત્યાગ ન કરે. આપણી આકાંક્ષા અનુચિતની ઈચ્છા ન કરે. આપણી પ્રતિભા બીજાઓ પર અનિચ્છનીય ભાર અથવા દબાણ ન રાખે. વિદ્યા અધોગામી નહીં, પણ ઊર્ધ્વગામી બને. પતન માટે નહીં, પણ ઉત્થાન માટે ડગલાં ભરવામાં આવે, તો સમજવું કે આપણી જ્યોતિ યજ્ઞ માટે વપરાઈ રહી છે. જે રીતે દીપક પોતાને બાળીને બીજાઓ માટે પ્રકાશ ઉત્પન્ન કરે છે, તેવી જ રીતે આપણે પણ આપણા જ્યોતિર્મય વ્યક્તિત્વથી સંસારમાં પુણ્યપ્રકાશનું સર્જન અને અભિવર્ધન કરતા રહીએ.

"સ્વઃ" યજ્ઞ માટે હો. આપણું વ્યક્તિત્વ અથવા અસ્તિત્વ સત્પ્રવૃત્તિઓને વધારવા માટે, "સત્યં, શિવં, સુંદરમ્" ની મહત્તા

વિકસિત કરવા માટે હોય. અમારો 'અહં' અમારા ગર્વને પોષનાર અને પૂરો કરનાર નહીં, પણ ધર્મ, સત્ય અને ઈશ્વરનું ગૌરવ વધારવામાં નિયોજિત થાય.

"પૃષ્ઠ" ભાગ યજ્ઞ માટે હોય. બહાર દેખાતું શરીર તો માણસ જેવું દેખાય છે. મુખ પર સુંદર મહોરું પહેરી લઈએ છીએ, પણ શરીરની અંદર તો ગંદકી જ ભરેલી હોય છે. એ જ રીતે આપણો વર્તમાન સમય, વર્તમાન જીવન તો ગમે તે રીતે પસાર કરી દેવામાં આવે છે, પણ મરણોત્તર જીવન અંધારામાં જ અટવાતું હોય છે. આ જગતમાંથી વિદાય લેતા પહેલાં આપણે કોઈક સ્મૃતિ મૂકતા જવું જોઈએ. મંત્રમાં કહેવામાં આવ્યું છે કે અમારો પૃષ્ઠ ભાગ પાછળનું અદૃશ્ય પાસું પણ યજ્ઞના ઉપયોગમાં આવે, શ્રેષ્ઠ પ્રવૃત્તિઓમાં વ્યતીત થાય.

અંતમાં આ "યજ્ઞ" પણ યજ્ઞ માટે જ હોય. આમાં યજ્ઞીય સંસ્કૃતિનો ચરમ ઉત્કર્ષ બતાવવામાં આવ્યો છે. આપણે જે કંઈ શુભકાર્યો કરીએ, સદ્ભાવ રાખીએ, તેની પાછળ કોઈપણ પ્રકારના લૌકિક અથવા પારલૌકિક કે વ્યકિતગત લાભની ઈચ્છા ન રાખીએ. જોકે પરમાર્થના માર્ગ ઉપર ચાલનારને જ આ લોક અને પરલોકમાં સુખશાંતિનો દિવ્યલાભ મળે છે, તેમ છતાં આવા લાભનો વિચાર કરીને તેમાં વ્યકિતગત સ્વાર્થ ભેળવવો જોઈએ નહીં. શુભ કર્મો એટલા માટે કરવામાં આવે છે કે તે મનુષ્યની શોભા બની રહે. સત્ય અને ઔચિત્યનો વિજય ઈશ્વરનો વિજય છે. ધર્મનું અભિવાદન અને તેનું પરિપોષણ જ માનવીય કર્તવ્ય છે. આ ઉદાત્તભાવનાને ધ્યાનમાં રાખી યજ્ઞીય પરંપરાને ગતિશીલ રાખવાના હેતુથી યજ્ઞીય ભાવનાપૂર્વક યજ્ઞકર્મ કરાવવું.

અંતમાં સમગ્ર શરીરના પ્રત્યેક અંશને યજ્ઞમય બનાવવાની પ્રેરણા સાથે ૧૬ આહુતિઓ આપવી. સત્તરમી આહુતિ શરીરગત પંચતત્ત્વોને શ્રેષ્ઠતમ દિશામાં ગતિ આપવાની ભાવનાથી આપવી. ભાવના કરવી કે આંખની શકિત સૂર્ય તરફ, વાયુ તથા આત્મ તત્ત્વ

અંતરિક્ષ તરફ, પૃથ્વી તત્ત્વ ધર્મની તરફ અને જલ તત્ત્વ ઉપયોગી ઔષધિઓની તરફ ઉન્મુખ બને.

**ક્રિયા અને ભાવના :** એક એક મંત્ર વડે પ્રેરણા સાથે આહુતિ અપાવતા જવું. બધા ભાવના કરે કે મૃતકના વ્યકિતત્વના બધા જ અંશો યજ્ઞભૂત બની રહ્યા છે. અમારા વ્યકિતત્વના બધા જ અંશ યજ્ઞીય ધારાને યોગ્ય બને. મંત્રો નીચે પ્રમાણે છે :

૧. ૐ આયુર્યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૨. ૐ પ્રાણો યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૩. ૐ અપાનો યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૪. ૐ વ્યાનો યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૫. ૐ ઉદાનો યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૬. ૐ સમાનો યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૭. ૐ ચક્ષુર્યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૮. ૐ શ્રોત્રં યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૯. ૐ વાગ્યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૧૦. ૐ મનો યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૧૧. ૐ આત્મા યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૧૨. ૐ બ્રહ્મા યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૧૩. ૐ જ્યોતિર્યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૧૪. ૐ સ્વર્યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૧૫. ૐ પૃષ્ઠં યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૧૬. ૐ યજ્ઞો યજ્ઞેન કલ્પતા ૐ સ્વાહા ।

૧૭. ૐ સૂર્યં ચક્ષુર્ગચ્છતુ, વાતમાત્મા દ્યાં ચ ગચ્છ, પૃથિવીં ચ ધર્મણા । અપો વા ગચ્છ યદિ, તત્ર તે હિતમોષધીષુ, પ્રતિતિષ્ઠા શરીરૈઃ સ્વાહા । - ઋ. ૧૦.૧૬.૩

## ॥ સામૂહિક જપ-પ્રાર્થના ॥

શબ પૂર્ણ રીતે પંચભૂતમાં વિલિન થાય ત્યાં સુધી સગા સંબંધીઓ અને ઉપસ્થિત લોકો ચિતા તરફ મુખ રાખીને શાંતિ ચિત્તે વ્યવસ્થિત બેસે. પરસ્પર ચર્ચા તથા વાતો બિલકુલ બંધ કરી દેવામાં આવે. જરૂર પડે તો ઈશારાથી બોલાવી દૂર જઈ ધીમેથી ટૂંકમાં વાતચીત કરી લેવી. વાતાવરણ શાંત બનાવી દેવું. બધા જ લોકો મૃતાત્માની સદ્‌ગતિ માટે, શાંતિ માટે અને કુટુંબીજનોનો શોક દૂર થાય તે માટે માનસિક ગાયત્રી મંત્ર બોલીને પ્રાર્થના કરે. પૂર્ણાહુતિ-કપાલક્રિયા સુધી આ ક્રમ ચાલુ રાખવો. સ્મશાનમાં કરવામાં આવેલી પ્રાર્થનાનું વિશેષ મહત્ત્વ છે. તાંત્રિકો આને અનિવાર્ય માને છે. કપાલક્રિયા પહેલાં કોઈએ એ જગ્યા છોડવી નહીં એવો સામાન્ય રિવાજ છે. કપાલક્રિયા ત્યારે જ કરવી જ્યારે માથું આગ પકડી લે અને તાળવાના ભાગમાં કાણું પડી શકે. આ સમયગાળો જપ કરવામાં પસાર કરવો જોઈએ. એકાદ બે અનુભવી વ્યક્તિઓ જપ દરમ્યાન ચિતાની સંભાળ રાખે અને લાકડાંને વ્યવસ્થિત કરતા રહે.

## ॥ પૂર્ણાહુતિ-કપાલક્રિયા ॥

મગજ જીવનનું મુખ્ય કેન્દ્રસ્થાન છે. તેમાં જેવા વિચારો કે ભાવો જાગે છે તે પ્રમાણે સમગ્ર જીવન ઘડાય છે. ચડતી પડતીની ઘટમાળ પણ એ મુજબ જ ઘડાય છે. મસ્તિષ્ક સંકુચિત ન હોવું જોઈએ, પણ વ્યાપક અને વિશાળ રીતે સુવિકસિત થયેલું હોવું જોઈએ. આ તથ્યનું પ્રતિપાદન કરવા માટે કપાલક્રિયા કરવામાં આવે છે. ખોપરી તોડીને તેની અંદર રહેલા મગજને એવી તક આપવામાં આવે છે કે તે એક સીમિત માત્રામાં જ ન વિચારે, પરંતુ વિશ્વમાનવની વિભિન્ન સમસ્યાઓને ધ્યાનમાં રાખીને પોતાનું કર્તવ્ય નક્કી કરે. ખોપરી તોડવી એટલે વ્યાપક દૃષ્ટિકોણ અપનાવવો. હાડકાં તોડવાં એટલે સંકુચિત આવરણો હટાવી દેવાં. મૃત અને જીવિત બંને

માટે વિચારોની સંકુચિતતા હાનિકારક હોઈ તેને દૂર કરી વ્યાપક રીતે વિચારવાનું શરૂ કરવું. આ છે પૂર્ણાહુતિનો મૂળભૂત હેતુ. જેનું મન અંતિમ સમય સુધી વિવેકશીલ બની રહ્યું હોય, તો સમજી લેવું કે તેણે જીવનયજ્ઞની પૂર્ણાહુતિ કરી લીધી છે. આ સંકેતો કપાલક્રિયા દ્વારા પ્રાપ્ત થાય છે.

**ક્રિયા અને ભાવના** : અંત્યેષ્ટિ કરનાર વ્યક્તિ વાંસ લઈને મસ્તકની બાજુએ ઊભી રહે. બાકીના માણસો પણ ઊભા થઈ જાય. પૂર્ણાહુતિનું શ્રીફળ કે ગોળો તૈયાર રાખવાં. બધાના હાથમાં પૂર્ણાહુતિ માટે હવનસામગ્રી, તુલસી, ચંદન વગેરે આપી દેવાં. હવે તાળવાના ભાગમાં વાંસથી કાણું પાડવું. પછી પૂર્ણાહુતિનો મંત્ર **ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં...** બોલીને પૂર્ણાહુતિ માટેનું શ્રીફળ કે ગોળો વાંસની મદદથી માથાની પાસે મૂકી દેવો. બાકીના બધા લોકો ચિતામાં હવનસામગ્રી હોમે. ભાવના કરવી કે મગજમાં રહેલી, જીવનને ચલાવનાર વિચારતંત્રની જાળને યજ્ઞીય પુટ આપીને વિશ્વચેતનામાં ભેળવી દેવામાં આવી છે. પોતાના મસ્તકને પણ આ જ સંસ્કારને યોગ્ય બનાવવામાં આવી રહ્યું છે.

**પૂર્ણાહુતિ** : કપાલક્રિયા થયા પછી બેચાર વ્યક્તિઓ ચિતા શાંત થાય ત્યાં સુધી રોકાય અને બાકીના જઈ શકે અથવા સ્થાનિક પરંપરા પ્રમાણે સંપૂર્ણ ક્રિયા પતી ગયા બાદ સામૂહિક સ્નાન, જલાંજલિ, શોક પ્રાર્થના વગેરે કર્મો કરી શકાય છે. જતા પહેલાં નીચેનાં સમાપન કાર્યો પૂરાં કરીને જવું.

**વસોર્ધારા-સ્નેહસિંચન** : વસોર્ધારામાં ઘીની ધારા કરવી. ઘીનું બીજું નામ સ્નેહ છે. પ્રેમને સ્નેહ કહેવામાં આવે છે. પ્યાર ભરેલું જીવન જ પ્રશંસનીય છે. શુષ્ક, નીરસ, નિષ્ઠુર, કર્કશ, સ્વાર્થી અને સંકુચિત જીવન ધિક્કારવાને યોગ્ય સમજવું. વસોર્ધારામાં ઘીની-સ્નેહની અખંડધારા **ૐ વસોઃ** પવિત્ર..... મંત્ર બોલીને કરવી. આનો અર્થ એ થયો કે વ્યક્તિના જીવનમાંથી સ્નેહની સરવાણીઓ સતત વહ્યા જ કરે.

**પરિક્રમા અને નમસ્કાર** : ઉપસ્થિત તમામ લોકોએ યાનિ

કાનિ ચ પાપાનિ. મંત્ર બોલીને ચિતાની પ્રદક્ષિણા કરવી. સાથે સાથે સ્વર્ગસ્થ આત્મા પ્રત્યે સન્માન અને સદ્દ્ભાવ વ્યક્ત કરવાં. "ૐ નમોસ્ત્વનન્તાય" મંત્ર બોલીને બે હાથ જોડી નમસ્કાર કરવા. આ નમસ્કાર ભગવાનને અને સાથોસાથ સ્વર્ગીય આત્માને પણ છે. ઈશ્વરને નમસ્કાર એટલા માટે છે કે તેણે દિવંગત આત્માને માનવજીવનનું સ્વર્ણિમ સૌભાગ્ય આપ્યું અને સાથે એ તક પણ આપી કે જો તે ચાહે તો અનંતકાળ માટે સુખ અને શાંતિ પ્રાપ્ત કરી શકે. આ મહાન કૃપા માટે ઈશ્વરને નમસ્કાર કરવામાં આવે છે. મૃતક વ્યક્તિ દ્વારા અન્ય જીવિત લોકો પ્રત્યે કોઈક ઉપકાર કરવામાં આવ્યો હોય તો તેના માટે સજીવ વિશ્વ ઋણી છે. આથી મૃતકને નમસ્કાર કરવામાં આવે છે.

ત્યાર બાદ બધા મળીને **શાંતિપાઠ** કરે. દિવંગત આત્માના શરીરત્યાગથી જે કંઈ વિકૃતિઓ પેદા થઈ હોય તેના સમાધાન માટે આ પ્રાર્થનાના રૂપમાં શાંતિપાઠ કરવામાં આવે.

આ રીતે અંત્યેષ્ઠિ સંસ્કારની વિધિ પૂરી થતાં ઉપસ્થિત લોકોએ જળાશય પર જઈ વસ્ત્રો ધોઈ-સૂકવી સ્નાન કરવું. જંતુઓના નાશ માટે લીમડાનાં પાન ચાવવાં. લોકાચાર મુજબ વર્તવું.

## ॥ અસ્થિ વિસર્જન ॥

અંત્યેષ્ટિ પછી અસ્થિ એકત્રિત કરી કોઈ પુણ્ય તીર્થમાં વિસર્જિત કરવાનો રિવાજ છે. શરીરનો અણુએ અણુ સાર્થક થાય તે હેતુથી શરીરના અવશેષો પણ પુણ્ય ક્ષેત્રમાં પધરાવવામાં આવે છે. અસ્થિ ચિતા શાંત થાય પછી ત્રીજા દિવસે લેવામાં આવે છે. જલદી લેવાનાં હોય તો દૂધયુક્ત પાણીનું સિંચન કરી, ઠંડાં પાડી એકત્રિત કરવાં. અસ્થિ લેતી વખતે નીચેનો મંત્ર બોલવો.

**ૐ આ ત્વા મનસાઽનાર્તેન, વાચા બ્રહ્મણા ત્રય્યા વિદ્યયા, પૃથિવ્યામક્ષિકાયામપા છૅરસેન નિવપામ્યસૌ ।**

ક. શ્રૌ. સૂ. ૨૫.૭૬

આ અસ્થિઓને કળશમાં અથવા પીળા વસ્ત્રમાં નીચે દર્ભ મૂકીને રાખવાં. પછી અસ્થિઓને તીર્થ સ્થળે (નદી, તળાવ, કે બીજા પવિત્ર સ્થળે) લઈ જઈને વિસર્જન સ્થળ પાસે મૂકવાં. હાથમાં જવ, ચોખા, ફૂલ લઈને યમ તથા પિતૃઓનું આવાહન કરવું. ફૂલ ચઢાવી નમસ્કાર કરવા.

## ॥ યમ ॥

ૐ યમગ્ને કવ્યવાહન, ત્વં ચિન્મન્યસે રયિમ્ । તન્નો ગીર્ભિઃ શ્રવાય્યં, દેવત્રા પનયા યુજમ્ । ૐ યમાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ॥ - ૧૯૬૪

## ॥ પિતૃ ॥

ૐ ઈદં પિતૃભ્યો નમોઽઅસ્ત્વદ્ય યે, પૂર્વાસો યઽ ઉપરાસઽઈયુઃ । યે પાર્થિવે રજસ્યા નિષત્તા, યે વા નૂન ઇંક્ર સુવૃજનાસુ વિક્ષુ । ૐ પિતૃભ્યો નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ॥ - ૧૯૬૮

હવે અંજલિમાં અસ્થિની પોટલી અથવા કળશ લઈ નદીના પ્રવાહમાં અથવા કિનારે ઊભા રહીને જવ-અક્ષત-પુષ્પ સાથે નીચેનો મંત્ર બોલીને અસ્થિને વિસર્જિત કરવાં.

ૐ અસ્થિ કૃત્વા સમિધં તદષ્ટાપો, અસાદયન્ શરીરં બ્રહ્મ પ્રાવિશત્ ।

ૐ સૂર્યં ચક્ષુર્ગચ્છતુ વાતમાત્મા દ્યાં ચ ગચ્છ, પૃથિવીં ચ ધર્મણા । અપો વા ગચ્છ યદિ તત્ર તે, હિતમોષધીષુ પ્રતિ તિષ્ઠા શરીરૈઃ સ્વાહા ॥

- અથર્વ. ૧૧.૧૦.૨૯ ; ઋ. ૧૦.૧૬.૩

ત્યારબાદ મૃતાત્માનું ધ્યાન કરી નમસ્કારપૂર્વક નીચેના મંત્ર વડે પ્રાર્થના કરવી.

ॐ યે ચિત્પૂર્વ ઋતસાતા ઋતજાતા ઋતાવૃધઃ ।
ઋષીન્તપસ્વતો યમ તપોજાં અપિ ગચ્છતાત્ ॥ ૐ
આયુર્વિશ્વાયુઃ પરિપાતુ ત્વા, પૂષા ત્વા પાતુ પ્રપથે પુરસ્તાત્ ।
યત્રાસતે સુકૃતો યત્ર તઈયુઃ, તત્ર ત્વા દેવઃ સવિતા દધાતુ ॥
- અથર્વ. ૧૮.૨.૧૫,૫૫

ત્યાર પછી નદીકિનારે જ તર્પણ વગેરે કરવું. તર્પણ પૂર્ણ થયે તીર્થક્ષેત્રોમાં નિવાસ કરનાર સત્શક્તિઓને નમસ્કાર કરી ક્રમ પૂરો કરવો.

ॐ યે તીર્થાનિ પ્રચરન્તિ, સૃકાહસ્તા નિષંગિણઃ ।
તેષા છ્ઠ સહસ્રયોજનેઽવ, ધન્વાનિ તન્મસિ ॥ - ૧૬.૬૧

❀ ❀ ❀

## ॥ મરણોત્તર સંસ્કાર ॥

ભારતીય સંસ્કૃતિએ અતિ ગૂઢ રહસ્યને જાહેર કર્યું છે કે મૃત્યુની સાથે જીવન પૂરું થઈ જતું નથી. અનંત એવી જીવન શૃંખલાનો એક મણકો મૃત્યુ પણ છે. આથી વિવિધ સંસ્કારોમાં જીવની એ સ્થિતિને પણ જોડવામાં આવી છે કે તે એક જન્મને પૂરો કરી નવા જીવન માટે તૈયાર થાય છે. કર્મકાંડ દ્વારા કામના કરવામાં આવે છે કે ગત જીવન કરતા નવું જીવન વધારે સંસ્કારવાન થાય. આથી એ નિમિત્તે જે કંઈ કર્મકાંડ કરવામાં આવે છે તેનો લાભ જીવાત્માને ક્રિયા કરાવનારની શ્રદ્ધા દ્વારા મળે છે. આથી મરણોત્તર સંસ્કારને શ્રાદ્ધકર્મ પણ કહે છે.

આમ તો શ્રાદ્ધકર્મની શરૂઆત અસ્થિવિસર્જન પછી શરૂ થઈ જાય છે. કેટલીક જગ્યાએ સવારમાં તર્પણ અને સાંજે જીવાત્માએ શરીર ત્યાગ કર્યો હોય તે જગ્યાએ અથવા ઝાડ નીચે દીપક મૂકવામાં આવે છે.

મરણોત્તર સંસ્કાર અંત્યેષ્ટિ સંસ્કારના તેરમા દિવસે કરવામાં

આવે છે. જે દિવસે અગ્નિદાહ આપવામાં આવ્યો હોય તે દિવસ પણ ગણી લેવામાં આવે છે. કેટલીક જગ્યાએ બારમા દિવસે પણ મરણોત્તર સંસ્કાર કરવામાં આવે છે, તો ઘણી જગ્યાએ દશમા દિવસને શુદ્ધિ દિવસ માનવામાં આવે છે. આ દિવસે મૃતકના નજીકના સગાઓ મુંડન કરાવે છે તથા ઘરની સાફસૂફી, ધોવા-લીંપવાનાં કામો પણ કરી લે છે. જ્યાં તેરમું કરવાની પ્રથા છે ત્યાં આ શુદ્ધિ કર્મ પહેલેથી જ કરાવી લેવામાં આવે છે.

અંત્યેષ્ટિ પછી ૧૩ મા દિવસે મરણોત્તર સંસ્કાર કરવામાં આવે છે. આ કર્મ ઘરમાં વ્યાપેલા શોકના વાતાવરણને સમાપ્ત કરવાની વિધિ છે. મૃત્યુના કારણે ઘરમાં શોકનું વાતાવરણ છવાઈ જાય છે. સગાંસંબંધીઓ પણ પોતાની સંવેદના અને સહાનુભૂતિ પ્રગટ કરવા આવતાં હોય છે. આથી આ ક્રમ તેર દિવસમાં સમાપ્ત થઈ જવો જોઈએ, જેથી કરીને શોકનું વાતાવરણ લાંબો સમય ચાલે નહીં અને રોજિંદાં કાર્યો તરફ ધ્યાન આપવાનું શરૂ કરી શકાય.

મરનારના શરીરમાંથી અશુદ્ધ કીટાણુઓ નીકળતાં હોય છે. આથી મૃત્યુ પછી ઘરની સફાઈ કરવી ખૂબ જ જરૂરી હોય છે. દીવાલોની સફાઈ, જમીનની ધોલાઈ, લીંપણ, વસ્ત્રો ધોવાં, વાસણ માંજવાં, રંગ કરવો વગેરે કામો કરવાનાં હોય છે. આમ કરવાથી ક્યાંય અશુદ્ધતા રહેવા પામે નહીં. આ કામ ૧૦ માથી ૧૩ દિવસ સુધીમાં પૂરું કરી લેવું.

તેરમા દિવસે અન્ય સંસ્કારોની જેમ મરણોત્તર સંસ્કારની પણ વ્યવસ્થા કરવી. આંગણામાં યજ્ઞવેદી બનાવી હવન તથા પૂજાની સામગ્રી એકઠી કરવી. મંડપ બનાવવાની જરૂર નથી. અગ્નિદાહ આપનાર વ્યક્તિ પાસે જ આ કર્મ કરાવવું. મૃતાત્માની શાંતિસદ્ગતિ માટે તમામ વિધિ એની પાસે જ કરાવવી.

શ્રાદ્ધ સંસ્કાર મરણોત્તર સંસ્કાર ઉપરાંત પિતૃપક્ષમાં કે દેહાવસાનના દિવસે પણ શ્રાદ્ધના રૂપમાં કરવામાં આવે છે. જીવાત્માઓની શાંતિ માટે તીર્થોમાં પણ શ્રાદ્ધકર્મ કરાવવાનું વિધાન છે.

**પૂર્વ તૈયારી :** શ્રાદ્ધ સંસ્કાર માટે સામાન્ય યજ્ઞ, દેવપૂજનની સામગ્રી ઉપરાંત નીચે મુજબ વ્યવસ્થા કરવી. તર્પણ માટે મોટા-ઊંચા કાનાવાળી થાળી, કથરોટ કે સ્ટીલનું તગારા જેવું વાસણ અનુકૂળ રહે છે. બે વાસણમાંથી એકમાં પાણી રાખવું. બીજામાં તર્પણ કરવું. તર્પણના વાસણમાં પાણી ભરવા માટે કળશ કે લોટો રાખવો. આ ઉપરાંત દર્ભ, પવિત્રી, ચોખા, જવ, તલ વગેરે થોડાં થોડાં-તૈયાર રાખવાં.

પિંડદાન માટે ૨૫૦ ગ્રામ જવનો બાંધેલો લોટ. જવનો લોટ ન મળે તો ઘઉંનો લોટ લઈ તેમાં જવતલ નાખી પાણી વડે બાંધી લેવો. પિંડ સ્થાપન માટે વડનાં કે કેળનાં પાન તૈયાર રાખવાં. ખાખરાનાં પતરાળાં પણ ચાલે. પિંડદાન સિંચવા દૂધ, દહીં અને મધ પણ તૈયાર રાખવાં.

પંચબલિ તથા નૈવેદ્ય માટે ભોજનની સાથે અડદની દાળના નાના નાના રોટલા રાખવા. સાથે દહીં પણ રાખવું. પંચબલિ આપવા કેળ કે વડનાં પાન યા પતરાળાં રાખવાં.

પૂજનવેદી ઉપર ફોટો, કળશ તથા દીપક રાખવાં. 'યમ' આવાહન માટે ચોખાની ઢગલી અને 'પિતૃ' આવાહન માટે તલની ઢગલી કરવી.

**ક્રમ વ્યવસ્થા :** શ્રાદ્ધ સંસ્કારમાં દેવપૂજન અને તર્પણની સાથે પંચ યજ્ઞ કરાવવાનું વિધાન છે. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને મનુષ્યયજ્ઞ - આ પાંચ યજ્ઞો છે. 'બલિવૈશ્વ'ના રૂપમાં પણ આ યજ્ઞ કરાવવામાં આવે છે. પિતૃયજ્ઞ માટે પિંડદાન, ભૂતયજ્ઞ માટે પંચબલિ, મનુષ્યયજ્ઞ માટે શ્રાદ્ધક્રિયા, દેવયજ્ઞ માટે સત્પ્રવૃત્તિ સંવર્ધન, દેવદક્ષિણાનો સંકલ્પ તથા બ્રહ્મયજ્ઞ માટે ગાયત્રી વિનિયોગ કરવામાં આવે છે. અંત્યેષ્ટિ ક્રિયા કરનારને મુખ્ય 'યજમાન તરીકે બેસાડવામાં આવે. વિશેષ કર્મ તેની પાસે કરાવવામાં આવે. અન્ય સગાંસંબંધીઓને દેવપૂજન, સ્વસ્તિવાચન, આહુતિ વગેરેમાં જોડી શકાય.

શરૂઆતમાં ષટ્કર્મ પછી સંકલ્પ કરાવવો. ત્યારબાદ રક્ષાવિધાન સુધીની વિધિ કરાવી લેવી. પછી વિશેષ વિધિ શરૂ કરાવવી.

વિશેષ વિધિમાં શરૂઆતમાં યમ અને પિતૃ આવાહન તથા પૂજન, તર્પણ કરાવવું. તર્પણ પછી ક્રમશઃ બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને મનુષ્યયજ્ઞની વિધિ કરાવવી.

આ યજ્ઞો કરાવ્યા પછી વિધિવત રીતે ગાયત્રી યજ્ઞ કરાવવો. સ્વિષ્ટકૃત હોમ પહેલાં વિશેષ આહુતિઓ આપવી. ત્યારબાદ સ્વિષ્ટકૃત હોમ અને પૂર્ણાહુતિ કરાવવી. સમયમર્યાદાનું ધ્યાન રાખી સંક્ષેપમાં અથવા વિસ્તૃત રીતે યજ્ઞક્રમ પૂરો કરવો.

વિસર્જન પહેલાં બે થાળીઓમાં ભોજન તૈયાર રાખવું. એક થાળી દેવતાઓ માટે બીજી પિતૃઓ માટે. પિતૃ નૈવેદ્યની થાળી કોઈ પુરોહિત અથવા વયોવૃદ્ધ વ્યક્તિને ભોજન માટે આપવી. દેવનૈવેદ્યવાળી થાળી કન્યાને જમવા આપવી. વિસર્જન કર્યા પછી પંચબલિનો જે તે ભાગ જે તે જગ્યાએ પહોંચાડવો. પિંડ નદીમાં વિસર્જિત કરવા અથવા તો ગાયોને ખવડાવવા. ત્યારબાદ પરિજનો, કન્યાઓ તથા બ્રાહ્મણોને ભોજન કરાવવું. જ્યાં સંસ્કારવિધિ કરી હોય ત્યાં રાત્રે દીવો મૂકવો. સંકલ્પ મંત્ર નીચે મુજબ છે.

**....... નામાહં....... નામકમૃતાત્મનઃ પ્રેતત્વનિવૃત્તિદ્વારા અક્ષય્યલોકાવાપ્તયે સ્વકર્ત્તવ્યપાલનપૂર્વકં પિતૃણાદ્ આનૃણ્યાર્થં સર્વેષાં પિતૃણાં શાન્તિતુષ્ટિનિમિત્તં પંચયજ્ઞસહિતં શ્રાદ્ધકર્મ અહં કરિષ્યે ॥**

## ॥ યમદેવતા પૂજન ॥

યમ મૃત્યુના દેવ છે. સમયને તથા નિયંત્રણ કરનારને પણ યમ કહેવામાં આવે છે. સૃષ્ટિની સમતુલા જાળવવા માટે મૃત્યુ અત્યંત આવશ્યક પ્રક્રિયા છે. નિયંત્રણ કરનાર અને સમતુલા જાળવનાર સત્તાનું સ્મરણ, પૂજન વગેરે કરવું જોઈએ. યમ-કાળ-સમય સીમાને યાદ રાખવાથી જીવન સંતુલિત અને

વ્યવસ્થિત તથા પ્રખર અને પ્રગતિશીલ બનાવવાની પ્રેરણા મળે છે.

**ક્રિયા અને ભાવના :** પૂજનવેદી પર ચોખાની ઢગલી કરી યમદેવતાનું આવાહન કરી પૂજન કરવું, જો સમય હોય તો સાથે મળી યમસ્તોત્રનો પાઠ કરવો. સ્તુતિ કરવાનો અર્થ છે તેમના ગુણોનું સ્મરણ કરવું તથા પોતાની શ્રદ્ધાની અભિવ્યક્તિ કરવી.

હાથમાં જવ, ચોખા, ફૂલ વગેરે લઈને જીવન-મૃત્યુ ચક્રનું અનુશાસન કરનાર અધિષ્ઠાતા યમનું આવાહન તથા પૂજન કરવું. ભાવના કરવી કે યમનું અનુશાસન બધા માટે કલ્યાણકારી નીવડે.

**ૐ યમાય ત્વા મખાય ત્વા સૂર્યસ્ય ત્વા તપસે ।**
**દેવસ્ત્વા સવિતા મધ્વાનક્તુ, પૃથિવ્યાઃ સ ઍ સ્પૃશસ્પાહિ ।**
**અર્ચિરસિ શોચિરસિ તપોઽસિ ॥ - ૩૭.૧૧**

**ૐ યમાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ । તતો નમસ્કારં કરોમિ ।**

## ॥ યમ સ્તોત્ર ॥

**ૐ નિયમસ્થઃ સ્વયં યશ્ચ, કુરુતેઽન્યાન્નિયન્ત્રિતાન્ ।**
**પ્રહરિણે મર્યાદાનાં, શમનાય તસ્મૈ નમઃ ॥૧॥**
**યસ્ય સ્મૃત્યા વિજાનાતિ, ભંગુરત્વં નિજં નરઃ ।**
**પ્રમાદાલસ્યરહિતો, બોધકાય નમોઽસ્તુ તે ॥૨॥**
**વિધાય ધૂલિશયનં, યેનાહં માનિનાં ખલુ ।**
**મહતાં ચૂર્ણિતો ગર્વઃ, તસ્મૈ નમોઽન્તકાય ચ ॥૩॥**
**યસ્ય પ્રચંડ દંડસ્ય, વિધાનેન હિ ત્રાસિતાઃ ।**
**હાહાકારં પ્રકુર્વન્તિ, દુષ્ટાઃ તસ્મૈ નમો નમઃ ॥૪॥**
**કૃપાદૃષ્ટિરનન્તા ચ, યસ્ય સત્કર્મકારિષુ ।**
**પુરુષેષુ નમસ્તસ્મૈ, યમાય પિતૃસ્વામિને ॥૫॥**
**કર્મણાં ફલદાનં હિ, કાર્યમેવ યથોચિતમ્ ।**
**પક્ષપાતો ન કસ્યાપિ, નમો યસ્ય યમાય ચ ॥૬॥**

યસ્ય દંડભયાદ્રુદ્ધઃ , દુષ્પ્રવૃત્તિકુકર્મકૃત્ ।
કૃતાન્તાય નમસ્તસ્મૈ, પ્રદત્તે ચેતનાં સદા ॥૭॥
પ્રાધાન્યં યેન ન્યાયસ્ય, મહત્ત્વં કર્મણાં સદા ।
મર્યાદારક્ષણં કર્ત્રે, નમસ્તસ્મૈ યમાય ચ ॥૮॥
ન્યાયાર્થં યસ્ય સર્વે તુ, ગચ્છન્તિ મરણોત્તરમ્ ।
શુભાશુભં ફલં પ્રાપ્તું, નમસ્તસ્મૈ યમાય ચ ॥૯॥
સિંહાસનાધિરૂઢોઽત્ર, બલવાનપિ પાપકૃત્ ।
યસ્યાગ્રે કમ્પતે ત્રાસાત્, તસ્મૈ નમોઽન્તકાય ચ ॥૧૦॥

## ॥ પિતૃ આવાહન-પૂજન ॥

આના પછી આ સંસ્કારનાં અન્ય વિશેષ કાર્યો શરૂ કરવામાં આવે છે. કળશની મુખ્ય વેદી ઉપર ચોખાની ઢગલી કરી તેના ઉપર દીવો મૂકવો. આ દીપકની આસપાસ ફૂલો ગોઠવી શોભા વધારવી. લોટનાં રંગીન કોડિયાં બનાવીને વધારાના ઘીના દીવાઓ કરી કળશની-વેદીની આસપાસ ગોઠવી શકાય. ઉપસ્થિત લોકો હાથમાં ચોખા લઈ મૃતાત્માનું આવાહન કરે અને તેને દીપકની જ્યોતમાં પ્રકાશ સ્વરૂપે જોવાની ભાવના કરે. આવાહન મંત્ર નીચે મુજબ બોલવો. સામૂહિક મંત્રોચ્ચાર પછી હાથમાં રહેલા ચોખા સ્થાપન ઉપર મૂકી દેવા. આવાહન કરેલ પિતૃઓનું ષોડશોપચાર કે પંચોપચાર પૂજન કરવું.

ૐ વિશ્વેદેવાસ ઽ આગત, શૃણુતા મ ઽ ઈમઃ હવમ્ । એદં બર્હિર્નિષીદત ॥ ૐ વિશ્વેદેવાઃ શૃણુતેમ ઃ હવં મે, યે અન્તરિક્ષે યઽ ઉપ દ્યવિષ્ઠ । યે અગ્નિજિહ્વા ઉત વા યજત્રા, આસદ્યાસ્મિન્બર્હિષિ માદયધ્વમ્ । - ૭.૩૪, ૩૩.૫૩

ૐ પિતૃભ્યો નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।

# ॥ તર્પણ ॥

આવાહન, પૂજન અને નમસ્કાર પછી તર્પણ કરવામાં આવે છે. પાણીમાં દૂધ, જવ, ચોખા, ચંદન વગેરે નાંખીને તર્પણ માટેની સામગ્રી તૈયાર કરવી. શક્ય હોય તો ગંગાજળ પણ નાંખવું. તર્પણ તૃપ્તિ માટે કરવામાં આવે છે. સ્વર્ગસ્થ આત્માઓની તૃપ્તિ કોઈ પદાર્થ અથવા ખાવા-પહેરવાની વસ્તુથી થતી નથી, કારણ કે સ્થૂળ શરીરને જ ભૌતિક પદાર્થોની જરૂર પડે છે. મર્યા બાદ સ્થૂળ શરીર સમાપ્ત થઈ જાય છે. પછી તો ફક્ત સૂક્ષ્મ શરીર જ રહે છે. સૂક્ષ્મ શરીરને ભૂખ, તરસ, ઠંડી, ગરમી વગેરે લાગતાં નથી. તેની તૃપ્તિ માટે કોઈ ખાદ્યપદાર્થોની જરૂર નથી હોતી. સૂક્ષ્મ શરીરમાં વિચારણા, ચેતના અને ભાવના જ મુખ્ય હોય છે. આથી તેના માટે જરૂરી છે ઉત્કૃષ્ટ ભાવનાયુક્ત અંતઃકરણ અને એવું જ વાતાવરણ. આવું ભાવનાયુક્ત વાતાવરણ જ શાંતિ આપી શકે.

જેવી રીતે આ દૃશ્ય સંસારમાં સ્થૂળ શરીરને ઈન્દ્રિયભોગ, વાસના, તૃષ્ણા અને અહંકારની પૂર્તિથી જ સુખ મળે છે, તેવી જ રીતે સૂક્ષ્મ શરીરધારી પિતૃઓ શુભ કર્મોની સુવાસથી તૃપ્ત થાય છે. તેમની પ્રસન્નતા તથા આકાંક્ષાઓનો મૂળ આધાર શ્રદ્ધા છે. શ્રદ્ધાયુક્ત વાતાવરણમાં પિતૃઓ અશાંતિ છોડી આનંદનો અનુભવ કરે છે. શ્રદ્ધા જ એમની ભૂખ છે. તેનાથી જ તેઓને તૃપ્તિ થાય છે. આથી પિતૃઓનું તર્પણ કરવામાં આવે છે. આ કર્મનું વિધિવિધાન એટલું સરળ અને સાદું છે કે ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ પ્રસન્નતાપૂર્વક કરાવી શકે છે.

તર્પણમાં મુખ્યત્વે પાણીનો જ ઉપયોગ કરવામાં આવે છે. આ જળને સુગંધિત અને પરિપુષ્ટ કરવા માટે જવ, તલ, ચોખા, ફૂલ અને દૂધ જેવાં માંગલિક દ્રવ્યો નાખવામાં આવે છે. દર્ભની મદદથી પાણીની અંજલિ મંત્રોચ્ચાર સાથે આપવાથી પિતૃઓ તૃપ્ત થઈ જાય છે, પરંતુ આ ક્રિયાની સાથે જરૂરી શ્રદ્ધા, કૃતજ્ઞતા, સદ્‌ભાવના, પ્રેમ

તથા શુભ ભાવનાનો સમન્વય ખૂબ જરૂરી છે. જો આ ભાવના સાથે શ્રદ્ધાંજલિ આપવામાં આવે તો તર્પણ સાર્થક થયું સમજવું. પિતૃઓને સંતોષ મળશે જ, પરંતુ ભાવના વગર ખાલી ખાલી પાણીને આમથી તેમ રેડવામાં આવે તો તેનાથી કોઈ લાભ થવાનો નથી. હા, રૂઢિ પૂરી કર્યાનો સંતોષ લઈ શકાશે. આથી આ કર્મ કરનારે પ્રત્યેક વિધિમાં સાવધાન બની દિવંગત આત્માનાં કર્મો યાદ કરી, તેમના ગુણો અને સદ્કર્મો પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરવી. અંજલિ આપતી વખતે ભાવના કરવી કે સ્વર્ગીય આત્માનાં ચરણોમાં મારી ભાવનાઓનાં ફૂલો ચડાવવામાં આવી રહ્યાં છે. આ રીતે ભાવના જેટલી પ્રબળ હશે તેટલી જ તૃપ્તિ વધુ મળશે.

જે પિતૃઓનો સ્વર્ગવાસ થયો છે તેમના કરેલા ઉપકારો તરફ કૃતજ્ઞતા વ્યક્ત કરવી, તેમની અધૂરી છોડેલી કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ પૂરી કરવાની તૈયારી બતાવવી તથા પોતાના વ્યક્તિત્વને મંગલમય બનાવવું, એ જ માત્ર મરણોત્તર સંસ્કારનો મૂળભૂત આશય છે. ગૃહશુદ્ધિ, સૂતક નિવારણનો હેતુ પણ આની સાથે જ જોડાયેલો છે. દેવપૂજન, યજ્ઞ વગેરે ક્રિયાઓ પણ આ હેતુ માટે જ કરવામાં આવે છે. તર્પણમાં ફક્ત એકલા મૃતાત્મા માટે જ નહીં, પણ આ પહેલાં મરી પરવારેલ માતાપિતા તથા ત્રણ પેઢી સુધીના તમામ પિતૃઓની તૃપ્તિ કરાવવામાં આવે છે. આ ઉપરાંત આ પૃથ્વી ઉપર જન્મેલા તમામ મહાપુરુષોના આત્મા પ્રત્યે પણ આ પ્રસંગે શ્રદ્ધા વ્યક્ત કરી પોતાની સદ્ભાવના દ્વારા તેઓને તૃપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

તર્પણવિધિને છ ભાગમાં વહેંચવામાં આવી છે. (૧) દેવ તર્પણ (૨) ઋષિ તર્પણ (૩) દિવ્યમાનવ તર્પણ (૪) દિવ્યપિતૃ તર્પણ (૫) યમ તર્પણ (૬) મનુષ્ય-પિતૃ તર્પણ. બધાની તર્પણવિધિ નીચે જણાવ્યા મુજબ કરવી.

## ॥ દેવતર્પણ ॥

દેવશક્તિઓ પરમાત્માની એવી મહાન વિભૂતિઓ છે, જે

માનવકલ્યાણમાં હમેશાં નિઃસ્વાર્થ ભાવે પ્રયત્નશીલ છે. જલ, વાયુ, સૂર્ય, અગ્નિ, ચંદ્ર, વીજળી તથા અવતારી ઈશ્વર અંશોના મુક્ત આત્માઓ અને વિદ્યા, બુદ્ધિ,.શક્તિ, પ્રતિભા, કરુણા, દયા, પ્રસન્નતા અને પવિત્રતા જેવી સત્પ્રવૃત્તિઓનો સમાવેશ બધી જ દેવશક્તિઓમાં થાય છે. આ દેવશક્તિઓને આપણે જોઈ શકતા નથી, તેમ છતાં આપણા ઉપર તેઓનો અનંત ઉપકાર છે. જો તેમનો લાભ ન મળે તો મનુષ્ય માટે જીવિત રહેવું પણ અશક્ય બની જાય છે. તેમના માટે કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવા માટે આ દેવતર્પણ કરવામાં આવે છે.

યજમાને બંને હાથની અનામિકા આંગળીમાં પવિત્રી (દર્ભની વીંટી) ધારણ કરવી. હાથમાં પાણી, ચોખા વગેરે લઈ નીચેનો મંત્ર બોલી દેવોનું આવાહન કરવું.

**ૐ આગચ્છન્તુ મહાભાગા, વિશ્વેદેવા મહાબલાઃ ।**
**યે તર્પણેઽત્ર વિહિતાઃ, સાવધાના ભવન્તુ તે ॥**

પાણીમાં ચોખા નાખવા. દર્ભની સળીઓ હાથમાં સીધી રાખવી. જનોઈ સામાન્ય સ્થિતિમાં રાખવી (સવ્ય). તર્પણ માટે અંજલિમાં પાણી લઈ આંગળીઓના આગળના ભાગથી અર્પણ કરવું. આને **દેવતીર્થ મુદ્રા** કહેવામાં આવે છે. **પૂર્વાભિમુખ** થઈને દરેક દેવતાને એક એક અંજલિ આપવી.

**ૐ બ્રહ્માદયો દેવાઃ આગચ્છન્તુ ગૃહ્ણન્તુ એતાન્ જલાંજલીન્ । ૐ બ્રહ્મા તૃપ્યતામ્ ।**

**ૐ વિષ્ણુસ્તૃપ્યતામ્ ।** **ૐ રુદ્રસ્તૃપ્યતામ્ ।**
**ૐ પ્રજાપતિસ્તૃપ્યતામ્ ।** **ૐ દેવાસ્તૃપ્યન્તામ્ ।**
**ૐ છન્દાંસિ તૃપ્યન્તામ્ ।** **ૐ વેદાસ્તૃપ્યન્તામ્ ।**
**ૐ ઋષયસ્તૃપ્યન્તામ્ ।** **ૐ પુરાણાચાર્યાસ્તૃપ્યન્તામ્ ।**
**ૐ ગન્ધર્વાસ્તૃપ્યન્તામ્ ।** **ૐ ઈતરાચાર્યાસ્તૃપ્યન્તામ્ ।**
**ૐ સંવત્સરઃ સાવયવસ્તૃપ્યતામ્ ।** **ૐ દેવ્યસ્તૃપ્યન્તામ્ ।**

ॐ અપ્સરસસ્તૃપ્યન્તામ્ । ॐ દેવાનુગાસ્તૃપ્યન્તામ્ ।
ॐ નાગાસ્તૃપ્યન્તામ્ । ॐ સાગરાસ્તૃપ્યન્તામ્ ।
ॐ પર્વતાસ્તૃપ્યન્તામ્ । ॐ સરિતસ્તૃપ્યન્તામ્ ।
ॐ મનુષ્યાસ્તૃપ્યન્તામ્ । ॐ યક્ષાસ્તૃપ્યન્તામ્ ।
ॐ રક્ષાંસિ તૃપ્યન્તામ્ । ॐ પિશાચાસ્તૃપ્યન્તામ્ ।
ॐ સુપર્ણાસ્તૃપ્યન્તામ્ । ॐ ભૂતાનિ તૃપ્યન્તામ્ ।
ॐ પશવસ્તૃપ્યન્તામ્ । ॐ વનસ્પતયસ્તૃપ્યન્તામ્ ।
ॐ ઓષધયસ્તૃપ્યન્તામ્ । ॐ ભૂતગ્રામઃ ચતુર્વિધસ્તૃપ્યતામ્ ।

## ॥ ઋષિતર્પણ ॥

બીજું તર્પણ ઋષિઓ માટે છે. વ્યાસ, વશિષ્ઠ, યાજ્ઞવલ્ક્ય, કાત્યાયન, અત્રિ, જમદગ્નિ, ગૌતમ, વિશ્વામિત્ર, નારદ, ચરક, સુશ્રુત, પાણિનિ, દધીચિ વગેરે ઋષિઓ પ્રત્યે શ્રદ્ધાની અભિવ્યક્તિ ઋષિતર્પણ દ્વારા કરવામાં આવે છે. ઋષિઓને પણ દેવતાઓની જેમ જ દેવતીર્થ મુદ્રાથી એક એક અંજલિ જળ ચઢાવતા જવું.

ॐ મરીચ્યાદિ દશઋષયઃ આગચ્છન્તુ ગૃહણન્તુ એતાન્જલાંજલીન્ ।
ॐ મરીચિસ્તૃપ્યતામ્ । ॐ અત્રિસ્તૃપ્યતામ્ ।
ॐ અંગિરાઃ તૃપ્યતામ્ । ॐ પુલસ્ત્યસ્તૃપ્યતામ્ ।
ॐ પુલહસ્તૃપ્યતામ્ । ॐ ક્રતુસ્તૃપ્યતામ્ ।
ॐ વસિષ્ઠસ્તૃપ્યતામ્ । ॐ પ્રચેતાસ્તૃપ્યતામ્ ।
ॐ ભૃગુસ્તૃપ્યતામ્ । ॐ નારદસ્તૃપ્યતામ્ ।

## ॥ દિવ્યમનુષ્ય તર્પણ ॥

ત્રીજું તર્પણ દિવ્ય મનુષ્યો માટે છે. જેઓ સમસ્ત જીવનને સંપૂર્ણપણે લોકકલ્યાણ માટે અર્પણ કરી શક્યા નથી, પણ પોતાના પરિવારનું ભરણપોષણ કરતાં કરતાં લોકકલ્યાણ માટે વધુને વધુ ત્યાગ કરતા રહ્યા છે. તેઓ દિવ્યમાનવો છે. રાજા હરિશ્ચંદ્ર, રન્તિદેવ,

રાજા શિબિ, જનક, પાંડવો, શિવાજી, પ્રતાપ, ભામાશાહ, તિલક, ગોખલે જેવા મહાપુરુષો આ શ્રેણીમાં આવે છે.

દિવ્ય મનુષ્યોનું તર્પણ **ઉત્તરાભિમુખ** થઈને કરવું. પાણીમાં જવ નાખો. જનોઈ માળાની જેમ ગળામાં પહેરવી. દર્ભની સળીઓ હાથમાં આડી રાખવી. દર્ભના મધ્ય ભાગથી પાણી આપવું. અંજલિમાં પાણી લઈને ટચલી આંગળી પાસેથી પાણી છોડવું. - આને **પ્રાજાપત્યતીર્થ** મુદ્રા કહેછે.દરેક મંત્રની સાથે બે બે અંજલિ જળ ચઢાવવું.

**ૐ સનકાદયઃ સપ્તર્ષયઃ આગચ્છન્તુ ગૃહણન્તુ એતાન્ જલાંજલીન્ ।**

**ૐ સનકસ્તૃપ્યતામ્ ॥૨॥**
**ૐ સનન્દનસ્તૃપ્યતામ્ ॥૨॥**
**ૐ સનાતનસ્તૃપ્યતામ્ ॥૨॥**
**ૐ કપિલસ્તૃપ્યતામ્ ॥૨॥**
**ૐ આસુરિસ્તૃપ્યતામ્ ॥૨॥**
**ૐ વોઢુસ્તૃપ્યતામ્ ॥૨॥**
**ૐ પંચશિખસ્તૃપ્યતામ્ ॥૨॥**

## ॥ દિવ્યપિતૃ તર્પણ ॥

ચોથું તર્પણ પિતૃઓનું કરવામાં આવે છે. જેઓ કોઈ મોટું તપ કે સાધના કે લોકસેવા તો કરી શક્યા નથી, પણ પોતાના વ્યક્તિગત ચારિત્ર્યને દરેક રીતે આદર્શ બનાવ્યું હતું, તેને કોઈપણ પ્રકારની આંચ આવવા દીધી ન હતી, અનુકરણીય પરંપરા અને પવિત્ર પ્રતિષ્ઠા પાછળવાળાઓ માટે મૂકતા ગયા છે, એવા લોકો પણ માનવમાત્ર માટે વંદનીય છે. તેમનું તર્પણ પણ દિવ્યમનૃષ્યોની જેમ જ શ્રદ્ધાપૂર્વક કરવું જોઈએ.

પિતૃતર્પણ **દક્ષિણાભિમુખ** થઈને કરવું. ડાબો ઘૂંટણ વાળીને કરવું. જનોઈ અપસવ્ય (જમણા ખભા પર) કરવી. દર્ભની સળીઓ વાળીને બેવડી કરવી. પાણીમાં તલ નાખવા. અંજલિ (ખોબો)માં પાણી લઈ જમણા હાથના અંગૂઠાની પાસેથી તર્પણ કરવું. આને **પિતૃતીર્થ મુદ્રા** કહેવામાં આવે છે. દરેક પિતૃને ત્રણ ત્રણ અંજલિઓ આપવી.

**ૐ કવ્યવાડાદયો દિવ્યપિતરઃ આગચ્છન્તુ ગૃહણન્તુ**

એતાન્ જલાંજલીન્ । ॐ કવ્યવાડનલસ્તૃપ્યતામ્, ઈદં સતિલં જલં (ગંગાજલં વા) તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ ॐ સોમસ્તૃપ્યતામ્ ઈદં સતિલં જલં (ગંગાજલં વા) તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ ॐ યમસ્તૃપ્યતામ્, ઈદં સતિલં જલં (ગંગાજલં વા) તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ ॐ અર્યમા તૃપ્યતામ્ ઈદં સતિલં જલં (ગંગાજલં વા) તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ ॐ અગ્નિષ્વાત્તાઃ પિતરસ્તૃપ્યન્તામ્ ઈદં સતિલં જલં (ગંગાજલં વા) તેભ્યઃ સ્વધા નમઃ ॥૩॥ ॐ સોમપાઃ પિતરસ્તૃપ્યન્તામ્ ઈદં સતિલં જલં (ગંગાજલં વા) તેભ્યઃ સ્વધા નમઃ ॥૩॥ ॐ બર્હિષદઃ પિતરસ્તૃપ્યન્તામ્ ઈદં સતિલં જલં (ગંગાજલં વા) તેભ્યઃ સ્વધા નમઃ ॥૩॥

## ॥ યમતર્પણ ॥

નિયંત્રણ કરનાર શક્તિને યમ કહેવામાં આવે છે. જન્મ-મરણની વ્યવસ્થા કરનાર શક્તિ એટલે યમ. મૃત્યુને યાદ રાખી, સત્પ્રવૃત્તિવાળું જીવન જીવવામાં આવે કે જેથી મૃત્યુ વખતે પસ્તાવું ન પડે. આવું જીવન જીવવાનો નિશ્ચય કરવામાં આવે તો સમજવું કે યમદેવતા પ્રસન્ન થાય તેવું તર્પણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યશાસનને પણ યમ કહેવામાં આવે છે. પોતાના રાષ્ટ્રને પરિપુષ્ટ અને તંદુરસ્ત બનાવવા માટે દરેક નાગરિકે જે કર્તવ્યો કરવાનાં છે તેની યાદ યમતર્પણ દ્વારા કરવામાં આવે છે. ઈન્દ્રિયનિગ્રહકર્તા અને કુમાર્ગ પર જતાં રોકનાર વિવેકને પણ યમ કહેવામાં આવે છે. આને પણ નિયમિત રીતે પુષ્ટ કરતા રહેવું જોઈએ. એ દરેક ભાવનાશીલ વ્યક્તિનું કર્તવ્ય છે. એ કર્તવ્યોને યમતર્પણ દ્વારા યાદ કરવામાં આવે છે. દિવ્ય પિતૃતર્પણની જેમજ **પિતૃતીર્થ મુદ્રાથી** ત્રણ ત્રણ અંજલિ જળ યમોને પણ અર્પણ કરવું.

**ॐ યમાદિચતુર્દશદેવાઃ આગચ્છન્તુ ગૃહ્ણન્તુ એતાન્**

જલાંજલીન્ । ૐ યમાયઃ નમઃ ॥૩॥ ૐ ધર્મરાજાય નમઃ ॥૩॥ ૐ મૃત્યવે નમઃ ॥૩॥ ૐ અન્તકાય નમઃ ॥૩॥ ૐ વૈવસ્વતાય નમઃ ॥૩॥ ૐ કાલાય નમઃ ॥૩॥ ૐ સર્વભૂતક્ષયાય નમઃ ॥૩॥ ૐ ઔદુમ્બરાય નમઃ ॥૩॥ ૐ દધ્નાય નમઃ ॥૩॥ ૐ નીલાય નમઃ ॥૩॥ ૐ પરમેષ્ઠિને નમઃ ॥૩॥ ૐ વૃકોદરાય નમઃ ॥૩॥ ૐ ચિત્રાય નમઃ ॥૩॥ ૐ ચિત્રગુપ્તાય નમઃ ॥૩॥

ત્યારબાદ નીચેના મંત્રોથી યમદેવતાને નમસ્કાર કરવા.

ૐ યમાય ધર્મરાજાય, મૃત્યવે ચાન્તકાય ચ ।
વૈવસ્વતાય કાલાય, સર્વભૂતક્ષયાય ચ ॥
ઔદુમ્બરાય દધ્નાય, નીલાય પરમેષ્ઠિને ।
વૃકોદરાય ચિત્રાય, ચિત્રગુપ્તાય વૈ નમઃ ॥

## ॥ મનુષ્યપિતૃ તર્પણ ॥

યમતર્પણ પછી પોતાના કુટુંબમાં દિવંગત થયેલાં સ્ત્રીપુરુષોનું તર્પણ કરવું. (૧) પિતા, દાદા, પરદાદા, માતા, દાદી, પરદાદી. (૨) નાના, પરનાના, વડીલ પરનાના, નાની, પરનાની, વડીલ પરનાની (૩) પત્ની, પુત્ર, પુત્રી, કાકા, મામા, ભાઈ, ફોઈ, માસી, બહેન, સાસુ, સસરા, ગુરુપત્ની, શિષ્ય, મિત્ર વગેરે. આ ત્રણ વંશાવલીઓ તર્પણ માટે આપવામાં આવી છે. સૌ પ્રથમ સ્વગોત્ર તર્પણ કરવું. પિતૃતીર્થ મુદ્રાથી ત્રણ ત્રણ અંજલિ જળ ચઢાવો.

......ગોત્રોત્પન્નાઃ અસ્મત્ પિતરઃ આગચ્છન્તુ ગૃહ્ણન્તુ એતાન્ જલાંજલીન્ । અસ્મત્પિતા (પિતા) અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્પિતામહઃ (દાદા) અમુકશર્મા અમુકસગોત્રો રુદ્રરૂપસ્તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્પ્રપિતામહઃ (પરદાદા) અમુકશર્મા અમુકસગોત્રો

આદિત્યરૂપસ્તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ાાૐાા અસ્મન્માતા (માતા) અમુકી દેવી દા અમુક સગોત્રા ગાયત્રીરૂપા તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ાાૐાા અસ્મત્પિતામહી (દાદી) અમુકી દેવી દા અમુક સગોત્રા સાવિત્રીરૂપા તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ાાૐાા અસ્મત્પ્રપિતામહી (પરદાદી) અમુકી દેવી દા અમુક સગોત્રા લક્ષ્મીરૂપા તૃપ્યતામ્ ઈદં સતિલં જલ તસ્યૈ સ્વધા નમઃ ાાૐાા અસ્મત્સાપત્નમાતા (અપર મા) અમુકી દેવી દા અમુકસગોત્રા વસુરૂપા તૃપ્યતામ્ ઈદં સતિલં જલ તસ્યૈ સ્વધા નમઃ ાાૐાા

## ॥ દ્વિતીય ગોત્ર તર્પણ ॥

આના પછી બીજા (માતાના) ગોત્રના માતામહ વગેરેનું તર્પણ કરવું. સ્વગોત્રની જેમજ નીચેનાં વાક્યો બોલીને તલ સહિત પિતૃતીર્થ મુદ્રાથી જળની ત્રણ ત્રણ અંજલિ આપવી.

અસ્મન્માતામહઃ (માતાના પિતા) અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ાાૐાા અસ્મત્પ્રમાતામહઃ (માતાના દાદા) અમુકશર્મા અમુકસગોત્રો રુદ્રરૂપસ્તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ાાૐાા અસ્મદ્વૃદ્ધપ્રમાતામહઃ (માતાના દાદાના પિતા) અમુકશર્મા અમુકસગોત્રો આદિત્યરૂપસ્તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ાાૐાા અસ્મન્માતામહી (માતાની મા) અમુકી દેવી દા અમુકસગોત્રા લક્ષ્મીરૂપા તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ાાૐાા અસ્મત્પ્રમાતામહી (માતાની દાદી) અમુકી દેવી દા અમુકસગોત્રા રુદ્રરૂપા તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ાાૐાા

અસ્મદ્વૃદ્ધપ્રમાતામહી (માતાની દાદીની મા) અમુકી દેવી દા અમુક સગોત્રા આદિત્યરૂપા તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ॥૩॥

## ॥ બીજાં તર્પણ ॥

વ્યક્તિગત રીતે જેમના માટે જલદાન આપવું જરૂરી હોય, તેમનું જ તર્પણ કરાવવું.

**અસ્મત્પત્ની અમુકી દેવી દા અમુકસગોત્રા વસુરૂપા તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્સુતઃ (પુત્ર) અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્કન્યા (પુત્રી) અમુકી દેવી દા અમુકસગોત્રા વસુરૂપા તૃપ્યતામ્ ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્પિતૃવ્યઃ (કાકા) અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મન્માતુલઃ (મામા) અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મદ્ભ્રાતા (પોતાનો ભાઈ) અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્સાપત્નભ્રાતા (સાવકો ભાઈ) અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્પિતૃભગિની (ફોઈ) અમુકી દેવી દા અમુકસગોત્રા વસુરૂપા તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મન્માતૃભગિની (માસી) અમુકી દેવી દા અમુકસગોત્રા વસુરૂપા તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મદાત્મભગિની (પોતાની બહેન) અમુકી દેવી દા અમુકસગોત્રા વસુરૂપા તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા**

નમઃ ॥૩॥ અસ્મત્સાપત્નભગિની (સાવકી બહેન) અમુકી દેવી દા અમુકસગોત્રા વસુરૂપા તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્ શ્વશુરઃ (સસરા) અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્ શ્વસુરપત્ની (સાસુ) અમુકી દેવી દા અમુકસગોત્રા વસુરૂપા તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મદ્ગુરુઃ અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મદ્ આચાર્યપત્ની અમુકી દેવી દા અમુકસગોત્રા વસુરૂપા તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્યૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્ શિષ્યઃ અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતાં ઈદં સતિલ જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્સખા (મિત્ર) અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મદ્ આપ્તપુરુષઃ (સન્માનનીય પુરુષ) અમુકશર્મા અમુકસગોત્રો વસુરૂપસ્તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥ અસ્મત્ પતિઃ અમુકશર્મા અમુક સગોત્રો વસુરૂપસ્તૃપ્યતાં ઈદં સતિલં જલં તસ્મૈ સ્વધા નમઃ ॥૩॥

ત્યારબાદ નીચે લખેલા મંત્રોથી ઉપર જણાવેલ વિધિ અને મુદ્રાથી પ્રાણીમાત્રની તુષ્ટિની ભાવના કરીને પાણીની ધારા કરવી.

ૐ દેવાસુરાસ્તથા યક્ષા, નાગા ગન્ધર્વરાક્ષસાઃ ।
પિશાચા ગુહ્યકાઃ સિદ્ધાઃ, કૂષ્માણ્ડાસ્તરવઃ ખગાઃ ।
જલેચરા ભૂનિલયા, વાય્વાધારાશ્ચ જન્તવઃ ।
પ્રીતિમેતે પ્રયાન્ત્વાશુ, મદ્દત્તેનામ્બુનાખિલાઃ ॥
નરકેષુ સમસ્તેષુ, યાતનાસુ ચ યે સ્થિતાઃ ।

તેષામાપ્યાયનાયૈતદ્, દીયતે સલિલં મયા ।
યે બાન્ધવાઽબાન્ધવા વા, યેઽન્યજન્મનિ બાન્ધવાઃ ॥
તે સર્વે તૃપ્તિમાયાન્તુ, યે ચાસ્મત્તોયકાંક્ષિણઃ ॥
આબ્રહ્મસ્તમ્બપર્યન્તં, દેવર્ષિપિતૃમાનવાઃ ।
તૃપ્યન્તુ પિતરઃ સર્વે, માતૃમાતામહાદયઃ ।
અતીતકુલકોટીનાં, સપ્તદ્વીપનિવાસિનામ્ ।
આબ્રહ્મભુવનાલ્લોકાદ્, ઈદમસ્તુ તિલોદકમ્ ॥
યેઽબાન્ધવા બાન્ધવા વા, યેઽન્યજન્મનિ બાન્ધવાઃ ।
તે સર્વે તૃપ્તિમાયાન્તુ, મયા દત્તેન વારિણા ॥

## ॥ વસ્ત્ર નિષ્પીડન (નીચોવવું) ॥

શુદ્ધ વસ્ત્રને પાણીમાં પલાળી, બહાર કાઢી નીચેનો મંત્ર બોલી અપસવ્ય ભાવથી ડાબી બાજુ જમીન પર એ વસ્ત્રને નીચોવવું. (ઘરમાં કોઈ મૃત પુરુષનું વાર્ષિક શ્રાદ્ધ હોય તો આ વિધિ કરવી નહીં).

ૐ યે કે ચાસ્મત્કુલે જાતા, અપુત્રા ગોત્રિણો મૃતાઃ ।
તે ગૃહ્ણન્તુ મયા દત્તં, વસ્ત્રનિષ્પીડનોદકમ્ ॥

## ॥ ભીષ્મ તર્પણ ॥

છેલ્લે ભીષ્મ તર્પણ કરવામાં આવે છે. પરમાર્થપરાયણ મહામાનવો કે જેઓએ ઉચ્ચ ધ્યેય માટે પોતાનો વંશવેલો ચાલુ રાખવાનો મોહ ન રાખ્યો હોય એવા મનુષ્યો શ્રદ્ધાને પાત્ર છે. શહીદ પુરુષો પણ આ જ શ્રેણીમાં આવે છે. આ બધાના પ્રતિનિધિ તરીકે ભીષ્મને માનવામાં આવ્યા છે. ભીષ્મના માધ્યમથી તેમના જેવા શ્રેષ્ઠ આત્માઓને નીચે લખેલા મંત્રથી પિતૃતીર્થમુદ્રાથી પાણીની અંજલિ આપવી.

ૐ વૈયાઘ્રપદગોત્રાય, સાંકૃતિપ્રવરાય ચ ।

ગંગાપુત્રાય ભીષ્માય, પ્રદાસ્યેઽહં તિલોદકમ્ ॥
અપુત્રાય દદામ્યેતત્, સલિલં ભીષ્મવર્મણે ॥

## ॥ દેવાર્ઘ્યદાન ॥

ભીષ્મ તર્પણ બાદ સવ્ય થઈને પૂર્વ દિશામાં મુખ કરીને બેસવું. નીચે લખેલા મંત્રોથી દેવાર્ઘ્યનું દાન કરવું. દરેક મંત્ર બોલીને અંજલિમાં પાણી લઈ આંગળીના આગળના ભાગથી પાણી ચઢાવવું અને નમસ્કાર કરવા. ભાવના કરો કે અમારી ભાવશ્રદ્ધા આ અસીમ શક્તિઓને અર્પણ કરતાં આત્મવિકાસની ભૂમિકા બનાવી રહ્યા છીએ.

પ્રથમ અર્ઘ્ય સૃષ્ટિનિર્માતા બ્રહ્માજીને-

ૐ બ્રહ્મ જજ્ઞાનં પ્રથમં પુરસ્તાદ્, વિસીમતઃ સુરુચો વેનઽ આવઃ ।
સ બુધ્ન્યાઽ ઉપમાઽ અસ્ય વિષ્ઠાઃ, સતશ્ચ યોનિમસતશ્ચ
વિવઃ ॥ ૐ બ્રહ્મણે નમઃ ॥ - ૧૩.૩

બીજો અર્ઘ્ય પાલનકર્તા ભગવાન વિષ્ણુને-

ૐ ઈદં વિષ્ણુર્વિચક્રમે, ત્રેધા નિદધે પદમ્ । સમૂઢમસ્ય પા
ૐ સુરે સ્વાહા ॥ ૐ વિષ્ણવે નમઃ ॥ - ૫.૧૫

ત્રીજો અર્ઘ્ય અનુશાસન-પરિવર્તનના નિયંતા ભગવાન શિવ-રુદ્રને-

ૐ નમસ્તે રુદ્ર મન્યવઽ, ઉતો તઽ ઈષવે નમઃ ।
બાહુભ્યામુત તે નમઃ ॥ ૐ રુદ્રાય નમઃ ॥ - ૧૬.૧

ચોથો અર્ઘ્ય પૃથ્વીના પ્રત્યક્ષ દેવતા. ભૂમંડલના ચેતનાકેન્દ્ર સવિતાદેવ સૂર્ય ભગવાનને-

ૐ તત્સવિતુર્વરેણ્યં, ભર્ગો દેવસ્ય ધીમહિ, ધિયો યો નઃ
પ્રચોદયાત્ ॥ ૐ સવિત્રે નમઃ ॥ - ૩.૩૫

પાંચમો અર્ઘ્ય જડ-ચેતન પ્રકૃતિનું સંતુલન રાખનાર દેવમિત્ર માટે

ૐ મિત્રસ્ય ચર્ષણીધૃતો, ઽવો દેવસ્ય સાનસિ ।
દ્યુમ્નં ચિત્રશ્રવસ્તમમ્ ॥ ૐ મિત્રાય નમઃ ॥ - ૧૧.૬૨

છઠ્ઠો અર્ઘ્ય તર્પણના માધ્યમ વરુણદેવને-

ૐ ઈમં મે વરુણ શ્રુધી, હવમદ્યા ચ મૃડય ।
ત્વામવસ્યુરાચકે । ૐ વરુણાય નમઃ ॥ - ૨૧.૧

## ॥ નમસ્કાર ॥

ઊભા થઈને પૂર્વ દિશાથી શરૂ કરી ક્રમશઃ દરેક દિશાના દેવતાઓને દર્શાવેલ દિશામાં નમસ્કાર કરવા.

**'ૐ ઈન્દ્રાય નમઃ' પ્રાચ્યૈ ॥ 'ૐ અગ્નયે નમઃ' આગ્નેય્યૈ ।**
**'ૐ યમાય નમઃ' દક્ષિણાયૈ ॥ 'ૐ નિર્ૠતયે નમઃ' નૈર્ૠત્યૈ ॥**
**'ૐ વરુણાય નમઃ' પશ્ચિમાયૈ ॥ 'ૐ વાયવે નમઃ' વાયવ્યૈ ॥**
**'ૐ સોમાય નમઃ' ઉદીચ્યૈ ॥ 'ૐ ઈશાનાય નમઃ' ઐશાન્યૈ ॥**
**'ૐ બ્રહ્મણે નમઃ' ઊર્ધ્વાયૈ ॥ 'ૐ અનન્તાય નમઃ' અધરાયૈ ॥**

ત્યારબાદ પાણીમાં નમસ્કાર કરવા.

**ૐ બ્રહ્મણે નમઃ । ૐ અગ્નયે નમઃ । ૐ પૃથિવ્યૈ નમઃ ।**
**ૐ ઓષધિભ્યો નમઃ । ૐ વાચે નમઃ । ૐ વાચસ્પતયે નમઃ ।**
**ૐ મહદ્ભ્યો નમઃ । ૐ વિષ્ણવે નમઃ । ૐ અદ્ભ્યો નમઃ ।**
**ૐ અપામ્પતયે નમઃ । ૐ વરુણાય નમઃ ।**

## ॥ સૂર્યોપસ્થાન ॥

હાથ અને માથું ભીનાં કરવાં. સૂર્ય તરફ મુખ કરીને બંને હથેળીઓને ખભાથી ઉપરના ભાગમાં લઈ જઈ સૂર્યની સામે કરવી. ભગવાન સૂર્યનારાયણનું ધ્યાન કરતાં નીચેના મંત્રનો પાઠ કરવો. અંતમાં નમસ્કાર કરવા અને માથું, મોઢું વગેરે પર હાથ ફેરવવા.

**ૐ અદૃશ્રમસ્ય કેતવો, વિરશ્મયો જનાં(ઁ) અનુ । ભ્રાજન્તો અગ્નયો યથા । ઉપયામગૃહીતોઽસિ, સૂર્યાય ત્વા ભ્રાજાયૈષ તે, યોનિઃ સૂર્યાય ત્વા ભ્રાજાય । સૂર્ય ભ્રાજિષ્ઠ ભ્રાજિષ્ઠસ્ત્વં, દેવેષ્વસિ ભ્રાજિષ્ઠોઽ હં મનુષ્યેષુ ભૂયાસમ્ ॥**
- ૮.૪૦

## ॥ મુખમાર્જન-સ્વતર્પણ ॥

નીચે લખેલા મંત્રથી યજમાને પોતાનું મોઢું ધોવું. પાણીનું આચમન કરવું. ભાવના કરવી કે આ શરીરમાં રહેલ જીવાત્માની તુષ્ટિ માટે નિયમિત રીતે પ્રયત્ન કરતો રહીશ.

**ૐ સંવર્ચસા પયસા સન્તનૂભિઃ, અગન્મહિ મનસા સ ઇંઞ શિવેન । ત્વષ્ટા સુદત્રો વિદધાતુ રાયઃ, અનુમાર્ષ્ટુ તન્વો યદ્વિલિષ્ટમ્ ॥** - ૨.૨૪

તર્પણ પછી પંચયજ્ઞનો ક્રમ ચાલુ કરવો.

## ॥ બ્રહ્મયજ્ઞ ॥

બ્રહ્મયજ્ઞમાં ગાયત્રી વિનિયોગ કરવામાં આવે છે. મરણોત્તર સંસ્કાર નિમિત્તે એકઠા થયેલા તમામ સંબંધીઓ અને કુટુંબીઓ ભેગા થઈને એક સાથે બેસે. મૃતાત્માના પ્રેમને અને ઉપકારોને યાદ કરે. તેની શાંતિ અને સદ્‌ગતિ માટે ભાવનાપૂર્વક પાંચ મિનિટ ગાયત્રીમંત્રનો માનસિક જપ કરવો. અંતમાં પોતે કરેલા જપનું પુણ્ય મૃતાત્માના કલ્યાણ માટે અર્પણ કરવાની ભાવના કરવી. આટલું તો અવશ્ય કરવું જ. શક્ય હોય તો શુદ્ધિ દિવસથી તેરમાના દિવસ સુધી ભાવનાશીલ પરિજનોએ ભેગા મળીને સામૂહિક રીતે ગાયત્રી જપનું લઘુ અનુષ્ઠાન મૃતાત્માની શાંતિ અને કલ્યાણ માટે કરવું. નીચેનો સંકલ્પ બોલી બ્રહ્મયજ્ઞની પૂર્ણાહુતિ કરવી.

**....... નામાહં.....નામ્નઃપ્રેતત્વનિવૃત્તિદ્વારા બ્રહ્મલોકાવાપ્તયે..... પરિમાણં ગાયત્રી મહામન્ત્રાનુષ્ઠાનપુણ્યં શ્રદ્ધાપૂર્વકમ્ અહં સમર્પયિષ્યે ।**

## ॥ દેવયજ્ઞ ॥

દેવયજ્ઞમાં દેવવૃત્તિઓનું પોષણ કરવામાં આવે છે. દુષ્પ્રવૃત્તિઓનો ત્યાગ અને સદ્‌પ્રવૃત્તિઓનો સ્વીકાર કરવાથી

દેવશક્તિઓ તુષ્ટ થાય છે અને પુષ્ટ બને છે. ઉપસ્થિત રહેનાર દરેક સંબંધી-પરિજને આ યજ્ઞમાં અવશ્ય ભાગ લેવો જોઈએ. પોતાના સ્વભાવમાં વણાયેલી ખરાબ પ્રવૃત્તિઓ તથા ટેવોને કાયમ માટે યા તો કોઈ ચોક્કસ સમય સુધી છોડી દેવી અને સત્પ્રવૃત્તિઓને ધારણ કરવાનો સંકલ્પ લેવો અને તેનું પુણ્ય મૃતાત્માના ભલા માટે અર્પણ કરવું. સંકલ્પ નીચે મુજબ કરવો.

**......નામાહં......નામકમૃતાત્મનઃ દેવગતિપ્રદાનાર્થં......દિનાનિ યાવત્ માસપર્યન્તં-વર્ષપર્યન્તં.......દુષ્પ્રવૃત્ત્યુન્મૂલનૈઃ.......સત્પ્રવૃત્તિ-સંધારણૈઃ જાયમાનં પુણ્યં મૃતાત્મનઃ સમુત્કર્ષણાય શ્રદ્ધાપૂર્વકં અહં સમર્પયિષ્યે ।**

## ॥ પિતૃયજ્ઞ ॥

આ વિધિ પિતૃયજ્ઞ નિમિત્તે કરવામાં આવે છે. જેવી રીતે તર્પણમાં પાણીની અંજલિઓ દ્વારા પોતાની શ્રદ્ધાને વ્યક્ત કરવામાં આવે છે તેવી જ રીતે અહીં હવિષ્યાન્નયુક્ત પિંડો દ્વારા શ્રદ્ધાની અભિવ્યક્તિ કરવામાં આવે છે. મરણોત્તર સંસ્કારમાં ૧૨ પિંડદાન કરવામાં આવે છે. જવ અથવા ઘઉંના લોટમાં તલ, મધ, ઘી, દૂધ વગેરે મેળવીને લગભગ ૫૦ ગ્રામ લોટનો એક એવા સાત પિંડ બનાવવા અને એક પાંદડા કે પતરાળામાં મૂકવા. સંકલ્પ કરીને એક પછી એક એમ સાત પિંડ આપવા. સાત પિંડ આપવા માટે વડનું પાંદડું અથવા પતરાળું બાજુમાં રાખી મૂકવું.

છ તર્પણ જેમના માટે કરવામાં આવ્યાં હતાં, તે દરેકના માટે એક એક પિંડ આપવો. સાતમો પિંડ મૃતાત્મા માટેનો છે. બીજા પાંચ પિંડ એવા મૃતાત્માઓ માટે છે કે જેઓ સંતાનરહિત છે, અગ્નિદગ્ધ છે, કોઈક જન્મના ભાઈ છે અથવા જેમના કોઈ વંશવારસો નથી એમના માટે સમર્પિત કરવા. આ બારેય પિંડ ગાય કે પક્ષીઓને ખાવા આપી દેવા. માછલીઓને પણ નાખી શકાય. પિંડ મૂકવા માટે નીચેનો મંત્ર બોલી દર્ભ પાથરવો.

ॐ કુશોઽસિ કુશ પુત્રોઽસિ, બ્રહ્મણા નિર્મિતઃ પુરા ।
ત્વય્યર્ચિતેઽર્ચિતઃ સોઽસ્તુ, યસ્યાહં નામ કીર્તયે ॥

## ॥ પિંડ સમર્પણ પ્રાર્થના ॥

પિંડ તૈયાર કરીને રાખવા. હાથ જોડીને પિંડ સમર્પણ કરવાના ભાવથી નીચેનો મંત્ર બોલવો.

**ॐ આબ્રહ્મણો યે પિતૃવંશજાતા, માતુસ્તથા વંશભવા મદીયાઃ ।**
**વંશદ્વયે યે મમ દાસભૂતા, ભૃત્યાસ્તથૈવાશ્રિત સેવકાશ્ચ ॥**
**મિત્રાણિ શિષ્યાઃ પશવશ્ચ વૃક્ષાઃ, દૃષ્ટાશ્ચ સ્પૃષ્ટાશ્ચ કૃતોપકારાઃ ।**
**જન્માન્તરે યે મમ સંગતાશ્ચ, તેષાં સ્વધા પિંડમહં દદામિ ॥**

## ॥ પિંડદાન ॥

એક એક પિંડને જમણા હાથમાં લઈ પિતૃતીર્થ મુદ્રાથી અર્પણ કરવો. બધાજ પિંડ કોઈ થાળી અથવા પાંદડા પર ક્રમશઃ ગોઠવતા જવું. પ્રથમ પિંડ દેવતાઓના નિમિત્તે-

**ॐ ઉદીરતામવર ઉત્પરાસ, ઽ ઉન્મધ્યમાઃ પિતરઃ સોમ્યાસઃ ।**
**અસું યઽઈયુરવૃકા ઋતજ્ઞાઃ, તે નોઽવન્તુ પિતરો હવેષુ ।**
**- ૧૯.૪૯**

બીજો પિંડ ઋષિઓના નિમિત્તે-

**ॐઅંગિરસો નઃ પિતરો નવગ્વા, અથર્વાણો ભૃગવઃ સોમ્યાસઃ ।**
**તેષાં વયઠ્ઠંસુમતૌ યજ્ઞિયાનામપિ ભદ્રે સૌમનસે સ્યામ ॥**
**- ૧૯.૫૦**

ત્રીજો પિંડ દિવ્યમાનવો માટે-

**ॐઆયન્તુ નઃ પિતરઃ સોમ્યાસઃ, અગ્નિષ્વાત્તાઃ પથિભિર્દેવયાનૈઃ ।**
**અસ્મિન્યજ્ઞે સ્વધયા મદન્તઃ,અધિબ્રુવન્તુ તેઽવન્ત્વસ્માન્ ॥**
**- ૧૯.૫૮**

ચોથો પિંડ દિવ્યપિતૃઓ નિમિત્તે-

ૐ ઊર્જં વહન્તીરમૃતં ઘૃતં, પયઃ કીલાલં પરિસ્રુતમ્ ।
સ્વધાસ્થ તર્પયત મે પિતૄન્ ॥ - ૨.૩૪

પાંચમો પિંડ યજ્ઞ નિમિત્તે-

ૐ પિતૃભ્યઃ સ્વધાયિભ્યઃ સ્વધા નમઃ, પિતામહેભ્યઃ સ્વધાયિભ્યઃ સ્વધા નમઃ, પ્રપિતામહેભ્યઃ સ્વધાયિભ્યઃ સ્વધા નમઃ । અક્ષન્પિતરોઽમીમદન્ત પિતરોઽતીતૃપન્ત, પિતરઃ પિતરઃ શુન્ધધ્વમ્ । - ૧૯.૩૬

છઠ્ઠો પિંડ મનુષ્ય-પિતૃઓ માટે-

ૐ યે ચેહ પિતરો યે ચ નેહ,યાંશ્ચ વિદ્મ યાઁ૨ઉ ચ ન પ્રવિદ્મ । ત્વં વેત્થ યતિ તે જાતવેદઃ, સ્વધાભિર્યજ્ઞ સુકૃતં જુષસ્વ ॥ - ૧૯.૬૭

સાતમો પિંડ મૃતાત્માઓ નિમિત્તે-

ૐ નમો વઃ પિતરો રસાય, નમો વઃ પિતરઃ શોષાય, નમો વઃ પિતરો જીવાય, નમો વઃ પિતરઃ સ્વધાયૈ, નમો વઃ પિતરો ઘોરાય, નમો વઃ પિતરો મન્યવે, નમો વઃ પિતરઃ પિતરો, નમો વો ગૃહાન્નઃ પિતરો, દત્ત સતો વઃ પિતરો દેષ્મૈતદ્વઃ, પિતરો વાસઽઆધત્ત । - ૨ ૩૨

આઠમો પિંડ પુત્રાદિ કે પત્ની વગરનાઓ નિમિત્તે-

ૐ પિતૃવંશે મૃતા યે ચ, માતૃવંશે તથૈવ ચ ।
ગુરુશ્વસુરબન્ધૂનાં, યે ચાન્યે બાન્ધવાઃ સ્મૃતાઃ ॥
યે મે કુલે લુપ્તપિંડાઃ, પુત્રદારવિવર્જિતાઃ ।
તેષાં પિંડો મયા દત્તો, હ્યક્ષય્યમુપતિષ્ઠતુ ॥

નવમો પિંડ વંશ વગરનાઓ નિમિત્તે-

ૐ ઉચ્છિન્નકુલવંશાનાં, યેષાં દાતા કુલે નહિ ।
ધર્મપિંડો મયા દત્તો, હ્યક્ષય્યમુપતિષ્ઠતુ ॥

દસમો પિંડ ગર્ભપાતથી મૃત્યુ થયું હોય તેવાઓ માટે-

**ૐ વિરૂપા આમગર્ભાશ્ચ, જ્ઞાતાજ્ઞાતાઃ કુલે મમ ।**
**તેષાં પિંડો મયા દત્તો, હ્યક્ષય્યમુપતિષ્ઠતુ ॥**

અગિયારમો પિંડ અગ્નિદગ્ધ નિમિત્તે-

**ૐ અગ્નિદગ્ધાશ્ચ યે જીવા, યે પ્રદગ્ધાઃ કુલે મમ ।**
**ભૂમૌ દત્તેન તૃપ્યન્તુ, ધર્મપિંડં દદામ્યહમ્ ॥**

બારમો પિંડ આ જન્મ કે અન્ય જન્મના બાંધવો નિમિત્તે-

**ૐ યે બાન્ધવા ઽ બાન્ધવા વા, યે ઽન્યજન્મનિ બાન્ધવાઃ ।**
**તેષાં પિંડો મયા દત્તો, હ્યક્ષય્યમુપતિષ્ઠતુ ॥**

જો તીર્થ શ્રાદ્ધમાં કે પિતૃપક્ષમાં એક કરતાં વધારે પિતૃઓની શાંતિ માટે પિંડ અર્પણ કરવાના હોય તો નીચે લખેલાં વાક્યો સાથે પિતૃઓનાં નામ-ગોત્ર વગેરે જોડીને ઈચ્છિત સંખ્યામાં પિંડદાન આપી શકાય.

**ૐ અદ્ય .....ગોત્રસ્ય અસ્મદ્.....નામ્નો, અક્ષયતૃપ્ત્યર્થં ઈદં પિંડં તસ્મૈ સ્વધા ॥**

પિંડ અર્પણ કર્યા પછી પિંડ ઉપર દૂધ, દહીં, મધ વગેરે ચઢાવીને પિતૃઓને તૃપ્તિ માટે પ્રાર્થના કરવી. (૧) નીચેનો મંત્ર બોલીને પિંડ પર દૂધ ચઢાવવું.

**ૐ પયઃ પૃથિવ્યાં પયઽઓષધીષુ, પયો દિવ્યન્તરિક્ષે પયોધાઃ ।**
**પયસ્વતીઃ પ્રદિશઃ સન્તુ મહ્યમ્ ॥** - ૧૮.૩૬

પિંડ આપનારે નીચેનો મંત્ર દોહરાવવો-

**ૐ દુગ્ધમ્ । દુગ્ધમ્ । દુગ્ધમ્ । તૃપ્યધ્વમ્ । તૃપ્યધ્વમ્ । તૃપ્યધ્વમ્ ॥**

(૨) નીચેનો મંત્ર બોલીને દહીં ચઢાવવું-

**ૐ દધિક્રાવ્ણો ઽ અકારિષં, જિષ્ણોરશ્વસ્ય વાજિનઃ ।**
**સુરભિ નો મુખાકરત્પ્રણ, આયૂꣳષિ તારિષત્ ॥**
- ૨૩.૩૨

પિંડ આપનારે નીચેનો મંત્ર દોહરાવવો-

**ૐ દધિ । દધિ । દધિ । તૃપ્યધ્વમ્ । તૃપ્યધ્વમ્ । તૃપ્યધ્વમ્ ।**

(૩) નીચેનો મંત્ર બોલીને પિંડ ઉપર મધ ચઢાવવું.

**ૐ મધુવાતા ઽઋતાયતે, મધુ ક્ષરન્તિ સિન્ધવઃ । માધ્વીર્નઃ સન્ત્વોષધીઃ । ૐ મધુ નક્તમુતોષસો, મધુમત્પાર્થિવઁરજઃ । મધુ દ્યૌરસ્તુ નઃ પિતા । ૐ મધુમાન્નો વનસ્પતિર્મધુમાઁ૨ ઽઅસ્તુ સૂર્યઃ । માધ્વીર્ગાવો ભવન્તુ નઃ ।**

- ૧૩.૨૭.૨૯

પિંડ આપનારે નીચેનો મંત્ર દોહરાવવો.

**ૐ મધુ । મધુ । મધુ । તૃપ્યધ્વમ્ । તૃપ્યધ્વમ્ । તૃપ્યધ્વમ્ ॥**

## ॥ ભૂતયજ્ઞ-પંચબલિ ॥

ભૂતયજ્ઞ નિમિત્તે પંચબલિ વિધિ કરવામાં આવે છે. વિભિન્ન યોનિઓમાં સંવ્યાપ્ત જીવચેતનાની તુષ્ટિ માટે ભૂતયજ્ઞ કરવામાં આવે છે. અલગ અલગ પાન ઉપર અથવા એક મોટા પાન ઉપર ખાદ્યપદાર્થો રાખવામાં આવે છે. સામાન્ય રીતે અડદનાં વડાં કે નાના નાના રોટલા અને દહીં ભૂતયજ્ઞ નિમિત્તે આપવામાં આવે છે. પાંચેય ભાગ મૂકીને ક્રમશઃ મંત્ર બોલીને એક એક ભાગ ઉપર અક્ષત્ ચઢાવી બલિ સમર્પિત કરવો.

### ॥ (૧) ગોબલિ ॥

પવિત્રતાના પ્રતીક ગાય માટે-

**ૐ સૌરભેય્યઃ સર્વહિતાઃ, પવિત્રાઃ પુણ્યરાશયઃ ।**
**પ્રતિગૃહ્ણન્તુ મે ગ્રાસં, ગાવસ્ત્રૈલોક્યમાતરઃ ॥**
**ઈદં ગોભ્યઃ ઈદં ન મમ ।**

### ॥ (૨) શ્વાનબલિ ॥

કર્તવ્યનિષ્ઠાના પ્રતીક શ્વાન માટે-

ॐ દ્વૌ શ્વાનૌ શ્યામશબલૌ, વૈવસ્વતકુલોદ્‌ભવૌ ।
તાભ્યામન્નં પ્રદાસ્યામિ, સ્યાતામેતાવહિંસકૌ ॥
ઈદં શ્વભ્યાં ઈદં ન મમ ॥

॥ (૩) કાકબલિ ॥

મલિનતા નિવારક કાગડા માટે-

ॐ ઐન્દ્રાવારુણવાયવ્યા, યામ્યા વૈ નૈર્ઋતાસ્તથા ।
વાયસાઃ પ્રતિગૃહણન્તુ, ભૂમૌ પિણ્ડં મયોજ્ઝિતમ્ ॥
ઈદં વાયસેભ્યઃ ઈદં ન મમ ॥

॥ (૪) દેવબલિ ॥

દેવત્વ વધારનારી શક્તિઓ માટે-

ॐ દેવાઃ મનુષ્યાઃ પશવો વયાંસિ, સિદ્ધાઃ સયક્ષોરગદૈત્યસંઘાઃ ।
પ્રેતા પિશાચાસ્તરવઃ સમસ્તા, યે ચાન્નમિચ્છન્તિ મયા પ્રદત્તમ્ ॥
ઈદં અન્નં દેવાદિભ્યઃ ઈદં ન મમ ।

॥ (૫) પિપીલિકાદિબલિ (કીડીઓ) ॥

શ્રમનિષ્ઠા અને સામૂહિકતાના પ્રતીક કીડીઓ માટે-

ॐ પિપીલિકાઃ કીટપતંગકાદ્યાઃ, બુભુક્ષિતાઃ કર્મનિબન્ધબદ્ધાઃ ।
તેષાં હિ તૃપ્ત્યર્થમિદં મયાન્નં, તેભ્યો વિસૃષ્ટં સુખિનો ભવન્તુ ॥
ઈદં અન્નં પિપીલિકાદિભ્યઃ ઈદં ન મમ ॥

બલિ અપાઈ ગયા બાદ ગૌબલિ ગાયોને, શ્વાનબલિ કૂતરાને, કાકબલિ પક્ષીઓને, દેવબલિ કન્યાને તથા પિપીલિકાબલિ કીડીઓને ખવડાવી દેવો.

## ॥ મનુષ્યયજ્ઞ - શ્રાદ્ધ સંકલ્પ ॥

આ કર્મમાં દાન કરવાનું વિધાન છે. મૃતાત્મા પોતાની પાછળ જે ધન મૂકી ગયો છે તેમાંથી બાળકો અને સ્ત્રીઓના ભરણપોષણ

જેટલું અનિવાર્ય હોય તેટલું રાખવું. કમાતાં હોય તેવાં સંતાનોએ આ ધનનો સ્વીકાર કરવો જોઈએ નહીં. દિવંગત આત્માના એટલા બધા ઉપકારો છે કે જે અનેક જન્મો સુધી ચૂકવવા પડશે, તો પછી હવે વધારે ભારે ઋણનો બોજો શા માટે ઊંચકવો ? અસમર્થ સ્થિતિમાં તો માબાપની સેવા સ્વીકારવી યોગ્ય હતી, પણ જ્યારે ઉંમરલાયક અને કમાઉ બની ગયા છીએ, તો પછી તે ધન લઈને 'હરામખોર'માં શા માટે ગણાવું ?

પૂર્વજોના ધનમાં પોતાના તરફથી કંઈક પુષ્પાંજલિ મેળવીને તેમના આત્માના કલ્યાણ માટે દાન કરી દેવું જોઈએ. આ જ સાચું શ્રાદ્ધ છે. ફક્ત પાણીનું તર્પણ અને લોટની ગોળીઓ (પિંડ) આપવી એટલું જ પૂરતું નથી. એ તો આ ક્રિયાનું ફક્ત પ્રતીક છે. પૂર્વજોની કમાણી તેમની સદ્ગતિ માટે સત્કર્મ હેતુ દાનમાં વાપરી દેવી એ જ શ્રદ્ધાની સાચી કસોટી છે. તેમનું કમાયેલું ધન સમાજને દાનના રૂપમાં પરત કરી દેવું જોઈએ. પોતાની કમાણીનો સદુપયોગ લોભ અને મોહના કારણે સ્વર્ગીય આત્મા કરી શકતો નથી. આથી તેની પૂર્તિ માટે તેના વારસદારોએ એનું દાન કરી દેવું જોઈએ.

પ્રાચીનકાળમાં તો બ્રાહ્મણ પોતે જ એક વ્યક્તિગત સંસ્થા હતો. તેમાંથી પોતાના નિર્વાહ પૂરતું લઈને બાકીનાનો ઉપયોગ સમાજ માટે કરતો હતો. પોતાના નિર્વાહ માટે પણ એટલા માટે લેતો હતો કે તે પોતાનો બધો જ સમય સમાજ માટે વાપરતો હતો. આજે એવા બ્રાહ્મણો રહ્યા નથી. આથી આજનું બ્રહ્મભોજન તો 'સાપ ગયા અને લિસોટા રહ્યા' જેવું બની ગયું છે. મિત્રો અને સગાંસબંધીઓને જમાડવાં એ મૂર્ખતા છે અને જમનાર માટે શરમજનક છે. આથી મૃત્યુભોજનની ઝંઝટમાં ફસાયા વગર શ્રાદ્ધનું ધન પરમાર્થ પ્રયોજનમાં વાપરવું જોઈએ. જેનાથી જનમાનસમાં સદ્જ્ઞાનનો પ્રકાશ ઉત્પન્ન થાય અને કલ્યાણકારી સત્યના માર્ગે ચાલવાની પ્રેરણા મળે એને જ સાચા અર્થમાં શ્રાદ્ધ-તર્પણ કર્યું કહેવાય.

કન્યાભોજન કરાવવું, ગરીબ, અપંગ, અનાથ વગેરેને જરૂરિયાત મુજબ દાન આપવું તે એક પ્રતીકાત્મક ઉપચાર છે. આથી આના માટે તેમજ લોકકલ્યાણનાં પરમાર્થ કાર્યો માટે આપવામાં આવનાર દાનની જાહેરાત સંકલ્પ સાથે કરવી જોઈએ.

## ॥ સંકલ્પ ॥

**........નામાહં.......નામકમૃતાત્મનઃ શાન્તિ-સદ્‌ગતિ-નિમિત્તં લોકોપયોગિકાર્યાર્થં....... પરિમાણે ધનદાનસ્ય,કન્યાભોજનસ્ય વા શ્રદ્ધાપૂર્વકં સંકલ્પમ્ અહં કરિષ્યે ॥**

સંકલ્પ પછી નીચેનો મંત્ર બોલી ફૂલચોખા વેદી પર ચઢાવવા.

**ૐ ઉશન્તસ્ત્વા નિધીમહ્યુશન્તઃ સમિધીમહિ । ઉશન્નુશતઽ આવહ પિતૃન્હવિષેઽઅત્તવે ॥ ૐ દક્ષિણામારોહ ત્રિષ્ટુપ્ ત્વાઽવતુ બૃહત્સામ,પંચદશસ્તોમો ગ્રીષ્મઽઋતુઃ ક્ષત્રં દ્રવિણમ્ ॥**

– ૧૯.૭૦, ૧૦.૧૧

પંચયજ્ઞ પૂર્ણ કર્યા પછી અગ્નિસ્થાપન કરી ગાયત્રી યજ્ઞ શરૂ કરવો. નીચે લખેલા મંત્રથી ત્રણ વિશેષ આહુતિઓ આપવી.

**ૐ સૂર્યપુત્રાય વિદ્‌મહે, મહાકાલાય ધીમહિ । તન્નો યમઃ પ્રચોદયાત્ સ્વાહા । ઈદં યમાય ઈદં ન મમ ॥** – ય. ગા.

આના પછી સ્વિષ્ટકૃત અને પૂર્ણાહુતિથી યજ્ઞની સમાપ્તિ કરવી. વિસર્જન કરતા પહેલાં પિતૃઓ અને દેવશક્તિઓ માટે થાળીમાં ભોજન સામગ્રી લઈ નૈવેદ્ય અર્પણ કરવું. પછી ક્ષમાપ્રાર્થના, પિંડવિસર્જન, પિતૃવિસર્જન તથા દેવવિસર્જન કરવું.

## ॥ વિસર્જન ॥

**પિંડ વિસર્જન :** નીચેનો મંત્ર બોલીને પિંડ ઉપર પાણી છાંટવું.

**ૐ દેવા ગાતુવિદોગાતું, વિત્ત્વા ગાતુમિત । મનસસ્પત ઽ**

ઈમં દેવ, યજ્ઞ ઠંક્ર સ્વાહા વાતે ધાઃ ॥ - ૮૨૧

**પિતૃ વિસર્જન** : પિતૃઓનું વિસર્જન તલ-ચોખા હાથમાં લઈ થોડા થોડા દાણા નાખીને કરવું.

ૐ યાન્તુ પિતૃગણાઃ સર્વે, યતઃ સ્થાનાદુપાગતાઃ ।
સર્વે તે હૃષ્ટમનસઃ, સર્વાન્ કામાન્ દદન્તુ મે ॥
યે લોકાઃ દાનશીલાનાં, યે લોકાઃ પુણ્યકર્મણામ્ ।
સમ્પૂર્ણાન્ સર્વભોગૈસ્તુ, તાન્ વ્રજધ્વં સુપુષ્કલાન્ ॥
ઈહાસ્માકં શિવં શાન્તિઃ, આયુરારોગ્યસમ્પદઃ ।
વૃદ્ધિઃ સન્તાનવર્ગસ્ય, જાયતામુત્તરોત્તરા ॥

**દેવ વિસર્જન** : અંતમાં ફૂલ, ચોખા નાખીને દેવોનું વિસર્જન કરવું.

ૐ યાન્તુ દેવગણાઃ સર્વે, પૂજામાદાય મામકીમ્ ।
ઈષ્ટ કામસમૃદ્ધ્યર્થં, પુનરાગમનાય ચ ॥

❀ ❀ ❀

# ॥ જન્મદિવસ સંસ્કાર ॥

આમ તો સમાજમાં પ્રચલિત અનેક તહેવારો અને પર્વો ઊજવવામાં આવે છે, પરંતુ વ્યક્તિગત દૃષ્ટિએ મનુષ્યનો પોતાનો જન્મદિવસ એના માટે સૌથી મોટા આનંદ, ગૌરવ અને સૌભાગ્યનો દિવસ છે. રામનો જન્મદિવસ રામનવમી અને કૃષ્ણનો જન્મદિવસ જન્માષ્ટમી જેટલા મહત્ત્વપૂર્ણ છે, એટલો જ મહત્ત્વનો દરેક મનુષ્યનો જન્મદિવસ છે. જો એને યોગ્ય રીતે ઊજવવામાં આવે તો પોતાનો પ્રસુપ્ત આનંદ અને ઉલ્લાસ જાગશે. આ અવસરે જો થોડા ગંભીર થઈને આત્મનિરીક્ષણ કરવામાં આવે અને ભવિષ્ય માટે કંઈક નક્કર સદુપયોગ કરવાની વાત વિચારવામાં આવે તો તે દિવસ એક નવા સૂર્યોદય જેવો પ્રકાશવાન બની શકે. બુદ્ધ, વાલ્મીકિ, સુરદાસ, તુલસી, અંગુલિમાલ વગેરેનું પૂર્વજીવન બહુ સારું નહોતું, પરંતુ એક

દિવસ એમનો અંતરાત્મા જાગી ગયો, તો એમણે પોતાના જીવનની દિશા જ બદલી નાખી અને તેઓ નરમાંથી નારાયણ બની ગયા. જન્મદિવસની ઉલ્લાસભરી ઘડીઓમાં જો મનુષ્ય થોડુંઘણું પણ આત્મનિર્માણ કરવાનું વિચારે તો તે એના માટે એટલા જ સૌભાગ્યની ઘડી સિદ્ધ થશે.

જન્મદિવસ આમ સામાન્ય સંસ્કાર લાગે, પરંતુ તેનો પ્રભાવ જબરદસ્ત છે. ગમે તે વર્ગ કે ગમે તે કક્ષાના લોકોમાં એને લોકપ્રિય બનાવી શકાય છે. એક આ જ સંસ્કારના માધ્યમથી લોકોની ચેતનાને ઢંઢોળીને સન્માર્ગે વાળી દેવાનું કામ ખૂબ કુશળતાપૂર્વક પૂરું કરી શકાય. દરેક પરિજને કટિબદ્ધ થઈને એને લોકપ્રિય બનાવવા પૂરતો પ્રયત્ન કરવો જોઈએ.

## ॥ વિશેષ વ્યવસ્થા ॥

જન્મદિવસ સંસ્કાર યજ્ઞ સાથે જ ઊજવવો જોઈએ. અંતઃકરણને પ્રભાવિત કરવાની યજ્ઞમાં એક વિશેષ શક્તિ છે, પરંતુ એને લોક આંદોલન બનાવવાનું છે. તેથી જો પરિસ્થિતિ અનુકૂળ ન હોય તો માત્ર દીપયજ્ઞ કરીને પણ જન્મદિવસ સંસ્કાર કરાવી શકાય. નીચે પ્રમાણેની વ્યવસ્થા પહેલેથી જ કરી દેવી.

પંચતત્ત્વ પૂજન માટે પાંચ નાની ઢગલીઓ પૂજનવેદી પર બનાવી લેવી. પાંચ તત્ત્વો માટે પાંચ રંગથી ચોખા રંગીને જુદી જુદી ડબ્બીઓમાં રાખી શકાય. રંગીન ચોખાથી શોભા ખૂબ વધી જાય છે. તત્ત્વોના ક્રમ અને રંગ આ પ્રમાણે છે - (૧) પૃથ્વી-લીલો (૨) વરુણ-કાળો (૩) અગ્નિ-લાલ (૪) વાયુ-પીળો (૫) આકાશ-સફેદ.

દીપદાન માટે વ્યક્તિને જેટલાં વર્ષ થયાં હોય તેટલી ઊભી દીવેટો તથા નવા વર્ષની એક મોટી દીવેટ બનાવવી. દીવા લોટમાંથી બનાવી શકાય અથવા કોડિયાં પણ રાખી શકાય. છેવટે કશું નહિ, તો મીણબત્તીઓના ટુકડા પણ ચાલે. એમને થાળી યા ટ્રેમાં સુંદર આકારમાં ગોઠવીને રાખવા.

વ્રતધારણમાં કયું વ્રત લેવાનું છે એની ચર્ચા પહેલેથી જ કરી લેવી.

## ॥ વિશેષ કર્મકાંડ ॥

બીજા સંસ્કારોની જેમ મંગલાચરણથી રક્ષાવિધાન સુધીનો ક્રમ પૂરો કરવો. ત્યાર પછી નીચે પ્રમાણે કર્મકાંડ કરાવવું.

## ॥ પંચતત્ત્વપૂજન ॥

**શિક્ષણ તથા પ્રેરણા :** શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે. આ સંસારનો દરેક પદાર્થ માટી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ-આ પાંચ તત્ત્વોથી જ બન્યો છે. પોતાની પર જેણે ઉપકાર કર્યો હોય એના પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના રાખવી તે ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે. આપણે જડ અને ચેતન બધા ઉપકારીઓ પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરવા માટે પૂજા-ઉપચારનો આધાર લઈએ છીએ. પૂજાથી આ જડ પદાર્થો, અદૃશ્ય શક્તિઓ, સ્વર્ગીય આત્માઓને ભલે કોઈ લાભ થાય કે ન થાય, પરંતુ આપણી કૃતજ્ઞતાનો પ્રસુપ્ત ભાવ જાગૃત થવાથી આપણી આંતરિક ઉત્કૃષ્ટતા વધે છે. પંચતત્ત્વોનું પૂજન વિશ્વના આધારસ્તંભ હોવાની મહત્તાના કારણે કરવામાં આવે છે.

આ પૂજનનો બીજો હેતુ એ છે કે આ પાંચેયના સદુપયોગનું ધ્યાન રાખવામાં આવે. શરીર જે તત્ત્વોનું બન્યું છે તેમનો જો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો કદી પણ માંદા ન પડાય. પૃથ્વીમાંથી પેદા થયેલ અન્નનો કેટલો, ક્યારે અને કેવી રીતે ઉપયોગ કરવો એનું ધ્યાન રાખવામાં આવે તો ક્યારેય પેટ ખરાબ ન થાય. જો આહારની સાત્ત્વિકતા, માત્રા તથા વ્યવસ્થાનું ધ્યાન રાખવામાં આવે તો અપચો કે બીજો કોઈ રોગ નહિ થાય. જળની સ્વચ્છતા તથા યોગ્ય માત્રામાં સેવન કરવાનું;વિધિવત્ સ્નાન, કપડાં, ઘર, વાસણો વગેરેની સફાઈ માટે જળનો યોગ્ય ઉપયોગ કરવાનું

ધ્યાન રાખવામાં આવે તો સમગ્ર સ્વચ્છતા જળવાશે. શરીર, મન તથા વાતાવરણ બધું જ સ્વચ્છ રહેશે. અગ્નિની ઉપયોગિતા સૂર્યના તડકાનો શરીર, વસ્ત્ર, ઘર વગેરેમાં પૂરતો ઉપયોગ કરવામાં રહેલી છે. ભોજન વરાળથી બાફેલું હોવું જોઈએ. શરીરની અંદરનો અગ્નિ બ્રહ્મચર્યના પાલનથી સુરક્ષિત રહે છે તથા વધે છે. સ્વચ્છ વાયુનું સેવન, ખુલ્લી જગ્યામાં નિવાસ કરવો, વહેલી સવારે ફરવા જવું, પ્રાણાયામ કરવા, ગંદકીથી વાયુને દૂષિત ન થવા દેવો તે વાયુતત્ત્વનું સાચું પૂજન છે. આકાશના પોલમાં ઈથર, વિચાર, શબ્દ વગેરે ભરેલાં છે. એમનો માનસિક તથા ભાવનાક્ષેત્રમાં એવી રીતે ઉપયોગ કરવો જોઈએ કે આપણી અંતઃચેતના શ્રેષ્ઠ માર્ગ તરફ વળે. એ સમજવું તે આકાશ તત્ત્વનું પૂજન છે. એના સદુપયોગ દ્વારા જ આપણે સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકીએ છીએ. પંચતત્ત્વોનો સદુપયોગ કરવો એ જ તેમનું સાચું પૂજન છે.

ત્રીજી પ્રેરણા એ છે કે શરીર પંચતત્ત્વોનું બનેલું હોવાના કારણે વૃદ્ધાવસ્થા તથા મૃત્યુથી બંધાયેલું છે. તે એક વાહન અને માધ્યમ છે. જડ હોવાના કારણે તેનું મહત્ત્વ ઓછું છે. એને માત્ર એક સાધન માનવું જોઈએ. શરીરની સગવડો તથા સુખને એટલું મહત્ત્વ ન આપવું જોઈએ કે આત્માનું કલ્યાણ ભૂલી જવાય. આત્માની ઉન્નતિ માટે પંચતત્ત્વોથી બનેલું આ શરીર મળ્યું છે. તેથી તેનો સદુપયોગ નિર્ધારિત લક્ષ્યની પૂર્તિ માટે કરવો જોઈએ.

**ક્રિયા અને ભાવના :** દરેક તત્ત્વના પૂજન પહેલાં એની ભાવના જાગૃત કરવી જોઈએ. હાથમાં અક્ષત-પુષ્પ આપીને મંત્રોચ્ચાર સાથે જે તે ઢગલી પર ચઢાવવાં જોઈએ. ભાવના કરવી કે સૃષ્ટિની રચનાના આ ઘટકોની અંદર જે સૂક્ષ્મ સંસ્કાર છે તે પૂજન દ્વારા સાધકને મળી રહ્યા છે.

## ॥ પૃથ્વી ॥

**ૐ મહી દ્યૌઃ પૃથિવી ચ નઙ, ઈમં યજ્ઞં મિમિક્ષતામ્ ।**

પિપૃતાં નો ભરીમભિઃ ॥ ૐ પૃથિવ્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ । - ૮.૩૨

## ॥ વરુણ ॥

ૐ તત્ત્વા યામિ બ્રહ્મણા વન્દમાનઃ, તદા શાસ્તે યજમાનો હવિર્ભિઃ । અહેડમાનો વરુણેહ બોધ્યુરુશ, ષ્ઠંક સ માં નડ આયુઃ પ્રમોષીઃ ॥ ૐ વરુણાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ । - ૧૮.૪૯

## ॥ અગ્નિ ॥

ૐ ત્વં નો ડ અગ્ને વરુણસ્ય, વિદ્વાન્ દેવસ્ય હેડોડ અવયાસિસીષ્ઠાઃ । યજિષ્ઠો વહ્નિતમઃ શોશુચાનો, વિશ્વા દ્વેષા ષ્ઠં સિ પ્રમુમુગ્ધ્યસ્મત્ ॥ ૐ અગ્નયે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ । - ૨૧.૩

## ॥ વાયુ ॥

ૐ આ નો નિયુદ્‌ભિઃ શતિનીભિરધ્વર, ષ્ઠંક સહસ્રિણીભિરુપ યાહિ યજ્ઞમ્ । વાયો અસ્મિન્ત્સવને માદયસ્વ, યૂયં પાત સ્વસ્તિભિઃ સદા નઃ ॥ ૐ વાયવે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ । - ૨૭.૨૮

## ॥ આકાશ ॥

ૐ યા વાં કશા મધુમત્યશ્વિના સૂનૃતાવતી । તયા યજ્ઞં મિમિક્ષતમ્ । ઉપયામગૃહીતોઽસ્યશ્વિભ્યાં, ત્વૈષ તે યોનિર્માધ્વીભ્યાં ત્વા ॥ ૐ આકાશાય નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, પૂજયામિ, ધ્યાયામિ । - ૭.૧૧

# ॥ દીપદાન ॥

**શિક્ષણ અને પ્રેરણા :** જન્મોત્સવનું બીજું કર્મકાંડ દીપદાન છે. જેટલાં વર્ષ થયાં હોય તેટલા દીપક એક બાજઠ પર સુસજ્જિત રીતે ગોઠવવા. ૐ, સ્વસ્તિક કે બીજા કોઈ સુંદર આકારમાં ગોઠવી શકાય. દીપકોની આજુબાજુ અગરબત્તી, ફૂલો કે બીજી વસ્તુઓ સુંદરતા માટે મૂકી શકાય. એ દીપકોનું પૂજન કરાવવામાં આવે છે.

જીવનનું દરેક વર્ષ દીપકની જેમ પ્રકાશવાન રહે, તો જ એની સાર્થક્તા છે. દીવો પોતે બળે છે અને અંધકાર દૂર કરે છે. એ કારણે જ દીપકને દરેક માંગલિક કાર્યમાં સ્થાન મળ્યું છે અને તેની પૂજા કરવામાં આવે છે. આપણા જીવનની રીતિનીતિ પણ એવી જ હોવી જોઈએ.

દીપકને જ્ઞાનનું પ્રતીક માનવામાં આવે છે. અજ્ઞાનને અંધકાર અને જ્ઞાનને પ્રકાશની ઉપમા આપવામાં આવી છે. જ્યાં સુધી આપણું મસ્તક યા હૃદય અજ્ઞાનમાં ફસાયેલું હોય ત્યાં સુધી આપણે અંધારામાં જ ભટકીએ છીએ. મગજનો અંધકાર દૂર કરવા માટે, શિક્ષણ અને હૃદયનો અંધકાર દૂર કરવા માટે આપણે વિદ્યા-ઋતંભરા જ્ઞાનનો વધારેમાં વધારે સંચય કરવો જોઈએ. અંતઃકરણમાં આત્મજ્ઞાનનો એવો દીપક પ્રગટાવવો જોઈએ કે જેવો રામાયણના ઉત્તરકાંડમાં વિસ્તારપૂર્વક બતાવવામાં આવ્યો છે. દીપદાનમાં આવી અનેક પ્રેરણાઓ રહેલી છે.

**ક્રિયા અને ભાવના :** થાળીમાં સજાવેલા દીવાઓ ક્રમશઃ પ્રગટાવવા. એની સાથે સાથે સસ્વર ગાયત્રી મંત્રનો પાઠ કરવો. જો યજ્ઞના બદલે ફક્ત દીપયજ્ઞ જ કરવાનો હોય તો ગાયત્રી મંત્રની સાથે સ્વાહા બોલીને દીપક સળગાવવાની ક્રિયાને આહુતિ માનીને યજ્ઞીય વાતાવરણ બનાવવું.

ભાવના કરવી કે મનુષ્ય ગમે તેટલાં ઓછાં સાધનોમાં જીવી રહ્યો હોય, એમ છતાં નાનકડા દીપકની જેમ બધાનો પ્રિય

પ્રકાશદાતા બની શકે છે. થોડીક પાત્રતા, થોડુંક ઘી (સ્નેહ) અને એક નાનકડી દીવેટ (લગની)ને યોગ્ય રીતે સજાવીને જ્યોતિદાન કરી શકે છે. પ્રકાશિત જીવનની કામના તથા પ્રાર્થના કરવી. દિવ્યશક્તિઓ એની પૂર્તિ કરી રહી છે એવી ભાવના કરવી.

**ૐ અગ્નિર્જ્યોતિર્જ્યોતિરગ્નિઃ સ્વાહા । સૂર્યો જ્યોતિર્જ્યોતિઃ સૂર્યઃ સ્વાહા । અગ્નિર્વર્ચો જ્યોતિર્વર્ચઃ સ્વાહા । સૂર્યો વર્ચો જ્યોતિર્વર્ચ્ચઃ સ્વાહા । જ્યોતિઃ સૂર્યઃ સૂર્યો જ્યોતિઃ સ્વાહા ॥**

- ૩૬.૨૪

## ॥ વ્રતધારણ ॥

જન્મદિવસોત્સવનો આગળનો ક્રમ વ્રતધારણ છે. વ્રતોના બંધનથી બંધાયેલો મનુષ્ય જ કોઈ ઉચ્ચ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ બને છે. મનુષ્યે શુભ અવસરો પર ભાવનાત્મક વાતાવરણમાં દેવોની હાજરીમાં, અગ્નિની સાક્ષીએ વ્રત ધારણ કરવાં જોઈએ અને એમનું પાલન કરવા માટેનું સાહસ એકઠું કરવું જોઈએ.

**શિક્ષણ તથા પ્રેરણા :** દુષ્પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તે વ્રતશીલતાનું પહેલું ચરણ છે. માંસાહાર, તમાકુ, ભાંગ, ગાંજો, અફીણ, દારૂ વગેરે નશાનું સેવન, વ્યભિચાર, ચોરી, બેઈમાની, જુગાર, ફેશનપરસ્તી, આળસ, ગંદકી, ક્રોધ, સ્વાદલોલુપતા, કામુક્તા, બડાઈ, કટુભાષણ, ઈર્ષ્યા, દ્વેષ, કૃતઘ્નતા વગેરે દુર્ગુણોમાંથી આપણામાં જે હોય તે છોડી દેવા જોઈએ. આપણા સમાજમાં એવા કેટલાય કુરિવાજો છે કે જે અત્યંત હીન હોવા છતાં ધર્મના નામે ચાલી રહ્યા છે. કોઈ વંશમાં જન્મ લેવાના કારણે કોઈને નીચ માનવો, પુરુષોની તુલનામાં સ્ત્રીઓને તુચ્છ માનવી, લગ્નોમાં ધૂમધામ પાછળ પૈસા વેડફવા, દહેજ, મૃત્યુભોજન, દેવોના નામે પશુબલિ, ભૂતપ્રેત, અંધવિશ્વાસ, શરીર પર છૂંદણાં છૂંદાંવવાં યા નાકકાન વીંધાવવાં, ગાળાગાળી કરવી, બાળલગ્ન, કજોડાં, શ્રમનો તિરસ્કાર કરવો વગેરે અનેક સામાજિક કુરિવાજો આપણા સમાજમાં પ્રચલિત છે. આ

કુરિવાજો વિરુદ્ધ આંદોલન કરવાની જરૂર છે. પહેલાં તો આપણે પોતે જ એમનો ત્યાગ કરવો જોઈએ. આપણામાં જો કોઈ બૂરાઈ હોય તો એને સંકલ્પપૂર્વક છોડી દેવા માટે જન્મદિવસ શ્રેષ્ઠ અને શુભ અવસર છે.

જો આપણામાં આવી કોઈ બૂરાઈ ન હોય તો કોઈ સત્પ્રવૃત્તિ કરવાનું વ્રત આ અવસરે લેવું જોઈએ. રાત્રે વહેલા સૂઈ સવારે વહેલા ઊઠવું, નિયમિત વ્યાયામ તથા ઉપાસના કરવાં, સ્વાધ્યાય, ગુરુજનો અને વડીલોના ચરણ સ્પર્શ કરવા, સાદગી, કરકસર, પ્રસન્ન રહેવાની ટેવ, મધુર બોલવું, સમયપત્રક પ્રમાણે કામ કરવું, આળસ છોડવી, પરિવાર નિર્માણ માટે થોડોક સમય કાઢવો, લોકસેવા કરવી વગેરે એવાં અનેક સત્કાર્ય છે, જે આપણા ગુણ, કર્મ તથા સ્વભાવમાં ઉતારવાં જોઈએ. આવી ઓછામાં ઓછી એક સારી ટેવ અપનાવવાનો સંકલ્પ લેવો જોઈએ. દુષ્પ્રવૃત્તિ છોડવાનો તથા સત્પ્રવૃત્તિ અપનાવવાનો સંકલ્પ જો દરેક જન્મદિવસ પર લેવામાં આવે તો થોડાંક વર્ષોમાં જ આપણો કાયાકલ્પ થઈ જાય અને જન્મદિવસોત્સવનો ક્રમ જીવનમાં દૈવી વરદાનની જેમ મંગલમય પરિણામ પ્રદાન કરી શકે.

**ક્રિયા અને ભાવના :** જે વ્રત લીધું હોય તે જાહેર કરવું. એનું સ્મરણ કરતાં કરતાં વ્રતપતિ દેવશક્તિઓને એ વ્રતનું પાલન કરવાની શક્તિ આપે તે માટે પ્રાર્થના કરવી. બંને હાથ ઊંચા કરી વ્રતધારણના મંત્રો બોલવા.

**ૐ અગ્ને વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ**
**તચ્છકેયમ્ । તેનર્ધ્યાસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ ॥૧॥**
**ૐ વાયો વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ**
**તચ્છકેયમ્ । તેનર્ધ્યાસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ ॥૨॥**
**ૐ સૂર્ય વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ**
**તચ્છકેયમ્ । તેનર્ધ્યાસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ ॥૩॥**

ॐ ચન્દ્ર વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ
તચ્છકેયમ્ । તેનર્ધ્યાસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ ॥૪॥
ॐ વ્રતાનાં વ્રતપતે વ્રતં ચરિષ્યામિ, તત્તે પ્રબ્રવીમિ
તચ્છકેયમ્ । તેનર્ધ્યાસમિદમહમ્, અનૃતાત્સત્યમુપૈમિ ॥૫॥

– મં. બ્રા. ૧.૬.૯-૧૩

## ॥ વિશેષ આહુતિ ॥

વ્રતધારણ પછી યજ્ઞનો બાકીનો ક્રમ પૂરો કરવો. ગાયત્રી મંત્રની આહુતિ પછી મૃત્યુંજય મંત્રથી આહુતિઓ આપવી. જો ફક્ત દીપયજ્ઞ કરવામાં આવ્યો હોય તો પાંચ વખત બધા લોકો મૃત્યુંજય મંત્રનો સસ્વર પાઠ કરે.

ॐ ત્ર્યમ્બકં યજામહે, સુગન્ધિમ્પુષ્ટિવર્ધનમ્ ।
ઉર્વારુકમિવ બન્ધનાન્, મૃત્યોર્મુક્ષીય મામૃતાત્ સ્વાહા ।
ઈદં મહામૃત્યુંજયાય ઈદં ન મમ । – ૩.૬.

ત્યાર પછી યજ્ઞનો બાકીનો ક્રમ પૂરો કરી આશીર્વાદ આપી વિસર્જન કરવું.

## ॥ લગ્નદિવસ સંસ્કાર ॥

જેમનાં લગ્ન નથી થયાં એમના લગ્નસંસ્કાર સુયોગ્ય વ્યવસ્થાપકો અને પુરોહિતો દ્વારા અત્યંત પ્રભાવશાળી રીતે કરવા જોઈએ,પરંતુ જેમનાં લગ્ન થઈ ગયાં છે એમની બાબતમાં ‘જે થઈ ગયું તે થઈ ગયું’ એમ કહીને છૂટી ન જવું જોઈએ. એમને ફરી એ લાભ મળવો જોઈએ. એ માટે ઉત્તમ, સરળ અને ઉપયોગી રીત લગ્નદિવસ ઊજવવાની છે. જે દિવસે લગ્ન થયાં હોય એ દિવસે દર વર્ષે એક નાનકડો ઉત્સવ-સમારોહ કરવો જોઈએ. મિત્રો તથા સ્વજનો ભેગાં મળે, લગ્નની પૂરેપૂરી વિધિ તો નહિ, પરંતુ એમાંની મુખ્ય વિધિઓ ફરી કરવામાં આવે તથા લગ્નની જવાબદારીઓને

નવેસરથી ફરી સમજાવવામાં આવે.

દર વર્ષે આવું વ્રતધારણ, પ્રશિક્ષણ, સંકલ્પ તથા ધર્માનુષ્ઠાન કરવામાં આવે તો એનાથી પતિપત્ની બંનેને પોતાનું કર્તવ્ય તથા જવાબદારીઓનું પાલન કરવાની વધારે પ્રેરણા મળશે. એ દિવસે બંને પરસ્પર વિચારવિનિમય કરીને પોતપોતાની ભૂલોને સુધારવાનો તથા એકબીજાની નજીક આવવાનો ઉપાય શોધવામાં સફળતા પ્રાપ્ત કરી શકે. લગ્નદિવસની જૂની આનંદમય સ્મૃતિને યાદ કરીને ફરીથી અંતઃકરણને પ્રફુલ્લિત કરી શકે છે. આ રીતે આ સોનેરી દિવસ આપણી નસનાડીઓમાં ઉલ્લાસ ભરવા માટે દર વર્ષે આવે છે અને લગ્નની જવાબદારીઓ નિભાવવાની પ્રેરણા આપતો રહે છે.

બંદૂકનું લાઈસન્સ દર સાલ બદલવું પડે છે. ડ્રાઈવિંગ લાઇસન્સ પણ યથા સમયે રિન્યુ કરાવવું પડે છે. લગ્નનાં કર્તવ્યોનું સારી રીતે પાલન થઈ રહ્યું છે કે નહિ તેનો હિસાબકિતાબ કરવા, ભૂલચૂક સુધારવા અને આગળના વર્ષે સાવધાની રાખવા માટે વિવાહ લાઇસન્સને પણ દર વર્ષે રિન્યુ કરવામાં આવે તો તેનાથી ઘણો લાભ થાય છે. સંસારના બીજા દેશોમાં આ ઉત્સવ ઊજવવામાં આવે છે. ફર્ક માત્ર એટલો જ છે કે તેઓ માત્ર આનંદ મેળવવા મનોરંજનના એક સાધન તરીકે એને ઊજવે છે, જ્યારે આપણે તેને ધર્મપ્રેરણાથી ઓતપ્રોત કરનાર ધર્માનુષ્ઠાનની જેમ ઊજવવાનો છે.

**સંકોચ બિનજરૂરી છે** - આ ઉત્સવને પ્રચલિત કરવામાં એક સૌથી મોટી મુશ્કેલી એ છે કે આપણા દેશમાં લગ્નને સંકોચ તથા લજ્જાનો વિષય માનવામાં આવે છે. બીજાઓને જોઈને સ્ત્રીઓ પોતાના પતિની લાજ કાઢે છે અને પતિ પોતાની પત્ની તરફથી નજર ફેરવી લે છે. લગ્ન વખતે વધૂ ખૂબ સંકોચપૂર્વક ડરતી, શરમાતી લગ્નમંડપમાં આવે છે. આવો સંકોચ બિનજરૂરી છે. બે મિત્રોની જેમ પતિપત્ની પણ બે સાથીઓ છે. લગ્ન કોઈ ચોરી કે પાપ નથી. બે વ્યકિતઓના દ્વૈતને ધર્મપૂર્વક અદ્વૈતમાં બદલવાનું નામ જ લગ્ન છે. અશ્લીલ ચેષ્ટાઓ કે ભાવભંગિમાઓ જો જાહેરમાં

કરવામાં આવે તો તેને અવશ્ય નિષિદ્ધ માનવી જોઈએ, પરંતુ સાથે ઊઠવાબેસવામાં કે હરવાફરવામાં અથવા વાતચીત કરવામાં સંકોચ ન રાખવો જોઈએ. જો રાખવામાં આવતો હોય તો તેને દૂર કરી દેવો જોઈએ. એનાથી મર્યાદાનું સહેજ પણ ઉલ્લંઘન થતું નથી. અનેક અવસરોએ પતિપત્ની સાથે બેસે છે. હવન, કથા વગેરે ધર્મકાર્ય કરી શકે છે, સાથે તીર્થયાત્રા કરી શકે છે, તો પછી લગ્નદિવસે કરવામાં આવતા હવનમાં શા માટે સંકોચ રાખવો ? ગાયત્રી હવનની સાથે લગ્નદિવસનાં બેચાર નાનકડાં વિધિવિધાન જોડાયેલાં છે અને જીવનનો વિષય દામ્પત્યજીવન હોય છે. આ સિવાય બીજી એવી કોઈ બાબત નથી, જેનાથી સંકોચ થાય. લગ્નની ચર્ચા કરવામાં વરવધૂ જેમ સંકોચ રાખે છે એવો જ સંકોચ લગ્નદિવસોત્સવમાં જોવા મળે છે. એમાં જરાય ઔચિત્ય નથી. આવો વ્યર્થ સંકોચ વિચારશીલ લોકોએ છોડી દેવો જોઈએ. અનેક પ્રગતિશીલ દંપતીઓ પોતાનો લગ્નદિવસ ઊજવે છે, પરંતુ એમની પાસે કોઈ દિશાધારા ન હોવાના કારણે પાર્ટી, પિકનિક, સિનેમા જેવા તુચ્છ ઉપચારો સુધી જ તેઓ સીમિત રહે છે. આવા લોકોને ભાવનાત્મક તથા આધ્યાત્મિક વાતાવરણમાં લગ્નદિવસ ઊજવવાનું સમજાવવામાં આવે તો તેઓ તેનો સહર્ષ સ્વીકાર કરશે. ઓછામાં ઓછા ખર્ચમાં જીવનમાં એક નવી દિશાનો બોધ કરાવનાર તથા નવા ઉલ્લાસનો સંચાર કરનાર આ સંસ્કાર થોડાક પ્રયત્નથી જ લોકપ્રિય બની શકે છે.

**નવો ઉલ્લાસ, નવો આરંભ** - પતિપત્નીએ નવા વર્ષે નવા ઉલ્લાસ તથા નવા આનંદથી પરિપૂર્ણ જીવન જીવવાની નવી પ્રેરણાની સાથે નવો કાર્યક્રમ બનાવવો જોઈએ. અત્યાર સુધીનું લગ્નજીવન જો અસ્તવ્યસ્ત રહ્યું હોય તો ભલે રહ્યું. પરંતુ નવા વર્ષે જીવન વધારેમાં વધારે આનંદદાયક અને શ્રેષ્ઠ બને એવી યોજના ઘડવી જોઈએ. એ દિવસને વધારે મનોરંજક બનાવવા માટે રજાના દિવસની જેમ મનોરંજન કાર્યક્રમની સાથે વિતાવવાની વ્યવસ્થા બની શકે તો એમ કરવું જોઈએ. લગ્નદિવસને માત્ર કર્મકાંડની દૃષ્ટિએ જ નહિ, પરંતુ ભાવના, ઉલ્લાસ અને ઉત્સાહની

દૃષ્ટિએ પણ ઊજવવો જોઈએ.

**આ તથ્ય ધ્યાનમાં રાખો** - ગૃહસ્થજીવન એક પ્રકારની લોકશાહી છે, તેમાં સરમુખત્યારશાહીની કોઈ ગુંજાઈશ નથી. પતિપત્ની બંનેએ એકબીજાને સમજવાં, સહન કરવાં તથા નિભાવવાં પડે છે. બંનેમાંથી જે માત્ર હુકમ કરે છે, બીજાને પોતાના તાબામાં રાખવા ઈચ્છે છે, તે ઘરના શાંત વાતાવરણમાં આગ લગાડે છે. બે માણસો જુદીજુદી પ્રકૃતિના જ હોય છે. તેમનું એકબીજા સાથે સંપૂર્ણ રૂપે હળીમળી જવું શક્ય નથી. જેમનામાં વધારે સામંજસ્ય અને ઓછા મતભેદ જોવા મળે તો સમજવું કે તેઓ સદ્‌ગૃહસ્થ છે. મતભેદ અને પ્રકૃતિભેદ સંપૂર્ણપણે દૂર થવો તો મુશ્કેલ છે. જે લોકો શાંતિ અને સહિષ્ણુતાપૂર્વક સહન કરી લે છે એવા સમન્વયવાદી લોકો જ ગૃહસ્થજીવનનો આનંદ માણી શકે છે.

એ ભૂલવું ન જોઈએ કે દરેક વ્યક્તિ માન મેળવવા ઈચ્છે છે. કોઈનો તિરસ્કાર કરીને એને સુધારવાની આશા ન રાખવી જોઈએ. અપમાનથી ઘવાયેલ વ્યક્તિ અંદરથી ક્ષુબ્ધ રહે છે. એની શક્તિઓ રચનાત્મક દિશામાં નહિ, પરંતુ વિઘટનાત્મક દિશામાં ખર્ચાય છે. પતિ કે પત્ની ઘરની વ્યવસ્થામાં ઉપેક્ષા રાખવા માંડે, તો એનું પરિણામ સારું આવતું નથી. બંને વચ્ચે એવી સમજૂતી હોવી જોઈએ કે જો કોઈ કારણવશ એકને ક્રોધ આવે તો બીજું ચુપ રહે. બંને પક્ષો જો ક્રોધપૂર્વક ઉત્તરપ્રત્યુત્તર કરે તો તેનું અનિષ્ટકારી પરિણામ આવે છે. આ બાબત બંનેએ ધ્યાનમાં રાખવી જોઈએ.

**વ્રતધારણની જરૂર :** જે રીતે જન્મદિવસે કોઈ બૂરાઈ છોડીને એક સદ્‌ગુણ અપનાવવાની પ્રતિજ્ઞા કરવામાં આવે છે એવી જ રીતે લગ્નદિવસે પણ પતિવ્રત અને પત્નીવ્રતને પુષ્ટ કરનાર નાના નાના નિયમોનું પાલન કરવાની ઓછામાં ઓછી એક પ્રતિજ્ઞા લેવી જોઈએ. પરસ્પર 'તમે' અથવા 'આપ' શબ્દનો ઉપયોગ કરવાની તથા 'તું' જેવું અશિષ્ટ અને લઘુતા પ્રગટ કરનાર સંબોધન નહિ કરવાની પ્રતિજ્ઞા તો સહેલાઈથી લઈ શકાય.

પતિ આવી પ્રતિજ્ઞાઓ લઈ શકે - (૧) કડવાં વચન કે ગાળો ન બોલવી (૨) પત્નીની કોઈ ભૂલ કે દોષ હોય તો તેને એકાંતમાં બતાવવી. બહારના લોકો આગળ એની જરા પણ ચર્ચા ન કરવી. (૩) યુવાન સ્ત્રીઓ સાથે એકાંતમાં વાત ન કરવી (૪) પત્ની પર સંતાનોત્પાદનનો ઓછામાં ઓછો ભાર લાદવો (૫) પત્નીને ભણાવવા માટે વ્યવસ્થા કરવી (૬) પત્નીની સલાહ લઈ ખર્ચ કરવો તથા પૈસા એને સોંપવા (૭) ઘરના કામકાજમાં પત્નીને મદદ કરવી (૮) એના સદ્‌ગુણોની સમય સમય પર પ્રશંસા કરવી (૯) બાળકોની દેખભાળ તથા શિક્ષણ પર પૂરતું ધ્યાન આપવું (૧૦) પત્નીને લાજ કાઢવાની ફરજ ન પાડવી. તેને સ્વાવલંબી બનાવવી (૧૧) પત્નીની જરૂરિયાતો તથા સગવડોનું પૂરતું ધ્યાન રાખવું વગેરે.

પત્ની પણ આ પ્રમાણેની પ્રતિજ્ઞાઓ લઈ શકે. જેમકે (૧) નાની નાની વાતોમાં કુંઢાવું, રિસાવું કે ગુસ્સો કરવા જેવી કુટેવો છોડવી (૨) બાળકોને ગાળો ભાંડવી, મારવાં પીટવાં વગેરે બંધ કરવું (૩) સાસુ, નણંદ, જેઠાણી વગેરેને કડવા શબ્દોમાં ઉત્તર ન આપવો (૪) કાયમ હસતા રહેવાની તથા સહન કરવાની ટેવ પાડવી, મહેનત કરવામાં પાછા ન પડવું, આળસ છોડવી. (૫) સાબુ, સોય અને સાવરણી આ ત્રણેયને દૂર ન કરવાં. સફાઈ અને મરામતનું પૂરેપૂરું ધ્યાન રાખવું. (૬) નકામી ફેશન પાછળ એક પણ પૈસો બરબાદ ન કરવો (૭) પતિથી છૂપું કોઈ કામ ન કરવું (૮) પોતાની શૈક્ષણિક યોગ્યતા વધારવા રોજ થોડોક સમય કાઢવો (૯) પતિને સમાજસેવા તથા લોકકલ્યાણનાં કાર્યોમાં ભાગ લેતાં રોકવો નહિ, ઊલટું એ માટે પ્રેરણા આપવી. (૧૦) સ્વાસ્થ્યના નિયમોનું પાલન કરવામાં ઉપેક્ષા ન રાખવી. (૧૧) ઘરમાં પૂજા-ઉપાસનાનું વાતાવરણ રાખવું, ભગવાનની પૂજા, આરતી તથા ભોગ ધરાવવાનો નિત્યક્રમ રાખવો (૧૨) લાજ કાઢવાના બંધનનો વિરોધ કરવો (૧૩) પતિ, સાસુ વગેરેના નિત્ય ચરણસ્પર્શ કરવા વગેરે.

દરેક દંપતીની પોતપોતાની આગવી સમસ્યાઓ હોય છે.

પોતાની નિર્બળતાઓ, ભૂલો તથા જરૂરિયાતોને તેઓ વધારે સારી રીતે સમજી શકે છે. તેથી તેમણે પોતે જ વિચારવું જોઈએ કે પોતે કઈ બૂરાઈઓ દૂર કરવાની છે તથા કયા સદ્‌ગુણો અપનાવવાના છે. હાજર રહેલા લોકો સમક્ષ પોતાના સંકલ્પની ઘોષણા પણ કરવી જોઈએ, કે જેથી એનું પાલન કરવામાં લોકલાજનો ડર રહે અને બીજું એ કે હાજર રહેલા લોકોને પણ એવી પ્રતિજ્ઞાઓ લેવાની પ્રેરણા મળે.

**સંસ્કાર ક્રમ :** લગ્નદિવસોત્સવ, લગ્નસંસ્કારના લઘુ સ્વરૂપના રૂપમાં ઊજવવામાં આવે છે. નીચે પ્રમાણેના ક્રમથી સંસ્કાર કરાવવા.

મંગલાચરણ, ષટ્‌કર્મ, કળશપૂજન વગેરે કાર્યો પૂરાં કરીને સંકલ્પ કરાવવો. દેવશક્તિઓ અને સત્પુરુષોની સાક્ષીમાં સંકલ્પ બોલવો.

**......નામાઽહં દામ્પત્યજીવનસ્ય પવિત્રતા-મર્યાદયોઃ રક્ષણાય ત્રુટીનાંચ પ્રાયશ્ચિત્તકરણાય ઉજ્જ્વલભવિષ્યદ્ધેતવે સ્વોત્તરદાયિત્વ-પાલનાય સંકલ્પમહં કરિષ્યે ।**

સંકલ્પ પછી સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને દેવપૂજન, સ્વસ્તિવાચન વગેરે ક્રમ કરાવવો. ત્યાર પછી વિવાહપદ્ધતિના મંત્રોનો ઉપયોગ કરી નીચે પ્રમાણેના વિશેષ ઉપચાર કરાવવા:

(૧) ગ્રંથિબંધન (૨) પાણિગ્રહણ (૩) વરકન્યાની પ્રતિજ્ઞાઓ (૪) સપ્તપદી (૫) આશ્વાસ્તના (પાન. ૨૩૬, ૨૪૬, ૨૫૨)

**(૬) આહુતિ :** સાથે જો યજ્ઞ કરવાનો હોય તો અગ્નિસ્થાપન, ગાયત્રી મંત્રની આહુતિ, પ્રાયશ્ચિત્ત આહુતિ આપીને પૂર્ણાહુતિ કરવી. જો યજ્ઞ ન કરવાનો હોય તો દીપયજ્ઞ કરવો. પાંચ દીપક સજાવીને રાખવા અને ગાયત્રી મંત્ર બોલીને પ્રગટાવવા. પ્રાયશ્ચિત્ત આહુતિના મંત્રો વખતે એ દીપકો સામે પતિપત્ની પોતાની હથેળીઓ ધરે.

**(૭) એકીકરણ :** પતિપત્ની એક એક દીપક હાથમાં લે. નીચેના મંત્રની સાથે બંને જ્યોતિઓને ભેગી કરીને એક જ્યોતિ કરે. તે વખતે ભાવના કરે કે અમે અમારા વ્યક્તિત્વને આ જ રીતે

એકાકાર કરવાનો પ્રયત્ન કરીશું. દૈવી અનુગ્રહ અને સ્વજનોનો સદ્ભાવ એમાં મદદરૂપ બનશે.

**ૐ સમાની વડઆકૃતિઃ સમાના હૃદયાનિ વઃ ।**
**સમાનમસ્તુ વો મનો યથાઃ વઃ સુસહાસતિ ॥**

- અથર્વ. ૬.૬.૪.૩

(૮) અંતમાં દંપતી પુષ્પોપહાર મંત્રથી (પૃ. ૨૩૧) એકબીજાને ફૂલહાર પહેરાવે. પછી બધા લોકો મંગલ મંત્રો બોલતાં બોલતાં પુષ્પવૃષ્ટિ કરે, શુભકામના-આશીર્વાદ આપે.

(૯) વિસર્જન, જયઘોષ તથા પ્રસાદ વિતરણ કરી કાર્યક્રમ પૂરો કરવો.

# ॥ પર્વ પ્રકરણ ॥

## તહેવારોનું આયોજન કેમ અને કેવી રીતે ?

ભારતીય સંસ્કૃતિને દેવસંસ્કૃતિ પણ કહેવામાં આવે છે. આમાં માનવીને આદર્શનિષ્ઠ બનાવવા માટે પ્રખર તત્ત્વજ્ઞાન અને વિવેકયુક્ત પરંપરાઓનો એવો ક્રમ ગોઠવી દેવામાં આવ્યો છે કે મનુષ્ય સહજ રીતે પ્રગતિ અને સદ્ગતિનો અધિકારી બની શકે.

માનવીનું ભલું માત્ર માહિતી જાણી લેવાથી નથી થતું. તે વારંવાર ભૂલી જાય છે. અમુક વાતો યાદ રાખવા છતાં તેને ચરિતાર્થ કરી શકતો નથી. આથી યાદ રાખવા અને નિયમિત રૂપે તેનો અભ્યાસ કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. વ્યક્તિગત સ્તરે ઉપાસના, સાધના, સ્વાધ્યાય, મનન, ચિંતન જેવી પદ્ધતિઓ અપનાવવામાં આવી. જ્યારે પારિવારિક સ્તરે શ્રેષ્ઠગુણોનો વિકાસ થાય અને જવાબદારીઓનું પાલન કરી શકાય તેવા વાતાવરણનું નિર્માણ કરવા માટે સોળ સંસ્કારોની ગૂંથણી કરવામાં આવી. આ બધાના પ્રભાવથી આપણા પરિવારો વ્યક્તિગત સ્વાર્થનાં સાધન નહીં, પણ શ્રેય સાધનાનાં તપોવન બની ગયાં. કુટુંબપ્રેમ પણ

લોહીની સગાઈના સીમાડા ઓળંગીને "वसुधैव कुटुम्बकम्" સુધી પહોંચી ગયો.

વ્યક્તિ અને કુટુંબ પછી વિશ્વનું ત્રીજું એકમ છે સમાજ. વ્યક્તિગત દૃષ્ટિકોણને શુદ્ધ બનાવવા માટે પૂજા-ઉપાસના તેમ જ પારિવારિક રીતિનીતિને ઉત્કૃષ્ટ બનાવી રાખવા સંસ્કારોની પ્રક્રિયાની રચના કરવામાં આવી. બસ, આ જ રીતે સમાજને સમુન્નત અને સુવિકસિત બનાવવા માટે સામૂહિકતા, ઈમાનદારી, કર્તવ્યનિષ્ઠા, નાગરિક્તા, પરમાર્થપરાયણતા, દેશભક્તિ અને લોકમંગળ જેવી સદ્પ્રવૃત્તિઓનો વિકાસ કરવો પડે છે. માત્ર વિકાસ જ નહીં, પણ તેને સ્થિર રાખીને વારંવાર તેની યાદ અપાવે તે માટે તહેવારો ઊજવવામાં આવે છે. આ એક પ્રકારની સામાજિક સંસ્કારપ્રક્રિયા જ છે. સાધનાથી વ્યક્તિ, સંસ્કારોથી પરિવાર અને તહેવારોથી સમાજનું સ્તર ઊંચે લાવવાની આ ખૂબ જ ઉપયોગી અને દીર્ઘદૃષ્ટિયુક્ત પદ્ધતિ છે, જે હજારો લાખો વર્ષોથી અજમાવવામાં આવતી રહી છે. પ્રાચીન ભારતની મહાન ગરિમાનું શ્રેય આ દેખવામાં નાની છતાં પ્રવૃત્તિઓમાં પ્રખરતા પેદા કરનાર ધર્મના નામે પ્રચલિત વિધિવ્યવસ્થાને ફાળે જાય છે.

વિશ્વનું આધ્યાત્મિક નેતૃત્વ ભારત કરશે. આ એક સુનિશ્ચિત તથ્ય છે. આ જવાબદારીને વહન કરવા માટે ભારતે પોતાનો આત્મા જાગૃત કરવો પડશે. આ જાગરણ ફક્ત લખાણ કે વાણીથી જ શક્ય નથી, પણ ધાર્મિક અને આધ્યાત્મિક એવાં અન્ય વિધિવિધાનોનો તેમાં સમાવેશ કરવામાં આવે, જેનાથી પરોક્ષ રીતે વ્યક્તિ, પરિવાર અને સમગ્ર સમાજમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગીય વાતાવરણ લાવવામાં સમર્થ બની શકે. ઉપરોક્ત ત્રિવિધ વ્યવસ્થા અને ત્રિવિધ સંસ્કારોની પ્રક્રિયાને પ્રાચીન ભારતની જેમ ફરીથી પ્રચલિત કરવી પડશે. આથી ભુલાઈ ગયેલ આદર્શો અને કર્તવ્યોનો દરેક જગ્યાએ સ્વીકાર કરવામાં આવે. ધર્મતંત્રની આ પદ્ધતિ નવનિર્માણ માટે કેટલી અસરકારક અને ઉપયોગી પુરવાર થશે તે

આવતીકાલે દરેક જણ પ્રત્યક્ષ જોઈ શકશે.

પ્રાચીન સમયની મહાન ઘટનાઓ અને મહાન પ્રેરણાઓનો પ્રકાશ લોકમાનસમાં ભાવનાત્મક રીતે ઉતારવા માટે અને સામૂહિક વાતાવરણ પેદા કરવા માટે તહેવારોની રચના કરવામાં આવી છે. આના માટે ઘણા બધા તહેવારો પ્રચલિત છે. આમાંથી દેશ, કાળ અને પરિસ્થિતિ મુજબ જે સમયે અને સ્થળે જે તહેવારો ઉપયોગી હોય, તે તહેવારો દ્વારા સામાજિક ચેતનાને પરિષ્કૃત કરવા માટે પર્વોના આયોજનની વ્યવસ્થા કરવી જોઈએ.

અત્યારની પરિસ્થિતિમાં પર્વ આયોજનોની સંખ્યા સીમિત જ રાખવી જોઈએ. વારંવાર યોજવામાં આવતાં આયોજનો કંટાળાજનક અને ભારરૂપ લાગે છે. આના લીધે સામૂહિક સંસ્કારોમાં શિથિલતા આવવાની શક્યતા વધી જતી હોય છે. આથી ઓછામાં ઓછા બેએક માસની અંદર કોઈકને કોઈ સામૂહિક પર્વનું આયોજન થતું રહેવું જોઈએ. આને સામાજિક ચેતનાની, સામૂહિક ઉલ્લાસની તથા જીવન્તતાની કસોટી માનીને ચાલવું જોઈએ. જીવંત વ્યક્તિઓએ પોતપોતાના ક્ષેત્રમાં આ પ્રકારનાં આયોજનો કરતા રહેવું જોઈએ.

## ॥ ઉપયોગી પર્વોની પસંદગી ॥

હિંદુ ધર્મમાં અનેક તહેવારો છે. સામૂહિક રીતે તહેવારોની ઉજવણીમાં એવા તહેવારો પસંદ કરવા જોઈએ કે જેમનું મહત્ત્વ પણ સવિશેષ હોય અને જેમાંથી સશક્ત પ્રેરણાઓ પણ પ્રાપ્ત કરી શકાય. પોતપોતાના વિસ્તારમાં જે તહેવારોનું વિશેષ મહત્ત્વ હોય તે તહેવારો ઊજવવાનું નક્કી કરવું જોઈએ અને પ્રતિવર્ષ ઉજવાય તેવો ક્રમ પણ બનાવી દેવો. વર્ષમાં ચારથી છ વાર આનંદ ઉલ્લાસભર્યા વાતાવરણમાં સામૂહિક રીતે તહેવારો ઊજવવા જોઈએ અને આ રીતે વ્યવસ્થા કરવામાં આવે તો જે તે વિસ્તારમાં સામાજિક ચેતનાને જીવંત અને પ્રગતિશીલ રાખી શકાય. આ પ્રકરણમાં કેટલાક સર્વમાન્ય અને મહત્ત્વપૂર્ણ તહેવારો ઊજવવાનું વિધિવિધાન આપવામાં

આવ્યું છે. પોતપોતાની પરિસ્થિતિ અને શક્તિ પ્રમાણે વિવેકાનુસાર નિર્ણય લેવો જોઈએ.

જ્યાં ગાયત્રી શક્તિપીઠ, ગાયત્રી પ્રજ્ઞાપીઠ અને ગાયત્રી પરિવાર, યુગનિર્માણ અભિયાનની સક્રિય શાખાઓ છે ત્યાં ચૈત્ર અને આસો નવરાત્રિની સામૂહિક સાધના-અનુષ્ઠાનો ફરજિયાત રીતે ચલાવવાં જોઈએ. પૂર્ણાહુતિ સાથે રામનવમીના તહેવારને પણ જોડી દેવામાં આવે. આસો નવરાત્રિ સાથે દશેરાનો તહેવાર જોડાયેલો હોય છે જ. અનુષ્ઠાન એક દિવસ વધારે ચલાવવું જોઈએ અથવા સ્થાનિક પરિસ્થિતિ મુજબ યોગ્ય ફેરફારો સાથે રામનવમી અને દશેરા બંને પર્વો નવરાત્રી સાથે જ જોડવાં જોઈએ. જો કે આ તહેવારો નવરાત્રી સાથે જોડવા જ જોઈએ એવું જરૂરી પણ નથી, પણ નવ દિવસની સાધનાત્મક વ્યવસ્થા કરેલી હોવાથી બહુ જ ઓછા ખર્ચમાં અને ઓછા શ્રમે આ પર્વો ઊજવી શકાતાં હોઈ ઊજવવાં જોઈએ.

આ પુસ્તકમાં જે પર્વોનું વિધિવિધાન આપવામાં આવ્યું છે તે આ મુજબ છે : (૧) **ચૈત્ર નવરાત્રિ** - ચૈત્ર સુદ ૧ થી ચૈત્ર સુદ ૯ સુધી (૨) **રામનવમી** - ચૈત્ર સુદ નોમ (૩) **ગાયત્રી જયંતી** - ગંગા દશેરા - જેઠ સુદ ૧૦ (૪) **ગુરુપૂર્ણિમા** - અષાઢ સુદ પૂર્ણિમા (૫) **શ્રાવણી-રક્ષાબંધન** - શ્રાવણ સુદ પૂર્ણિમા (૬) **કૃષ્ણ જન્માષ્ટમી** - શ્રાવણ વદ આઠમ (૭) **સર્વપિતૃ અમાવસ્યા** - ભાદરવા વદ અમાસ (૮) **આસો નવરાત્રી** આસો સુદ ૯ સુધી (૯) **વિજયાદશમી** - દશેરા આસો સુદ ૧૦ દસમ (૧૦) **દિવાળી** - આસો વદ અમાવસ્યા (૧૧) **ગીતા જયંતી** - માગશર સુદ ૧૧ (૧૨) **વસંતપંચમી** - મહાસુદ પાંચમ (૧૩) **શિવરાત્રિ** - મહાવદ તેરસ (૧૪) **હોળી** - ફાગણ સુદ પૂનમ.

બંને નવરાત્રિઓની વિધિ એકસરખી છે. એ જ રીતે જન્માષ્ટમી અને ગીતા જયંતીની વિધિ પણ એક જ છે. પ્રેરણાની દૃષ્ટિએ બંનેમાંથી એક પર્વ પણ ઊજવવામાં આવે તોય પૂરતું છે. ઉપર જણાવેલ તહેવારો જ ઊજવવા જોઈએ એવો કોઈ નિયમ પણ

નથી અથવા બીજા તહેવારો ન ઊજવવા એવું પણ નથી. પોતાના વિસ્તારમાં પ્રચલિત લોકમાન્યતા અને લોકરુચિના આધારે ઉપરોક્ત તહેવારોમાંથી પસંદગી કરીને ઊજવવા જોઈએ.

કેટલાક વિસ્તારોમાં આ સિવાયના ઘણા બધા તહેવારો સામૂહિક રીતે ઊજવવામાં આવે છે. આ તહેવારો સામૂહિક ચેતના જાગૃત થાય તે માટે પણ ઊજવવા જોઈએ. બધાજ તહેવારોની ઉજવણીનું વિધિવિધાન અલગ અલગ આપવા જતાં પુસ્તક ખૂબ જ મોટું બની જાય તેમ હોઈ, પ્રત્યેક પર્વ ઊજવવામાં કામ લાગે તેવું સર્વસુલભ સ્વરૂપ અહીં આપવામાં આવ્યું છે. આ પુસ્તકમાં આપવામાં આવેલાં પર્વો નીચે આપેલા પરિરૂપ પ્રમાણે ઊજવવામાં આવે.

## ॥ તહેવારો અનેક, પરિરૂપ એક ॥

શરૂઆતમાં જ કહેવામાં આવ્યું છે કે સમાજમાં પ્રેરણા અને ઉલ્લાસનું વાતાવરણ જાગૃત કરવાની દૃષ્ટિએ તહેવારોનું ઘણું મહત્ત્વ છે. તહેવારોની ઉજવણી પાછળ રહેલો હેતુ પરિપૂર્ણ થાય તે રીતે તહેવારોનું વિધિવિધાન પણ આપવામાં આવ્યું છે. કોઈ પણ તહેવારની ઉજવણીનો ક્રમ આ મુજબનો રહેશે :

૧. **સ્થાપના :** પૂજાવેદી બનાવી તેના ઉપર તહેવારના મુખ્ય દેવતાની છબીનું સ્થાપન કરવું. છબીની કે પૂજાસ્થાપનની બંને બાજુ કળશ અને દીપકની સ્થાપના કરવી.

૨. જે તે તહેવારના આયોજનની સાથે ગાયત્રી યજ્ઞને ફરજિયાત રીતે જોડી લેવો. ગાયત્રી યજ્ઞથી સ્થૂળ અને સૂક્ષ્મ વાતાવરણમાં જે પ્રભાવ પેદા થાય છે તે બીજી રીતે શક્ય નથી. સંજોગવશાત્ યજ્ઞ થઈ શકે તેમ ન હોય તો દીપયજ્ઞ કરીને પણ કામ ચલાવી લેવું.

૩. યજ્ઞ આયોજન કર્યું હોય તો પૂજામંચની સામે જ યજ્ઞકુંડ બનાવવો જોઈએ. તાંબાનો યજ્ઞકુંડ પણ રાખી શકાય. પૂજાના મંચ કરતાં યજ્ઞકુંડ નીચે પણ અન્ય લોકોની બેઠક કરતાં

સહેજ ઊંચો રહે તે રીતે ગોઠવવો.

૪ જો યજ્ઞ કરી શકાય તેવી સ્થિતિ ન હોય તો પૂજા વેદી પર થાળીઓ ગોઠવી તેમાં ૨૪ દીપક ગોઠવવા.

૫. ભાવનાશીલ આગંતુકો હાથપગ ધોઈને હારબંધ બેસે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

૬. નિયત સમયે કાર્યક્રમ શરૂ કરવો અને તેની શરૂઆત યુગ સંગીત, ભજન-કીર્તનથી કરવી જોઈએ. આનાથી સરસ મજાનું ભાવસભર વાતાવરણ પેદા થશે.

૭. પૂજાવેદી પર અને યજ્ઞવેદી પર પૂજા માટે શક્ય હોય ત્યાં સુધી કુંવારી કન્યાઓને જ બેસાડવી. આ કન્યાઓ પીળાં વસ્ત્રો ધારણ કરે. વિધિવિધાનથી જાણકાર હોય તેમને પ્રથમ પસંદગી આપવી. પૂજા કરાવવા માટે ૨ થી ૫ કન્યાઓ રાખવી.

૮. સંગીત પછી તહેવારોના હેતુ અને અનુશાસન વિશે માહિતી આપવી. વક્તવ્ય ખૂબજ ટૂંકું પણ લોકોનું ધ્યાન આકર્ષિત કરે તેવું ભાવવાહી હોવું જોઈએ. લાંબું ભાષણ ટાળવું. વચ્ચે વચ્ચે પ્રેરણાપ્રદ અને સારગર્ભિત વાતો કરતા રહેવું જોઈએ.

૯. કર્મકાંડ શરૂ કરાવતાં પહેલાં બધાંની પાસે સમૂહમાં એક સ્વરમાં ગાયત્રી મંત્ર બોલાવવો જોઈએ.

૧૦. પવિત્રીકરણ મંત્રની સાથે સ્વયંસેવક ભાઈઓ દ્વારા હાથમાં પાણીના કળશ લઈ ફૂલ અને આસોપાલવનાં પાન વડે દરેક પર પાણીનું સિંચન કરાવવું. સંખ્યા પ્રમાણે કળશોની સંખ્યા પહેલેથી જ નક્કી કરી લેવી.

૧૧. પૂજામાં બેસનાર કન્યાઓ પાસે ષટ્કર્મ વિધિ કરાવવી.

૧૨. પૂજનની ભાવના ટકી રહે એટલા માટે ઉપસ્થિત ભાઈબહેનોના હાથમાં ફૂલચોખા આપી દેવાં.

૧૩. 'ચંદન ધારણ' વખતે દરેકને તિલક કરવું. તિલકમાં ચંદન, કંકુ

અથવા ગોપીચંદનનો ઉપયોગ કરવો. કંકુ સાથે કપૂર ભેળવવામાં આવે તો ઠંડક અને સુગંધમાં વધારો થશે.

૧૪. કળશપૂજનથી લઈ રક્ષાવિધાન સુધીનો ક્રમ પતાવી નાખવો. સમયનો અભાવ હોય તો વિવેકબુદ્ધિ વાપરી ટૂંકાણમાં પતાવવું.

૧૫. જે તે તહેવારના મુખ્ય દેવતા વિશે ભાવના જાગૃત કરવી. ટૂંકમાં મુખ્ય દેવતાનો પરિચય કરાવવો. મુખ્ય દેવતા, તેમનાં અંગો, વાહન, આભૂષણ, આયુધો વગેરેનો પણ ઉલ્લેખ કરવો. દરેકની માહિતી આપી આવાહન કરવું. આમ કરવાથી પ્રેરણા અને શ્રદ્ધાસભર વાતાવરણ બનશે.

૧૬. આવાહન, નમન પછી બધા જ દેવોનું સામૂહિક રીતે ષોડશોપચાર પૂજન કરવું જોઈએ.

૧૭. પૂજનવિધિ પૂરી થયા પછી તહેવારના આદર્શોને અનુરૂપ એકાદ વ્રત કે નિયમ લેવડાવવો.

૧૮. સંકલ્પ વખતે દરેકના હાથમાં આપવામાં આવેલાં ફૂલચોખા દરેક પાસેથી એકત્ર કરી પૂજાવેદી પર મુખ્ય દેવતા સમક્ષ અર્પણ કરી દેવાં.

૧૯. સંકલ્પ જળવાઈ રહે, તેની શક્તિ પ્રાપ્ત થાય તે માટે યજ્ઞનું મહત્ત્વ સમજાવીને યજ્ઞ પૂરો કરવો. યજ્ઞ કરવામાં આવે તો યજ્ઞની આરતી સાથે જે તે પર્વના મુખ્ય દેવતાની પણ આરતી કરવી. દીપયજ્ઞ પછી પણ આરતી કરવી. આરતી બધાંને આપવી.

૨૦. અંતમાં જયઘોષ બોલાવીને વિસર્જન કરવું. યુગનિર્માણ સત્સંકલ્પ બધાં પાસે બોલાવવો. પ્રસાદ વહેંચી કાર્યક્રમની સમાપ્તિ કરવી.

બધા જ તહેવારોની ઉજવણીમાં એક સરખો ક્રમ રહેશે. ફક્ત મુખ્ય દેવતાનાં આયુધો, આભૂષણો અને વાહનોમાં તફાવત પડશે. સંકલ્પમાં પણ થોડોક ફેરફાર કરવો. અહીં આપવામાં આવેલા

તહેવારો સિવાય અન્ય તહેવારોને પણ આ જ રીતે ઊજવી શકાય. આવાહન માટે મંગલાચરણમાંથી કોઈ પણ મંત્ર પસંદ કરી બોલી શકાય. આ રીતે એક જ અનુશાસનમાં નવીનતા, રોચક્તા તથા વિવિધતાનો સમાવેશ કરી શકાય છે.

## ॥ વ્યવસ્થા કઈ રીતે કરશો ? ॥

જે તહેવાર ઊજવવો હોય તેની ઉજવણીનો નિર્ણય એકાદ માસ અગાઉ કરી લેવો જોઈએ. આથી પરિજનો પોતપોતાના મિત્રવૃંદમાં પર્વ સંબંધી ચર્ચા-પરામર્શ કરતા રહે, આમંત્રણ આપતા રહે. એકાદ અઠવાડિયા અથવા ૩-૪ દિવસ પહેલાં પુરુષો અને મહિલાઓ ટુકડીઓ બનાવી ઘેર ઘેર જાય અને પીળા ચોખા આપી ભાવભર્યું આમંત્રણ આપે. જરૂર જણાય તો પત્રિકાઓ છપાવીને આપવી જોઈએ. ઉજવણીનો સમય બધાંને અનુકૂળ હોય તેવો પસંદ કરવો. ઉજવણીના સ્થળે સુંદર અને આકર્ષક મંડપ બનાવવો. જે તે તહેવારના મુખ્ય દેવતાને સજાવી શણગારીને સ્થાપિત કરવા. આમંત્રિત લોકોને હારબંધ બેસાડવા. જેટલાં સ્ત્રીપુરુષો પર્વપૂજામાં ભાગ લેવાનાં હોય તે મુજબ આયોજન સ્થળે પહેલેથી જ આસન વગેરેની વ્યવસ્થા કરી રાખવી. જગ્યાની પસંદગી પણ આવનાર સંખ્યાને ધ્યાનમાં રાખીને કરવી.

આમંત્રિતો અને દર્શનાર્થીઓના જોડા-ચંપલની સંભાળ માટે સ્વયંસેવકની વ્યવસ્થા કરવી. લોકો પગરખાં વ્યવસ્થિત ક્રમમાં ઉતારે તેવી વ્યવસ્થા કરવી.

સ્ત્રીપુરુષોની અલગ લાઈનો કરવી. બેસાડવાની વ્યવસ્થા કરનાર સ્વયંસેવક અનુભવી અને શાણપણવાળો તથા માયાળુ સ્વભાવવાળો રાખવો. બાળકોને કાબૂમાં રાખવાં. નાનાં છોકરાંવાળી બહેનોને પાછળ બેસાડવી. આથી નાનાં બાળકો રડે અથવા ગરબડ કરે તો ઊઠીને જવામાં તકલીફ પડે નહીં.

પર્વપૂજન વખતે બધાંને અક્ષત-પુષ્પ આપવાં. તિલક, જળસિંચન

વગેરે માટે જાણકાર કાર્યકર્તાઓની નિયુક્તિ પહેલેથી જ કરી દેવી. જે તે તહેવાર માટેની પૂજાસામગ્રી પહેલેથી જ મંગાવીને પૂજાસ્થાન પર લાવી રાખવી. લાવ્યા પછી ફરી એકવાર યાદી મુજબ ચકાસી લેવી તથા યોગ્ય સ્થાને ગોઠવવી, જેથી જરૂરના સમયે મુશ્કેલી ન પડે. સમયનો ખ્યાલ રાખવામાં આવે. સમજી વિચારીને અનુકૂળ સમય પસંદ કરવો. સમયની જાહેરાત કર્યા પછી તે પ્રમાણે કામ થાય તેનું ધ્યાન રાખવું. નક્કી કરેલા સમયે જ કામ શરૂ કરવું અને નિયત સમયે પૂર્ણાહુતિ પણ કરવી. આમ કરવાથી લોકોનો સમય બરબાદ થશે નહીં. તેમજ ભવિષ્યમાં બીજાં આયોજનો માટે લોકોનો ઉત્સાહ વધશે.

વાતાવરણને રમણીય અને પવિત્ર બનાવવા માટે પ્રયત્ન કરવો. મંડપમાં ધજા, તોરણ, બેનર વગેરે લગાડવાં. સમય અને સ્થળ મુજબ સુશોભન પણ કરી શકાય. આ બધી નાની નાની બાબતો પર ધ્યાન આપવાથી અને એ મુજબ વર્તવાથી વાતાવરણમાં ભવ્યતા લાવી શકાય છે. આયોજન ખર્ચાળ ન બને તેનું ધ્યાન પહેલેથી જ રાખવું. પ્રસાદમાં પણ પંચામૃત અને પંચાજીરી, સાકરિયા જેવો એકાદ સસ્તો પ્રસાદ રાખવો.

# ॥ નવરાત્રિ પર્વ ॥

નવરાત્રી વર્ષમાં બેવાર આવે છે. (૧) ચૈત્ર સુદ ૧ થી ૯ સુધી. આ જ દિવસથી વિક્રમસંવતનું નવું વર્ષ પણ શરૂ થાય છે. વિક્રમાદિત્ય રાજા હોવા ઉપરાંત કલ્યાણકારી લોકસેવક પણ હતો. તે નાનામાં નાના માણસોના હક્કોનું પણ ધ્યાન રાખતો અને આ કાર્યની પૂર્તિ માટે ગમે તેવા જોખમને પણ તે વહોરી લેતો. રાજા વિક્રમની આદર્શનિષ્ઠાની વાત 'સિંહાસન બત્રીસી'માં પણ આવે છે. લોકમાનસ અને રાજ્યતંત્રના આદર્શોનો યોગ્ય સમન્વય તેણે કર્યો હતો. આથી તેના રાજ્યાભિષેકને સંવત્સર સાથે જોડીને નવેસરથી વિક્રમ સંવતની શરૂઆત કરી. આથી તેની કીર્તિ અમર બની ગઈ.

ચૈત્ર નવરાત્રિની શરૂઆત વિક્રમ સંવતથી અને પૂર્ણાહુતિ ભગવાન રામના જન્મદિવસથી થાય છે. (૨) બીજી નવરાત્રિ આસો સુદ ૧ થી ૯ સુધી હોય છે. આની સાથે દશેરાનો તહેવાર પણ આવે છે. જ્યોતિષશાસ્ત્ર મુજબ નક્ષત્રોની ગણના અશ્વિનિ નક્ષત્રથી થાય છે. આથી આસો મહિનાને જ્યોતિષ વર્ષનો પ્રથમ મહિનો ગણવામાં આવે છે.

આમ બંને નવરાત્રી સાથે નવી શરૂઆતની ભાવના-માન્યતા જોડાયેલી છે. બંને વચ્ચે છ માસનો ગાળો છે. આ સાધના પર્વને બે ભાગમાં વહેંચી દેવામાં આવ્યું છે. આ જ સમય ઋતુઓનો સંધિકાળ છે. ઉપાસના માટે સંધિકાળને સૌથી શ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે. આથી આ સંધિકાળના સમયમાં આવતી નવરાત્રિના નવ-નવ દિવસનાં અનુષ્ઠાનોને વિશિષ્ઠ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

નવરાત્રિના તહેવાર સાથે દુર્ગાવતરણની કથા પણ જોડાયેલી છે. વર્તમાન સમયને તત્ત્વદર્શીઓએ ‘યુગસંધિકાળ’ તરીકે ઓળખાવ્યો છે. આ યુગની ભયંકર સમસ્યાઓમાંથી મુક્તિ મેળવવા માટે યુગશક્તિના અવતરણની ઈચ્છા દરેકના મનમાં જાગે છે. આવી સ્થિતિમાં વ્યક્તિગત સાધના કરતાં સામૂહિક સાધનાનું મહત્ત્વ અનેકગણું છે. આથી યુગનિર્માણ યોજનાના સૂત્ર સંચાલકે ભાવનાશીલ અને વિવેકવાન લોકો પાસે અપેક્ષા રાખી છે કે નવરાત્રિ પર્વ વખતે સામૂહિક સાધના-અનુષ્ઠાન કરવું જોઈએ. આ જવાબદારી શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠો અને શાખાઓને વિશેષરૂપથી સોંપવામાં આવી છે. જ્યાં બે-ચાર પરિજનો હોય ત્યાં પણ સામૂહિક સાધનાની વ્યવસ્થા કરવામાં આવે. સંજોગોવશાત્ જે લોકો અનુષ્ઠાન પોતાને ઘેર રહીને કરતા હોય તેઓ પણ સાંજની આરતીમાં અને પૂર્ણાહુતિમાં બધાંની સાથે જ જોડાય. આ પ્રકારનો પ્રયત્ન પ્રત્યેક નવરાત્રી વખતે દરેક વિચારશીલ સાધકે કરવો જોઈએ.

# ॥ વ્યવસ્થાક્રમ ॥

✤ સામૂહિક સાધના માટે કોઈક સાર્વજનિક સ્થાન પસંદ કરવું અથવા કોઈના ઘેર આ વ્યવસ્થા કરવી. સ્થાન એવું પસંદ કરવું કે જેથી ત્યાં રહેનારાઓને આપણા કારણે તકલીફ ન પડે અને તેઓના દ્વારા આપણી સાધનામાં વિક્ષેપ ન પડે.

✤ દેવસ્થાપન થઈ શકે અને બધા વ્યવસ્થિત બેસી શકે તેટલી જગ્યાવાળું સ્થાન પસંદ કરવું.

✤ સાધના સ્થળે સ્થાપન આકર્ષક બનાવવું. ગાયત્રી માતાનું ચિત્ર, કળશ, દીપક વગેરે સજાવવામાં આવે. જવારા વાવવાથી પવિત્રતા અને સુંદરતામાં વધારો થશે. જવારા એકાદ દિવસ અગાઉ પણ વાવી શકાય, પણ વાવતાં પહેલાં ૨૪ કલાક પાણીમાં પલાળી રાખ્યા હોય તો તે જલદી ઊગે છે.

✤ સામૂહિક સાધના માટે પહેલેથી જ લોકસંપર્ક કરી સાધકોની સંખ્યા વધારવા પ્રયત્ન કરવો જોઈએ.

✤ સાધના કરવા માટે સાધનાનું મહત્ત્વ, પ્રેરણા અને સ્નેહયુક્ત આગ્રહ કરવાથી તથા પ્રોત્સાહન આપવાથી નબળા સંકલ્પવાળા લોકો પણ આ સાધનાનો લાભ લઈ શકે છે.

✤ રોજની ૨૭ માળા કરવાથી નવ દિવસમાં ૨૪૦૦૦ મંત્રજાપનું અનુષ્ઠાન થઈ જાય છે. જેનાથી આ ન થઈ શકે તેઓ રોજની ૧૨ માળા કરીને ૧૦૮ માળાનું નાનું અનુષ્ઠાન કરી શકે છે. પ્રયત્નો એવા કરવા કે જેથી નવરાત્રિ પર્વ વિશિષ્ઠ સાધનાનું પર્વ બની જાય.

✤ અનુષ્ઠાન દરમ્યાન અસ્વાદ વ્રત, એક સમય ભોજન અથવા ફળફળાદિ લઈને ઉપવાસ કરવો. બ્રહ્મચર્યનું પાલન કરવું. ચામડાના જોડા પહેરવા નહીં. ખાટલા પૈર સૂવું નહીં. પોતાનું કામ જાતે કરવું. અનુષ્ઠાન દરમ્યાન ઉપરના નિયમોનું પાલન કરવું.

✤ નવરાત્રી શરૂ થાય તેના એકાદ દિવસ અગાઉ સમૂહમાં મળી દરેકને અનુષ્ઠાન સંબંધી નિયમોની સૂચના આપવી. પ્રાતઃકાળે

ઊઠવાનો સમય પણ નિયત કરી લેવો.

- પ્રથમ દિવસે પ્રાતઃકાળે અથવા આગલા દિવસની સાંજે અનુષ્ઠાન સંકલ્પ કરાવવો. એક સાધક પૂજાની જરૂરી સામગ્રી સાથે સ્થળ પર આવી જાય. બધા હાથપગ ધોઈ દેવસ્થાપનની સામે હારબંધ ગોઠવાઈ જાય. ટૂંકમાં સાધનાનું મહત્ત્વ સમજાવી નીચે જણાવ્યા મુજબ કાર્યક્રમની શરૂઆત કરવી : (૧) ષટ્કર્મ-સંધ્યા કર્મ કરવું. (૨) યજ્ઞોપવીત પરિવર્તન (જનોઈ બદલવી). જે લોકોએ જનોઈ ધારણ કરી ન હોય તેઓને પણ નવ દિવસ પૂરતી જનોઈ પહેરાવવી. (૩) ચંદનધારણ અને નાડાછડી બાંધવાનું કર્મ કરવું. (૪) કળશ સ્થાપન, દીપ પ્રાગટ્ય અને પૂજન. (૫) સર્વ દેવ આવાહન, પૂજન, નમસ્કાર કરી સમય અને વ્યવસ્થાનુસાર પુરુષસૂક્તથી ષોડશોપચાર પૂજા કરાવવી. (૬) સ્વસ્તિવાચન (૭) અનુષ્ઠાન સંકલ્પ અને અભિસિંચન, અભિષેક (૮) પુષ્પાંજલિ સ્થાપના વેદી પર સંકલ્પના ફૂલ-ચોખા ચડાવવા તથા પ્રણામ કરવા.
- જપ દરમ્યાન દીપક-અગરબત્તી ચાલુ રાખવાં. અખંડ દીપકની આવશ્યક્તાનથી. અખંડ દીપક રાખવો હોય તો સવારે જપ થાય ત્યારથી લઈને સાંજે આરતી સુધી રાખી શકાય.
- સાંજે સામૂહિક ગાયત્રી ચાલીસા, પ્રેરણાપ્રદ ભજનકીર્તન, પ્રજ્ઞાપુરાણ કથાનું વાંચન, ફોલ્ડર વાંચન તથા વિશેષ સંદેશ જેવા કાર્યક્રમો રાખવા. અંતમાં આરતી પછી ક્રમ સમાપ્ત કરવો.
- નવમા દિવસે સામૂહિક પૂર્ણાહુતિની વ્યવસ્થા કરવી. સાધકોની સંખ્યા પ્રમાણે વેદી બનાવવી. યજ્ઞ કરવો. સામૂહિક ક્રમમાં આહુતિની સંખ્યાનું બંધન નથી હોતું. સોપારી અથવા શ્રીફળના ગોળાથી યજ્ઞની પૂર્ણાહુતિ કરવી.
- પૂર્ણાહુતિ બાદ પ્રસાદ વહેંચવો. શક્ય હોય અને વ્યવસ્થા થાય તેમ હોય તો યજ્ઞની પૂર્ણાહુતિ બાદ બધાએ સામૂહિક પ્રીતિભોજન (ખીચડી-કઢી કે દાળભાત)નો પ્રસાદ લઈ ઉપવાસ અને અનુષ્ઠાન સાધનાની સમાપ્તિ કરવી.

- ✣ અનુષ્ઠાનની સાથે દાન અને બ્રહ્મભોજનનું મહત્ત્વ જોડાયેલું છે. જ્ઞાનદાનને સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. આથી દરેક સાધકે યથાશક્તિ યુગનિર્માણ સાહિત્ય, ચાલીસા, ફોલ્ડર્સ, સ્ટીકર વગેરે ખરીદીને યોગ્ય વ્યક્તિઓને પ્રસાદના રૂપમાં વહેંચવાં જોઈએ. આ સાહિત્ય લોકો વાંચે, અન્યને વંચાવે અને સાચવીને મૂકી રાખે તેની પણ સચૂના આપતા રહેવું. આ ક્રિયાને સાધના અનુષ્ઠાન પછી કરવામાં આવતા દાન અને બ્રહ્મભોજન સમતુલ્ય માનવામાં આવી છે. દાનનો સંકલ્પ પણ યજ્ઞ પૂર્ણાહુતિ વખતે જ લેવો જોઈએ. પછીથી સગવડ પ્રમાણે સાહિત્યનું વિતરણ કરતા રહેવું.
- ✣ પૂર્ણાહુતિ પછી દેવવિસર્જન કરવું, પણ જો આ જ જગ્યાએ રામનવમી કે દશેરાનો તહેવાર ઊજવવો હોય તો વિસર્જન ત્યાર પછી કરવું.
- ✣ સામૂહિક સાધનાના સંરક્ષણ અને દોષપરિમાર્જન માટે 'શાંતિકુંજ, હરિદ્વાર'ને અગાઉથી જાણ કરી દેવી જોઈએ. સાધકોની યાદી પણ મોકલી શકાય.

## ॥ રામનવમી ॥

**માહાત્મ્ય :** અધર્મનો નાશ અને ધર્મની સ્થાપના, સાધુતાનું રક્ષણ અને દુષ્ટોનો વિનાશ - આ બે હેતુઓ પૂર્ણ કરવા ભગવાન અવતાર ધારણ કરે છે. જ્યારે જ્યારે આ ધરતી પર અવતારી દેવદૂતો આવ્યા છે ત્યારે ત્યારે ફેલાયેલી અસુરતાનો નાશ કરી દેવત્વની સ્થાપના કરી છે. જેના હૃદયમાં એ બે કામ કરવા માટેની ઉત્કંઠા જાગતી હોય, આ દિશામાં જેનું કાર્ય જેટલું પ્રખર બની રહ્યું હોય,તેના અંતઃકરણમાં ભગવાનનો એટલો જ પ્રકાશ ઝગમગી રહ્યો હોય છે. અવતારી દેવદૂતોની જન્મજયંતી ઊજવવાનો મૂળભૂત હેતુ એ છે કે ભગવાનને જે કાર્ય સૌથી વધુ પ્રિય હોય, જેના માટે તે દેહધારણ કરે છે અને કષ્ટો સહે છે, તેનું આપણે પણ અનુકરણ કરીએ અને એ માર્ગ પર ચાલવા પ્રયત્ન કરીએ.

આમ તો અવતાર ચોવીસ અથવા દસ થયા છે, પણ તે બધામાં મહત્ત્વ તો ભગવાન રામ અને કૃષ્ણને જ આપવામાં આવે છે. ભગવાન રામની કથાઓ અને કૃષ્ણની લીલાઓ પ્રખ્યાત છે. આપણે ત્યાં રામ અને કૃષ્ણની લીલાઓ પણ ભજવવામાં આવે છે. દેવમંદિરોમાં મૂર્તિઓ પણ એમની જ હોય છે. બીજા અવતારોની પણ ચર્ચા અને પ્રતિષ્ઠા તો છે, પણ આ બંને જેટલી તો નથી જ. આનું કારણ એ છે કે આ બે અવતારોમાં એટલી બધી પ્રેરણા અને શિક્ષણ ભરેલું પડયું છે, જે માનવજીવનના વિકાસ અને ઉન્નતિ માટે અત્યંત જરૂરી છે. મર્યાદાનું પાલન, પોતાના કાર્યમાં અવિચલ નિષ્ઠા, વ્યવહારમાં સૌજન્ય અને અનીતિ વિરુદ્ધ પ્રબળ સંઘર્ષ - આ ચારેય કર્તવ્ય એવાં છે, જે રામચરિત માનસમાં ડગલે અને પગલે જોવા મળે છે. જન્મથી લઈને મૃત્યુપર્યંતના તમામ પ્રસંગોમાં ભગવાન રામે ઉચ્ચ આદર્શવાદિતાને જ ચરિતાર્થ કરી છે. જ્યારે ચારેય ભાઈ રમત રમે છે ત્યારે ભરતને જીતાડીને ખુશ રાખવા માટે રામ પોતે હારી જવાનો બહુ સુંદર અભિનય કરે છે. પોતાનું અપમાન થતું હોય, પણ જો નાનાને શ્રેય મળતું હોય તો પોતાના મહત્ત્વને ભૂલી જવું જોઈએ. બાળપણમાં મહર્ષિ વિશ્વામિત્ર યજ્ઞની રક્ષા માટે માગણી કરવા આવ્યા ત્યારે જીવનું જોખમ ખેડીને પણ હસતાં હસતાં તેમની સાથે જંગલમાં ચાલ્યા ગયા. 'લાભ વિશ્વામિત્ર અને તેમના યજ્ઞને અને જીવનું જોખમ મારે' આવું રામ નથી વિચારતા. શુભકાર્ય જ્યાં પણ થતું હોય, કોઈ પણ વ્યક્તિ તે કામ કરતી હોય, તો તેમાં પૂરેપૂરો સહયોગ આપવો જોઈએ. તેઓ જીવનું જોખમ ખેડીને પણ વિશ્વામિત્રને સંપૂર્ણ મદદ કરે છે. બાળક હોવા છતાં મહાન શક્તિશાળી રાક્ષસો સાથે લડે છે.

અપરમા કૈકેયી વનવાસ આપવા માગે છે, છતાં ભગવાન રામે પોતાની માતા કરતાં પણ વધારે મહત્ત્વ મા કૈકેયીને આપ્યું. એની ખુશી માટે વનવાસ પણ સ્વીકારી લીધો. પોતાનો રાજા તરીકેનો અધિકાર જતો કરીને કર્તવ્ય નિભાવ્યું. પિતાજી વચન તોડવા તૈયાર

થાય છે. કૈકેયીને આપેલાં વચનો ફોક કરવાનું વિચારે છે ત્યારે રામ પિતાજીને સમજાવે છે અને તેમની તમામ મૂંઝવણો પોતે દૂર કરે છે. તેઓ સગાસંબંધીઓના મોહને તુચ્છ ગણાવે છે તથા સત્પુરુષોના વચનનું રક્ષણ કરવું અને પ્રામાણિકતાપૂર્વક પાલન કરવું તેને ધર્મ ગણાવે છે. વનવાસ સ્વીકારીને રામે પિતાજીના વચન અને તેમની પ્રામાણિકતાને અખંડિત રાખી.

ચિત્રકૂટમાં રામ ભરતને મળે છે. ભરત રામને પાછા આવવાની વિનંતી કરે છે અને રાજગાદી સ્વીકારવાનું કહે છે, પણ રામ તો પોતાનો નાનોભાઈ ભરત રાજા રહે અને પોતે વનવાસી તપસ્વી જીવન વ્યતીત કરે તેમાં જ પ્રસન્નતા વ્યક્ત કરે છે. તેઓ તો સુખસગવડવાળા જીવન કરતાં કષ્ટ અને મુશ્કેલીઓથી ભરેલું પરમાર્થ પ્રયોજનવાળું જીવન જ જીવવાનું શ્રેષ્ઠ માને છે, તેમ જ સગવડતાવાળું જીવન જીવવાનો અસ્વીકાર કરી દે છે.

સ્વાવલંબી જીવન જીવનાર અને નિઃસ્વાર્થ ભાવથી ઋષિમુનિઓ અને શિષ્યોનો માર્ગ સાફ કરતી શબરીની ભક્તિને યોગી-તપસ્વીઓની ભક્તિ કરતાં ચઢિયાતી ગણે છે. તેનું અભિવાદન કરે છે. તેની ઝૂંપડીએ ખુદ પોતે જાય છે. જન્મના આધારે ઊંચનીચના ભેદભાવ પ્રત્યે તિરસ્કાર વ્યક્ત કરતાં પોતે શબરીનાં એંઠાં બોર આરોગે છે.

સૂર્પણખાના રૂપ અને વૈભવનો અસ્વીકાર કરીને પોતે એકપત્નીવ્રતની પ્રબળ નિષ્ઠાનો પરિચય આપે છે. અસુરતાનો આતંક જોઈને તેઓ તેની સામે લડવા માટે સમજદાર માણસોને આગળ આવવા જણાવે છે, પણ સમજુ લોકો તે માટે અસમર્થતા બતાવે છે ત્યારે અણસમજુ એવા પછાત વાનરોની સેના એકઠી કરે છે અને સંસારને બતાવી આપે છે કે બહારથી ગમે તેટલું બળવાન દેખાતું પાપ અંદરથી હમેશાં પોલું-દુર્બળ હોય છે અને જ્યારે મનસ્વી લોકો તેની સામે માથું ઊંચકે છે ત્યારે બહારથી ભયંકર શક્તિશાળી દેખાતો પાપનો કિલ્લો તૂટીને ભોંય ભેગો થઈ જાય છે. અનેક

વરદાનો મેળવીને શક્તિશાળી બનેલો રાવણ જ્યારે મરાયો અને નીચે પડ્યો ત્યારે તેના શરીરમાં અનેક ઘા પડેલા જોયા ત્યારે ભગવાન રામે કહ્યું, "મારું તો એક જ તીર વાગ્યું છે, બાકીના ઘા તો તેનાં કુકર્મોના છે, જે પોતાની મેળે ફૂટી નીકળ્યાં છે." પોતાના વિજયનું રહસ્ય પણ ધર્મમાર્ગના અવલંબનને જ ગણાવ્યું છે. ન્યાય, નીતિ અને સત્યમાં હજાર હાથીઓનું બળ હોય છે. તે સાધનરહિત હોવા છતાં આખરે વિજયને જ પ્રાપ્ત કરે છે. વિજય હંમેશાં ન્યાય, નીતિ અને સત્યના પક્ષે જ જાય છે.

પ્રજાની પ્રસન્નતા માટે પોતાની પત્નીને વનમાં મોકલવી, યજ્ઞમાં પત્નીની જરૂરિયાત હોવા છતાં બીજું લગ્ન ન કરવું, વૃદ્ધાવસ્થામાં તપ અને સાધના કરવા માટે વાનપ્રસ્થ, સંન્યાસ ધારણ કરવો વગેરે અનેક એવા પ્રસંગો છે, જેનું ઘટનાત્મક વર્ણન હજારો પ્રવચન કરતાંય અધિક છે. ભગવાન રામે જીવનના આદર્શોને માત્ર વાણીથી નહિ, પરંતુ પોતાના આચરણ દ્વારા લોકો આગળ રજૂ કર્યા છે.

ભગવાન રામના બીજા સાથીઓ, સહયોગીઓ, મિત્રો પણ એવા જ ઉચ્ચ ચરિત્રવાળા હતા. તેઓએ સામયિક લાભ લેવા માટે દુષ્ટ માણસોને ન તો સાથ આપ્યો કે ન સાથ લીધો. લક્ષ્મણે અનન્ય સેવક બનીને ભાઈને સાથ આપ્યો. વનવાસ લક્ષ્મણને નહોતો મળ્યો, તો પણ તે સાથે ગયા. તેમની પત્ની ઊર્મિલા અને માતા સુમિત્રાએ એ આદર્શને અટકાવ્યો નહીં, પણ પોતાના મોહ ઉપર નિયંત્રણ કરી, ઉપરથી સાથે જવાનું પ્રોત્સાહન આપ્યું. ધન્ય છે એ માતા અને પત્નીને.

ભરતનો અત્યંત આગ્રહ હોવા છતાં રામે જ્યારે ગાદીનો અસ્વીકાર જ કર્યો ત્યારે ભરતે રામપાદુકા માગી અને પાદુકાઓને સિંહાસન પર સ્થાપિત કરી રાજકાજ ચલાવ્યું અને પોતે ભાઈની જેમ તપસ્વી જીવન વિતાવ્યું. કેવટે તેમને ગંગા પાર કરાવી. ગૃહ રાજાને જ્યારે શંકા થઈ કે ભરત ચતુરંગી સેના લઈને રામ સાથે

લડવા આવી રહ્યો છે ત્યારે તેણે પોતાના વીરોને સાબદા રાખવાનું, નૌકાઓ ડુબાડી દેવાનું અને ભરતના લશ્કરને હરાવીને પાછું ભગાડી મૂકવાનું નક્કી કર્યું. જો કે પાછળથી રાજા ગૂહની શંકા ખોટી સાબિત થઈ અને બંને સાથે મળી રામ પાસે ગયા અને રામ-ભરત મિલનમાં ઉપરથી મદદ કરી. અનીતિ સામે ગમે તેવાં જોખમો ખેડીને પણ લડવું અને દુષ્ટોનો નાશ કરવો એ નિર્ણય જે ગૂહ રાજાએ લીધો તે ગૂહ રાજાની મહાનતાનો પરિચય કરાવે છે. રામના મિત્રો અને સહયોગીઓ પણ રામ જેવા જ હતા.

મારા જીવતાં કોઈની વહુ-બહેન-બેટીનું અપમાન નહીં થવા દઉં એવું કહેનાર વૃદ્ધ જટાયુ રાવણ સાથે લડયો. પોતાના પ્રાણની આહુતિ આપી પણ દુષ્ટ આતંકવાદી સામે હાર તો ન જ માની. રીંછ-વાનરોનો ભવ્ય ત્યાગ અને બલિદાન તો ગજબનાં હતાં. અરે ! એક ખિસકોલી પણ પોતાની પૂંછડીના વાળમાં ધૂળ ભરીને સમુદ્રમાં નાખવા લાગી, જેથી સમુદ્ર જલદી પુરાઈ જાય અને અનીતિ સામે લડનાર વાનરોને સફળતા મળે. વિભીષણે સુખસગવડનો ત્યાગ કર્યો. કુટુંબ અને સગાંઓ છોડયાં. ત્રાસ સહન કર્યો, પરંતુ ન્યાયને સાથ આપવા તેઓ રામની સાથે જ રહ્યા. જેઓ પોતે શ્રેષ્ઠ હોય છે તેઓ ન્યાયને શ્રેષ્ઠ માને છે અને તેઓ જ એમના સહયોગી બને છે. આ પ્રકારના પ્રસંગો અને ઘટનાઓમાં ડગલે ને પગલે નીતિ, ધર્મ, સદાચાર, સંયમ, પરમાર્થ, ઉદારતા અને અધ્યાત્મ ભરેલું છે. રામનવમીનો તહેવાર ઊજવતી વખતે આવા જ પ્રસંગો લોકસમુદાયને સંભળાવવામાં આવે છે કે જેથી તેઓને ભગવાન રામના પગલે ચાલવાની પ્રેરણા મળે.

રામનવમી પછી છઠ્ઠા દિવસે ચૈત્રસુદ પૂર્ણિમાના દિવસે હનુમાન જયંતી આવે છે. હનુમાનજીની ચર્ચા પણ ભગવાન રામના શ્રેષ્ઠ સેવકના રૂપમાં કરવામાં આવે. ભલે હનુમાન ભજનપૂજન ન જાણતા હોય, પણ પોતાનું તન અને મન સર્વ ભાવે 'રામકાજ'માં સમર્પિત કર્યું અને સમુદ્રલંઘન, લંકાદહન અને પર્વત ઊંચકી લાવવા જેવાં

અઘરામાં અઘરાં કાર્યો કરવા તૈયાર થયા. પોતાના સુખને ભૂલી ગયા. લગ્ન, બાળકો, નોકરી તથા મકાન-બંગલા વગેરે બધું ભૂલી જઈને, અરે ! પોતાની જાતને પણ ભૂલી જઈને ભગવાનનું કાર્ય કર્યું. આમ, ભગવાનનું કાર્ય કરી શકે અને ભક્તની પરીક્ષામાં સફળ થઈ શકે, એનું જીવંત શિક્ષણ હનુમાનજીના પાત્ર દ્વારા મળે છે.

રામનવમી આવા જ સંદેશ અને પ્રેરણાથી ભરેલું પર્વ છે. લોકોને એવું જ સમજાવવામાં આવે કે ભગવાન રામની પ્રત્યે સાચી ભક્તિ કરવા માટે સૌ પ્રથમ તેમનો સંદેશ હૃદયમાં ઉતારવો પડે અને પોતાના જીવનક્રમને બદલવો પડે. ફક્ત ટીલાં-ટપકાં કરવાથી, આરતી ઉતારવાથી અને ભગવાનના નામનું રટણ કરવા માત્રથી જ ભક્તિનું પ્રયોજન પૂરું થઈ જતું નથી.

## ॥ પૂજનનો ક્રમ ॥

- રામનવમીના દિવસે મંચ પર ભગવાન રામનો ફોટો સ્થાપિત કરવામાં આવે. એમની સાથે સીતાને, બધા ભાઈઓ તથા હનુમાનજીને પણ રાખવામાં આવે.
- પર્વ વ્યવસ્થાક્રમ મુજબ બધી જ વ્યવસ્થા કરીને શરૂઆતમાં સામાન્ય પૂજન કરાવી રક્ષાવિધાન સુધીનો ક્રમ વિવેકપૂર્ણ રીતે પૂરો કરવામાં આવે.
- ત્યારબાદ ક્રમિક રીતે ભગવાન રામ, માતા સીતા, ભાઈઓ અને ભક્ત હનુમાનનું આપેલા મંત્રો વડે આવાહન કરવું. ભગવાન શ્રીરામનું વ્યક્તિત્વ આ બધાંના સંયોગથી પૂર્ણ બને છે. દરેક આવાહન મંત્ર પહેલાં જે તે દેવની મહાનતા ઉપર ટૂંકમાં વિવેચન કરવું. ભાવનાપૂર્ણ રીતે મંત્રોચ્ચાર કરી આવાહન કરવું.

**ક્રિયા અને ભાવના :** સર્વ પ્રથમ ભગવાન શ્રીરામનું આવાહન કરવું. ભગવાન શ્રીરામના જન્મદિવસના પાવન પર્વ પર તેમનો પ્રકાશ આપણા બધાના અંતઃકરણમાં અને વાતાવરણમાં અવતરિત થાય, જેથી તેને અનુરૂપ જીવનક્રમ બનાવીએ અને જીવનમાં શ્રી, સમૃદ્ધિ અને સંતોષની પ્રાપ્તિ કરવામાં આપણે સમર્થ બનીએ.

## ॥ શ્રીરામ આવાહન ॥

ૐ દાશરથયે વિદ્મહે, સીતાવલ્લભાય ધીમહિ ।
તન્નો રામઃ પ્રચોદયાત્ - રા. ગા.

ૐ રામ એવ પરં બ્રહ્મ, રામ એવ પરન્તપઃ ।
રામ એવ પરં તત્ત્વં, શ્રીરામો બ્રહ્મતારકમ્ ॥- રા. રહ. ૧.૬

ૐ શ્રીરામાય નમઃ ।

## ॥ સીતાજીનું આવાહન ॥

પવિત્રતા અને નિષ્ઠાની મૂર્તિ મા સીતા પવિત્ર પ્રવાહ બનીને આપણા બધામાં વહે, જેથી આપણે અપૂર્ણમાંથી પૂર્ણ તરફ ગતિ કરી શકીએ.

ૐ જનકજાયૈ વિદ્મહે, રામપ્રિયાયૈ ધીમહિ ।
તન્નઃ સીતા પ્રચોદયાત્ ॥ - સી. ગા.

ૐ ઉદ્ભવસ્થિતિ સંહારકારિણીં ક્લેશ હારિણીમ્ ।
સર્વશ્રેયસ્કરીં સીતાં નતોઽહં રામવલ્લભામ્ ॥ - રા.ચ.મા.

ૐ શ્રી સીતાયૈ નમઃ ।

## ॥ બંધુ આવાહન ॥

ભરત, લક્ષ્મણ, શત્રુઘ્ન આદર્શ બંધુત્વની ભાવનાના રૂપમાં આપણા બધામાં પ્રગટ થાય, જેથી આપણામાં રહેલ વેર અને ઝઘડાની ભાવના નષ્ટ થાય અને આદર્શ સહકારિતાનો લાભ મેળવી શકીએ.

ૐ બાહૂ મે બલમિન્દ્રિયꣳ, હસ્તૌ મે કર્મ વીર્યમ્ ।
આત્મા ક્ષત્રમુરો મમ ॥ ૐ શ્રીરામાનુજેભ્યો નમઃ ।
- ૨૦.૭

## ॥ હનુમાન આવાહન ॥

ભક્તરાજ હનુમાન પ્રભુ સમર્પિત પુરુષાર્થની પ્રચંડ ધારા રૂપે અવતરિત થાય, જેથી સ્વાર્થ અને નિષ્ક્રિયતાનાં બંધન કપાય. અસુરતા નષ્ટ થાય અને જીવન ધન્ય બને.

**ૐ અંજનીસુતાય વિદ્મહે, વાયુપુત્રાય ધીમહિ ।**
**તન્નો મારુતિઃ પ્રચોદયાત્ ॥** - હ. ગા.

**ૐ શ્રી હનુમતે નમઃ ।**

બધા જ સ્થાપિત દેવતાઓનું આવાહન થઈ જાય કે તરત જ પુરુષ સૂક્તથી ષોડશોપચાર પૂજન કરવું. પૂજનવિધિ પૂરી થયે પ્રસાદના રૂપમાં મર્યાદાપાલન સંકલ્પ લેવડાવવો.

**......નામાહં મર્યાદાપુરુષોત્તમ-ભગવતો રામચન્દ્રસ્ય જન્મપર્વણિ દેવસંસ્કૃતિમર્યાદાનુરૂપેણ સ્વકીય ચિન્તન-ચરિત્ર-આકાંક્ષા-નિર્માણાર્થં અદ્યપ્રભૃતિ...... પર્યન્તં પરિપૂર્ણનિષ્ઠાપૂર્વકં સંકલ્પં અહં કરિષ્યે ।**

સંકલ્પ પછી યજ્ઞ અથવા દીપયજ્ઞ, આરતી વગેરે કરવાં. પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ પૂર્ણ કરવો.

## ॥ ગાયત્રી જયંતી - ગંગા દશેરા ॥

**માહાત્મ્ય :** સૃષ્ટિની શરૂઆતમાં બ્રહ્માજીએ જે શક્તિની સાધના કરી સૃષ્ટિનું સર્જન કર્યું, તેમજ તેને યોગ્ય જ્ઞાન, વિજ્ઞાન, અનુભવ અને પદાર્થ મેળવવામાં સફળ થયા તે શક્તિનું પૌરાણિક માન્યતા મુજબ નામ છે - ગાયત્રી. સર્જન, વિકાસ અને વિસ્તારના હેતુને લઈને ચાલતા જીવનક્રમને પણ આની જ જરૂર છે. જે જીવન બ્રહ્માજીની જેમ માનસિક ક્ષમતા અને ભૌતિક સંપન્નતા મેળવી શકે. ગાયત્રીમંત્રમાં એ તત્ત્વબીજ વિદ્યમાન છે, જેની ઉપાસના અને તપના વિધિવિધાનને અપનાવીને આ વિદ્યાનાં ગૂઢ તત્ત્વોને પોતાના

આંતરિક અને બાહ્ય જીવનમાં અપનાવીને વિકસિત કરી શકાય છે. ગાયત્રીને વેદમાતા-જ્ઞાન ગંગોત્રી, સંસ્કૃતિની જનની અને આત્મબળની અધિષ્ઠાત્રી કહેવામાં આવે છે. એને ગુરુમંત્ર પણ કહેવામાં આવે છે. ગાયત્રી સમસ્ત ભારતીય ધર્માનુયાયીઓની ઉપાસ્ય દેવી છે. એમાં એ સર્વે વિશેષતાઓ રહેલી છે, જેના આધારે તે ફરીથી સાર્વભૌમ એવી સર્વમાન્ય ઉપાસનાનું પદ પ્રાપ્ત કરી શકે. આ જ્ઞાનવિજ્ઞાનની દેવી ગાયત્રીનો જન્મદિવસ એટલે ગાયત્રી જયંતી.

આ જ દિવસે ભગવતી ગંગાનું સ્વર્ગમાંથી ધરતી પર અવતરણ થયું. જે રીતે સ્થૂળ ગંગા ખેતરોને પાણી આપે છે, પ્રાણીઓની તરસ છિપાવે છે, ગંદકી સાફ કરે છે અને શાંતિ આપે છે, એ જ રીતે અધ્યાત્મ ક્ષેત્રમાં જ્ઞાનરૂપી ગંગાનું કાર્ય ગાયત્રી કરે છે. મહાશક્તિ ગાયત્રી અને પતીતપાવની ગંગા બંનેનું અવતરણ એક જ સાથે એક જ હેતુ માટે થયું છે. એકને સૂક્ષ્મ, બીજાને સ્થૂળ કહી શકાય. એટલું જ નહીં, બંનેને એકજ તત્ત્વનાં ભિન્ન સ્વરૂપો કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય.

સગર રાજાના સાઠ હજાર પુત્રો પોતાનાં કુકર્મોના ફળ રૂપે અગ્નિમાં બળી રહ્યા હતા. એમનાં કષ્ટોનું નિવારણ ગંગાજળથી જ થઈ શકે એમ હતું. સગરના એક વંશજ ભગીરથે નિર્ણય કર્યો કે તે ગંગાને સ્વર્ગમાંથી ધરતી પર લાવશે. આના માટે ભગીરથ કઠોર તપ સાધનામાં લાગી ગયા. આ નિઃસ્વાર્થી અને પરમાર્થીનો પ્રબળ પુરુષાર્થ જોઈ ગંગા ધરતી પર આવી, પણ ગંગાને ધારણ કોણ કરે ? ગંગાને ધારણ કરવાની પાત્રતા જોઈએ. ભગવાન શંકરે પોતાની જટામાં ગંગાને ધારણ કરી અને મોટી સમસ્યા હલ કરી. ગંગાનું અવતરણ થયું. આના પ્રતાપે સગરના પુત્રો સ્વર્ગમાં ગયા અને અસંખ્ય લોકોને એનો લાભ મળ્યો.

આત્મશક્તિ-ઋતંભરા પ્રજ્ઞાનું અવતરણ બિલકુલ ગંગાવતરણના સ્તરનું છે. આજે તેની પુનરાવૃત્તિની વધારે જરૂર છે. સમગ્ર સંસાર પાપ અને તાપથી બળી રહ્યો છે. આ દુઃખમાંથી છુટકારો ફક્ત

ઉત્કૃષ્ટતા અને આદર્શવાદિતાની જ્ઞાનગંગા જ કરાવી શકે. આ અવતરણ અનાયાસે નહીં થાય. આના માટે જાગૃત આત્માઓએ ભગીરથની ભૂમિકા નિભાવવી પડશે. જ્ઞાનયજ્ઞના વિસ્તાર માટે, ભાવાત્મક નવનિર્માણ માટે નિઃસ્વાર્થ-પરમાર્થપરાયણ પ્રબળ પુરુષાર્થ કરવો પડશે. આવું કરવાથી અશક્ય લાગતી પ્રક્રિયા શક્ય જ નહીં, સરળ પણ બની શકે છે. આ યુગપરિવર્તન કરનાર પ્રચંડ શક્તિને યશલોલુપ અને અહંતાપોષક ક્ષુદ્ર વ્યક્તિ ધારણ કરી શકે નહીં. એને ધારણ કરવા માટે તપસ્વી, મનસ્વી અને તેજસ્વી શંકર જોઈએ. આવી મહાન વ્યક્તિઓ જ્યારે આ નવયુગ પ્રવર્તનકારી જ્ઞાનગંગાને પોતાના મસ્તિષ્કમાં ધારણ કરી લેશે ત્યારે તેનો પ્રવાહ આગળ વધશે. ફક્ત કુબુદ્ધિ અને દુર્ભાવનાગ્રસ્ત પતનોન્મુખ સગર પુત્રોનો જ ઉદ્ધાર નહીં થાય, પણ સર્વસાધારણ લોકોની સુખશાંતિનાં દ્વાર પણ ખૂલી જશે. આપણે ભગીરથ અને શંકરની ભૂમિકા નિભાવતાં જ્ઞાનગંગાના અવતરણ માટે ગાયત્રી જયંતીના પુણ્ય પર્વ પર વ્રત લેવું જોઈએ અને તેના માટે કટિબદ્ધ પણ થવું જોઈએ.

આ પર્વ મહત્ત્વની પ્રેરણા આપે છે. સ્વર્ગથી ઊતરીને ધરતી પર આવવું, હિમાલયની સુખસગવડોનો ત્યાગ, કષ્ટસાધ્ય લોકમંગળની પ્રવૃત્તિ, લઘુતાને મહાનતામાં પરિણત કરનાર સમુદ્ર મિલનનું લક્ષ્ય. આના માટે યાત્રા દ્વારા પોતાની પાત્રતાને સિદ્ધ કરવાના હેતુથી દૂરના પ્રદેશોમાં જઈને સિંચન કરવાની સાધના, જમીનની તરસ મટાડવા પોતાનું અસ્તિત્વ ગુમાવી દેવાની સાધના, આ મહાનતાથી દરેકને પ્રભાવિત કરી સહાય માટે તૈયાર રહેવું, હિમાલયનું અજસ્ર અનુદાન, વાદળોને આશ્વાસન, નદીનાળાંનું આત્મસમર્પણ વગેરે ઉપલબ્ધિઓનો પ્રાદુર્ભાવ, ગંગોત્રીની નાનકડી ધારાનો બંગાળ પહોંચતાં પહોંચતાં હજાર ધારાઓમાં વિસ્તાર. આ જ ગંગા અવતરણ પ્રક્રિયાની મહાનતા છે. જે વ્યક્તિમાં આ મહાનતા અવતરિત થાય તેણે ગંગા જેવો દૃષ્ટિકોણ, ચરિત્ર અને કર્તૃત્વ અપનાવવાં પડે છે. ગંગા પોતાના પ્રત્યક્ષ ઉદાહરણ દ્વારા

જાગૃત આત્માઓને કહે છે કે જીવનના શ્રેષ્ઠતમ સદુપયોગ માટે આ જ ક્રમ હોઈ શકે.

ગાયત્રીમંત્રના ૨૪ અક્ષરોમાં ૨૪ શિખામણો છે, જે આજના સમયમાં વ્યક્તિ અને સમાજ માટે સાચા અર્થમાં માર્ગદર્શક બની શકે. ગાયત્રી સ્મૃતિના ૨૪ શ્લોકોમાંએ શિક્ષણ વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે. ગાયત્રી મંત્રમાં નવ શબ્દ, ૩ વ્યાહૃતિઓ અને એક પ્રણવ છે. આ ૧૩ પદોની વિવેચના 'ગાયત્રી ગીતા'ના ૧૩ શ્લોકોમાં કરવામાં આવી છે. આ બંને સંકલ્પોને 'ગાયત્રી મહાવિજ્ઞાન'ના ત્રીજા ભાગમાં આપવામાં આવ્યા છે. આના આધારે ગાયત્રી મંત્રના પ્રકાશમાં વ્યક્તિનિર્માણ અને સમાજનિર્માણનો આધાર શું હોઈ શકે તે બતાવવામાં આવ્યું છે. ગાયત્રી મંત્રનો સામાન્ય અર્થ-શબ્દાર્થ પણ ખૂબ જ પ્રેરક અને પ્રેરણાપ્રદ છે.

ભૂઃ ભુવઃ સ્વઃ એ ત્રણ લોક છે. ત્રણેયમાં ૐ પરમાત્મા સમાયેલો છે. પ્રણવ અને વ્યાહૃતિઓ પાછળનો આ જ હેતુ છે. આ થયો મસ્તકનો ભાગ. ભૂઃ શરીરને, ભુવઃ મનને અને સ્વઃ અંતરાત્માને કહેવામાં આવે છે. આને જ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર કહેવામાં આવે છે. પરમાત્મા આમાં વ્યાપ્ત છે. આ પરમાત્માનું ઘર છે. દેવમંદિર છે, તીર્થ છે. એને હમેશાં નિર્મળ અને પરિષ્કૃત જ રાખવું જોઈએ. એમાં દુર્ભાવના અને દુષ્પ્રવૃત્તિઓની મલિનતાને જરા પણ સ્થાન હોવું જોઈએ નહીં. વ્યક્તિ, સમાજ અને પરિવાર પણ ભૂઃ, ભુવઃ, સ્વઃ છે. તેને પરમાત્માનું મૂર્તિમાન સ્વરૂપ અને જવાબદારી સમજવામાં આવે અને તેમને શ્રેષ્ઠતમ સ્થિતિમાં રાખવા માટે નિરંતર તૈયાર રહેવું જોઈએ. આ પ્રેરણા ગાયત્રીના શીર્ષ ભાગની, ભૂઃ ભુવઃ સ્વઃ ની છે.

તત્ અર્થાત્ તે. આ અર્થાત્ પ્રત્યક્ષ-પ્રેય. તે અર્થાત્ પરોક્ષ-શ્રેય. આપણે વાસના અને તૃષ્ણાપરક લોભ મોહમાં ફસાઈને લોભ અને મોહની વાસના અને અહંતાની પૂર્તિમાં લાગ્યા રહીને પ્રત્યક્ષ ભૌતિક્તા સુધી સીમિત રહેવું જોઈએ નહીં. 'આ'ને જ સર્વસ્વ

સમજી લેવું જોઈએ નહીં. 'તે' તરફ પણ ધ્યાન આપવું જોઈએ. અંતરાત્માનો પોકાર, મરણોત્તર સ્થિતિ, ઈશ્વરીય નિર્દેશોની પૂર્તિ, પવિત્ર કર્તવ્યની નિભાવણી વગેરે મહત્ત્વપૂર્ણ તથ્યો પર પણ ધ્યાન આપવું જોઈએ. ચિંતનને સીમિત ન બનાવતાં વિસ્તૃત ઉદારતા, દૂરગામી દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ અને પોતાની કાર્યપદ્ધતિ પણ એ જ આધારે નિર્ધારિત કરવી જોઈએ. ગાયત્રીના પ્રથમ પદ 'તત્'નો આ જ સંદેશ છે.

'સવિતુ' - સર્જનકર્તા, તેજસ્વી. ઈશ્વર આ બે મહાન વિશેષતાઓથી પરિપૂર્ણ છે. આપણે પણ તેનું અનુસરણ કરીએ. વિઘટનાત્મક-વિનાશાત્મક પ્રવૃત્તિઓ છોડીએ અને સૃજનાત્મક-વિધેયાત્મક પ્રવૃત્તિઓ અપનાવીએ. આપણે શું કરી શકીએ અને શું બની શકીએ તેના તરફ સતત ધ્યાન રાખવું જોઈએ. સંસારમાં જે કંઈ ઈચ્છનીય છે તેની ગેરહાજરી એટલે અનિચ્છનીય. પ્રકાશની ગેરહાજરી એટલે અંધકાર. અંધકાર સાથે લડયા કરવું વ્યર્થ છે, પણ અંધકારની સામે પ્રકાશ ઉત્પન્ન કરવાથી અંધકાર શમી જશે.

'સવિતુ'નો બીજો અર્થ છે તેજસ્વી. ગુલામી, દુષ્ટતા, વિલાસિતા વગેરે દુષ્પ્રવૃત્તિઓમાં ફસાવું ન જોઈએ. આત્મગૌરવને સમજીએ, સ્વતંત્ર ચિંતન કરીએ અને શ્રેષ્ઠ ચિંતન સાથે શ્રેષ્ઠ કાર્ય કરીએ. સર્વતોમુખી સ્વચ્છતા અને પ્રગતિમાં ઊંડો રસ દાખવીએ. મનોભૂમિને ભવબંધનમાંથી, શરીરને અસંયમથી અને સમાજને અનિચ્છનીયતાથી બંધનમુક્ત કરાવીએ. સર્વાંગીણ મુક્તિનું લક્ષ્ય લઈને ચાલીએ. આ છે તેજસ્વી બનવાનું સ્વરૂપ. આ માટે આપણે મનસ્વી અને તપસ્વી બનવું જોઈએ, જેથી આપણી દીપક જેવી ઉપયોગી તેજસ્વિતાનો પ્રકાશ અને પ્રભાવ સર્વત્ર અનુભવી શકાય અને સ્વર્ગીય વાતાવરણનું સર્જન કરી શકાય. આ છે 'સવિતા' શબ્દનું સર્જક અને તેજસ્વી બનવાનું સાચું સ્વરૂપ.

'વરેણ્ય'નો અર્થ છે વરણ કરવા યોગ્ય-પસંદ કરવા લાયક. આ સંસારમાં છળકપટ, ગંદા વિચારો, મૂઢ માન્યતાઓની કમી નથી.

કુરિવાજો અને દુષ્ટ વ્યક્તિઓથી દુનિયા ભરેલી છે. આમાંથી ફક્ત વરેણ્ય-શ્રેષ્ઠ-ઉચિત હોય તે જ અપનાવવામાં આવે અને જે અનિષ્ટકારી છે, અવાંછનીય છે તેને ન તો સ્વીકારવામાં આવે કે ન તેને સહયોગ આપવામાં આવે.

'ભર્ગઃ' શબ્દનો એક અર્થ બાળી નાખવું થાય છે. પોતાની અંદર રહેલી દુર્ભાવનાઓ અને ગુણકર્મ સ્વભાવમાં ભરેલ અનિચ્છનીયતાને દૂર કરવી જોઈએ, તેનો ત્યાગ કરવો જોઈએ. કુટુંબમાં જે અવ્યવસ્થા અને અસ્તવ્યસ્તતાનો ક્રમ ચાલી રહ્યો છે એને બદલવામાં આવે. સમાજના દરેક ક્ષેત્રમાં જે દુષ્પ્રવૃત્તિઓ ભરેલી છે તેમને ઉખાડીને ફેંકી દેવી જોઈએ. અનીતિ વિરુદ્ધ સંઘર્ષ કરવા માટે જે ઉપદેશ ભગવાન કૃષ્ણે ગીતામાં આપ્યો છે, તે જ અર્થ ગાયત્રીનો 'ભર્ગઃ' શબ્દ આપે છે. ધર્મની સ્થાપના અને અધર્મનો નાશ કરવો એ જ અવતારોનો મુખ્ય ઉદ્દેશ્ય રહ્યો છે. ભઠ્ઠામાં જે રીતે ચણા શેકવામાં આવે છે એ જ રીતે આપણામાં રહેલી તેજસ્વિતા અનિચ્છનીય તત્ત્વોને બાળવા તત્પર રહે તેવી પ્રેરણા ભર્ગ શબ્દ આપે છે.

'દેવસ્ય' - શબ્દ દેવતાનો સંકેત કરે છે. લોકો માત્ર મેળવાનો જ આનંદ પ્રાપ્ત કરે છે. દેવાની વાત આવે છે ત્યાં મુઠ્ઠી બંધ કરી દે છે. આપવાનો-ત્યાગ કરવાનો આનંદ એ તો અલૌકિક આનંદ છે. તે આપનારને નિરંતર આનંદ અને ઉલ્લાસથી ઓતપ્રોત બનાવી દે છે. જે દે છે તે દેવ છે અને જેને તૃષ્ણા ખાઈ રહી છે તે દાનવ છે. આપણે દાનવ નહીં, દેવ બનવું જોઈએ. અનુકરણીય દેવજીવન જીવવું જોઈએ. મસ્તિષ્કમાં દિવ્યદર્શન કરતા રહેવું જોઈએ. સમાજને દૈવી આત્માઓથી ભરી દેવા, સ્વર્ગીય પરિસ્થિતિથી ઓતપ્રોત કરી દેવાનો સતત પ્રયત્ન કરતા રહેવું જોઈએ. દેવ આરાધના-પૂજાનો અર્થ જ છે દેવ પ્રવૃત્તિઓનો વિકાસ. ગાયત્રી મંત્રનો 'દેવ' શબ્દ આનો જ સ્પષ્ટ ઉલ્લેખ કરે છે.

ધીમહિ'નો અર્થ છે ધારણ કરવું. જે શ્રેષ્ઠ છે - ધર્મ કર્તવ્ય

છે તેને ફક્ત કહેવા-સાંભળવા, વાંચવા-લખવા સુધી જ સીમિત ન રાખતાં તેનાં મૂળ બુદ્ધિ સુધી પહોંચાડીને, છેક ભાવક્ષેત્ર સુધી ઉતારીને તેને વ્યવહારમાં મૂકવા પ્રયત્ન કરવો જોઈએ. કથા, પ્રવચન, સ્વાધ્યાય, સત્સંગ, મનન, ચિંતન દ્વારા ઉચ્ચ આદર્શો સાથે આપણે સંબંધ બાંધવો જોઈએ, પણ એટલું કરવું એ જ પૂરતું નથી, પણ આ બધા આદર્શો ભાવનાક્ષેત્ર સુધી પહોંચે અને નિષ્ઠાના રૂપમાં પરિણમે, જીવનવ્યવહારમાં સ્થાન મેળવે તો જ તેનો અર્થ સરે છે. નહીંતર ઊગ્યા વગરનું બીજ જ બની રહેશે. ગાયત્રીનો 'ધીમહિ' શબ્દ કહે છે કે માત્ર ઔચિત્યનો સ્વીકાર કરવો એટલું જ પૂરતું નથી, પરંતુ તેને અનુરૂપ આચરણ પણ કરવું જોઈએ અને બીજાઓ પાસે કરાવવું જોઈએ.

'ધિયઃ'નો અર્થ છે બુદ્ધિ-વિવેક. બુદ્ધિનું વિકસિત સ્વરૂપ એટલે વ્યક્તિત્વ. માનવીના અંતરમાં જેવી સ્થિતિ હોય છે તેવું જ તેનું બાહ્ય વાતાવરણ અને વ્યવહાર બને છે. 'ધિય' શબ્દ માનવીય અંતઃકરણની ભાવનિષ્ઠા તરફ સંકેત કરે છે, જ્યાંથી બુદ્ધિ, મન તથા શરીરની તમામ ક્રિયાઓની પ્રેરણા મળે છે. જ્યારે આપણી આસ્થા-નિષ્ઠા પાશવી પ્રવૃત્તિઓથી ભરેલી રહે છે ત્યારે મસ્તિષ્કમાં આદર્શ પ્રવચન અને શરીરમાં ધાર્મિકતાનો આડંબર વધતો હોવા છતાં તેનો કોઈ હેતુ સરતો નથી. ફક્ત દંભનું જ પોષણ થતું રહે છે. ગાયત્રીનો 'ધિય' શબ્દ આસ્થા-નિષ્ઠા-આકાંક્ષાના મૂળને સ્પર્શ કરે છે અને પરિવર્તનની ચાવી ફેરવવાનો સંકેત ત્યાંથી જ કરે છે. 'ધિયઃ'નો અર્થ અહીં ઋતંભરા પ્રજ્ઞા થાય છે. સામાન્ય સમજદારી અને બુદ્ધિને પણ સન્માર્ગગામી બનાવવાની શિખામણ આમાં સમાયેલી છે.

'યોનઃ' અર્થાત્ આપણું, આપણા બધાનું. એકલતા નકામી વસ્તુ છે. બધા માણસો મોટે ભાગે પોતાના માટે જ ધન, ભોગ, યશ, વૈભવ, પદ, સત્તા એકઠી કરવામાં રચ્યાપચ્યા રહે છે. કહેવાતા ભક્તો અને ધર્માત્માઓ પણ આ રોગના ભોગ બનેલા જોવા મળે

છે. તેઓને પણ પોતાના માટે જ સ્વર્ગમુક્તિ, સિદ્ધિ અને પ્રતિષ્ઠા જોઈએ છે. આ ક્ષુદ્ર ભાવનાના કારણે તેમની પૂજા-ઉપાસના વ્યાવસાયિક વેપારીની જેમ પોતાના સ્વાર્થી કુંડાળામાં જ રાચ્યા કરતી હોય છે. આનાથી પોતાને કે સમાજને લાભ થતો નથી. સ્વાર્થીનો અર્થ છે પોતાને જે કંઈ ઉપલબ્ધિઓ પ્રાપ્ત થઈ છે તેનો ઉપયોગ પોતાના માટે જ કરવો અને બીજાને લાભ લેવા ન દેવો. કોઈક એકલી વ્યક્તિ પ્રગતિ કરે તો પણ આવા દૂષિત વાતાવરણમાં તે પોતે લાભ મેળવી શકે નહીં. દુષ્ટ અને ઈર્ષાળુ લોકો અકારણ તેને સતાવ્યા કરશે અને ચેનથી તેને બેસવા દેશે નહીં. ગાયત્રીનો 'યોનઃ' શબ્દ એ પ્રેરણા આપે છે કે જે કંઈ વિચારો તે 'મારા' માટે નહીં, પણ 'અમારા' માટે. 'હું'ના કુંડાળામાંથી બહાર આવી 'અમે'ના વિશાળ સાગરમાં રાચવું જોઈએ. જે કંઈ કરીએ-વિચારીએ તે 'અમે' 'અમારા'ને ધ્યાનમાં રાખીને કરવું - વિચારવું જોઈએ. પોતાને સમાજનો એક ઘટક માનવો જોઈએ અને સમાજની પ્રગતિમાં જ પોતાની પ્રગતિ માનવી જોઈએ.

'પ્રચોદયાત્' અર્થાત્ પ્રેરણા આપો. ભગવાનને પ્રાર્થના છે કે હે પ્રભુ ! તમે અમને ભૌતિક સગવડો પ્રાપ્ત કરવા સમર્થ, બુદ્ધિયુક્ત શરીરયંત્ર આપ્યું છે. આથી ભૌતિક ક્ષેત્રમાં અમારું માગવું અને આપનું આપવું વ્યર્થ છે. પાત્રતા વિકસિત કર્યા વિના પ્રાપ્ત સગવડોનો લાભ લેવો પોતાના માટે શક્ય ન હોય તો, મળેલો વૈભવ અધિક તૃષ્ણા અને અધિક દુષ્ટતા પેદા કરશે. ઉપલબ્ધ વસ્તુઓનો સદુપયોગ ન કરવાના કારણે પોતાને અભાવગ્રસ્ત સમજે છે. આનું નિરાકરણ વસ્તુઓથી નહીં થાય, પણ આંતરિક પરિવર્તન કરવાથી જ શક્ય બનશે. આથી જ ગાયત્રી મંત્રમાં એક જ પ્રાર્થના કરવામાં આવી છે કે પરમાત્મા આપણામાં સન્માર્ગ પર ચાલવાની આકાંક્ષા જન્માવે, એ તરફ ચાલવાનું સાહસ પ્રદાન કરે અને અમને એ કલ્યાણકારી માર્ગ પર ચલાવે. આ જ પ્રાર્થના આત્મા માટે પણ છે. વ્યર્થ મનોમંથનમાં સમય નષ્ટ કરવાની કુંઠાને દૂર કરે.

દુર્ભાવનાઓથી મુક્ત બનીએ અને શરીર તથા મનને એ માર્ગે વાળીએ, જેથી માનવજીવનનું પ્રયોજન સાર્થક થાય. ગાયત્રી મંત્રનું અંતિમ ચરણ ઉત્કૃષ્ટ વિચારણાને સાહસિક પ્રેરણામાં અને વ્યવહારમાં પરિણત કરવાનો આગ્રહ કરે છે. એ જ ભાવ પર તે વધારે ભાર મૂકે છે.

આ છે ગાયત્રી મંત્રના શબ્દોમાં સમાયેલો સામાન્ય, પરંતુ અતિ મહત્ત્વપૂર્ણ, ભાવપૂર્ણ અને તથ્યપૂર્ણ અર્થ. વક્તાઓએ આ જ વિચારધારાને પકડીને તેની આજુ બાજુ પોતાની રીતે ગાયત્રી મંત્રની વ્યાખ્યા કરવી જોઈએ અને ઉપસ્થિત લોકોના મનઃક્ષેત્રને આ મહાશક્તિની પ્રેરણાઓથી ભરી દેવું જોઈએ.

ગાયત્રીનું વાહન હંસ છે. હંસનો અર્થ છે સ્વચ્છ કલેવર. જીવનને લાગેલા દાગ, કલંક અને કુકર્મોથી ભરેલા જીવનને હંસ કેવી રીતે કહી શકાય ? જેને નીર-ક્ષીર વિવેક કરતાં આવડે છે; દૂધમાંથી પાણી અલગ કરતાં આવડે છે, ફક્ત દૂધ જ ગ્રહણ કરે છે તે છે હંસ. જીવનને નિષ્કલંક, નિર્મળ, પવિત્ર અને શુદ્ધ રાખવાનો જે પ્રયત્ન કરે છે, અનુચિતનો સર્વથા ત્યાગ કરે છે, ઔચિત્ય દુષ્ટસાધ્ય હોવા છતાં તેને પકડી રાખે છે તેને જ હંસ કહે છે અને આવી પ્રવૃત્તિઓ જે શરૂ કરે છે તેને હંસપ્રવૃત્તિ કહે છે. જે લોકોએ આવી નીતિ અપનાવી હશે તેમને ગાયત્રી માતા પોતાનું વાહન બનાવશે. એમના ઉપર જ વિશેષ કૃપા કરશે. આ તથ્ય ઉપસ્થિત લોકોને સમજાવવું જોઈએ.

ગાયત્રી અને ગગાના જન્મદિવસ એવા આ પુનિત પર્વે આપણા કર્મમા ગંગા જેવી પવિત્ર પ્રખરતા અને ચિંતનમાં ગાયત્રી જેવી દિવ્યજ્યોતિ ઉત્પન્ન કરીને આ પ્રેરણાને વધુને વધુ ઊંડાણ સુધી હૃદયમાં ઉતારવી જોઈએ.

## ॥ પૂજનક્રમ ॥

❖ પૂજાવેદી ઉપર આદ્યશક્તિ ગાયત્રી અને ગંગાવતરણના ચિત્રો ગોઠવવાં.

❖ પર્વના પૂજાક્રમ મુજબ ષટ્કર્મથી શરૂ કરીને રક્ષાવિધાન સુધીનો ક્રમ પૂરો કરવો.

❖ આ પર્વ વખતે વિશેષ રૂપથી આદ્યશક્તિની ત્રણ ધારાઓ, વેદમાતા, દેવમાતા અને વિશ્વમાતાનું આવાહન કરવું. હંસ આવાહન કરવું. પતિતપાવની ગંગાનું આવાહન કરવું. દરેકનું આવાહન કરતા પહેલાં તેના ગૌરવનું ટૂંકમાં વિવેચન કરવું. ત્યારબાદ ભાવનાપૂર્વક મંત્રો બોલીને આવાહન કરવું.

## ॥ વેદમાતા આવાહન ॥

વેદ એટલે જ્ઞાન. વેદમાતા એટલે જ્ઞાનની માતા. આપણા આવાહનની સાથે 'મા' તે દિવ્યજ્ઞાનરૂપી પ્રકાશના રૂપમાં અવતરિત થાય, જે અજ્ઞાન, અશક્તિ, અભાવ વગેરેથી મુક્તિ અપાવે અને આદર્શ લક્ષ્ય સુધી પહોંચાડવામાં સમર્થ બનાવી દે. દિવ્યજ્ઞાનની ઉપલબ્ધિ અને તેને ઉપયોગમાં લાવવાની પાત્રતા વિકસે.

**ૐ નમસ્તે સૂર્ય સંકાશે, સૂર્યે સાવિત્રિકેઽમલે ।**
**બ્રહ્મવિદ્યે મહાવિદ્યે, વેદમાતર્નમોઽસ્તુતે ॥** - ગા.પુ.૨૫

**ૐ સ્તુતા મયા વરદા વેદમાતા, પ્રચોદયન્તાં પાવમાની દ્વિજાનામ્ । આયુઃ, પ્રાણં, પ્રજાં, પશું, કીર્તિં, દ્રવિણં બ્રહ્મવર્ચસમ્ । મહ્યં દત્ત્વા, વ્રજત બ્રહ્મલોકમ્ ॥**

**ૐ શ્રી વેદમાત્રે નમઃ ।** - અથર્વ. ૧૯.૭૧.૧

## ॥ દેવમાતા આવાહન ॥

દેવત્વ એટલે સદાચાર, સદ્વૃત્તિની જનની. મા દિવ્ય ઉલ્લાસના પ્રવાહના રૂપમાં જનજનમાં પ્રગટ થાય. આપણું ભાવભર્યું પૂજન સ્વીકારે. દીનતા અને દુષ્ટતાનું નિવારણ કરીને આપણા જીવનને દેવોપમ બનાવવા માટે આંગળી પકડીને આગળ ચલાવે.

**ૐ દેવસ્યેતિ તુ વ્યાકરોત્યમરતાં, મર્ત્યોઽપિ સમ્પ્રાપ્યતે,**
**દેવાનામિવ શુદ્ધદૃષ્ટિકરણાત્, સેવોપચારાદ્ ભુવિ ।**

निःस्वार्थपरमार्थकर्मकरणात्, दीनाय दानात्तथा,
बाह्याभ्यन्तरमस्य देवभुवनं, संसृज्यते चैव हि ॥ ગા.ગી.

ॐ श्री देवमात्रे नमः ।

## ॥ વિશ્વમાતા આવાહન ॥

જગતમાતા તે ઉદાર આત્મીય ભાવસહિત અવતરિત થાય, જેથી સંકુચિત સ્વાર્થપરાયણતા અને વર્ગભેદનું છેદન કરી આપણને બધાને મનુષ્યતાના ગૌરવના અધિકારી બનાવે. વિશ્વ પરિવાર, વિશ્વ સંસ્કૃતિ, વિશ્વ વ્યવસ્થાનો આદર્શ સાકાર કરવાની ક્ષમતા પ્રદાન કરે.

ॐ त्वं मातः सवितुर्वरेण्यमतुलं, भर्गः सुसेव्यः सदा,
यो बुद्धीर्नितरां प्रचोदयति नः, सत्कर्मसु प्राणदः ।
तद्रूपां विमलां द्विजातिभिरुपा, स्यां मातरं मानसे,
ध्यात्वा त्वां कुरुशं ममापि जगतां, संप्रार्थयेऽहं मुदा ॥

ॐ श्री विश्वमात्रे नमः । - ગા.પુ.પ.

## ॥ હંસ આવાહન ॥

આદ્યશક્તિનું વાહન હંસ છે. જીવને પણ હંસ કહેવામાં આવે છે. આપણામાં હંસનું-વિવેક, ચેતના તથા નિર્મલતાનું અવતરણ થાય. તેના પૂજનથી આપણે બધા પણ મહાશક્તિને ધારણ કરીએ અને ગતિશીલ બનવામાં સમર્થ બનીએ.

ॐ परमहंसाय विद्महे, महाहंसाय धीमहि ।
तन्नो हंसः प्रचोदयात् ॥ ॐ श्री हंसाय नमः ।

- હં૦ગા૦

## ॥ ગંગા આવાહન ॥

પતિત પાવની, લોકકલ્યાણી મા ગંગા પવિત્ર પરમાર્થવૃત્તિ સાથે અહીં પધારે. પાપો અને કુકર્મોની કાલિમાને ધોઈને નિર્મળ બનાવે.

ॐ પંચનદ્યઃ સરસ્વતી મપિ યન્તિ સસ્રોતસઃ ।
સરસ્વતી તુ પંચધા સો દેશેઽભવત્સરિત્ ॥ - ૩૪.૧૧
ॐ શૈલેન્દ્રાદવતારિણી નિજંજલે, મજ્જજ્જનોત્તારિણી,
પારાવાર વિહારિણી ભવ-ભય, શ્રેણી સમુત્સારિણી ।
શેષાહેરનુકારિણી હરશિરો, વલ્લીદલાકારિણી,
કાશીપ્રાન્તવિહારિણી વિજયતે, ગંગામનોહારિણી ॥
ॐ શ્રી ગંગાયૈ નમઃ ॥

* આવાહન પછી બધાનું પુરુષ સૂક્તથી સંયુક્ત પૂજન કરાવવું.
* પૂજન પછી પર્વપ્રસાદ-સંકલ્પ ધારણ કરાવવામાં આવે.

...... નામાહં યુગશક્તિ મહાપ્રજ્ઞાગાયત્રી-અવતરણપર્વણિ ત્રિપદાસાધનાં સ્વયં સમ્પાદયિતું અદ્યપ્રભૃતિ ચ...... જનાન્ એતત્સાધનાયાં નિયોક્તું શ્રદ્ધાપૂર્વકં સંકલ્પયિષ્યે ।

સંકલ્પ પછી યજ્ઞ અથવા દીપયજ્ઞ સાથે કાર્યક્રમની સમાપ્તિ કરવી.

* * *

# ॥ ગુરુપૂર્ણિમા ॥

**માહાત્મ્ય :** ગુરુપૂર્ણિમાને અનુશાસન પર્વ પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે શીખનારે ગુરુઓના અનુશાસનમાં રહેવું પડતું હોય છે, નહિ તો શિષ્યમાં કુશળતા-પ્રવીણતા આવતી નથી. ગુરુઓએ પોતાનો જીવનક્રમ એવો બનાવવો જોઈએ કે જેથી શિષ્યવર્ગમાં તેમના પ્રત્યે સહજ શ્રદ્ધા-સન્માનનો ભાવ જાગે. શીખનારે શિષ્યભાવ રાખવો અત્યંત જરૂરી છે. ગુરુજનોનું સન્માન કરવું અને અનુશાસનમાં રહેવું ખૂબ જરૂરી છે. આથી આ તહેવાર ગુરુ-શિષ્ય બંને માટે અનુશાસનનો સંદેશ લઈને આવે છે. આથી એને અનુશાસન પર્વ કહેવામાં આવે છે. અનુશાસનનું પાલન કરનાર જ

શાસન કરી શકે છે. આ તથ્યને સમજ્યા વિના રાષ્ટ્રની કે આત્માની પ્રગતિ શક્ય નથી.

ગુરુપૂર્ણિમા પર વ્યાસપૂજનનો પણ મહિમા છે. જે ખુદ ચરિત્રવાન છે અને વાણી તથા કલમ દ્વારા પ્રેરણાસંચાર કરવાની કલાને જાણે છે તેવા આદર્શનિષ્ઠ વિદ્વાનને વ્યાસની ઉપમા આપવામાં આવે છે. આમ તો મહર્ષિ વ્યાસ આ પરંપરાનું પ્રતીક છે. આદર્શ માટે સમર્પિત પ્રતિભાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. લેખક અને વક્તા પોતાની કલમ અને વાણીના માધ્યમથી વ્યાસજીનું અનુકરણ કરવા લાગે, તો લોકકલ્યાણનું અડધું કાર્ય પૂર્ણ થઈ જાય. આ પણ એક અનુશાસન છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં તો ગુરુશિષ્યના સંબંધમાં અનુશાસન અતિ મહત્ત્વનું બની જાય છે. ગુરુ પોતાના શિષ્યને પોતાના પુણ્ય, પ્રાણ અને તપનો એક અંશ આપે છે. આ અંશ પ્રાપ્ત કરવાની પાત્રતા, ધારણ કરવાની શક્તિ તથા તેનો વિકાસ અને ઉપયોગ કરવાની કળા માત્ર અનુશાસન દ્વારા જ મેળવી શકાય છે. એ ત્યારે જ શક્ય છે કે જ્યારે શિષ્યને ગુરુમાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ હોય. ગુરુશિષ્યના સંબંધોને વધારે ગહન, પવિત્ર તથા દૃઢ બનાવવાના હેતુથી જ ગુરુપૂર્ણિમા પર્વ આવે છે. ગુરુપૂર્ણિમા પર્વ ઊજવનાર લોકોએ નીચે લખેલ તથ્યને ધ્યાનમાં રાખવું ખૂબ જ જરૂરી છે.

- ગુરુ વ્યક્તિના રૂપમાં ઓળખાય છે, પણ તે સીમામાં સીમિત રહેતા નથી. જેઓ ફક્ત શરીર સુધી જ સીમિત છે અને ચેતનારૂપમાં ખુદ પોતાને વિકસિત નથી કરી શક્યા, તેઓ પોતાનો એક અંશ શિષ્યને આપી શકતા નથી તથા આ વિદ્યાનો મર્મ જાણતા નથી તે ગુરુ નથી. જે શિષ્ય ગુરુને શરીરથી પર તથા શક્તિ અને સિદ્ધાંતના રૂપમાં ઓળખી શકતો નથી, સ્વીકારી શકતો નથી તે શિષ્ય નથી.
- ગુરુ શિષ્ય પર અનુશાસન દૃષ્ટિ રાખે છે અને શિષ્ય ગુરુ પાસેથી સતત નિર્દેશ મેળવે છે, તેમને માને છે અને અપનાવે

છે. જેમની વચ્ચે આવા પ્રકારનો વ્યવહાર ન હોય તેમનો સંબંધ માત્ર ચિહ્નપૂજા જ બની રહે છે. ગુરુશિષ્યનો સંબંધ આંધળા અને લંગડા જેવો બની રહે છે.

- ભારતીય સંસ્કૃતિમાં ગુરુશિષ્યનો સંબંધ દાતા-ભિખારી જેવો નહીં, પણ સહયોગી-ભાગીદાર સ્તરનો માનવામાં આવે છે. ગુરુ શિષ્યને પોતાની તપશક્તિનો એક અંશ આપતો રહે છે, જે શિષ્યના વ્યક્તિત્વને ઉત્કૃષ્ટ બનાવે છે અને વિકસિત વ્યક્તિત્વ દ્વારા શિષ્ય સ્વયં લૌકિક અને પારલૌકિક કમાણી કરવા લાગે છે.
- આ જ રીતે શિષ્ય પોતાની કમાણી શ્રદ્ધા, પુરુષાર્થ, પ્રભાવ અને સંપદાનો એક અંશ ગુરુને સમર્પિત કરતો રહે છે. તેમના યોગ્ય ઉપયોગથી ગુરુનું લોકમંગળ અભિયાન વિકસિત બને છે અને એનો લાભ વધારે વ્યાપક ક્ષેત્ર સુધી પહોંચવા લાગે છે. ગુરુની પુણ્ય સંપદામાં સતત વધારો થાય છે અને તેનો વધુ લાભ શિષ્યોને મળે છે. જ્યાં આવા પ્રકારની દિવ્ય ભાગીદારી ગુરુ શિષ્યના સંબંધમાં નથી ત્યાં ભારતીય સંસ્કૃતિમાં વર્ણવેલ અસામાન્ય ઉપલબ્ધિઓ ગુરુશિષ્ય પ્રાપ્ત કરી શકતા નથી.
- જ્યાં ગુરુ પોતાના સ્નેહ અને તપથી શિષ્યનું નિર્માણ કરી શકે છે, ત્યાં શિષ્યને પણ પોતાની શ્રદ્ધા અને તપથી ગુરુનું નિર્માણ અને વિકાસ કરવાનાં હોય છે. એ વાતનો ઈતિહાસ સાક્ષી છે કે જે શિષ્યોએ પોતાની શ્રદ્ધાના બળે ગુરુનું નિર્માણ કર્યું તેમને જ ચમત્કારિક લાભો પ્રાપ્ત થયા છે. દ્રોણાચાર્ય કૌરવો માટે ફક્ત વેતન લેનાર સામાન્ય શિક્ષક જ બની રહ્યા, જ્યારે, પાંડવો માટે અજેય વિદ્યાનો સ્રોત બની ગયા. એકલવ્ય માટે તો એક અદ્‌ભુત ચમત્કાર બની ગયા. તફાવત છે શ્રદ્ધા સંયોગથી બનેલ ગુરુ તત્ત્વનો. રામકૃષ્ણ પરમહંસ સામાન્ય લોકોને બાબાજીથી વધારે કંઈ જ લાભ ન આપી શક્યા, પરંતુ જેઓ પોતાની શ્રદ્ધાના બળે એમને ગુરુના સ્વરૂપે વિકસિત કરી શક્યા, તેમના માટે ગુરુ અવતારતુલ્ય સાબિત થયા. આથી શિષ્યોએ પોતાની

શ્રદ્ધા, તપશ્ચર્યા અને સાધના દ્વારા સશક્ત ગુરુનિર્માણનો પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. ગુરુ પર્વ આ જ સંદેશ લઈને આવે છે.

## ॥ પૂજનક્રમ ॥

- પર્વપૂજન મંચ ઉપર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના ફોટા અથવા તેમનાં પ્રતીક મૂકવાં. જો એક જ વિચારધારા અને માન્યતાવાળા લોકો ભેગા થવાના હોય તો શરીરધારી ગુરુનું ચિત્ર રાખવું. જો વિવિધ વિચારોવાળી વ્યક્તિઓ એકત્રિત થવાની હોય તો, ગુરુના પ્રતીક તરીકે શ્રીફળ મૂકવું.
- પ્રારંભિક પૂજન પર્વવિધાન મુજબ કરાવવું.
- વિશેષ પૂજન માટે ક્રમશઃ ગુરુ આવાહન તથા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું આવાહન કરવું. ગુરુ ત્રણેય ધારાઓનો સંગમ છે. દરેક આવાહનની પહેલાં દરેકની ગરિમાનો ટૂંકમાં પરિચય કરાવવો. પછી મંત્રોચ્ચાર સાથે ભાવનાપૂર્વક આવાહન કરવું.

## ॥ ગુરુ આવાહન ॥

ગુરુ સત્તા જે ઈશ્વરીય સત્તાનો જ એક અંશ છે, તે આપણી પ્રાર્થના સાંભળી પોતાને પ્રગટ કરે, જેથી આપણે તેમને સમજી શકીએ તથા તેમનો ઉપયોગ કરી શકીએ. આપણે તેમના અનુશાસનના પાલન માટે વિશ્વાસ આપતાં ભાવભર્યું આવાહન કરીએ. હાથમાં ફૂલ લઈ લખેલા મંત્રથી ગુરુનું આવાહન કરવું.

ૐ આનન્દમાનન્દકરં પ્રસન્નં, જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્ ।
યોગીન્દ્રમીડ્યં ભવરોગ વૈદ્યં, શ્રીસદ્ગુરું નિત્યમહં નમામિ ॥
ગુરુર્ગુરુતમો ધામ, સત્યઃ સત્યપરાક્રમઃ ।
નિમિષોઽનિમિષઃ સ્રગ્વી, વાચસ્પતિરુદારધીઃ ।
ચૈતન્યં શાશ્વતં શાન્તં, વ્યોમાતીતં નિરંજનમ્ ।
બિન્દુનાદકલાતીતં, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ - ગુ.ગી.૪૮
ૐ શ્રી ગુરવે નમઃ ॥

## ॥ બ્રહ્મા આવાહન ॥

શિષ્યના નાતે આપણા અંતરંગ અને બહિરંગ ક્ષેત્રમાં જે સંરચનાઓ વિકસાવી છે તથા નિર્માણ કર્યું છે તેના માટે આદિસૃષ્ટા બ્રહ્માનું આવાહન કરીએ છીએ. એમની કૃપાથી જ આપણે નવી કલ્યાણકારી સૃષ્ટિ રચી શકીશું અને તો જ મનુષ્યમાં દેવત્વનો ઉદય શક્ય બનશે.

**ૐ ચતુર્મુખાય વિદ્મહે, હંસારૂઢાય ધીમહિ ।**
**તન્નો બ્રહ્મા પ્રચોદયાત્ ॥ ૐ શ્રી બ્રહ્મણે નમઃ ॥**

- બ્ર. ગા.

## ॥ વિષ્ણુ આવાહન ॥

ગુરુ દ્વારા આપવામાં આવેલ અને પુરુષાર્થ દ્વારા જાગૃત કરવામાં આવેલ સદ્તત્ત્વો, સદ્ઈચ્છાઓ તથા પરંપરાના પોષણ અને વિકાસ માટે પાલનકર્તા વિષ્ણુનું આવાહન કરીએ છીએ. જેની કૃપાથી પોષિત સદ્તત્ત્વો દ્વારા ધરતી પર સ્વર્ગનું અવતરણ સાકાર થશે.

**ૐ નારાયણાય વિદ્મહે, વાસુદેવાય ધીમહિ ।**
**તન્નો વિષ્ણુઃ પ્રચોદયાત્ ॥ ૐ શ્રી વિષ્ણવે નમઃ ॥**

- વિ. ગા.

## ॥ મહેશ આવાહન ॥

અયોગ્યનું હરણ કરનાર રુદ્ર, કલ્યાણકારી પરિવર્તનચક્રના અધિષ્ઠાતા શિવનું આવાહન કરીએ છીએ. એમની કૃપાના સંયોગથી જનપુરુષાર્થ પતનોન્મુખ ધારાને બદલીને ઉત્કર્ષની દિશા આપી શકશે. અનિચ્છનીયતાનો નાશ અને ઈચ્છનીય તત્ત્વોના વિકાસનો ક્રમ ચાલશે.

**ૐ તત્પુરુષાય વિદ્મહે, મહાદેવાય ધીમહિ ।**
**તન્નો રુદ્રઃ પ્રચોદયાત્ ॥ ૐ શ્રી શિવાય નમઃ ॥**

- રુ. ગા.

## ॥ વ્યાસ આવાહન ॥

મહર્ષિ વ્યાસ વિદ્વત્તા અને પ્રતિભાને આદર્શોન્મુખ બનાવવાની પ્રબળ ચેતનાના રૂપમાં અવતરિત થાય. એમના પ્રભાવથી જ પ્રતિભા-મનીષા વિખરાતી અટકશે અને કલ્યાણનો માર્ગ ખૂલશે.

**ૐ વ્યાસં વ્યાસકરં વન્દે, મુનિં નારાયણસ્વયમ્ ।**
**યતઃ પ્રાપ્ત-કૃપા લોકા, લોકામુક્તેઃ કલિગ્રહાત્ ॥**
**નમઃ સર્વવિદે તસ્મૈ, વ્યાસાય કવિવેધસે ।**
**ચક્રે પુણ્યં સરસ્વત્યા, યો વર્ષમિવ ભારતમ્ ॥**
**ૐ શ્રી વ્યાસાય નમઃ ।**

* આ રીતે આવાહન પછી પુરુષ સૂક્તથી દેવોનું પૂજન કરવું.
* પૂજન બાદ પર્વપ્રસાદ સંકલ્પ ધારણ કરાવવો.

**......નામાહં અદ્યગુરુપૂર્ણિમાપર્વણિ ગુરુરૂપેણ માર્ગદર્શનસહયોગદાતૃ-ઈશ્વરીયસત્તાયાશ્ચ - દિવ્યાનુશાસનં અદ્યપ્રભૃતિ..... પર્યન્તં પરિપાલનસ્ય શ્રદ્ધાપૂર્વકં સંકલ્પં અહં કરિષ્યે ।**

* સંકલ્પ પછી ગુરુના મહાન ઉદેશો માટે અંશદાન-સમયદાન, પ્રભાવ, જ્ઞાન, સાધન વગેરેનો ઉલ્લેખ કરાવવો.

* યજ્ઞ અથવા દીપયજ્ઞ પછી પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત કરવો.

✣ ✣ ✣

## ॥ શ્રાવણી પર્વ ॥

**માહાત્મ્ય :-** 'એકોઽહં બહુસ્યામ્' ની બ્રહ્માજીની ઈચ્છા જે દિવસે પૂરી થઈ તે દિવસે શ્રાવણી હતી. એકમાંથી અનેક થવાથી સહયોગ, સંપર્ક તથા સ્નેહના આધારે આત્મામાં ઉલ્લાસ વિકસિત

થાય છે. બ્રહ્માએ એવું જ કર્યું. એકલાપણું તેમને ગમ્યું નહીં. પોતાની વિભૂતિઓને પોતાના સુધી જ સીમિત રાખીને તે કેવી રીતે સંતુષ્ટ રહી શકે ? વિષ્ણુની નાભિમાંથી કમળદાંડી નીકળી અને તે પુષ્પ બનીને ખીલી ઊઠી. એ મકરંદનો ભમરો બ્રહ્મા-પ્રજાપતિ છે. સંકલ્પશક્તિ ક્રિયામાં પરિણત થાય છે અને તેનું સ્થૂળ રૂપ વૈભવ અને ઘટનાઓ બનીને સામે આવે છે. નાભિમાંથી વિકસિત થનાર કર્મવલ્લરીને જ આલંકારિક વર્ણનમાં કમળવેલ કહેવામાં આવી છે. પુષ્પ એ જ વેલનું પરિપક્વ પરિણામ છે.

સૃષ્ટિના સર્જનમાં બે તત્ત્વો જોડાયાં (૧) જ્ઞાન અને (૨) કર્મ. આ બંનેના સંમિશ્રણથી સૂક્ષ્મ ચેતના-સંકલ્પશક્તિ સ્થૂળ વૈભવમાં પરિણત થઈ ગઈ અને સંસારનું વિશાળ કલેવર રચાઈ ગયું. રિદ્ધિસિદ્ધિઓનો આનંદઉલ્લાસ ભરાઈ ગયો. રિદ્ધિસિદ્ધિ એ કમળની પાંખડીઓ છે. જ્ઞાન અને કર્મ તેનું મૂળ છે. આ બધું બ્રહ્મની ઈચ્છાથી અને પ્રત્યાવર્તન દ્વારા શક્ય બન્યું. જ્ઞાન અને કર્મના આધારે જ મનુષ્યની ગરિમાનો વિકાસ થયો. એમને જે જેટલાં પરિષ્કૃત અને પ્રખર બનાવશે, તેમની પ્રગતિ પૂર્ણતાની દિશામાં એટલી જ તીવ્ર ગતિથી થાય છે. આ તથ્યને યાદ રાખવા માટે ભારતીય ધર્મનાં બે પ્રતીક છે. એક જ્ઞાનની ધ્વજા એવી શિખા, જે મસ્તકરૂપી કિલ્લા પર ફરકાવવામાં આવી છે. બીજું યજ્ઞોપવીત-કર્તવ્યમર્યાદા, જેમાં મનુષ્યને આગળ અને પાછળથી બાંધી દેવામાં આવ્યો છે. શિખાસ્થાપન અને યજ્ઞોપવીત ધારણ કરવી એ જ્ઞાન અને કર્મને પરિષ્કૃત કરવાની ચેતવણી છે, જે જીવનને તેના ઉદ્‌ગમ વખતે જ આપી દેવામાં આવી છે અને જેની ઉપયોગિતા આજે યથાવત રાખી રહી છે.

શ્રાવણીપર્વ ઉપર જૂની જનોઈ બદલવામાં આવે છે અને નવી પહેરવામાં આવે છે. પ્રાયશ્ચિત્ત સંકલ્પ બોલવામાં આવે છે અને ભૂતકાળમાં કરેલ ભૂલોનું, દોષોનું પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે. ઋષિપૂજન પણ આ જ સમયે કરવામાં આવે છે. આની સાથે

વેદપૂજન પણ કરવામાં આવે છે. વેદનો અર્થ થાય છે સદ્દજ્ઞાન. ઋષિ એટલે એવા લોકો કે જેઓ સદ્જ્ઞાનને સત્કાર્યમાં પરિણત કરવા માટે સાહસિક તપશ્ચર્યા કરે છે. દુષ્ટસાધ્ય જીવનરીતિ અપનાવે છે. જેવી રીતે દર વર્ષે જન્મદિવસ અને લગ્નદિવસ ઊજવવામાં આવે છે, એ રીતે યજ્ઞોપવીત બદલવી અને શિખાસિંચન કરવું એ તેમનો વાર્ષિક સંસ્કાર છે, મોટર, બંદૂક વગેરેના પરવાના રિન્યુ કરવામાં આવે છે, એ જ રીતે જીવનના પ્રકાશસ્તંભરૂપી શિખા અને યજ્ઞોપવીત ધારણ કરવામાં ક્યાંય ક્ષતિ કે વિસ્મૃતિ તો થઈ નથી ને ? તેનું નિરીક્ષણ અને વિશ્લેષણ આ યજ્ઞોપવીત બદલવાના સંસ્કાર દ્વારા કરવામાં આવે છે.

શ્રાવણીપર્વ બ્રાહ્મણના-ઋષિત્વના વિકાસનો તહેવાર છે. સદ્જ્ઞાન અને સત્કર્મની મર્યાદાઓનું ક્યાંય ખંડન-ઉલ્લંઘન થયું હોય, તો તેના પ્રાયશ્ચિત્ત માટે તથા ઉચ્ચ આદર્શવાદી જીવનને વધારે તેજસ્વી બનાવવા માટે આ પર્વ પર આત્મસંકલ્પ લેવાનો તથા પરમાત્માનાં અનુદાનો સ્વીકારવાનો યોગ સાધવાનું વિધાન રચવામાં આવ્યું છે. સામૂહિક રૂપમાં ટૂંકો પણ યજ્ઞીય ભાવ લોકમાનસમાં જાગૃત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## ॥ પર્વ વ્યવસ્થા ॥

શ્રાવણી પર્વ ઉપર બ્રાહ્મણત્વનો સંકલ્પ તાજો કરવામાં આવે છે. આ માટે પરંપરાગત રીતે લોકો એકઠા થાય છે. તીર્થ આવાહન કરી દશસ્નાન તથા હેમાદ્રિ સંકલ્પ અને તર્પણ કરવામાં આવે છે. આ માટે તેઓ કોઈક તળાવ, નદી કે કૂવા પર જાય છે. જ્યાં જળાશયનો અભાવ હોય ત્યાં કોઈક ધાર્મિક સ્થળે જઈને ઉપરોક્ત કાર્ય કરે છે. આ વિધિ પ્રાયશ્ચિત્ત માટે કરવામાં આવતી હોઈ નીચે મુજબ ક્રમ બનાવવો. (૧) ષટ્કર્મ (સામાન્ય પ્રકરણ મુજબ) (૨) તીર્થ આવાહન (૩) હેમાદ્રિ સંકલ્પ (મંત્ર આજ પર્વમાં) (૪) દશ સ્નાન (પાન ૧૧૫) (૫) યજ્ઞોપવીત નવીનીકરણ (પાન ૨૫૯), જો નવી

જનોઈ આપવાની હોય તો જનોઈ પ્રકરણ જુઓ. (૬) તર્પણ (પાન ૨૯૬) (૭) અર્ઘ્યદાન, નમસ્કાર વગેરે (સામાન્ય પ્રકરણ)માંથી કરાવીને શ્રાવણી કર્મ પૂરું કરવું.

સામાન્ય રીતે ઉપરોક્ત વિધિ કરવામાં થોડાક લોકો જ ભાગ લે છે. શહેરમાં તો એથીયે પણ ઓછા લોકો ભાગ લે છે, પણ સામૂહિક પર્વપૂજનમાં મોટી સંખ્યામાં લોકો હાજરી આપે છે અને તેમાં કોઈ મુશ્કેલી નડતી નથી. સામૂહિક ઉજવણીનો કાર્યક્રમ નીચે મુજબ ચલાવવો.

- શ્રાવણી પર્વમાં નાના-મોટા સૌ કોઈ ભાગ લેવા ઉત્સુક હોય છે. આથી પહેલેથી જ બેસવાની વ્યવસ્થા કરવી.
- ભાગ લેનારાઓને બે ભાગમાં વહેંચવા. એકમાં ફક્ત એ લોકોને બેસાડવા કે જેઓ પૂજન, રક્ષાબંધન, વૃક્ષારોપણ જેવાં કાર્યોમાં ભાગ લેવાના હોય, જ્યારે જનોઈ બદલનાર તથા અન્ય કાર્યક્રમોમાં ભાગ લેનારને બીજા ભાગમાં બેસાડવા. છોકરા-છોકરીઓને પણ એ જ રીતે બેસાડવાં.
- જ્યાં પૂજન કરવાનું છે તે જગ્યાએ બધાંને લાઈનમાં પૂજનમંચની નજીક બેસાડવાં. બે લાઈનો વચ્ચે પૂરતી જગ્યા રાખવી, જેથી પૂજનસામગ્રી આપવામાં તકલીફ ન પડે.
- ઉપયોગમાં લેવાની પૂજાસામગ્રી પૂરતી સંખ્યામાં પહેલેથી જ લાવી રાખવી. વિધિ શરૂ કરતા પહેલાં બધી વસ્તુઓ ચકાસી લેવી, જેમકે- દેવમંચના શણગાર. બ્રહ્માજીનું ચિત્ર અથવા તેમના પ્રતીક રૂપે નારિયેળ, ઋષિઓના પ્રતીક માટે દર્ભનો નાનો પૂળો વેદપૂજન માટે પીળા કપડામાં બાંધેલાં પુસ્તકો, પૂજનસામગ્રી તથા પુષ્પ અને ચોખા જરૂરી માત્રામાં લાવી રાખવાં. શિખાસિંચન માટે ચંદન અથવા સુગંધી યુકત જળ, જનોઈ બદલવા માટે યજ્ઞોપવીત, રક્ષાબંધન માટે રાખડી અથવા નાડાછડી, વૃક્ષારોપણ માટે તુલસી અથવા ફૂલ છોડ અને જો યજ્ઞ કરવો હોય તો યજ્ઞની તમામ સામગ્રી તૈયાર રાખવી.
- દરેક વિધિની સૂચના સ્વયંસેવકોને સંચાલકોએ આપી દેવી,

જેથી પોતાની જવાબદારીનું યથાયોગ્ય સમયે પાલન કરે.

- કોઈ એક પ્રતિનિધિ પાસે ષટ્કર્મથી લઈને રક્ષાવિધાન સુધીનું કર્મ કરાવવું. ત્યાર પછીનો ક્રમ ભાવના અને પ્રેરણા જગાડીને પૂરો કરવો.
- અંતમાં યજ્ઞ અથવા દીપયજ્ઞ, આરતી, પ્રસાદ વિતરણ વગેરે પતાવીને કાર્યક્રમ પૂરો કરવો.

## ॥ પર્વપૂજન ક્રમ ॥

હાજર રહેલ શ્રદ્ધાળુઓને પર્વનું રહસ્ય સમજાવીને ષટ્કર્મ શરૂ કરાવવું. ષટ્કર્મ અલગ અલગ કરાવવાનું શક્ય ન હોય તો અપવિત્રઃ... મંત્ર વડે સામૂહિક અભિસિંચન કરવું. ત્યાર બાદ સ્વસ્તિવાચન સુધીનો ક્રમ પૂરો કરવો. મંત્રો સામાન્ય પ્રકરણમાં જુઓ. ત્યાર પછી નીચે લખેલા મંત્ર વડે તીર્થનું આવાહન કરવું.

## ॥ તીર્થ આવાહન ॥

ૐ પુષ્કરાદીનિ તીર્થાનિ, ગંગાદ્યાઃ સરિતસ્તથા ।
આગચ્છન્તુ પવિત્રાણિ, સ્નાનકાલે સદા મમ ॥
ત્વં રાજા સર્વતીર્થાનાં, ત્વમેવ જગતઃ પિતા ।
યાચિતં દેહિ મે તીર્થં, તીર્થરાજ નમોઽસ્તુ તે ॥
અપામધિપતિસ્ત્વં ચ, તીર્થેષુ વસતિસ્તવ ।
વરુણાય નમસ્તુભ્યં, સ્નાનાનુજ્ઞાં પ્રયચ્છ મે ॥
ગંગે ચ યમુને ચૈવ, ગોદાવરિ સરસ્વતિ ।
નર્મદે સિન્ધુ કાવેરિ, જલેઽસ્મિન્ સન્નિધિં કુરુ ॥

## ॥ હેમાદ્રિ સંકલ્પ ॥

આ સૃષ્ટિ, સૃષ્ટિસંચાલકના સંકલ્પથી પેદા થઈ છે. દરેક વ્યક્તિ પોતાની એક નવી દુનિયા રચે છે. આ દુનિયાને જો ઈશ્વરીય યોજનાનુસાર ચલાવવામાં આવે તો તે કલ્યાણકારી પરિણામો લાવે

છે, નહીં તો અનર્થો ઊભા કરે છે. આપણી દૃષ્ટિ, વિચાર અને કર્મમાં જો કોઈ વિકાર આવી ગયો હોય, કંઈક ખોટું થયું હોય, તો તેના નિવારણ માટે હેમાદ્રિ સંકલ્પ કરવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** બધાના હાથમાં ફૂલચોખા આપવાં. પછી કાર્યકર્તા બોલાવે તે રીતે બધા સંકલ્પ બોલે. સાથે ભાવના કરીએ કે હું આ વિશાળ દુનિયાનું એક નાનકડું છતાં પ્રામાણિક અંગ છું. મારે આ વિરાટ સૃષ્ટિ, ઈશ્વરીય યોજના, દેવભૂમિ, દેવસંસ્કૃતિ, ઋષિ પ્રમાણિત નવીન પ્રણાલીને અનુરૂપ બનવું છે. મારા સંકલ્પની સાથે સાથે વાતાવરણની પવિત્રતા અને દૈવીકૃપા વરસી રહી છે. પરમાત્મસત્તાની પ્રતિનિધિ આત્મસત્તા તેના માટે આનંદિત અને ખુશખુશાલ થઈને સક્રિય બની રહી છે.

**ૐ વિષ્ણુર્વિષ્ણુર્વિષ્ણુઃ શ્રીમદ્‌ભગવતો મહાપુરુષસ્ય વિષ્ણોરાજ્ઞયા પ્રવર્ત્તમાનસ્ય અદ્યશ્રીબ્રહ્મણો દ્વિતીયે પરાર્ધે, શ્રીશ્વેતવારાહકલ્પે, વૈવસ્વતમન્વન્તરે, ભૂર્લોકે, જમ્બૂદ્વીપાન્તર્ગતે ભારતવર્ષે ભરતખંડે અસ્મિન્વર્તમાને......ક્ષેત્રે......માસે......પક્ષે...... તિથૌ......વાસરે......ગોત્રોત્પન્નઃ......નામાહં જ્ઞાતાજ્ઞાત- સ્તેય- અનૃતભાષણ- નૈષ્ઠુર્ય- સંકીર્ણભાવ- અસમાનતા- કપટ- વિશ્વાસઘાત- કટૂક્તિ- પતિપત્ની વ્રતોત્સર્ગ- ઈર્ષ્યા- દ્વેષ- કાર્પણ્ય- ક્રોધ- મદ- મોહ-લોભ- માત્સર્ય- જનકજનની ગુર્વાદિ- પૂજ્યજનઅવજ્ઞા-જાતિ લિંગાદિ જનિત- ઉચ્ચનીચાદિ અસમતા- માદકપદાર્થ સેવન- સુરાપાન- માંસાદિ અભક્ષ્યઆહાર-આલસ્ય- અતિસંગ્રહ- દ્યૂતક્રીડા- ઈન્દ્રિયઅસંયમાનાં સ્વકૃતચતુર્વિંશતિ સંખ્યકાનાં દોષાણાં પરિહારાર્થં શ્રાવણી ઉપાકર્મ અહં કરિષ્યે ।**

## ॥ દસ સ્નાન ॥

પાના ૧૧૫ ઉપર આપવામાં આવેલ દસસ્નાનની વિધિ કરાવવી.

# ॥ શિખાસિંચન ॥

દેવસંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ સંસ્કૃતિ છે. તેનું અનુકરણ કરવામાં આવે તો જ લાભ થાય. શિખાને દેવસંસ્કૃતિનું પ્રતીક માનવામાં આવે છે. વિચાર સૌથી શ્રેષ્ઠ સાધન છે. વિચારોને આદર્શયુક્ત રાખવા જોઈએ. આના માટે નિયમિત સ્વાધ્યાયનો ક્રમ ચલાવવો જોઈએ. પોતાની સાંસ્કૃતિક મહાનતાની ગરિમા અને તેને ક્રિયાન્વિત કરવા માટે પ્રચંડ ઉત્સાહ પેદા કરવાથી જીવન ધન્ય બને છે.

**ક્રિયા અને ભાવના :-** બધાને ડાબા હાથની હથેળીમાં સુગંધિત જળ આપવું. મંત્રોચ્ચાર સાથે જમણા-હાથની આંગળીઓ પાણીમાં બોળી પાણી વડે શિખાનું સિંચન કરવું. ભાવના કરવી કે શરીરના સૌથી ઉપરના ભાગ મસ્તિષ્કમાં સાંસ્કૃતિક ચેતનાને સ્થાપિત કરીને તેના વડે દિવ્ય તેજસ્વિતાને ધારણ કરવામાં આવી રહી છે.

**ૐ ચિદ્રૂપિણિ મહામાયે, દિવ્યતેજઃ સમન્વિતે ।**
**તિષ્ઠ દેવિ શિખા મધ્યે, તેજોવૃદ્ધિં કુરુષ્વ મ ॥**

# ॥ યજ્ઞોપવીત પરિવર્તન ॥

વાનપ્રસ્થ પ્રકરણના પાન નં ૨૫૭ પર બતાવ્યા મુજબ જૂની જનોઈ બદલી નવી ધારણ કરવી. નવી જનોઈ લેવાની હોય તો તેની વિધિ પણ સાથે જ કરવી. જનોઈ બદલવા માટે તથા નવી ધારણ કરવા માટેની વિસ્તૃત વિધિ યજ્ઞોપવીત સંસ્કાર પ્રકરણમાં આપવામાં આવેલી છે. સમયનો અભાવ હોય તો વાનપ્રસ્થ પ્રકરણ મુજબ વિધિ કરવી.

# ॥ વિશેષ પૂજન ॥

શ્રાવણી પર્વ પર સામાન્ય દેવપૂજન ઉપરાંત બ્રહ્મા, વેદ તથા ઋષિઓનું આવાહન કરીને વધારાનું પૂજન કરવામાં આવે છે. બ્રહ્મા સૃષ્ટિના સર્જક છે. બ્રાહ્મી ચેતનાનું વરણ કરવાથી અને તેના

અનુશાસનનું પાલન કરવાથી ઈચ્છિતની પ્રાપ્તિ થાય છે. આ વિદ્યાને જેઓ અપનાવે છે, જાણે છે અને વ્યવહારમાં ઉતારે છે, તેઓને બ્રહ્મબંધુ, બ્રહ્મચારી, બ્રાહ્મણ, બ્રહ્મજ્ઞ વગેરે સંબોધનોથી નવાજવામાં આવે છે. બ્રહ્માજીનું આવાહન તથા પૂજન કરીને આ જ તથ્યને વ્યવહારમાં ઉતારવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જ્ઞાનને વેદ કહેવામાં આવે છે. જ્ઞાનથી જ વિકાસની શરૂઆત થાય છે. દુઃખ અને પતનનું મૂળ કારણ અજ્ઞાન છે. જ્ઞાનનું પ્રત્યક્ષીકરણ કરવા માટે જ વેદનું આવાહન તથા પૂજન કરવામાં આવે છે.

ઉચ્ચતમ જીવનચર્યાવાળું જીવન જીવીને વિકાસ સાધવામાં ઋષિજીવનને જ સફળતા મળી છે. એમના અનુભવો અને નિર્દેશોનો લાભ ઉઠાવવા માટે જ ઋષિપૂજન કરવામાં આવે છે. કોઈક આદર્શ ઋષિ અને કોઈ ભ્રષ્ટ વૈભવશાળી વ્યક્તિના જીવનની સરખામણી દ્વારા સમજાવવામાં આવે કે કુમાર્ગ કેટલો ઘાતક છે અને સૌમ્ય જીવન કેટલું સુખદાયક અને મધુર છે.

## ॥ બ્રહ્મા આવાહન ॥

ૐ બ્રહ્મ સૂર્યસમં જ્યોતિર્દ્યૌઃ સમુદ્રસમ ᳪ સરઃ ।
ઈન્દ્રઃ પૃથિવ્યૈ વર્ષીયાન્ ગોસ્તુ માત્રા ન વિદ્યતે ॥
- ૨૩.૪૮

## ॥ વેદ આવાહન ॥

ૐ વેદાહમેતં પુરુષં મહાન્તમ્, આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ।
તમેવ વિદિત્વાતિ મૃત્યુમેતિ, નાન્યઃ પન્થા વિદ્યતેઽયનાય ॥
- ૩૧.૧૮

## ॥ ઋષિ આવાહન ॥

ૐ ઈમાવેવ ગોતમભરદ્વાજાવયમેવ ગોતમોઽયં ભરદ્વાજઽઈમાવેવ વિશ્વામિત્રજમદગ્ની અયમેવ વિશ્વામિત્રોઽયં

જમદગ્નિરિમાવેવ વસિષ્ઠકશ્યપાવયમેવ વસિષ્ઠોઽયં કશ્યપો વાગેવાત્રિર્વાચાહ્યન્નમદ્યતે ઽ ત્તિ વૈ નામૈતદ્યદત્રિરિતિ સર્વસ્યાત્તા ભવતિ સર્વમસ્યાન્નં ભવતિ ય એવં વેદ ॥ - બૃહ.ઉ. ૨.૨૪

આવાહન પછી બધાનું પુરુષસૂક્તથી ષોડશોપચાર પૂજન કરવું.

## ॥ રક્ષાબંધન ॥

આ તહેવારમાં સૌથી મહત્ત્વનું અને હૃદયસ્પર્શી કામ રાખડી બાંધવાનું છે. ઋષિ પરંપરા મુજબ એકબીજાને મર્યાદાઓના બંધનમાં બાંધવા અને પોતાના કર્તવ્યનું પાલન કરવાનું આશ્વાસન આપવા માટેની આ અનોખી રીત છે.

આચાર્ય-બ્રાહ્મણ પોતાના યજમાનોને રાખડી બાંધતા હોય છે. તેમને શ્રેષ્ઠ અનુશાસનમાં બાંધી કલ્યાણકારી પ્રગતિના અધિકારી બનાવવા માટે પોતાના પવિત્ર કર્તવ્યનું પાલન કરવાનું આશ્વાસન આપે છે, જે દેવોની હાજરીમાં કરવામાં આવે છે. આના વિના માર્ગદર્શક અને અનુયાયી અન્યોન્ય લાભ મેળવી શકતા નથી.

આજે દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિની ચારે સીમાઓ ખતરામાં છે. આથી તેમને કેવી રીતે સુરક્ષિત રાખવી અને તેના માટે સૃજન સૈનિકના રૂપમાં કેવી રીતે કટિબદ્ધ થવું જોઈએ તેની સ્પષ્ટ રૂપરેખા રજૂ કરવી જોઈએ. કન્યાઓ રક્ષાબંધન કરે છે, તેમાં એક વધુ તત્ત્વનો સમાવેશ કરવો અને તે છે નારીનું ગૌરવ. કલાના નામે આજે દુઃશાસન અને દુર્યોધન જેવી ધૃષ્ટતા કરવામાં આવી રહી છે તેને રોકવામાં આવે. સ્ત્રીને રમકડું સમજીને એના શીલનું ખંડન કરી, તેને વેશ્યા બનાવવા માટેની જે કુચેષ્ટા થઈ રહી છે તથા કલાકાર, સાહિત્યકાર અને બીજા તેને માધ્યમ બનાવીને પાપની કમાણી કરી રહેલ નરાધમો અનાચાર કરી રહ્યા છે, તેમને રોકવા માટેની આ પ્રાર્થના પણ છે. સ્ત્રીને બહેન, પુત્રી અને માતાની દૃષ્ટિથી જોવાનો અનુરોધ તો પહેલેથી જ રક્ષાબંધન સાથે જોડાયેલો છે.

નારી પ્રત્યેની પવિત્ર ભાવનાની શક્તિનું પ્રમાણ પૌરાણિક અને ઐતિહાસિક કથાઓમાં જોવા મળે છે. ઈંદ્રને ત્યારે જ વિજય મળ્યો જ્યારે દેવી શચીએ પવિત્રભાવથી રક્ષાસૂત્ર બાંધ્યું. અર્જુન, શિવાજી, છત્રસાલ વગેરે મહાપુરુષોની સફળતાઓની પાછળ તેમનો સ્ત્રી પ્રત્યેનો પવિત્ર દૃષ્ટિકોણ હતો.

**ક્રિયા અને ભાવના :** રક્ષાબંધન પૂજ્ય વ્યક્તિઓ અથવા કન્યાઓ પાસે કરાવવામાં આવે. સામૂહિક આયોજનોમાં કેટલાક પ્રતિનિધિઓ બધાંને રાખડી બાંધે. વ્યક્તિગત સંબંધોમાં રાખડી બાંધવી હોય તો અવ્યવસ્થા ઊભી ન થાય, તેથી કાર્યક્રમ પછી જ બાંધવાનું રાખવું. રાખડી બાંધતી અને બંધાવતી વખતે પરસ્પર પવિત્ર અને દિવ્યભાવ રાખવો.

**ૐ યદાબધ્નન્દાક્ષાયણા હિરણ્ય ૤ંશતાનીકાય સુમનસ્યમાનાઃ ।**
**તન્મઽઆબધ્નામિ શતશારદાય, આયુષ્માંજરદષ્ટિર્યથાસમ્ ॥**

- ૩૪.૫૨

## ॥ વૃક્ષારોપણ ॥

**પ્રેરણા :** વૃક્ષ પરોપકારનું પ્રતીક છે, જેઓ વગર માગે મનુષ્યો અને પશુઓને છાંયડો, ફળ, હરિયાળી, લાકડાં વગેરે આપે છે. વધારામાં વાયુને શુદ્ધ બનાવવાનું મહત્ત્વનું કામ કરે છે. પ્રદૂષણનું નિયંત્રણ કરવામાં અને વરસાદ લાવવામાં ખૂબ મદદ કરે છે. માનવજીવનની તમામ જરૂરિયાતો જેવી કે અન્ન, વસ્ત્ર અને રહેઠાણમાં સૌથી વધુ યોગદાન વૃક્ષોનું છે. આથી મનુષ્યમાત્રનું કર્તવ્ય થઈ પડે છે કે તે વધુમાં વધુ વૃક્ષો વાવે અને ઉછેરે, તેમનું પૂજન કરે અને હરિયાળીનો વિસ્તાર કરે.

**ક્રિયા અને ભાવના :** સામૂહિક કાર્યક્રમમાં પ્રતીક રૂપે તુલસી વાવવાનો કાર્યક્રમ ગોઠવવામાં આવે. પૂજાવેદી પર પહેલેથી જ પૂરતી સંખ્યામાં રોપા લાવી રાખવા. હાજર રહેલ વ્યક્તિઓ પૈકી જેઓ પોતાના ઘેર તુલસી ઉછેરવા ઈચ્છતા હોય તેમને રોપા આપી દેવા.

રોપાઓ હાથમાં લઈ મંત્ર વડે અભિમંત્રિત કરતાં ભાવના કરે કે પ્રકૃતિમાં સંવ્યાપ્ત કલ્યાણકારી ચેતનાનો પ્રવાહ આ છોડને મંગલમય ક્ષમતાયુક્ત બનાવી રહ્યો છે. શક્ય હોય ત્યાં મોટાં વૃક્ષોના છોડ વાવવા જોઈએ. ગુરુ પૂર્ણિમાથી રક્ષાબંધન સુધી વૃક્ષારોપણ અભિયાન ચલાવવું જોઈએ.

**ૐ વનસ્પતિરવસૃષ્ટો ન પાશૈસ્ત્મન્યા, સમંજંછમિતા ન દેવઃ ।**
**ઇન્દ્રસ્ય હવ્યૈર્જઠરં પૃણાનઃ, સ્વદાતિ યજ્ઞં મધુના ઘૃતેન ॥**

- ૨૦.૪૫

## ॥ સંકલ્પ ॥

**..........નામાહં શ્રાવણીપર્વણિ પ્રાયશ્ચિત્તવિધાન-શુદ્ધાન્તઃ કરણૈઃ આર્ષપ્રણાલ્યાઅનુરૂપં તપશ્ચર્યાત્યાગયોઃ સ્વજીવને સિદ્ધાન્તમંગીકૃત્ય શ્રદ્ધાનિષ્ઠાપૂર્વકં તદ્ધારણસ્ય સંકલ્પમહં કરિષ્યે । તત્પ્રતીકરૂપે........નિયમપાલનાર્થં સ્વીકુર્વે ।**

* * *

# ॥ જન્માષ્ટમી - ગીતા જયંતી ॥

**માહાત્મ્ય :** યુગનિર્માણ પરિવાર ભારતીય ધર્મના અવતારી આત્માઓમાં રામ અને કૃષ્ણને સૂર્ય અને ચંદ્રની ઉપમા આપતો રહ્યો છે. રામનો જન્મદિવસ રામનવમીના દિવસે ઊજવવામાં આવે છે. કૃષ્ણદર્શન જન્માષ્ટમી કરતાં ગીતા જયંતીમાં વધારે પ્રગટ થયું છે. અર્જુનને મોહપાશમાંથી છોડાવીને જે રીતે કર્મયોગમાં પ્રવૃત્ત કર્યો તે ફક્ત મહાભારતના યુદ્ધની દૃષ્ટિએ જ નહીં, પણ ભારતીય દર્શનમાં એ દિવસોમાં ચાલી રહેલા વિષાદને ઝડપથી બદલી નાખવાની દૃષ્ટિએ પણ અત્યંત ક્રાંતિકારી કહી શકાય તેવું પગલું હતું.

ભગવાન કૃષ્ણ પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ તથા તેમના જીવનમાંથી પ્રેરણા પ્રાપ્ત કરવા માટે જન્માષ્ટમી (શ્રાવણ વદ આઠમ) અને

ગીતા જયંતી (માગસર સુદ ૧૧) ઊજવવામાં આવે છે, પણ બંનેનું વિધિવિધાન એકસરખું છે. ભગવાન કૃષ્ણનું વ્યક્તિત્વ તથા તેમનું જીવનદર્શન અને ગીતા બંનેને અલગ માની શકાય નહીં. બંને એકબીજા સાથે જોડાયેલાં છે. પ્રેરણા પ્રગટાવવા માટે બંનેનો ઉપયોગ કરવો જરૂરી છે.

ભગવાન શ્રીકૃષ્ણે જીવનમાં સમતોલન સાધ્યું હતું કારણ કે એ દિવસોમાં સમગ્ર ભારતમાં ત્યાગ અને વૈરાગ્યનો જોરદાર પવન ફુંકાયો હતો. ઈશ્વરભક્તિ અને આત્મકલ્યાણ જેવા મહાન લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે લોકો ગૃહત્યાગ, એકાન્તવાસ, સંન્યાસધારણ, ભિક્ષાચરણ તથા શારીરિક કષ્ટ જેવા કાર્યક્રમો અપનાવી રહ્યા હતા અને એનું પ્રચલન એક પરંપરા બની ગઈ હતી. સમાજની પ્રતિભાવાન વ્યક્તિઓ સામાજિક કર્તવ્યોની ઉપેક્ષા કરી આત્મકલ્યાણમાં લાગી હતી. પરિણામે આખો સમાજ દુર્બળ અને છિન્નભિન્ન બનવા માંડયો હતો. આ પ્રવાહને બદલ્યા વિના ન તો અધ્યાત્મનો ઉદ્દેશ પૂરો થતો હતો કે ન વ્યક્તિનું આત્મકલ્યાણ થવાની સંભાવના હતી. આથી ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનના માધ્યમથી સમસ્ત માનવજાતિને એ સંદેશ આપ્યો કે આત્મકલ્યાણ અને ઈશ્વરપ્રાપ્તિની સર્વાંગી સાધના કર્મયોગ દ્વારા જ થઈ શકે છે. માનવીય ભાવનાઓને નિઃસ્વાર્થ અને પરમાર્થપરાયણ બનાવીને કરવામાં આવેલ લોકમંગળનાં તમામ કાર્યો યોગસાધના અને તપશ્ચર્યા જ છે. આને અપનાવી લેવાથી ફક્ત આત્મકલ્યાણ જ નહીં, લોકકલ્યાણનો હેતુ પણ પૂર્ણ થાય છે. આથી જપતપ પૂરતા મર્યાદિત ન રહેતાં લોકમંગળનાં કાર્યો કરીને આવશ્યક લક્ષ્ય પ્રાપ્ત કરવું જોઈએ.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને પોતાના વિરાટ રૂપનું દર્શન કરાવતાં એ બતાવ્યું હતું કે આ પ્રત્યક્ષ વિશ્વ એ જ મારું સાકાર રૂપ છે. સંસારને સુંદર, સમુન્નત, સુવિકસિત અને સુવ્યવસ્થિત બનાવવા માટે કરવામાં આવતા તમામ પ્રયત્નો ઈશ્વરની શ્રેષ્ઠતમ

આરાધના છે. જેઓ અમુક નામ અને સ્વરૂપની અનુષ્ઠાનપરક ઉપાસનાને જ જીવનલક્ષ્યની પૂર્તિનું એકમાત્ર સાધન માની બેઠા હતા અને પરમાર્થપ્રેમી લોકો પોતાનો બધો જ સમય, શ્રમ, શક્તિ તથા ધન એમાં ખર્ચી રહ્યા હતા,એ એકાંગી માન્યતાનું ભગવાન શ્રીકૃષ્ણે ખંડન કર્યું છે.

ગીતામાં કર્મ કરવાની એક ઉત્કૃષ્ટ મનોવૈજ્ઞાનિક પદ્ધતિને ઉપસાવવામાં આવી છે. લક્ષ્ય ઊંચું હોવા છતાં અને શક્તિશાળી પ્રયત્નો કરવા છતાંય,સફળતા પૂર્ણ રૂપે મળતી નથી. પરિસ્થિતિઓ પણ પોતાનો ભાગ ભજવતી રહેતી હોય છે અને કેટલીકવાર એવાં પરિણામો સામે આવીને ઊભાં રહે છે, જેમાં શ્રેષ્ઠ પ્રયત્નો પણ અસફળતા સુધી પહોંચી જાય છે. આવા પ્રસંગોથી કર્મયોગીને ભારે આઘાત પહોંચે છે અને ઉદાસ થઈને તેનું સાહસ અને પ્રયત્ન ખોઈ નાખે છે. આ પરિસ્થિતિમાંથી બચવા માટે ભગવાન શ્રીકૃષ્ણે મનોવૈજ્ઞાનિક વળાંક આપ્યો કે શ્રેષ્ઠ કર્મો કરવાથી પણ સંતોષ, ગૌરવ, ઉલ્લાસ અને શ્રેય પ્રાપ્ત કરી શકાય છે. પૂરી તત્પરતા સાથે શ્રેષ્ઠકાર્ય કરવામાં આવે એને જ પોતાની મહાનતા અને સાહસિકતાની સફળ અભિવ્યંજના માનવામાં આવે અને કર્મફળને ગૌણ માનવામાં આવે. ભૌતિક સફળતા-અસફળતા તો પાછળથી મળે છે, તેનું મૂલ્યાંકન બીજા લોકો કરે છે, પણ પોતાની સફળતા અને સંતોષ તો કાર્યની શરૂઆત સાથે જ મેળવી લેવામાં આવે છે.

કર્મયોગ દર્શનમાં સફળતાની પરિભાષા અને સંતોષના કેન્દ્રબિંદુને બદલી નાખવામાં આવ્યાં છે, જેથી અનાચારી લોકો દ્વારા અનુચિત માર્ગે ચાલીને અનીતિથી મેળવેલી સફળતા તરફ કોઈનો જીવ ન લલચાય અને પોતાના પ્રયત્નોથી વધુ ભૌતિક ઉપલબ્ધિ પ્રાપ્ત ન થાય, તો પણ હિંમત તૂટે નહીં.

કર્મયોગ દર્શન માનવીને એ માનસિક અસંતુલનથી બચાવે છે, જે શારીરિક રોગો કરતાં પણ હજારગણું વધારે કષ્ટદાયક અને હાનિકારક છે. ચડતીપડતી કોઈના હાથમાં નથી. સુખદુઃખના પ્રસંગો

તડકાછાંયડાની જેમ જીવનમાં આવ્યા કરતા હોય છે. મનુષ્યમાં પણ પૂર્ણપણે સજ્જનતા ક્યાં છે ? મનુષ્યો અને પ્રસંગો દ્વારા એવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવે છે કે જેનાથી ઉદ્વેગ અને આવેશ ઉત્પન્ન થયા વિના રહેતા નથી. ક્રોધ, ચિંતા, ભય, નિરાશા તથા ઘૃણા પેદા કરનાર પ્રસંગો અવારનવાર સામે આવીને ઊભા રહે છે. એમને બદલવા અને સુધારવા માટે મગજ સંતુલિત રહેવું જરૂરી છે, જેથી કંઈક સારું વિચારી શકાય અને નક્કર કાર્ય કરી શકાય, પણ માનસિક દુર્બળતાએ પહેલેથી જ મસ્તિષ્કને આવેશગ્રસ્ત કરી દીધું હોય છે. આથી આવેશગ્રસ્ત મગજ દ્વારા ઊંધું જ વિચારવામાં અને કરવામાં આવે છે. પરિણામે મુશ્કેલીઓ અનેકગણી વધી જાય છે. જો વિવેકને સ્થિર રાખવામાં આવે તો કમસે કમ પોતાનું અસંતુલન તો સાચવી શકાય. આવનાર સંકટો સીમિત બની જાય અને વિવેકપૂર્ણ બુદ્ધિથી કામ લઈ શકાય, તેમ જ સામનો પણ કરી શકાય.

મનોવૈજ્ઞાનિકો જાણે છે કે કેટલીક વ્યક્તિઓ અને ઘટનાઓથી મનુષ્યને નુકસાન થાય છે, પરંતુ વધુ નુકસાન તો તેનું આવેશપણું કરે છે. અસફળતા અથવા દુર્વ્યવહારના કારણે મનુષ્યની હિંમત તૂટી જાય છે અને નિરાશ તથા હતાશ બનીને પોતાનું ભવિષ્ય અંધકારમય બનાવી દે છે તથા અવિશ્વાસુ અને પલાયનવાદી બની જાય છે, પણ જો સફળતા મળી જાય તો તે અહંકારી, ઉદ્ધત, અતિવાદી તથા દુઃસાહસી બની જાય છે. હર્ષનો અતિરેક પણ ઉન્માદ પેદા કરે છે અને અવાસ્તવિક્તાવાદી બનાવી દે છે. આમ, સફળતાની પ્રાપ્તિ પણ જો અસમતોલપણું પેદા કરે તો તે અસફળતા કરતાં પણ વધારે ખરાબ બની રહે છે.

સ્થિતપ્રજ્ઞની, સમત્વયોગની ચર્ચા કરતાં ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના માધ્યમથી મનુષ્યની સૌથી મોટી વિશેષતા અને ગૌરવ તેના માનસિક સંતુલનની સ્થિરતાને ગણાવી છે. આના આધારે મનુષ્ય પોતાના વિવેકને સામાન્ય સમયમાં પણ સ્થિર રાખી શકે છે અને સંકટ આવતાં એક ખેલાડીની જેમ તેને સહન કરી માનસિક

આઘાતથી બચતો રહે છે. પ્રસન્નતા અને પ્રફુલ્લતાને કાયમ જાળવી રાખે છે. આવી માનસિક સ્થિતિ કાયમ રાખવી એ એક મોટી ઉપલબ્ધિ છે અને એના અનેક લાભો પણ છે. જીવનમાં વારંવાર ત્રાસ આપતા મનોવિકારોથી છુટકારો મેળવી શકાય છે. તે તેના વ્યક્તિત્વનો પૂરેપૂરો વિકાસ સાધી શકે છે અને તમામ સફળતાઓને આસાનીથી પ્રાપ્ત કરી શકે છે. આ વાતને માનસશાસ્ત્રનો વિદ્યાર્થી ખૂબ જ સરળતાથી સમજી શકશે. વ્યક્તિને પ્રેમ કરીએ, પણ તેના દોષોને સહન ન કરવા જોઈએ. સામાન્ય રીતે મિત્રના દોષોને ચલાવી લેવામાં આવે છે અને શત્રુમાં ગુણ હોય, તો પણ તે દંભ લાગે છે. આવી દૃષ્ટિ પક્ષપાતી છે. આના કારણે સુધારાત્મક પાસું રુંધાઈ જાય છે. ખરેખર તો એવું થવું જોઈએ કે મિત્રના દોષોનો તિરસ્કાર અને દુશ્મનના ગુણોની પ્રશંસા કરવામાં આવે. 'રોગી પ્રત્યે પ્રેમ અને રોગ પ્રત્યે નફરત'ની દૃષ્ટિ ગીતાએ અર્જુનને આપી ત્યારે જ અર્જુન મહાભારતનું-જીવનસંગ્રામનું મહત્ત્વપૂર્ણ પાત્ર બની શક્યો.

આવાં તો અનેક ઉદાહરણો ગીતાના દરેક શ્લોકમાં જોવા મળે છે. આ બધા પ્રસંગો પૈકી થોડાક પ્રસંગો પણ જો આપણા અંતઃકરણને સ્પર્શે, તો નિઃશંક આપણે જીવનમંચના સફળ અભિનેતા અને દિશા ભૂલેલા જનસમાજને માર્ગદર્શન આપવામાં સમર્થ એવા ઐતિહાસિક લોકનેતા બની શકીએ. કૃષ્ણનું જીવનચરિત્ર અનેક પ્રેરણાપદ પ્રસંગોથી ભરેલું છે. શરૂઆતથી જ અસુરોના આતંક સામે લડતા રહેવું, ગોવાળિયાઓની મદદ વડે સામૂહિક શ્રમદાનથી ગોવર્ધન પર્વતને ઊંચકવો, ગૌપાલન અને તેના સંવર્ધનની મહત્તા સામાન્ય માણસના માનસપટ ઉપર અંકિત કરવી, ગાંધીજીના ચરખાની જેમ સ્વયં ગૌપાલનના કાર્યમાં લાગ્યા રહેવું, ન્યાયનું સમર્થન કરવા માટે કાયમ લડતા રહેવું, સારથિ બનવા જેવા હલકા કાર્યને પણ પોતે સ્વીકારી શ્રમજીવી વર્ગના શ્રમનું ગૌરવ વધારવું, સુદામાના ગુરુકુળમાં આર્થિક મુશ્કેલી આવતાં વગર માગ્યે તે દૂર કરવી, આ જન્મમાં અણીશુદ્ધ રહેવા છતાં પૂર્વજન્મના કર્મનું ફળ પણ ભોગવવું પડે છે

તે પારધીના તીર લાગવાના પ્રસંગથી લોકમાનસને સમજાવવું કે કર્મફળના સિદ્ધાંતમાંથી કોઈ બચી શકતું નથી. અત્રે ઉલ્લેખનીય છે કે રામાવતારમાં ઝાડની ઓથે સંતાઈને વાલીને તીર મારવાના પાપના ફળરૂપે કૃષ્ણાવતારમાં સજા ભોગવવી પડી. વાલી પારધી બનીને બદલો લેવા આવ્યો વગેરે ઉદાત્ત પ્રેરણાપ્રદ પ્રસંગો જીવનને ચિંતનની ઊંડાઈ સુધી લઈ જાય છે. જ્યારે કંસ વ્રજનું તમામ દૂધ અને ઘી પોતાના માટે મંગાવતો અને તેનો બગાડ કરતો ત્યારે તે કૃષ્ણને ગમ્યું નહીં. આથી કૃષ્ણે ગાંધીજીના અસહકાર આંદોલન અને સત્યાગ્રહની જેમ કંસને દૂધ આપવા જતી ગોપીઓનો રસ્તો રોક્યો. એ વખતે એવી માન્યતા પ્રચલિત હતી કે સ્ત્રી અને પુરુષનું પરસ્પર મિલન વિકૃતિ જ પેદા કરે છે. આથી કૃષ્ણે સમાજને પડકાર કર્યો કે સ્ત્રી અને પુરુષનું પવિત્ર દૃષ્ટિકોણથી સાથે રહેવું તે બાધક નથી, ઊલટું તે એકબીજાને સહાયક બને છે. આથી મનુષ્યમાત્ર સાથે મળીને રહે. સ્ત્રીપુરુષો એકબીજા સાથે હસતાં-ખેલતાં જીવન જીવે. દૃષ્ટિની પવિત્રતા તો ભાવના પર આધારિત છે. આથી સાહચર્ય તેમાં બાધક બનતું નથી. આ શિક્ષણ શ્રીકૃષ્ણે ગોપ-ગોપીઓની રાસલીલા દ્વારા સમાજને આપ્યું.

જયદ્રથ વધ વખતે બનાવટી સૂર્યપ્રકાશ પેદા કરવો, નિઃશસ્ત્ર કર્ણ ઉપર હુમલો કરવાનું અર્જુનને કહેવું,એક પત્નીવ્રતને અનિવાર્ય ન માનવું,દ્રૌપદીના પાંચ પતિ હોવા, પોતાને અનેક પત્નીઓ હોવી વગેરે કેટલાય પ્રસંગો એવા છે, જે સામાન્ય લૌકિક દૃષ્ટિથી સમજી શકાય તેવા નથી, પરંતુ ઉચ્ચ દૃષ્ટિકોણથી વિચાર કરતાં લાગે છે કે ઉચ્ચ આદર્શોની રક્ષા કરવા માટે પ્રચલિત વિચારપ્રવાહમાં ફેરફાર પણ કરી શકાય છે. ગુપ્તચર વિભાગ જૂઠ એને છળકપટના આધારે જ રાષ્ટ્રની સેવા કરી શકે છે. લશ્કરના જવાનો હિંસા કરે છે. આ બધું સામાન્ય દૃષ્ટિએ વિચારતાં એકદમ નિમ્ન પ્રકારનું હલકું કૃત્ય લાગે છે, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરતાં લાગે છે કે ઉચ્ચ આદર્શો માટે આવું કરવું અનિવાર્ય હોય છે. દુષ્ટતાનો સામનો કરવા

માટે અથવા આપત્તિ ધર્મ આવી પડે ત્યારે નિયમભંગ પણ અપનાવી લેવો પડે છે. ભગવાન કૃષ્ણનાં કેટલાંક ચરિત્રો આ માન્યતાઓનું પ્રતિપાદન કરે છે. કૃષ્ણની માખણચોરીને ક્રાંતિકારીઓની લૂંટ સાથે સરખાવી શકાય. આપત્તિના સમયમાં વિશ્વામિત્રે કૂતરાનું માંસ ખાઈને જીવન બચાવ્યું હતું. આ પ્રસંગ ઉપરની બાબતનું સમર્થન કરે છે.

જે હોય તે, આપણે આને દાર્શનિક રીતે વિચારીએ અને બીજા લોકોને વિચાર કરવા દઈએ. વસ્તીવધારો રોકવાની દૃષ્ટિએ દ્રૌપદીવાળી પાંચ પતિઓની વાત વિચારણીય છે. પર્વતીય વિસ્તાર કે જ્યાં જમીની અછત છે, ત્યાં પરિવાર વિસ્તારની મુશ્કેલીઓ અનુભવતાં એક ભાઈ લગ્ન કરે છે અને બાકીના ભાઈઓ સહપતિ બનીને રહે છે.

જર્મનીમાં બીજા વિશ્વયુદ્ધ વખતે મોટાભાગના પુરુષો મરી ગયા હતા. સ્ત્રીઓની વધુ સંખ્યાની અસ્તવ્યસ્તતાને રોકવા માટે પુરુષો અનેક પત્નીઓ રાખી શકશે તેવો કાનૂની અધિકાર આપવામાં આવ્યો હતો. આવી વિષમ પરિસ્થિતિમાં વિશિષ્ટ રિવાજો વિશેષરૂપે બદલવામાં આવે છે. આનું સમર્થન ભગવાન કૃષ્ણે કર્યું. તેમણે પરંપરાગત રીતે જડ નિયમોને વળગી ન રહેતાં, પરિસ્થિતિઓને અનુરૂપ તેના ઉપર સ્વતંત્ર ચિંતન કરીને યોગ્યને જ સ્વીકારવાનો રસ્તો દર્શાવ્યો છે.

ભગવાન શ્રીકૃષ્ણ દરેક રીતે મહાન હતા. એમના જીવન-ચરિત્રમાંથી જેટલું ઉપયોગી હોય તેનું આપણે અનુકરણ કરીએ. અસામાન્ય પરિસ્થિતિમાં વિશિષ્ટ રીતે કરવાનું કે વિચારવાનું કહ્યું છે તે વિશેષજ્ઞો માટે છોડી દેવું. સામાન્ય લોકોએ આ કડાકૂટમાં પડવાની જરૂર નથી.

## ॥ પૂર્વ વ્યવસ્થા ॥

જન્માષ્ટમી-ગીતાજયંતી તહેવાર પણ અન્ય તહેવારોની જેમ જ

ઊજવવા. પૂજનવેદી ઉપર ભગવાન શ્રીકૃષ્ણ, મિત્ર અર્જુન અને ગોવાળિયાઓનાં ચિત્રો મૂકવાં. સાથે ગીતાનું પુસ્તક પણ મૂકવું. ફોટાઓને શણગારવા. ફૂલહાર ચડાવવા. આવાહન અને પૂજન માટે પ્રતીક જરૂરી છે. બધા લોકો ભાગ લઈ શકે તેવો સમય પસંદ કરવો. જન્મ રાત્રે બાર વાગે થયો હતો, આથી પર્વની ઉજવણી પણ બાર વાગે કરવી તેવું જરૂરી નથી. ભગવાન કૃષ્ણનો તહેવાર હોઈ કૃષ્ણનું અભિવાદન-પૂજન કરવાનો ભાવ રાખવો.

## ॥ પર્વપૂજન ક્રમ ॥

- કાર્યક્રમની શરૂઆતમાં ભાવમય વાતાવરણ બનાવવા એકાદ ગીત અને ટૂંકમાં ઉદ્‌બોધન કરી પૂજનની શરૂઆત કરવી. ષટ્કર્મથી રક્ષાવિધાન સુધીનું કર્મ અન્ય પર્વોની જેમ જ કરવું.
- વિશેષ પૂજનમાં ભગવાન કૃષ્ણનું આવાહન, અર્જુન આવાહન અને ગીતા આવાહન કરવું. ત્રણેયનું ષોડશોપચારથી પૂજન કરવું.
- ભગવાન કૃષ્ણને નૈવેદ્યમાં વિશેષ રૂપથી ગૌદ્રવ્ય ચડાવવું.
- અંતમાં યજ્ઞ અથવા દીપયજ્ઞ, આરતી, દેવદક્ષિણા સંકલ્પ, સંગીત વગેરેથી સમાપન કરવું.

## ॥ વિશેષ પૂજન ॥

**પ્રેરણા :** પર્વપૂજનમાં ભગવાન કૃષ્ણ, તેમના મિત્રો, અને ગીતાનું આવાહન-પૂજન કરવામાં આવે છે. આથી કૃષ્ણ આવાહન વખતે ભાવમય વાતાવરણ બનાવવા કૃષ્ણના જીવનચરિત્રના પ્રસંગો કહેવા. અર્જુનનું આવાહન કરતા પહેલાં જીવનમાં સખાનું મહત્ત્વ સમજાવવું. કૃષ્ણે જીવનમાં બધાં જ કાર્યો મિત્રોના સહારે જ પૂર્ણ કર્યાં હતાં.

ગીતા કૃષ્ણનું અભિન્ન અંગ કહી શકાય તેવું ધર્મપુસ્તક છે. વેદજ્ઞાનને વધારે સરળ અને લોકભોગ્ય બનાવવા માટે પોતે પોતાની રીતે સુંદર પ્રયત્ન કર્યો છે. વ્યક્તિનું જીવનદર્શન એ જ તેનું અસલી સ્વરૂપ છે. આ તત્ત્વને ગીતાપૂજન વખતે સમજાવવું. ગૌદ્રવ્ય કૃષ્ણને

વધારે પ્રિય હતાં. ભગવાન કૃષ્ણે ગૌપાલન અને ગૌસંવર્ધનનું અભિયાન ચલાવ્યું હતું. ભારત ખેતીપ્રધાન દેશ હોઈ ગાય પાળવી દરેક રીતે ઉપયોગી છે અને આ સત્યને તેઓએ ગૌપાલન દ્વારા સિદ્ધ કરી બતાવ્યું. આથી આજે જ્યારે ગાયોનો નાશ થઈ રહ્યો છે ત્યારે આ તથ્યને જનજીવનમાં ઉતારવા માટે આ રીતે પ્રયત્ન કરી શકાય.

## ॥ શ્રીકૃષ્ણઆવાહન ॥

ૐ દેવકીનન્દનાય વિદ્મહે, વાસુદેવાય ધીમહિ ।
તન્નઃ કૃષ્ણઃ પ્રચોદયાત્ ॥ - કૃ.ગા.

ૐ વંશી વિભૂષિતકરાન્નવનીરદાભાત્,
પીતામ્બરાદરુણવિમ્બફલાધરોષ્ઠાત્ ।
પૂર્ણેન્દુસુન્દરમુખાદરવિન્દનેત્રાત્,
કૃષ્ણાત્પરં કિમપિ તત્ત્વમહં ન જાને ॥
ૐ શ્રીકૃષ્ણાય નમઃ ।

## ॥ શ્રીકૃષ્ણ-સખા આવાહન ॥

ૐ સખાયઃ સં વઃ સમ્યંચમિષ ઽંસ્તોમં ચાગ્નયે ।
વર્ષિષ્ઠાય ક્ષિતીનામૂર્જો નપ્ત્રે સહસ્વતે ॥ ૧૫.૨૯
ૐ શ્રીકૃષ્ણ-સખિભ્યો નમઃ ।

## ॥ ગીતા આવાહન ॥

ૐ ગીતા સુગીતા કર્ત્તવ્યા, કિમન્યૈઃ શાસ્ત્રવિસ્તરૈઃ ।
યા સ્વયં પદ્મનાભસ્ય મુખપદ્માદ્વિનિઃ સૃતા ॥
ગીતાશ્રયેઽહં તિષ્ઠામિ, ગીતા મે ચોત્તમં ગૃહમ્ ।
ગીતાજ્ઞાનમુપાશ્રિત્ય, ત્રીંલ્લોકાન્પાલયામ્યહમ્ ॥
સર્વોપનિષદો ગાવો, દોગ્ધા ગોપાલનન્દનઃ ।
પાર્થો વત્સઃ સુધીર્ભોક્તા, દુગ્ધં ગીતામૃતં મહત્ ॥

ॐ શ્રીગીતાયૈ નમઃ ।

આવાહન પછી પુરુષસૂક્તથી ષોડશોપચાર પૂજન કરવું.

## ॥ ગોદ્રવ્ય અર્પણ ॥

નીચેનો મંત્ર બોલી ભગવાન કૃષ્ણને ગાયનું દૂધ, દહીં, ઘી વગેરેયુક્ત પંચામૃત અર્પણ કરવું.

ॐ માતા રુદ્રાણાં દુહિતા વસૂનાં, સ્વસાંદિત્યાનામમૃતસ્ય નાભિઃ । પ્ર નુ વોચં ચિકિતુષે જનાય, મા ગામનાગામદિતિં વધિષ્ટ ॥ - ઋ૦ ૮૧૦ ૧.૧૫

## ॥ સંકલ્પ ॥

..........નામાહં કૃષ્ણજન્મોત્સવે / ગીતાજયન્તીપર્વણિ સ્વશક્તિઅનુરૂપં ન્યાયપક્ષવરણં તત્સમર્થનં ચ કરિષ્યે । તત્પ્રતીકરૂપેણ........નિયમપાલનાર્થં સંકલ્પયિષ્યે ।

* * *

# ॥ પિતૃ અમાવસ્યા ॥

આ તહેવાર ભાદરવા વદ અમાસના દિવસે આવે છે. આપણે ત્યાં સોળ શ્રાદ્ધ ઊજવવામાં આવે છે. છેલ્લું શ્રાદ્ધ તે પિતૃ અમાવસ્યા. શરૂઆતમાં ષટ્કર્મથી લઈને રક્ષાવિધાન સુધીનું પૂજન સામાન્ય પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે કરાવવું. ત્યારબાદ યમ આવાહન, પિતૃઆવાહન, તર્પણ, પિંડદાન, શ્રાદ્ધ, સંકલ્પ વગેરે સમય અને પરિસ્થિતિ મુજબ વિવેકબુદ્ધિ વાપરીને, આ પુસ્તકના 'મરણોત્તર સંસ્કાર' નામના પ્રકરણ મુજબ કરાવવાં. વિસર્જન કરતા પહેલાં પિતૃમોક્ષનો સંકલ્પ લેવો જોઈએ. સંકલ્પ નીચે મુજબ લેવડાવવો.

## ॥ સંકલ્પ ॥

.......નામાહં પિતૃમોક્ષપર્વણિ પરમેશ્વર-પ્રકૃતિ-પિતૃ-પરિજન આશ્રિત ઈતરજનાનાં કૃતમુપકારાણામૃણાદ્ આનૃણ્યાર્થં પ્રબલપુરુષાર્થમ્ અહં કરિષ્યે ।

* * *

## ॥ વિજયાદશમી - દશેરા ॥

દશેરા સાહસ, શૌર્ય, શક્તિ અને સ્વાસ્થ્યનું પર્વ છે. આ દિવસે આપણે આપણી ભૌતિક તાકાતનો ખાસ કરીને શક્તિ અને સ્વાસ્થ્યના નફા-નુકસાનનો હિસાબ કરીએ છીએ. આપણી શક્તિઓને વિકસિત અને સામર્થ્યયુક્ત બનાવવા માટે દશેરાનો તહેવાર આપણને પ્રેરણા આપે છે. આમ તો આ તહેવાર સાથે અનેક કથાઓ જોડાયેલી છે, તેમ છતાં શક્તિની અધિષ્ઠાત્રી દેવી દુર્ગાવતરણનું મહત્ત્વ વધારે છે. પુરાણોમાં એવી કથા આવે છે કે અસુરો સામે દેવતાઓ પરાજિત થવાની તૈયારીમાં હતા ત્યારે ઇન્દ્રની પ્રાર્થનાથી બ્રહ્માજીએ અસુરોનો સામનો કરવા માટે બધા દેવો પાસેથી થોડી થોડી શક્તિઓ એકઠી કરી દુર્ગાશક્તિનું,અર્થાત્ સંઘશક્તિનું નિર્માણ કર્યું અને સંઘશક્તિના બળે શુંભ-નિશુંભ, મધુકૈટભ, મહિષાસુર વગેરે રાક્ષસોનો નાશ થયો. દુર્ગાને આઠ ભુજાઓ છે. આઠ ભુજા એટલે આઠ પ્રકારની શક્તિ. તનબળ, મનોબળ, ધનબળ, ચાતુર્યબળ, શૌર્યબળ, વિદ્યાબળ, સંઘબળ અને શસ્ત્રબળ - આ આઠ પ્રકારની શક્તિનું નામ જ દુર્ગા છે. ભગવતી દુર્ગાએ આ આઠ બળના આધારે જ શક્તિશાળી રાક્ષસોનો નાશ કરી વિજય મેળવ્યો હતો.

સમાજને નુકસાન પહોંચાડનાર આસુરી શક્તિઓ અને દુષ્ટ વ્યક્તિઓનો સામનો કરવા માટે સંગઠન શક્તિની જરૂર પડે છે. સંઘબળની સાથે ઉપરોક્ત અન્ય શક્તિઓ પણ પ્રાપ્ત કરવી પડે છે. ઉપર જણાવેલ આઠ શક્તિઓથી સંપન્ન થયેલો સમાજ જ દુષ્ટોનો

સંહાર અને દુષ્ટતાનો નાશ કરી શકે છે. સમાજદ્રોહી, દેશદ્રોહી, દુરાચારી તથા ષડ્યંત્રો રચીને રાષ્ટ્રને કમજોર કરનાર દુષ્ટોનો મુકાબલો આ શક્તિઓ દ્વારા જ કરી શકાય છે.

દશેરાનો તહેવાર આ શક્તિઓ પ્રાપ્ત કરી તેની ઉપાસના કરવાનું પર્વ છે. સામાન્ય રીતે કમજોર અને દુર્બળ માણસો જ પાપ, દુષ્ટતા તથા અન્યાયને પ્રોત્સાહન આપે છે. જ્યાં આવા લોકોનું પ્રમાણ વધારે હશે તે સમાજ અસ્તવ્યસ્ત અને ભ્રષ્ટ બની જાય છે. એવા સમાજમાં અસુરક્ષા, અશાંતિ અને અન્યાયની બોલબાલા જોવા મળે છે.

આજના દિવસે ભગવાન રામે રાક્ષસરાજ રાવણ ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો. આથી પણ આ તહેવાર ઊજવવામાં આવે છે. આસુરી પ્રવૃત્તિઓની વૃદ્ધિ જ વ્યક્તિ, સમાજ અને પરિવારમાં અનર્થો પેદા કરે છે. નબળાઈઓથી આસુરી શક્તિઓને પોષણ મળે છે. આથી તેમને શક્તિ અને સાધનો દ્વારા સમાપ્ત કરવાની યોજના બનાવવી જોઈએ અને આજના દિવસે આ પ્રકારના સંકલ્પો લેવા જોઈએ.

## ॥ વ્યવસ્થા ॥

આ તહેવાર આસો નવરાત્રીના અંતિમ દિવસે આવે છે. નવરાત્રિ સાધનાનું મહત્ત્વ અને સામૂહિક સાધનાક્રમનું વિવરણ ચૈત્ર નવરાત્રિ પ્રકરણમાં આપવામાં આવ્યું છે. નવ દિવસના સામૂહિક સાધના અનુષ્ઠાનનું જ્યાં જે રીતે શક્ય હોય, ત્યાં તે રીતે આયોજન કરવું જોઈએ. છેલ્લા દિવસે અનુષ્ઠાનની પૂર્ણાહુતિમાં બધા જ સાધકો એકઠા થાય છે. આથી નવરાત્રિ અનુષ્ઠાનની પૂર્ણાહુતિ દશેરાના દિવસે ગોઠવી બંને પર્વોને સંયુક્ત રૂપથી ઊજવી શકાય છે. જો અનુષ્ઠાનની પૂર્ણાહુતિ નોમના દિવસે કરી લીધી હોય, તો દશેરાનું પૂજન દશમા દિવસે સવારે અથવા સાંજે ગોઠવી શકાય. દેવસ્થાપન મંચ ઉપર અષ્ટભુજાવાળી મા દુર્ગાનો ફોટો સ્થાપિત કરવો. પૂજન

માટે કોઈક હથિયાર શણગારીને પૂજાસ્થાને રાખવું જોઈએ. પૂજનસામગ્રીની સાથે ફૂલ, ચોખા, ચંદન વગેરે ઉપસ્થિત રહેનાર લોકોની સંખ્યા મુજબ જરૂરી પ્રમાણમાં તૈયાર કરી રાખવાં જોઈએ.

## ॥ પૂજનક્રમ ॥

તહેવારને અનુરૂપ ભાવના જગાડવા માટે સંગીત અને ટૂંકમાં દશેરાનું મહત્ત્વ સમજાવી પૂજન શરૂ કરાવવું.

ષટ્કર્મથી રક્ષાવિધાન સુધીનો ક્રમ સામાન્ય પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે કરાવવો. વિશેષ પૂજન નીચે મુજબ કરાવવું.

## ॥ દુર્ગા આવાહન ॥

દેવવૃત્તિઓ અને લાભકારી પ્રવૃત્તિઓનું સંયુક્ત નામ એટલે દુર્ગા. ભાવના કરીએ કે આ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ આપણામાં અને જનમાનસમાં પેદા થાય. આ શક્તિનો સામૂહિક ઉપયોગ કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય. આ ભાવના સાથે બધા જ લોકો હાથ જોડીને નીચેનો મંત્ર બોલે.

**ૐ સંગચ્છધ્વં સંવદધ્વં, સં વો મનાંસિ જાનતામ્ ।**
**દેવાભાગં યથાપૂર્વે, સંજાનાના ઉપાસતે ॥**

નીચેનો મંત્ર બોલી મા દુર્ગાનું વિશેષ આવાહન કરવું.

**ૐ ગિરિજાયૈ વિદ્મહે, શિવપ્રિયાયૈ ધીમહિ ।**
**તન્નો દુર્ગા પ્રચોદયાત્ ॥** – દુ.ગા.

**ૐ નમસ્તે શરણ્યે શિવે સાનુકમ્પે,**
**નમસ્તે જગદ્ વ્યાપિકે વિશ્વરૂપે ।**
**નમસ્તે જગદ્વન્દ્ય પાદારવિન્દે,**
**નમસ્તે જગત્તારિણિ ત્રાહિ દુર્ગે ॥**

**ૐ શ્રીદુર્ગાયૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।**

ત્યારબાદ પુરુષસૂક્તના મંત્રો બોલી ષોડશોપચાર પૂજન કરવું.

## ॥ શસ્ત્રપૂજા ॥

આસુરી શક્તિઓને નિયંત્રિત કરવા માટે જ શસ્ત્રોની જરૂર પડે છે. આ શસ્ત્રોનો ઉપયોગ રક્ષણ માટે કરવો પડે છે. એક વખત શસ્ત્રનો ઉપયોગ શીખી લીધા પછી કેટલીકવાર તેનો ઉપયોગ સ્વાર્થની પૂર્તિ માટે કરવામાં આવે છે, પરંતુ શસ્ત્રપૂજા સાથે એ ભાવ જોડાયેલો છે કે શસ્ત્રનો એવો ઉપયોગ કરવો જોઈએ કે તે પૂજ્ય બને અને અભિનંદનને પાત્ર બને. નિંદનીય ઉપયોગથી શસ્ત્રને બચાવીએ. શસ્ત્ર અને તેનો ઉપયોગ કરનારાઓમાં મા દુર્ગા એવા સંસ્કારો, બુદ્ધિ પેદા કરે કે જે હેતુ માટે શસ્ત્ર બનાવવામાં આવ્યું છે તે માટે જ તેનો ઉપયોગ કરે.

**ક્રિયા-ભાવના :** પૂજાવેદી પર શસ્ત્રનું પ્રતીક રાખીને મંત્ર સહિત તેના ઉપર ફૂલ, ચોખા, ચંદન વગેરે ચડાવવું. જ્યાં વિશેષ શસ્ત્ર ન હોય ત્યાં લાકડી કે ચપ્પુ મૂકીને પણ પૂજા કરી લેવી.

**ૐ શત્રૂ ષાણ્ણીષાઽભિમાતિષાહો, ગવેષણઃ સહમાન ઉદ્ભિત્ ।**
**વાગ્વીવ મન્ત્રં પ્ર ભરસ્વ વાચં, સાંગ્રામજિત્યાયેષમુદ્વદેહ ॥**

– અથર્વ. ૫.૨૦.૧૧

ત્યારબાદ પરિસ્થિતિ અનુસાર યજ્ઞકાર્ય કરી કાર્યક્રમને સંકલ્પ બાદ સમાપ્ત કરવો.

## ॥ સંકલ્પ ॥

**.......નામાહં દુર્ગાપૂજનપર્વણિ સમાજે સ્વાન્તઃકરણે ચ સદ્વૃત્તીનાં સમારોપણે તદભિનન્દન-સહકારયોશ્ચ સંકલ્પમ્ અહં કરિષ્યે ।**

▣▣▣

# ॥દીપાવલી પર્વ ॥

દિવાળી એ લક્ષ્મીનો તહેવાર છે. લક્ષ્મી એટલે ધન. આ ધનનો તહેવાર છે. દિવાળી ઉપર આપણે આપણા વેપાર, ધંધા, ધન વગેરેનું સરવૈયું મેળવી નફો-નુકસાન કાઢીએ છીએ. લાભ અને ખોટ ઉપર વિચાર કરીએ છીએ, પણ આ તહેવાર માત્ર હિસાબ કે નફા નુકસાન પૂરતો જ મર્યાદિત નથી, પરંતુ આર્થિક બાબતમાં આપણી બૂરાઈઓ ત્યજી દઈ ભલાઈઓ ગ્રહણ કરવી જોઈએ. ધન, લક્ષ્મી, જીવન વગેરેનો વિકાસ કરવાનો સંકેત આ તહેવાર કરે છે. આપણે લક્ષ્મીને મા સમજીને આપણા જીવનને વિકસિત અને સામર્થ્યવાન બનાવવામાં તેનો ઉપયોગ કરીએ, નહીં કે ભોગવિલાસ અને આરામમાં. આથી દિવાળીનું પૂજન મા લક્ષ્મીના રૂપમાં કરવાનો એક વિશિષ્ઠ કાર્યક્રમ છે. જરૂરિયાત મુજબ ખર્ચ કરવું, ઉપયોગી કાર્યમાં ધનનો ઉપયોગ કરવો, નીતિ અને મહેનત દ્વારા ધન પ્રાપ્ત કરવું બજેટ બનાવીને ક્ષમતા પ્રમાણે ખર્ચ કરવું, આર્થિક સમતોલન જાળવી રાખવું તે છે દિવાળીનો સંદેશ.

ગણેશપૂજા, દીપપૂજન અને ગૌદ્રવ્યપૂજન એ આ તહેવારની વિશેષતાઓ છે. ધનની અધિષ્ઠાત્રી દેવી લક્ષ્મીનો અર્થાત્ ધનનો સદ્‌બુદ્ધિ, જ્ઞાન, પ્રકાશ અને પરમાર્થનાં કાર્યો સામે વિરોધ ન હોવો જોઈએ.

લક્ષ્મીપૂજનની શરૂઆત કરતા પહેલાં પૂજાવેદી ઉપર લક્ષ્મી અને ગણેશજીના ફોટા અથવા મૂર્તિ, ખડિયો, કલમ, ચોપડા વગેરેને સજાવીને ગોઠવી રાખવા. જરૂરી પૂજનસામગ્રી પણ તૈયાર રાખવી. આમ તો બધા તહેવારો સામૂહિક રૂપથી જ ઉજવવા, તેમ છતાં પૂજન માટે કોઈ એક વ્યક્તિને બધાના પ્રતિનિધિના રૂપમાં બેસાડી પૂજા કરાવવી. પ્રતિનિધિ પાસે ષટ્‌કર્મ કરાવવું. બાકીના લોકો પર જળસિંચન કરાવવું. પછી સર્વદેવ નમસ્કાર, સ્વસ્તિવાચન વગેરે સામાન્ય પ્રકરણ પ્રમાણે પૂરું કરાવવું. ત્યારબાદ શ્રી ગણેશ અને લક્ષ્મીનું આવાહન-પૂજન કરાવવું.

## ॥ શ્રી ગણેશ આવાહન ॥

ૐ એકદન્તાય વિદ્મહે, વક્રતુંડાય ધીમહિ ।
તન્નો દન્તી પ્રચોદયાત્ ॥ - ગ. ગા.

ૐ વિઘ્નેશ્વરાય વરદાય સુરપ્રિયાય,
લમ્બોદરાય સકલાય જગદ્ધિતાય ।
નાગાનનાય શ્રુતિયજ્ઞવિભૂષિતાય,
ગૌરીસુતાય ગણનાથ ! નમો નમસ્તે ॥

ૐ શ્રી ગણેશાય નમઃ ।

## ॥ શ્રી લક્ષ્મી આવાહન ॥

લક્ષ્મીને ભગવાન વિષ્ણુની પત્ની એટલે કે જગન્માતા માનવામાં આવે છે. જીવનને વિકસિત કરવા માટે ધનની જરૂરિયાત રહે છે, પરંતુ ધ્યાનમાં એ રાખવું જોઈએ કે ધનનો ઉપયોગ માતાની જેમ કરવો જોઈએ. જેવી રીતે માતાનું પયપાન આપણે જીવવા માટે અને બાળપણમાં ભૂખ મટાડવા માટે કરીએ છીએ, એ જ રીતે ધન અને અન્ય સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. આ તથ્યને હૃદયંગમ કરવાના હેતુથી જ દિવાળી ઉપર મહાલક્ષ્મીનું પૂજન કરવામાં આવે છે. નીચેના મંત્રથી લક્ષ્મીનું ભાવનાપૂર્ણ આવાહન કરવું.

ૐ મહાલક્ષ્મ્યૈ વિદ્મહે, વિષ્ણુપ્રિયાયૈ ધીમહિ ।
તન્નો લક્ષ્મીઃ પ્રચોદયાત્ ॥ - લ. ગા.

ૐ આદ્યન્તરહિતે દેવિ, આદ્યશક્તિ મહેશ્વરિ ।
યોગજે યોગસમ્ભૂતે, મહાલક્ષ્મિ નમોઽસ્તુતે ॥
સ્થૂલસૂક્ષ્મમહારૌદ્રે, મહાશક્તિમહોદરે ।
મહાપાપહરે દેવિ, મહાલક્ષ્મિ નમોઽસ્તુ તે ॥

પદ્માસનસ્થિતે દેવિ, પરબ્રહ્મસ્વરૂપિણિ ।
પરમેશિ જગન્માતઃ, મહાલક્ષ્મિ નમોઽસ્તુ તે ॥
શ્વેતામ્બરધરે દેવિ, નાનાલંકારભૂષિતે ।
જગત્સ્થિતે જગન્માતઃ, મહાલક્ષ્મિ નમોઽસ્તુ તે ॥
ૐ શ્રી લક્ષ્મ્યૈ નમઃ ॥(પુરુષ સૂક્તથી સંયુક્ત પૂજન કરાવવું.)

## ॥ રોજમેળ, કલમ અને ખડિયાનું પૂજન ॥

રોજમેળ અને ખાતાવહી બજેટ બનાવવાનાં અને હિસાબ રાખવાનાં સાધન છે. તે આવક-જાવકના ખર્ચને રજૂ કરે છે. આથી દિવાળી પર ખાતાવહીનું પૂજન કરવામાં આવે છે. ખડિયો અને કલમ હિસાબ લખવાના કામમાં આવે છે. લક્ષ્મી અર્થાત્ ધનના હિસાબ-કિતાબમાં તેમનો ઉપયોગ થતો હોઈ તેમની પણ પૂજા કરવામાં આવે છે.

નવા વર્ષ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવનાર ખાતાવહી, રોજમેળ, કલમ વગેરેનું નીચેના મંત્રોથી વિધિવત્ પૂજન કરવું. પૂજન વખતે આ બધાં સાધનોનું ફૂલ, ચોખા, ધૂપ, દીપક વગેરેથી પૂજન કરી નમસ્કાર કરવા.

## ॥ રોજમેળ-ખાતાવહી પૂજનમંત્ર

ૐ પ્રસવે ત ઽ ઉદીરતે તિસ્રો વાચો મખસ્યુવઃ ।
યદવ્ય એષિ સાનવિ ॥ ઋ. ૯.૫૦.૨

## ॥ કલમ-ખડિયાનું પૂજન ॥

ૐ શિશુર્ન જાતોઽવ ચક્રદદ્વને સ્વર્યદ્વાજ્યરુષઃ સિષાસતિ ।
દિવો રેતસા સચતે પયોવૃધા તમીમહે સુમતી શર્મ સપ્રથઃ
- ઋ. ૯.૭૪.૧

## ॥ દીપદાન ॥

દીપક જ્ઞાન અને પ્રકાશનું પ્રતીક છે. જ્ઞાન અને પ્રકાશપૂર્ણ

વાતાવરણમાં જ લક્ષ્મી વધે છે, ફૂલેફાલે છે. અજ્ઞાન અને અંધકારમાં તેનો નાશ થાય છે. આથી જ્ઞાન અને પ્રકાશના પ્રતીકના રૂપમાં દીવા પ્રગટાવવામાં આવે છે.

એક થાળીમાં ૫ અથવા ૧૧ ઘીના દીવા કરી નીચેના મંત્રોથી વિધિવત્ પૂજન કરવું. ત્યારપછી દિવાળીના રૂપમાં જેટલા ઈચ્છો તેટલા તેલના દીવા પ્રગટાવીને વિવિધ સ્થળોએ મૂકવા.

**ૐ અગ્નિર્જ્યોતિ જ્યોતિ રશ્મિઃ સ્વાહા । સૂર્યો જ્યોતિર્જ્યોતિઃ સૂર્યઃ સ્વાહા । અગ્નિર્વર્ચો જ્યોતિર્વર્ચઃ સ્વાહા । સૂર્યો વર્ચો જ્યોતિર્વર્ચઃ સ્વાહા । જ્યોતિઃ સૂર્યઃ સૂર્યોઃ જ્યોતિઃ સ્વાહા ॥** - ૩.૯

## ॥ સંકલ્પ ॥

હાજર રહેલા તમામ લોકો પાસે સંકલ્પ લેવડાવવો. ત્યારબાદ સંકલ્પનાં ફૂલો અને ચોખા પુષ્પાંજલિ મંત્ર બોલતાં બોલતાં પૂજાવેદી પર ચડાવીને નમસ્કાર કરી કાર્યક્રમ પૂર્ણ કરવો.

**.......... નામાહં મહાલક્ષ્મીપૂજનપર્વણિ અર્થશક્તિં મહાલક્ષ્મીપ્રતીકં વિજ્ઞાય અપવ્યયાદિદોષં દૂરીકરણસ્ય સંકલ્પમહં કરિષ્યે ।**

* * *

# ॥ વસંતપંચમી ॥

**માહાત્મ્ય :** વસંતપંચમી શિક્ષણ, સાક્ષરતા, વિદ્યા અને વિનયનો તહેવાર છે. કલા, વિવિધ ગુણો, વિદ્યા અને સાધનાનો વિકાસ કરવો અને તેમને પ્રોત્સાહિત કરવાનો તહેવાર એટલે વસંતપંચમી. મનુષ્ય જીવનમાં સુંદરતા, મધુરતા, સંસ્કારિતા અને વિવેક આ બધું વિદ્યાને આભારી છે. આપણા દેશમાં અભણ, દુર્ગુણી અને નિર્બળ મનુષ્યને પશુતુલ્ય માનવામાં આવ્યો છે. જેના જીવનમાં સદ્‌ગુણ નથી, વિદ્યા નથી, શીલ નથી, ધર્મ નથી, જ્ઞાન નથી એ

માનવી પૃથ્વી ઉપર ભારરૂપ છે. આથી આપણે આપણા જીવનને પશુતામાંથી બહાર કાઢી વિદ્યાસંપન્ન અને ગુણસંપન્ન બનાવીએ અને ઉત્કૃષ્ટ જીવન જીવીએ. વસંતપંચમી ઉપરની પ્રેરણા આપવા આવતો તહેવાર છે.

વસંતપર્વને ભગવતી સરસ્વતીનો જન્મદિવસ માનવામાં આવે છે. આ પ્રસંગે ભગવતી સરસ્વતીનું અભિવાદન કરીએ. એની અનુકંપા અને વરદાનો પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સાથે વસંતપર્વ હર્ષોલ્લાસ સાથે ઊજવીએ તે યોગ્ય છે. દિવ્યશક્તિઓનું મનુષ્ય આકૃતિમાં ચિત્રણ કરીને માનવી પોતાની ભાવનાઓને અભિવ્યક્ત કરી શકે છે. ભગવાન અને તેની શક્તિઓ સૂક્ષ્મ અને નિરાકાર હોવાથી તેમનું મહત્ત્વ તો સમજી શકાય છે, શરીર અને બુદ્ધિ વડે તેમનો લાભ પણ મેળવી શકાય છે, પણ અંતઃકરણની માનસચેતના જગાડવા માટે દિવ્યતત્ત્વોનું ભાવસંવેદના દ્વારા માનવદેહમાં આરોપણ કરવું પડે. આ ચેતનાત્મક વિજ્ઞાનને ધ્યાનમાં રાખીને જ ભારતીય દર્શનશાસ્ત્રીઓએ પ્રત્યેક દિવ્યશક્તિની માનવીય આકૃતિ બનાવીને તેમાં ભાવોનું નિરૂપણ કરવા પ્રયાસ કર્યો છે. તેમની પૂજા, અર્ચના, વંદના વગેરે આપણી પોતાની ચેતનાને દેવગરિમા જેવી બનાવી દે છે. સમગ્ર સાધના વિજ્ઞાન આ ભાવનાના આધારે જ રચાયું છે.

ભગવતી સરસ્વતીની પ્રતિમા આગળ પૂજાઅર્ચના કરવાનો અર્થ છે શિક્ષણના મહત્ત્વને સ્વીકારવું. માતા આગળ મસ્તક નમાવવું જોઈએ. મસ્તક નમાવવાનો અર્થ છે મગજમાં તેને જ સ્થાન આપવું. આજે જે કંઈ સીમિત જ્ઞાન છે તેને વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. વધારવા યોગ્ય અને સંગ્રહ કરવા યોગ્ય જો કોઈ સંપદા હોય તો તે છે જ્ઞાન, ધન નહીં. ધન કરતાં વિદ્યાનો વધુ સંગ્રહ કરવો જોઈએ. વિદેશોમાં શ્રમજીવી, વેપારી, કારીગર વગેરે લોકો રાત્રિશાળાઓમાં સતત ભણતા રહે છે. બાળપણમાં ઓછું શિક્ષણ લીધેલું હોવા છતાં ધીરે ધીરે જ્ઞાનનો વિસ્તાર કરતા રહે છે અને જીવનના અંત સુધીમાં પોતાના મનગમતા વિષયમાં નિષ્ણાત બની જાય છે અને ઊંચામાં ઊંચું પદ પ્રાપ્ત કરી લે છે.

આપણા દેશમાં નોકરી માટે ભણવું જોઈએ એવું માનવામાં આવે છે. આ વિચાર નિકૃષ્ટ છે. આવું માનવું તે વિદ્યાનું અપમાન કરવા બરાબર છે. વિદ્યા માનવીય મસ્તકમાં રહેલ ગૌરવને બહાર લાવવાનું અને વ્યક્તિત્વને વિકસાવવાનું કાર્ય કરે છે. જેમ પેટની ભૂખને અન્ન સંતોષે છે તેમ મસ્તિષ્કની ભૂખને વિદ્યા સંતોષે છે. આપણે પેટની જેમ માનસિક ભૂખને સંતોષવા માટે સ્વાધ્યાયને દૈનિક જીવનમાં સ્થાન આપવું જોઈએ. જેમણે સરકારી અભ્યાસક્રમની પરીક્ષાઓ આપવી હોય, તેઓ વિદ્યાલયો અને રાત્રિવર્ગોમાં જઈ પોતાનો અભ્યાસ ચાલુ રાખે. જેઓને વિશેષ વિષયોમાં રસ હોય તેમણે તે વિષયનાં પુસ્તકો ખરીદીને તથા પુસ્તકાલયોમાં જઈને પોતાના જ્ઞાનને વધારવું જોઈએ. ભગવતી સરસ્વતીનું પૂજન કરતી વખતે આ પ્રકારની ભાવના ગ્રહણ કરીએ તથા આ દિશામાં કંઈક કરી છૂટવાનું પગલું ભરીએ. સ્વાધ્યાય આપણા દૈનિક જીવનનું અંગ બની જવો જોઈએ. જ્ઞાનના મહત્ત્વને સમજતા થઈએ અને મનમાં તીવ્ર ઉત્કંઠા જાગે તો સમજવું કે સરસ્વતીનું પૂજન અંતઃકરણ સુધી પહોંચી ગયું છે.

આપણા દેશમાં શિક્ષિતોની સંખ્યા ઓછી જ છે, જ્યારે અશિક્ષિતોની સંખ્યા વધારે છે. આ શિક્ષણનો અભાવ ભૂખમરા કરતાં પણ વધારે ભયંકર છે. મનુષ્યના જીવનમાં માત્ર શરીરનો જ વિકાસ થાય અને બુદ્ધિનો વિકાસ ન થાય તો તેવું જીવન પશુજીવન જ સમજવું જોઈએ. દુકાળના સમયમાં સરકારી અને બિનસરકારી સંસ્થાઓ, દાતાઓ અને લોકસેવકો દુકાળના નિવારણ માટે અનેક પ્રકારના પ્રયત્નો હાથ ધરે છે, પણ દુઃખદાયક બાબત તો એ છે કે આ બૌદ્ધિક ભૂખમરા તરફ કોઈનું ધ્યાન જ જતું નથી. બાળકોને ભણાવવા માટે શાળા દ્વારા સરકાર થોડી વ્યવસ્થા કરે છે. બાકીનાં સ્ત્રીપુરુષો નિરક્ષરતાના દર્દથી પીડાઈ રહ્યાં છે. પછાત વર્ગના લોકો તો ભણવાની જરૂરિયાતને સમજતા જ નથી. જેમની પાસે ભરણપોષણનાં સાધનો છે તેઓ કહે છે કે અમારે બાળકો પાસે નોકરી ક્યાં કરાવવી છે ? અમે શા માટે ભણાવીએ ?

કન્યાકેળવણી પર વધુમાં વધુ ભાર મૂકવો જોઈએ અને આ પરિસ્થિતિનો અંત લાવવો જોઈએ. શિક્ષિતોએ પોતાનું વિદ્યાઋણ ચૂકવવા માટે પોતાના નજીકના અશિક્ષિતોને ભણાવવાનો સંકલ્પ લેવો જોઈએ અને એવા લોકોને શિક્ષિત બનાવીને જ રહેવું જોઈએ.

ઉચ્ચશિક્ષણ માટે વિદ્યાલયો, પ્રૌઢ પુરુષો માટે રાત્રિ પાઠશાળા, પ્રૌઢ સ્ત્રીઓ માટે બપોરના વર્ગો ચલાવવા જોઈએ. ભણવા યોગ્ય બાળકોને તેમના વાલીઓએ સમજાવીને શાળાએ મોકલવાં જોઈએ. કન્યાકેળવણી માટે વાતાવરણ તૈયાર કરવું અને તે માટેની વ્યવસ્થા કરવી. નવી શાળાઓ ખોલવા માટે સરકારને આગ્રહ કરવો અને લોકો પાસેથી સહકાર પ્રાપ્ત કરવો. પુસ્તકાલયોની સ્થાપના, ફરતાં પુસ્તકાલયોનું પ્રચલન વગેરે કેળવણી સંબંધી કાર્યક્રમો ચલાવવા જોઈએ. વસંતપર્વ પર સરસ્વતી પૂજન વખતે આ બધી બાબતોની સારી અસર પડશે.

સરસ્વતી દેવીના હાથમાં વીણા છે. તેમનું વાહન મોર છે. મોરનો અર્થ થાય છે મધુર બોલનાર. આપણે સરસ્વતીની કૃપા પ્રાપ્ત કરવા માટે તેનું વાહન મોર બનવું જોઈએ. બધાંની સાથે મીઠું, નમ્ર, વિવેકી, સજ્જનતા અને શિષ્ઠતાયુક્ત તથા આત્મીયતાપૂર્વક બોલવું જોઈએ. કટુ, ધૃષ્ટ તથા અશિષ્ટ વાણી બોલવાની આદતથી બચવું જોઈએ. નાનાને પણ 'તું' નહીં, 'તમે' કહીને બોલાવવો જોઈએ. દરેકના સન્માનને જાળવીએ અને તેને ગૌરવયુક્ત બનાવીએ. સન્માનભર્યો વ્યવહાર બધાંની સાથે કરીએ, જેથી કોઈને દુભાવ્યાનું પાપ આપણે ભોગવવું ન પડે.

કુદરતે મોરને કલાત્મક અને સુંદર બનાવ્યો છે. આપણે પણ આપણી પસંદગીને સુંદર અને કલાત્મક બનાવીએ. આપણે સૌંદર્યના ચાહક બનીએ. આપણું દરેક સાધન સુંદર અને સ્વચ્છ રાખીએ. એટલું જ નહીં, તેનો ઉપયોગ પણ શાલીનતાપૂર્વક કરીએ, ત્યારે જ ભગવતી સરસ્વતી આપણને પોતાનું વાહન-પ્રિયપાત્ર માનશે. હાથમાં વીણાનો અર્થ છે આપણા જીવનને ગીત-સંગીત જેવું મધુર અને કલરવ કરતું બનાવીએ. અંતઃકરણમાં રહેલી સુષુપ્ત ભાવનાઓને

જાગૃત કરીએ, તેમને સરસતા અને મધુરતાયુક્ત બનાવીએ. કલાના ચાહક બનીએ, પારખુ અને સંરક્ષક બનીએ. માતાના પયપાનની જેમ કલાનું પયપાન કરીએ. ઉત્કૃષ્ટ ભાવનાઓને જગાડવામાં તેનો ઉપયોગ કરીએ. જે અનાચારી અને ઉદ્દંડ લોકો કલા સાથે વ્યભિચાર કરવા તલપી રહ્યા છે, જેઓ પશુપ્રવૃત્તિ ભડકાવવામાં, કામુક્તા, અશ્લીલતા તથા કુરુચિ પેદા કરવામાં લાગ્યા છે તેમનો અસહકાર જ નહીં, વિરોધ પણ કરીએ.

સરસ્વતી અવતરણના આ પ્રસંગે પ્રકૃતિ ખીલી ઊઠે છે. હાસ્ય અને આનંદનાં ફૂલો ખીલવા લાગે છે. ઉલ્લાસ અને ઉત્સાહ, હાસ્ય અને આનંદ તથા પ્રગતિ અને નવસૃજન દરેક વૃક્ષ ઉપર જોવા મળે છે ત્યારે આપણે પણ કહીએ છીએ કે હવે વસંતનું આગમન થયું છે. સમગ્ર પ્રકૃતિ વાર્ષિકોત્સવ ઊજવી રહી હોય છે. મનુષ્યમાં પણ જ્યારે જ્ઞાન અને વિદ્યાનો પ્રવેશ થાય છે, સરસ્વતીનો અનુગ્રહ અવતરિત થાય છે ત્યારે તેના સ્વભાવ, દૃષ્ટિકોણ અને વ્યવહારમાં વસંત ખીલેલી જોવા મળે છે. હસતી-હસાવતી, નાચતી-કૂદતી તથા ચિંતા અને ઉદ્વેગરહિત જિંદગી જીવવાની ટેવ પડી જાય છે. હસતી હસાવતી, ખુશખુશાલ જિંદગી જીવવી એટલે દરેક કાર્ય પૂરી જવાબદારી સાથે અદા કરતાં કોઈ પણ સારા-નરસા પ્રસંગોનો ભાર મન પર ન પડવા દેવો. ફૂલોની જેમ આપણા દાંત દરેક પળે હસતા રહે. ચહેરો સતત મલક્યા કરે. ચિત્ત ફૂલ જેવું પ્રસન્ન રાખવું, મન આશા અને ઉત્સાહથી ભરેલું રાખવું. મનમાં ઉમંગો જાગવા દેવા. ઉજ્જવળ ભવિષ્યનાં સ્વપ્નો જોતા રહેવું. આપણા વ્યક્તિત્વને ફૂલ જેવું નિર્મળ, નિર્દોષ, આકર્ષક અને સુગંધિત બનાવવું. આ બધી જ પ્રેરણાઓનો સંદેશો લઈને વસંતઋતુ આવે છે. છોડ તથા વૃક્ષો પર આવતાં નવાં ફળ-ફૂલ, પાન, કૂંપળો વિવિધ પ્રકારની પ્રેરણાથી આપણા જીવનને ભરી દે છે. નવીન ફૂટેલી કૂંપળો આપણને કહે છે કે જીવનને નવીનતાથી, કલાથી, સૃજનતાથી ભરી દો. વિવિધ પ્રકારનાં રંગબેરંગી ફૂલો ખીલીને કહે છે કે જીવનને ગમગીન ન બનાવો. જિંદગીને રંગોથી ભરી દો. કોયલની જેમ મધુર

ટહુકાર કરવો, મસ્તીમાં મસ્ત રહેવું, ભમરાની જેમ ગુંજારવ કરવો, મધુર ગીતો ગાવાં વગેરે જીવનકલાની નિશાનીઓ છે અને આ બધું પ્રકૃતિ આપણને શીખવે છે. વસંતઋતુ દરમ્યાન જડ અને ચેતન સૃષ્ટિમાં સર્જનાત્મક ઉમંગ જોવા મળે છે. આ આનંદ, ઉલ્લાસ અને ઉમંગને વાસનાના સ્તરથી ઊંચે લઈ જઈને તેનો વિકાસ ભાવનામાં કરવો જોઈએ. પ્રકૃતિ વસંત દ્વારા સરસ્વતીનું અભિવાદન કરે છે. આપણે પણ પૂજાવેદી પર પુષ્પાંજલિ અર્પણ કરતી વખતે વસંત જેવો ઉલ્લાસ ભરીએ તથા જ્ઞાન વધારવાનો પ્રયત્ન કરીએ. આ ભાવથી ભગવતી સરસ્વતીનું પૂજન કરીએ. તેનો લાભ લઈએ અને અસંખ્ય લોકો સુધી પહોંચાડીએ.

યુગનિર્માણ યોજનાનો જન્મદિવસ પણ વસંતપર્વ છે. યુગનિર્માણ યોજનાની તમામ પ્રવૃત્તિઓની શુભ શરૂઆત વસંતપર્વથી જ થઈ છે. (૧) યોજનાના સંચાલકને આત્મબોધ - તપ સાધનાનો પ્રારંભ. (૨) ગાયત્રી તપોભૂમિનો શિલાન્યાસ (૩) સહસ્રકુંડી ગાયત્રી યજ્ઞના માધ્યમથી ચાર લાખ જીવંત આત્માઓનું મથુરામાં સંમેલન અને પરિવાર સંગઠન (૪) 'અખંડજ્યોતિ' તથા 'યુગનિર્માણ યોજના' પત્રિકાઓની શરૂઆત (૫) આર્ષગ્રંથોના અનુવાદની શરૂઆત (૬) શાંતિકુંજની સ્થાપના (૭) મહિલા અભિયાનની શરૂઆત (૮) ગાયત્રી તીર્થ તથા બ્રહ્મવર્ચસ શોધસંસ્થાનની સ્થાપના જેવી અનેક મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિઓની શરૂઆત વસંતપંચમીના દિવસે જ થઈ છે અને થતી રહે છે. આથી વસંતપર્વને યુગનિર્માણ અભિયાનનો જન્મદિવસ માનવામાં આવે છે. આથી યુગનિર્માણ પરિવારે આ યુગપરિવર્તનકારી જ્ઞાનગંગાનો, જ્ઞાનક્રાંતિનો, લાલ મશાલનો જન્મદિવસ ઊજવવો જોઈએ અને આ અવસર ઉપર મિશનનું સ્વરૂપ વધુમાં વધુ લોકભોગ્ય બનાવવા માટે તેના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરવા માટે, નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્રાંતિના અનુગામી બનાવવા માટે વિશેષ ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. દરેક શાખા વસંતપર્વને પોતાનો વાર્ષિક દિન માનીને ઊજવે. પાછલા વર્ષના કાર્યનું સરવૈયું કાઢે અને નવા વર્ષમાં કરવાનાં કાર્યોનું લક્ષ્ય નક્કી કરે.

## ॥ પૂર્વ વ્યવસ્થા ॥

યુગનિર્માણ પરિવારના પરિજનો માટે વસંતપર્વનું વિશેષ મહત્ત્વ છે. સૂત્રસંચાલકનો આધ્યાત્મિક જન્મદિવસ એટલે વસંતપંચમી. એનું સનાતન મહત્ત્વ પણ કંઈ ઓછું નથી. અત્રે બધાના ઉપયોગને ધ્યાનમાં રાખીને વિધિવિધાન આપવામાં આવ્યું છે. શાખાઓના પ્રભાવક્ષેત્રમાં આવતી શિક્ષણ સંસ્થાઓ અને પુસ્તકાલયોમાં આ પર્વ પ્રેરણાપદ રીતે ઉજવાય તેવું આયોજન થવું જોઈએ. સંચાલન કરી શકે તેવા કાર્યકરો તૈયાર કરવામાં આવે તો એકીસાથે ઘણી બધી જગ્યાએ આ પર્વ ઊજવી શકાય. ઓછા કાર્યકરો હોય તો સવાર, બપોર, સાંજ એમ ત્રણ ભાગમાં આયોજન કરવું. સહયોગીઓ અગાઉથી પહોંચીને બધી જ વ્યવસ્થા ગોઠવી રાખે. વ્યવસ્થામાં પૂજનમંચ તથા શ્રદ્ધાળુઓને બેસવાની વ્યવસ્થા પર વિશેષ ધ્યાન આપવું. પૂજાસ્થાને મા સરસ્વતીનું ચિત્ર તથા તમામ વાદ્યયંત્રો સજાવીને મૂકવાં. ચિત્રમાં મોર ન હોય તો મોરનાં પીછાં રાખવાં. પૂજનની સામગ્રી અક્ષત, પુષ્પ, ચંદન, નાડાછડી, પ્રસાદ વગેરે જરૂરિયાત મુજબ પહેલેથી જ લાવી રાખવાં.

યુગનિર્માણ મિશનના સૂત્ર સંચાલકનો જન્મદિવસ ઊજવવા માટે જન્મદિવસ સંસ્કાર પ્રમાણે વ્યવસ્થા બનાવવી. તેમના અભિવાદન માટે યુગપુરુષવંદના (પ્રજ્ઞાપુરાણ ભા-૧ના અંતભાગમાં) પણ રાગ સાથે વિવેચન સહિત ગાઈ શકાય.

## ॥ પર્વ પૂજનક્રમ ॥

- પર્વપૂજનની શરૂઆત ષટ્કર્મથી રક્ષાવિધાન સુધી અન્ય પર્વોની જેમ કરવી.
- વિશેષ પૂજનક્રમમાં મા સરસ્વતીનું ષોડ્શોપચાર પૂજન કર્યા પછી તેનાં વાજિંત્રો, વાહન અને વસંત વગેરેનું પૂજન કરાવવું.
- યુગનિર્માણ મિશનના સંચાલકનો આધ્યાત્મિક જન્મદિવસ ઊજવવો હોય તો વસંતપૂજન પછી આ ક્રમને સાથે જોડી દેવો.
- સંકલ્પમાં નવસૃજન માટે પોતાનો સમય, પ્રભાવ, જ્ઞાન, પુરુષાર્થ

તથા સાધનોનો એક ભાગ ચોક્કસ રૂપથી ખર્ચીશું તેવી રૂપરેખા બનાવીને સંકલ્પ લેવડાવવો.

❖ ત્યારપછીનાં સમાપન કાર્યો અન્ય પર્વોની જેમ જ પૂરાં કરી શકાય છે.

## ॥ સરસ્વતી આવાહન ॥

સરસ્વતી વિદ્યા, સાક્ષરતા તથા ભૌતિકજ્ઞાનની દેવી છે, તો વસંતપંચમી પણ વિદ્યા અને સાક્ષરતાનું પર્વ છે. આથી સરસ્વતીનું પૂજન ખાસ કરવું. સરસ્વતીની પ્રતિમા અથવા ફોટો ફૂલોથી સજાવીને રાખવો અને નીચેના મંત્રોથી આવાહન કરવું.

**ૐ પાવકા નઃ સરસ્વતી, વાજેભિર્વાજિનીવતી ।**
**યજ્ઞં વષ્ટુ ધિયાવસુઃ ॥ - ૨૦.૮૪**

**ૐ સરસ્વત્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ॥**

ત્યારબાદ સામાન્ય પ્રકરણ પ્રમાણે ષોડશોપચાર પૂજન પૂરું કરી નીચેના મંત્રથી પ્રાર્થના કરવી.

**ૐ મોહાન્ધકારભરિતે હૃદયે મદીયે,**
**માતઃ સદૈવ કુરુવાસમુદારભાવે ।**
**સ્વીયાખિલાવયવ નિર્મલ સુપ્રભાભિઃ,**
**શીઘ્રં વિનાશય મનોગતમંધકારમ્ ॥**
**સરસ્વતી મહાભાગે, વિદ્યે કમલલોચને ।**
**વિદ્યારૂપે વિશાલાક્ષિ, વિદ્યાં દેહિ નમોઽસ્તુ તે ॥**
**વીણાધરે વિપુલમંગલદાનશીલે,**
**ભક્તાર્તિનાશિનિ વિરંચિહરીશવન્દ્યે ।**
**કીર્તિપ્રદેઽખિલ-મનોરથદે મહાર્હે,**
**વિદ્યાપ્રદાયિનિ સરસ્વતિ નૌમિ નિત્યમ્ ॥**

## ॥ વાદ્યયંત્ર પૂજન ॥

વાદ્ય તથા સંગીત માનવીય ઉદાત્ત ભાવનાઓ તથા તેના હૃદય

તરંગોને વ્યક્ત કરવા માટેનાં સહયોગી સાધનો છે. આથી આપણી શ્રદ્ધા અને ભાવના તેમના પ્રત્યે વ્યક્ત કરવા માટે પૂજન કરવું જોઈએ. યાદ રાખીએ કે સ્થૂળ અને જડ પદાર્થો પણ ચેતનાયુક્ત સ્વરોના સંયોગથી સૂક્ષ્મરૂપે એક વિશેષ ચેતના જગાડે છે. આથી વાજિંત્રો માત્ર સ્થૂળ પદાર્થો જ નથી, પણ તેમનામાં માનવહૃદય જેવા તરંગો ભરેલા છે. એવું માનીને તેમની પૂજા કરવી જોઈએ.

ચામડા વગરનાં વાદ્યોને પૂજાના સ્થળે એક બાજુ ફૂલહારથી શણગારીને રાખવાં જોઈએ. ત્યારપછી નીચેનો મંત્ર બોલીને તેમની વિધિપૂર્વક પૂજા કરવી. ફૂલ, ચોખા, ધૂપ, દીપક વગેરે અર્પણ કરવાં.

**ૐ સરસ્વતી યોન્યાં ગર્ભમન્તરશ્વિભ્યાં, પત્ની સુકૃતં બિભર્તિ ।**
**અપાꣳરસેન વરુણો ન સામ્નેન્દ્રꣳશ્રિયૈ જનયન્નપ્સુ રાજા ॥**
- ૧૯.૯૪

## ॥ મયૂરપૂજન ॥

મોર મધુર ગાન, સૌંદર્ય તથા પ્રસન્નતાનું સર્વોત્કૃષ્ટ પ્રતીક છે. મોરની જેમ આપણી વાણી, વ્યવહાર અને જીવનમાં મધુરતા પ્રવેશે તે માટે તથા તેને આનંદયુક્ત બનાવવા માટે મોરની પૂજા કરવામાં આવે છે.

સરસ્વતીના ફોટા સાથેના મોરનું પૂજન કરીએ. ચિત્ર ન હોય તો મોરનાં પીછાંનું પૂજન કરાવવું.

**ૐ મધુ વાતાऽઋતાયતે, મધુ ક્ષરન્તિ સિન્ધવઃ ।**
**માધ્વીર્નઃ સન્ત્વોષધીઃ ॥** - ૧૩૨૭

## ॥ વસંતપૂજન ॥

વસંત ફૂલો, પ્રસન્નતા, ઉલ્લાસ અને કિલ્લોલ કરતા જીવનનું પ્રતીક છે. તેઓ પ્રકૃતિના ખોળામાં રહીને મનુષ્યને સંદેશો આપે છે, કે હે મનુષ્યો ! તમે પણ અમારી જેમ હસતાં, ખેલતાં, કૂદતાં, ઉલ્લાસ અને ઉત્સાહપૂર્ણ, પ્રસન્ન અને પ્રફુલ્લ બની જીવનસુગંધને ચારે બાજુ પ્રસરાવતાં જીવન જીવો. આ સંદેશને જીવનમાં ઉતારવા

માટે પુષ્પોનું પૂજન કરવું. નવાં ખીલેલાં વિવિધ ફૂલો અથવા ખેતરમાંથી પીળાં ફૂલો પહેલેથી મંગાવીને એક ગુચ્છો બનાવી રાખવો. ગુચ્છને વસંતદેવનું પ્રતીક માની નીચેના મંત્રથી પૂજન કરવું.

**ૐ વસન્તાય કપિંજલાનાલભતે, ગ્રીષ્માય કલવિંકાન્, વર્ષાભ્યસ્તિત્તિરીંછરદે, વર્તિકા હેમન્તાય, કકરાંછિશિરાય વિકકરાન્ ॥** - ૨૪.૨૦

પૂજન કરેલાં ફૂલો પુષ્પાંજલિ રૂપે સરસ્વતી માતાને અર્પણ કરો.

## ॥ સંકલ્પ ॥

**.........નામાહં વસન્તપર્વણિ નવસૃજન-ઈશ્વરીય યોજનાં અનુસરન્ આત્મનિર્માણ-પરિવારનિર્માણ-સમાજનિર્માણાદિષુ ત્રિવિધસાધનાસુ નિયમનિષ્ઠાપૂર્વકં સહયોગપ્રદાનાય સંકલ્પં અહં કરિષ્યે ।**

* * *

## ॥ મહાશિવરાત્રિ ॥

**માહાત્મ્ય :** મહાશિવરાત્રિનો તહેવાર ભગવાન શિવને પ્રસન્ન કરવા માટે જાણીતો છે. શિવ એટલે શુભ-ભલું. શંકરનો અર્થ થાય છે ભલું કરનાર. આથી જો ભગવાન શિવને પ્રસન્ન કરવા જ હોય તો તેમના જેવા જ બનવું પડે છે. કહ્યું છે કે **શિવો ભૂત્વા શિવં યજેત** । અર્થાત્ શિવ બનીને શિવની પૂજા કરો અને તો જ ભગવાન શિવની કૃપા મેળવી શકાય છે. આ ભાવ સાધકોના હૃદય સુધી પહોંચાડવામાં આવે તથા ભગવાન શિવની વિશેષતાઓને ધ્યાનમાં લાવીને ઉપાસના કરવામાં આવે તો તેનાં ચોક્કસ આશ્ચર્યકારક પરિણામ લાવી શકાય છે.

સામાન્ય લોકોમાં શિવજી પ્રત્યે ખૂબ જ આકર્ષણ હોય છે. તો તેમના સંદર્ભમાં ખોટી માન્યતાઓ અને ભ્રમણાઓ પણ પુષ્કળ છે.

આથી શિવના સાધનાને નામે અશિવ, અમંગળ, અશુભ આચરણ થતાં રહે છે. શિવરાત્રિ પર્વ ઉપર સામૂહિક આયોજન દ્વારા લોકોમાં ફેલાયેલી ખોટી માન્યતાઓનું નિવારણ કરી શિવજીના ગૌરવને અનુરૂપ શ્રદ્ધા સ્થાપિત કરી શકાય. આવું કરવું એ લોકકલ્યાણ અને વ્યક્તિગત પુણ્ય પ્રાપ્ત કરવાની દૃષ્ટિથી ખૂબજ મહત્ત્વપૂર્ણ બની રહેશે.

શિવ એટલે શુભ અને શંકર એટલે કલ્યાણકારી. ચિંતન, ચરિત્ર અને ઈચ્છા-ભાવનાને શુભ અને કલ્યાણકારી બનાવવાં એ જ શિવપૂજાની તૈયારી અથવા તેમના સાંનિધ્યનો લાભ છે.

'શિવલિંગ'નો અર્થ થાય છે શુભ પ્રતીક-બીજ. શિવજીની સ્થાપના લિંગના રૂપમાં કરવામાં આવે છે. પછી એ જ બીજ ક્રમિક રીતે વિકસિત થઈને આખરે પૂર્ણ જીવનને આવૃત કરી લે છે. શિવરાત્રિ ઉપર સાધકો વ્રત અને ઉપવાસ દ્વારા વિકસિત થવાનો જ પ્રયત્ન કરે છે.

શિવજી પોતાના માટે કઠોર અને બીજાઓ માટે ઉદાર છે. આ અધ્યાત્મના સાધકો માટેનું સૂત્ર છે. પોતે ભારતીય સ્તરનું જીવન જીવે અને બીજાઓને બહુમૂલ્ય દાન આપે. પોતે ઓછી સગવડોમાં પણ મસ્ત રહેવું તે શિવત્વના ગુણનું પ્રામાણિક સૂત્ર છે.

આપણે ત્યાં ભાંગ વગેરેનો નશો ભગવાન શિવને ચડાવવાની પરંપરા છે. માદક પદાર્થોનું સેવન કરવું નુકસાનકારક છે, પરંતુ તેમાં કેટલાક ઔષધીયગુણો પણ રહેલા છે. ભગવાન શિવને નશો ચડાવવાનો અર્થ છે એમના શુભ ઉપયોગોનો જ સ્વીકાર કરવો અને અશુભ વ્યસનરૂપે ત્યાગ કરવો. આવી અનેક પ્રેરણાઓ શિવજી સાથે જોડાયેલી છે. ત્રિનેત્રનો અર્થ છે-દીર્ઘદૃષ્ટિ અને વિવેક. વિવેકથી કામનું દહન કરવું. ભગવાન શિવે મસ્તક પર ચંદ્રમા ધારણ કરેલ છે. આનો અર્થ એ થયો કે માનસિક સંતુલન, શાંતિ જાળવી રાખવાં. ગંગાની ધારા એ જ્ઞાનપ્રવાહનું પ્રતીક છે. જ્ઞાન સદા વહેતું રાખવું. ભૂતોનો અર્થ થાય છે પછાત વર્ગના લોકો પ્રત્યે પણ પ્રેમ કરવો. આ બધાના ઉપયોગ દ્વારા પ્રેરણાપ્રવાહ પેદા કરવો જોઈએ.

# પૂર્વ વ્યવસ્થા

શિવરાત્રિ પર્વ માટે સામૂહિક આયોજનમાં મંચ પર શિવજીનું ચિત્ર મૂકવું. કામદહન, ગંગા અવતરણ, વિષપાન જેવાં ચિત્રોનો ઉપયોગ કરી શકાય. શિવ પંચાયતન, જેમાં શિવપરિવાર તથા એમના ગણો પણ હોય એવું ચિત્ર મળી શકે તો ઉત્તમ. પૂજન કરવા એક પ્રતિનિધિને બેસાડવો. આ પુસ્તકના સામાન્ય પ્રકરણમાંથી ષટ્કર્મ, સર્વદેવ નમસ્કાર, સ્વસ્તિવાચન વગેરે કૃત્ય પૂરાં કરીને પછી ભગવાન શિવ એમનો પરિવાર, ગણો વગેરેનું આવાહન તથા પૂજન કરવું.

## ॥ શિવ આવાહન પૂજન ॥

કલ્યાણકારી પ્રવાહનું મૂળ એવા મહાદેવ, મહાકાળ ભગવાન શિવનું આવાહન કરવું. ભાવના કરીએ કે ભક્તોના આવાહનને સાંભળીને ભગવાન શિવ, પરમકૃપાળુ યુગપરિવર્તક શક્તિપ્રવાહના રૂપમાં પ્રગટ થાય અને અમારી પૂજાનો સ્વીકાર કરે.

**ૐ રુદ્રાઃ સ ઙ્ગ્ સૃજ્યપૃથિવીં, બૃહજ્જ્યોતિઃ સમીધિરે ।**
**તેષાં ભાનુરજસ્ર ઽ, ઈચ્છુક્રો દેવેષુ રોચતે ॥ - ૧૧.૫૪**
**ૐ યાતે રુદ્ર શિવા તનૂઃ, શિવા વિશ્વાહા ભેષજી ।**
**શિવા રુતસ્ય ભેષજી, તયા નો મૃડ જીવસે ॥**
**ૐ શ્રી શિવાય નમઃ ॥ - ૧૬.૪૯**

## ॥ શિવ પરિવારનું આવાહન ॥

શિવજીનો પરિવાર આદર્શ પરિવાર છે. દરેક પોતપોતાની રીતે ગુણસંપન્ન તથા શક્તિયુક્ત, ગુણગ્રાહી અને સ્વતંત્ર રીતે ઉપયોગી પણ છે. અર્ધાંગિની, અસુરોનો નાશ કરનારી મા ભવાની, જ્યેષ્ઠપુત્ર દેવોના સેનાપતિ કાર્તિકેય તથા નાનો પુત્ર પ્રથમ પૂજનીય ભગવાન ગણપતિ છે. શિવના ઉપાસકે શિવ પરિવાર જેવા શ્રેષ્ઠ, સંસ્કારયુક્ત પરિવારના નિર્માણ માટે તૈયાર થવું જોઈએ. આવાહન વખતે ભાવના કરીએ કે અમારી વચ્ચે આદર્શ પરિવારનો ભાવપ્રવાહ

પ્રવાહિત થઈ રહ્યો છે.

## ॥ ભવાની આવાહન ॥

ॐ હિમાદ્રિ તનયાં દેવીં, વરદાં શંકરપ્રિયામ્ ।
લમ્બોદરસ્ય જનનીં, ગૌરીમાવાહયામ્યહમ્ ॥

## ॥ કાર્તિકેય આવાહન ॥

ॐ યદક્રન્દઃ પ્રથમં જાયમાન, ऽ ઉદ્યન્ત્સમુદ્રાદુત વા પુરીષાત્ ।
શ્યેનસ્ય પક્ષા હરિણસ્ય બાહૂ, ઉપસ્તુત્યં મહિજાતં તે અર્વન્
- ૨૯.૧૨

## ॥ ગણેશ આવાહન ॥

ॐ લમ્બોદર ! નમસ્તુભ્યં, સતતં મોદકપ્રિય ।
નિર્વિઘ્નં કુરુ મે દેવ, સર્વકાર્યેષુ સર્વદા ॥

## ॥ ગણ આવાહન ॥

શિવજીના ગણોએ અનેક કાર્યો માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. આ ગણોમાં ભૂતપ્રેત પણ છે અને દેવ વર્ગના પણ છે. મુખ્ય ગણ છે વીરભદ્ર. વીરતા અભદ્ર ન હોય અને ભદ્રતા ડરપોક ન હોય તો જ શિવત્વની સ્થાપના થશે. સારા કામ માટે, દેવ, પિશાચ બધાએ એક બની જવું જોઈએ. ઊંચનીચના ભેદભાવ ત્યજી દઈને જ શ્રેષ્ઠ કાર્ય પૂર્ણ કરી શકાય છે. આ પ્રેરણા શિવજીના ગણો આપે છે. આથી આપણે ભાવના કરીએ કે શિવજીના અનુયાયી બનવા માટે શુભ પ્રવૃત્તિઓનો પ્રાણપ્રવાહ અમારામાં જાગે. અમારા માધ્યમથી એ પૂજિત બનીને અમારા માટે ઉપયોગી બને.

ॐ ભદ્રો નો અગ્નિરાહુતો ભદ્રારાતિઃ,
સુભગ ભદ્રો અધ્વરઃ । ભદ્રાऽ ઉત પ્રશસ્તયઃ ॥ - ૧૫.૩૮

ત્યારબાદ ભગવાન શિવ, તેમનો પરિવાર અને ગણ વગેરેનું પુરુષ સૂક્તથી ષોડશોપચાર પૂજન કરવું. પછી નીચેનો મંત્ર બોલીને

ત્રણ પાંદડાંવાળાં બીલીપત્ર ભગવાન શિવને ચડાવવાં.

ૐ ત્રિદલં ત્રિગુણાકારં, ત્રિનેત્રં ચ ત્રિધાયુધમ્ ।
ત્રિજન્મપાપસંહારં, બિલ્વપત્રં શિવાર્પણમ્ ॥
દર્શનં બિલ્વપત્રસ્ય, સ્પર્શનં પાપનાશનમ્ ।
અઘોરપાપસંહારં, બિલ્વપત્રમ્ શિવાર્પણમ્ ॥

ત્યારબાદ બધાએ હાથ જોડીને ભગવાન શિવની પ્રાર્થના કરવી.

ૐ નાગેન્દ્ર હારાય ત્રિલોચનાય,
ભસ્માંગરાગાય મહેશ્વરાય ।
નિત્યાય શુદ્ધાય દિગમ્બરાય,
તસ્મૈ 'ન' કારાય નમઃ શિવાય ॥
મન્દાકિની-સલિલચન્દન-ચર્ચિતાય,
નન્દીશ્વર-પ્રમથનાથ-મહેશ્વરાય ।
મન્દારપુષ્પબહુપુષ્પ- સુપૂજિતાય,
તસ્મૈ 'મ' કારાય નમઃ શિવાય ॥
શિવાય ગૌરી- વદનાબ્જવૃન્દ,
સૂર્યાય દક્ષાધ્વરનાશકાય ।
શ્રી નીલકંઠાય વૃષધ્વજાય,
તસ્મૈ 'શિ' કારાય નમઃ શિવાય ॥
વશિષ્ઠ કુમ્ભોદ્ભવગૌતમાર્ય-
મુનીન્દ્રદેવાર્ચિતશેખરાય ।
ચન્દ્રાર્કવૈશ્વાનરલોચનાય,
તસ્મૈ 'વ' કારાય નમઃ શિવાય ॥
યજ્ઞસ્વરૂપાય જટાધરાય,
પિનાકહસ્તાય સનાતનાય ।
દિવ્યાય દેવાય દિગંબરાય,
તસ્મૈ 'ય' કારાય નમઃ શિવાય ॥

# ॥ અશિવ ત્યાગ સંકલ્પ ॥

ખરાબ તત્ત્વોની સાથે શુભતત્ત્વ જોડાયેલું છે. કેટલીક ઔષધિઓમાં માદકતા અને ઝેર બંને રહેલાં હોય છે. આથી એવી ઔષધિઓને વ્યસન ન બનવા દઈએ. ફક્ત દવાના રૂપમાં જ તેમનો ઉપયોગ કરવો જોઈએ. જો વ્યસની બની ગયા હોઈએ તો વ્યસનમુક્ત થવું જોઈએ. વ્યસનો ભગવાન શિવને અર્પણ કરી દો. સંકલ્પ કરો કે હે ભગવાન શિવ ! આજથી અમે આનો ખરાબ ઉપયોગ નહીં કરીએ. મંત્રની સાથે અશુભ પદાર્થોનો ત્યાગ કરાવવો. પાછળથી એમને જમીનમાં દાટી દેવા.

**ૐ અમંગલાનાં શમનં, શમનં દુષ્કૃતસ્ય ચ ।**
**દુઃસ્વપ્નનાશનં ધન્યં, પ્રપદ્યેઽહં શિવં શુભમ્ ॥**

ત્યારબાદ અશિવ ત્યાગ સંકલ્પ કરવો.

**......નામાહં શિવરાત્રિપર્વણિ ભગવતઃ શિવપ્રીતયે તત્સન્નિધૌઅશિવ-ચિન્તન-આચરણ-વ્યવહારત્યાગાનાં નિષ્ઠાપૂર્વકં સંકલ્પમહં કરિષ્યે । તત્પ્રતીકરૂપેણ......દોષં ત્યક્તું સંકલ્પયિષ્યે ।**

ઉપસ્થિત લોકોએ સંકલ્પના ચોખા અને ફૂલો પુષ્પાંજલિના રૂપમાં ભગવાન શિવને ચડાવવાં. પાછળથી દીપયજ્ઞ, આરતી, પ્રસાદ વગેરેથી ક્રમ પૂરો કરવો.

* * *

# ॥ હોળી ॥

આનંદ અને ઉલ્લાસનો-રંગોનો તહેવાર એટલે હોળી. સમગ્ર ભારતમાં નાનામોટા, ઊંચનીચ, નાતજાતના ભેદભાવ ભૂલીને તમામ લોકો આ તહેવાર ઊજવે છે.

આ તહેવાર યજ્ઞનો તહેવાર છે. નવો પાક ખેતરોમાં આવવા લાગે છે. નવું ધાન્ય પાકવાના આનંદમાં સામૂહિક યજ્ઞના રૂપમાં હોળી પ્રગટાવીને નવા ધાન્યનો યજ્ઞ કર્યા પછી જ તેને ઉપયોગમાં

લેવામાં આવે તેવી પરંપરા બનાવી દેવામાં આવી છે. કૃષિપ્રધાન દેશની યજ્ઞીય સંસ્કૃતિને અનુરૂપ જ આ રિવાજ બનાવ્યો છે.

આદર્શવાદી અને સત્યના પૂજારી ભક્ત પ્રહ્‌લાદને સત્ય અને આદર્શના માર્ગેથી વિચલિત કરવા માટે હિરણ્યકશ્યપે અનેક પ્રપંચો રચ્યા, પણ તે સફળ થયો નહીં. આથી તેને બાળી મૂકવાનો ઉપાય વિચાર્યો. હોલિકા બળી મરી અને પ્રહ્‌લાદ તપીને કંચન બની ગયો. ક્રોધની આગમાં બળતો હિરણ્યકશ્યપ જ્યારે પોતે પ્રહ્‌લાદને મારવા દોડયો ત્યારે નૃસિંહ ભગવાન પ્રગટ થયા અને તેને જ પૂરો કરી નાખ્યો. આ કથાની મહાન પ્રેરણાઓને હોળીના યજ્ઞીય વાતાવરણમાં લોકમાનસમાં ખૂબ સારી રીતે ઉતારી શકાય.

આ તહેવાર રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવાનો તહેવાર છે. જ્યાં જાતિભેદ છે ત્યાં પ્રગતિનાં તમામ સાધનો ઉપલબ્ધ હોવા છતાં ઝઘડા અને નિર્બળતા કાયમ રહે છે, પણ જેમનામાં ભ્રાતૃભાવ છે, સહકારની ભાવના છે, તેઓ સાધનોની વિપુલતા ન હોવા છતાં સદાય પ્રસન્ન અને અજેય રહેશે. આથી આ તહેવારને સમતાનો તહેવાર માનવામાં આવે છે. કામની વહેંચણી માટે કરવામાં આવેલી વર્ણવ્યવસ્થા મુજબના ચારેય વર્ણના લોકો એકબીજાને પોતાનાથી હલકા ન માને. આથી ચાર મુખ્ય તહેવારોમાં ચારેય વર્ણોને અલગ અલગ રીતે મહત્ત્વ આપવામાં આવ્યું છે. હોળીના તહેવારમાં શૂદ્ર વર્ણને ખાસ મહત્ત્વ આપીને સમાનતાના સિદ્ધાંતને ચરિતાર્થ કરવામાં આવ્યો છે. આ દૃષ્ટિએ આ તહેવાર શૂદ્રોનો જ બની રહે છે.

ઉપરોક્ત ભાવનાને વિકસિત કરવા માટે હોળીના તહેવારનું સામૂહિક આયોજન ખૂબ જ મહત્ત્વનું અને ઉપયોગી બની રહે છે. આથી જો ભાવનાપૂર્વક પ્રયત્ન કરવામાં આવે તો આ પર્વને ખૂબ જ આકર્ષક અને પ્રભાવશાળી રીતે ઊજવી શકાય.

હોળીના તહેવારના નામે જે કેટલાક કુરિવાજો ઘર કરી ગયા છે તેમને સામૂહિક આયોજન દ્વારા નષ્ટ કરી શકાય. લોકોનો ઉત્સાહ જળવાઈ રહે અને પર્વ ઉજવણીની પરંપરાને નવો વળાંક પણ આપી શકાય એમાં જ કલાકારિતા છે. આથી લોકસેવકો અને

સમાજસુધારકો આ દિશામાં નિષ્ઠાપૂર્વકના પ્રયત્ન કરે.

જે દિવસે હોલિકા દહન કરવાનું હોય તે દિવસે ટોળીઓ બનાવીને નીકળવું. દરેક ઘરમાંથી અશ્લીલ ચિત્રો, અશ્લીલ સાહિત્ય માગી લાવવું. જે લોકો આ પ્રકારનું સાહિત્ય કે ચિત્રો આપે તેમનાં નામ નોંધી લેવાં. હોળી પ્રગટાવ્યા બાદ આ બધું એકત્ર કરેલ અશ્લીલ સાહિત્ય અને ચિત્રોને દોષ-દુર્ગુણના દહનના રૂપમાં હોળીમાં હોમી દેવાં. હોળીના તહેવારનો જે કંઈ ફાળો થાય, પૂજા આરતીમાં જે પૈસા આવે તે તમામ એકઠા કરી તેમાંથી સારાં ચિત્રો, સદ્‌વાક્યો ખરીદીને જેમનાં નામ નોંધ્યાં હતાં તેમને ઘેર આપવાં. સદ્‌વાક્યો ખરીદવા માટે કેટલાક ભાવનાશીલ દાતાઓ પાસેથી વધારાનું અનુદાન પણ મેળવી શકાય.

ધૂળેટીના દિવસે લોકો સવારે એકબીજા ઉપર પાણી, રંગ, કાદવ-કીચડ વગેરે નાખે છે. આને નવો વળાંક આપીને સામૂહિક સફાઈનું રૂપ આપી શકાય. ગંદકીને દૂર કરવા સરઘસ કાઢીને, લોકોને સમજાવીને આ પ્રથાને બદલી શકાય. કેટલાક સાહસિક સમાજસેવકો આ કામ ગામડાંઓમાં સહેલાઈથી કરી શકે. જ્યાં આ સ્થિતિ શક્ય ન હોય ત્યાં પર્વપૂજનથી સંતોષ માની લેવો.

## ॥ પૂર્વ વ્યવસ્થા ॥

સ્થાનિક પરિસ્થિતિ અને સ્થળ મુજબ પહેલેથી જ વ્યવસ્થા કરી લેવી જોઈએ. સામૂહિક પૂજન માટે સૂર્યાસ્ત પછી સાંજના સમયે કોઈક દેવમંદિરે એકત્ર થવું. આવનાર સ્ત્રીપુરુષો અને બાળકોને વ્યવસ્થિત રીતે ક્રમમાં બેસાડો.

પૂજનમંચ શણગારીને તૈયાર કરવો. તેના પર ભગવાન નૃસિંહનું ચિત્ર મૂકવું. સમતાદેવીના પૂજન માટે ચોખાની ત્રણ ઢગલીઓ કરવી. માતૃભૂમિના પૂજન માટે માટીની ઢગલી કરવી. સ્વસ્તિવાચન, પુષ્પાંજલિ માટે પૂરતા પ્રમાણમાં ફૂલ અને ચોખા તૈયાર રાખવાં. નવાન્ન યજ્ઞ માટે લીલા ઘઉં કે ચણાની જૂડી તૈયાર રાખવી. એમનો પોંક પાડી તેમાં ખાંડ કે સાકરિયા ભેળવીને પાછળથી પ્રસાદ તરીકે આપવા.

## ॥ ક્રમ વ્યવસ્થા ॥

પર્વ ઉજવણીના સ્થળે બધાંને વ્યવસ્થિત બેસાડીને સંગીત યા સંક્ષિપ્ત ઉદ્‌બોધન સાથે પૂજન શરૂ કરવું. સામાન્ય ક્રમ પૂરો થતાં ભગવાન નરસિંહનું આવાહન કરી ષોડશોપચારથી પૂજન કરવું. ત્યારબાદ માતૃભૂમિ પૂજન, રજધારણ તથા સમતાદેવી પૂજન તથા ક્ષમાવાણી કર્મ કરવું.

ક્ષમાવાણી સાથે છોડવામાં આવેલ દોષ-દુર્ગુણો વ્યક્તિનાં નામ સાથે કાગળ પર નોંધવા. ત્યારબાદ તે હોળિકા દહન વખતે હોળીમાં હોમી દેવા. વિશેષ પૂજન પૂરું થયા બાદ જો યજ્ઞ કરવો હોય તો વિધિવત્ ગાયત્રી યજ્ઞ કરવો. પૂર્ણાહુતિ પહેલાં નવું અનાજ યજ્ઞમાં જ શેકવું તથા તેની આહુતિ આપવી. યજ્ઞના અગ્નિને સુરક્ષિત રાખવો. યજ્ઞાગ્નિથી હોલિકા દહન કરવું. યજ્ઞ કરવો ન હોય તો દીપયજ્ઞ કરીને કામ ચલાવવું. હોળી પ્રગટાવતી વખતે અગ્નિસ્થાપન મંત્ર બોલવો. નવું અન્ન હોળીની જ્વાળામાં શેકવું તથા તે અન્નની આહુતિ આપવી.

ત્યારબાદ દોષદહનમાં કાગળ પર લખેલા દોષ-દુર્ગુણોને એક સાથે સળગાવી દેવા. અશ્લીલ ચિત્રો, કેલેન્ડર વગેરે એકત્રિત કર્યાં હોય તો તમામને હોળીમાં સળગાવી દેવાં. આ પ્રસંગને વધારે પ્રભાવશાળી બનાવી શકાય. હોળી પ્રગટાવ્યા બાદ માટી-ભસ્મ એકબીજાને લગાડવી અને પ્રણામ કરવા, એકબીજાને ભેટવું.

## ॥ નૃસિંહપૂજન ॥

દુષ્ટોના અન્યાય અને અત્યાચારથી પીડિત વ્યક્તિઓની રક્ષા, સેવા અને ઉદ્ધાર કરનાર વ્યક્તિને નૃસિંહ કહેવામાં આવે છે. આપણે પણ આ વાતને જીવનમાં ઉતારીને અન્યાય, અત્યાચારની વિરુદ્ધમાં અવાજ ઉઠાવીએ. પીડિત લોકોને બચાવીએ. આ હેતુ માટે જ પ્રતીકરૂપમાં નૃસિંહપૂજન કરવામાં આવે છે.

**ક્રિયા અને ભાવના :** હાથમાં ફૂલ-ચોખા લઈ નૃસિંહ ભગવાનનો આવાહન મંત્ર બોલવો. ભાવના કરીએ કે દુર્બળ અને

આદર્શવાદીઓના સમર્થક અને અનાચારીઓના કાળ એવા ભગવાન નૃસિંહની ચેતના અહીં અવતરિત થાય અને એનાથી સમાજનો કાયાકલ્પ થશે.

**ૐ નૃસિંહાય વિદ્મહે । વજ્રનખાય ધીમહિ । તન્નો નૃસિંહઃ પ્રચોદયાત્ ॥ ૐ શ્રી નૃસિંહભગવતે નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।** – નૃ.ગી.

બધાના હાથમાં ફૂલ અને ચોખા આપવાં. બધાનાં પ્રતિનિધિ તરીકે એક વ્યક્તિ પાસે ષોડશોપચારથી પૂજન કરાવવું. અંતમાં ફૂલચોખા વડે ભગવાન નૃસિંહને પુષ્પાંજલિ આપવી.

## ॥ માતૃભૂમિ પૂજન ॥

આપણી ઉપર આ ધરતીના અગણિત ઉપકારો છે. આ ધરતીના આધારે આપણું જીવન વિકસિત થયું છે. તેના ખોળામાં નાનેથી મોટા થયા છીએ. આવી માતૃભૂમિ માટે આપણી શ્રદ્ધા, ભક્તિ તથા નિષ્ઠાને વ્યક્ત કરવા માટે તેની રજનું પૂજન કરવું, મસ્તક પર તેને ધારણ કરવી તથા તેના પ્રત્યેનાં આપણાં કર્તવ્યો પૂરાં કરવાનો સંકલ્પ લેવો જરૂરી છે.

માટીની ઢગલી પર નાડાછડી, પુષ્પ, ચંદન વગેરે ચઢાવી, નીચેનો મંત્ર બોલી પૂજા કરવી.

**ૐ મહીદ્યૌઃ પૃથિવી ચ ન, ઽ ઈમં યજ્ઞં મિમિક્ષતામ્ । પિપૃતાં નો ભરીમભિઃ । ૐ પૃથિવ્યૈ નમઃ । આવાહયામિ, સ્થાપયામિ, ધ્યાયામિ ।** – ઋ. ૧.૨૨.૧૩

## ॥ ત્રિધા સમતાદેવી પૂજન ॥

માનવસમાજના ઉત્થાન, વિકાસ અને કલ્યાણ માટે દરેક પ્રકારના ભેદભાવ ભૂલીને સમાનતા અપનાવવી જરૂરી છે. જે સમાજ જેટલો સંગઠિત થઈને કામ કરશે તેટલો જ તે પ્રગતિશીલ બનશે. આનાથી ઊલટું ભેદભાવમાં, અસમાનતામાં વહેંચાયેલો અને લડતો-ઝઘડતો સમાજ જલદીથી નાશ પામે છે. બીજાની આગળ ઝૂકી

જઈ પદચ્યુત થાય છે. એક્તા, સમતા અને સંગઠનમાં જ સમાજની શક્તિ રહેલી છે.

પૂજાવેદી પાસે ચોખાની ત્રણ ઢગલીઓ કરી નીચેના મંત્રોથી વિધિવત પૂજન કરવું. આ ત્રણ ઢગલીઓ પૈકી એક ઢગલી જાતિભેદ, બીજી ઢગલી લિંગભેદ તથા ત્રીજી ઢગલી આર્થિક અસમાનતાને દૂર કરવાની છે. આમ આ ત્રણ અસમાનતાઓના પ્રતીકના રૂપમાં આ પૂજન કરવામાં આવે છે. ભાવના કરીએ કે પૂજનની સાથે વિષમતાનો નાશ થાય તેવા સમત્વભાવનો સંચાર બધામાં થઈ રહ્યો છે.

**ૐ અમ્બેઽઅમ્બિકે ઽમ્બાલિકે, ન મા નયતિ કશ્ચન ।**

**સસસ્ત્યશ્વકઃ સુભદ્રિકાં, કામ્પીલવાસિનીમ્ ॥** - ૨૩.૧૮

પૂજન પછી જો શક્ય હોય તો યજ્ઞ કરવો, નહીં તો દીપયજ્ઞ દ્વારા કાર્યક્રમ પૂરો કરવો. હોળી પરંપરા પ્રમાણે પ્રગટાવવી. સ્થિતિ પ્રમાણે વિવેકપૂર્વક કાર્યક્રમ સંપન્ન કરાવવો.

## ॥ ક્ષમાવાણી ॥

યાદ રાખીએ કે હોળી સમતાનો તહેવાર છે. આ પ્રસંગે નાનાંમોટા, સ્ત્રીપુરુષ, ઊંચનીચ, ગરીબધનવાન વગેરેના ભેદો ભૂલીને બધાની પાસે પોતાના અપરાધોની, કુકર્મોની ક્ષમા માંગવી અને ભવિષ્યમાં આવું નહીં બને તેવું વ્રત લેવું. થયેલ ભૂલોનું પ્રાયશ્ચિત્ત કરવું. આનાથી સમતાના ભાવો વધારે બળવાન અને જાગૃત બને છે.

બધા જ ઉપસ્થિત લોકો પોતાના હાથની અંજલિ બનાવી નીચેનો મંત્ર બોલી દ્વેષ-દુર્ભાવ છોડવાના રૂપમાં પાણીની અંજલિ આપે. સૌ પ્રથમ આચાર્ય બધાંની અંજલિમાં પાણી આપી મંત્રનું ઉચ્ચારણ કરવું.

**ૐ મિત્રસ્ય મા ચક્ષુષેક્ષધ્વમગ્નયઃ, સગરાઃ સગરાસ્થ સગરેણ નામ્ના, રૌદ્રેણાનીકેન પાત માઽગ્નયઃ । પિપૃત માગ્નયો ગોપાયત મા નમો, વોઽસ્તુ મા મા હિ ૠંસિષ્ટ ।** - ૫.૩૪

હાથમાં રહેલું પાણી પૃથ્વી પર મૂકવું અને સાથે મનમાં રહેલાં દ્વેષ અને દુર્ભાવનો ત્યાગ કરવો.

## ॥ રજ ધારણમ્ ॥

માતૃભૂમિની ચપટી ધૂળને મસ્તક પર લગાવીને આપણે તેના પ્રત્યેનું સન્માન જ વ્યક્ત કરતા નથી, પણ આપણું જીવન ધન્ય બનાવીએ છીએ. જીવનમાં માતૃભૂમિને મહત્ત્વનું સ્થાન આપવા માટે રજને કપાળે, હૃદયમાં, ગળામાં અને બાહુઓ ઉપર ધારણ કરીએ છીએ. આનો અર્થ એ થયો કે આ અંગો જ્યાં સુધી છે ત્યાં સુધી અમે માતૃભૂમિ પ્રત્યેના અમારા કર્તવ્ય અને જવાબદારીમાંથી વિચલિત થઈશું નહીં.

બધાના હાથમાં માટી પહોંચાડવી. પછી નીચેના મંત્રની સાથે કપાળે, ગળે, ભૂજાઓ અને હૃદય પર માટી લગાડવી.

**ૐ ત્ર્યાયુષં જમદગ્નેઃ, ઈતિ લલાટે ।**

**ૐ કશ્યપસ્ય ત્ર્યાયુષમ્, ઈતિ ગ્રીવાયામ્ ।**

**ૐ યદ્દેવેષુ ત્ર્યાયુષમ્, ઈતિ દક્ષિણબાહુમૂલે ।**

**ૐ તન્નોઅસ્તુ ત્ર્યાયુષમ્, ઈતિ હૃદિ ।** - ૩.૬૨

## ॥ નવાન્ન યજ્ઞ ॥

ભારતીય સંસ્કૃતિ અને આદર્શ મુજબ દરેક શુભ પદાર્થ યા નવી વસ્તુ ભગવાનને ધરાવ્યા પછી જ પ્રસાદના રૂપમાં-યજ્ઞાવશિષ્ટના રૂપમાં ગ્રહણ કરવામાં આવે છે. હોળીના પર્વ પર આવેલું નવું અનાજ આપણે ભગવાનને ધરાવી પ્રસાદના રૂપમાં ગ્રહણ કરીએ. આથી તો નવા અનાજની આહુતિઓ આપવામાં આવે છે. આને નવસસ્યેષ્ટિ પણ કહેવામાં આવે છે. નીચેનો મંત્ર બોલીને નવા અનાજને - ઘઉંની ઊંબીઓને યજ્ઞના અગ્નિમાં શેકવી જોઈએ.

**ૐ અન્નપતેઽન્નસ્ય નો, દેહ્યનમીવસ્ય શુષ્મિણઃ ।**

**પ્રપ્રદાતારં તારિષઽઊર્જં, નો ધેહિ દ્વિપદે ચતુષ્પદે ॥** ૧૧.૮૩

ત્યારબાદ પ્રસાદ વિતરણ અને જયઘોષ સાથે કાર્યક્રમ પૂરો કરવો.

* * *

## ॥ અન્ય પર્વોનું પરિરૂપ ॥

ભારતના મુખ્ય મુખ્ય તહેવારોને પ્રેરણાસભર રીતે ઊજવી શકાય તે રીતે તેમનું વિધાન આપવામાં આવ્યું, પરંતુ કેટલાક એવા પણ તહેવારો છે જે અમુક વિસ્તાર અને અમુક જાતિના લોકો પૂરતા જ ઉજવાય છે. જેમકે મહારાષ્ટ્રનો ગણપતિ મહોત્સવ, બિહારનો **સૂર્યષષ્ઠી**, દક્ષિણ ભારતનો પોંગલ વગેરે, તો સુથાર, કલાકાર, શિલ્પી, ઈજનેર વગેરેની વિશ્વકર્મા પૂજા, સિંધિ સમાજની ઝૂલેલાલ જયંતી, અગ્રવાલ સમાજનો અગ્રસેન મહારાજના પૂજનનો તહેવાર વગેરે. આ તહેવારો પણ જે તે વિસ્તાર અને વર્ગ પૂરતા ઊજવવામાં આવે છે. આ તહેવારો ઊજવવાનું વિધાન પણ અહીં આપવામાં આવી રહ્યું છે. સૌથી પહેલાં તો 'તહેવારોની સામાન્ય રૂપરેખા' મુજબ તૈયારી કરવી અને જે તે તહેવારના મુખ્ય દેવતાની મૂર્તિ કે ચિત્ર અથવા પ્રતીક જે હોય તેને પૂજાવેદી પર સ્થાપિત કરીને વ્યવસ્થિત શણગારવામાં આવે.

**કર્મકાંડનું સ્વરૂપ :** જેમની પણ જયંતી ઊજવવામાં આવી રહી હોય તેના વિશે ભાવવાહી વક્તવ્ય દ્વારા પૂર્વભૂમિકા તૈયાર કરવી. ત્યાર પછી ષટ્કર્મથી લઈ સર્વદેવ નમસ્કાર સુધીનું વિધાન કરાવવું. સર્વદેવ નમસ્કારમાં **एतत्कर्म प्रधान श्री गायत्री देव्यै नमः** આવે છે ત્યાં ગાયત્રી દેવીની જગ્યાએ જે તે તહેવારના મુખ્ય દેવતાના નામનો ઉલ્લેખ કરવો. જેમકે **श्रीगणपतये, श्री सूर्याय, श्री विश्वकर्मणे** વગેરે. ત્યારબાદ જે તે દેવતા તથા તેમના સહયોગીઓ, આયુધો, વાહનો વગેરેનું આવાહન કરવું. જેમકે **ॐ गणपतये नमः । आवाहयामि, स्थापयामि । ध्यायामि ।** આવું ઉચ્ચારણ

બધા માટે કરવું. ગણપતયેની જગ્યાએ **विश्वकर्मणे, सूर्याय** વગેરે બોલવું આવાહન પછી ષોડશોપચાર પૂજન સમય અને સ્થિતિ અનુસાર સંક્ષિપ્તમાં અથવા પુરુષ-સૂક્તથી કરાવવું.

ત્યારબાદ યજ્ઞ અથવા દીપયજ્ઞ કરવો. અંતમાં ક્ષમાપ્રાર્થના, સાષ્ટાંગ નમસ્કાર, દેવદક્ષિણા સંકલ્પ અને મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરવાં. જયઘોષ અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત કરવો. જે તે તહેવાર કે દેવતાના મહિમાને વ્યક્ત કરે તેવાં ગીતો અને ભજનો પણ ગાઈ શકાય.

* * *